योगचिंतामणि.

श्रीमद् वैद्यतिलक श्री हर्षकीर्तिसूरी विरचित

सहृदयहृदयाह्लादक

श्रीयोगचिन्तामणि.

राजनगरनिवासि वैद्य पूर्णचन्द्र शर्माकृत
गुर्जर भाषान्तर समेत.

प्रसिद्ध कर्त्ता,

महादेव रामचंद्र जागुष्टे बुकसेलर्स.

अमदावाद
युनियन प्रिन्टिंग प्रेस कम्पनी लीमीटेडना
छापखानामां छापी प्रकाशित कर्यो.

સમ્વત ૧૯૫૪. શાકે ૧૮૨૦.

સર્વ હક્ક સ્વાધિન.

કિમ્મત રૂ. ૧-૮-૦

પ્રસ્તાવના.

યોગચિન્તામણિ ગ્રન્થની પ્રસ્તાવના લખવાની અગત્ય છે ? ચિંતામણિને તે આલેખવો શો ? સુવર્ણને તે રસવું શું ? ચિન્તામણિ અંધકાર નાશ કરનાર છે, તેમ આ યોગચિન્તામણિ ગ્રન્થ સર્વ રોગ નાશ કર્તા છે. તો આવા અમૂલ સર્વોપયોગી ગ્રન્થના સંબંધમાં બે બોલ લખવા નકામા ગણાશે નહિ. મનુષ્યનું જીવન ક્ષણ ભંગુર છે. મનુષ્યનું આયુષ્ય બાળ, તરૂણ અને વૃદ્ધાવસ્થા એમ ત્રણ ભાગથી વહેંચાયલ છે. આ અસાર સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંપાદન કરવાનું સર્વોત્કૃષ્ટ સાધન મનુષ્ય દેહ છે. અને આ-ચાર પુરૂષાર્થ સાધવાની પ્રત્યેક મનુષ્ય જીજ્ઞાસા ધરાવે છે, પણ દેહ સુખી હોય તો તે પુરૂષાર્થ સાધી શકાય છે. આપણામાં કહેવત છે કે "પેહલું સુખ તે જાતે નરા" આ ભવસાગરમાં મનુષ્યોની બાલ્યાવસ્થા તો સરસ્વતિ મંદિરમાં વિદ્યાભ્યાસ કરવામાં, યુવાવસ્થા બાળપણમાં અધ્યયન કરેલ વિદ્યાનાં ફળ રૂપ યશ અને લક્ષ્મી સંપાદન કરવામાં અને વૃદ્ધાવસ્થા સુખથી કાળ નિર્ગમન કરી, શ્રી સરયૂવિહારી, ગોવર્દ્ધનધારી, શ્રી મુરારીનું ચિંત્વન કરવામાં ગાળવી, એજ સંસારનું સર્વોત્તમ સુખ છે. તેમજ યશ-કીર્ત્તિ અને લક્ષ્મી એ મનુષ્ય તરૂણાવસ્થામાં મેળવી શકે છે. પણ તે સર્વ સુખ સાધવામાં પ્રથમતઃ શરીરની આરોગ્યતાની અત્યાવશ્યકતા છે.

વૈદ્યકના ઘણા ગ્રન્થો લખાયલા છે, ઘણાનાં ભાષાન્તરો થયાં છે, અને થાય છે, તો પણ આવા સર્વોપયોગી ગ્રન્થનો લાભ આર્ય પ્રજા થોડી કિમ્મતે લઈ શકે, એ હેતુથી મારા મિત્ર મંડળની સલાહથી શ્રીયુત જૈનાચાર્ય હર્ષકીર્ત્તિસૂરીની લેખિની દ્વારા પ્રસિદ્ધિને પામેલા યોગચિન્તામણિ ગ્રન્થનું ગુજરાતી ભાષાન્તર કરાવવાની વિચારણાને હૃદય મંદિરમાં જન્મ મળ્યો. આ ગ્રન્થને ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ, ભેંડ, ભૃગુ, હારિત સંહિતા, વન્દકલિકા અને વૈદ્યાર્ણવ વગેરે ગ્રન્થોના આધારે કર્ત્તાએ ભૂષિત કરવા ગુન્થેલ છે. આવા ઘણા માનનિય ગ્રન્થોના આધારથી અલંકૃત કરવામાં આવેલ યોગ-

ચિન્તાણિ ગ્રન્થની યોગ્યતાથી કોઈ અજ્ઞાન નથી. વૈદ્યો આ ગ્રન્થ પ્રત્યે વિશેષ શ્રદ્ધા રાખે છે, આ ગ્રન્થ સાંપ્રત કાળમાં વિશેષ લોકપ્રિય થઈ પડયો છે. આમાં ચિકિત્સાનું સ્પુટ વિવેચન કરવામાં આવ્યું છે, પણ ગ્રન્થ ગીર્વાણ ગીરામાં હોવાથી, સમયના પ્રભાવે તે દેવ વાણીને ન જાણનારા મનુષ્યો આવા લોકોપયોગી ગ્રન્થનો સ્વાદ શી રીતે લઈ શકે, એ વિચાર મારા મનમાં લાંબા સમયથી ઘોળાયા કરતો હતો. કારણ કે લેભાગુ--ડોળ ઘાલુ લખનારાઓ દ્વારા આ ગ્રન્થનું ભાષાન્તર થઈ શકે તેમ નથી; કારણ કે વૈદ્યકનો અનુભવ હોય, તેવા વિદ્વાનના હાથથી આ ગ્રન્થ લખાવો જોઇએ. એ હેતુથી મેં તે વિષયના જાણનારાઓને થોડું નમુના દાખલ ભાષાન્તર લખવા માટે કહ્યું કારણ કે તે લોકોનું કરેલું ભાષાન્તર મારા મિત્ર મંડળમાં વંચાવી પસંદ પડ્યા બાદ ભાષાન્તર કરવાની રજા આપવાની મારી વિચારણા હતી. આ મારી વિચારણા પ્રમાણે જે જે મહાશયોને ભાષાન્તર કરવા કહેલ, તે તે તરફથી લેખ આવતો ગયો, પણ તેથી મારૂં મન જોઇએ તેવું સંતોષ પામ્યું નહિ. એકાદ બે લખનાર જરા ઠીક હતા, પણ તે આળસુ હોવાથી તેઓ પ્રત્યે મારી રૂચી થઈજ નહિ. પણ "મનુષ્ય યત્ન અને ઈશ્વર કૃપા" એ આ ગ્રન્થ વૈદ્યકના અનુભવી વિદ્વાનને હાથે લખાય તો વધારે સારૂં, એ મારી ધારણા હતી તે શ્રી રામ કૃપાએ પાર પડી છે, એ કંઈ થોડા આનંદની વાર્તા નથી! આ પ્રસિદ્ધ અને જાણવા યોગ્ય વૈદ્યકના ગ્રન્થને ગુર્જ્જરી ગીરામાં સારા અનુભવિની લેખની દ્વારા લખાવાય એમ ધારી, તથા તેનો લેખ મને અને મારા મિત્ર મંડળને પસંદ પડવાથી રાજનગર નિવાસી મહાશયશ્રી પૂર્ણચંદ્ર-શર્મ્માને વિનવતાં તેમણે આ ભાષાન્તર કર્યૂં છે. મૂળમાં આ ગ્રન્થ સુવર્ણ રૂપ છે તેને માધવ નિદાન શાર્ઙ્ગધર, ભારદ્વાજ સંહિતા, યોગરત્નાકર, રસરાજ, સુખોમણિ, કેશવકલ્યાણ, કાળજ્ઞાન, રસગંગાધર, ઓપદેવશતક, નિઘંટ, વૈદ્યવલ્લભ, વૈદ્યજીવન, વૈદ્યામૃત, સારસંગ્રહ, ચિકિત્સાંજન અને કર્મવિપાકાદિ સુપ્રસિદ્ધ અને માનનિય ગ્રન્થોથી સુગંધમય કરેલ છે. એટલે જ્યાં સોનું અને સુગંધ ત્યાં પછી બીજું કહેવુંજ શું? આ એકજ પુસ્તકથી માણસ વૈદ્ય બની

શકે છે, આજકાલ કેટલાક વંશ પરંપરાથી કહેવાતા વૈદ્યરાજો શાસ્ત્રાભ્યાસ ન હોવાથી કેવળ ભાષાન્તર થયલ પુસ્તકોદ્વારા પોતાનું ચરિતાર્થ ચલાવે છે, તેવાઓને તથા સર્વને એકસરખો ઉપયોગી થઈ પડે, તે હેતુથી આ ગ્રન્થનું ભાષાન્તર કરાવવામાં આવ્યું છે. ભાષાન્તર લખવામાં જોઈએ તેટલી કાળજી રાખવામાં આવી છે છતાં કંઈ દ્રષ્ટી દોષથી ભૂલ રહી ગઈ હોય તો વિદ્વદ્દજ્જનો ક્ષમા કરી સૂચના કરશે તો તેમના આભાર સહિત તે ભૂલનો દ્વિતીયાવૃત્તિમાં સુધારો કરવામાં આવશે; કારણ કે મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. “ **सर्वज्ञ एको हरिः** ” મારા આ પરિશ્રમનું સાફલ્ય સાક્ષરોની કૃપા ઉપર આધાર રાખે છે.

અમદાવાદ,
શ્રાવણી.

હું છું
ગુણીજન પ્રેમાભિલાષી
મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
બુકસેલર.

અનુક્રમણિકા

ઇતિ શ્રીઅનુક્રમણિકા સમાપ્તમ્.

श्रीरामचंद्र प्रसन्नोस्तु ।

श्रीधन्वंतरयेनमः ॥

अथ श्रीमहाकवि श्रीहर्षकिर्तीसूरीविरचित

योगचिन्तामणिप्रारंभः

मंगळाचरण.

શાર્દૂલવિક્રીડીતવૃતમ્.

વામાંગે વિજયા શિરે સુરસરી બાલેંદુ મૌલી વિષે,
ચક્રીભૂષણ વ્યાઘ્રચર્મ વપુએ ચારૂ વિભૂતી દિસે;
કંઠે મુંડન માલ ખપ્પર કરે ત્રીશૂળ રૂડું લસે,
વ્યાધી ત્રાસ કલી કલૂષ હરતા એ શંભુ દીલે વસે.

यत्र[1] वित्रासमायान्ति तेजांसि च तमांसि च ।
महीयस्तदहं वन्दे चिदानन्दमयं महः ॥ १ ॥

અર્થ—જ્યાં વિશેષે કરી તમ (અંધકાર) નો નાશ અને તેજની પ્રાપ્તિ થાય છે, એવા મહાન્ તેજપુંજ જે ચિદાનંદ છે તેમને હું નમસ્કાર—વંદન કરૂંછું. ૧

सिद्धौषधानि पथ्यानि रागद्वेषरुजां जयेत् ।
जयंति यद्वचांस्यत्र तीर्थकृत्सोऽस्तु वः श्रिय ॥ २ ॥

અર્થ—જેનાં વચનરૂપ સિદ્ધ ઔષધજ પથ્ય (હિતકારી) હોવાથી, પ્રાણિમાત્રના રાગ, દ્વેષાદિ સર્વ રોગનો નાશ કરે છે. એવા, શ્રી તિર્થંકર (પરમાત્મા) ભવ્ય જીવોને આનંદ અને લક્ષ્મીના આપનાર થાઓ. ૨

૧— ઘ્ર ૧ લી તથા ૩ જી માં આ શ્લોક નથી.

जगत्त्रय लोकानां पापरोगापनुत्तये ।
यद्वाक्यभेषजं भाति श्रीजिनः स श्रियेऽस्तुवः ॥ ३ ॥

અર્થ—સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણ્યે લોકના, પાપરૂપ રોગોને દૂર કરવા જેનાં વચનોજ ઐાષધરૂપ છે, એવા શ્રી જીન (ભગવાન્) લક્ષ્મીના દેનાર થાઓ. ૩

[२]श्रीसर्वज्ञं प्रणम्यादौ चंद्रकीर्तिं गुरुं ततः ।
योगचिन्तामणिं वक्ष्ये बालानां बोधहेतवे ॥ ४ ॥

અર્થ—શ્રી સર્વજ્ઞ તત્વવેત્તા પર્મગુરૂ શ્રીચંદ્રકિર્ત્તીસૂરીને પ્રથમ પ્રણામ (નમસ્કાર) કરી બાળકોને બોધ થવા એટલે અલ્પ (થોડી) બુદ્ધિવાળા મનુષ્યો પણ સહેલાઈથી સમજી શકે એ હેતુ માટે યોગચિંતામણિ નામા ગ્રંથ કહું છું. ૪

प्रायाः प्रसिद्धिं सर्वत्र सुखबोधाश्चतेयतः ।
अतःपुरातनैरेव पाठैः संगृह्यते मया ॥ ५ ॥

અર્થ—સર્વ દેશમાં તથા સર્વ સ્થલે પ્રસિદ્ધ (જાહેર) અને થોડી મહેનતે જે દવાઓ (ઐાષધીઓ) મળી શકે, એવા હેતુથી હું જુના (પ્રાચીન) આર્શ (રૂષિ) પ્રણિત એટલે આત્રેય, ચરક, વાગ્ભટ, સુશ્રુત, હારીત, વૃંદકલિકા, ભૃગુ, ભેડ, શાર્ङ્ગધર, માધવાદિક નિદાન અને કર્મવિપાક વગેરે મહાન રૂષિશ્વરોના કહેલ ગ્રંથોના પાઠનોજ સંગ્રહ કરૂંછું. ૫

नूतनपाठे विहिते नादरमिहपण्डिता यतः कुर्य्युः ।
तस्मादार्षवचोभि र्निबध्यते नत्वसामर्थ्यात् ॥ ६ ॥

અર્થ—કદાચ કોઈ એમ કહેશે કે જુના ગ્રંથોનાજ પાઠનો સંગ્રહ કરવાનો હેતુ શું? તો તેના પ્રત્યુત્તરમાં જણાવું છું કે નવીન (નવા) પાઠનો વિદ્વાન (પંડિત) લોકો અનાદર કરે છે એટલે

૨. પ્ર. ૨ જીઅને દ્દીમાં આ શ્લોક નથી, તેમજ 'मानाकिर्तीगुरु' એવો પાઠ છે. અને કોશમાં 'चंद्रकिर्तीगुरु' એવો પાઠ છે. તેમજ આ ગ્રંથની પ્રશસ્તિના શ્લોકમાં ગ્રંથકર્તાએ "श्रीचंद्रकिर्तीगुरुपादयुगप्रसादात" એવો પાઠ કહેલ છે. જેથી એ બીજો પાઠ વિશેષ યોગ્ય લાગવાથી મેં તે જ કાયમ રાખેલો છે.

તેના ઉપર વજન રાખતા નથી, માટેજ તેઓની આ ગ્રંથ પ્રત્યે પ્રિતી અને પ્રતીતી કાયમ રહેવા પ્રાચીન રૂષો–મુનીઓ (પૂર્વાચાર્યો) ના વચનોનો મેં સંગ્રહ કર્યો છે; પરંતુ તેથી એમ ન સમજવું કે, નવીન ગ્રંથ રચવા (બનાવવા)માં અસામર્થ્ય (શક્તિ રહિત) છું. ૬

ગ્રંથનો ઉપક્રમ.

पाकचूर्णगुटीकाथ घृततैलाः समिश्रकाः ।
अध्यायाःसप्तवक्ष्यन्ते ग्रन्थेस्मिन्सारसंग्रहे ॥ ७ ॥

અર્થ—આ ગ્રંથમાં પાક, ચૂર્ણ, ગુટિકા (ગોળી) કવાથ, ધૃત, તૈલ, અને મિશ્ર એ સાત પ્રકાર (જાત) ના અધ્યાય (ભાગ–ખંડ) હું કહીશ. એટલે પાક બનાવવાની રીત તથા પાકો, વિવિધ પ્રકારનાં ચૂર્ણ તેમ જ ગોળીઓ, કવાથ (કાઢા–ઉકાળાઓ) ઔષધીઓ નાંખી પકાવેલાં ઘી તથા તેલો, અને છેવટમાં રસ ધાતુઓનાં મારણ, શોધન, વિકારશાંતિ, તથા ગુણ. મલમ, આસવ, લેપ, વમન, વિરેચન (જુલાબ) નાશ, બાફ, ધૂપ, સ્ત્રીઓના દરદોના ઉપાયો અને કર્મવિપાક (શા કારણથી રોગ–પીડા પામીએ છીએ, શું કરવાથી તેથી મુક્ત થઇએ તેના વિચારો) વગેરેની વિધિઓ આ સારસંગ્રહ વા સારોદ્ધાર વા, યોગચિંતામણિનામા ગ્રંથ વિષે સ્પુટ વિવેચન સાથે જુદા જુદા અધ્યાયથી કહીશ. ૭

હવે આ ગ્રંથના કર્ત્તાએ સાતમા અધ્યાયમાં નાડી આદિ પરીક્ષાઓ કથન કરેલ છે; પરંતુ પ્રાચીન અને અર્વાચીન વૈદ્યોનો એવો મત–વિચાર છે કે, પ્રથમ રોગ નિર્ણય કરવો અને પછી ઔષધાદિ ક્રિયા કરવી તેના પ્રમાણ માટે શાર્ઙ્ગધર સંહિતામાં કહ્યું છે કે, 'हेत्वादिरुपाकातिसात्म्यजाती । भेदः समीक्षातुर सर्व रोगान् ॥ चिकित्सितं कर्षणवृंहणादि । कुर्वीतवैद्यो विधिवस्तुयोगैः' વળી વાગ્ભટમાં પણ કહ્યું છે કે, 'रोगमादौपरिक्षेत । तदनंतरमौषधम् ॥ ततः कर्म्मभिषक्पश्चात् । ज्ञानपूर्वसमाचरेत् ॥ તેમજ મહાકવિ લોલિંબરાજજીએ વૈદ્યજીવનમાં કહ્યું છે કે, आदौनिदानविधिना । विदध्याद्व्याधिनिश्चयम्' ॥ વળી હસ્તિરૂચિએ વૈદ્યવલ્લભમાં કહ્યું છે કે, 'पूर्वंवैद्येनविधिना । विधायरोग निर्णयम्' ॥ તથા વિદ્યાપતિએ ચિકિત્સાંજનમાં કહ્યું છે કે, रोगज्ञानार्थमेवादौ । यत्नः कार्योभिषग्वरैः ॥ ततस्तस्मिन्क्रियारंभः पुण्यायशसेश्रिये' એવાં ઘણાં પ્રમાણ વચનો છે અને તેટલાજ માટે હું ધારૂં છું કે, જો પ્રથમ તે પરીક્ષાઓ લખવામાં આવે તો પ્રિયવાચક વર્ગને સાહેલાઈથી તે વાત સરસ રીતે જાણવામાં આવે. ભા. કર્ત્તા.

વૈદ્યવિવેક.

शास्त्रं गुरु मुखोद्गीर्णे मादायोपास्य चामकृत् ।
यः कर्म्म कुरुतेवैद्य । स्सवैद्योऽन्येतुतस्कराः ॥ ८ ॥

અર્થ—જે ગુરૂ સન્મુખ વિદ્યાભ્યાસ કરીને, વારંવાર બિચારી, ક્રિયામાં નિપુણ થઈ, ચિકિત્સા (વ્યાધિ મટવાના ઉપાય) કરે છે, તેજ વૈદ્ય કહેવાય, બાકી જે ગુરૂની પાસે સંપૂર્ણ શાસ્ત્રો ભણ્યો નથી અને અર્દ્ધદગ્ધ જ્ઞાન મેળવી વૈદ્યરાજ બની બેસે છે તે વૈદ્ય નથી પણ ચોર છે એમ ધન્વંતરીજીએ સુશ્રુતને કહ્યું છે. ૮

एकं शास्त्रमधीयानो । नविद्याच्छास्त्र निश्चयं ॥
तस्माद्बहुश्रुतश्शास्त्रं । विजानीयाच्चिकित्सकः ॥ ९ ॥

અર્થ—વળી જે ગુરૂ પાસેથી એકજ શાસ્ત્ર ભણેલ છે તે સર્વ શાસ્ત્રોનો સાર સમજી (જાણી) શકતો નથી, તે માટે વૈદ્યને યોગ્ય છે કે, સર્વ શાસ્ત્રોના વિષયોને ભણી, સાંભળી, મનન કરી જાણી લેવા. ૯

अधिगतमप्यध्ययन मप्रभाषितमर्थतः ।
खरस्यचंदन भारइव केवलं परिश्रमकरंभवंति ॥ १० ॥
यथाखरश्चंदनभारवाही भारस्यवेत्ता नतुचंदनस्य ।
एवंहिशास्त्राणिबहुन्यधीत्य । चार्थेषुमूढाःखरवद्वहंति ॥११॥

અર્થ—જે મનુષ્ય સઘળા શાસ્ત્રોને ભણી જાય પણ શબ્દાર્થનું જ્ઞાન જો ન થયું હોય તો તે કેવળ (ફક્ત) શાસ્ત્રોનો બોજો ઉપાડનાર છે; પણ તેને સારો વૈદ્યશાસ્ત્રી કહેવો વ્યાજબી નથી, જેમ ગધેડા ઉપર ચંદનના ભારા લાદેલા છે; પરંતુ તે ચંદનના ભારાને ભાર રૂપ સમજે છે; પણ ખુશબો (સુગંધ)ને જાણતો નથી, તે માટે વૈદ્ય શાસ્ત્રના ભણનારાઓએ વ્યાકર્ણનું જ્ઞાન અવશ્ય (જરૂર) મેળવવું જોઈએજ; કેમકે એથી અર્થ અનર્થ જાણવામાં આવે છે. એમ સુશ્રુત સંહિતાના સૂત્રસ્થાનના અધ્યાય ૪ માં કહેલ છે.

भवंतिचात्र । यस्तु केवलशास्त्रज्ञः । कर्म्म स्वपरि निष्ठितः
समुह्यत्यातुरंप्राप्य प्राप्यभीरु रिवाहवम् ॥ १२ ॥

અર્થ—જે વૈદ્ય ફક્ત વૈદ્ય શાસ્ત્રજ જાણે છે પણ અનુપાનાદિ ક્રિયામાં હુંશીયાર નથી તો તે વૈદ્ય રોગીના રોગનું જોર જોઈ ગભરાય છે, જેમ કાયર યુદ્ધસ્થાન (લઢાઈનું મેદાન) જોવાથી બેબાકળો થઈ જાય છે તેમ. ૧૨

यस्तुकर्म्मसुनिष्णातो । धाष्टर्याच्छास्त्रबहिष्कृतः
ससत्सु पूजांनाप्नोति । वधश्चार्हतिराजतः ॥ १३ ॥

અર્થ—વળી જે વૈદ્ય ક્રિયા જાણે છે; પણ શાસ્ત્ર ભણેલો નથી તે વૈદ્ય સારા પુરૂષોમાં આદરમાન પામતો નથી અને તે માટે રાજાઓને યોગ્ય છે કે, તેવા મૂર્ખ વૈદ્યને પોતાના રાજ્યથી હદપાર કરવો અગર મારી નંખાવવો; નહી તો તે ઘણાક પ્રજાજનોના જીવ લે છે. ૧૩

उभावेतावनिपुणाव समर्थौ स्वकर्म्मणि
अर्द्धवेद्धरावेता । वेकपक्षाविवाद्विजौ ॥ १४ ॥

અર્થ—વળી ઉપર કહેલા બન્ને પ્રકારમાં અજાણ હોય તો તે વૈદ્ય રોગીની ચિકિત્સા કરવામાં અસમર્થ હોય છે, જેમ એક પાંખવાળું પક્ષી ઉડવામાં શક્તિ રહીત હોય છે તેમ અથવા ક્રિયા અને ભણતર એ બન્નેમાં અજાણ હોય તો પાંખ વગરના પક્ષી બરોબર દુઃખી અને અશક્ત હોય છે. ૧૪

औषध्योऽमृतकल्पास्तु शस्त्राशनि विषोपमाः
भवंत्यज्ञैरुपहृता स्तस्मादेतौ विवर्जयेत् ॥ १५ ॥

અર્થ—જે ઔષધીઓ અમૃતના સમાન છે તે મૂર્ખ વૈદ્યોના હાથથી ઝેર બરોબર અને શસ્ત્ર વજ્ર સમાન થઈ જાય છે, તે માટે સર્વને વ્યાજબી એ છે કે મૂર્ખ વૈદ્યોના હાથની દવા કદાપિ ભૂલ્યે ચૂકયે પણ ન લેવી. ૧૫

यस्तूभयज्ञोमतिमान् । ससमर्थोऽर्थसाधने ॥
आहवे कर्म्म निर्वोढुं । द्विचक्रस्यंदनो यथा ॥ १६ ॥

અર્થ—જે બુદ્ધિવાન, વૈદ્ય શાસ્ત્ર અને ક્રિયામાં કુશળ (કાબેલ-હુંશીયાર) છે તેની દવાથીજ રોગ મટે છે, જેમ લઢાઈમાં બે પઈ-

ડાવાળા રથથી કાર્ય સિદ્ધ થાય છે તેમ. માટે અષ્ટાંગ આયુર્વેદ ભણેલ અને ક્રિયા (વિધિ)માં પ્રવીણ હોય એવા વૈદ્યના હાથનું સર્વને ઔષધ ખાવું જોઇએ. એમ સુશ્રુતના સૂત્ર સ્થાનના ત્રીજા અધ્યાયમાં કહેલુંછે (અષ્ટાંગ આયુર્વેદનો ખુલાસો મેળવવો હોય તો વાગ્ભટ વાંચો). ૧૬

वैद्यः स्याद्गुरुसन्निधानकुशलः पीयूषपाणिः शुचिः
दक्षः कालत्रयोबलौषधगदज्ञानोदितः शास्त्रवित्
धीरांतः करणः क्रियासुकुशलः कारुण्य पूर्णः स्पृहा
युक्तोभूतनियंत्रमंत्रचतुरो वाग्मी प्रगल्भः सुखी ॥ १७ ॥

અર્થ—જે વૈદ્યે સારા ગુરૂ પાસેથી શાસ્ત્રાભ્યાસ કરેલો છે, અને જેની ઔષધી (દવા)થી નિરંતર રોગી આરોગ્યતા પામતો હોય અર્થાત્ જેના હાથની આપેલી દવા અમૃત સરીખો ગુણ આપે એવો હળવો, યશરેખાવાળો જેનો હાથ હોય, ડાહ્યો–ચતૂર–પ્રવિણ, પવિત્ર, કાળ, દેશ, વયવડે રોગીના રોગનું બરોબર જ્ઞાન મેળવી દવા કરતો હોય, શાસ્ત્રનો જાણનાર, સર્વ વૈદ્ય વિદ્યાની વિધિમાં હુંશીયાર (કુશળ) હોય, દયાળુ, યંત્ર, મંત્રમાં ઘણોજ કાબેલ, અત્યંત પ્રસન્નચિત્તવાળો, પૈસેથી સુખી, અથવા સર્વ વાતે સુખી હોય, હમેશાં સાચું અને મીઠું બોલનાર, નિર્લોભિ, અભિમાન રહીત, મોટા મનવાળો. સમયસૂચક, દુષ્ટ વ્યસનોથી રહીત અને મીલનસાર સ્વભાવવાળો હોય, તે વૈદ્યની ઔષધી હમેશાં આનંદ (કલ્યાણ–ગુણ) કરનાર હોય છે. ૧૭

कुचैलः कर्कशस्स्तब्धः कुग्रामी स्वयमागतः
पंचवैद्या न पूज्यंते धन्वंतरिसमाअपि ॥ १८ ॥

અર્થ—વૈદ્યોએ હમેશાં યાદ રાખવું કે, મેલાં યા હલકાં,(ખરાબ) કપડાં પેહેરનાર, વિવાદી (તકરારી–કજીયાખોર) મૂર્ખ, ગામડીઓ, અને વગર બોલાવ્યો જેને તેને ઘેર જનારો, એ પાંચ વાનાંએ કરી સંયુક્ત ધન્વંતરીજી સમાન વૈદ્ય હોય તો પણ તે વૈદ્ય પૂજ્ય ગણાય નહિં એટલે તેને ઠોળીયા ખાતે લોકો ગણે છે. ૧૮

વૈદ્યે રોગીની નાડી જોતી વખતે કેમ વર્ત્તવું ?

स्थिरचितः प्रसन्नात्मा मनसा च विशारदः ।
स्पृशदंगुलिभिर्नाडीं जानीयाद्दक्षिणेकरे ॥ १९ ॥

અર્થ—વૈદ્યે રોગીની નાડી જોવા વખતે સ્થિરચિત્ત, પ્રસન્ન મનથી એટલે ડામાડોળ—જળોજથા ઉપાધીથી રહીત અને ખુશમીજાજમાં મન રાખી ચતૂર વૈદ્ય, પોતાની તર્જની, મધ્યમા અને અનામિકા એ ત્રણ્ય આંગળીયોને રોગીના જમણા હાથના અંગુઠાના મૂળથી અનુક્રમે સ્થાપી નાડી જોવી. ૧૯

નાડી બતાવનારાએ કેમ વર્ત્તવું?

त्यक्तमूत्रपुरीषस्य सुखासीनस्य रोगिणः ।
अंतर्जानुकरस्यापि सम्यङ् नाडीं परीक्षयेत् ॥ २० ॥

અર્થ—પેશાબ ઝાડાનો ત્યાગ કરી સુખાસનથી સ્વસ્થ ચિત્તે બેસી બન્ને સાથળના વચમાં હાથ રાખી નાડી બતાવવી, તેમજ વૈદ્યેપણ તેવા મનુષ્યની સારી રીતે નાડી જોઈ રોગની પરીક્ષા કરવી. ૨૦

નાડી જોવાની મર્યાદા.

स्त्रीणां भिषग् वामहस्ते पुरुषाणां तु दक्षिणे ॥ शास्त्रेण संप्रदायेन तथा स्वानुभवेन च ॥ परीक्षेद्रत्नवच्चासा वभ्यासादेव जायते ॥ २१ ॥

અર્થ—સ્ત્રીઓના ડાબા હાથની અને પુરુષોના જમણા હાથની નાડી વૈદ્યે શાસ્ત્રના નિયમ પ્રમાણે અને પોતાના અનુભવથી જોઈ જેમ ઝવ્હેરી પોતાની બુદ્ધિવડે સાચાં, વા, ખોટાં રત્નોને પારખી શકે છે, તેમજ નાડી આદિ પરિક્ષાઓવડે સાધ્યાસાધ્ય રોગની પરીક્ષા કરવી. ૨૧

वारत्रयंपरीक्षेत धृत्वाधृत्वाविमुच्यच ।
विमृश्यबहुधाबुद्ध्या रोगव्यक्तिविनिर्दिशेत् ॥ २२ ॥

અર્થ—નાડી ઉપર જે આંગળીઓ સ્થાપી હોય તેને ઉઠાવી લેવી અને સ્થાપવી એમ ત્રણ વખત કરવાથી નાડીની ગતિ બરોબર જાણવામાં આવે બાદ રોગીને હકીકત કહી સંભળાવવી. ૨૨

નાડી વિવેક

वातं पित्तं कफं द्वंद्वं त्रिदोषं सन्निपातकं ।
साध्याऽसाध्यविवेकं च सर्वान्नाडी मकाशयेत् ॥ २३ ॥

અર્થ—પ્રથમ (પેહેલી) આંગળી નીચે વાયુ, બીજી નિચે પિત્ત અને ત્રિજી નિચે કફ નાડીનું સ્થાન હોય છે, તે વાયુ, પિત્ત, કફ, દ્વંદ્વજ (બે દોષના મેળાપવાળી) ત્રિદોષ (ત્રણે દોષના મેળાપવાળી) સન્નિપાત, સાધ્ય, અસાધ્ય, એ સર્વનું જ્ઞાન નાડી મારફતે પ્રકાશ થાય છે. ૨૩

करस्यांगुष्ठमूले या धमनीजीवसाक्षिणी ।
तच्चेष्टयासुखंदुःखं ज्ञेयंकायस्य पण्डितैः ॥ २४ ॥

અર્થ—હાથના અંગુઠાના મૂળમાં જે નાડી ચાલે છે તે નાડી જીવની સાક્ષીભૂત છે. માટે વૈદ્યે તેની ચેષ્ટા (ગતિ) જોઈ સુઃખ અથવા દુઃખને જાણી લેવાં. ૨૪

धत्तेनाडीमरुत्कोपा ज्जलौकासर्पयोर्गतिं ।
कुलिंगकाकमण्डूक गतिंपित्तस्यकोपतः ॥ २५ ॥

અર્થ—વાયુના કોપવાથી નાડી જળો અને સાપની સમાન વાંકી ગતિએ ચાલે છે. પિત્તના કોપવાથી કલિંગ (બુલબુલ) કાગડા અને દેડકાની સમાન ઠેંકતી ઉતાવળી ગતિએ ચાલે છે. ૨૫

हंसपारावतगतिं धत्ते श्लेष्मप्रकोपतः ।
लावतित्तिरवर्तीनां गमनं सन्निपाततः ॥ २६ ॥

અર્થ—કફના કોપવાથી હુંસ, કબૂતરની સમાન લટકદાર મંદગતિથી ચાલે છે. સન્નિપાત (ત્રણે દોષ) ના કોપવાથી લાવાં, તેતરની સમાન દ્રુતવિલંબ ગતિથી ચાલે છે. ૨૬

कदाचिन्मंदगमना कदाचिद्वेगवाहिनी ।
द्विदोषकोपतोज्ञेया हन्तिचस्थानविच्युता ॥ २७ ॥

અર્થ—દ્વિદોષ એટલે વાત પિત, વાત કફ, પિત્તકફ એમ બબે દોષના કોપવાથી કયારેક મંદ (ધીમી) અને કયારેક ઉતાવળી ચાલેછે. તથા, જે નાડી પોતાના નિત્યના સ્થાનને છોડી દેછે તે રોગીના પ્રાણનો નાશ કરનારી સમજવી. ૨૭

स्थित्वास्थित्वाचलतिया सास्मृताप्राणनाशिनी ।
अतिक्षीणाच शीताच जीवितंहन्त्यसंशयम् ॥ २८ ॥

અર્થ—જે નાડી રહી રહીને ચાલે, એટલે ચાલે અને વળી મંદ પડી જાય અને પુનઃ ચાલે અથવા ચાલે અને બંધ પડી જાય, તે કાષ્ટ કૂટ નાડી પ્રાણનો નાશ કરનારી સમજવી. તથા જે નાડી ઘણીજ ઝીણી અથવા થંડી પડી જાયતો તે નિશ્ચે જીવ લેનાર જાણવી.૨૮

ज्वरकोपेन धमनी सोष्णावेगवतीभवेत् ।
कामात्क्रोधाद्वेगवहा क्षीणचिन्ताभयप्लुता ॥ २९ ॥

અર્થ—સામાન્ય (સાધારણ) તાવથી નાડી ઉની (ગરમ) અને ઘણા વેગથી ચાલે છે. તેમજ કામદેવ અને ક્રોધના આવેશથી પણ નાડી બહુ વેગથી ચાલેછે. ચિંતા અને ભય (બીક) સહીત મનુષ્યની નાડી ક્ષીણ (બળહીન) ચાલે છે, ૨૯

मन्दाग्नेः क्षीणधातोश्च नाडीमन्दतराभवेत् ।
असृक्पूर्णाभवेत्सोष्णा गुर्वीसामागरीयसी ॥ ३० ॥
लध्वी वहतिदीप्ताग्ने स्तथावेगवतीमता ।
सुखिनः सास्थिराज्ञेया तथाबलवतीमता ॥ ३१ ॥
चपलाक्षुधितस्यापि तृप्तस्यवहतिस्थिरा ॥ ३२ ॥

અર્થ—જેની અગ્નિ મંદ હોય અથવા ધાતુક્ષીણ હોય તેની નાડી ઘણી ધીમી (મંદ) ચાલેછે. લોહીના કોપવાથી કાંઇક ગરમ અને જડ (ભારી) ચાલેછે. તેમજ આમની નાડી પણ ભારે ચાલેછે. જેની જઠરાગ્નિ સતેજ હોય તેની નાડી હલકી અને વેગ (ઝડપ)થી ચાલેછે. રોગ રહીત (નિરોગી) ની નાડી સ્થિર–શાંત, તથા બળ સહીત (યુક્ત) ચાલે છે. ભૂખ્યાની નાડી (ચંચળ) ચપળ ચાલે છે. અને ભોજનાદિથી તૃપ્ત થયેલની નાડી નિશ્ચલ (સ્થિર) ચાલે છે. ૩૦–૩૧–૩૨

अंगुष्ठमूलसंस्था दोषविशेषेणवहतियानाड़ी ।
बहुधासासर्वांगा पूर्वाचार्यैः समाख्याता ॥ ३३ ॥

અર્થ—જે અંગુઠાના મૂળમાં રહેલી નાડી જે જે દોષ વિશેષે કરી ગતિ ચાલે છે તે નાડી સર્વ શરીરમાં વ્યાપક છે એટલે સર્વ શરીરની નસો સાથે નિકટ સબંધ ધરાવે છે તેથી શરીરના સર્વ દુઃખ

વા સુઃખ વિષેના વિદ્યુત યંત્ર (તાર)ની માફક સંદેશા પોહોચાડનારી (કેહેનારી) છે એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે. ૩૩

वाताद्वक्रगतानाडी चपलापित्तवाहिनी ।
स्थिराश्लेष्मवतीप्रोक्ता सर्वलिंगेषुसर्वगा ॥ ३४ ॥
स्निग्धारसवतीप्रोक्ता रक्तेमूर्छाभिघातिनी ।
भाविरोगाववोधाय स्वस्थनाडीपरीक्षणं ॥ ३५॥

અર્થ—વાયુની વાંકી, પિત્તની ચપળ, કફની મંદ અને ત્રિદોષની ત્રણે ચિન્હ યુક્ત નાડી ચાલે છે. રસવતી નાડી ચીકણી (સ્નિગ્ધ), રૂધિરની મૂર્છિત ચાલે છે. ભવિષ્યમાં થનાર રોગ—એટલે રોગ થયા પેહેલાં નાડી જોઇ અમૂક રોગ અમૂક મુદતમાં થશે તે જાણવા માટે સ્વસ્થ મનુષ્યની નાડી હર વખ્ત જોવામાં આવે તોજ સારી રીતે તેનું જ્ઞાન મળી શકે છે. ૩૪-૩૫

आदौचवहतेपित्तं मध्येश्लेष्मा प्रकीर्तितः ।
अन्तेप्रभंजनःप्रोक्तः त्रिधानाडीपरीक्षणं ॥ ३६ ॥
यथावीणागतातन्त्री सर्वान्रागान्प्रकाशयेत् ।
तथाहस्तगतानाडी विभक्तामयसंचयम् ॥ ३७ ॥

અર્થ—પેહલી પિત્તની, બીજી કફની અને ત્રીજી વાયુની એટલે આદ્ય પિત્ત, મધ્ય કફ, અને અંતમાં વાયુ નાડી ચાલે છે. એમ કેટલાક આચાર્યોનું મત ભિન્નત્વપણું છે અને એજ પ્રમાણે નાડીની પરીક્ષા કરવી એમ આજ્ઞા કરેલ છે. જેમ વીણાયંત્રના તાર સર્વ રાગોને ભિન્ન ભિન્ન (અલગ—જુદા) પ્રકાશે છે તેમ શરીર રૂપિ વિણાયંત્રના નાડીરૂપ તાર [1]સર્વ રોગોને ભિન્ન ભિન્ન રીતે પ્રકાશે છે. ૩૬-૩૭

૧—એકલી નાડી જોવાથી જ રોગનું સ્પષ્ટીકરણ થઈ શકતું નથી. પરંતુ સર્વ પ્રકારથી પરીક્ષા કરી હેવાલ પુછી પૂર્વાપરનો વિચાર કરે તો જ ખરોખર શું રોગ છે, તેનું નીરાકરણ થાય છે।

ભા. કર્ત્તા.

મૂત્રપરીક્ષા.

રોગીનું મૂત્ર કેવી રીતે ગ્રહણ કરવું?

रात्रेश्चतुर्थयामस्य घटिकानांचतुष्टये ।
समुत्थायपरीक्षेत मूत्रंवैद्यस्तुरोगिणः ॥ ३८ ॥
पूर्वधारांपरित्यज्य गृहीत्वाकाचभाजने ।
धारयेत्कांस्यपात्रेवा कृत्वामूत्रंपटावृतं ॥ ३९ ॥
ततः सूर्योदयेजाते प्रकाशेमूत्रभाजनम् ।
धृत्वा मूत्रंसमालोक्य कुर्य्यात्तस्यपरीक्षणं ॥ ४० ॥

અર્થ—રાત્રિના ચોથા પોહોરની-પાછલી ચારઘડી રાત રહે તે સમયે (વખતે) રોગીને ઉઠાડી પેસાબ કરાવી તે પેસાબની પરીક્ષા કરવી એટલે રોગીના મૂત્રની પ્રથમ ધાર અને અંત (છેલ્લી) ધાર ત્યજી મધ્ય ધાર (થોડો પેશાબ થયા બાદ પેશાબ ઝીલાવવો, તેમ પેસાબ કરવો થોડો બાકી રહે ત્યારે ત્યાંથી ધાર તે પાત્ર-વાસણમાં ન લેવી) કાચના વા ચીનાઈ માટીના તથા કાંસાના વાસણમાં ઝીલી કપડું ઢાંકી એકાંતમાં મૂકી રાખવું, સૂર્યોદય થયા પછી તે વાસણ ઉપરનું કપડું કહાડી લેઈ અજવાળામાં રાખી (તડકામાં રાખી) મૂત્રની પરીક્ષા કરવી. ૩૮-૩૯-૪૦

મૂત્ર જોવાથી રોગનાં થતાં અનુમાનો.

वातेतोयसमं मूत्रं रूक्षंबहुतरंभवेत् ।
रक्तवर्णंभवेत्पित्ते पीतंवास्वल्पमेवच ॥ ४१ ॥
कफेश्वेतं घनंस्निग्धं मूत्रंसंजायतेध्रुवं ।
द्विदोषंद्वंद्वचिन्हंस्या त्सर्वलिंगंत्रिदोषजे ॥ ४२ ॥

અર્થ—જો વાયુ કોપ્યો હોય (વાયુનો રોગ હોય) તો તે રોગીનું મૂત્ર સ્વચ્છ (નિર્મળ-ચોખ્ખું) પાણી જેવું તથા રૂક્ષ (લુખું) અને ઘણું તેમ જ કાંઇક લીલા રંગવાળું હોય છે. જો પિત્ત કોપ્યો હોય તો મૂત્ર પીળા અથવા લાલ રંગનું ગરમ અને થોડું હોય છે. જો કફ કોપ્યો હોય તો મૂત્ર જાડું ધોળા રંગનું અને ચીકણું હોય છે. બેદોષ ભેગા મળી કોપ્યા હોય તો બન્ને દોષોનાં લક્ષણ મૂત્રમાં

હોય છે. અને ત્રણદોષ સાથે કોપ્યા હોય તો ત્રણ્યે દોષનાં ચિન્હ (લક્ષણો) હોય છે. ૪૧ ૪૨

મૂત્ર પરીક્ષા વિવેક-વિચાર.

प्रातःकालेगृहीतं यन्मूत्रंघर्मेनिधापयेत् ।
तैलबिन्दुंक्षिपेत्तत्र निश्चलंवैद्यसत्तमः ॥ ४३ ॥
यदाप्रकाशमाप्नोति तैलंक्षेमतदादिशेत् ।
बिन्दुरूपंस्थितंतैल मसाध्यमपिरोगिणः ॥ ४४ ॥
निमज्जतियदामूत्रे भ्रमन्वानैवशाम्यति ।
तदारिष्टंविजानीया द्रोगिणांनात्रसंशयः ॥ ४५ ॥

અર્થ—પ્રાતઃકાળમાં જે રોગીનું મૂત્ર ગ્રહણ કરેલું રાખી મૂક્યું હોય તેને તડકે મૂકી કપડાની દીવટ અથવા ઘાસની સળી વડે તલના તેલનું ટીપું (બિંદુ) તે મૂત્રમાં વૈદ્યે નાખવું જો તે તેલનું ટીપું મૂત્ર ઉપર નાંખતાં વાંતજ (એકદમ ચોતરફ) ફેલાઈ જાય તે રોગી સાધ્ય છે, ક્ષેમ પૂર્વક આસમ (સાજો) થશે (તેને ઔષધ બે ધડકથી આપવું, યશ મળે!) અને તે તેલનું ટીપું નાખ્યું તેવુંજ મૂત્રમાં સ્થિર (ફેલાયા વિના) રહે તો [1]અસાધ્ય રોગી જાણવો (તે રોગીની દવા કરવી પરંતુ તેનાં સગાંવ્હાલાંને ચેતવણી આપી દેવી કે, મટી શકે તેવો રોગ નથી માત્ર શ્વાસ ત્યાં સુધી આશા જાણી ઉપાય કરૂં છું મનુષ્ય યત્નને ઈશ્વર કૃપા હશે તો વખતે ટેકી

---

૧ કેટલાક પૂર્વાચાર્યોનો એવો મત છે કે જો તેલનું ટીપું નાંખ્યું તેવુંજ સ્થિર થઈ રહે તો કષ્ટસાધ્ય એટલે વધારે મહેનત લેવાથી અને ઘણે વખતે સાજો થાય. તેમજ અસાધ્ય રોગી જણાય તો તેનું ઔષધ ન કરવું એમ ઘણા રૂષિઓનું માનવું છે; પરંતુ એ કરતાં વિશેષ યોગ્ય એ છે કે દરદીના સંબધીઓને ખરી ચેતવણી આપી જેમ બને તેમ જલદી દરદ મટે તેવા ઉપાયો યોજવા તેથી વખતે પડતા ઘરને ટેકારૂપ થઈ પડે છે, જેમ ઘર સળગી ઉઠયું હોય ત્યારે બચાવ કરવા પાણી ન છાંટીએ અને ફાંસીની શિક્ષા થયા પછી ઉપરી કોર્ટમાં અપીલ કરી ચાંપતા ઉપાયો ન લઈએ તો માઠાંજ પરિણામ આવે છે; પણ જો હિમ્મત ધરી ઉપાય કરીએ તો ઘણી વખતે ફતેહમંદ નિવડીએ છીએ એમાં શક નથી તેમજ રોગી માટે પણ મારો તો અભિપ્રાય છે. ભા. કર્ત્તા.

લાગશે, પછી તો હરી ઈચ્છા બળવાન છે! ૪૩-૪૪-૪૫.

बिन्दुर्भ्रमतिसर्वत्र मध्येवाछिद्रसंयुतः ।
खड्गदण्डधनुस्तुल्यं स्तदारोगीविनश्यति ॥ ४६ ॥
तडागहंसपद्मेभ छत्रचामरतोरणैः ।
तुल्यैस्तदाचिरायुः स्याद्बुद्बुदंदेवकोपतः ॥ ४७ ॥
पूर्वपश्चिमवायव्य नैर्ऋतोत्तरतः शुभः ।
आग्नेयदक्षिणेशाने विस्तृतोनशुभप्रदः ॥ ४८ ॥

અર્થ—અથવા તે તેલની બુંદ પેશાબ ઉપર ચક્ર (ચાકડાની) માફક ફરવા લાગે વા, તેમાં છિદ્રો પડી જાય, તથા તેનો તરવાર, દંડ (લાકડી) અને ધનુષ (કામઠા) જેવો આકાર થઈ જાય, તો તે રોગી નિશ્ચે મરે. તેમજ તળાવ, હંસ, કમળ, હાથી, છત્ર, ચામર અને તોરણાદિ આકાર તે બુંદના બની જાય તો તે રોગી દિર્ઘાયુ (લાંબા આયુષ્ય)વાળો છે એમ સમજવું. તથા તે બુંદમાં પરપોટા ઉપડે તો દેવકોપ સમજવો. અગર તે બુંદ પૂર્વ, પશ્ચિમ, વાયવ્યકોણ, નૈઋતકોણ અને ઉત્તર તરફ જાય (ફેલાય) તો રોગી જીવે અને અગ્નિકોણ, દક્ષિણ, ઈશાનકોણ તરફ ફેલાય તો અશુભ સમાચાર આપનાર છે (રોગી મરશે) એમસમજવું; પરંતુ એટલું યાદ રાખવું કે સરખી જમીન ઉપર પાત્ર મૂકી મૂત્ર પરીક્ષા કરવી. ૪૬-૪૭-૪૮.

स्निग्धंचरूक्षकंश्यामं मूत्रंवातविकारजं ।
पीतंबुदबुदसंयुक्तं विकारःस्यात्तुपित्तजः ॥ ४९ ॥
मूत्रंश्लेष्मणिजायेत समंपल्वलवारिणा ।
सिद्धार्थतैलसदृशं मूत्रंवैपित्तमारुतैः ॥ ५० ॥
कृष्णंसबुद्बुदंमूत्रं सन्निपातविकारजं ।
पानीयेनसमंमूत्रं परिपाकाद्दितंभवेत् ॥ ५१ ॥

અર્થ—જો વાયુના વિકારથી રોગની પ્રબળતા હોય તો તે રોગીનું મૂત્ર ચિકણું, લાલ અને કાળા રંગનું હોય છે. પિત્તના કોપથી પરપોટા સહીત પીળા રંગવાળું હોય છે. કફનો કોપ હોવાથી તળાવના પાણી જેવું રંગમાં હોય છે. વાયુ અને પિત્ત એ બન્નેના

કોપથી સરસિયા તેલના સમાન રંગનું હોય છે. સન્નિપાતના કોપથી કાળા રંગનું પરપોટા સહીત હોય છે. અને રોગના પરિપકવપણાથી નિર્મળ (રંગ રહીત) પાણીના જેવું હોય છે. ૪૯-૫૦-૫૧.

श्वेतधारामहाधारा पीतधारास्तथाज्वराः ।
रक्तधारामहारोगी कृष्णाचमरणांतिका ॥ ५२ ॥
अजामूत्रमिवाजीर्णे ज्वरेकुंकुमापिंजरे ।
समधातोःपुनः कूप जलतुल्यंसजायते ॥ ५३ ॥

અર્થ—સ્વેતધાર, મહાધાર અને કષ્ણધાર હોય વા ગરમ, લાલ, કેશરી કે પીળા રંગનું મૂત્ર હોય તો તાવનો રોગ સમજવો. ઘણા વખતનો રોગી વા, દીર્ઘ રોગી હોય તેનું મૂત્ર લાલ રંગનું હોય છે. જેનું મરણ નજીક હોય તેનું મૂત્ર કાળા રંગનું હોય છે. અજીર્ણ રોગવાળાનું મૂત્ર બકરીના મૂત્ર જેવી વાસનાવાળું હોય છે. અને સમાન ધાતુવાળાનું (નિરોગીનું) મૂત્ર સ્વચ્છ-કુવાના પાણી સમાન હોય છે. વિશેષ મૂત્ર પરીક્ષાના મત ભિનત્વપણાની માહેતી ગ્રંથાંતરથી જાણવી.[1] ૫૨-૫૩.

નેત્ર પરીક્ષા.

रुद्रेरूक्षे धूम्राक्षे नयनेस्तब्धचंचले ।
तथाभ्यन्तरकृष्णाभे भवतोवातरोगिणः ॥ ५४ ॥
पित्तरोगेतुपीतेवा नीलेवारक्तवर्णके ।
सतप्तेभवतोदीपं सहेतेनावलोकितुं ॥ ५५ ॥

અર્થ—જે રોગીનાં નેત્ર બિહામણાં, લુખાં, ધુમાડાના રંગ જેવાં,

૧ ભારદ્વાજ સંહીતામાં મૂત્ર પરીક્ષા માટે લખે છે કે જે મનુષ્યે સાંજે પથ્ય (હલકું-યોગ્ય) ભોજન કર્યું હોય, રાત્રીના અંતમાં પાણી ન પીધું હોય, પુરૂષે સ્ત્રીસંગ અને સ્ત્રીએ પુરૂષસંગ ન કર્યો હોય, અને મદિરા-દારૂ ન પીધો હોય તેવા મનુષ્યનું મૂત્ર પ્રાતઃકાળે કાચના ધોળા વાસણમાં ગ્રહણ કરી તુરતજ મૂત્રનો રંગ જોઈ વાતાદિદોષનો નિશ્ચય કરી જો સાધ્ય જણાય તો ઉપચાર કરવો, પરંતુ ઘણીવાર સુધી પેશાબ-મૂત્ર રાખી મૂકવાથી રંગમાં ફેરફાર થાય છે અને તેમ થવાથી દોષના કોપવાપણાનું યથાર્થ જ્ઞાન થતું નથી માટે તુરત પેશાબ કરાવી તેજ વખતે જોઈલેવું પણ રાખી મૂકયા બાદ પરીક્ષા કરવી નહી.

સ્થીર, વાંકાં, ચપળ તેમજ અંદરના ભાગમાં કાળાસ પડતાં હોય તો વાયુ પ્રકોપ છે. જે રોગીનાં નેત્ર પીળાં, લીલાં તથા રાતા રંગનાં દાહયુક્ત અને દીવો કે અજવાળું જોઈ શકતાં ન હોય તો પિત્ત પ્રકોપ છે. ૫૪ ૫૫

ज्योतिर्हीनेचशुक्लाभे जलपूर्णेसगौरवे ।
मन्दावलोकनेनेत्रे भवतः कफकोपतः ॥ ५६ ॥
तन्द्रामोहाकुलेश्यामे निर्भुग्नेरूक्षरौद्रके ।
रक्तवर्णेचभवतो नेत्रेदोषत्रयोदये ॥ ५७ ॥

અર્થ—જે રોગીનાં નેત્ર જ્યોતીથી રહીત (તેજહીન) ધોળાં પાણીથી ભરેલાં (ગળતાં) ભારી અને થોડું (કમતી) જોઈ શકતાં હોય તો કફ પ્રકોપ છે. તેમજ તંદ્રા, મૂર્છાથી વ્યાકુળ હોય અને કાળાં ફાટયાં રહેલાં (વગર મીચાતાં) લુખાં, બિહામણાં રાતાં હોય તો સન્નિપાત (ત્રિદોષ) પ્રકોપ છે. ૫૬–૫૭.

दोषत्रयंभवेच्चिन्हं नेत्रयोस्तुत्रिदोषजं ।
दोषद्वयंप्रकोपेतु भवेद्दोषद्वयोदितं ॥ ५८ ॥
दोषत्रयभवेनेत्रे स्वाधीनेनचरोगिणः ।
उन्मूलितेचभवतः क्षणादेवनिमीलति ॥ ५९ ॥

અર્થ—વાયુ પિત્ત કફ એ ત્રણ દોષોના કોપથી ત્રણ્યે દોષનાં ચિન્હો થાય છે અને બે દોષના કોપવાથી બે દોષનાં ચિન્હો નેત્રમાં થાય છે, તેમજ ત્રિદોષ (સન્નિપાત)થી વ્યાકુલ થયેલ રોગીનાં નેત્રો સ્વાધીન (પોતાના કબજામાં) રહી શકતાં નથી એટલે પોતાની મરજી મુજબ (રોગી) જોઈ શકતો નથી પણ વિચિત્રજ પ્રકાર નજરે પડે છે કોઈક વખતે ખુલેલાં તો કોઈક વખતે મીચાયલાં હોય છે. ૫૮–૫૯.

सततोन्मीलितेनेत्रे यद्वानित्यंनमीलिते ।
विलुप्तकृष्णतारेच भ्रमद्भ्रूभ्रोग्रतारके ॥ ६० ॥
बहुवर्णेचभवतो विकृतानेकचेष्टने ।
नेत्रेमृत्युंकथयतो रोगिणोनात्रसंशयः ॥ ६१ ॥

सौम्यदृष्टिप्रसन्नाभे प्रकृतिस्थेमनोरमे ।
नेत्रेकथयतःशीघ्रं रोगशांतिंतुरोगिणः ॥ ६२ ॥

અર્થ—કોઈક વખતે બીલકુલ બંધજ કરી રાખેલાં તો કોઈક સમયે તદન ખુલ્લાંજ રહેલાં હોય છે, તેમજ આંખમાંની કાળી કીકી (પુતળી) છુપાઈ જાય છે અથવા ચક્રની માફક ફર્યા જ કરે છે અને ધુમાડા જેવો દેખાવ આપે અગર કીકી વીશ્રીત યા તરેહવાર થઈ જાય છે, સારાંશમાં અનેક પ્રકારના વર્ણ-રંગ, રીતી અને ચેષ્ટા કરે છે એવાં નેત્રો જો દેખાય તો તે નેત્રો રોગીના મૃત્યુના સમાચાર જ કહેનારાં છે. જે રોગીનાં નેત્રો શાંત, પ્રસન્ન અને નેત્રો પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે બજાવી શકતાં હોય વા રમણિક લાગે તેવાં દેખાતાં હોય તો તે નેત્રો રોગીના રોગનો ઉતાળથી નાશ થવાના સમાચાર કહેનારાં છે. ૬૦ ૬૧ ૬૨

મુખ પરીક્ષા.

वातकोपेमुखंरूक्षं स्तब्धंवक्रगतप्रभं ।
पित्तकोपेभवेद्रक्तं पीतंवापरितप्तकं ॥ ६३ ॥
कफकोपेगुरुस्निग्धं भवेच्छूनमिवाननम् ।
त्रिलक्षणंत्रिदोषेस्याद्विचिन्हंचद्विदोषके ॥ ६४ ॥

અર્થ—વાયુના કોપથી રોગીનું મુખ સૂકું, સ્તબ્ધ, વાંકું કાંતીએ કરી રહીત હોય છે. પિત્તના કોપથી રાતું પીળું અને ઉનું (ગરમ) દાહયુક્ત હોય છે. કફના કોપથી ભારે, ચિકણું, સોજા સહીત હોય છે. અને ત્રિદોષના કોપથી ત્રણ્યે લક્ષણોનાં ચિન્હો યુક્ત હોય છે અને દ્વિદોષના કોપથી બે ચિન્હો યુક્ત હોયછે. ૬૩-૬૪,

જીભ પરીક્ષા.

वातकोपेप्रसुप्ताच स्फुटितामधुराभवेत् ।
स्तब्धावर्णेनहरिता जिव्हालालांप्रमुंचति ॥ ६५ ॥
पित्तकोपेतुरक्ताभा तिक्तादुर्गंधेचजायते ।
जिव्हादाहान्वितावित्रा कंटकैरिवसर्वतः ॥ ६६ ॥
कफोदयेभवेज्जिव्हा स्थूलागुर्वीविलेपनी ।

सुस्थूलाकंटकोपेता क्षाराबहुकफावहा ॥ ६७ ॥
दोषद्वयोर्द्विदोषोक्ता लवणारसनाभवेत् ।
सर्वजिव्हात्रिदोषेस्या द्विकृतौनकलक्षणे ॥ ६८ ॥

અર્થ—વાયુના કોપથી રોગીની જીભ (છએ રસના સ્વાદના જ્ઞાનથી રહીત) શૂન્ય, ચીરા પડી ગયેલા, મીઠાસ યુક્ત, સ્તબ્ધ, લીલાસ પડતા રંગ જેવી લાળ પડતી હોય છે. પિત્તના કોપથી રાતી દૂધ પીવાથી કડવો સ્વાદ આપનારી બળતરા (દાહ) સહીત પાકા ઘોળાના રંગ જેવી કાંટાઓથી છવાયલી હોય છે. કફના કોપથી સ્થૂલ (જાડી-મોટી) ભારી, કફથી લપેટાયલી અને મોટા કાંટાઓએ કરી સહીત અર્થાત્ કાંટા જેવા અંકૂરો જીભ ઉપર ઉપડેલા હોયછે તથા ખારી અને ઘણા કફને વહેવા વાળી હોય છે. બે દોષના કોપથી બે દોષનાં લક્ષણોએ સહીત મીઠા (લુણ)ના સ્વાદ જેવી હોય છે. અને ત્રણ દોષના કોપથી ત્રણ્યે દોષનાં ખરાબ લક્ષણો સહીત હોય છે. ૬૫-૬૬-૬૭-૬૮.

મળપરીક્ષા.

त्रुटितंफेनिलंरूक्षं धूम्रलं वातकोपतः ।
वातश्लेष्मविकारेच जायते कपिशंमलं ॥ ६९ ॥
बद्धंसुत्रुटितंपीतं श्यामंपित्तानिलाद्भवेत् ।
पीतश्यामंश्लेष्मपित्ता दीषदार्द्रंचापिच्छलं ॥ ७० ॥
श्यामंत्रुटितपीताभं बद्धंश्वेतंत्रिदोषतः ।
दुर्गंधः शिथिलश्चैव विष्टोत्सर्गोयदाभवेत् ॥ ७१ ॥
तदाजीर्णमलंवैद्यै र्दोषज्ञैः परिभाष्यते ॥ ७२ ॥
कपिलंग्रन्थियुक्तंच यदिवर्चोविलोक्यते ।
प्रक्षीणमलदोषेणदूषितः परिकथ्यते ॥ ७३ ॥

અર્થ—વાયુના કોપથી રોગીનો ઝાડો કુચાપાણી જેવો, ત્રુટેલો, ફીણવાળો, લુખો કાળા રંગનો હોય છે. વાત કફના કોપથી નારંગીના રંગ જેવો હોય છે. વાતપિત્તના કોપથી બંધકોશ, ત્રુટેલો, પીળો અને કાળો હોય છે. કફ પિત્તના કોપથી પીળો, કાળો, અને કાંઈક લીલાસ પડતો ચિકટાસવાળો હોય છે. ત્રિદોષના કોપ-

વાથી કાળો, પીળો, ત્રુટેલો, સફેદ અને બદ્ધ હોય છે. અજીર્ણવાળા રોગીનો ઝાડો દુર્ગંધ મારતો, સિથિલ (નરમ) હોય છે. વાયુ આદિ દોષો નિર્બળ (ક્ષીણ) થવાથી ઝાડો કંપીલાના રંગ જેવો અને ગાંઠો વાળો (કઠણ) હોય છે. ૬૯–૭૩.

सितंमहत्पूतिगन्धं मलंज्ञेयंजलोदरे ।
श्यामंक्षयेत्वामवाते पीतंसकटिवेदनं ॥ ७४ ॥
अतिकृष्णंचातिशुभ्र मतिपीततंथारुणं ।
मरणायमलंकिन्तु भृशोष्णंमृत्यवेध्रुवं ॥ ७५ ॥
अत्यग्नौपीड़ितंशुष्कं मन्दाग्नौतुद्रवीकृतं ।
दुर्गंधंचन्द्रिकायुक्त मसाध्यंमललक्षणम् ॥ ७६ ॥

અર્થ—જલંદર રોગીનો ઝાડો સફેદ અને મહા દુર્ગંધ યુક્ત હોય છે. ક્ષય રોગીનો કાળા રંગનો, આમવાયુ વાળાનો પીળારંગ-નો ઝાડો કેડ (કમ્મર)માં પીડા (દુખાવા) સાથે હોય છે. ઘણો કા-ળો, ઘણો ધોળો, ઘણો પીળો, ઘણો રાતો અને ઘણો ગરમ ઝાડો જે રોગીનો હોય તો તે રોગીનું મૃત્યુ નિશ્ચ નજીક (ઢુકડું)છે એમ સમજવું. જેની અગ્નિ તીખી હોય છે તેનો ઝાડો (મળ) સુકાયલો હોય છે. મંદાગ્નિવાળાનો પાતળો ઝાડો હોય છે. અસાધ્ય રોગીનો ખરાબ વાસાનાવાળો અને ચાંદી સહીત એટલે ઝાડામાં સડેલો ભાગ આંતરડામાંથી અથવા હોજરીમાંથી ત્રુટીને પડે છે અને શુથા પાણી જેવો હોય છે. ૭૪–૭૫–૭૬.

શબ્દ પરીક્ષા.

गुरुः स्वरोभवेत्श्लेष्मी स्फुटवक्ताचपित्तलः ।
उभाभ्यांरहितोवातः स्वरत श्चैवलक्षयेत् ॥ ७७ ॥

અર્થ—કફવાળા રોગીનો શબ્દ (સાદ) ભારે હોય છે. પિત્ત-વાળા રોગીનો સ્પષ્ટ (ચોખ્ખો) બોલ હોય છે. અને વાયુ રોગીનો એ બન્ને લક્ષણો સહીત એટલે ઘર ઘરાટ શબ્દવાળો હોય છે. ૭૭

સ્પર્શ પરીક્ષા.

पित्तरोगीभवेदुष्णो वातरोगीचशीतलः ।
पिच्छलःश्लेष्मरोगीस्या त्रिलिंगात्सन्निपातवान् ॥ ७८ ॥

आर्द्रकः सभवेच्छ्लेष्मा स्पर्शतश्चैवलक्षयेत् ॥ ७९ ॥

અર્થ—પીત્ત રોગીનો સ્પર્શ ઉષ્ણ (એટલે તેને અડીએ, તો તેનું શરીર ઉનું) લાગે. વાયુ રોગીનું શરીર. થંડુ કફ રોગીનું શરીર ચિકણું અથવા ભીનું, અને સન્નિપાત રોગીનું શરીર સર્વ લક્ષણોએ-કરી સહીત સ્પર્શ કરતાં જણાય છે. ૭૮–૭૯.

આયુષ્ય વિવેક.

भिषगादौपरीक्षेत रुग्णस्यायुः प्रयत्नतः ।
यतआयुषिविस्तीर्णे चिकित्सासफलाभवेत् ॥ ८० ॥

અર્થ—વૈદ્યને પ્રથમ અવશ્યનું કાર્ય એ છે કે રોગીના આયુષ્યનો વિચાર કરવો; કેમકે જો રોગીનું આયુષ્ય સબળ જણાયતો જ ઉપાય સફળ થાય છે, નહીતો સર્વ કરેલી મહેનત અફળ થાય છે માટે જીવશે કે મરશે? તેની પૂર્ણ ખાત્રી કરી લેવી. ૮૦

આયુવાળા રોગીનાં લક્ષણ.

सौम्यादृष्टिर्भवेद्यस्य श्रोत्रवक्त्रंतथैवच ।
स्वादुगंधंविजानातिससाध्योनात्रसंशयः ॥ ८१ ॥
पाणिपादौचयस्योष्णौ दाहः स्वल्पतरोभवेत् ।
जिह्वातिकोमलायस्य सरोगीनविनश्यति ॥ ८२ ॥
स्वेदहीनोज्वरोयस्य श्वासोनासिकयासरेत् ।
कण्ठश्चकफहीनःस्यात् सरोगीजीवतिध्रुवम् ॥ ८३ ॥

અર્થ—જે રોગીનાં નેત્રો, કાન, મુખ, અને મન શાંત હોય, સ્વાદ ગંધને પારખી શકતો હોય તે રોગી નિશ્ચે જીવે. જે રોગીના હાથ પગ ઉના હોય અને દાહ થોડો હોય જીભ અત્યંત કોમળ (કુંણી–નરમ) હોય તે રોગી નિશ્ચે જીવે. વળી જે રોગીને પરસેવા રહીત તાવ હોય, શ્વાસ નાકના રસ્તેથી નીકળતો હોય કંઠ (ગળા) માં કફનો ઉપદ્રવ ન હોય એટલે કંઠ કફથી રહીત હોય તે રોગી નિશ્ચે જીવે–મતલબમાં શરીરની સર્વ ઇંદ્રિયો પોતપોતાનો ધર્મ સરસ રીતે બજાવતી હોય તો રોગનું પ્રબળ છતાં પણ તે રોગી નિશ્ચે જીવે. ૮૧–૮૨–૮૩

કાળ.જ્ઞાન.

अक्षैर्लक्षितलक्षणेनपयसापूर्णेन्दुनाभानुना ।
पूर्वादक्षिणपश्चिमोत्तरदिशांषट्त्रिद्विमासैककं ॥
छिद्रंपश्यतिचेत्तदादशदिनंधूम्राकृतिपश्चिमे ।
ज्वालापश्यतिसद्यएवमरणंकालोचितंज्ञानिनाम् ॥ ८४ ॥

અર્થ—જે રોગીને પાણીમાં (તેલમાં અથવા ઘીમાં) સૂર્ય વા, ચંદ્રનો પ્રતિબિંબ ન દેખાય અથવા દેખાય તો અપૂર્ણ છિન્ન ભિન્ન તેમજ પૂર્વ, દક્ષિણ, ઉત્તર, પશ્ચિમ દીશાએ દેખાય તથા તે પ્રતિબિંબમાં કાણાં (છિદ્ર) પડેલાં દેખાય તો તે રોગી છ, ત્રણ, બે, અને એક મહીનામાં અથવા તેટલા દિવસમાં નિશ્ચે મરે. તેમજ સૂર્ય ચંદ્રમાનાં વર્ણ ધુમાડા જેવાં દેખાય તો દશ દીવશમાં મરે અથવા તે પ્રતિબિંબમાં દક્ષિણ દીશા તરફ અગ્ની દેખાય તો તત્કાકાલ મરે, એમ સદાશીવજી પ્રણીત કાળ જ્ઞાનમાં કહ્યું છે. ૮૪

अरुंधतींध्रुवंचैव विष्णोस्त्रीणिपदानिच ।
आयुर्हीनानपश्यन्ति चतुर्थंमातृमण्डलं ॥ ८५ ॥
अरुंधतीभवेज्जिह्वा ध्रुवोनासाग्रमेवच।
विष्णुस्तुभ्रूद्वयोर्मध्ये भ्रूद्वयंमातृमण्डलं ॥ ८६ ॥
नासाग्रंभ्रूयुगंजिव्हां मुखंचैवनपश्यति ।
कर्णघोषंनजानाति सगच्छेद्यममन्दिरं ॥ ८७ ॥

અર્થ—અરૂંધતી, ધ્રુવ, વિષ્ણુત્રિપાદ અને માતૃમંડળ એ ચાર વસ્તુઓને આયુષ્યહીન (મરવાની તૈયારી)વાળો ન દેખે–અરૂંધતી એટલે જીભનો અગ્રભાગ (ટેરવું) ધ્રુવ એટલે નાકનો અગ્રભાગ (ટેરવું) વિષ્ણુંપદ એટલે બન્ને ભમરોનો વચલો ભાગ અને માતૃમંડળ એટલે બન્ને ભમર (ભ્રકુટી) એટલાં વાનાં યમપુરીમાં જવા (કમર કસી–બાંધી) જે તૈયાર થયો હોય તે ન દેખે. ૮૫–૮૬–૮૭.

अकस्माद्धिभवेत्स्थूलो ह्यकस्माच्चकृशोभवेत् ।
अकस्मादन्यथाभावे षण्मासैश्चविनश्यति ॥ ८८ ॥
रसनायाः कृष्णभावो मुखंकुंकुमसन्निभं ।
जिह्वास्पर्शंनजानाति दुर्लभंतस्यजीवितम् ॥ ८९ ॥

અર્થ—જે મનુષ્ય અકસ્માત્—વિનાકારણે એકદમ જાડો થઈ જાય, વા પાતળો થઈ જાય તો છ માસમાં મરણ પામે અથવા જે રોગીની જીભ કાળી, મુખ કેશરનાં રંગ સરખું થઈ જાય અને જીભ સ્વાદને, નાક સુગંધને, કાન શબ્દને, નેત્રો પદાર્થને અને અંગ સ્પર્શને બરોબર જાણી શકે નહી તો તે રોગી નિશ્ચે મરે ૮૮–૮૯.

नराणां पाद तश्चोर्द्ध नारीणां मुखत स्त्वधः ।
शोथः सर्पतितौराम भजेतांनान्यमौषधं ॥ ९० ॥
बव्हाशीक्षीयमाणोयो मध्यशोथीतुवाभवेत् ।
नरोवाप्यथ नारी वा भजेद्राम न चौषधं ॥ ९१ ॥
शीते देहे भवेत्स्वेदो ललाटेचातिपिच्छिलः
कफः कंठगतोयस्य तस्य पुण्य महौषधं ॥ ९२ ॥
रात्रौदाहा दिवाशीतं भवेद्यस्यारुणौदृशौ ।
जिव्हा कृष्णा खर स्पर्शा दानमेव तदौषधं ॥ ९३ ॥
निद्रानाशो हृदिस्तंभो विष्टंभोगौरवाऽरुचि ॥
अरतिर्बलहानिश्च यस्य तस्यौषधंहरिः ॥ ९४ ॥

અર્થ—પુરૂષના પગની ઘુંટીથી ડુંટી તરફ ઉંચે અને સ્ત્રીના મુખથી તે ડુંટી તરફ નિચે સોજો ચઢે (અથવા સોજામાં આંગળી ચાંપી ઉઠાવી લીધા બાદ તે ખાડો જલદી પુરાઈ જતો નથી) તો તે રોગીને રામનામના ભજન શીવાય બીજું ઔષધ છેજ નહીં. તથા જે સારી રીતે ખાતાં પીતાં પણ દિન પ્રતિ દિન દૂર્બળ થતો જાય અને સ્ત્રી અથવા પુરૂષના મધ્ય (કટિ) પ્રદેશમાં સોજો ચઢે તેણે પણ રામ ભજન શિવાય બીજુ કાંઈ ઔષધ ન્હાવું નહી. વળી જેનું શરીર થંડુ હોય છતાં પરસેવો થાય તેમજ કપાળે પરસેવાના બીંદુ ફૂટે તથા કંઠમાં કફ બોલતો હોય તો તેના ઔષધના બદલામાં દાન પુણ્ય કરાવવું એજ મહાન ઔષધ. વળી જે રોગીને રાત્રે દાહ (બળતરા) દીવસે ટાહાડ જણાય; આંખો રાતી, જીભ કાળી ને ખરબચડી (બરસઠ કાંટાવાળી) આંગળીનો સ્પર્શ કરતાં જણાય તો તેને દાન એજ ઔષધ. તથા જે રોગીને નિદ્રા (ઉંઘ) આવતી નથી, હૈયું જડ, ઝાડાનો બંધ નહી, જડપણું અને સર્વ વસ્તુપર અરૂચિ,

મોજ (ખુશાલી-ચેન) વગરનો શક્તિ રહીત હોય તેનું પણ ઔષધ હરી (પ્રભુ-ભગવાન-નારાયણ)નું નામજ સમજવું; પરંતુ અન્ય ઔષધ નથી. ૯૦-૯૪

દૂત પરીક્ષા.

दूताः स्वजातेयोऽव्यंगाः पटवोनिर्म्मलांबराः ।
सुखीनोश्वव्रृषारुढाः शुभ्र पुष्प फलैर्युताः ॥ ९५ ॥
सुजात यस्सुचेष्टाश्च सजीव दिशिसंश्रिताः ।
भिषजं समये माप्ता रोगिण स्सुखहेतव ॥ ९६ ॥

અર્થ—સારી ઉત્તમ જાત (જ્ઞાતિ) વા પોતાની જ્ઞાતિનો સુંદર પૂર્ણ અંગવાળો સ્વેત (ઉજળાં) કપડાં પેહેરેલ ચતુર, સુખી; ઘોડા પર સ્વાર થઈ ધોળાં ફૂલ ફળ સહીત દૂત (તેડવા આવનાર પુરૂષ વા મનુષ્ય) રોગીને ત્યાંથી વૈદ્યને બોલાવવા આવે તો શ્રેષ્ટ અથવા સ્વજાતીનો ખૂબસુરત અને વૈદ્યની નાસિકાનો સ્વર જે બાજુનો ચાલતો હોય તે બાજુ આવીને બેસે, સમય જોઈ શુભ શબ્દ બોલતો દૂત આવેલો હોય તો તે રોગીને વૈદ્ય જોવા જાય અને નિશ્ચે તે રોગી જીવે. ૯૫ ૯૬

શુકન પરીક્ષા.

वैद्याह्वानायदूतस्य गच्छतोरोगिणःकृते ।
न शुभंसौम्यंशकुनां प्रदीप्तं चशुखावहं ॥ ९७ ॥
चिकित्सां रोगिणांकर्तु गच्छतोभिषजःशुभं ।
यात्रायंसौम्यशकुनं प्राक्तं दीप्तं न शोभनं ॥ ९८ ॥
नारीपुत्रवतीमार्गो कुमारीदीप मालिका ।
ज्वलतोग्नेश्शुभाश्शब्दा मंगलंशंखनादिकं ॥ ९९ ॥
मंगलादिद्वानिःपूर्णा कलशोदधिमृत्तिका ।
फलंचमदिरा मांसं मत्स्यादिकुंकमादिक ॥ १०० ॥
गजाश्वरथतांबूल चामराकनकादिकं ।
शुभंस्याद्गच्छतेमार्गे वैद्यस्यालाभदायकं ॥ १ ॥

અર્થ—વૈદ્યને બોલાવવા માટે આવતી વખતે દૂત (મનુષ્ય)ને સૌમ્ય (થંડા-શીતળ વસ્તુનાં) શુકન અશુભ (નઠારાં) અને પ્રદીપ્ત

(ગર્મ) વસ્તુનાં શુકન શ્રેષ્ટ (સારાં) કહેવાય છે. તેમજ વૈદ્યને રોગીને જોવા જતી વખતે ગરમ શુકન સારાં અને શીતળ વસ્તુનાં નઠારાં સમજવાં. તેમજ પૂત્રવતી (કેડમાં બાળક તેડેલું હોય તે) સ્ત્રી, દીપ માળા ધારણ કરેલી કુમારિકા, ધુમાડા રહીત અગ્નિ, શંખ, મૃદંગ આદિના શબ્દો સન્મુખ નજરે પડતા હોય, કુંભ (ઘડા)માં દહી, માટી (મટોડી) ફળ, દારૂ, માંસ, માછલાં અને કેશર આદિ સુગંધી પદાર્થો તથા હાથી, ઘોડા, રથ, પાનબીડાં અથવા નાગરવેલનાં પાન, ચામર સોના આદિ સુંદર વસ્તુઓ તથા માંગળીક શબ્દો વગેરેનાં શુકન રસ્તામાં વૈદ્યને મળે તો તે રોગી નિશ્ચે નિરોગી થાય અને યશ મળે. ૯૭-૧

સ્વપ્ન પરીક્ષા.

स्वप्नेषुनग्नान्मुंडांश्च रक्तकृष्णांबराहृतान् ।
व्यंगांश्चविकृतांकृष्णा न्सपाशांसायुधानपि ॥ २ ॥
बध्नतोनिघ्नतश्चापि दक्षिणांदिशिमाश्रीतान् ।
महिषोष्ट्रखरारुढा न्स्त्रीपुंसोर्यस्तुपश्यति ॥ ३ ॥
अधोयानिपतत्युच्चा ज्जलेग्नौवाविलीयते ।
स्वायदैर्हन्यतेयोपि मत्स्याद्यैर्गिलितोभवेत् ॥ ४ ॥
यस्यनेत्रेविलीयेते दीपोनिर्व्वाणतांव्रजेत् ।
तैलसुरापिवेद्वापि लोहंवालभतेतिलान् ॥ ५ ॥

અર્થ—રોગી સ્વપ્નમાં નાગો, માથું મુંડાવેલો, રાતાં કાળાં વસ્ત્રો પેહેરેલ, બિહામણો, અંગમાં ખોડવાળો, કાળો, ફાંસી અને શસ્ત્રવાળો દેખે તથા બાંધતાં, મારતાં, દક્ષિણ દિશાએ લેઈ જતાં, આવતાં દેખે પાડા, ઉંટ, ગધેડા ઉપર સવારી કરેલ સ્ત્રી વા પુરૂષોને દેખે તો રોગી હોય તો મરે અને નિરોગી હોય તો તે રોગી થાય. તેમજ ઉંચેથી નિચે પડતો, જલ (પાણી)માં બુડતો, અગ્નિમાં બળતો, સંકટ (વિપત્તિ)માં પડેલો, સિંહ મગર મચ્છ (મત્સ)ના મુખમાં સપડાએલો વા ગળી જતો, દીવો બુઝાવતો દેખે, તેલ દારૂ પીએ તલ અને લોઢું જડે. ૨-૩-૪-૫

पक्वान्नंलभतेस्नाति विशेत्कूपंरसातलम् ।
स्वस्थोपिलभतेरोगं रोगीयात्येत्रपंचताम् ॥ ६ ॥

दुःस्वप्नान्येवमादीनि दृष्ट्वाब्रुयान्नकस्याचित् ।
स्नानंकुर्य्याद्रुषस्यैव दद्याद्धेमतिलानिच ॥ ७ ॥
पठेत्स्तोत्राणिदेवानां रात्रौदेवालयेवसेत् ।
कृत्येवत्रिदिनमर्त्त्यो दुःस्वप्नात्परिमुच्यते ॥ ८ ॥

અર્થ—પકવાન ખાતો, કુઆમાં પડયો, અથવા રસાતલ (પૃથ્વિને તળીયે) પેસતો એવાં સ્વપ્નો જો દેખેતો રોગી હોય તો મરે અને નીરોગી હોય તો રોગી (માંદો) થાય. એવાં ખોટાં સ્વપ્નાં જોઈ નિદ્રા લેઈ લેવી અને તે કોઈની આગળ પ્રકાશ કરવાં નહી, પ્રભાતે ભસ્મઆદિથી સ્નાન કરી હોમ કરવો. સોનું જવ તીલ વિગેરેનું દાન, દેવું ત્રણ દિવસ મંત્રસ્તોત્રાદિકના પાઠ કરવો વા કરાવવો અને રાત્રે દેવસ્થાનમાં (મંદીરમાં) જઇને સુઈ રહેવું તો ખોટાં સ્વપ્નનો દોષ દૂર થાય (અથવા કાળી ગાયના કાનમાં તે સ્વપ્ન કહી સંભળાવવું.) ૬-૭-૮

स्वप्नेषुयःसुरान्भूया ज्जीवंतःसुहृदोद्विजान् ।
गोसमिद्धाग्नितिर्थाने पश्यन्सुखमवाप्नुयात् ॥ ९ ॥
तीर्त्वाकलुषनाराणि जित्वाशत्रुगणानपि ।
आरुह्यसौधगोशैल करवाहान्सुखीभवेत् ॥ १० ॥
शुभ्रपुष्पाणिवासांसि मांसमत्स्यफलानिच ।
दृष्ट्वातुरःसुखीभूयात्स्वस्थोधनमवाप्नुयात् ॥ ११ ॥
अगम्यागमनंलेपो विष्टायारुदितंमृतम् ॥
आममांसाशनंस्वप्ने धनारोग्याप्तयेविदुः ॥ १२ ॥
जलौकाभ्रमरीसर्प्पो मक्षिकावापियंदशेत् ।
रोगीसभूयादारोग्यः स्वस्थोधनमवाप्नुयात् ॥ १३ ॥

અર્થ—જો સ્વપ્નમાં દેવતા, રાજા, યાચક, મીત્ર, બ્રાહ્મણ, ગાય, યજ્ઞ, નિર્ધૂમ અગ્નિ, તિર્થાદિ દેખેતો સુખ પ્રાપ્ત થાય; મલીન પાણીના કાંઠે જાય શત્રુના શૈન્યને જીતે. અટારી (ગોખ)–ઝરોખે પર્વત (હાથી ઘોડા) ઉપર ચઢેલો દેખેતો સુખી થાય; ધોળાં ફૂલ, ધોળા વસ્ત્ર, માંસ, માછલી, ફળ દેખે અથવા ખાય તો રોગી રોગથી મુક્ત થાય અને નીરોગી ધન સંપત્તિ પામે, જે સ્ત્રીની સાથે ગમન કરવું યોગ્યછે તે સાથે ગમન કરે, વિષ્ટા લેપન કરે, રૂએ–અથવા રોતો

સુવેલો, કાચું માંસ ખાતો જુએ તો રોગી નિરોગી થાય અને નિરોગી ધનાઢયપણાને પામે. જળો, ભમરી-ભમરો, સાપ, માખી ડંખ મારે તો રોગી જલદી સાજો થાય. અને નીરોગી સંપત્તિ (ધન) પામે. (અનુભવેલી વસ્તુ-વાત, સાંભળેલી વાત, દિવસે દીઠેલી વસ્તુ તેમજ ચિંતાથી, ઘણા પાપના પ્રસંગથી અને સેહેજ સ્વભાવથી એ છ પ્રકારથી સ્વપ્ન દેખેતો ફોકટ (ફળ ન પામે). રોગના લીધે રોગીજ સારા સ્વપ્નોનું ફળ પામે છે; યંત્ર મંત્રના પ્રભાવથી આસ્તીક (ધર્માત્મા) નાટેકથી, પુણ્ય પ્રસંગથી સ્વપ્નો દેખે તો સરસ ફળ આપે એટલે રાત્રિના પેહેલે પોહોરે દેખે તો એક વર્ષે, બીજે પોહરે છ મહિને, ત્રીજે ત્રણ મહીને, ચોથે તેજ મહીને, બેઘડી પાછલી રાતે દેખે તો દશમે દહાડે, સૂર્યોદય વખતે દેખે તો તુરત ફળ સારાં સ્વપ્નોનું મળે છે. ઉપરા ઉપર સ્વપ્નો દેખે તો ફળ મળતું નથી. સ્થીર ચીત્તવાળો, જીતેંદ્રીય, દયાવંત, ધર્માનુરાગી અને સત્યવાદી એવા પુરૂષો સ્વપ્ન દેખે તો સત્ય પડે છે. સારાં સ્વપ્ન જોઈ ઊંઘ લેવી નહી પણ ઇષ્ટદેવનું સ્મર્ણ કરી જાગ્રત રહેવું.) ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩

દેશ વિવેક.

देशोल्पवारिद्रुनगो जांगलः स्वल्परोगदः ।
अनूपोविपरीतोस्मा त्समः साधारणः स्मृतः ॥ १४ ॥

અર્થ—જે દેશમાં થોડાં પાણીનાં સ્થાનો, થોડાં વૃક્ષો અને થોડા પર્વતો હોય તે જાંગલ દેશ કેહવાય છે. તે દેશમાં રોગીની ઉત્પત્તિ થોડી હોય છે. (તે દેશમાં લોહીવિકારના રોગો થાયછે માટે

અત્યાર સુધી જે જે પરીક્ષાઓ લખવામાં આવેલી છે તે માત્ર સંક્ષેપથીજ કહેલ છે માટે વિશેષ માહીતી મેળવવી હોય તો ભાવપ્રકાશ વાગ્ભટ વીગેરે મોટા ગ્રંથનું અવલોકન કરી ઇચ્છીત સિદ્ધિ પ્રાપ્ત કરવી. જે જે પૂર્વના ગ્રંથકારોએ વાર્તાઓ પ્રકાશ કરેલ છે તેનો માર્મિકભાવાર્થ સમજ્યા વગર જ આધુનિક કેળવણી પામેલા પુરૂષો તે વાક્યો તરફ દુર્લક્ષ દાખવે છે પરંતુ કેટલીક વાર્તાઓ તો ગ્રંથને અલંકારોથી અલંકૃત કરવા કહેલ છે તેમ કેટલીક ગુપ્તભેદથી ગુંફિત કરેલી છે માટે દીર્ઘ દ્રષ્ટિએ સ્પષ્ટાર્થ પૂર્ણ રીતે ગતાગત સંબંધ અને ગૂઢ આશયનો રહસ્ય વિચારી-વાંચી મનન કરશો તો અક્ષરસઃ સહજ લાગશે એમ મારૂં તો નિશ્ચયપણે માનવું છે. **ભા. કર્ત્તા.**

શીતળ ઔષધોપચાર ઉપયોગમાં લેવા તેવા દેશમાં નર નારી બળવાન હોયછે. કાળ વય અને રૂતુ વીચારી દવા આપવી) જેમ મારવાડ દેશ જુઓ ? જ્યાં પુષ્કળ પાણી પૃથ્વી પર વેંહતાં હોય ધરતીપર બારે માસ લીલાસ છવાઈ રહી હોય વૃક્ષો ઘણાં પર્વતો વિશેષ તે દેશને અનૂપદેશ કહે છે ત્યાં રોગની ઉત્પત્તિ ઘણીજ હોય છે. જેમ જુઓ પૂર્વ પ્રદેશ? (કફ અને વાયુના પ્રકોપનાં જ દરદો તે દેશમાં હોય માટે ગર્મ ઔષધી ઉપયોગમાં લેવી નર નરમ અને નારી બળવાન તે દેશમાં નીપજે છે) આ ઉપર કહેલા બન્ને દેશનાં લક્ષણો જ્યાં હોય એટલે ટાહાડ તડકો સમાન હોય તેને મીશ્ર અથવા સાધારણ દેશ કહેછે જેમ જુઓ મધ્ય દેશ ? ત્યાં સામાન્ય રોગોહતી હોયછે. (કફપિત્તવાયુ એ ત્રણેના કોપનાં દરદો ત્યાં હોયછે પણ પિત્તનાં દરદો ઘણાંજ નજરે પડેછે) ૧૪ •

***અવસ્થા** વિચાર બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા એ ત્રણ અવસ્થામાં અગ્નિનું બળાબળ વિચારી દવા આપે તો ફતેહ પામે.

કાળ અને-રૂતુ વિચાર શીતકાળ, ઉષ્ણકાળ અને વર્ષાકાળ એ ત્રણ કાળમાં છ રૂતુઓ છે એટલે ચૈત્ર અને વૈશાખ અથવા મીન, મેખ શશીના સૂર્ય હોય તેને વસંત રૂતુ કહે છે અને તે રૂતુમાં પશ્ચિમ દિશાનો પવન ફુકાય છે, દૂધ દહી ગોળ તેલ છાશ ખટાસ તે સમયમાં નખાવું લાલ રંગનાં વસ્ત્ર પેહરવાં ઠંડી રસોઈ જમવી નહી, ધુપમાં ન ફરવું, જુલાબ લેવો શીતળ પદાર્થોનો વિલેપન, સુગંધ વાસીત જળ, મિષ્ટાન્ન ઉપભોગમાં લેવું. જેઠ આષાઢ અથવા વૃષમિથુન રાશીના સૂર્ય હોય તેને ગ્રીષ્મ રૂતુ કહે છે તેમાં શીતળજળ, કેશર ચંદન ઘનસાર-બરાસ ગુલાબ-અત્તર વીગેરેથી અંગ વિલેપીત કરવું શીતળ ઔષધોપચાર, લીલા રંગના વસ્ત્ર પરીધાન કરવાં. શ્રાવણ ભાદ્રવો અથવા કર્ક સિંહરાસીના સૂર્ય હોય તેને વર્ષા રૂતુ કહે છે, તેમાં નદીનું પાણી ત્યાગ, મધ સાથે પીપરનું સેવન, તેલનું મર્દન, પવનનો પરિત્યાગ, કાદવ-કીચડથી દૂર, ધોલા વસ્ત્ર પરિધાન-પેહરવાં, ઝરણાનું વા અધર ઝીલેલું પાણી પીવું, દૂધ ઘીનું સેવન, લુખું ન ખાવું, સરદીથી અંગને બચાવવું. આશો કારતક અથવા કન્યા તુલ રાશીના સૂર્ય હોય તેને સરદ રૂતુ કહે છે, તેમાં ભૂખ લાગે ત્યારેજ ખાવું જુલાબ ન લેવો ચાંદનીમાં ફરવું દુધ સાકરનું પાન કરવું, કોમળ-સુકમાલ-સુવાળાં વસ્ત્રો અને ફૂલોના ધારણ કરવાં, પૂર્વ દીશાનો પવન ફુકાય તેથી તાવ ખાંસી શ્લેષ્મ રોગ થાય છે, માગશર પોષ અથવા વૃશ્ચિક ધન રાશીના સૂર્ય હોય તેને

नवान्येवहियोज्यानि द्रव्याण्यखिलकर्मसु ।
विनाविडंगकृष्णाभ्यां गुडधान्याज्यमक्षिका ॥ १५ ॥
गडूची कुटजोवासा कुष्मांडश्चशतावरी ।
अश्वगंधा सहचरौ शतपुष्पाप्रसारणी ॥ १६ ॥
प्रयोक्तव्यास्सदैवार्द्रा द्विगुणंनैवकारयेत् ।
शुष्कन्नविनंयद्रव्यं योज्यंसकलकर्मसु ॥ १७ ॥
आर्द्रंचद्विगुणंयोज्यां देशसर्वत्रानिश्चय ॥ १८ ॥

અર્થ—સર્વ કાર્યમાં સર્વ ઔષધીઓ નવી લેવી. માત્ર પીપર, વાવડીંગ, ધાણા અથવા ધાન્ય, અનાજ ઘી, મધ એ એક વર્ષનાં જુનાં લેવાં. ગળો, કડાની છાલ, અરડૂસો, ભૂરૂં કોહોળું, શતાવરી, આસગંધ, બન્ને જાતના કંટાસળીયા, વરીયાળી અથવા સવા, પ્રસારણી[1]

હેમંતરૂતુ કહે છે, તેમાં ઉત્તરનો પવન ચાલે છે, જઠરાગ્નિ તેજ હોય છે તેથી પ્રાતઃકાળમાં તાકાતદાર અને સ્નિગ્ધ પદાર્થ અવશ્ય સેવન કરવાં, ઠંડું ખાવું નહી, કફ વાયુજ્વર તેમાં પેદા થાય છે માટે તંબોળ ખાવાનો માહવરો રાખવો ઘઉં અડદનાં પદાર્થો વિશેષ ખાવાં, તેલ મર્દન, સંચળ અજમો ઉના પાણી સાથે અથવા પીપર હરડે મધ સાથે ખાવાં. માહ ફાગણ અથવા મકર કુંભ રાશીપર સૂર્ય હોય તેને સિસિર રૂતુ કહે છે, તેમાં કફ વાયુનો કોપ હોય છે માટે તેલ મર્દન, સ્વેત-ધોલાં વસ્ત્ર, મોદિક-વસાણું, મધ, ઘી, દૂધ એટલા વાના ઉપભોગમાં અવસ્ય લેવાં, ઉના પાણીથી ન્હાવું, ગર્મ વસ્ત્રો ઓઢવાં-પેહેરવાં પ્રાતઃકાળમાં જમવું, લસણપાક પીપર મધ ખાવાં, ખટાસનો ત્યાગ કરવો, એ છએ રૂતુમાં અગ્નિનું બલાબલ હવા માન જોઈ દવા ઉપચાર કરવાં તો અવસ્ય યશ મળે રૂતુઓના રાજા વિષેનું વર્ણન સીશ્રાધ્યાયમાં કહીશું પરંતુ એટલું યાદ રાખવું કે શુભ દીન, શુળ ઘડી અને પળ જોઈ અથવા દરદીના ગુરૂવારનો શત્રુવાર વર્જી અન્યવારમાં જ્યોતિષના નિયમ પ્રમાણે પૂર્વાપરનો વિચાર કરી તર્કશકતી સમય સૂચકતા વાપરી સર્વકાર્ય કરે તો કદી પણ તે પુરૂષ પોતાના કાર્યમાં પછાત પડે નહી. **કેશવ કલ્યાણ.**

૧—ખપાટનું ઝાડ આશરે એક પુરૂષવા ઉંચું થાય છે, એને પીળાં ફૂલ ગોળ ચક્ર જેવાં આવે છે, તેને મરાઠીમાં મુદ્રિકા, પેટારી, મુદ્રાવળ, ચક્રમેંડી, કાસલી કહે છે, કોંકણમાં ચૂચે, ચોચે, વરાડમાં કકઈ, ગુજરાતમાં ખપાટ કાંસકી, હિંદુસ્થાનમાં કંગઈ, કંઘઈ, કકહિયા, પેટારી; બંગાળામાં પીત્તવેડેલા, કરનાટકમાં મુલ્લુદુરવે, હાઉમેક્રે; ઈંગ્રેજીમાં ઈંડીયન મેલો, લાટીનમાં

(ખપાટ-પેટારી-કંગઇ) એટલા પદાર્થો લીલાં લેવાં; પરંતુ લીલાં જાણી અન્ય લીલી ઔષધીઓની માફક બમણાં ન લેવાં, સુકેલી ઔષધીઓ નવીજ લેવી, અને લીલી બમણી લેવી એવી પૂર્વાચાર્યોની આજ્ઞા છે. ૧૫-૧૮.

कालेऽनुक्त प्रभातंस्या दंगेऽनुक्तजटाभवेत् ।
भागेऽनुक्तचसाम्यंस्या त्पात्रेऽनुक्तचमृण्मयम् ॥ १९ ॥
एकमप्यौषधंयोगे यस्मिन्यत्पुनरुच्यते ।
मानतोद्विगुणंप्रोक्तं तद्रव्यंतत्वदर्शिभिः ॥ २० ॥
चूर्णस्नेहासवालेहाः प्रायश्चंदनान्विताः ।
कषायलेपयोः प्रायः युज्यतेरक्तचंदनं ॥ २१ ॥
गुणंहीनंभवद्वर्षा दूर्ध्वंत्तद्रूपमौषधं ।
मासद्वयात्तथाचूर्ण हीनवीर्यत्वमाप्नुयात् ॥ २२ ॥
हीनत्वंगुटिकालेहौ लभेतेवत्सरात्परं
हीनाः स्युर्घृततैलाद्या श्चतुर्मासाधिकास्तथा ॥ २३ ॥
औषध्योलघुपाकाःस्यु र्निर्वीर्यावत्सरातपरं ।
पुराणाः स्युर्गुणैर्युक्ता आसवो धातवोरसा ॥ २४ ॥

અર્થ—ઔષધ ખાવાનો વખત બતાવ્યો (કહ્યો) ન હોય તો પ્રાતઃકાળમાંજ લેવું, જ્યાં ઔષધી (વનસ્પતી)નું અંગ ન લખ્યું હોય ત્યાં મૂળજ લેવું, જ્યાં ઘણી ઔષધીઓ છતાં ભાગ (તોલ) કહેલ ન હોય તો સરખે ભાગેજ લેવાં, જ્યાં ઔષધીને તૈયાર બનાવવાને વાસણ કહ્યું ન હોય તો માટીનું વાસણ લેવું, ગોળી બનાવવી લખી હોય પણ રસ, પાણી, દૂધ, અને સરકો કશું ન બતાવ્યું હોય તો પાણીમાં વાળવી, જે પાઠમાં એક ઔષધ બે વખતે લખ્યું હોય તો બમણું લેવું, એમ તત્ત્વદર્શિ વૈદ્યોએ ફરમાવેલું છે. તેમ વળી તેલ,ઘી, હિમ,[2]

એબ્યુટીલન્ ઇંડીકમ્ સંસ્કૃતમાં અતિબળા, રાજબળા, પ્રસારણી, ચારૂપર્ણી, પ્રતાનિકા, શરણી, સારણી, ભદ્રપર્ણી, સુપ્રસરા, સરા; મારવાડમાં પિંડારણી ના નામથી ઓળખે છે. તેનાં બીજ બળબીજના જેવાં હોય છે. ૨ ચાર રૂપિઆભાર ઔષધને ખૂબ ખાંડો અથવા વાટી ચોવિશ રૂપિયાભાર પાણીમાં પલાળી આખી,રાત રાખી સવારે તે પીવામાં લેવું તેને **હિમ** અથવા **શીત કષાય**-કવાથ કહેવાય છે. માત્રા આઠ રૂપિયાભાર. **વાગ્ભટ.**

અર્ક, અવલેહમાં ચંદન નાંખવું (લેવું) લખ્યું હોય તો સ્વેતચંદન (સુખડ) લેવું, કાઢા અને લેપમાં રતાંજળી લેવી, એક વર્ષ વિત્યા પછી ઔષધી ગુણ રહીત (હીનવીર્ય) થાય છે, બે મહીના પછી ચૂર્ણ કમતી ગુણ આપેછે, એક વર્ષ પછી ગોળીઓ અને અવલેહ તેમજ સોળ મહીના પછી તેલ ઘી અને એક વર્ષ પછી હલકાપાક મેથી મોદક વગેરે બરોબર ગુણ આપતા નથી; પરંતુ આસવ-દારૂ ધાતુ,[3] રસ, જેમ જુનાં હોય તેમ વિશેષ ફાયદો આપે છે માટે તે લક્ષમાં રાખી કાર્ય કરવાં. ૧૯-૨૪.

તોલ—માપની પરિભાષા.

नमानेनविनायुक्ति र्द्रव्याणांज्ञायतेक्वचित् ।
अतः प्रयोगकार्यार्थं मानमत्रौच्यतेमया ॥ २५ ॥
त्रसरेणुर्बुधैः प्रोक्त स्त्रिंशद्भिः परमाणुभिः ।
त्रसरेणुस्तुपर्यायै र्नाम्नावंशीनिगद्यते ॥ २६ ॥
जालान्तरगतेभानौ यत्सूक्ष्मंदृश्यतेरजः ।
तस्यत्रिंशत्तमोभागः परमाणुः सउच्यते ॥ २७ ॥
जालान्तर गते सूर्ये करै वंशी निगद्यते
षड्वंशीभिर्मरीचिः स्या ।
त्ताभिः षड्भिस्तुराजिका ॥ २८ ॥
तिसृभीराजिकाभिश्च सर्षपः प्रोच्यतेबुधैः ।
यवोष्टसर्षपैः प्रोक्तो गुंजास्यात्तच्चतुष्टयम् ॥ २९ ॥
षड्भिस्तुरक्तिकाभिःस्या न्माषकौहेमधान्यकौ ॥
माषैश्चतुर्भिः शाणः स्या द्धरणः सनिगद्यते ॥ ३० ॥
टंकः सएवकथित स्तद्वयंकोलउच्यते ।

---

૩ ધાતુ તે સોનું; રૂપું, ત્રાંબું, કલઈ, જસત, સીસું અને લોખંડ એ સાત ધાતુઓની ભસ્મ કરેલી હોય તે.

૪ જેમાં પારો, ગંધક, હરતાલ, હીંગલું વીગેરે રસાયણીક ચીજો જે દવામાં હોય તેને રસ સંજ્ઞા કહેવાય છે. ભા. કર્ત્તા.

જે ઔષધો રોગીને અવગુણ કરે તેવાં હોય તે ગ્રંથમાં લખ્યાં હોય તો પણ તજી દેવાં અને ગ્રંથમાં ન લખ્યાં હોય તદપિ રોગને વા રોગીને પથ્ય-ગુણ કર્ત્તા હોય તો સુખેથી ગ્રહણ કરવાં. શાર્ઙ્ગધર સંહિતા.

क्षुद्रभोवटकश्चैव द्रंक्षणस्सनिगद्यते ॥ ३१ ॥

અર્થ—તોલ જાણ્યા શિવાય કદી પણ ઔષધો (પદાર્થો-દ્રવ્યો)ની બરાબર (યોગ્ય) ગોઠવણ થઈ શકતી નથી તે માટે દવા (પ્રયોગ) નિમિત્ત ચરક મુનીના મતને અનુસરી મગધ દેશના તોલને અહીંયાં હું કહુંછું. ઘરના છાપરાના જાળીબારામાંથી જે સૂર્યની કીરણોની પ્રભા પડે છે તેમાં જે ઝીણા ઝીણા રજકણો દેખાય છે તે કણના ત્રીસમા ભાગને પરમાણુ કહે છે. અને તે ૩૦ પરમાણુનો એક ત્રસરેણુ થાય છે તેને વંશી કહે છે, અથવા કેટલાક પૂર્વાચાર્યોનો એવો મત છે કે, જે સૂર્યના કીરણોની પ્રભામાં રજકણો જણાય છે તેની એક કણીનેજ પરમાણુ ગણવો અને તેવા ત્રીસ પરમાણુથી એકવંશી થાય છે. છ વંશીથી એક મરીચી, છ મરીચીની એક રાઈ, ત્રણ રાઈનો એક સરસવ. આઠ સરસવનો એક જવ, ચાર જવની એક રતી (ગુંજા—ચણોઠી) છ રતીનો એક માસો ૧ વા—માષક, હેમ અને ધાનક કેહેવાય છે. ચાર માસાનો એક શાણ-(ચોવીસ ચણોઠી ભાર) ધરણ, ટંક કહેવાય છે. બે શાણથી એક કોલ, ક્ષુદ્રક, વટક, દ્રંક્ષણ થાય છે. ૨૫-૩૧.

कोलद्वयंचकर्षः स्या त्सप्रोक्तः पाणिकाबुधैः ।
अक्षः पिचुःपाणितलं किंचित्पाणिश्चतिन्दुकं ॥ ३२ ॥
बिडालपदकंचैव तथाषोडशिकामता ।
करमध्यंहंसपदं सुवर्णकवलग्रहम् ॥ ३३ ॥
उदुम्बरंचपर्य्यायैः कर्षएवनिगद्यते ।
स्यात्कर्षाभ्यामर्धपलं शुक्तिरष्टमिकातथा ॥ ३४ ॥
शुक्तिभ्यांचपलंज्ञेयं मुष्टिराम्रंचतुर्थिका ।
प्रकुंचः षोडशीबिल्वं पलमेवात्रकीर्त्यते ॥ ३५ ॥
पलाभ्यांप्रसृतिर्ज्ञेया प्रसृतश्चनिगद्यते ।
प्रसृतिभ्यामंजलिः स्या त्कुडवोर्धशरावकः ॥ ३६ ॥
अष्टमानंचसंज्ञेयः कुडवाभ्यांचमानिका ।
शरावोष्टपलंतद्व ज्ज्ञेयमत्रविचक्षणैः ॥ ३७ ॥

અર્થ—બે કોલથી એક કર્ષ તેને પાણિમાનિકા, અક્ષ, પિચુ,

પાણિતલ, કિંચિત્પાણિ, તિંદુક, બિડાળપદક, ષોડશિકા, કરમધ્ય, હંસપદ, સુવર્ણ, કવલગ્રહ, ઉદુંબર વગેરે સંજ્ઞાઓથી ઓલખે છે (તેને કંપની શાઈ એક રૂપિયા ભાર અથવા તોલો કહીયે તો પણ ચાલે) બે કર્ષથી અર્દ્ધપળ (બે રૂપિયાભાર) તેને શુક્તિ અને અષ્ટામિકા પણ કહે છે. બે અર્દ્ધપળથી એક પળ (ચાર રૂપિયા ભાર) મુષ્ટિ, આમ્ર, ચતુર્થિકા, પ્રકુંચ, ષોડશી અને બિલ્વ પણ કહે છે. બે પળથી પ્રસ્ટતિ (આઠ રૂપિયા ભાર) અથવા પ્રસ્રુત કહે છે. બે પ્રસ્રુતિથી અંજલી (સોલ રૂપિયા ભાર) તેને કુડવ, અર્દ્ધશરાવ અને અષ્ટમાન પણ કહે છે. બે અંજલીથી માણિકા (બત્રીશ રૂપિયા ભાર) શરાવ, અષ્ટપળ પણ તેનેજ કહે છે. ૩૨-૩૭.

शरावाभ्यांभवेत्प्रस्थ श्चतुः प्रस्थैस्तथाढकम् ।
भाजनंकंसपात्रंच चतुः षष्टिपलंचतत् ॥ ३८ ॥
चतुर्भिराढकैर्द्रोणः कलशोनल्वणोऽर्मणः ।
उन्मानंश्चघटौराशि द्रोणपर्यायसंज्ञकाः ॥ ३९ ॥
द्रोणाभ्यांशूर्पकुंभौच चतुः षष्टिशरावकः ।
शूर्पाभ्यांचभवेद्द्रोणी वाहोगोणीचसास्मृता ॥ ४० ॥
द्रोणीचतुष्टयंखारी कथितासूक्ष्मबुद्धिभिः ।
चतुः सहस्रपलिका षण्णवत्यधिकाचसा ॥ ४१ ॥
पलानांद्विसहस्रंच भारएकः प्रकीर्तितः ।
तुलापलशतंज्ञेया सर्वत्रैवेषनिश्चयः ॥ ४२ ॥
माषटंकाक्षबिल्वानि कुडवः प्रस्थमाढकं ।
राशिगोणीखारिकेति यथोत्तरचतुर्गुणाः ॥ ४३ ॥

અર્થ—બે માણિકાથી એક પ્રસ્થ (ચોસઠ રૂપિયા ભાર) થાય છે. ચાર પ્રસ્થથી એક આઢક (બસો છપન્ન રૂપિયા ભાર) ભાજન, કાંસ્યપાત્ર, અને ચોસઠપળ પણ કહે છે. ચાર આઢકથી એક દ્રોણ (એક હજાર ચોવિસ રૂપિયા ભાર) કળશ, નલ્વણ, અર્મણ, ઉન્માન, ઘટ અને રાશિ પણ કહે છે. બે દ્રોણથી એક સૂર્પ (બે હજાર અ-

૧ સુશ્રુતના મત પ્રમાણે પાંચ રતીનો માસો, વિસ રતિનો ટંક, અને એંસી રતીનો કર્ષ થાય છે.

ડતાલીશ રૂપિયા ભાર) કુંભ, ચતુઃષષ્ટિ સરાવ કહે છે. એ સૂપથી એક દ્રોણી (ચાર હજાર છન્નુ રૂપિયાભાર) વાહ, ગૌણી કહે છે. ચાર દ્રોણીથી એક ખારી (સોલ હજાર ત્રણસોને ચોરાશી રૂપિયા ભાર) એટલે ચાર હજારને છન્નુ પળની ખારી થાય છે. બે હજાર પળનો એક ભાર (આઠ હજાર રૂપિયાભાર) થાય છે. સો પળની એક તુલા (ચારસો રૂપિયાભાર) થાયછે. એ સર્વ ગ્રંથોનો નિર્ણય છે. માસો, ટંક, અક્ષ, બિલ્વં, પ્રસ્થ, આઢક, રાશિ, ગોણી અને ખારી એ અનુક્રમે એકથી એક ચોગણાં થાય છે જેમ માસાથી ચોગણા તોલનો ટંક થાય છે તેમ સર્વ સમજવું. ૩૮-૪૩.

કલિંગ દેશની પરિભાષા.

स्थितिर्नास्त्येवमात्रायाः कालमग्निवयोर्वलं ।
प्रकृतिंदोषदेशौच दृष्ट्वामात्रांप्रकल्पयेत् ॥ ४४ ॥
यतोमन्दाग्नयोह्रस्वा हीनसत्त्वानराःकलौ ।
अतस्तुमात्रातद्योगा प्रोच्यते शास्त्रसंमता ॥ ४५ ॥
यवोद्वादशभिर्गौर सर्षपैः प्रोच्यतेबुधैः ।
यवद्वयेनगुंजास्या त्त्रिगुंजोवल्लमुच्यते ॥ ४६ ॥
माषोगुंजाभिरष्टाभिः सप्तभिर्वाभवेत्क्वचित् ।
स्याच्चतुर्माषकैःशाणः सनिष्कटंकएवच ॥ ४७ ॥
गद्याणोमाषकैः षड्भिः कर्षः स्याद्दशमाषकः ।
चतुः कर्षैःपलंप्रोक्तं दशशाणमितंबुधैः ॥ ४८ ॥
चतुःपलैश्चकुडवः प्रस्थाद्याः पूर्ववन्मताः

અર્થ—જે પ્રયોગમાં માત્રા (તોલ-માપ) આપવાનું જેટલું લખેલું હોય તેટલુંજ ઔષધ આપવું એવો કંઈ નિયમ નથી; પરંતુ કાળ, અગ્નિ, વય, બળ, પ્રકૃતિ અને દોષ(રોગ)એઓપર પુરતું લક્ષ દેઈ મરજી મુજબ માત્રાથી દવા આપવી, કેમકે કળિયુગમાં મનુષ્ય મંદ અગ્નિવાળાં, ન્હાના કદનાં, બળ (શક્તિ-પરાક્રમ) હીન હોય છે, એટલાજ માટે સદ્વૈદ્યોએ પોતાની બુદ્ધિ અનુસારે રોગીના રોગનું પ્ર-

માણ જોઈ-વિચારી વધારે વા ઓછી માત્રાથી દવા આપવી [૧]બાર ધોળા સરસવથી એક જવ, બે જવથી ગુંજા, ત્રણ ગુંજાથી વાલ, આઠ અથવા સાત ગુંજાથી માષ-માસો, ચાર માસાથી શાણ-નિષ્ક-ટંક, છ માસાનો ગદ્યાણો-ગદીયાણો, દશ માસાનો કર્ષ-તોલો, ચાર કર્ષથી પળ-દશશાણ. ચાર પળથી કુડવ થાય છે. અને પ્રસ્થઆદિ તોલ પાછલ મગધ પરિભાષામાં કહ્યા મુજબ જાણી લેવાં. ૪૪-૪૮.

(ઔષધ કઈ જગ્યોએથી લેવાં અને કયા વખતે ખાવાં તથા પથ્યાપથ્ય અને ઔષધના પ્રકારો અને પ્રતિનિધિઓ વગેરેની વ્યાખ્યા જયાં જયાં અનુકુળતા હશે ત્યાં ત્યાં સંક્ષેપ માત્ર વર્ણન કરીશ)

હવે પાકાધ્યાય કહીએ છીએ.

સૌભાગ્ય સુંઠ પાક.

प्रस्थत्रयंशुद्धमहौषधस्य विपाचयेद्गव्यघृतेसमेच ।
चतुर्गुणः क्षीरसमंचखण्डं सशुद्धताम्रायसजेकटाहे ॥ ४९ ॥
प्रत्येकजातीफलत्रैफलेन जातीद्वयंधान्यशताह्वकेन ।
एलोपकुल्याघनवालकानां द्राक्षाविदारीघनसारकंच ॥५०॥
खर्जूरिकाश्चैवपलार्द्धमात्रं पलाष्टकंशीर्षफलंविदध्यात् ।
पादांशदत्वाऽश्मजितायसंच द्विपादयुक्तंमिसिचारुबीजं॥५१॥

---

૧. "नाल्पंहन्त्यौषधंव्याधिं यथांभोऽल्पं महानलम् अतिमात्रंच दोषाय यथासस्ये बहूदकम् "

અર્થ—જેમ અગ્નિનું પ્રબલ વધ્યે-મોટી લાય થયે થોડા પાણીથી ઓલાતી નથી તેમ રોગનું જોર વધી ગયે થોડી દવા આપવાથી દરદ દૂર થતું નથી, માટે ત્યાં રોગનાં પ્રમાણમાં માત્રા વધારી આપવી. અથવા થોડો રોગ જણાય તો લખેલા માત્રાથી પણ કમતી માત્રા આપવી, નહી તો જેમ ખેતરમાં નાના અનાજના ફૂટેલા અંકૂરો ઉપર વિશેષ પાણી પડે તો તેને હાની થાય છે, અર્થાત્ નાશ થાય છે. તેમજ થોડા રોગપર વધારે માત્રા આપવાથી હાની થાય છે, માટેજ બુદ્ધિમાન વૈદ્યોએ રોગનું પ્રમાણ જોઈ પુખ્ત વીચાર કરી ગ્રંથની માત્રાના આધારપર ન રહેતાં પોતાની મરજી મુજબ આપવી, એમ **ભાવ પ્રકાશ** પૂર્વ ખંડના બીજા ભાગમાં કહેલ છે.

અર્થ—સારી સુંઠ પ્રસ્થ ત્રણ (૧૯૨ રૂપિયાભાર) લેઈ તેટલા જ માનથી ગાયનું ઘી લેઈ તેમાં શેકી ચોગણા ગાયના (વીસશેર) દૂધમાં માવો કરવો, બાદ વીસ શેર ચોખી ધોળી ખાંડની ચાસણી કરી તેમાં તે માવો (કીટી) નાંખી એકત્ર કરી નીચે ઉતારી ઠંડા થવા દેઈ બીજી ઔષધીઓ અંદર નાખવી-એટલે જાયફળ, ત્રિફળાં (હરડાં, બેહડાં, આમળાં) જીરૂં, શાહજીરૂં, ધાણા, વરીઆલી, એલચી, લીંડીપીપર, નાગરમોથ, નેત્રવાળો, ધરાખ (દ્રાક્ષ), વીદારીકંદ (ભૂય કોહળું), બરાસ, ખારેક એ સોળ ઔષધીઓ બબે તોલા ભાર તથા ટોપરૂં તોલા ૩૨, શીલાજીત તોલા ૮, ચારોળી તોલા ૧૬, નસોતર તોલા ૩૨, લેઈ ચારોળી શિવાય સર્વનું ચૂર્ણ કરી કપડેથી ચાળી તે કીટીમાં એકત્ર કરવું, તેમ સુગંધી પદાર્થો વા મેવો વીગેરે નાંખવાં હોય તો નાખી લાડુડી અથવા ચોરસ ચકતાં બનાવી ચોખા ચીનાઇના વાસણમાં અગર કલઇવાળા સફાઈદાર વાસણમાં ભરી યુક્તિથી ઢાંકી રાખવો પછી જોઇએ ત્યારે ઉપયોગમાં લેવો.

ગુણ.

त्रिवृत्पलाष्टौशुभमेकपिंडी गंधाढ्यमाधुर्यविमिश्रिताच ।
शम्भोरुमप्रीतिकराचशुंठी । ब्रह्मामुखाच्छ्रूयतनारदेन॥ ५२ ॥
शंभोःकृतावक्षसिकालिकाया । स्थिरंवलंकान्तिदृढांकरोति ।
सौभाग्यमेधास्मृतिमिष्टवाक्यं सौभाग्यसौंदर्यमृदुंचगात्रं॥५३॥
काठिन्ययोनिस्तनविम्बदेशमशीतवातानुकफरोगविंशति ।
चत्वारिंशत्पित्तभवाचयेच अष्टौज्वरानेकविमिश्ररोगाः ॥५४॥
अष्टादशामूत्रगताश्चरोगा । नासाक्षिकर्णमुखशीर्षकेतु ॥५५ ॥

અર્થ—આ સૌભાગ્ય સુંઠનો પાક શ્રીબ્રહ્માજીએ શ્રીનારદ રૂષીને કહ્યો અને શ્રીનારદજીએ શ્રીશંભુ (મહાદેવજી)ને કહ્યો તેમણે ઉમીયાજીને કહ્યો તથા પોતે બનાવ્યો. આ પ્રીતિકારી પાક અનુમાન માફક દરરોજ પ્રાતઃકાળમાં જે મનુષ્ય (વિશેષે કરી સ્ત્રીઓ) ખાય તો બળ (શક્તિ)ને કાયમ કરે છે, કાંતિ (રૂપ)ને દ્રઢ (મજબૂત) કરે છે, સૌભાગ્યતા, બુદ્ધિ, સ્મર્ણ (યાદ) શકિત, મીઠાં વચનો, સૌ-

ભાગ્ય સહીત સુંદર અને સુકુમાર (સુવાળું) શરીર તથા યોની અને સ્તન વગેરેને કઠિણતાપણું બક્ષે છે (આપે છે). એંશી જાતના વાયુરોગ, વિસ જાતના કફરોગ, ચાળીશ જાતના પિત્તરોગ, આઠ જાતના મોટા તાવ; તથા અનેક મિશ્ર (એક એકમાં ભેળ સેળ થયેલા રોગો એટલે તાવની સાથે ખાંસી-ઉધરસ, શ્વાસ-દમ, હેડકી, નબળાઈ આદિ) રોગો તેમજ અઢાર જાતના મૂત્રકચ્છ, નાક, નેત્ર, કાન, મુખ, અને મસ્તક વગેરેના રોગો આ પાક ખાવાથી દૂર થાય છે. (આમાં બતાવેલા વજનથી અડધે હીસ્સે અથવા ચોથે હીસ્સે પાક બનાવવો હોય તો તે હીસાબ પ્રમાણે બનાવવો.) ૫૨-૫૫.

બૃહત્પુગી—સોપારીપાક.

पूगंदक्षिणदेशजंदशपलोन्मानंभृशंकर्त्तयेत् ।
तत्क्षिप्तंजलयोगतोमृदुतरंसंकुट्यचूर्णीकृतं ।
तच्चूर्णपटशोधितंवसुगुणेगोशुद्धदुग्धेपचेत् ।
द्रव्याज्यांजलसंयुतेतिनिबिडैर्दद्यात्तुलार्द्धसिता ॥५६॥
पक्कंतज्ज्वलनात्क्षितिंप्रतिनयेत्तस्मिन्पुनःप्रक्षिपेत् ।
दद्यात्तत्तदहरामिबहुलादष्टावरात्संहितात् ॥
एलानागबलाबलासचपलाजातीफलालिंगिता ।
जातीपत्रकमत्रपत्रकयुतंतत्त्वचासंयुतं ॥ ५७ ॥
विश्वावीरणवारिवारिदवरांवांशीवरीवानरी ।
द्राक्षासेक्षुरगोक्षुराथमहतीखर्जूरिकाक्षीरिका ।
धान्याकंसकसेरुकंसमधुकंश्रृंगाटकंजीरकं ।
पृथ्वीकाथयवानिकावराटिकामांसीमिसिर्मेथिका ॥५८॥
कन्देष्यत्रविदारिकाथमुशलीगंधर्वगंधातथा ।
कर्चूरंकरिकेशरंसमीरचंचारस्यबीजानिच ॥
बीजंशाल्मलिसंभवंकरिकणाबीजंचराजीवनं ।
श्वेतंचन्दनमत्ररक्तमपिचश्रीसंज्ञपुष्पैः समं ॥ ५९ ॥
सर्वंचेतिपृथक्पृथक्पलमितंसंचूर्ण्य तत्रक्षिपे ।
त्सूतंबंगभुजंगलोहगगनंसंमारितास्त्वेच्छया ॥
कस्तूरीघनसारचूर्णमपिचप्राप्तंयथाप्रक्षिपेत् ।

पश्चाद्दस्यतुमोदकान्विरचयेद्बिल्वप्रमाणांस्तथा ॥६०॥

અર્થ—દક્ષિણી સોપારી એકશેર (૪૦ તોલા) લેઈ તેને કાતરી પાણીમાં ભીંજેવી (અથવા ઉકાળી) નરમ થયે ખાંડી ભૂકો બનાવવો એટલે બે દીવસ પાણીમાં ભીંજેવી રાખી સૂકવી ખાંડી ઝીણું ચૂર્ણ બનાવી, કપડેથી ચાળી, ઘીમાં કરમોવી, આઠગણા (આઠશેર) દૂધમાં પકાવી માવો કરવો, બાદ પાંચશેર (તોલા ૨૦૦) સાકર ચોખી લેઈ ચાસણી પુષ્કળ પાણી નાખી બનાવે તેમાં તે માવો નાખી એકત્ર કરી બીજી ઔષધીઓ નાખવી તે એલચી, [1]નાગબળા (ગંગેટી–ગુલસકરી–ગંગેરણ) [2]બળા (ખરેટી–ચિકણા–વરીયારા) પીપર, જાયફળ, શિવલિંગી જાવંત્રી, તમાલપત્ર, તજ, (દાલચિણી) સુંઠ, વીરણવાળો (ઉસીર) સુગંધીવાળો, નાગરમોથ, ત્રીફળાં, વંશલોચન, સતાવરી, કૌચાં, ધરાખ, એખરો, ગોખરૂ, મહતી (મોટી રીંગણી) ખારેક, ખીરની (રાયણોનો છોલ) ધાણા, કસેરૂ (કચરો, કેચુક, ચિચોડ) મહુવો (મહુડાં) સીંઘોડાં, જીરૂ, મગરેલા (કાળીજીરી) ઓડી અજમો, વરઉ[3] જટા-

૧. નાગબળા—ગંગેટી પેથાપુરની નદીને કાંઠે જોવામાં આવે છે, તેને મરાઠીમાં ગાંગોટી, કોંકણમાં લેંચી, ગુજરાતમાં ગંગેટી, હિંદુસ્તાનમાં ગુલસકરી, મારવાડમાં ગંગેરણ, બંગાળામાં ગોરક્ષચાકુલે, સંસ્કૃતમાં ચતુઃફલા, મહાફલા, નાગબળા વીગેરે કહે છે. તે ઝાડ સહદેવીના જેવું હોય છે પણ તે કરતાં પાંદડાં આનાં મોટાં બે ખાંચાવાળાં હોય છે, ફુલ ગુલાબી રંગનાં-ફળ સહદેવી કરતાં ચોગણાં મોટાં હોય છે. કોંકણમાં તથા સહ્યાદ્રી પર્વત પર આ ઝાડો છે. એ ન મળે તો ઝીપટો એના બદલામાં લેવો. ૨ બળાઆનાં ઝાડ આસરે દોઢ હાથ ઊંચાં હોય છે, તુળસીના જેવાં પાન, પીળાં ફુલ, ઝીણાં ફળ તેમાં બીજ ઘણાંને ચીકણાં હોય છે, તેના પાંદડાંની ભાજી થાય છે. કોંકણમાં આ ઝાડ ઘણાં થાય છે તેને મરાઠીમાં ચીકણા હિ. વરીયારા, બં. વેડેલા કહે છે. કેટલાક તેને ખરેટી કહે છે અને કેટલાક ખરેટી વળી કાંસકોના ઝાડનેજ કહે છે તેમ કેટલાક બળા અને ખરેટીને ઠેકાણે બળદાણા–બળબીજ વાપરે છે, પરંતુ આટલું તો સિદ્ધ છે કે ખરેટીનાં બીજ એજ બળબીજ છે. અને તેને લીધે બળા તેને કહેતા હોય તો માનવા જેવું છે તેમ મદનપાલ નિઘંટમાં પણ બળાનેજ ખરેટી કહેલ છે. તેમજ ધનવંતરી નિઘંટમાં તથા મહેંદ્ર ભોગીકૃત દ્રવ્યાવળી નિઘંટમાં પણ બળબીજને ખરેટી–બળા કહેલ છે. **ભા. કર્તા.**

૨. એ ઔષધીનું નામ ગુજરાતી ભાષામાં મળી શક્યું નથી.

૩. જે રોગને જે હાની કરતા ચીજ હોય તે કુપથ્ય અથવા વિરુદ્ધ ભોજન જેમ

માંસી, વરીયાળી, મેથી, ભોંયકોહળું, મુશળી, આસગંધ (ગંધર્વગંધા) કચૂરો, નાગકેશર, કાળાંમરી, ચારોળી, શીમળાનાં બીજ, ગજ પીપર, કમળકાકડી, શ્વેતચંદન, રતાંજળી અને ધાવડીનાં ફૂલ એ સર્વ સમાન (બરાબર) એટલે ચાર ચાર તોલા દરેક ચીજ લેઈ ધરાખ ચારોળી શિવાય સર્વને ખાંડી કપડેથી ચાળી તે ચાસણીમાં મેળવી દિધા બાદ ચંદ્રોદય, બંગ, નાગેશ્વર, સાર–ગજવેલ, અભ્રક, વીગેરેની શુદ્ધ ભસ્મો ઇચ્છા પ્રમાણે તેમાં નાંખવી તેમજ કસ્તુરી, બરાસ અંબર કેશર આદિ વસ્તુઓ પણ અનુમાન પ્રમાણે નાખી, મેવો નાખ્યા બાદ ચાર ચાર રૂપિઆભારના અંદાજે વાળી દેવા. ૫૬—૬૦.

ગુણ.

तान्भुक्त्वाचसदायथानलबलंभुंजीतनाम्लंरसं ।
पूर्वस्मिन्नशितेगतेपरिणतिंप्राग्भोजनाद्भक्षयेत् ॥
नित्यंश्रीरतिवल्लभाख्यकमिमंयःपूगस्यपाकंभजेत् ।
सस्याद्वीर्यविवृद्धवृद्धमदनोवाजीवशक्तोरतौ ॥ ६१ ॥
दीप्ताग्निर्बलवान्वलीविरहितोहृष्टःसुपुष्टः सदा ।
वृद्धोयोपियुवेवसोपिरुचिरः पूर्णेन्दुवत्सुंदरः ॥

અર્થ—ખાનાર મનુષ્યની અગ્નિનું બળાબળ વિચારી દરરોજ ભોજન કર્યા પેહેલાં વૈદ્ય આ પાક ખાવા આપે અને ખટાઈ (ખટાસ) તેલ, ઠંડુ ભોજન, વાયડી ચીજ વીગેરે [1]કુપથ્યો ત્યજી પથ્ય પ-

[1] દૂધની સાથે ખટાઈ ખાવી તે વિષ–ઝેર સમાન છે, કળથી અને કાંગ. બંટી અને મઠ. મૂળા અને દૂધ. મૂળા અને અડદ. ભીલામાં અને ઉનું ધી. તેલ અને અફીણ. તલ અને ઉનું પાણી. કાંસાનું વાસણ અને ધી. કમળકાકડી અને મધ. નાળીયેરનું પાણી અને કપુર. અડદનો બનાવેલો પદાર્થ અને દૂધ, દહી, આમલી, ગોળ, કેરી, તાડી, છાસ. દહી અને કેળાં એ અન્યોઅન્ય મળવાથી. પીપર, કોહું, ગોળ, મધ, એ ભેગાં મળવાથી. સરસીયું અને ગાજર તથા દહી. પીપર દૂધ અને માછલાંનું શાક. કાચબાનું શાક, અને બકરાનું માંસ. ગાયની છાશ અને દારૂ. કુકડાનું માંસ અને દહી. બગલાનું માંસ અને અડદ, મગ. સુવરનું માંસ અને બીજાં સર્વે જાતનાં માંસ. તેતર, મોરનું માંસ અને કુવાનું પાણી. મૂળા, ગોળ, કમળકાકડી, અડદ, મધ, દૂધ, હરડે, અને કોઈ પણ જાતનું માંસ. એ અન્યોઅન્ય મળવાથી અગર એકજ વખતે એ વિરોધકારી ચીજો જમવામાં–ખાવામાં આવે જેમ મૂળો ખાવા

દાર્થો ખાય તો આ રતિવલ્લભ પુગીપાક નામથી પ્રસિદ્ધ થયેલો પાક વીર્યને વધારે છે, કામ દેવની પ્રબળતાને વૃદ્ધિ કરે, સ્ત્રીસંભોગ કરવામાં ઘોડાની સમાન પરાક્રમવાળો થાય, જઠરાગ્નિને પ્રદીપ્ત કરે, બળ (શક્તિએ કરીને) હીન પુરૂષ પણ રૂષ્ટ પુષ્ટ અને પરાક્રમી (બળવાન) થાય છે. કદાચ વૃદ્ધ મનુષ્ય ખાય તો યુવાન જેવાં પરાક્રમો કરે છે. અને સુંદરતામાં પૂર્ણ ચંદ્રની સમાન સુંદર બને છે. ૬૧.

एतस्मिन्रतिवल्लभे यदि पुनः सम्यक् खुरासानिका ॥
धत्तुरस्य च बीजमर्ककरभः पाथोधिशोषस्तथा ६२
सन्माजूफलकं तथाखसफलंत्वक्कार्षिकान्निक्षिपेत्
चूर्णार्द्धाविजयातथासहिभवेत्कामेश्वरोमोदकः ॥

અર્થ—ઉપર બતાવેલા રતી વલ્લભ પુગીપાકમાં [1]ખુરાસાની અજમો, [2]ધંતૂરાનાં બીજ, અકલકરો, સમુદ્રશોષ, માયાં (માજુફળ) ખસખસ, તજ એ દરેક તોલાભાર લેવાં અને એ સર્વ ચૂર્ણના અડધે હિસ્સે ભાંગ (વિજયા) નાખે તો કામેશ્વર મોદક બનેછે. ૬૨.

ન્હાનો સોપારીપાક.

हेमाम्भोधरचन्दनंत्रिकटुकंजातीप्रियालंकुहू[3] ।
मज्जात्रित्रिसुगंधजीरयुगलंशृंगाटकंवंशजं ॥ ६३ ॥

પછી દૂધ પીવામાં આવે તો ઝેર સમજવું, તેજ રીતે એ સર્વ ચીજો એક એકના મેલાપથી રોગ પેદા કરનારીજ થાય છે. તેમજ દૂધ અને ખીચડી ખાય તો પણ નુકશાનકારક છે. માટે આવી ઝીણી બાબતો જાણવામાં ન હોવાથી સ્હેજ અનેક દરદોને તાબે થઈ જઇએ છીએ જેથી પોતાનું હીતચીંતવી ઉપરની અરસ્પરસ વીરોધી વસ્તુઓ તજી દેવી તેજ પથ્ય અને તેને જો અંગીકાર કરીએ તો કુપથ્ય સમજવું. કેશવ કલ્યાણ.

આ મોટો સોપારી પાક પ્ર. ૧ માં છે. બીજી એકે પ્રતમાં નથી.

૧ ખુરાસાની અજમો ઝેરી છે માટે તેને ગાયના મૂત્રમાં પલાળી રાખવો મૂત્ર બદલતા રેહવું પછી ધોઈ સુકવી ઉપયોગમાં લેવો.

૨ ધંતૂરાનાં બીજને એક દીવસ ગૌ મૂત્રમાં પલાળી રાખી બીજે દીવસ છાંયડામાં સુકવી કચરી શીશીમાં ભરી રાખવાં કાર્ય પરત્વે ઉપયોગમાં લેવાં ભાવ પ્રકાશ.

૩ પ્ર. ૧ લીમાં "प्रियालंकुहू" એવો પાઠછે પ્ર. ૨, માં 'प्रियालांकुहं' એવો પાઠ છે.

जातीकोषलवंगधान्यकयुतंप्रत्येककर्षद्वयम् ।
हैयंगोः कुडवोसिताद्धतुलयाधात्रीवरीब्यंजली ॥
पूगस्याष्टपलान्युलूखलवरेसंकुट्यचूर्णीकृतं ।
क्षीरस्याढकसंयुतंकृतमिदंमन्दाग्निनातंपचेत् ॥ ६४ ॥

અર્થ—નાગકેશર, મોથ, ચંદન, સુંઠ, મરી, પીપર, જાવંત્રી, [1]ઘહુલા, ચારોળી, ત્રીમજ્જા (બદામનીમીજ, આમળાંનીમીજ, ભુરા કોહળાનીમીંજ) ત્રીસુગંધ (તજ, તમાલપત્ર, એલચી), જીરૂં શાહજીરૂં, સીંઘોડાં, વાંશકપુર (વંશલોચન) જાયફળ, લવીંગ, ધાણા એ સર્વ બબે તોલા બરોબર લેઈ ખાંડી ચાળી રાખવાં; ગાયનુંઘી તોલા ૧૬, સાકર તોલા ૨૦૦, [2]આમળાં, સતાવરી અને સોપારી એ તોલા બત્રીસ લેવાં, એ ત્રણ્યેને ખાંડી ચૂર્ણ કરી ઘીમાં કરમોવી દૂધ તોલા ૨૫૬માં ધીમી આંચથી પકાવી (માવો કરી) ઉપર બતાવેલ ઔષધીઓનું ચૂર્ણ તેમાં નાખી એકત્ર કરી સાકરની ચાસણી બનાવી સર્વ તેની અંદર ભેલવી (હલાવી) લાડુ વા ચોરસખંડ પાડી સુંદરપાત્રમાં ભરી હવાના સ્થાનમાં મૂકી રાખવા. ૬૩. ૬૪.

ગુણ.

खादेत्प्रातरिदंज्वरामयहरंदाहंचपित्तंजयेत् ।
नासास्याऽक्षिगुदंप्रवाहरुधिरंयद्रोमकूपच्युतं ॥
यक्ष्माक्षीणबलंक्षताग्निविलयंछर्दिप्रमेहार्शसां ।
रेतोवृद्धिकरंरसायनपरंगर्भप्रदंयोषिताम् ॥ ६५ ॥

---

૧ પ્રીયંગુનો અર્થ કેટલાક ટીકાકારો ફૂલકાંગ—અથવા ઘઉલો કરે છે જેને હિંદુસ્તાનમાં ફૂલ પ્રિયુંગુ કહે છે. અને કેટલાક કાંગ કહે છે; પરંતુ જે ઠેકાણે જે યોગ્ય ગુણવાળું લાગે તે ઠેકાણે તેવાજ અર્થની કલ્પના કરવી. જેમ સૈંધવ શબ્દનો અર્થ ઘોડો, તથા સિધાલુણ થાય છે પણ જો દવાના પાઠમાં સૈંધવ આવે તો કાંઈ ઘોડાને દવામાં નખાય નહીં માટે ત્યાં સિંધવ સિધાલુણનેજ સમજી ઉપયોગમાં લેવો તેમજ જ્યાં ઘોડાની વ્યાખ્યા હોય ત્યાં સિંધાલુણ ત્યજી ઘોડો—અશ્વ—વાજી વીગેરે અર્થ ઘટાવવો એટલે પ્રીયંગુ શબ્દના બન્ને અર્થ સત્ય છે પરંતુ પૂર્વાપર ગુણ દોષનો વીચાર કરી ઘટના કરવી. ભા. કર્ત્તા.

૨ પ્ર, ૨ માં લખે છે કે સાતશેર પાણીમાં હાંડીની અંદર આમળાં,

मूत्राघातविनाशनंबलकरं [1]वृद्धाङ्ग पुष्टिप्रदं ।
पूगीपाकमिदंप्रशस्तदिवसेकार्य्यंचग्राह्यंबुधैः ॥ ६६ ॥

અર્થ—પ્રાતઃકાળમાં અનુમાન માફક (પાંચ રૂપિયાભાર) તે પાક લેઈદરરોજ ખાય તો જ્વર (તાવ), દાહ (બળતરા), પિત્તવિકાર, નાક, મુખ, આંખ, અને ગુદાની અંદરથી લોહી પડતું હોય, વા, વાળ-(રોમ) કૂપથી લોહી પડતું હોય, રાજ્યક્ષ્મા (ક્ષય) થી થયેલી ક્ષીણતા (નિર્બળતા) અથવા ક્ષય, નિર્બળતા, ઉરક્ષતઃ (છાતીમાંની ચાંદી) મંદાગ્નિ, છર્દિ (ઉલટી–વમન–વાંતી–વૉમીટ) પ્રમેહ (પરમીયો) અર્શ (હરસ–વવાસીર–મસા) એટલા રોગોને મટાડેછે, તથા વીર્યની વૃદ્ધિ કરે છે, રસાયણરૂપ આ પાક છે, સ્ત્રીયોને ગર્ભ આપનાર (ચઢતો દીવસ કરનાર) છે, મૂત્રઘાત, તથા મૂત્રકચ્છને મટાડેછે, બળ (શક્તી) આપેછે, વૃદ્ધ મનુષ્યના શરીરને પણ પુષ્ટિ કરનારછે. આ પુગી પાક વૈદ્યે સારો (શુભ) દિવસ, શુભચંદ્ર,—સારૂં ચોઘડીયું જોઈ ખાવા આપવો જેથી રોગ ત્વરાયે નાશ પામેછે. ૬૫–૬૬.

પીપર પાક.

पिप्पलीप्रस्थमादाय क्षीरंचैवचतुर्गुणम् ।
अर्द्धाढकंघृतंगव्यं सिताचैवतथाढकम् ॥ ६७ ॥
पचेन्मन्दाग्निनासम्यक् यथाभागंभवेत्तयः ।
शीतेभूतेक्षिपेत्तत्र चातुर्जातपलंपलम् ॥ ६८ ॥
षोडशपलप्रमाणं खादिरंगुन्दमेवच ।
पाचितंगव्यहव्येन निक्षिपेत्तस्यमध्यतः ॥ ६९ ॥

અર્થ—લીંડીપીપર તોલા ૬૪ લેઈ ચોગણા દૂધમાં પકાવી

સતાવરી અને સોપારી નાખી ઉકાળવાં શેર ૧ પાણી રહે ત્યારે ઉતારી છાંયડે સૂકવી ખાંડી ગાયના દૂધમાં કીટી કરવી બાદ સર્વ ઔષધો નાંખવાં. હીંદી ટીકાકારે આમળાં અને સતાવરી વિષે કશું પણ લખ્યું નથી. મારવાડી ટીકાકાર ઉપર પ્રમાણે લખે છે.

[1] 'વૃક્ષાંગ' પ્ર. ૨ જીમાં 'કૃશાંગ' પ્ર. ૩ જીમાં 'વૃદ્ધાંગ' એવા જુદા જુદા પાઠ છે.

ગાયનું ઘી તોલા ૧૨૮ નાખી કીટી બનાવવી બાદ સાકર તથા ધોળી ખાંડ તોલા ૨૫૬ ની ચાસણી કરી તે કીટી અંદર નાખી મંદાગ્નિ (ધીમી આચ)થી પરીપકવ કરી નીચે ઉતારી શીતળ થયા પછી તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર એ ચાર ચાર તોલા લેવાં, ખેરી ગુંદ તોલા ૬૪ લેવો ગુંદને ગાયના ઘીમાં તળી તથા તે ચાર ચીજોને ખાંડી ચાળી સર્વે તેની અંદર નાખી પાક બનાવવો. ૬૭-૬૯

ગુણ.

[1]योजयेन्मात्रयायुक्तया शेषधात्वग्निकृन्नणीम् ।
बल्यंवृष्यंतथाहृद्यं धातुपुष्टिकरंनृणाम् ॥ ७० ॥
जीर्णज्वरक्षयश्वास प्लीहपादरुजापहम् ।
पिप्पलीनामपाकोयं सर्वरोगहरः परः ॥ ७१ ॥

અર્થ—ખાનાર મનુષ્યની શકતી અને અગ્નિ બરાબર વીચારી માત્રા (વજન) અનુમાન માફક આપે તો શરિરમાની સર્વ ધાતુઓને, જઠરાગ્નિને તથા શક્તિને સતેજ કરે છે, વૃષ્ય છે, હૃદય (છાતી)ને હીતકારી છે, ધાતુપુષ્ટી કરનાર છે. અને [2]જીર્ણજ્વર, ક્ષય. શ્વાસ, બરોળ, પાંડુરોગ એ સર્વને આ [3]પીપલીપાક દૂર કરેછે. ૭૦-૭૧

---

૧ 'याजयेन्मात्रयायुक्तया' એનો અર્થ મારવાડી ટીકાકાર લખે છે કે ગજવેલ, અભ્રક, બંગ, તાંબેશ્વર એ માત્રાઓ અનુમાન માશીક (રૂપીયાભાર) નાખી ખાવામાં વાપરવો.

૨ એકવીશ દીવસ પછે જીર્ણજ્વર–જુનો તાવ એ નામથી ઓળખાય છે.

૩ પ્ર. ૩ જીમાં અને પ્ર, ૫, મીમાં આ પાક લખેલ નથી.

પાક બનાવવાની રીત કાષ્ટાદી ઔષધીઓ જુદી ખાંડી કપડેથી ચાળી લેવી. તેમ સુગંધી પદાર્થો એટલે લવીંગ એલચી જાવંત્રી જાયફળ વગેરે જુદાં વાટીતૈયાર રાખવાં મેવો–બદાંમ, ટોપરૂં, પીસ્તાં, દ્રાખ તેના ઝીણા કડકા કરી રાખવા, ખસખસ ચારોળી એમને એમજ રાખવી. પ્રથમ જે ચીજનો પાક કરવો હોય તેને ખાંડી ચાળી ઘીમાં કરમોવી દૂધમાં પકાત્રવી માવો થયા બાદ ઘી નાખી રવો છૂટો થાય અર્થાત્ ઘી છૂટું પડે ત્યારે નીચે ઉતારી ઠંડો કરી દેવો. બાદ ખાંડ વા, સાકરને ધોઇ તેની ચાસણી બનાવવી બે તારી કે ત્રણ વા, ચાર તારી રૂતુઓના પ્રમાણમાં એટલે ઠંડી રૂતુમાં નરમ અને ગરમ રૂતુમાં કઠણ બનાવવી તેમાં તે માવો નાખી પછી કાષ્ટાદી ઔષધીઓ નાખવી. એકમેક કર્યા બાદ સુગંધી પદા-

બીજો પીપર પાક.

अर्द्धद्रोणेशुभेदुग्धे कणाप्रस्थार्द्धमेवच ।
दार्वीसंघट्टसांदेतु खण्डंप्रस्थद्वयान्विते ॥ ७२ ॥
वानरीमुशलीकन्दं चातुर्जातकरोचना ।
करभोदेवकुसुमं मस्तकीकरहाटकम् ॥ ७३ ॥
ग्रंथिकंनागरंधान्यं सटीखदिरसारकं ।
लोहंप्रत्येककर्षैक मेतानेतान्विचूर्णयेत् ॥ ७४ ॥
घनसाराद्धकर्षेण शीतलेक्षौद्रकौडवं । क्षिपेत्

અર્થ—પીપર તોલા ૩૨ લેઈ ૫૧૨ તોલા ચોખા ગાયના દૂધમાં પકાવવી જ્યારે માવો તૈયાર થાય ત્યારે નીચે ઉતારી ઠંડો કરવો બાદ તેમાં ખાંડ ૧૨૮ તોલા નાખવી. અગર તેની ચાસણી કરી તેમાં તે માવો નાખવો; તથા કૌચાં, કાળીમૂશળી, ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર) વંશલોચન, કસેરૂ, લવીંગ, મસ્તકી ગુંદ, અકલકરો, પીપરીમૂળ, સુંઠ, ધાંણા, કચૂરો, ખેરસાર અને ગજવેલ એ દરેક તોલો તોલો લેવાં, ખાંડી ચાળી તૈયાર કરવાં, ભીમસેની કપૂર અથવા કપૂર અડધો તોલો એ સર્વ તે ચાસણીમાં નાખવાં પાક ઠંડો પડ્યા પછી મધ તોલા ૧૬ નાંખવું. ૭૨-૭૪

ગુણ.

कणावलेहोयं प्रमेहाबलताक्षयान् ॥ ७५ ॥
कासंश्वासंज्वरंहिक्कां छर्दिंमूर्च्छांभ्रमंजयेत् ॥ ७६ ॥

થોનું ચૂર્ણ નાખી એકત્ર કરી મેવાની ચીજો નાખવી તદનંતર કેશરને દૂધમાં ઘુંટી તેમાં મેળવી દેવું. જો પાકમાં ભાંગ નાખવી હોય તો શેકીને ચૂર્ણ કરી નાખવી. અફીણ નાખવું હોય તો દૂધમાં ઘુંટી નાખવું પરંતુ એટલું ખાસ યાદ રાખવું જોઇએ કે દવાઓ નાખતી વખતે પાક નીચે અગ્નિ ન રાખવી નહીતો દવાઓનું જોર કમ (હીન વીર્ય) થઈ જાય છે. પાકમાં કદાચ ન લખ્યું હોય તદપિ ચંદ્રોદય વગેરે માત્રાઓ નાખવી હોય તો અનુમાનથી-જરૂર જેટલી નાખવી, કસ્તૂરી, અંબર, સોનારૂપાના વર્ક બરાસ આદિ પણ ઈચ્છા હોય તો નાંખવાં બાદ લાડુ અથવા બરફીની માફક ચોરસખંડ જમાવવાની ઈચ્છા હોય તો તેમ કરવું, ચીનાઈ માટી અથવા કાચ વા, ચાંદીના પાત્રમાં ભરી હવાની જગ્યોએ મૂકી રાખવો.

અર્થ—આ પીપરપાક અથવા [1]અવલેહના ખાવાથી પ્રમેહ, નિર્બળતા (અશક્તપણું) ક્ષય, કાસ (ઉધરસ) શ્વાસ (દમ) તાવ, હિક્કા (હેડકી–હીચકી) ઉલટી, મૂર્છા (અચેતનપણું) ચિતભ્રમ અથવા ફેર (ચક્કર) એ સર્વ રોગો નાશ પામે છે. ૭૫-૭૬

[2]મુસળી પાક.

मुसलीकंदचूर्णन्तु क्षीरेष्टगुणितेपचेत् ।
प्रस्थंचतत्रदातव्यं चूर्णमेषांपृथक्पलं ॥ ७७ ॥
व्योषंत्रिजातहपुषा शताह्वाशतमूलिका ।
अजाजीदीप्यकश्चैव चित्रकोगजापिप्पली ॥ ७८ ॥
यवानीग्रंथिकंधात्री शुंठीगोक्षुरधान्यकं ।
अश्वगंधाभयामेघः सिंधुशोषोलवंगकं ॥ ७९ ॥
जातीफलं जातिपत्री नागकेशरकेक्षुरः ।
बलाचातिबलानागबलामर्कटबीजकं ॥ ८० ॥
यष्टीशाल्मलिनिर्यासः शृंगाटांबुजबीजकं ॥
त्वक्क्षीरिकाबालकश्च कंकोलोकल्कं हिमं ॥ ८१ ॥
लुंचितानांतिलानांतु प्रस्थार्द्धमिहयोजयेत् ।
भस्मसूत पलार्द्धन्तु पलमभ्रकलोहयोः ॥ ८२ ॥
सर्वाद्द्विगुणखंडस्य पाकंकृत्वाप्रयोजयेत् ।
भैषज्यानांगणंसर्ववटीः कुर्य्याद्विचक्षणः ॥ ८३ ॥

અર્થ—મુશળીનું ચૂર્ણ તોલા ૬૪ લેઈ તેને આઠ ગણા દૂધમાં પકાવી (માવો થયા બાદ) ચાર ચાર તોલા નિચે લખેલી દરેક ઔષ-

---

૧ અવલેહ બનાવવો હોય તો ચાસણી નરમ રાખી ચાટણા જેવો બનાવવો. પાક બનાવવો હોય તો ચાસણી કઠણ કરી લેવી. અવલેહ ચો-માસામાં કમતી બનાવવો, તેમજ એ ત્રણ દીવસ તડકામાં રાખી પછી વાસણમાં ભરી મજબૂત રીતે મ્હોં બંધ કરી એકાંત જગ્યામાં જીવજંતુ અંદર ન જઈ શકે તેમ રાખવો. તમામ પાકોમાં ગમે તેમ આડી અવળી ઔષધીઓ અથવા વિધિ લખી હોય તો પણ આ પ્રમાણેજ બનાવવા. વિશેષ વિધી કંદોઈ લોકો પાસેથી ધારી લેવી. પાકાધિકાર.

૨ આ પાક પ્ર. ૩. જી શિવાય બીજી એકે પ્રતમાં લખેલ નથી.

ધીઓ લેવી-વ્યોષ (ત્રિકટુ-અથવા સુંઠ, મરી, પીપર) ત્રિજાત (ત્રિસુગંધ-તજ, તમાલપત્ર, એલચી.) હપુષા (હાંશ, હાઉબેર, ઝાઊં, છીણીનાં મૂળ) વરીયાળી, સતાવરી, જીરૂં, ઓડી અજમો, ચીત્રક (ચીત્રામૂળ) ગજપીપર (મોટીપીપર) અજમો, પીપરીમૂળ આમળાં, કચૂરો, ગોખરૂં, ધાણા આસગંધ, હરડેદળ, મોથ, સમુદ્રશોષ, લવીંગ, જાયફળ, જાવંત્રી, નાગકેશર, એખરો (તાલમખાના) બળા (ખરેટી અથવા બળબીજ) અતિબળા, (ખપાટ) નાગબળા (ગંગેટી) કૌચાં-(ભેરવસીંગનાં બીજ અથવા કૌચનાં બીજ) જેઠીમધ (મુહલેઠી-મુલહટી) શીમળાનો ગુંદ (મોચરસ) સિંઘોડાં, કમળકાકડી, વંશલોચન, સુગંધીવાળો, કંકોળ, અકલકરો અને ચંદન અથવા કપૂર, એ સર્વ ઐાષધીઓ ખાંડી ચાળી તૈયાર કરવી, તલ તોલા ૩૨ ચંદ્રોદય બે તોલા, અભ્રક ચાર તોલા, ગજવેલ ૪ તોલા અને એ સર્વ ઐાષધીઓથી બમણી ખાંડ લેઈ તેની ચાસણી વીધી પૂર્વક બનાવી એક પછી એક વસ્તુઓ નાખી એકત્ર કરી પાકની રીતી મુજબ પાક તૈયાર કરવો. તેની લાડુડીઓ (ગુટીકાઓ) બનાવી ઉપયોગમાં લેવી. ૭૭-૮૩.

ગુણ.

अर्द्धमुष्टिमितास्तास्तु शुभेहेनिविचक्षणः
इष्टदेवंसमभ्यर्च्य खादेदेकामहर्निशं ॥ ८४ ॥
ततः किंचित्पयः पेयं खादेद्वटकमुत्तमं ।
मंदाग्निगुल्ममेहार्शः श्वासकासव्रणक्षयान् ॥
कामलांपाण्डुरोगंच शुक्रक्षैण्यंचदृक्क्षयं ।
वातरोगंपित्तरोगं कफरोगंतथैवच ॥ ८६ ॥
पांढ्यंचप्रदरंस्त्रीणं शुक्रदोषमुरः क्षतं ।
रजोदोषंमूत्रकृच्छ्रं मूत्राघातंतथाश्मरीं ॥८७॥
मेहदोषंतथानाह कार्श्यमावल्यमुल्बणं ।
वातरक्तंचहन्त्येष मुशलीकन्दलेहकः ॥ ८८ ॥
अग्निकृत्कान्तिकृत्तेजो वृद्धिकृत्कामवृद्धिकृत् ।
अश्विभ्यांनिर्मितोयोगो वलीपलितनाशनः ॥८९॥
क्षीणशुक्रःनरान्दृष्ट्वानारीश्चक्षीणवीर्यका: ।

तालमूल्यलेहोय निर्मितोधरणीतल ॥ ९० ॥
नास्त्यनेनसमोयोगो विशेषाच्छुक्रवृद्धये ॥ ९१ ॥

અર્થ—બે તોલાના અંદાજથી શુભ દિવસે (એટલે ચંદ્ર, સ્વર, યોગ, નક્ષત્ર, વાર, તિથી, પળ વગેરે ખાનારને લાભદાયક–અનુકૂલ હોય ખાનારના ગુરૂવારને શત્રુવાર ન હોય તે દિવસે) પોતાના ઈષ્ટ (વાલ્હા) દેવનું સ્મર્ણ, વંદન પૂજાર્ચન કરી પ્રસન્ન ચિત્તે પ્રાતઃકાળમાં સૂર્ય સન્મૂખ ઊભા રહી એક ગોળી દરરોજ ખાય અને ઉપર જો [1]દૂધ પિએ તો ઘણુંજ ઉત્તમછે અને તેથી મંદાગ્નિ ગુલ્મ (ગોળો) પ્રમેહ, મસા (અર્શ) શ્વાસ, વ્રણ (ગડ ગુમડ) ક્ષય, કમળો, પાંડુ, ધાતુ (વીર્ય) ક્ષીણતા, નજરની મંદતા (ઓછું દેખાવાપણું) વાયુ, પીત્ત, કફ એઓના તમામ રોગો, નપુંષક (નામર્દ)પણું, સ્ત્રીઓનો પ્રદર (ધોળી, પીળી, લાલ, મળગુગળી, ધાતુનું યોનીથી પડવું) તથા તેમની ધાતુના વિકારો, ઉરક્ષતઃ (છાતિમાની ચાંદી) અટકાવ (રજસ્વળા)ના દોષ, મૂત્રકચ્છ, મૂત્રધાત, પથરી, મેદ (શરીરનું

---

૧ આ પ્રયોગમાં ગુટીકા ઉપર દૂધ પીવું લખે છે તે મારા ધારવા પ્રમાણે તો સર્વ પુષ્ટી કર્ત્તા પાક, ગુટીકા કે ચૂર્ણ ઉપર અવસ્ય દૂધ પીવું તોજ વિશેષ ફાયદો મળે છે તેમજ લોલિંબરાજજી પોતાની સ્ત્રી રત્નક-ળાને પણ ખાસ ખાત્રી પૂર્વક કહ્યું છે કે,—

“ सौभाग्यपुष्टि बलशुक्र विवर्धनानि,
किंसन्तिनो भुविबहुनि रसायनानि;
कंदर्पवर्धिनि परंतु सिताज्ययुक्ता,
दुग्धाद्दते न ममकोपि मतःप्रयोग.

હે કંદર્પ વર્ધિની! શરીરની સુંદરતા, પૃષ્ટિ, બળ અને વીર્યને વધાર-નારી રસાયનો (બુઢાપણું અને રોગોને દૂર કરનાર ઔષધને રસાયન કહે-છે તે.) રૂપ શું ઘણી વસ્તુઓ દૂનીયામાં નથી? છે! પરંતુ સાકર ઘી અને દૂધ જેવો સુંદરતા પૃષ્ટિ બળ અને વીર્યને વધારનાર મારા વિચાર પ્રમાણે તો બીજો ઉપાય (પ્રયોગ) છેજ નહી! (અડધો શેર ગાયનું દૂધ તોલો સાકર તોલો ગાયનું ઘી એ ઉકાળી પીવું) વૈદ્યજીવન. દૂધથી શું શું ફાયદા અને કયા કયા રોગો મટે છે તેની વિશેષ માહેતી મેળવવા વાગ્ભટ્ટમાં ચિકિત્સા સ્થાનનો બીજો અધ્યાય જુઓ.

ફૂલવું વા, માંસનું વધવાપણું) આફરો, દુર્બળતા, નિર્બળપણું અને વાતરગ્ત, એ સર્વ રોગનો નાશ આ મુસળીપાક (અવલેહ) કરે છે; તથા જઠરાગ્નિ, કાંતિ, તેજ અને કામદેવ એઓની વૃદ્ધિ કરે છે, આ પ્રયોગ અશ્વિની કુમારે વલી પલીત (શરીરની કરચલી–પલીયાં) વગેરેનો નાશ કરવા માટે તથા ક્ષીણ વીર્યવાળા પુરૂષો અને સ્ત્રીઓને જોઈ આ પૃથ્વિમાં પરોપકાર માટે બનાવ્યો અને પ્રસિદ્ધિમાં મૂક્યો, વીર્યની વૃદ્ધિમાં આ મૂસળી પાકની બરોબરી કરી શકે તેવો પ્રયોગ (ઉપાય) દુનીયામાં બીજો છેજ નહીં. ૮૪–૯૧

બીજો મુશળી પાક.

मुशल्याश्च पलान्यष्टौ तुलाक्षीरेविपाचयेत् ।
सर्पिर्द्विकुडवंदेयं सिताकर्षशतंतथा ॥ ९२ ॥
गुंदंपलचतुष्कंच मज्जात्रीणिपलत्रयम् ।
जातीफलंलवंगंच कुंकुमंचैवतूंबरम् ॥ ९३ ॥
मांसीमर्कटबीजानि चातुर्जातकटुत्रयम् ।
[1]जातीपत्रकरंभाच प्रत्येकंपिचुमात्रकम् ॥९४॥

અર્થ—મુસળી તોલા ૩૨ લેઈ ચૂર્ણ કરી દૂધ તોલા ૪૦૦ (દશ શેર)માં પકાવી માવો કરવો. તેમાં સુંદર ગાયનું ઘી તોલા ૧૬ નાખી રવો તૈયાર કરવો બાદ સાકર વા ખાંડ તોલા ૧૦૦ તેનીચાસણી રૂતુ પ્રમાણે બનાવી બાવળનો ગુંદ તોલા ૧૬ બદામની મીંજ, બોર મીંજ, અને આમળાની મીંજ એ ત્રણે મળી તોલા ૧૬ જાયફળ, લવીંગ, કેશર, તુંબરૂ, છડ–(બાલછડ–જટામાશી) કૌચાં, ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર) ત્રિકટુ (સુંઠ, મરી, પીપર) જાવંત્રી, અકલકરો એ દરેક અકેક તોલો લેવાં, ખાંડી ચાળી તે ચૂર્ણ ચાસણી-

---

૧ ' जातिपत्र करंभाच ' એ પાઠનો જાવંત્રી અને અકલકરો એવો પ્ર. ૧. અને ૩. જીમાં અર્થ કરેલો છે. પ્ર. ૪થી અને ૨. જીમાં જાવંત્રી અને કેળનો કંદ એવો અર્થ કરેલ છે જાતી પત્રક અને રંભા' તથા જાતી પત્ર અને કરંભા એમ શબ્દ સમજ ફેર થવાથી મતભિનત્વ પડેલો જણાય છે. તેમજ મારવાડી ટીકાકારે અકલકરો, ગજવેલ, અભ્રક, ત્રણ

માં મેળવી પૂર્વોક્ત રીતી પ્રમાણે પાક બનાવી તેના બબે તોલા ભાર (વજન)ના મોદક (લાડુ) બનાવવા. ૯૨-૯૪

ગુણ.

द्विकर्षमोदकंकुर्या देकैकंभक्षयेन्नरः
धातुक्षीणंमदक्षीणं क्षीणवीर्यंतथानलम् ॥९५॥
कासश्वासरुचिपाण्डु दौर्बल्यंविषमज्वरम् ।
षण्ढोरमयतेनारी शतंवानात्रसंशयः ॥ ९६ ॥
शुष्कगात्रंभवेत्पुष्ट मनोज्ञकान्तिवर्द्धनम् ।
वातव्याधिषुसर्वेषु हितोयंनैवसंशयः ॥ ९७ ॥
प्रमेहशुष्कगात्रंच वलीपलितनाशनं ।
मूशल्यादिरयंपाको वंध्याभवतिपुत्रिणी ॥ ९८ ॥

અર્થ—દરરોજ એકેક લાડુ પ્રભાત સમય ભક્ષણ કરે તો [1]ધાતુની ક્ષીણુતા, બળની ક્ષીણુતા (કમતાકાત) વીર્યની ક્ષીણુતા. મંદાગ્નિ, ઉધરસ, દમ, અરૂચી, પાંડુ, દુર્બળતા, વીષમજ્વર, એ સર્વને દૂર કરે છે, તથા નપુંષકપણાને દૂર કરી સો સ્ત્રી ભોગવવા જેટલું નિશ્ચે પરાક્રમ આપે છે, સૂકાઈ ગયેલા શરીરને પુષ્ટ કરે છે, તથા શૌદર્ય (સુંદર)તા અને કાંન્તિને વધારે છે, સર્વ પ્રકારની વાયુની પીડાઓ માટે હીતકારીછે, એમાં શંસય નથી. તેમજ પ્રમેહથી શરીર સૂકાઈ ગયું હોય તેને પુષ્ટ કરનારછે, શરીરની કરચલી તથા પળીયાંનો નાશ કરનાર અને વંધ્યા (વાંઝણી) સ્રીને પુત્રવંતી કરનાર આ મુશળી પાક પેહલે નંબર છે. ૯૫-૯૮.

પેઠાપાક—ભૂરા કોહળાનો પાક.

[2]खण्डान्कूष्माण्डकानामथपचनाविधिच्छिन्नशुष્કાज्यपकान् ।

ત્રણુ અને લવીંગ તોલા ૨૫, રસ સિંદૂર તોલો દેઢ, ચોપચીની તોલા ૩ ભાંગ પઈશા દશ ભાર નાખવાનું લખ્યું છે; પરંતુ પાઠ જોતાં તે અર્થ ઘટી શકતો નથી તેમ બીજી પ્રતોમાં તે વસ્તુઓ નાખવા લખેલ નથી.

૧ સાત ધાતુઓમાંથી કોઈ પણુ ધાતુની ક્ષીણુતા થઈ હોય તે અર્થ યોગ્ય છે પરંતુ ધાતુ એટલે વીર્ય એમ અત્રે માનવું અયોગ્ય છે.

૨ ભૂરા કોહળાના કકડાઓને ઝીણા કાતરી ચૂનાના પાણીમાં ધોવા

तास्मिन्खण्डेविपक्केसमरिचमगधासूंठिजाजीत्रिगंधी ॥
लेहोयंबालवृद्धानिलरुधिरकृशस्त्रीप्रसक्तिक्षतानां ।
तृष्णाकासार्शपित्तश्वसनगुदरुजाच्छर्दितानांचशस्तम् ॥९९॥

અર્થ—પાકેલા ભૂરા કોહળાને છોલી એક શેરના કકડા કરી અથવા છીણીથી છણીને ધીમાં પકાવી તેમાં ખાંડ અથવા સાકર તેટલીજ નાખવી, તથા મરી, પીપર, સુંઠ, જીરૂં, તજ, તમાલપત્ર, એલચી, એ સર્વનું ચૂર્ણ કરી તેમાં મેળવી અવલેહ બનાવવો. તે અવલેહ બાળક અને વૃદ્ધ મનુષ્યોના રોગો દૂરકરે છે એટલે વાયુ, લોહી વીકાર, દુર્બળતા, અથવા સ્ત્રી સંભોગથી ક્ષીણ થયો હોય, તૃષા (શોષ પડતો હોય) ઉધરસ, અર્શ (મસા) પિત્તના રોગ, શ્વાસ, ગુદાના રોગ અને ઉલટી એ સર્વને મટાડે છે. ૯૯.

બીજો ભૂરા કોહળાનો પાક.

छालिनिःकृष्यकूष्माण्ड खण्डानिपरिकल्पयेत् ।
कांजिकेनचधौतानि पुनरेवजलेनच ॥ १०० ॥
पश्चात्क्षीरस्यप्रस्थेन कल्पयेत्पुनरेवच ।
घृतेनपुनरेतानि पाचयेत्सुविधानतः ॥ १ ॥
यदामधुनिभानिस्यु स्तदाशर्करयाशतम् ।
निधायतत्रचेमानि भेषजानिप्रकल्पयेत् ॥ २॥ ॥
पिप्पलीशृंगबेराभ्यां द्वेपलेमरिचानिच ।
जीरकेद्वेतथाधात्री त्वगेलापत्रकंतथा ॥ ३ ॥
शृंगाटकंकशेरुंच ग्रंथिकंचैवचित्रकम् ।
प्रियालुतालमूलींच लवङ्गगुन्दमेवच ॥ ४ ॥

બાદ ચોખા પાણીમાં ધોઈ તેને ટુંપી–કચરી–ગુંદી ગાયના નવીન ધીમાં પકાવવા એમ હીંદી ટીકાકાર કહે છે પરંતુ પાઠ જોતાં તેનો જોઈએ તેટલો ખુલાસો મળી શકતો નથી પછી અનુમાનથી 'पचनविधि' એ શબ્દપર આધાર રાખી એ પ્રમાણે અર્થની ઘટના કરી હોય તો ભલે.

पलार्द्धेनविगृह्णीया च्चूर्णंतत्रविनिक्षिपेत् ।
दर्व्याविघट्टयेत्पश्चा ल्लेहीभूतंयदाभवेत् ॥ ५ ॥

અર્થ—પાકા ભૂરા કોહળા (પેઠા)ને છોલી કકડા કરી બીજ કહાડી નાખી કાંજીના પાણીમાં ધોઈ પછી શુદ્ધ પાણીથી ધોઈ, તે કકડાઓને [1]દૂધ તોલા ૬૪ માં પકાવી તેમાં નવીન ગાયનું ઘી તેટલાજ વજનથી નાંખી રવો બનાવવો, જ્યારે મધના જેવો (લાલાસપડતો) રંગ તે રવાનો થઈ જાય ત્યારે સાકર અથવા ખાંડ તોલા ૪૦૦ અંદર નાખી અથવા ચાસણી કરી તેમાં તે રવો એકત્ર કરી પછે તેમાં પીપર, સુંઠ અથવા આદું, મરી એ આઠ આઠ તોલા લેવાં, જીરૂં, શાહજીરૂં, આમળાં, તજ, એલચી, તમાલપત્ર, સિંઘોડાં, [2]કસેરૂ, પીપરીમૂળ, ચવ્યક, ચીત્રામૂળ, ચારોળી (અથવા ધઉલો) મુશળી, લવીંગ, અને ખેરીગુંદ, એ બબે તોલા લેવાં સર્વનું ચૂર્ણ વિધિવત્ કરી તે ચાસણીની અંદર નાખી એકત્ર કરી અવલેહ પૂર્વોક્ત રીતી પ્રમાણે તૈયાર કરવો. ૨૦૦-૫.

ગુણ.

घृतेनापिविलिह्याच्च ज्ञात्वातत्रबलाबलम् ।
रक्तपित्तज्वरंकासं कामलांतमकंभ्रमम् ॥ ६ ॥

---

૧. પ્ર. ૧ લીમાં પાંચશેર દૂધમાં પકાવવાનું લખે છે; પરંતુ પ્રસ્થ એટલે તોલા ૬૪ થાય છે; તેમજ તેટલાજ ઘીમાં પચાવવાને બદલે તોલા ૩૨ પ્ર. ૧ લી ૩ જીમાં લખે છે; તથા હિંદી ટીકાકાર લખે છે કે ચિત્રકથી ગુંદ પર્યંતની ઔષધીઓ એ બે તોલા અને તે શિવાયની એટલે મરી, પીપર, સુંઠ એ ત્રણ વગરની ઔષધીઓ ચાર ચાર તોલા લેવી. અને મારવાડી ટીકાકાર સીંઘોડાથી ગુંદ પર્યંત સર્વ બબે તોલા અને બીજી તમામ ચાર ચાર તોલા લેવી લખે છે, પરંતુ જે તેથી વિશેષ પાઠ ઠીક લાગ્યો તે કાયમ રાખેલ છે માટે અનુભવી વૈદ્યરાજોને જે યોગ્ય લાગે તે ગ્રહણ કરવો. ભા. કર્તા.

૨ પ્ર. ૪ થીમાં 'कसेरु' કસેરૂ એવો પાઠ હોવાથી કસેલાં લેવા લખેલું છે, અને પ્ર. ૩ જીમાં 'केशरं' એવો પાઠ છે જેથી કેશર લેવા લખ્યું છે. તેમજ 'ग्रंथि के चैव चित्रकैं' એવો પાઠ પ્ર. ૬ ઠીમાં છે અને પ્ર. ૫ અને ૭ મીમાં 'ग्रंथिकं चव्यचित्रकं' એવો પાઠ છે.

छर्दितृष्णाज्वरश्वास पाण्डुरोगक्षयंक्षयम् ।
अपस्मारं शिरार्तिश्च योनिशूलंचदारुणम् ॥ ७ ॥
योनिरक्तप्रवाहंच ज्वरंमन्दाग्नितांहरेत् ।
वृद्धोयुवायतेकामी वंध्याभवतिपुत्रिणी ॥ ८ ॥
अवीर्य्योवीर्य्यमाप्नोति भवत्स्त्रीणांप्रियोनरः ।
एषकूष्माण्डकोलेहः सर्वरोगनिवारणः ॥ ९ ॥

અર્થ—આ અવલેહ તૈયાર થાય ત્યારે થોડું ઘી નાંખી પછી ઉપયોગમાં લેવો કિંવા ખાનાર મનુષ્યનું બળાબળ વિચારી આ પાકની માત્રા આપવી તે ઉપર તાજુ ઘી (રૂચી માફક) પીવરાવવું તો તેથી રક્તપિત્ત ઉધરસ, કમળો, તમક નામનો શ્વાસ, ફેર આવતા હોય તે, ઉલટી, તરસ (શોષ પડતો હોય) તાવ,અથવા તૃષાજ્વર, દમ, પાંડુ રોગ, ક્ષય, અપસ્માર (વાઈ, મૃગી, ફેફરૂં) માથાનાં દરદો, યોનિશૂળ, રક્ત પ્રવાહ (યોનિમાંથી લોહી નીકળે છે તે લોહીવા) તાવથી થયેલી મંદ અગ્નિ એ સર્વ મટે છે. વૃદ્ધ મનુષ્ય પણ યુવાન થાય છે અથવા યુવાનની માફક કામી થાય છે, વાંઝણી સ્ત્રી પણ પુત્રને પામે છે અર્થાત્ ગર્ભવંતી થાય છે, પરાક્રમથી અથવા વીર્યથી રહીત મનુષ્ય પરાક્રમ વા વીર્યને પ્રાપ્ત કરે છે, આ પાક પુરૂષ ખાય તો તે પુરૂષ સ્ત્રીઓને પ્રીય (વાલ્હો) લાગે અને સ્ત્રી ખાય તો તે સ્ત્રી પુરૂષને વલ્લભ લાગે. આ કોહળાનો અવલેહ–પાક સર્વ રોગને હરે છે. ૬–૯.

ત્રીજો ભૂરા કોહળાનો પાક.

कूष्माण्डकान्पलशतं सुच्छिन्नंनिष्कुलीकृतम् ।
पचेत्ततोघृतेप्रस्थे पात्रेताम्रमयेदृढे ॥ १० ॥
यदामधुनिभः पाकः स्तदाखण्डंचनिक्षिपेत् ।

અર્થ—ભૂરા કોહળાને છોલી બીજ દૂર કરી તોલા ૪૦૦ લેઈ તેને છણવાની છણીથી છણી બાફી નાખી ઘી તોલા ૬૪ માં તળી લાલાસ પડતું થાય ત્યારે તોલા ૪૦૦ ખાંડ વા સાકરની ચાસણીમા નાખી પાકની રીતી મુજબ પાક બનાવવો. પેહેલા પાકમાં બતાવ્યા પ્રમાણે તે સર્વ ઔષધીઓ આની અંદર નાખી ઉપયોગમાં લેવો. ૧૦.

ચોથો કોહળા પાક.

निष्कुलीकृतकूष्माण्डा खण्डान्पलशतंपचेत् ॥ ११ ॥
निक्षिप्याद्वितुलानीर मर्द्धशिष्टंचगृह्यते ।
तानिकूष्माण्डखण्डानि पीडयेदृढवाससा ॥ १२ ॥
आतपेशोषयेत्किंचित् शूलाग्रैर्बहुशोविधेत् ।
क्षिप्त्वाताम्रकटाहेच दद्यादष्टपलंघृत ॥१३॥
तेनकिंचिद्भर्जयित्वापूर्वोक्तंतज्जलंक्षिपेत् ।
खण्डंपलशतंदत्वासर्वमेकत्रपाचयेत् ॥ १४ ॥

અર્થ—પાકેલા પેઠા (ભૂરા કોહળા)ને છોલી કાપી બીજ કહાડી નાખી તેના નાહના કકડા કરી તોલા ૪૦૦ અંદાજથી બમણા પાણી (તોલા ૮૦૦)માં મંદાગ્નિએ ઉકાળી અર્દ્ધ ભાગનું પાણી રહે ત્યારે ઉતારી લેઈ જાડા કપડામાં નાખી નીચોવી જરા તડકે સૂકવી ઝીણી અણી વાળી શૂળોથી તે કકડાને ખૂબ વિંધી નાખવા, બાદ [1]ત્રાંબાની કડાઈમાં ઘી તોલા ૩૨ મૂકી તળી નાખવા. બાદ જે પાણી અર્દ્ધ ભાગે ઉતારી કકડાઓ નીચોવી રાખી મૂકેલ હોય તે પાણી તેની અંદર નાખી તેમાં સાકર વા ખાંડ તોલા ૪૦૦ એકત્ર કરી પકાવવાં. ૧૨–૧૪.

---

૧ પાક બનાવવામાં દરેક ઠેકાણે ત્રાંબાની કઢાઈ વાપરવી એવો પાઠ છે અને જે પૂર્વાચાર્યોએ તીક્ષ્ણ બુદ્ધિ વાપરી કહેલ તે અક્ષરસઃ સત્ય હશેજ; પરંતુ ત્રાંબાની કડાઈ સ્વચ્છ અને વપરાતી ભાગ્યેજ હોય છે જેથી પારકા હાથે કામ લેનાર પુરૂષો બરોબર તપાસ કર્યા શિવાય જો તેમાં અવલેહ વા, પાક બનાવે તો કાટનો ભાગ આવવાથી ગુણને બદલે અવગુણ થવા સંભવ રહે છે; માટે લોખંડની કડાઈ વાપરવી એ સર્વથી ઉત્તમ માનું છું, તેમજ ત્રાંબાની વાપરવી તો ખૂબ સાફ કરાવી–પૂરતી રીતે જાતે તપાસ કરી ઉપયોગમાં લેવી; વળી ત્રાંબાના પાત્રમાં દૂધ ન રાખવા માટે ઘણાક સુજ્ઞ પુરૂષોની મનાઈ છે જેથી સર્વ બાબતોપર લક્ષ દેઈ અનુભવી પુરૂષો યોગ્યાયોગ્ય વીચારી સ્વકાર્યમાં કુશળ રહેશે. **ભા. કર્ત્તા.**

सुपक्के पिप्पलीशुंठी जीराणांद्वेपले पृथक् ।

पृथक्पलार्द्धधान्याकं पत्रैला मरिचंत्वचम् ॥ १५ ॥

चूर्णीकृत्यक्षिपेत्तत्र घृतार्द्धं क्षौद्र मावहेत् ।

અર્થ—જ્યારે સારી રીતે પરી પકવથાય ત્યારે પીપર, સુંઠ, જીરૂં, શાહજીરૂં, એ ચાર ચાર તોલા, અને ધાણા, પત્રજ (તમાલપત્ર,) એલચી, મરી, તજ એ બબે તોલા લેઈ સર્વ ખાંડી ચાળી તેમાં નાખવાં, તથા ઘીથી અર્ધ ભાગે (તોલા ૧૬) મધ નાખી ઉપયો-ગમાં લેવો. ૧૫.

ગુણ.

खादेदग्निबलंदृष्ट्वा रक्तपित्तज्वरक्षय ॥ १६ ॥

शोषतृष्णातमच्छर्दि कासश्वासक्षतातुरः ।

कुष्मांडकावलेहोयं बालवृद्धेषुयुज्यते ॥ १७ ॥

उरःसंधानकृद्वृष्यो बृंहणीबलकृन्मतः ।

અર્થ—ખાનાર મનુષ્યની અગ્નિ (જઠરાગ્નિ)નું બળાબળ તપાસી [1]વૈદ્ય અનુમાન માફક ખાવા આપે તો; રક્તપિત્ત, (અથવા લોહીવિકાર, પિત્તજ્વર) તાવ, ક્ષય, શોષ, તરસ, અંધારી, (ફેર)ઉલટી, ઉધરસ, શ્વાસ, છાતીમાં પડેલી ચાંદી વીગેરે રોગોથી આતુર થયેલ મનુષ્યને આ કોહુળાનો અવલેહ (લેહ) હીતકારી છે, તેમજ બાળક તથા વૃદ્ધને પણ દેવા લાયક છે, છાતીને મજબૂત (પુષ્ટ) કરે છે, વીર્ય, ધાતુ, અને શરીરની પુષ્ટી તથા બળને વધારનાર છે. ૧૭.

---

૧ વૈદ્ય શાસ્ત્રીપણાનો મહાન હોદ્દો ભોગવવો એ કાંઈ સહેજ વાત નથી, કેમકે જેમાં અનેક પ્રકારની માહેતીઓ મેળવવી પડે છે તેમજ તર્ક શક્તિ, સ્મર્ણ શક્તિ, સમયસૂચકતા અને લોકપ્રિયતા મેળવવા સાથ દરેક રોગોનાં નિદાન, પૂર્વરૂપ, રૂપ, ઉપશય, અને સંપ્રાપ્તિ તથા તમામ વનસ્પતિ અને ધાતુઓ વગેરેની ઓળખ, ગુણ-દોષ દેશ, કાળ, વય, શક્તિ, અગ્નિ, અને અષ્ટાંગ વિદ્યા, તેમજ તમામ પ્રકારનાં ઔષધોની ક્રીયા અને માત્રા વગેરેનું પૂર્ણ જ્ઞાન, સર્વ શાસ્ત્રોનું અધ્યયન કરી મેળવે તોજ રોગરૂપી વીકટ સમુદ્રમાં શરીરરૂપી વાહાણ જોખમમાં આવી પડેલ તેને તેમાંથી બચાવવા મહાનુભવી સુકાણીરૂપ વૈદ્યશાસ્ત્રી બને છે. સુખોમણી.

युक्त्वाकूष्मांडखंडस्य शूरणंविपचेत्सुधिः ॥ १८ ॥

अर्शसांमूढवातानां मंदाग्निनांचयुज्यते ॥ १९ ॥

અર્થ—જેવી રીતે કોહળાને સાફ કરવાની વિધિ છે તેમજ સુરણને છોલી શૂરણ અને કોહળુ બન્ને સરખે ભાગે લેઈ શુદ્ધ કરી સુરણ અને કોહળાના ઝીણા કકડાં કરી બન્નેને પકાવી અથવા એકલા સૂરણને કોહળા પ્રમાણેજ પાક બનાવી ખાય તો અર્શ-(હરષ-મસા) મૂઢવાયુ, મંદાગ્નિ વગેરે દૂર થાય છે. ૧૯.

નાલીયર પાક.

[1]कनकोमूशलीकन्दो यमकोअहिखरस्तथा ।

उटींगणंकौंचबीजं चूर्णयित्वापृथक्पृथक् ॥ २० ॥

कार्पासमज्जादुग्धेन क्षीरेज्याः सप्तभावनाः

सूर्य्यातपेशुष्कचूर्णं नालिकेरन्तुपूर्णयेत् ॥ २१ ॥

द्वात्रिंशद्गुणदुग्धेन विपाच्यमृदुवन्हिना ।

चूर्णयित्वाघृतेपाच्यं भेषजैः सहचूर्णितैः ॥ २२ ॥

चातुर्जातलवंङ्गंच जातीपत्रंफलंतथा । पलार्द्धंखण्डकुडवं

અર્થ—ધંતૂરાનાં બીજ, મુશળી, ખોરાસાની અજમો, એખરો, ઉટીંગણ (ઉંટકંટા-ઉતકંટાળાનાં બીજ) અને કૌચાં એ ઔષધો બરાબર લેઈ જુદાં જુદાં ખાંડી ચાળી તથા કપાસીયાની મીજ વાટી દૂધમાં તેની ખીર બનાવી અથવા તે વાટેલી મીંજેને દુધની સાત [2]ભાવના દેઈ તડકે સૂકવી નાળીયરના ગોળામાં તે ચૂર્ણને ભરી તે ગોળાથી ૩૨ ગણા દૂધમાં ધીમી આંચથી ગોળાને પકાવી-ખાંડી માવો બનાવી તેમાં

---

૧ પ્ર. ૩ જીમાં ધંતૂરાનાં બીજ ભાગ ૧ મુશળી બે ભાગ, ખોરાસાની અજમો ત્રણ ભાગ, એખરો ચાર ભાગ, ઉટીંગણ પાંચ ભાગ, કૌચાં છ ભાગ લેવાં. કપાસીયાની બીજને દૂધમાં રાંધી ખીર બનાવી તે છ ચીજોનું ચૂર્ણ કરી તેને તે ખીરની ભાવનાઓ દેવી એમ લખ્યું છે.

૨ ભાવના એટલે પટ દેવો તે. જે ચીજને જેના પટ દેવા હોય તેના રસમાં ડુબતી રહે તેટલો રસ નાંખી રાખવો બીજે દીવસ ફરી તેમાં ઔષધી ડુબે તેટલો રસ ભરી મૂકવો, છાંયડે રાખી હવા ખવરાવવી, એમ જેટલી ભાવના દેવી હોય તેટલી એજ પ્રમાણે દેવી.

ઘી અનુમાન માફક નાખી રવો (કીટી) બનાવ્યા બાદ પ્રથમની તૈયાર કરેલી દવાઓ મીલાવી (મેળવી તેમાં ચાતુર્જાત, લવીંગ, જાવંત્રી, અને જાયફળ એ બબે તોલા લેઈ ચૂર્ણ કરી ખાંડ તોલા ૧૬ લેઈ સર્વ એકત્ર કરી વિધિવત્ પાક બનાવી લેવો. ૨૦—૨૨

ગુણ.

ग्रहित्वानुपिवेत्पयः ॥ २३ ॥
वातरोगप्रमेहांश्च बलहानि क्षयंतथा ।
वृद्धो युवायतेकामी नालिकेरस्यपाकतः ॥ २४ ॥

અર્થ—આ નાળીયર પાક ખાઈ ઉપર દૂધ પીએ તો વાયુરોગ, પ્રમેહ, કમજોર (બળહાની–અશક્તિ) અને ક્ષય, એટલાનો નાશ કરે છે; તથા વૃદ્ધ છતાં આ પાકના સેવનથી યુવાનની માફક કામી થાય છે અથવા વૃદ્ધ પણ યુવાન–કામી બને છે. ૨૩—૨૪.

બીજો નાલીયર પાક.

द्वौप्रस्थौ किलगोलकान्घृत[1] तुलाप्रस्थंचचारुद्रवं ।
गोदूग्धंचतुलार्द्धयेपरिपचेन्मत्संडिका चाढकै ।
जातिपत्रफलंचदेवकुसुमंशृंगाटकं मर्कटी ।
जाजीचंपक धान्यकंमदनिकागंगेरुकीदाडिमं ॥ २५ ॥
वाराहीचविदारिगोक्षुरसढी मास्याश्वगंधासमं ।
चातुर्जातसतावरी त्रिकुटकं मुस्तंहिमं त्रैफलं ।
मिश्रेया कुशकाशचूर्णतमिदं भाव्यैरस्यैः शाल्मलैः
पात्रेताम्रमयेप्रवीक्षमथितं स्निग्धेचभांडेक्षिपेत् ॥ २६ ॥

અર્થ—નાળીયરનો ગોળો તોલા ૧૨૮ તથા ચારોળી તોલા ૬૪ લેઈ પાંચશેર (૨૦૦ તોલા) ગાયના દૂધમાં મંદ આંચથી પકાવવો તેમાં અનુમાન માફક [1]ઘી નાખી કીટી કરવી બાદ ખાંડ તોલા ૨૫૬

૧ આ પાકમાં 'घृततुला' એવો પાઠ છે એથી તોલા ૪૦૦ ઘી નાખવું એમ અર્થ થાય છે. પરંતુ પાકનું વજન અને ઔષધીઓનું પ્રમાણ જોતાં તેટલું ઘી નાખવું એ અપ્રમાણ જણાય છે જેથી વૈદ્યશાસ્ત્રીઓએ વિચારી અનુમાન પ્રમાણે પ્રમાણ યોજી લેવું.

તેની ત્રાંબાની કઢાઈમાં ચાસણી કરી તેમાં કીટી નાખી એકત્ર કરી લીધા બાદ જાવંત્રી, જાયફળ, લવીંગ, સિંઘોડાં, કોચાં, જીરૂં, ચંપાનાં ફૂલ, ધાણા, કસ્તૂરી, ગંગેટીની છાલ, દાડમ દાણા, [1]વારાહીકંદ (ડુકરકંદ) [2]વીદારીકંદ (ભૂંયકોહળું) ગોખરૂ, કચૂરો, જટામાંશી, આસગંધ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, સતાવરી, સુંઠ, મરી, પીપર, મોથ, ચંદન અથવા કપૂર, હરડાં, બેહડાં, આંમળાં, સવા, કાશનાં મૂળ, અને ડાભનાં મૂળ એ સર્વ સમભાગે મર્યાદા મુજબ ખાંડી, ચાળી, તે ચૂર્ણને શીમળાના રસની ભાવના દેઈ ઉકત ચાસણીમાં નાખી એક જીવ કરી ઘીના રીઢા વાસણમાં વા સ્વચ્છ ચીનાઈ કે કાચના વાસણમાં ભરી રાખવો. ૨૫-૨૬.

ગુણ.

स्वादेत्तस्यपलद्वयंमकुरते वर्णाग्निवीर्यबलं ।
एतस्यानुपिवेदतीवकथितदूग्धंयथेष्टंसुधी ॥ २७ ॥

અર્થ—આ પાક આઠ તોલાના અંદાજથી દરરોજ ખાય અને ઉપર સુંદર ખૂબ કઢેલું દૂધ, મીશ્રી, ઘી સહીત જેટલું રૂચે તેટલું પીએ તો કાન્તિ (સ્વરૂપ) અગ્નિ, વીર્ય અને બળની વૃદ્ધિ થાય છે. ૨૭.

એરંડી પાક.

निस्तुषंबीजमेरण्डं पयसाष्टगुणैः पचेत् ।
तस्मिन्पयसिशोषेच तंबीजंपरिपेषयेत् ॥ २८ ॥
पश्चाद्घृतेनसंयुक्तं सम्पचेन्मृदुवन्हिना ।
कटुत्रिकंलवंगश्चएलात्वक्पत्रकेशरम् ॥ २९ ॥

---

૧ વારાહી કંદ-ડુકર કંદ-સૂકર કંદ વગેરે નામથી ઓળખાય છે, તે કંદ સર્વ પર્વતોપર જોવામાં આવે છે, એના વેલા થાય છે, નાગરવેલના પાન જેવાં પાન હોય છે, તેનો કંદ જમીનમાં વૃષણા કૃતિનો થાય છે, તેના ઉપર સુવરના વાળ જેવી રૂંવાટી હોય છે તેમજ સુવરને વિશેષ એ કંદ પ્રિય છે જેથી તેનાં નામો સુવરના નામને મળતાં નિર્ઘંટામાં દ્રષ્ટીગોચર થાય છે.

૨ વીદારી કંદ પણ પર્વતોમાં થાય છે તેને જંગલી લોકો તથા મારવાડી લોકો ઘોડાવેલ કહે છે. તેના વેલા હોય છે જમીનમાં એક નીચે એક એમ સાત સાત ગાંઠો હોય છે તેને ભૂંયકોહળું, તથા ફગવેલાનો કંદ કહે છે. આબુના પહાડઉપર અથવા જુનાગઢની ગીરમાં તેની ઘણીજ છત છે.

अश्वगंधाशिफारास्नाषट् [1] गंधारेणुकावरी ।
लोहंपुनर्नवाश्यामा उशीरं जातिपत्रकम् ॥ ३० ॥
जातीफलमभ्रकंच सूक्ष्मचूर्णन्तुकारयेत् ।
शीतेभूतेवलेहोयं तस्मिन्खण्डसमोदयम् ॥ ३१ ॥

અર્થ—એરંડાની મીંજ શેર ૧ લેઈ આઠગણા (આઠ શેર) દૂધમાં પકાવવી. જ્યારે દૂધ શોષાઈ જાય (બળી જાય) ત્યારે તેને વાટી (પીસી) નાખી ઘીમાં ધીમી આંચથી પકાવવી તેમાં ત્રિકટુ (સુંઠ, મરી, પીપર) લવીંગ, એલચી, તજ, તમાલપત્ર, નાગકેશર, આસગંધ. સવા, રાસ્ના, પીપરીમૂળ, [2] રેણુકબીજ, સતાવરી, ગજવેલ, સાટોડી, દારૂહળદર, વીરણવાળો, જાવંત્રી, જાયફળ, અને અભ્રક ભસ્મ, એ સર્વ સમભાગે લેઈ ચૂર્ણ કરી એકત્ર કરવું અને અવલેહ બનાવવો, ઠંડો થયા પછી તે સર્વ ઓષધની બરાબર ખાંડ નાખવી. ૨૮—૩૧.

ગુણ.

वातारिपाकनामोयं प्रातरुत्थायभक्षयेत् ।
अशीतिवातरोगांश्च चत्वारिंशच्चपैत्तिकान् ॥ ३२ ॥
उदराणितथाचाष्टौ सोफरोगान्निहन्तिच ।
विंशतिर्मेहजानूरोगा न्षष्टिर्नाडीव्रणानिच ॥ ३३ ॥
हन्त्यष्टादशकुष्ठानि क्षयरोगाश्चसप्तच ।
पंचैवपाण्डुरोगाणि पंचश्वासान्प्रणाशयेत् ॥ ३४ ॥
चतुरोग्रहणीरोगा न्हृदिरोगंगलग्रहम् ।

---

૧ "षट्गंधा" એવો પાઠ છે તેનો અર્થ હિંદી ટીકાકારે તેમજ મારવાડી ટીકાકારે પીપરીમૂળ કરેલો છે તથા નાગોરી ગદ્યમાં અજમોદ કહેલ છે પરંતુ મદન પાલ, ધન્વંતરી, દ્રવ્યાવળી એ ત્રણ નિઘંટો તપાસતાં એ બન્ને અર્થ યોગ્ય લાગતા નથી તેમ તમામ પ્રતો જોતાં પાઠ એકજ નીકળે છે જેથી સ્પષ્ટીકરણ તે શબ્દનું થઈ શકતું નથી.

૨ રેણુકબીજ તેને કેટલાક ટીકાકારો નગોડનાં બીજ અને કેટલાક મેહદીનાં બીજને કહે છે હિંદુસ્તાનમાં તેને રેણુંકા નામથી ઓળખે છે.

ભા. કર્તા.

अनेकवातरोगाणि तानिसर्वाणिवारयेत् ॥ ३५ ॥
शुल्कापाकेतिविख्यातः सर्वरोगनिवारणे ॥ ३६ ॥

અર્થ—આ વાતારી (વાયુનો અરી-શત્રુરૂપ) પાક પ્રાતઃકાળે (બે રૂપિયાભાર અથવા ચાર ભાર) દરરોજ ભક્ષણ કરે તો એંશી જાતના વાયુરોગ, ચાલીસ જાતના પિત્તરોગ, આઠ જાતના ઉદરના (પેટના) રોગ, સોજો, વીસ જાતનો પ્રમેહ, સાઠ [1]જાતનાં કિંવા, છ જાતનાં નાડી વ્રણ, અઢાર જાતના કોઢ, સાત જાતના ક્ષય, પાંચ જાતના પાંડુ, પાંચ જાતના શ્વાસ, ચાર જાતની સંગ્રહણી, છાતીના રોગ, ગળાના રોગ, કિંવા ગળાની રગોનું પકડાઈ જવું, સારાંશમાં સર્વ જાતના વાયુરોગોને આ શુલ્ક નામથી પ્રખ્યાતી પામેલો પાક દૂર કરે છે. ૩૨—૩૬.

ગોખરૂ પાક.

प्रस्थंगोक्षुरसूक्ष्मचूर्णमुदितंदुग्धाढकेपाचितम् ।
जाविश्रीचलवंगलोहमरिचैः कर्पूरकंशाल्मली ।
अब्दंशोषसुवर्णबीजरजनीधात्रीकणाकेशरं ।
चातुर्जातमथाहिफेनममलंकच्छूकुबेराख्यकम् ॥ ३७ ॥
तत्तुल्याचसितातदर्धविजयाप्रस्थद्वयंगोघृतं ।
प्रोक्तंवैद्यवरेणनिर्मितमिदंमन्दाग्निनापाचयेत् ।

અર્થ—ગોખરૂ તોલા ૬૪ લેઈ ચૂર્ણ કરી દૂધ તોલા ૨૫૬ માં પકાવી માવો કરવો બાદ જાવંત્રી, લવીંગ, લોહ ભસ્મ કાળાં મરી, ભીમસેની કપૂર (બરાસ) શિમળાનાં મૂળ, સમુદ્ર શોષ, ધંતૂ-રાનાં બીજ, હળદર, આમળાં, પીપર, કેશર, ચાતુર્જાત, અફીણ, કૌચાં, અને અજમો, એ સર્વ ઔષધીઓ સમાન ભાગે લેઈ તે સર્વની બરોબર સાકર વા-ખાંડ અને તે સર્વના અર્ધ ભાગે ભાંગ લેવી, બાદ ગાયનું ઘી તોલા ૧૨૮ લેઈ તે સર્વ ઔષધીઓનું ચૂર્ણ કરી

---

૧ નાડીવ્રણ પ્ર. ૧ લીમાં અને પ્ર. ૪ થીમાં ૭ જાતનાં લખેલ છે પ્ર. ૨ જી પ્ર. ૩ જી અને ૫ મીમાં ૬૦ જાતના લખેલ છે; પરંતુ માધવ નિદાન, શાર્ઙ્ગધરસંહિતા, વાગ્ભટાદિ ગ્રંથો જોતાં નાડી વ્રણ ૫ જાતના લખેલ છે છતાં અન્ય ગ્રંથોપર આધાર રાખી અથવા નાડી વ્રણ એટલે નાસુર-ભરનીગળ વગેર મળી ૬૦ નો સમાવેશ કર્યો હોય તો કોણ જાણે.

તે ઘીમાં શેકી કીટીમાં મેળવી—સાકરની ચાસણી કરી પાકની રીત પ્રમાણે પાક તૈયાર કરવો. પરંતુ મંદાગ્નિ (ધીમી આંચ)થી પકાવવો એમ મહાન વૈદ્યોએ કહેલું છે. ૩૭.

ગુણ.

प्रातःसेव्यमिदंसुमानत्रमितंव्याधेश्चविध्वंसनं ।
अंशांशैर्विहितंप्रमेहशमनंसङ्गेंगनाद्रावकम् ॥ ३८ ॥
क्षीणेपुष्टिकरंक्षयेक्षयहरंवाजीकरंकामिनां ।
मेतद्गर्जितमानिनीमृगरिपुर्वातार्तिजित्वौषधम् ॥ ३९ ॥

અર્થ—આ પાકનું પ્રાતઃકાળમાં હરરોજ (ચાર તોલા ભાર) સેવન કરે તો સર્વ વ્યાધિઓનો વિધ્વંશ (નષ્ટ—નાશ) થાય છે, હરષ તથા પ્રમેહને મટાડે છે, સ્ત્રી સંગ વખતે સ્ત્રીને સ્ખલીત કરે છે, ક્ષીણ (નીર્બળ) મનુષ્યને પુષ્ટ કરે છે, ક્ષયનો ક્ષય (નાશ) કરે છે, કામી જનોને વાજી કરણ (વીર્યની વૃદ્ધિ તથા પુષ્ટી) કરે છે તથા મદમાં છકેલી સ્ત્રીઓનાં માનરૂપી મૃગનાં માન મર્દન કરવા આ ગોખરૂ પાક સિંહ સમાન છે અને વાત રોગને જીતનાર ઉત્તમ ઔષધ છે. ૩૮—૩૯

બીજો ગોખરૂ.

गोकंटकंसदलमूलफलंगृहीत्वा ।
संकुट्टितंपलशतंकथितंचतोये ।
पादावशेषसलिलेचपलानि दत्वा ।
पंचाशतंपरिपचेदथशर्करया ॥ ४० ॥
तस्मिन्घनत्वमुपगच्छतिचूर्णतानि ।
दद्यात्पलद्वयमितानिसुभेषजानि ।
शुंठीकणामरिचनागदलत्वगेला ।
सज्जातिकोषककुभत्रपुषोफलानि ॥ ४१ ॥ वंशीपलाष्टक

અર્થ—[૧]ગોખરૂનાં પંચાગ (પાંદડાં, ફૂલ; ફળ, મૂળ, ડાળાં)

---

૧ ગોખરૂ માળવી—ઓડા—કાંટા વગરના લેવા. પ્ર. ૧ લીમાં ખાંડ પચાસપળ (૨૦૦ તોલા) લેવા કહ્યું છે અને પ્ર. ૨ જી ૩ જી ૫ મીમાં ૫૦૦

લેઈ તેનું ચૂર્ણ કરી ૪૦૦ તોલા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી રહે ત્યારે સાકર તોલા ૨૦૦ તેની અંદર નાખી પકાવવી, જોઇએ તેટલી ઘટ (જાડી) થાય ત્યારે તેમાં નીચે લખેલાં ઔષધો આઠ આઠ તોલાને અંદાજે (વજને) લેઈ સુક્ષ્મ (ઝીણું) ચૂર્ણ કરી નાખવું તે સુંઠ, પીપર, મરી, નાગકેશર, તમાલપત્ર, તજ, એલચી, જાયફળ, અકલકરો અને કાકડી(ત્રપુષી)નાં બીજ તથા વંશલોચન તોલા ૩૨ લેવું એ સર્વનું ચૂર્ણ તેમાં મેળવી પાકની વિધિ પ્રમાણે પાક બનાવવો. ૪૦—૪૧

ગુણ.

मिह्मणिधायनिसं ।
लेह्यंसुसिद्धममृतंपलसंमितंतत् ।
हंसाशुमूत्रपरिदाहविबंधशुक्र ।
कृच्छ्राश्मरीरुधिरमेहमधुप्रमेहान् ॥ ४२ ॥

અર્થ—આ અમૃત સમાન ફળ-(ફાયદો) આપનાર પાકનું દરરોજ પ્રાતઃકાળમાં જે મનુષ્ય ચાર તોલા સેવન કરે (ખાય) તો તેના મૂત્રનો દાહ (બળતરા) પેશાબનું રોકાઈ જવું, અથવા ધાતુનું જવું, મૂત્રકૃચ્છ, પથરી, પેશાબમાં લોહીનું પડવું, મીઠો પરમીયો, અથવા સર્વ પ્રમેહ એ સર્વે ઘણીજ જલદીથી નાશ પામે છે. ૪૨.

આસગંધ પાક.

पूर्वंकृत्वाश्वगंधाया श्चूर्णंदशपलानिच ।
तदर्द्धंनागरंचूर्णंतस्यार्द्धापिप्पलीशुभा ॥ ४३ ॥
मरिचानांपलंचैकं सूक्ष्मंचूर्णन्तुकारयेत् ।
त्वगेलापत्रपुष्पंच एकैकन्तुपलंपलम् ॥ ४४ ॥
तुलार्द्धंमाहिषंदुग्धं दुग्धस्यार्द्धंचमाक्षिकम् ।
माक्षिकार्द्धंघृतंगव्यं खण्डादशपलानिच ॥ ४५ ॥
पयःखण्डाज्यमाक्षीकं चत्वार्येकत्रकारयेत् ।

સો પળ (૨૦૦૦ તોલા) કહેલ છે. 'पंचाशत' એવો પાઠ છે તેને બદલે 'पंचशत' સમજી અર્થ કર્યો હોય એમ જણાય છે.

कटाहेमृन्मयेक्षिप्त्वा पाचयेन्मृदुवह्निना ॥ ४६ ॥
कृशानुज्वालयेताव द्यावदुत्कलितंभवेत् ।
अश्वगंधादिकंचूर्णं किंचिदुग्धेनघोलयेत् ॥ ४७ ॥
पूर्वंकथितदुग्धेन क्षिप्त्वाचूर्णपचेद्भिषक् ।
दार्वीप्रलेपेसंजाते चतुर्जातंविमुंचयेत् ॥ ४८ ॥
यज्जातंतण्डुलाकारं तावन्निःपात्रमाचरेत् ।
पयोमुक्तंघृतंदृष्ट्वा तावदुत्तारयेत्ततः ॥ ४९ ॥

અર્થ—ચાલીસ તોલા આસગંધ, ૨૦ તોલા સુંઠ, ૧૦ તોલા પીપર, ૪ તોલા મરી એટલાનું ચૂર્ણ કરી જુદુ રાખવું તથા તજ, એલચી, તમાલપત્ર, અને નાગકેશર એ દરેક ચારચાર તોલા લેઈ એ સર્વનું બારીક ચૂર્ણ કરીને જુદુ રાખવું. ભેંસનું દૂધ તોલા ૨૦૦ તેની અંદર ૧૦૦ તોલા [1]મધ, ૫૦ તોલા ગાયનું ઘી અને ૪૦ તોલા ખાંડ; એટલે દૂધ, ખાંડ, ઘી, મધ એમ ચારેને મેળવી એકત્ર કરી માટીના પાત્ર (વાસણ)માં નાખી ધીમી આંચથી જ્યાં સુધી ઉભરો ન આવે ત્યાં સુધી ઉકાળવું (પકાવવું) બાદ પ્રથમ કરી રાખેલું આસગંધ વગેરેનું ચૂર્ણ થોડા દૂધમાં ઘોળી તે ઉકળતા દૂધમાં મેળવી પકાવતાં કડછી (તાવેતા)ને ચોટવા લાગે તેવું થાય ત્યારે ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર)નું ચૂર્ણ જે કરેલું તે અંદર નાખી ચોખાના દાણાની માફક જુદા જુદા રવા પડે ત્યાં સુધી પકાવવું જ્યારે માવાથી છૂટું થઈ જાય ત્યારે નીચે વખેલાં ઔષધોનું ચૂર્ણ કપડ છાણ કરી તેમાં નાખવું તે કહીએ છીએ. ૪૩-૪૯

ग्रंथिकंजीरकंच्छिन्ना लवङ्गंतगरन्तथा ।
जातीफलमुशीरंच वालुकंमलयोद्भवम् ॥ ५० ॥
श्रीफलांभोरुहंधान्यं धातुकिंवंशरोचनां ।
धात्रीखदिरसारंच घनसारंतथैवच ॥ ५१ ॥
पुनर्नवाजगन्धेच हुताशनशतावरी ।

---

૧ મધ ઉન્હું થવાથી કિંવા મધ ઉન્હા પદાર્થમાં નાંખવાથી વિષરૂપ બને છે એમ **મદનપાળ નિઘંટ** કર્ત્તા કહે છે માટે તે વિષે વૈદ્યવરોએ વિચાર કરી ઉપયોગ કરવો.

"मात्रागद्याणकाचैव द्रव्याणामेकविंशतिः ॥ ५२ ॥
सूक्ष्मचूर्णपुराकृत्वा योगेह्यस्मिन्विनिक्षिपेत् ।
पश्चात्सुशीतलंकृत्वा स्निग्धभाण्डेनिधापयेत् ॥ ५३ ॥

અર્થ—પીપરીમૂળ, જીરૂં, ગળો, લવીંગ, તગર, જાયફળ, વીરણવાળો, સુગંધીવાળો, ચંદન; ટોપરૂં, કમળ કાકડી, ધાણા ધાવડીનાં ફૂલ, વંશલોચન, આમળાં, ખેરસાર, કપૂર, સાટોડીની જડ, અજમોદ અથવા બાવચી, ચીત્રામૂળ, અને સતાવરી, એ એકવીશ ઔષધો એકેક ગદ્યાણો લેઈ પુર્વોક્ત પાકમાં એકત્ર કરી શીતળ (ઠંડો) થયા પછી સ્વચ્છ ઘીના રીઢા વાસણમાં ભરી મૂકવો ૫૦-૫૩.

ગુણ.

पलार्द्धमपिभुंजीत यदृच्छाहारभोजनम् ।
कासंश्वासंतथाहन्या दजीर्णवातशोणितम् ॥ ५४ ॥
प्लीहामयंच मन्दच आमवातं च दुर्जयम् ।
सोफशूलंच वातार्द्ध पाण्डुरोगंच कामलां ॥ ५५ ॥
ग्रहणीगुल्मरोगंच अन्यान्वातकफोद्भवान् ।
विकाराविलयंयान्ति यथासूर्य्योदयेतमः ॥ ५६ ॥
एकमासप्रयोगेण वृद्धःसंजायतेयुवा ।
मंदाग्नीनांहितंबल्यं बालानांचांगवर्द्धनम् ॥ ५७ ॥
स्त्रीणांचकुरुतेपुष्टिं प्रसवेस्तन्य वर्द्धनम् ॥
यावत्स्तनंभवेत्स्तोकं तावद्दुग्धयुतंभवेत् ॥ ५८ ॥
क्षीणानांचाल्पवीर्याणां हितंकामाग्निदीपनम् ॥
सर्वव्याधिहरंश्रेष्ठं योगंसर्वोत्तमंविदुः ॥ ५९ ॥

અર્થ—આ પાકમાંથી દરરોજ બે તોલાના અંદાજથી પ્રાતઃકાળમાં ખાય અને પોતાની મરજી અનૂકળ શરીરને સુખ કર્ત્તા પ-

પ્ર. ૧ લી માં 'ग्रंथिकंजीरकंछन्ना' એવો પાઠ છે. 'अंभोरुह' એટલે કમલ એવો અર્થ થાય છે પરંતુ ટીકાકારોએ કમળકાકડી એવું દરેકમાં લખેલ છે. અજગંધા એટલે વન તુળશી તથા આવચી બાવચી અગર અજગંધા નામની બીજી વનસ્પતી પણ થાય છે. પરંતુ અજમોદ એવા અર્થ નિઘં ા જોતાં સંભવતો નથી માટે ભીષગ્વરોએ વીચારી લેવું.

દાર્થો ભોજનમાં વાપરે તો ઉધરસ, શ્વાસ, અજીર્ણ, વાતરગ્ત, ખરોળ, મેદવૃદ્ધિ, આમવાયુ, સોજો, શૂળ, વાયુ, હરષ, (અથવા બાદી અર્શ, હરષ) પાંડુરોગ, કમળો, સંગ્રહણી, ગોળો અને અનેક વાયુના રોગ તથા કફના રોગ જેમ સૂર્યના ઉદયથી સર્વ અંધકારનો નાશ થાય છે તેમ આ પાકથી તે સર્વ રોગો નાશ થાય છે. એક મહીના સુધી આ પ્રયોગ શરૂ રાખે તો વૃદ્ધ મનુષ્ય યુવાની પામે છે, મંદાગ્નિ વાળાને ઘણો-જ હીતકારી છે, બળ આપનાર છે, બાળકોનાં અંગોને મજબૂત તથા વૃદ્ધિ કરનાર છે; તેમજ સ્ત્રીઓને પુષ્ટિ કર્ત્તા છે, પ્રસવ સમયથીજ સ્તનો દૂધથી પુષ્ટ કરે છે, એટલુંજ નહિ પણ જ્યાંસુધી સ્તન ન્હાના થાય ત્યાં સુધી પણ દૂધથી પરીપૂર્ણ રાખે છે અર્થાત્ ધાવણ પુસ્કળ આવે છે. નીર્બળ (ક્ષીણ) કૃસ અને થોડા વીર્ય વાળાને હીતકારી છે, કામ-દેવ રૂપી અગ્નિને પ્રદીપ્ત કરે છે, મતલબમાં સર્વ વ્યાધિઓને દૂર કરવા આ ઉપાય સર્વથી શ્રેષ્ટ છે. ૫૪—૫૯

અફીણ પાક.

आकल्लकंकेशरदेवपुष्पं जातीफलंभृङ्गसहंसपाकं ॥
एतानिकुर्वीतसहानिविद्रा न्मूलार्द्धभागंक्षिपनागफेनं॥६०॥
क्षीरेणफेनंपरिपच्यबध्वा मूलात्सितांषङ्गुणमानयोग्यां ॥
विमर्द्यकुर्याद्गुटिकानिशायां मुखेकृतांकामयतेशतानि ॥६१॥
आसेवनंयःप्रकरोतिनित्यं दृढोन्नतांगःसचमानवःस्यात् ॥
समस्तमातंगवलीसकामी व्रजन्तिरोगाःक्षयजाश्चसर्वे ॥६२॥

અર્થ—અકલકરો, કેશર, લવીંગ, જાયફળ, ભાંગ અને હિંગળોક. એ સમ ભાગે લેવાં તે સર્વથી અરધે હિસ્સે ચોખ્ખું અફીણ લેવું પ્રથમ અફીણની કપડામાં મજબૂત પોટલી બાંધી એક હાંડલી (હાંલ્લું) લેઈ તેમાં એક શેર દૂધ ભરી ઢાંકણીને ડુંટે (ટોચકે) તે પોટલીને દોરાવતે બાંધી તે દૂધમાં તળીયે ન અડે એવી રીતે ઝુ-લતી રાખી અગ્નિવડે પકાવવું; બાદ દૂધ જાડું થઈ જાય ત્યારે તે પોટલીને છોડી લેવી. આ ડોળકા યંત્ર કહેવાય છે. ઉપર લખેલી ઔષધીઓનું ચૂર્ણ કરી તેમાં તે અફીણ મેળવી સર્વ ઔષધોથી છ ગણી ખાંડ ને સાથે મસળી એક જીવ કરી ચાર માસા (૨૪ રતી

ભાર) ની ગોળીઓ બાંધી, રાત્રીએ મુખમાં રાખી તેનો રસ ચૂસ્યા કરે તો સો સ્રીઓ સાથે આનંદ (રતિ ક્રીડા) કરવાની તાકાત(શક્તિ) પ્રાપ્ત થાય, જો દરરોજ આ ગોળીઓનું સેવન કરે તો દ્દઢ (મજબૂત) શરીર હાથીના સમાન બળવાન, કામદેવના પૂરથી ભરપૂર બને છે; અને ક્ષય, ક્ષીણતા આદિ સર્વ રોગો દૂર જાય છે. ૬૦-૬૨

હરડે પાક અથવા અગસ્તિ હરડે.

द्विपंचमूलेभकणात्मगुप्ता भार्गीसठोपुष्करमूलविश्वा ॥
पाठामृताग्रंथिकशंखपुष्पी रास्नाग्न्यपामार्गबलायवासान् ६३
द्विपालकान्यस्ययवाढकंच हरीतकीनांचशतंगुरूणाम् ॥
द्रोणेजलस्याढकसंयुतेवा क्वाथेकृतेपूतचतुर्थभागे ॥ ६४ ॥
पचेत्तुलांशुद्धगुडस्यदत्वा पृथक्सतैलंकुडवंघृतंच ॥
चूर्णन्तुतावन्मगधोद्भवाया देयंचतस्मिन्मधुशीतसिद्धं ॥६५॥

અર્થ—દશ મૂળ, ગજપીપર, કૌચાં, ભારંગી, કચૂરો, પૂષ્કર મૂળ, સુંઠ, કાળીપાઠ, ગળો, પીપરીમૂળ, શંખાવળી, [1]રાસ્ના, ચીત્રક, અંધાડો, બળબીજ અથવા ખરેટી મૂળ, અને જ વાસા, એ સર્વ ઔષધીઓ આઠ આઠ તોલા લેવી (ખાંડી ચાળી ચૂર્ણ કરી રાખવી) મોટી હરડે નંગ ૧૦૦ (વગર ચુએલી) તથા જવ તોલા ૨૫૬ લેઈ પાણી તોલા ૧૨૮૦ માં તે હરડેઓ નાખી ઉકાળવી ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી તે ક્વાથ (ગળી) લેઈ હરડેમાંથી બીજ કાહડી નાખી તેની અંદર નાખવી; તેમાં તોલા ૪૦૦ ચોખ્ખો ગોળ નાખી તે કાઢો પકાવવો તે અવલેહ (લેહ) ચાટવા જેવો થાય ત્યારે પુર્વોક્ત ચૂર્ણ નાખી એકત્ર કરી ઉતારી લેઈ ઠંડો કરી પીપર તોલા ૧૬ તેલ તોલા ૧૬ ઘી તોલા ૧૬ અને મધ તોલા ૧૬ નાખી બરણીમાં ભરી રાખવો. ૬૩—૬૫

---

૧ આનાં ઝાડ ભાવનગર તરફ તથા જામનગરથી ચાર પાંચ ગાઊ ઉપર ચૂડેશર ગામ છે ત્યાંના ખેતરોમાં તેની પેદાસ જોવામાં આવે છે, તેનો છોડ આસરે એક ફુટ ઉંચો, પાન મેથીના જેવાં પણ ધોલાસપર હોય છે, તે ઉપર ઝીણી રૂવાટી જણાય છે, તે રાસ્ના-રાયસેણ નામથી પ્રસિદ્ધ છે,

ગુણ.

रसायणंकल्कमथोविलेह्या द्वेचामयोनित्यमथासुहन्यात् ॥
तद्राजयक्ष्याग्रहणीत्रिदोषं सोफाग्निमांद्यंस्वरभेदकंच ॥ ६६ ॥
पांड्वामयंश्वासशिरोविकारान् हृद्रोगहिक्काविषमज्वरांश्च ॥
मेधावलोत्साहगतिप्रदोषे [1]हरीतकीपाकअयस्वरिष्ठः ॥ ६७ ॥

અર્થ—આ રસાયણ રૂપ પાકમાંથી દરરોજ બે હરડે કલ્ક સમેત (તજ, તમાલપત્ર, એલચી, નાગ કેશર તેના ચૂર્ણ સાથે) ખાય તો રાજયક્ષ્મા (ક્ષય) ત્રિદોષ સંગ્રહણી, સોજો, મંદાગ્નિ, સ્વરભંગ (સ્વર ભેદ) પાંડુ, શ્વાસ, માથાના વિકાર, છાતિના રોગ, હિક્કા (હેડકી) અને વિષમજ્વર, વગેરેને દૂર કરે છે તથા બુદ્ધિબળ, ઉત્સાહ અને ગતી આપનાર આ હરડે પાક વા, અવલેહ સર્વ પાકમાં શ્રેષ્ટ શ્રી અગસ્ત્ય મુનિ (ઋષિ)એ બનાવેલ વા, કહેલ છે. ૬૬—૬૭

મધુ પક્વ હરડે.

सुपक्वपथ्यापलपंचकंच ।
मूत्रेगवांप्रस्थमितेविपाच्यम् ॥
प्रस्थेपुनः कांजिकदुग्धतक्रे ।
पक्त्वाततोनिःकुलिकांविधेया ॥ ६८ ॥
व्योपंजवानीकुटजस्यबीजं ।
मुस्ताजलंदाडिममाऽम्लवेतसम् ॥
सधातुकीपुष्पमजाजियुग्मं ।
कणाजटामोचरसंसबिल्वम् ॥ ६९ ॥

सौवर्चलंसैंधवमश्मवल्कं जाम्बाम्रमज्जातिविषाचपाठा ॥
लवंगजातीफलतुर्यजाता न्येतानितुल्यानिविचूर्णितानि ॥७०॥
कपित्थमाण्डूरमयोदशांशा समस्तचूर्णार्द्धमितासिताच ॥
एतैश्चपथ्यापरिपूरणीया सूत्रेणयुक्तोपरिवेष्टनीया ॥ ७१ ॥

[1] પ્ર. ૧ લી ૩જી ૬ ઠી માં 'चक्रारमेतंभगवान्त्यगस्ति' એવો પાઠ છે.

स्थाल्यांततस्तक्रमधोनिधाय तृणानिमुक्तोपरितांविमुच्य ॥
मन्दाग्निनायाममथोविपाच्य विहायसोतामधुनिक्षिपेच्च ॥७२॥

અર્થ—સારી પાકેલી વગર ચુએલી મોટી હરડે તોલા ૨૦ લેઈ તેને ૬૪ તોલા ગાયના મૂત્રમાં પકાવવી બાદ કાંજી, દૂધ અને છાસ તોલા ૬૪ લેઈ તેઓમાં એક પછે એક વાર પકાવવી પછી તેને ઉતારી લેઈ ચાર ફાડીઆં કરી બીજ રહીત કરી તેમાં સુંઠ, મરી, પીપર, અજમો, ઈંદ્રિજવ, મોથ [3]નેત્રવાળો, અનાર દાણા, અમ્લવેતસ, ધાવડીનાં ફૂલ, જીરૂં, શાહજીરૂં, પીપરી મૂળ, મોચરસ, બીલીનો ગર્ભ, સંચળ, સિંધવ, પાષાણ ભેદ, જાંબુ, અને કેરીની ગોટલી, અતિવિષ, કાળીપાઠ, લવીંગ, જાયફળ, અને [4]ચાતુર્જાત. એ અઠાવીશ ઔષધો સમાન ભાગે લેવાં, કોઠનો ગર્ભ અને મંડુર સર્વના દશમે ભાગે તથા સર્વથી અર્દ્ધ ભાગે સાકર એ સરવને ખાંડી, ચાળી તે ચૂર્ણ હરડેની રવૈયાંની માફક ચાર ફાડો કરેલી હોય તેમાં મસાલાની માફક ભરી સુતરના દોરાથી તેઓ સરવેને બાંધી એક માટીના વાસણમાં છાસ ભરી ડોકાં (સલેકડાં અથવા સરખટ) વા, જુવારના સાંઠાનો માળો (સાથરો) બનાવી તે ઉપર હરડેઓને ગોઠવી ધીમી આંચથી એક પોહોર સુધી પકાવવી, પછી ઉતારી લેઈ ઠંડી થયા બાદ ચોખા મધની અંદર ડૂબાવી દેવી; પરંતુ નાખેલું મધ ફાટી જાય તો બદલી બીજુ મધ નાખવું અને જ્યારે મધ પોતાના અસલ સ્વરૂપમાં રહે ત્યારે તે મધુ પકવ હરીતકી ઉપયોગમાં લેવી. ૬૮—૮૨

---

૩ 'मुस्ताजलं' એવો પાઠ છે તેનો અર્થ મોથ અને છીણીનાં મૂળ એવો કર્યો છે પણ નિઘંટો જોતાં તે છીણીના મૂળનો અર્થ 'જળ' એ શબ્દથી ઘટી શકતો નથી પરંતુ જળ એટલે વાળો એ અર્થ ઘટે છે માટે તે કાયમ રાખેલો છે.

૪ જે ઔષધોના અર્થ બે ત્રણ ઠેકાણે લખવામાં આવ્યા હોય તેના અર્થ ફરી ફરીને લખેલા નથી માટે જ્યાં ચાતુર્જાત શબ્દ આવે એટલે તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, સમજી લેવાં. ત્રિકટુ, ત્ર્યૂષણ, ત્રિગડુ, વ્યોષ એ શબ્દ લખ્યો હોય ત્યાં સુંઠ મરી પીપરજ સમજવાં. ત્રિફળાં શબ્દ આવે ત્યાં હરેડાં બેરડાં આમળાં સમજવા, ત્રિસુગંધ ત્રિજાત શબ્દ આવે ત્યાં તજ તમાલપત્ર એલચી સમજવાં.

ગુણ.

सासेव्यमानाग्रहणीप्रमेह श्वासापहा अग्निकरासवृष्याः ॥
पांड्वामवातापहराश्चपुष्टि प्रदायकामध्यभयाःप्रदिष्टाः ॥ ७३ ॥

અર્થ—આ મધુપકવ હરડે પૈકી દરરોજ એક હરડે પ્રાતઃકાળ સેવન કરે તો સંગ્રહણી, પ્રમેહ, શ્વાસ, પાંડુ અને આમવાયુ એટલા રોગોનો નાશ કરે છે; તથા જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે, વૃષ્ય (વીર્ય, શક્તિ, તેજ અને બુદ્ધિને વધારે) છે અને પુષ્ટિ કર્ત્તા છે. ૭૩

આમળાં પાક અથવા ચ્યવન પ્રાશાવલેહ.

शृंगीतामलकीफलत्रिकबला च्छिन्नाविदारीसटी
जीवंतीदशमूलचंदनघनैर्नीलोत्पलैलावृषैः
मृद्वीकाष्टकवर्ग पौषकरयुतैः सार्द्धपृथक्पालिकैः
अंबूद्रोणशतानिपंचविपचेत्धात्रीफलानामतः ॥ ७४ ॥
उद्धृतामलकानितैलघृतयोःषड्भिःपलःसंमिता
भृष्टान्यर्द्धतुलानिधाय विधिवत्मृच्छंडिकायांपचेत्
शीतेषणमधुनापलानिकुडवावंश्यचतुर्जातकम्
मुष्टिर्मागधिकापलद्वयमितः प्राश्यःस्मृतश्च्यावनः ॥७५॥

અર્થ—કાકડાશિંગ, ભુંયઆમલી (અથવા તાલિસપત્ર), ત્રિફળાં, બળબીજ, ગળો, ભુંયકોહળું, કચૂરો (કિંવા કપૂર કાછલી), જીવંતી[1] (રાયડોડી,) દશમૂળ, ચંદન, મોથ (અથવા કપૂર), કમળકાકડી (કિંવા નીલુંકમળ) એલચી, અરડૂસો, દ્રાક્ષ, [2]અષ્ટવર્ગ (જી-

---

૧ પ્રત ૧–૩ માં "जीवंती" નો અર્થ રાયડોડી બતાવેલ છે અને અન્ય પ્રતોમાં તેનો અર્થ જીવનિય ગણુનાં ઓષધો લેવાં; પરંતુ અષ્ટવર્ગમાં જંગલી મગ, જંગલી અડદ, ડોડી અને જેઠી મધ એ ઔષધો જીવનીયગણુ સંજ્ઞાવાળાં છે તે પૈકી અષ્ટવર્ગ તો ઉક્ત પાઠમાં મોજુદ છે, માત્ર ત્રણુ ઔષધો બાકી રહ્યાં તે માટે કાંઈ બે વખત કથન કરવાની આવશ્યકતા જણાતી નથી તેથી જીવંતીનો અર્થ રાયડોડી એજ વધારે સબંધ પડતો જણાય છે; પછી તો સદ્વૈદ્યોને અનુકૂળ જણાય તે ખરૂં.

૨ જીવક અને ઋષભના અભાવે વીદારીનાં મૂળ, મેદામહામેદાના અભાવે સતાવર અને કાકોલી, ક્ષીર કકોલીના અભાવે આસગંધનાં મૂળ લેવાં.

વક, ઋષભક, મેદા, મહામેદા, કાકોલી, ક્ષીર કાકોલી, ઋદ્ધિ અને વૃદ્ધિ) અને પુષ્કર મૂળ, એ સઘળાં ઔષધો ચાર ચાર તોલા ભાર લેવાં, પાણી તોલા ૧૦૨૪ લેઈ તેમાં સારાં પાકેલાં આમળાં નંગ ૫૦૦ તે ઉક્ત ઔષધો સાથે અગ્નિ ઉપર પકાવવાં, જ્યારે અષ્ટમાંશ (આઠમા ભાગે) પાણી રહે ત્યારે નીચે ઉતારી ચોળી ગાળી લેઈ (આમળામાંથી ઠળીઆ કાહાડી નાખી) તે આમળાંને મસળી કિંવા વાટી ઘી તોલા ૨૪ તથા તેલ તોલા ૨૪ નાખી રવો બનાવી, ખાંડ તોલા ૨૦૦ પ્રથમ ગાળી કહાડેલા પાણીમાં નાખી ચાસણી બનાવી તેમાં રવો નાખી અવલેહ તૈયાર કરવો. ઠંડો થયા પછી તેમાં મધ તોલા ૨૪, વંશલોચન તોલા, ૧૬, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર એ ચાર મળી તોલા ૪, અને પીપર તોલા ૮ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી સદરહુ પાકમાં મેળવી એક જીવ કરવું. આ ચ્યવન રૂષિનો બનાવેલ ચ્યવન પ્રાશાવલેહ વા, આમળા પાક કહેવાય છે. ૭૪—૭૫

ગુણ.

रक्तपित्तेक्षयेक्षीणे कासेकुष्टेभ्रमेतृषि ॥
आमलक्यादिकःपाको वलीपलितनाशनः ॥ ७६ ॥

અર્થ—આ ચ્યવન પ્રાશાવલેહનું પ્રાતઃકાળે નિત્ય સેવન કરે તો રક્તપિત્ત, ક્ષય, ક્ષીણતા, કિંવા ક્ષયથી થયેલી ક્ષીણતા, ઉધરસ, કોઢ, ચિત્તભ્રમ અથવા ફેર આવતા હોય તે અને તરસ વારંવાર લાગે તે સર્વ રોગનો તથા વૃદ્ધાવસ્થાની શરીર ઉપર પડેલી વળી (કરચલી) અને પળિયાનો નાશ કરે છે. ૭૬

મધુપકવ આમળાં.

धात्रीफलानिपक्कानी तिक्ष्णवंशेनवेधयेत् ॥
विश्वावरणपत्रीवा पलैश्चभेदयेत्भृशां ॥ ७७ ॥
गोदुग्धेनसंसेद्य पाणीयेनततः परं ॥
मधुमध्येक्षिपेत्भांडे स्थापयेदिनविंशति ॥ ७८ ॥
विनष्टंमधुसंरच्याज्य मधुमध्येपुनःक्षिपेत् ॥

शर्कराद्रोंक्षिपेत्भांडे धात्रीफलानिचोपरे ॥ ७९ ॥
सिताधात्रीफलाज्ञेचउपद्यूपरिधारयेत् ॥
दिनानामष्टतो

અર્થ—સારાં પાકેલાં આમળાં લેઈ તેને વાંસડાના તીખા સળાયાથી વિધિ છેદ પાડવા, સુંઠ તથા વરણાનાં પાદડાં ચાર ચાર તોલા લેઈ ગાયના દૂધમાં આમળા યુક્ત ઉકાળી પાણીમાં ધોઈ સાફ કરી, દૂધમાં ૨૦ દીવસ રાખવાં, મધ બગડી જાય ત્યારે મધ નાખવું જ્યારે અસલ સ્વરૂપે મધ કાયમ રહે ત્યારે આમળાના અદ્ધ ભાગે સાકર મેળવી દેવી એટલે આમલાની ઉપર સાકર અને ફરી તે ઉપર આમળાં અને સાકર એમ વાસણમાં ગોઠવી દિવસ ૮ રાખ્યા બાદ ઉપયોગમાં લેવાં. ૭૭—૭૯

ગુણ.

दद्यात् क्षीणेक्षीणवलेत्तरे ॥ ८० ॥
प्रमेहेमूत्रकृच्छेच नाशयेत्तत्क्षणादपि ॥
वाजीकरणमत्यूग्रं धात्रोफलनिसेवनात् ॥ ८१ ॥
कुष्टपित्तप्रकोपंच रक्तपित्तंनियछति ॥
रसायनमिदंसत्यं धन्वंतरेणभाषोतं ॥ ८२ ॥
नकथ्यंयत्रकुत्रापि नदेयंयस्यकस्यचीत् ॥
पुत्रस्यप्रियशिषस्य ब्राह्मणोभूपतिर्यति ॥ ८३ ॥
वीर्यवृद्धिकराण्याहु वन्हिवृद्धिकरानिच ॥
दद्रुकंडुत्वचारोगा हरतिःभष्यतिनानवै ॥ ८४ ॥

અર્થ—અનુમાન પ્રમાણ દરરોજ આ પાકનું સેવન કરે તો દુર્બળતા, અશક્તિ, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, કોઢ, પિત્તપ્રકોપ, અને રક્તપિત્ત એઓનો તત્કાળ નાશ કરે છે, તથા વાજી કરણ પ્રયોગમાં ઉગ્ર વાજીકરણ આ આમળા પાક સત્ય રસાયનરૂપ છે, શ્રી ધન્વંતરીજી કહે છે કે જ્યાં ત્યાં આ પ્રયોગ પ્રકાશ કરવો નહિ તેમજ જેને તેને બનાવી આપવો નહિ; કેમકે કુપાત્રને બતાવ્યાથી તથા ખાવા આપ્યાથી હાની કર્તા છે અર્થાત્ અવિધિવડે ઉપયોગ કરે છે

જેથી ઔષધને મહિમા ઘટે છે. માટે સુપુત્ર કિંવા સુશિષ્ય વા, કર્મકાંડી બ્રાહ્મણ અને ગુણજ્ઞ ભૂપતિ તથા સંત–સાધુને બતાવવો અથવા બનાવી આપવો. વળિ આ પાક સિદ્ધવીર્યની વૃદ્ધિ કરનાર છે, તેમજ જઠરાગ્નિની મંદતાને દૂર કરીસતેજ કરે છે. અને દાદર, ખરજ, ચામડીના રોગ નાશ કરે છે. ૮૦—૮૪ ×

જાયફળ પાક. ×

जातीफलंचकुडवं दुग्धस्यमणकंतथा ॥
पलमेकंतुनागानी लवंगजातीपत्रकं ॥ ८५ ॥
एलातमालपत्राणि जोरकंद्वंद्वमेवच ॥
वासावरणकंभारी आम्लवेतसवर्णिका ॥ ८६ ॥
उटींगणदाडिमंसारं कौछिचणिकबाबका ॥
वत्सनाभंचमाक्षिकं ह्रीबेरंकनकंतथा ॥ ८७ ॥
विजयामरिचकंकोल सर्कराचमहौषधि ॥
अश्वगंधायमादाय यष्ठिखदिरसारिवा ॥ ८८ ॥
लोहंबंगतथाताम्रं रुप्पंचमभ्रकेतथा ॥
एतत्योगंचसर्वंच हरिषेणापिभाषितं ॥ ८९ ॥

અર્થ—જાયફળ તોલા ૧૬ લેઈ એક મણ ગાયના દૂધમાં પકાવી માવો કરી તેમાં ચાર તોલા નાગકેશર, તથા લવીંગ, જાવંત્રી, એલચી, તમાલપત્ર, જીરૂં, શાહજીરૂં, અરડૂસો, વરણો, કંભારી, અમ્લવેતસ, વર્ણિકા, ઉટીંગણ, દાડિમસાર, કૌચાં, ચણિકબાલા, વછનાગ, સોવનમાખી, વીરણવાળો, ધતૂરાનાં બીજ, ભાંગ, મિરચ કંકોલ, સાકર, સુંઠ, આસગંધ, જેઠીમધ, ખેરસાર, અને ઉપળસરી તથા ગજવેલ ભસ્મ, બંગ ભસ્મ, તામ્ર ભસ્મ, રૂપાની ભસ્મ અને અભ્રક ભસ્મ વગેરે સમાન ભાગે અથવા વૈદ્યના વિચાર પ્રમાણે લેઈ ભસ્મો સિવાય સર્વનું ચૂર્ણ કરી ઉક્ત પાકમાં મેળવી,

---

× આમળા પાક અને જાયફળ પાકનો પાઠ સુદ્ધ મળ્યો નથિ માટે શંકા યુગત ભાષાનુવાદ સુધારી સદ્વૈદ્યોએ અર્થ ગ્રહણ કરવો.

સાકર પોતાની મરજી મુજબ નાખી પાક તૈયાર કરવો આ પાક હરિષેણે કહેલ છે. ૮૫—૮૯

ગુણ.

प्रमेहश्वासकासेच मूत्रकृच्छ्रविनाशनं ॥
बलहीनंवातपित्तं क्षयरोगविनाशकृत् ॥ ९० ॥

અર્થ—આ પાકનું વિધિયુક્ત નિત્ય સેવન કરે તો પ્રમેહ, શ્વાસ, ઉધરસ, મૂત્રકૃચ્છ્ર, અશક્તિ, વાયુ, પિત્ત અને ક્ષય રોગનો નાશ કરે છે. ૯૦

અરડૂસા પાક.

वासाक्षुद्राग्निपथ्यामलकपलयुतंपंचमूलद्वयंच ॥
झिंझिण्याक्काथमेनंवसुगुणपयसापाचितंतूर्यभागः
ग्राह्यस्तस्मिन्गुडमिततो निक्षिपेत्पाचयेच्चा ॥
निक्षेप्याव्योषयुक्तावलमुशलियुताजातकंसाथरीच ॥९१॥
शृंगाटकंबिल्वगिरंहरीद्रां खैरीरगुंदंचशतावरींच ॥
जातीफलंमाजुफलंकवाबी आकल्लकंमालविकाश्वगंधा ९२
सजातीपत्रीफटीकाप्रियंगु गुंदीफलंक्षौद्रयुतंघृतंच ॥
चूर्णंक्षिपेदिक्षुरसेसुपक्के लेहोभवेद्वासकसंज्ञकोयं ॥ ९३ ॥

અર્થ—અરડૂસો, રીંગણી, ચિત્રામૂળ, હરડે, આમળાં, [1]વૃહત્ પંચમૂળ, [2]લઘુ પંચમૂળ, અને [3]ઝીંઝીણી (ડીડૂની) એ પ્રત્યેક આઠ આઠ તોલા લેઈ એઓનો ક્વાથ આઠ ગણા (૩૨૦ તોલા) પાણીમાં બનાવવો, ચતુર્થાંશ (ચોથા ભાગે-૮૦ તોલા) પાણી રહે ત્યારે નીચે ઉતારી ચોળી વસ્ત્રગાળ કરી તે ક્વાથમાં [4]અનુમાન પ્રમાણે ગોળ

---

૧ વૃહત પંચમૂળ—બીલી, સીવણ, કાશ્ય, અરણી અને અરલુ એઓનાં મૂળ તે મોટાં પાંચ મૂળ કહેવાય છે.

૨ લઘુ પંચમૂળ—સમેરવો, ગંધી સમેરવો, મોટી રીંગણી, ભુંય રીંગણી અને ગોખરૂ એઓનાં મૂળ તે નાનાં પાંચ મૂળ કહેવાય છે એ બન્ને એકત્ર લેઇએ તો દશમૂળ કહેવાય છે.

૩ ઝીંઝણીને ગુજરાતી ભાષામાં શું કહે છે તે જણાયું નથી માટે સદ્વૈદ્યોએ વિચારી લેવું.

૪ અનુમાન પ્રમાણે એટલે ક્વાથના પ્રમાણમાં જેટલો યોગ્ય લાગે તેટલો ગોળ નાખવો.

મેળવી ફરી અગ્નિ ઉપર ચઢાવી પકવવો, તેમાં સુંઠ, મરી, પીપર, બળબીજ, મૂશળી, ચાતુર્જાત, અજમો, સિંઘોડાં, બીલાનો ગર્ભ, હળદર, ખેરીગુંદ, સતાવરી, જાયફળ, માજુ ફળ (માયાં) ચિણિકબાલા અકલકરો, માળવી બાવચી, આસંધ, જાવંત્રી, ફટકડી, ખૂપકળા (ફૂલ કાંગ) અને ગુંદાં (સૂકાયેલાં) એ સર્વ સમાન ભાગે લેઈ વસ્ત્ર-ગાળ ચૂર્ણ કરી મેળવીં શેલડીનો રસ, મધ તથા ઘી અંદાજ પ્રમાણે નાખી એક જીવ કરી અવલેહની વિધિ પ્રમાણે તૈયાર કરવો. આ વાસાવલેહ કેહવાય છે. ૯૧—૯૩

ગુણ.

कासश्वासहरोसदाबलकरोकामाग्निसंदीपनो ॥
रक्तव्याधिहरंक्षयक्षयकरंश्लेष्माहरंवातहृद्
मूत्रव्याधिहरं ज्वरादिशमनं मंदाग्नि संदोपनं
लेहोयंसरुजादभीष्टफलदः प्रोक्तः सवासाव्हयः ॥ ९४ ॥

અર્થ—પ્રાતઃકાળે નિત્ય આ પાકનું સેવન કરે તો ઉધરસ, શ્વાસ (દમ ચઢતો હોય તે), રક્ત વ્યાધિ, ક્ષય રોગ, શ્લેષ્મ, (કફ રોગ), વાયુ રોગ, છાતીનો રોગ, મૂત્રની વ્યાધિઓ અને તાવ આદિનો નાશ કરે છે, મંદાગ્નિ અને કામાગ્નિને પ્રદીપ્ત કરે છે, તથા હમેશાં બળ કર્ત્તા છે, વિશેષે કરીને કફ રોગો ઉપર આપવાથી આ અવલેહ અભીષ્ટ ફળને આપનારછે એમ પૂર્વાચાર્યોનું કહેવું છે. ૯૪

વાસા હરીતકી અવલેહ.

[1]तुलामादाय वासायः पचेदष्टगुणेजले ॥
तेनपादावशेषेण पाचयेदाढकंभिषक् ॥ ९५ ॥
हरीतकीनां चूर्णस्य शिताशुद्धातथाशतम् ॥
शीतेभूतेक्षिपेत्तत्र क्षौद्रस्याष्टौपलानिच ॥ ९६ ॥

---

૧ બોપ દેવ શતકમાં " वासावारिद्वितुला " એવો પાઠ છે જેથી અરડૂસાનો રસ ૮૦૦ તોલા અને રસથી અર્દ્ધ ભાગે સાકર લેવી લખેલ છે; પરંતુ ઉક્ત પાઠમાં રસ અને સાકર બન્ને સમાન વજનથી છે; એટલે અન્ય પાઠ સઘળી રીતે મળતોજ છે કિંતુ એકજ વસ્તુમાં તફાવત જણાય છે માટે અનુભવિ વૈદ્યવરોએ તેનો નિર્ણય કરવો.

वंशोद्भवायाश्चत्वारि पिप्पल्यार्धपलंतथा ॥
चातुर्जातंपलंचैव लेह्योयंसंप्रणाशयेत् ॥ ९७ ॥
रक्तपित्तंक्षयंचैव श्वासमग्नेश्चमंदतां ॥ ९८ ॥

અર્થ—અરડૂસાનો રસ તોલા ૪૦૦ લેઈ આઠ ગણા પાણીમાં ઉકાળવો, ચોથા ભાગનું પાણી બળતાં રહે ત્યારે તેમાં હરડેનું ચૂર્ણ તોલા ૨૫૬, સાકર તોલા ૪૦૦ નાખી પકાવવો જ્યારે ઝાડો થાય ત્યારે નીચે ઉતારી ઠંડો થયા પછી તેમાં મધ તોલા ૩૨, વંશલોચન તોલા ૧૬, પીપર તોલા ૩૨, ચાતુર્જાત તોલા ૪, નાખી એકત્ર કરી એ અવલેહ ઉપયોગમાં લેવો જેથી રક્ત પિત્ત ક્ષય, શ્વાસ અને અગ્નિની મંદતાનો નાશ કરે છે. ૯૫—૯૮

પુનઃ અરડૂસા પાક.

वासकस्यरसंप्रस्थं प्रस्थार्द्धेमधुशर्करे ॥
पिप्पल्याद्विपलंसाज्यं सम्यगलेहंविपाचयेत् ॥ ९९ ॥
वासावलेह्योयंश्रेष्ठः राज्ययक्ष्मनिषूदनः ॥
कासश्वासहरप्रोक्त उरक्षतहरः स्तथा ॥ ३०० ॥

અર્થ—અરડૂસાનો રસ તોલા ૬૪, મધ તોલા ૩૨, સાકર તોલા ૩૨, પીપર તોલા ૮ અને ગાયનું ઘી તોલા ૮ એ સર્વનો વિધિ યુક્ત અવલેહ બનાવી સેવન કરે તો ક્ષય, ઉધરસ, શ્વાસ અને છાતીમાંની ચાંદીનો નાશ કરે છે; સારાંશમાં કફ રોગ માટે આ અવલેહ શ્રેષ્ઠ છે. ૯૯—૩૦૦

ભાર્ગીશિવા અવલેહ.

[1]शतभागंतुभार्गायाः दशमूलंततः परम् ॥
शतंहरीतकीनांच पचेत्तोयेचतुर्गुणे[2] ॥ १ ॥
पादशेषेततस्तस्मिन् नव्यवस्त्रेणगालयेत् ॥
आलोढ्यं च तुलांपूत गुडस्यचक्षिपेत्ततः ॥ २ ॥

---

૧ "शतं संग्रह्यभार्ग्यास्तु दशमूल्यास्ततःपरं" એવો પણ પાઠ છે.

૧ એક ઔષધીથી ચાર ગણું અથવા એ ત્રણે ઔષધોથી ચાર ગણું પાણી લેવું તે વૈદ્યવરોની સંમતી ઉપર આધાર છે.

पुनःपचेतमंदाग्नौ यावल्लेहत्वमाप्नुयात् ॥
शीतेचमधुनश्चात्र षट्पलानिप्रदापयेत् । ३ ॥
त्रिकुटं त्रिसुगंधंच पलैकानिपृथक्पृथक् ॥
कर्षद्वयंयवक्षार संचूर्णप्रक्षिपेत्ततः ॥ ४ ॥

અર્થ—૧૦૦ ભાગ કિંવા૧૦૦ તોલા ભારંગ, ૧૦૦ ભાગ દશમૂળ અને ૧૦૦ ભાગ હરડે કિંવા ૧૦૦ હરડે લેઈ પાણી તોલા ૪૦૦ (કિંવા ૧૨૦૦ તોલા)માં ઉકત વસ્તુઓ નાખી પકાવવી. પાણી બળતાં ચોથા ભાગનું રહે ત્યારે હરડે જુદી કાહાડી લેઈ તે કવાથ વસ્ત્રથી ગાળી લેઈ તેમાં ગોળ તોલા ૪૦૦ નાખી ફરી તેને અગ્નિ ઉપર ચઢાવી ધીમી આંચ આપવી અને હલાવ્યા કરવો જ્યારે અવલેહ થયો જણાય ત્યારે નીચે ઉતારી ઠંડો થયા પછી મધ તોલા ૨૪ તથા ત્રિકટુ (સુંઠ, મરી, પીપર) તોલા ૪, ત્રિસુગંધિ (તજ, તમાલપત્ર, એલચી) તોલા ૪ અને જવખાર તોલા ૨, એઓનું ચૂર્ણ અને હરડે મિશ્ર કરી ઉપયોગમાં લેવો. ૧—૪

ગુણ.

भक्षयेदभयामेकां लेह्यस्यार्द्धपलंलिहेत् ॥
श्वासंसुदारुणंहन्ति कासंपंचविधंतथा ॥ ५ ॥

અર્થ— અવલેહમાંથી દરરોજ એક હરડે બે તોલા અવલેહ સંગાથે સેવન કરે તો ભયંકર શ્વાસરોગ અને પાંચ પ્રકારની ઉધરસનો નાશ કરે છે. ૫

રીંગણી પાક. અથવા વ્યાઘ્રિ પથ્યાવલેહ.

समूलपत्रान्वितकंटकार्या स्तुलांजलेद्रोणपरिप्लुतांच ॥
हरीतकीनांचशतांनिदद्या दत्वात्रपक्त्वाचरणावशेषम् ।६।
गुडस्यदत्वाशतमेतदग्नौ सुपक्वमुत्तार्यततःसुशीते ॥
कटुत्रिकंचत्रिपलप्रमाणं पलानिषट्पुष्परसानितत्र ॥७॥
तुगाक्षीरीचगायत्री भार्गीकर्कटशृंगिका ॥
कट्फलंपुष्करंवासा क्षिपेदर्द्धपलोन्मितान् ॥ ८ ॥

અર્થ—ભુંયરીંગણીનાં પંચાગ (ફૂલ, ફળ, પત્ર, મૂળ અને ડાળ) તોલાં ૪૦૦, હરડે નંગ ૧૦૦ લેઈ પાણી તોલા ૧૦૨૪મધ્યે નાખી અગ્નિ ઉપર ઉકાળવાં જ્યારે પાણી બળી ચોથા ભાગનું બાકી રહે ત્યારે નીચે ઉતારી વસ્ત્રથી ગાળી (રીંગણીનાં ફળ કાહાડી લેવાં તથા હરડેમાંથી ઠળીઆ કાહાડી નાખી બન્નેને ખાંડી ગાળી લીધેલા કાઢામાં નાખી) તેમાં ગોળ તોલા ૪૦૦ નાખવો. અને ફરી તેને અગ્નિ ઉપર ચઢાવી પકવવો જ્યારે ઘાટો થાય ત્યારે નીચે ઉતારી ઠંડો થયા બાદ તેમાં સુંઠ, મરી, પીપર. પ્રત્યેક ચાર ચાર તોલા અને મધ ૨૪ તોલા તથા વંશલોચન, ખેરસાર, ભારંગી, કાકડાસીંગ, કાયફળ, પુષ્કર મૂળ, અરડૂસો, એટલાં ઔષધો બબે તોલા લેવાં અને ચાતુર્જાત તોલા ૪ મધ સિવાય સર્વને ખાંડી વસ્ત્રથી ચાળી અવલેહમાં એકત્ર કરી મધ મેળવી ઉપયોગમાં લેવો. ૬—૮

ગુણ.

तथाग्नि प्रयुज्यमानोविधिनावलेहः ॥
वातात्मकंपित्तकफोद्भवंच द्विदोषजंकासमपित्रयंच ॥९॥
क्षतोद्भवंचक्षयजंचहन्या त्सपीनसंश्वासमुरःक्षतंच ॥
यक्ष्माणमेकादशमुग्ररूपं भृगूपदिष्टंहिरसायनंच ॥ १० ॥

અર્થ—ખાનાર મનુષ્ય પોતાની જઠરાગ્નિનું બળાબળ તપાસી આ અવલેહનું નિત્ય પ્રભાતકાળે સેવન કરે તો વાયુ, પિત્ત અને કફથી કિંવા દ્વિદોષ ત્રિદોષ કે છાતીમાં પડેલી ચાંદીથી ઉત્પન્ન થએલી ઉધરસ, પીનસ, શ્વાસ, છાતીની ચાંદી અને અગ્યાર પ્રકારના ભયંકર રાજ યક્ષ્મા (ક્ષય).તે સર્વ આ ભૃગુરૂષિજીના કહેલા વ્યાધિ પથ્યાવલેહ રૂપી રસાયન (જરા-વ્યાધિ નાશ કરતા) નું સેવન કર્યાથી નિશ્ચે નાશ થાય છે. ૯—૧૦

ભિલામા પાક.

भल्लातकानांपवनोद्धृतानां वृन्त्यच्युतानांचतथाढकंस्यात् ॥
तच्चेष्टिकाचूर्णचयेविघृष्य प्रक्षाल्यतोयेविसृजेत्प्रवाते ॥११॥

शुष्कंपुनस्तद्विदलीकृतंचततःपचेदप्पुचतुर्गुणेषु ॥
तत्पादशेषंपरिपूतशीते क्षीरेपचेत्तच्चपुनस्तथैव ॥ १२ ॥
घृतांशयुक्तेनघनंयथास्या त्सितोपलाःषोडशभिःपलैश्च ॥
विमृश्यसंस्थाप्यदिनानिसप्त

અર્થ—સારાં પાકેલાં ભિલામાં પવનથી ખરી પડેલાં તોલા ૨૫૬ લેઈ મોટા જાડા કપડામાં બાંધી પૃથ્વિ ઉપર પછાડવાં; પછી ઈંટના ભૂકામાં ઘસી પાણીથી ધોઈ સાફ કરી પવનમાં મૂકી સૂકાં કરવાં; બાદ એકેકના બબે કકડા કરી ભિલામાથી ચાર ગણા પાણીમાં પકાવવાં, ચોથા ભાગનું પાણી રહે ત્યારે કપડાવતે ગાળી ફરી ચાર ગણા ગાયના દૂધમાં પકાવવાં ચોથા ભાગનું દૂધ રહે ત્યારે ઘી તોલા ૬૪ નાખી ઘટ—જાડો થાય ત્યાં સુધી ઉકાળી તેમાં [1]સાકર તોલા ૬૪ નાખી એકત્ર કરી આ અવલેહ સાત દિવસ રાખી મૂકવો. ૧૧-૧૨

ગુણ.

ततः प्रयुंज्याग्निबलेनमात्रम् १३
जयेद्विकारानखिलान्चकुष्टान् दृष्टिंचदोर्ष्णंचबलंकरोति ॥
शतायुषंचैवनरंविधत्ते राजाह्वयंसर्वरसायनानां ॥ १४ ॥

અર્થ—ખાનાર મનુષ્યની અગ્નિનું બળાબળ જોઈ માત્રા આપે કિંવા ખાય તો સર્વ જાતના કોઢ નાશ કરે છે, દ્રષ્ટિને સતેજ કરે છે, બળ આપે છે, અને સો વર્ષનું આયુષ ભોગવે છે, એવો મહિમાવંત આ પાક સર્વ રસાયનનો રાજા રૂપ છે. ૧૩—૧૪

ભિલામા પાક બીજો.

भल्लातकंतुप्रस्थार्द्धं जलप्रस्थद्वयंतथा ॥
प्रस्थद्वयंतुगोदुग्धं पाचयेद्वन्हिनाततः ॥ १५ ॥

---

૧ સાકર નાખ્યા પછી એલચી, કપૂર, લવીંગ, પત્રજ, નાગકેશર, જાયફળ, જાવંત્રી એ સર્વ સવા આઠ તોલા લેઈ ચૂર્ણ કરી પાકમાં મેળવી ઘી નાખી દીવસ ૮ અનાજની કોઠીમાં રાખી મુકવો. ખાનાર મનુષ્ય રેચ લીધા પછી તેનો ઉપયોગ કરે તો વિશેષ ફાયદો છે. તેલ મર્દન, ખારૂં ખાટું સર્વ ત્યજી દેવું. એમ મારવાડી ટીકાકાર કહે છે.

प्रस्थार्द्धंगोघृतंभुक्त्वा प्रस्थमानातुशर्करा ॥
तदौषधंपलार्द्धंतु ह्यर्शांसियांतिसेवनात् ॥ १६ ॥

અર્થ—ભિલામાં તોલા ૩૨ લેઈ તેને ૧૨૮ તોલા પાણીમાં નાખી પકાવવાં, ચતુર્થાંશ રહે ત્યારે તેટલાજ ગાયના દૂધમાં પકાવવાં ચોથા ભાગે રહે ત્યારે તેમાં ૬૨ તોલા ગાયનું ઘી અને સાકર તોલા ૬૪ તેમાં નાખી ઘટ બને ત્યાં સુધી આંચ આપવી (અથવા ભિલામાને પાણી અને દૂધમાં રાંધી, કોરાં કરી ઘીમાં તળી સાકર મેળવી પાક બનાવવો) બાદ એ અવલેહ દરરોજ બે તોલા ખાય તો હર્ષ (મસા-વવાસીર) નાશ પામે છે. ૧૫—૧૬ ×

સુરણ પાક અથવા બાહુશાળ ગોળ.

त्रिवृत्तेजोवतीदंती श्वदंष्ट्राचित्रकंसटी ॥
गवाक्षीविश्वमुस्ताच विडंगाचहरीतकी ॥ १७ ॥
पलोन्मितानिचैतानि पलान्यष्टाचरुक्षराः ॥
तावत्पलंवृद्धदारु सूरणस्यतुषोडशा ॥ १८ ॥
जलद्रोणद्वयेक्काथं चतुर्भागावशेषितं ॥
पूर्वन्तुतंरसंभूयः क्काथोभिस्त्रिगुणोगुडः ॥ १९ ॥
लेहंपचेतुतंतावत् यावद्दार्वीप्रलेपनम् ॥
अवतार्यततःपश्चात् चूर्णानीमानिधापयेत् ॥ २० ॥
त्रिवृत्तेजोवतीकन्द चित्रकान्द्विपलांशकान् ॥
एलात्वक्मरिचंचापि नागाव्हंचापिषट्पलं ॥ २१ ॥
द्वात्रिंशत्पलकंचैव चूर्णदत्त्वानिधापयेत् ॥

અર્થ—નસોતર, માલ કાંકણી, દંતી મૂળ (નેપાળાનું મૂળ), ગોખરૂ, ચીત્રામૂળ, કચૂરો, ઇંદ્રવરણાં, સુંઠ, મોથ, વાવડીંગ અને હરડે, એટલાં પ્રત્યેક ચાર ચાર તોલા લેવાં, ભિલામાં તોલા ૩૨,

× ભિલામા સાફ કરતાં કિંવા કાપતાં અંગ ઉપર રસના છાંટા ઉડ્યા હોય અથવા ખાવાથી શરીર ઉપર ખરજ વા, દાગ દેખાતા હોય તો ટોપરૂં અને તલ ખાવા તથા ટોપરેલ કે તેલનું મર્દન કરવું.

વરધારો તોલા ૩૨, અને સૂરણ તોલા ૬૪ લેઈપાણી તોલા ૨૦૪૮ ની અંદર ઉક્ત ઔષધીઓ નાખી અગ્નિ ઉપર ઉકાળવી, બળતાં ચતુર્થાંશ પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી ગાળી તેમાં ત્રણ ગણો ગોળ નાખી ફરી અગ્નિ ઉપર ચઢાવી પકાવવું જયારે કડછી અગર તાવેતે ચોટવા લાગે ત્યારે ઉતારી લેઈ તેમાં નસોતર, માલ કાંકણી, સૂરણ અને ચીત્રામૂળ, એ આઠ આઠ તોલા લેવાં, એલચી, તજ, મરી અને નાગકેશર એ ચોવિસ ચોવિસ તોલા લેવાં, ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી પુર્વોક્ત પાકમાં નાખી એક જીવ કરી નીચે ઉતારવો, ઠંડો થયા પછી તેમાં [1]મધ તોલા ૧૨૮ નાખી સુંદર પાત્રમાં ભરી લેવો. ૧૭—૨૧

ગુણ.

ततोमात्राप्रयुंजीत जीर्णेक्षीणेरसायने ॥ २२ ॥
पंचगुल्मान्प्रमेहांश्च पाडुरोगंह्लीमकम् ॥
जयेदर्शांसिसर्वाणि तयासर्वोदराणिच ॥ २३ ॥
रसायनवरश्चैव मेधाजननकारकः ॥
गुडः श्रीबाहुसालोयं दुर्नामारिःप्रकीर्तितः ॥ २४ ॥

અર્થ—દેશ, કાળ, વય, જઠરાગ્નિ અને શરીરની શક્તિ વીચારી આ પાક યોગ્ય માત્રાથી સેવન કરે તો જીર્ણજ્વર, ક્ષીણતા, પાંચ જાતના ગુલ્મ, પ્રમેહ, પાંડુ રોગ, હલીમક (કમળાનો ભેદ), સર્વ જાતના મસાહરષ અને તમામ પેટના રોગ, એ સઘળી વ્યાધિઓ માટે આ અવલેહ ઉત્તમ રસાયન રૂપ છે, બુદ્ધિને સતેજ કરે છે, તથા આ બાહુશાલ ગુડ (ગોળ) દુર્નામ (હર્ષ–મૂળ વ્યાધિ) રોગનો શત્રુ છે એમ અનુભવી ગ્રંથકારોનું કહેવું છે. ૨૨—૨૪

---

૧ વિષ આદિથી પુષ્ટ પુષ્પોના રસથી વિષવાળી માખીઓ વગેરે મધપુડામાં મધનો સંગ્રહ કરે છે, તેજ કારણ માટેજ મધને સ્વાભાવિકજ વિષ સહીત કહેલ છે માટે અગ્નિ અને તડકામાં તપાવેલું અથવા ઉન્હા પદાર્થમાં નાખવાથી તપે તો તે મધ સેવન કરવાથી મનુષ્યનું મરણ નીપજાવે છે, જેથી હમેશાં મધ દરેક ઠંડા થયેલા પદાર્થમાં નાખવું. **મદનપાલ નિઘંટ.**

આદા પાક.

चूर्णितंचार्द्रकंप्रस्थं गुडप्रस्थेनपाचयेत् ॥
सर्पिषःकुडवंदत्वा चूर्णंतवेदमापचेत् ॥ २५ ॥
चातुर्जातपलंव्योषं त्रिफलातुर्य्यभागकाः ॥
लवंगमभयाभार्गी वृषभूनिंबपौष्करम् ॥ २६ ॥
देवदार्व्यश्वगंधाचजातीपत्रफलागुरु ॥
गायत्रीसारमृद्विच द्विगुणंचरसःक्षिपेत् ॥ २७ ॥

અર્થ—તાજું આદું તોલા ૬૪ લેઈ છોલી કકડા કરી ઘી તોલા ૧૬ માં તળી ગોળ તોલા ૬૪ નાખી અગ્નિદ્વારા પકાવવું; બાદ ચાતુર્જાત ૪ તોલા, વ્યોષ (સુંઠ, મરી, પીપર) ત્રણ તોલા, ત્રિફળા ૩ તોલા, લવીંગ, હરડે, ભારંગી, અરડૂસો, કિરીયાતું, પુષ્કર મૂળ, દેવદાર, આસગંધ, જાવંત્રી, જાયફળ, અગર, ખેરસાર અને કાળી દ્રાક્ષ એ પ્રત્યેક અકેક તોલો તથા લોહભસ્મ બે તોલા નાખી અવલેહની વિધિ પ્રમાણે તૈયાર કરી સુંદર પાત્રમાં ભરી રાખવો. ૨૫—૨૭

ગુણ.

कासंश्वासंक्षयंशोषं षडैकादशरूपिणम् ॥
श्लेष्मप्रकोपमामंच मंदाग्निमुदरग्रहम् ॥ २८ ॥
हृद्रोगंरक्तदोषंच हन्तिवर्णाग्निवृद्धिकृत् ॥
बलपुष्टिप्रदोवृष्य आर्द्रकोलेहउच्यते ॥ २९ ॥

અર્થ—આદ્રક અવલેહના સેવનથી ઉધરસ, ક્ષય, શોષ કિંવા અગ્યાર પ્રકારના ક્ષય, શ્લેષ્મ પ્રકોપ, આમ રોગ, મંદાગ્નિ, બંધકોષ, છાતીના રોગ અને લોહી વિકાર એ સર્વનો નાશ થાય છે, તથા કાંતિ, જઠરાગ્નિને વધારે છે. તેમજ બળ, પુષ્ટિ આપનાર છે અને વૃષ્ય છે. આનું નામ આદ્રકાવલેહ કહે છે. ૨૮—૨૯

પુનઃ આદા પાક.

आद्रकखंडसंकृत्वा प्रक्षिपेत्सुरभिघृते ॥
लोहेविशालेसुदृढे मृन्मयेवा विचिक्षणः ॥ ३० ॥

यावन्मात्राद्रकंखंडा स्तावन्मात्रागुडस्मृतः ॥
दार्व्याचालनयोगेन पाचयेन्मृदुवन्हिना ॥ ३१ ॥
सम्यगूपक्कततोज्ञात्वा द्रव्याणिमानिधापयेत् ॥
विश्वाजाज्योषणानाग केशरंजातीपत्रिका ॥ ३२ ॥
एलात्वक्पत्रमगधा धान्यकंकृष्णजीरकं ॥
ग्रंथिकंच विडंगंच तस्मिन्शाते प्रदापयेत् ॥ ३३ ॥

અર્થ—તાજા આદાને છોલી કકડા કરી લોખંડ અથવા માટીની વિશાળ અને મજબૂત કઢાઈમાં નાખી ગાયના ઘીમાં તળી કહાડવા, બાદ જેટલું આદું હોય તેટલાજ વજનથી ગોળ તેથાં નાખી કડછી અગર તાવેતા વડે હલાવ્યા કરવા અને ધીમી અગ્નિ આપવી, જ્યારે સારી રીતે પરીપકવ થયા જણાય ત્યારે નીચે ઉતારી ઠંડો થયા પછી તેમાં સુંઠ, જીરૂં, મરી, નાગકેશર, જાવંત્રી, એલચી, તજ, તમાલપત્ર, પીપર, ધાણા, શાહજીરૂં, પીપરીમૂળ અને વાવડીંગ એ સર્વ સમાન ભાગે લેઈ ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉક્ત પાકમાં એકજીવ કરી નાખી સુંદર પાત્રમાં ભરી લેવો. ૩૦—૩૩

ગુણ.

पलार्द्धमपिभुंजीत शीतकालेविशेषतः ॥
श्वासकासश्रुतिभ्रंशं स्वरभंगमरोचकं ॥ ३४ ॥
हृद्रोगंग्रहणीगुल्म शूलसोफान्निवारयेत् ॥ ३५ ॥

અર્થ—વિશેષે કરીને આ પાક શીતકાળ (શીઆળા)માં બે તોલાના અંદાજે સેવન કરે તો શ્વાસ, ઉધરસ, બેહરાસ, સ્વરભંગ, અરૂચિ, છાતીના રોગ, સંગ્રહણી, ગોળો, શૂળ અને સોજા વગેરેને દૂર કરે છે. ૩૪—૩૫

લસણ પાક.

तदुग्रगंधमादाय रात्रौतक्रेविनिक्षिपेत् ॥
प्रातर्निस्सायतत्पिष्ट्वा ततोदुग्धेविपाचयेत् ॥ ३६ ॥

निस्तुषंलशुनंप्रस्थ क्षीरप्रस्थचतुष्टये ॥
विपाच्यसांद्रीभूतस्मिन् सर्पिषः कुडवंक्षिपेत् ॥ ३७ ॥
रास्नावरीवृषाच्छिन्ना सटीविश्वासुरद्रुमम् ॥
वृद्धदारुकदीप्याग्नि सताव्हासपुनर्नवा ॥ ३८ ॥
फलत्रयंपिप्पलींच कृमिघ्नःकर्षसंमितः ॥
विचूर्णशीतेमधुना कुडवंतत्रयोजयेत् ॥ ३९ ॥

અર્થ—લસણુ તોલા ૬૪ લેઈ તેની દુર્ગંધિ દૂર કરવા રાત્રે દહીમાં કિંવા છાસમાં પલાળી રાખવું, પ્રાતઃકાળે તેમાંથી કાહાડી વાટી દૂધમાં રાંધવું એટલે જો લસણુની કળીઓ છોલેલી તોલા ૬૪ હોય તો (ગાયનું) દૂધ તોલા ૨૫૬ લેઈ તેમાં તે લસન નાખી પકવવું, જ્યારે માવા જેવું થાય ત્યારે તેમાં ૧૬ તોલા (ગાયનું) ઘી નાખી રવો (કીટી) પાડી, રાસ્ના, સતાવરી, અરડૂસો, ગળો, કચૂરો, સુંઠ, દેવદાર, વરધારો, અજમો, ચિત્રામૂળ, સવા, સાટોડી, ત્રિફળાં, પીપર અને વાવડીંગ એ સઘળાં અકેક તોલો લેવાં, ચૂર્ણ કરી પૂર્વોક્ત કીટીમાં મેળવી એક જીવ કર્યા બાદ ઠંડો થયે ૧૬ તોલા મધ નાંખી સુંદર પાત્રમાં ભરી રાખવો. ૩૬—૩૯

ગુણ.

शीतयाभक्षयेन्मात्रा माढ्यवातेह्नुग्रहे ॥ [1]
आक्षेपकादिभग्नेषु कुक्षोरुस्तंभहृद्ग्रहे ॥ ४० ॥
सर्वांगसंधिभग्नेच वातजासितरोगिणे ॥
पथ्योलशुनपाकोयं वर्णायुःपुष्टिकारकः ॥ ४१ ॥

અર્થ—શીતકાળ કિંવા સાકર સંગાથે યોગ્ય માત્રાએ સેવન

[1] પ્ર. ૧ લી માં "शीतया" શબ્દનો અર્થ એમ લખ્યો છે કે લસણુ પાકની ઔષધીઓની સમાન સાકર લેઈ તેની ચાસણી કરી કીટી તથા ઔષધીઓનું ચૂર્ણ મેળવી પાક ઉપયોગમાં લેવો. પ્ર. ૭ જી માં તે શબ્દનો અર્થ એમ લખ્યો છે કે ઉક્ત પાક ખાંડ વા, સાકર સાથે સેવન કરવો. અને પ્ર. ૪ થી માં લખે છે કે શીતકાળમાં ઉક્ત પાક ભક્ષણ કરવો આમ મતભિન્નત્વપણું છે માટે સદ્વૈદ્યોએ તેનો નિર્ણય કરવો.

કરે તો આઢ્ય વાયુ, હનુગ્રહ વાયુ, આક્ષેપ વાયુ, કટિ ભગ્ન વાયુ, કૂખમાંનો વાયુ, ઉરૂસ્તંભ વાયુ, હૃદ્ગ્રહ વાયુ, સર્વ શરીરમાં ફરતો વાયુ, તથા સંધિ વાયુ, આદિ ૮૦ પ્રકારના વાયુ રોગ માટે આ લસણ પાક પથ્ય (હિતકારી) છે, અને કાંતિકારક આયુદાતા તથા પુષ્ટિ કરનાર છે. ૪૦—૪૧

અન્ય લસણ પ્રયોગ.

लशुनंमनिशंसर्पिः मिश्र तैलमथोपिवा ॥
सवितुरुदयेजंतो जंग्धंविषमज्वरंजयेत् ॥ ४२ ॥
प्रबलपवनव्याधिन् हत्वाज्वरामपिनोचिरात् ॥
जनयंतिनरंसारोद्दारं स्मरादयोपिसुंदरं ॥ ४३ ॥

અર્થ—લસનને ૭ દિવસ સુધી ઘી અથવા તેલમાં મિશ્ર કરી સૂર્યોદય સમય તેનું સેવન કરે તો વિષમજ્વર, બળવાન વાયુવ્યાધિ અને જરા (વૃદ્ધાવસ્થા) દૂર કરે છે; પણ જો નીરંતર સેવન કરે તો કામદેવ કરતાં પણ વિસેષ સુંદરતા પ્રાપ્ત કરે છે. ૪૨—૪૩

કસેલા પાક.

कसेलांकुडवंचैव घृतंदेयंचतत्समम् ॥
गाक्षीरमाढकंदेयं पचेत्सम्यक्भिषग्वरः ॥ ४४ ॥
उत्तार्यचक्षिपेत्तत्र गुंदकालंपलद्वयं ॥
खंडप्रस्थद्वयंचैव पाकिंकृत्वाक्षिपेत्पुनः ॥ ४५ ॥
व्योषंपाषाणभेदंच लोध्रंजातीशतावरी ॥
मंजिष्ठाधातकीमाजू बिल्वमोचरसस्तथा ॥ ४६ ॥
एतेषांशुक्तिमात्रंच चतुःकर्षंचमोदकम् ॥

અર્થ—કસેલાં તોલા ૧૬ લેઈ તેને તેટલાજ (૧૬ તોલા) ઘીમાં પકાવી ગાયનું દૂધ તોલા ૨૫૬ લેઈ તેમાં કસેલાંનો માવો બનાવી નીચે ઉતારી દેવો. બાદ બાવળનો ગુંદ તોલા ૮ તેને ઘીમાં તળી લેવો, ખાંડ તોલા ૧૨૮ ની ચાસણી કરી તેમાં માવો અને ગુંદ ળવી સુંઠ, મરી, પીપર, પાખાણ ભેદ, લોદર, જાવંત્રી, સતાવરી,

મજીઠ, ધાવડીનાં ફૂલ, માયાં, બીલાનો ગર્ભ, અને મોચરસ એ સઘળાં ઔષધો બબે તોલા લેવાં, ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી પુર્વોક્ત પાકમાં એકત્ર કરી ચાર ચાર તોલા ભારના મોદક (લાડુ) વાળવા. ૪૪—૪૬

ગુણ.

स्त्रीमदरंनिहन्त्याशु योनिदोषंचशाम्यति ॥ ४७ ॥

અર્થ—ઉક્ત પાકનું પ્રાતઃકાળ વિધિયુક્ત દરરોજ સેવન કરે તો સ્ત્રીઓની યોની માર્ગથી વેહતી ધોળી ધાતુ, લોહી વા (રક્ત પ્રવાહ) કિંવા મિશ્ર રંગની ધાતુ (પરૂ) નિકળે તે પ્રદર રોગનો જલદીથી નાશ કરે છે, અને અન્ય યોનિ રોગોની શાંતિ કરે છે. ૪૭

કૌચાં પાક.

पचेद्द्विमस्थंकपिकच्छुबीजं उष्णोदकेयामचतुष्टयन्तु ॥
तानूघर्षयेद्वस्त्रदृढेसुगाढं यावद्भवेन्निर्मलनिस्तुषंच ॥ ४८ ॥
छायाविशुष्कंचतदेवचूर्णं क्षीरंक्षिपेद्द्रोणसपादशेषाम् ॥
दद्यात्घृतंप्रस्थयुगंचतस्मिन् विपाचयेन्मंदहुताशनेन ॥४९॥
आकल्लकंनागरदेवपुष्पं गोक्षुरकंकुंकुमहंसपाकं ॥
सारंकुबेरंघनतुर्य्यजातं चीणोकबालाबलबीजयुक्तम् ॥५०॥
वंशोद्भवाब्रंगमृताभ्रकंच द्राक्षासितासर्वसमाप्रदेया ॥

અર્થ—કૌચાં તોલા ૧૨૮ લેઈ તેને ઉન્હા પાણીમાં ૪ પોહોર પર્યંત પલાળી રાખવાં, તદનંતર મજબૂત જાડા વસ્ત્રમાં નાંખી ખૂબ ઘસવાં અર્થાત્ છોતરાં રહિત બને ત્યાં સુધી ઘસવાં; છાયડે સૂકવી ખાંડી ચૂર્ણ કરી ગાયનું દૂધ તોલા ૧૨૮૦ (સવા દ્રોણ) લેઈ તેમાં તે કૌચાના ચૂર્ણને નાખી રાંધવું. જ્યારે માવા સમાન ઘટ થાય ત્યારે ગાયનું ઘી તોલા ૧૨૮ નાખી રવો પાડવો-કિંવા ચોથા ભાગનું દૂધ રહે ત્યારે ઘી નાખી મંદાગ્નિ વડે રવો બનાવવો. ત્યાર પછી અકલકરો, સુંઠ, લવીંગ, ગોખરૂ, કેશર, હિંગળોક, લોહભસ્મ, અજમો, મોથ, ચાતુર્જાત, ચિણીકબાલા, બળબીજ, વંશલોચન, બંગ-

ભસ્મ, અભ્રકભસ્મ અને દ્રાક્ષ, એ સમાન ભાગે લેવાં અને તે સર્વની સમાન સાકર કિંવા ધોએલી ખાંડ લેઈ પાકની રીત પ્રમાણે પાક બનાવવો અર્થાત્ જે ઔષધીઓનું ચૂર્ણ કરવા લાયક હોય તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી સાકર કિંવા ખાંડની ચાસણી કરી તેમાં તે રવો અને ચૂર્ણ નાખી એકત્ર કરી સુંદર સુગંધિત પાત્રમાં ભરી રાખવો. ૪૮—૫૦

ગુણ.

पलार्द्धमानंतुसदैवभक्षेद्म्लन्तद्दन्तःपरिवर्जनीयम् ॥५१॥
येक्षीणशुक्राःमबलप्रमेहा स्तेषांमिदंवीर्य्यविवर्द्धनंच ॥
पुष्टिंबलंबुद्धिबलंचवृद्धिं निंहन्तिसर्वान्नपिवातरोगान् ५२

અર્થ—નીરંતર પ્રાતઃકાળમાં બબે તોલા ભાર ઉક્ત પાકનું સેવન કરે અને વાયડી વસ્તુ, ખારૂં, ખાટું, તેલ વગેરેનો ત્યાગ કરી [1]પથ્યમાં વર્ત્તે તો વીર્યનું ક્ષીણપણું તથા ઘોર (ભયંકર—આકરો તિક્ષ્ણ વેદનાવાળો) પ્રમેહ નાશ કરી તેઓના શરીરમાં વીર્યની વૃદ્ધિ કરવા આ પ્રયોગ ઉત્તમ છે, તથા પુષ્ટિ અને બુદ્ધિને બળ આપનાર છે એટલું નહિં પણ પુષ્ટિ તેમજ બુદ્ધિ બળની વૃદ્ધિ કરી સર્વ પ્રકારના વાયુ રોગનો નિશ્ચે નાશ કરે છે. ૫૧—૫૨

કામેશ્વર પાક વા, મદનમોદક કિંવા, વિજયા પાક.

सम्यङ्मारितमभ्रकंकटुफलं कुष्टाश्वगंधाबला
मेथीमोचरसंविदारिमुसली गोक्षुरकःक्षुरकं ॥

---

૧ पथ्ये सति गदार्त्तस्य किमौषधनिषेवणम् पथ्येऽसति गदार्त्तस्य किमौषधंनिषेवणम् અર્થ—જે રોગી પથ્ય પાળે છે તો તેને ઔષધ ખાવાની શી જરૂર છે? અર્થાત્ થોડી દવા ખાવાથી અથવા દવા ખાધા શિવાય પણ પથ્ય પાળનારના રોગ દૂર થાય. તેમજ જે પથ્ય પાળતો નથી તો તેને ઔષધ ખાવાની શી જરૂર છે? કારણ કે ઔષધ ખાય છે; પરંતુ પથ્ય પાળતો નથી તો તેને ઔષધ ગુણ કરતું નથી માટે તેવા કુપથ્ય કરનારને દવા ખાવાની શી જરૂર છે? સારાંશમાં રોગીને અવશ્ય પથ્ય પાળવું તોજ ફાયદો થાય છે. વૈદ્યજીવન.

रंभाकंदसतावरीअजमुदामाषातिलाधान्यकम्
येष्टीनागबलाकचूरमदनो जातीफलंकेशरम् ॥ ५३ ॥
भार्गीकर्कटशृंगभृंगत्रिकुटाजीरद्वयंचित्रकम्
चातुर्जातपुनर्नवागजकणाद्राक्षासिणावासकः ॥
बीजंमर्कटशाल्मली फलत्रिकंचूर्णंसमंकल्पयेत्
तुर्यंशेविजयासिताद्विगुणितामध्वाज्यपिंडीकृता ॥५४॥
कर्षार्द्धंगुटिकावलेहमथवा

અર્થ—ઉત્તમ રીતે કરેલી અભ્રક ભસ્મ, કાયફળ, ઉપલેટ, આસગંધ, બળબીજ, મેથી, મોચરસ, ભુંયકોહળું, મુશળી, માળવી ગોખરૂ, એખરો, કેળનો કંદ, સતાવરી, અજમોદ, અડદની મોગર દાળ, કાળા તલ, ધાણા, જેઠીમધ, ગંગેટીના મૂળની છાલ, કચૂરો, ધતૂરાનાં બીજ, જાયફળ, કેશર, ભારંગ, કાકડાશિંગ, તજ કિંવા જળભાંગરો, સુંઠ, મરી, પીપર, જીરૂં, શાહજીરૂં, ચિત્રામૂળ, ચાતુર્જાત, સાટોડી મૂળ, ગજ પીપર, દ્રાક્ષ, સણનાં બીજ, અરડૂસો, કોચાં, સીમળાનું મૂળ અને ત્રિફળાં એ શઘળાં ઔષધો સમાન ભાગે લેવાં, તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તે ચૂર્ણથી ચતુર્થાંશ (ચોથા ભાગે) શુદ્ધ કરેલી ભાંગનું ચૂર્ણ અને પૂર્વોક્ત ચૂર્ણથી સાકર બમણી લેવી બાદ ઘી તથા મધ (જોઇએ તેટલું) લેઈ સર્વ એકત્ર કરી અર્દ્ધા તોલા ભારની ગોળીઓ વાળવી અથવા અવલેહના રૂપમાં રાખવું. ૫૩—૫૪

ગુણ.

कृत्वासदासेवयेत्
गेयंक्षीरसिताचवीर्यकरणंस्तंभोप्यलंकामिनाम् ॥
रामावश्यकरंसुखातिसुखदंसंद्रेद्रनाद्रावकं
क्षीणेपुष्टिकरंक्षयेक्षयहरंहन्याच्चसर्वामयान् ॥ ५५ ॥
काशश्वासमहातिसार शमनंश्लेष्माणमुग्रंजये
न्नित्यानंदकरंविशेषकविता वाचांविलासप्रदम् ॥
धत्तेसर्वगुणान् किमत्रबहुनापीयूषमेतत्पर
मभ्यासेननिहंत्यमृत्यु पलितंकामेश्वरोवत्सरात् ॥ ५६ ॥

અર્થ—ઉક્ત પાકનું નિરંતર યોગ્ય માત્રાએ સેવન કરે અને તે ઉપર ગાયનું દૂધ સાકર સહિત કઢેલું (ઘી નાખી) પીએ તો વીર્ય પ્રાપ્ત થઈ કામી જનોને સ્તંભન કરનાર છે, સુખે કરીને કામ કુતૂહલવડે સ્ત્રીઓ સ્ખલિત થઈ વશ્ય થાય છે, અર્થાત્ સ્ત્રી પુરૂષોને અત્યંત સુખદાતા છે, ક્ષીણ થએલા પુરૂષોને પુષ્ટિ કર્ત્તા છે; તથા ક્ષય, ઉધરસ, શ્વાસ, ઘોર અતિસાર અને ઉગ્ર કફ રોગ સારાંશમાં સર્વ વ્યાધિઓને હણનાર છે; તેમજ નિત્ય મનને આનંદમાં રાખનાર છે, કવિતા કરનાર કવિઓને વિશેષ ઉત્તમ વાણિવિલાસ પ્રાપ્ત કરનાર (આ પાક સર્વ ગુણ ધારણ કરે) છે, વધારે શું કહેવું? પણ એટલુંજ કહીશું કે ઉકત પાક કેવળ શ્રેષ્ઠ અમૃતજ છે, જો એક વર્ષ પર્યંત આનો અભ્યાસ (સેવન) કરે તો અકાળ મૃત્યુ અને ધોળાં પળિયાનો નાશ કરે છે. ૫૫—૫૬

આમ્ર (કેરી) પાક.

पक्कंचूतरसद्रोणः पादस्याच्छुद्धखंडकः ॥
घृतमर्द्धंततोयोज्यं चतुर्थांशांसनागरं ॥ ५७ ॥
तदर्द्धंमरिचंदेयं तदर्द्धंपिप्पलीमता ॥
तोयंखंडसमंदेयं सर्वमेकत्रकारयेत् ॥ ५८ ॥
पाचयेन्मृन्मयेभांडे काष्ठदर्व्याप्रचालयेत् ॥
चूर्णान्येषांततोदद्या न्मात्रापलचतुष्टयं ॥ ५९ ॥
ग्रंथिकंमुस्तकंचव्यं धान्यकंजीरकद्वयं ॥
शुंठीभकेशरंत्वकूच तालीसन्तुपृथक्पृथक् ॥ ६० ॥
सिद्धशीतेचमधुनः प्रस्थंतत्सर्वमेकतः ॥
सन्नीयकर्तृकाकृत्वा शुभेभांडेनिधापयेत् ॥ ६१ ॥

અર્થ—સારી પાકેલી મીઠી રસદાર કેરીઓનો રસ તોલા ૧૦૨૪ લેઈ તેમાં સાકર અથવા ધોએલી સફેદ ખાંડ તોલા ૨૫૬ ગાયનું ઘી તોલા ૧૨૮, સુંઠ તોલા ૩૨, મરી તોલા ૧૬, પીપર તોલા ૮ અને પાણી તોલા ૨૫૬ લેઈ તેમાં સર્વ વસ્તુઓ એકત્ર

કરી માટીના સુંદર વાસણમાં ભરી અગ્નિ ઉપર પકાવવી, લાકડાની કડછી (ચાટવા)થી હલાવતા જવું, પછી પીપરી મૂળ, મોથ, ચવ્યક, ધાણા, જીરૂં, શાહજીરૂં, સુંઠ, નાગકેશર, તજ અને તાલિસપત્ર એ સઘળાં ઔષધો જુદાં જુદાં વાટી વસ્ત્રગાળ કરી ઉકત પાક ઘટ થાય ત્યારે તેમાં નાખવાં; તદનંતર પાક તૈયાર થાય ત્યારે નીચે ઉતારી ઠંડો થયા પછી મધ તોલા ૬૪ નાખી એકત્ર કરવું, પછી બરફીની માફક ચોરસ ખંડ પાડી સુંદર ચીનાઈ કે ઘીના રીઢા વાસણમાં ભરી લેવો. ૫૭—૬૧

ગુણ.

भोजनादौततःखादे त्पलमात्राप्रमाणतः ॥
हन्त्यरोचकमत्युग्रं कासंश्वासंततःक्षयं ॥ ६२ ॥
पीनसंचप्रतिश्यायं प्लीहानंयकृदामयं ॥
अम्लपित्ताश्रपित्तंच तालुनाशंस्वरामयं ॥ ६४ ॥
सर्वदुर्नामरोगंच पांडुरोगचकामलां ॥
हृद्रोगंचशिरःशूल मनाहमतिदारुणम् ॥ ६४ ॥
कंडातिशीतपित्तंच प्रणाशयतिवेगतः ॥
संसेव्यंभेषजंह्येत वृद्धोपितरुणायते ॥ ६५ ॥
धीरःसर्वगुणोपेतः शतायुष्यमनामयम् ॥
मृतगर्भाचयानारी याचगर्भोपघातिनी ॥ ६६ ॥
सापिसूतेसुतंतद्व न्नारायणपरायणं ॥
वंध्यापिलभतेगर्भं वृद्धापितरुणीभवेत् ॥ ६७ ॥
तुरंगइवसंहृष्टो मत्तवारणविक्रमः ॥
गच्छेत्कंदर्पदर्प्पाढ्यो रागवेगाकुलःपुमान् ॥ ६८ ॥
स्त्रियाःशतंसहस्रंवा नयेत्ताश्वसुखंपुमान् ॥
सदाभेषजसंसेवा भवेत्मारुतविक्रमः ॥ ६९ ॥
खंडाम्रकमितिप्रोक्तं भार्गवायस्वयंभुवा ॥

वृष्यंचमेध्यमायुष्यं सर्वपापप्रणाशनम् ॥ ૭૦ ॥
ग्रहयक्षपिशाचांश्च अपस्मारघ्नमुत्तमं ॥
वल्यंरसायनंश्रेष्टं श्रीखंडाम्रकसंज्ञकं ॥ ૭૧ ॥

અર્થ—દરરોજ ભોજન કર્યા પેહલાં ચાર તોલા ભાર સેવન કરવાથી અરૂચિ, અતિ ભયંકર ઉધરસ તથા શ્વાસ, ક્ષય, પીનસ, શ્લેષ્મ (જુખામ—શલેખમ) બરોળ, કાળજાની વ્યાધિ, અમ્લ પિત્ત, રગતપિત્ત, તાળવામાં પડેલું છિદ્ર, સ્વર (કંઠ)ના રોગ, સર્વ પ્રકારના હરષ, પાંડુ, કમળો, છાતિના રોગ, માથાની શૂળ, આફરો, અત્યંત ઘોર ખરજ અને શીતપિત્ત; એ સર્વ રોગ જલ્દી નાશ પામે છે, તથા આ પાકના સેવનથી વૃદ્ધ પુરૂષ પણ જુવાન બને છે, અને ધૈર્ય આદિ સર્વ ગુણ સંપન્ન બની નિરોગીપણે ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવે છે, તેમજ જે સ્ત્રીને મુવેલાં બાળકોજ અવતરે છે. કિંવા અધુરે માસે ગર્ભ ગળી (પડી) જાય છે તે સ્ત્રી જો આ પાકનું સેવન કરે તો નિશ્ચે નારાયણ પરાયણ સમાન પુત્ર પ્રશવે છે એટલુંજ નહિ પણ વાંઝણી સ્ત્રી પણ આ પાકના સેવનથી ગર્ભવંતી થાય છે તથા વૃદ્ધા સ્ત્રી નવયૌવના સમાન બને છે, વળિ આ પાક સેવન કરવાથી ઘોડાની માફક હૃષ્ટ પુષ્ટઅને માતેલા હાથીની માફક પરાક્રમી થાય છે, તેમજ કંદર્પ (કામદેવ)ના દર્પ (અહંકાર–મદ)થી મસ્ત થયો વિષયા શક્તથી વ્યાકુળ બની સો (૧૦૦) અરે! [1]હજાર સ્ત્રીઓથી પણ રતિ ક્રીડા કરતાં છતાં તૃપ્તિ થતી નથી, જો આ પ્રયોગ

---

૧ હજાર સ્ત્રીઓથી ક્રિડા કરતાં પણ તૃપ્તિ થતી નથી એ વાક્ય અગર આ પાકનો પાઠ વાંચતાં કેવળ ગપાષ્ટક છે એમ જણાય તેમ છે; પરંતુ તેવા વ્યામોહને પ્રાપ્ત ન થતાં તેના અલંકાર તરફ દ્રષ્ટિ કરવી; કેમકે જે વસ્તુની અત્યંત મહત્તા બતાવવી હોય ત્યારે ગ્રંથકારો અત્યંતાતિશયોક્તિ અલંકાર વડે તે વસ્તુનું વર્ણન કરે છે. જેમ—"અર્જુના ધનુષ્યમાંથી બાણ છુટતાં પેહલાજ કૌરવ શૈન્ય જમીન દોસ્ત થયું" વિચારો કે બાણ વાગ્યા શિવાય શી રીતે શૈન્ય જમીન દોસ્ત થાય? પરંતુ માત્ર અર્જુનના બાણની અત્યંત મહત્તા બતાવવા એમ કહ્યું તેમજ ઉક્ત પાઠ કિંવા. અન્ય પાઠમાં જ્યાં બહુજ વિસ્મયકારી વૃત્તાંત આવે ત્યારે સમજવું કે વસ્તુની અધિક મહિમા દર્શાવવા વર્ણન કર્યું છે.

નીરંતર કર્યા કરે તો પવન કુમાર સમાન પરાક્રમી થાય છે, આ ખંડામ્ર પાક બ્રહ્મ દેવતાએ ભાર્ગવ ઋષિને કહેલો છે, તે વીર્ય બુદ્ધિ આયુ વર્દ્ધક તથા સર્વ પાપ (રોગ), ગ્રહ, યક્ષ, પિશાચ અને મૃગીવાયુ વગેરે નાશ કરનાર છે તેમજ બળ કર્ત્તા શ્રેષ્ટ રસાયન છે. આનું નામ ખંડામ્ર પાક કહેવાય છે. ૬૨—૭૧

વિજયા પાક બીજો.

विजयायारसं शुद्धं तुलामात्रंप्रदापयेत् ॥
क्षीरंगव्यंतुलार्द्धंतु शनैर्मृद्वग्निनापचेत् ॥ ७२ ॥
घनीभूतंतदुत्तार्य खंडायाः पलविंशति ॥
चातुर्जातंलवंगंच व्योषमाकल्लकंतथा ॥ ७३ ॥
जातीफलंजातीपत्रो ह्यश्वगंधापुनर्नवा,
नागार्ज्जुनीस्वगुप्तानां सबलांपलार्द्धकं ॥ ७४ ॥
सर्वसंचूर्ण्यसंमिश्र पलार्द्धंगुटिकाभवेत् ॥

અર્થ—ભાંગનો રસ તોલા ૪૦૦ લેઈ ૨૦૦ તોલા દૂધમાં નાખી મંદાગ્નિથી પકાવવો, જ્યારે જાડો થઈ જાય ત્યારે નીચે ઉતારી તેમાં ખાંડ ધોએલી તોલા ૮૦ નાખવી, બાદ ચાતુર્જાત, લવીંગ, વ્યોષ (સુંઠ, મરી, પીપર), અકલકરો, જાયફળ જાવંત્રી, આસગંધ, સાટોડી મૂળ, દૂધીના બીજનો મગજ, કૌચાં અને બળબીજ એ પ્રત્યેક બબે તોલા લેવાં, તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉક્ત પાકમાં મિશ્ર કરી બબે તોલાની ગોળીઓ વાળવી. ૭૨—૭૪

ગુણ.

प्रातःप्रातःप्रभुक्ताहि धातुपुष्टिबलप्रदा ॥
प्रमेहव्याधिशमनो सर्वातिसारनाशनो ॥ ७५ ॥
श्वासंकासंतथाषांढ्यां स्त्रीणांदुःप्रदरंतथा ॥
नाशयेंत्येववृष्याशु वीर्यस्तंभविधायिनी ॥ ७६ ॥

૧ ભાંગનો રસ અથવા સૂકી મળે તો તેનો ક્વાથ કરી ઉપયોગમાં લેવો, પરંતુ સૂકી ભાંગને પ્રથમ પલાળી રાખી સ્વચ્છ પાણીથી સારી રીતે ધોઈ, બીજ, કસ્તર-કચરો દૂર કરી તેને કાર્યમાં લેવી.

અર્થ—દરરોજ સવારે (પ્રભાતે) આ પાકનું સેવન કરે તો નિશ્ચે ધાતુ પુષ્ટિ અને બળ આપે છે, તથા પ્રમેહની વ્યાધિ શમન (નાશ) કરે છે, સર્વ પ્રકારના અતિસાર, શ્વાસ, ઉધરસ, નપુંષકતા અને સ્ત્રીઓનો દુષ્ટ પ્રદર રોગ એ સર્વનો નાશ કરે છે, વૃષ્ય (વીર્ય વધારનાર) છે, અને વીર્યને સ્તંભન કરનાર છે. ૭૫—૭૬

કેળા પાક.

मोचाभव्यफलंसुपक्कमतुलानिस्तुक्षरात्तत्सतं
दुग्धेद्रोणमुपाचितंचविधिवत्साज्यंक्षिपेत्षट्पलं ॥
चूर्णमेलावरांगा तगरछडइभमब्धीशोषंचसीतं
त्वग्दारुनिशीपुष्करंचहपुषामंदाग्निकंकर्षकं ॥ ७७ ॥

અર્થ—સુંદર પાકેલાં દેશી કેળાં ૧૦૦ લેઈ, છોતરાં દૂર કરી દૂધ તોલા ૧૦૨૪ માં પકાવી માવો કરવો, બાદ ઘી તોલા ૨૪ નાખી કીટી પાડવી, પછી એલચી, તજ, તગર, છડછડીલો, નાગ. કેશર, સમુદ્ર શોષ, ચંદન કિંવા કપૂર, તજ, પુષ્કર મૂળ અને છીણીનાં મૂળ એ સઘળાં અકેક તોલો લેવાં. ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી કીટીમાં મેળવી, ધીમી આંચથી પાક તૈયાર કરવો ઠંડો થયા પછી સાકર કિંવા, શુદ્ધ ખાંડ તોલા ૨૦૦ નાખી એકત્ર કરી ઉપયોગમાં લેવો. ૭૭

ગુણ.

शीतेवैसितयातुलार्द्धकमिदंक्षिप्त्वाबलंभक्षयेत्
अर्शाशोणितसंभवंतिपिटिकारक्तंपतंत्यंकुरे ॥
वक्त्रेनाशाक्षकर्णेहृदयगुदरुजेरक्तपित्तेचशोषे
कासंपीनसकामलाक्षतरुजेमेहेचकुष्टेव्रणे ॥ ७८ ॥
स्त्रीयोनिप्रदरेप्रवाहरुधिरेरक्तातिसारंजयेत्
षंढेपुंषतिवीर्यवृद्धिकरणे वृद्धोपितारुण्यको ॥
वंध्याव्याधिहरेप्रजापुकरणेख्यातोवलेहामहान्
मंदाग्निसततंप्रदीप्तकरता वर्षेषुसस्तंसदा ॥ ७९ ॥

અર્થ—પાક સેવન કરવા ઈચ્છનારની જઠરાગ્નિનો તપાસ કરી યોગ્ય માત્રાએ ખાવા આપે કિંવા સેવન કરે તો દૂઝતા હરષ હોય અથવા તેથી થતી પીડા; તથા મુખ, નાક, આંખ, કાન છાતી અને ગુદાનાં દરદો, રક્ત પિત્ત, શોષ, ઉધરસ, પીનસ, કમળો, ઉરઃક્ષત, પ્રમેહ, કોઢ, ગડગુંબડ, સ્ત્રીઓની યોનિથી નિકળતું ધોળું પરૂ, રક્ત પ્રવાહ (લોહી વા) અને લોહીખંડવાડો (રક્તાતિસાર) એ સર્વ નાશ પામે છે, નપુંષક પુરૂષને વીર્ય વૃદ્ધિ કરનાર છે, વૃદ્ધને યુવાની પ્રાપ્ત કરે છે, વાંઝણીની વ્યાધિઓ હરે છે અર્થાત્ પુત્રોત્પત્તિ થાય છે અને મંદાગ્નિને પ્રદીપ્ત કરવા વગેરેમાં આ પાક પ્રસિદ્ધિવંત છે. ૭૮—૭૯ ×

ગુલાબ પાક.

गुलाबस्यसहस्रंतु घृतेनपरिपाचयेत् ॥
घृतवाह्यंकृतांतेन शर्करांचोपरिक्षिपेत् ॥ ८० ॥
एलातमालपत्राणी त्वगंनागकेशरं ॥
धारासत्वंचसंपिष्ठ पिप्पलार्द्वपलंक्षिपेत् ॥ ८१ ॥
वंगमभ्रककर्प्पूरं प्रत्येकं पिचुमात्रकं ॥
मस्थंचक्षौद्रसंयुक्तं काचभांडेचस्थापयेत् ॥ ८२ ॥

અર્થ—સુંદર ગુલાબનાં ફૂલ એક હજાર (૧૦૦૦) લેઈ તેની અખંડ પાંખડીઓ ગ્રહણ કરવી, બાદ તેને ઘીની અંદર તળી-બાહાર કાહાડી સાકરની અંદર મિશ્ર કરી એલચી, તમાલપત્ર, તજ, નાગકેશર અને ગળોનું સત્વ એટલાં સમાન ભાગે અને પીપર બે તોલા, બંગ ભસ્મ, અભ્રક ભસ્મ અને કપૂર એ પ્રત્યેક અકેક તોલો લેવાં, ભસ્મ શિવાય અન્ય વસ્તુઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ગુલાબ પાકમાં એકત્ર કરવું; બાદ મધ તોલા ૬૪ તેમાં નાખી ચીનાઈ માંટીના વાસણમાં ભરી લેવું. ૮૦—૮૨

× પાઠ અશુદ્ધ હોવાથી કેટલીક શંકાઓ રહે છે પરંતુ પ્રત ૧ લી. શિવાય એકે પ્રતમાં ઉક્ત પાકનો પાઠ નહતો તેથી શંકાશીળ યુક્ત છે માટે અનુભવી વૈદ્ય વરોએ નિર્ણય કરવો.

ગુણ.

पलमेकंप्रदातव्यं महावीर्यकरोतीच ॥
मूत्रघातंमूत्रकृच्छ्रं शुक्रदोषविनाशयेत् ॥ ८३ ॥
जिर्णज्वरेअंगदाहे कृशःक्षीणक्षयेतथा ॥
प्रमेहंचमहाव्याधि सर्वेषांचप्रणाशयेत् ॥ ८४ ॥
पित्तोद्भवंमहाघोरं रक्तपित्तंचनाशयेत् ॥ ८५ ॥

અર્થ—દરરોજ આ પાક તોલા ચારના અંદાજે સેવન કરે તો ઘણુંજ વીર્ય વધારે છે, તથા મૂત્રઘાત, મૂત્રકૃચ્છ્ર, શુક્રદોષ, જીર્ણ-જ્વર, શરીરની બળતરા. કૃશતા, ક્ષીણપણું, ક્ષય, ઘોર પ્રમેહની વ્યાધિઓ અને પિત્ત કિંવા પિત્તથી ઉત્પન્ન થએલો ઘોર રક્તપિત્ત રોગ એ સર્વે રોગ નાશ પામે છે. ૮૩—૮૫

અસાળીઆ પાક.

क्षीरद्रोणमशेलयस्यकुडवं मंदाग्निनापाचितं
यावत्पाकसुपाचितंपरिहितं प्रस्थंगुडंपाचयेत् ॥
चातुर्जातलवंगबंगपलयोमुस्तात्वगंधान्विके
शुंठीचोषणचित्रकस्यमभया लोहस्यसन्मिश्रत ॥ ८६ ॥

અર્થ—ગાયનું દૂધ તોલા ૧૦૨૪ લેઈ તેમાં અસાળીઓ તોલા ૧૬ નાખી ધીમી આંચથી પરિપકવ કરી ૬૪ તોલા ગોળ મેળવી તેમાં ચાતુર્જાત, લવીંગ, બંગ ભસ્મ, મોથ, તજ, ધાણા સુંઠ, મરી, ચિત્રામૂળ, હરડે અને લોહ ભસ્મ એ પ્રત્યેક ચાર ચાર તોલા લેવાં ચૂર્ણ કરી પુર્વોક્ત પાકમાં મિશ્ર કરી ઉપયોગમાં લેવો. ૮૬

ગુણ.

हृद्रोगंक्षयमारुतस्यशमनेप्लीहादिकंशोषणात् ॥
मेहार्विशशिरोविकारगदनेरोगाश्वशोफान्जयेत् ॥ ८७ ॥

અર્થ—ઉક્ત પાકનું સેવન કરવાથી છાતિના રોગ, ક્ષય, વાયુ રોગ, બરોળ, પ્રમેહ માથાનાં દરદો, તથા ચોટ લાગેલી હોય તે અને સોજો એ સર્વ નાશ પામે છે. ૮૭

પડવાસ પાક.

पडवासंद्वौसेरंच द्रोणक्षीरेणसंपचेत् ॥
घृतप्रस्थसमायुक्तं पाचयेत् मृदुवन्हिना ॥ ८८ ॥
सांद्रीभूतंक्षिपेत्तत्र प्रस्थार्द्धंक्षौद्रमेवच ॥
खंडानांषट्शेरंच स्निग्धभांडेचनिःक्षिपेत् ॥ ८९ ॥
चातुर्जातलवंगंच पिप्पलीवापुनर्नवाः ॥
नागार्ज्जुनिस्त्रयंगुप्ता गोक्षुरंपिचुमात्रकं ॥ ९० ॥
मंजीष्टाश्वगंधानां शुक्तिमात्रंतथैवच ॥
आकल्लकंपरंचैव गुदंचव्यपलार्द्धकं ॥ ९१ ॥
निर्गुंडीचतथाव्योषं पलमात्रंतथैवच ॥
नागबलासमायुक्ता वंगमभ्रकमानिच ॥ ९२ ॥
लोहंशुद्धंसमंदेयं नैपालंशाणकद्वयं ॥
धारासत्वंतवक्षीरं पलार्द्धंचपरिक्षिपेत् ॥ ९३ ॥
वालकंचंदनंमांशी कर्पूरंवंशलोचनं ॥
जातीफलंचजावंत्री अक्षमात्रंपरिक्षिपेत् ॥ ९४ ॥

અર્થ—દૂધ તોલા ૧૦૨૪ ની અંદર ઘી તોલા ૬૪ અને પડવાસ તોલા ૧૦ નાખી ધીમી આંચે પકાવવું, જ્યારે માવા જેવું થાય ત્યારે ૩૨ તોલા મધ અને છ સેર (૪૦ રૂપિયા ભારનો શેર) ખાંડ નાખી પછી ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર.), લવીંગ, પીપર, સાટોડી મૂળ, દૂધીનો મગજ, કોચાં અને ગોખરૂ એ અકેક તોલો લેવાં તથા મજીઠ, આસગંધ એ બબે તોલા ભાર લેવાં, તેમજ અકલકરો, બાવળનો ગુંદ અને ચવ્યક એ પણ બબે તોલા લેવાં. નગોડ મૂળ, સુંઠ, મરી, પીપર એ ચાર ચાર તોલા લેવાં. ગંગેટી મૂળ, બંગ ભસ્મ, અભ્રક ભસ્મ, લોહ ભસ્મ અને તામ્ર ભસ્મ એ આઠ આઠ આની ભાર તથા ગળોનું સત્વ, તપખીર, એ બબે તોલા ભાર અને સુગંધીવાળો ચંદન, જટામાંશી,

બરાસ, વાંશ કપૂર, જાયફળ અને જાવંત્રી એ પ્રત્યેક એકેક તોલો લેઈ ચૂર્ણ કરવા યોગ્ય હોય તે વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉક્ત પાકમાં મિશ્ર કરી ઉપયોગમાં લેવો. ૮૮—૯૪

ગુણ.

पलमेकंप्रदातव्यं महाव्याधिहरोतिच ॥
श्वासकासतथापांडु प्रमेहंचविनाशयेत् ॥ ९५ ॥
पित्तोद्भवंमहादोषं मूत्रकृच्छ्रंसुदारुणं ॥
ज्येवान्येशुक्रजारोगा तेषांसर्वविनाशयेत् ॥ ९६ ॥
योनिदोषंरजोदोषं प्रदरंपंचविधंतथा ॥
बहुमूत्रीभवेद्यस्य प्रणस्यंतिनशंसय ॥ ९७ ॥
स्त्रीणांकुरुतेपुष्टिं वालानांचांगवर्द्धनं ॥
बलवीर्यकरंपुंसां पडवासोलेहउच्यते ॥ ९८ ॥

અર્થ—દરરોજ ઉક્ત પાક ચાર તોલાની માત્રાએ ભક્ષણ કરે તો મહા વ્યાધિ એટલે શ્વાસ, ઉધરસ, પાંડુ, પ્રમેહ, પિત્ત પ્રકોપ ના મહા દોષ, ઘોર મૂત્રકૃચ્છ્ર, શુક્ર દોષ વા, શુક્રજ રોગ એ સર્વ નાશ થાય છે, તેમજ સ્ત્રીઓના યોનિ દોષ, રજસ્વળાપણાના દોષ (અટકાવનું અનિયમિતપણે આવવું, તથા ગત થવું, કેડનું દૂખવું, યોનિદાહ અને પેઢુમાં દૂખાવા વગેરે રજો દર્શનના દોષ), પાંચ જાતના પ્રદર અને વારંવાર પેશાબનું આવવું તે (સોમ રોગ) વગેરે સર્વ સ્ત્રીઓના રોગ આ પાકના સેવનથી નાશ થાય છે એમાં જરા સંદેહ નથી. આ પાક સ્ત્રીઓને પુષ્ટિ કરે છે તથા બાળક કિંવા બાળિકાઓના શરીરનો મજબૂત બાંધો બનાવે છે અને પુરૂષોને શક્તિ તેમજ વીર્યવાન કરે છે, એને પડવાસનો અવલેહ વા, પાક કહે છે. ૯૫—૯૭

અત્રે પ્રસંગોપાત કેટલાક પુષ્ટિ કર્ત્તા પ્રયોગ કહીએ છીએ.

એલાદિ ચૂર્ણ.

एलाकुंकुमचोचजातिदलयुक् श्रीपुष्पजातीफलम्
मस्तक्याकरहाटनागरयुतं फेनाहिकृष्णान्वितम् ॥

एतेषांसमशालशीतलरजः स्याद्र्द्धकस्तूरिका
दद्यात्क्षौद्रयुतंदिनांतसमये यामद्वयंस्तंभकृत् ॥ ९८ ॥

અર્થ—એલચી, કેશર, તજ, જાવંત્રી, તમાલપત્ર, લવીંગ, જાયફળ, રૂમીમસ્તકી, અકલકરો, સુંઠ, અફિણ અને પીપર સમાન ભાગે લેવાં અને તે સર્વના સમાન સાકર અને સર્વ ઔષધીઓના અર્દ્ધ ભાગે કસ્તૂરી મેળવી બારીક ચૂર્ણ કરી મધ સંગાથે સંધ્યા સમય ખાય તો બે પ્રહર વીર્ય સ્તંભન કરે છે. ૯૮

બીજો પ્રયોગ.

शिलाजितुक्षौद्रविडंगसर्पि र्लोहाभयापारदताप्यभस्मं ॥
आपूर्यतेदुर्बलदेहधातुं स्त्रियंनिशायांचयथाशशांकः ॥९९॥

અર્થ—શિલાજીત, મધ, વાવડીંગ, ઘી, લોહભસ્મ, હરડે, પારદભસ્મ અને સોવનમાખીની ભસ્મ એ સમાન ભાગે લેઈ તેનું ચૂર્ણ કરી ૧૫ દિવસ સેવન કરે તો દુર્બળ શરીરની સર્વ ધાતુ એ પુષ્ટ (પૂર્ણ) કરે છે, અને સ્ત્રીઓને રાત્રીના સમય સય્યામાં ચંદ્રમાની સમાન શીતળતા ઉપજાવે છે. ૯૯

ત્રીજો પ્રયોગ.

सत्वंगडूच्यागगनंसलोहं मेलासितामागधिकासमेतम् ॥
एतत्समस्तंमधुनावलीढं रामाशतंसेवतोहषंढः ॥ ४०० ॥

અર્થ—ગળોનું સત્વ, અભ્રકભસ્મ, લોહભસ્મ, એલચી, સાકર અને પીપર સમાન ભાગે લેઈ ચૂર્ણ કરી મધમાં કાલવી સેવન કરે તો નપુંષકપણ ૧૦૦ સ્ત્રીઓની સંગાથે રતિ ક્રિડા કરવા જેટલું સામર્થ્ય પ્રાપ્ત કરે છે; અર્થાત્ આ ચૂર્ણ મહા વીર્ય કર્ત્તા છે. ૪૦૦

ચોથો પ્રયોગ.

गोक्षुरकः क्षुरकः शतमूली वानरीनागबलातिबलाश्च ॥
चूर्णमिदंपयसानिशिपेय यस्यगृहेप्रमदाशतमस्ति ॥ १ ॥

અર્થ—ગોખરૂ, એખરો, સતાવરી, કૌચાં, ગંગેટીની છાલ અને સહદેવીની જડ એ સમાન લેઈ ચૂર્ણ કરી (સાકર યુગ્ત) કઢેલા દૂધ

સગાથે જે મનુષ્યના ગૃહમાં સો સ્ત્રીઓ હોય તેણે રાત્રિના સમય સેવન કરવું અર્થાત્ બહુજ તાકાત આપનાર ચૂર્ણ છે ઇત્યર્થ.—૧

કામદેવ ગુટિકા.

पलंगोक्षुरबीजानिद्विपलंकपिकच्छुजं ॥
पलंनागवलामूलं पलमेकंशतावरी ॥ २ ॥
विदारीकन्दचूर्णंतु पलद्वयमथाबला ॥
द्विपलंत्रिपुषोबीजं वाजिगंधापलत्रयम् ॥ ३ ॥
त्रिसुगंधकणाधात्री लवंगंनागकेशरं ॥
वंशीमांशीतालमूलो गुडचीरक्तचंदनं ॥ ४ ॥
एतानिकर्षमात्राणि सूक्ष्मचूर्णानिकारयेत् ॥
बालशाल्मलिकाद्रावै भावयेच्चैकाविंशतिः ॥ ५ ॥
कुशकाशद्रवैरेवंशर्करा समयोजितम् ॥

અર્થ—ગોખરૂ ચાર તોલા, કોચાં આઠ તોલા, ગંગેટીનાં મૂળ ચાર તોલા, સતાવર ચાર તોલા, વિદારીકંદ (ભુંચકોહળા)નું ચૂર્ણ આઠ તોલા, બળબીજ આઠ તોલા, કાકડીનો મગજ આઠ તોલા, આસન બાર તોલા, ત્રિસુગંધિ (તજ, તમાલપત્ર, એલચી), પીપર, આમળાં, બંગ ભસ્મ, નાગકેશર, વંશલોચન, જટામાંશી, કાળી મુશળી, ગળો અને રતાંજળી, એ સઘળાં અકેક તોલો લેઈ બારીક ચૂર્ણ કરી શીમળાનાં કૂણાં પાંદડાના રસની ભાવનાઓ ૨૧ આપવી તેમજ ડાભ તથા કાસના રસની પણ તેટલીજ ભાવનાઓ આપવી; તદનંતર તે સર્વ ચૂર્ણ પ્રમાણે સાકર મેળવી કિંવા ગોળીઓ યોગ્ય માત્રાએ વાળી કાર્યમાં લેવી. ૨—૫

ગુણ.

नष्टशुक्ररुजंहंन्ति मूत्रकृच्छ्राणियानिच ॥ ६ ॥
शतंगच्छेतुनारीणां हयतुल्यसमोबले ॥
कामदेवमिदंनाम धन्वंतरिविनिर्मितम् ॥ ७ ॥

અર્થ—આ કામદેવ ગુટિકા પથ્યમાં રહી સેવન કરે તો વીર્ય

નાશ પામી[1] ગયું હોય તે, કિંવા શુક્ર દોષ; તથા મૂત્રકૃચ્છ્ર વગેરે નાશ થાય છે; તેમજ સો સ્ત્રી સંગાથે વાજી સમાન વીર્યવંત બની રતિ વિલાસ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આ કામદેવનામા ગુટિકા શ્રી ધન્વંતરીજીએ બનાવેલ છે. ૬—૭

કામદેવ રસ.

स्त्रभ्रंशुल्वंकेशरंलोहचूर्णं जातीपत्रंसर्पफेनंलवंगम् ॥
एलासूक्ष्मंक्षीरकंकोलनागं जातीजातंचीणकाबाबियुक्तम् ॥८॥
अब्धंशोषंसप्त[1]कर्षाक्षदेश

અર્થ—અભ્રક ભસ્મ, તામ્ર ભસ્મ, કેશર, લોહ ભસ્મ, જાવંત્રી, અફિણ, લવીંગ, ન્હાની એલચી, ક્ષીર કંકોલ, નાગેશ્વર, જાયફળ, ચિણીકબાલા અને સમુદ્ર શોષ, એ સઘળાં તોલા ભાર લેઈ ચૂર્ણ કરવા યોગ્ય હોય તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી માત્રાઓ (ભસ્મો) સંગાથે મેળવી. ઉપયોગમાં લેવો. ૮

ગુણ.

क्षौद्रैर्मिश्रमिश्रिमाकल्लयुक्तम् ॥
क्षीणेवीर्येरेतसांसागरोयं सायंभक्षेत्योगुटिंवल्लयुग्मम् ॥९॥
गच्छेन्नारीसाध्ययोगात्सहस्रं वृद्धोदेहैर्यातूतारुण्यभाजम् ॥
रामावश्यंसर्वकालेकृतौच प्रोक्तोवैद्यैःकामदेवोरसोयं ॥१०॥

અર્થ—પૂર્વોક્ત રસ સાકર અને અકલકરાના ચૂર્ણ સંગાથે મધમાં મેળવી સંધ્યાકાળે બે વાલ પ્રમાણ અથવા બળાબળ વિચારી સેવન કરે તો ક્ષીણ વીર્ય વાળાને તો આ રસ વીર્યના સાગર સમાન છે અર્થાત્ વીર્યનો અખૂટ ખજાનો પ્રાપ્ત કરનાર છે, સ્ત્રીઓના લોલપી કામીજનો આ પ્રયોગથી સહસ્ર (૧૦૦૦) સ્ત્રીઓનાં માન મર્દન કરી શકે છે, વૃદ્ધ શરીર તારૂણ્ય પાત્ર (નવ યૌવન) થાય છે, અને

૧—સાત સાત તોલા લેવા માટે હિંદિ ટીકાકારો લખે છે પરંતુ ધાતુની ભસ્મો હોવાથી એ વજન અતિ વિશેષ જણાય છે જેથી સદ્વૈદ્યોએ આવી જોખમ ભરેલી ઔષધીઓના પ્રમાણ માટે 'કોપી ટુ કોપી' માફક ન કરતાં દીર્ઘ દ્રષ્ટી વાપરવા લક્ષ આપવું.

હમેશાં આ કામદેવ રસ વડે સ્ત્રીઓને વશિભૂત કરી લે છે એમ પુર્વના વૈદ્યવરોએ કહ્યું છે. ૯—૧૦

શુક્લ ઔષધીઓ એટલે શું?

यस्माच्छुक्रस्यवृद्धिः स्याशुक्रलंचतदुच्यते
यथाश्वगंधामुशली शर्कराचशतावरी ॥
दुग्धामाषाश्वभल्लाताः फलमज्जामलानिच ॥ ११ ॥

અર્થ—જે ઔષધી સેવન કરવાથી વીર્ય વધે તે ઔષધીને શુક્લ સંજ્ઞા આપેલી છે, જેમ આસગંધ, મુશળી, સાકર, સતાવર, દુધ, અડદ, ભિલામાં, કેરી આદિ ફળો, મજ્જા અને આમળાં વગેરે શુક્લ (વીર્યને વધારનાર) ઔષધીઓ કહેવાય છે. ૧૧

ઇતિ શ્રી મન્નાગપુરીય તપાગચ્છેય શ્રી હર્ષકીર્તિસૂરી સંકલિતે શ્રી યોગચિંતામણૌ વૈદ્યક સારસંગ્રહે પાકાધિકારઃ પ્રથમો ધ્યાયઃ સમાપ્તઃ—

[1]હવે ચૂર્ણાધિકાર કહિયે છિયે.

કુંકમાદિચૂર્ણ.

कुंकुमंमन्दनीमुस्ता चातुर्जातफलत्रिकम् ॥
आकल्लमभ्रकंधान्यं दाडिमंमरिचंकणा ॥ १ ॥
यवानीतंतडीकंच हिंगुलंघनसारकम् ॥
तुम्वरन्तगरंतोयं लवङ्गंजातिपत्रिका ॥ २ ॥

---

૧ ચૂર્ણ બનાવવાની રીત. અત્યંત સુકાઈ ગયેલાં ઔષધોને સારી પેઠે ઝીણાં વાટી કપડેથી ચાળી ઉપયોગમાં લેવાય તે ચૂર્ણ કહેવાય છે. રજ, ક્ષોદ. પણ ચૂર્ણનાંજ નામો છે. ચૂર્ણની માત્રા એક તોલો લેવી, જો ગોળ મેળવવા લખ્યું હોય તો ચૂર્ણની બરોબર લેવો, સાકર બમણી લેવી, હીંગ નાખવી હોય તો શેકેલી નાખવી. ઘી વગેરે પદાર્થો ચૂર્ણમાં નાખી ચાટવા લખ્યું હોય તો તે પદાર્થો ચૂર્ણથી બમણાં લેવાં, દ્રવો (રસો)માં ઘોળી પીવું લખ્યું હોય તો ચોગણાં લેવાં, ચૂર્ણ, અવલેહ, ગોળી અને કલ્ક ઉપર ઉનું

समंगापुष्करंश्यामा पद्मबीजंतुगासटी ॥
तालीसचित्रकंमाषा जातीफलमुशीरकम् ॥ ३ ॥
बलानागबलामांसी कुष्ठग्रंथिकमाक्षिकाः ॥
यावंत्येतानिसर्वाणि तावन्मोचरसंददेत् ॥ ४ ॥
सर्वतुल्यसितायोज्या कर्षमात्रंतुभक्षयेत् ॥

અર્થઃ—કેશર, કસ્તુરી, મોથ, ચાતુર્જાત, ત્રિફળા, અકલકરો, અભ્રકભસ્મ, ધાણા, દાડમની કળીયો, મરી, પિપર, અજમો, કાકડીનો મગજ, હિંગળો, બરાસ, તુંબરૂ, તગર, નેત્રવાળો, લવિંગ, જાવંત્રી, મજીઠ (અથવા લજાળુ) પુષ્કરમૂળ, પ્રિયંગુ, કમળકાકડી, વાંસકપૂર, કચૂરો, તાલીસ પત્ર, ચિત્રામૂળ, અડદ, જાયફળ, સુગંધીવાળો, બળબીજ, ગંગેટીની છાલ, જટામાંથી, ઉપલેટ, પિપરીમૂળ અને સોવનમાખી, એ સર્વ ઔષધો સમમાત્રા એ (બરાબર) લઇ તે સર્વની બરાબર મોચરસ નાંખવો, અને એ સઘળાંની બરાબર સાકર કિંવા, ખાંડ લેવી. ખાંડી કપડેથી ચાળી ચૂર્ણ કરવું. ૧-૪.

ગુણ.

प्रभातेचनिशादौच भोजनांतेविशेषतः ॥ ५ ॥
संध्याकालेतथाभोज्यं वाजीकरणमुत्तमम् ॥
अजीर्णंजरयत्याशु नष्टाग्नेश्चाग्निदीपनम् ॥ ६ ॥
अशीतवातजान्रोगां श्चतुर्विंशतिपैत्तिकान् ॥
विंशतिश्लेष्मजांश्चैव हृल्लासंछर्दिरोचकम् ॥ ७ ॥

પાણી પીવા લખ્યું હોય તો પીત્તના રોગ ઉપર ૧૨ રૂપિયાભાર, વાયુરોગ ઉપર ૮ રૂ. અને કફના રોગોપર ૪ રૂપિયાભાર પીવું. કારણ કે, અનુપાન વડેજ તમામ દવાઓ જલ્દી ફાયદો કરી શકે છે, જરા અનુપાનમાં ફેરફાર થાય તો ગુણને બદલે અવગુણ થાય છે, એ ખાત્રીથી સમજવું. **ભાવપ્રકાશ ચૂર્ણસ્થાન.** અનુપાનો માટે પૂર્ણ માહેતી મેળવવી હોય તો **અનુપાન મંજરી, અનુપાન દર્પણ** અને ગુણા ગુણી વાંચી વાકેફ થાઓ.

ભા. કર્ત્તા.

पंचैवग्रहणीदोषा नतिसारंविशेषतः ॥
क्षयमेकादशंश्वासं कासंपञ्चविधंतथा ॥ ८ ॥
उदरव्याधिनाशंच मूत्रकृच्छ्रंगलग्रहं ॥
पुत्रंजनयतेवंध्या सेव्यमानेतथौषधे ॥ ९ ॥
सन्निपातातुरंचैव विस्फोटकभगन्दरम् ॥
नेत्ररोगंशिरोरोगं कर्णमन्याद्धनुग्रहम् ॥ १० ॥
हृद्रोगंकण्ठरोगञ्च जानुजंघागतंतथा ॥
सर्वरोगविनाशाय चरकेणप्रभाषितम् ॥ ११ ॥

અર્થઃ—એ ચૂર્ણ એક તોલા પ્રમાણ પ્રભાતે, રાત્રિના આદ્યમાં, વિશેષે કરીને ભોજનના અંતમાં અથવા સંધ્યાકાળે, ખાય તો, વાજીકરણ (વિર્યવૃદ્ધિ કરી પુષ્ટીને આપનાર પ્રયોગ) છે, અજીર્ણને તત્કાળ નાશ કરે છે, મંદ પડી ગયેલ જઠરાગ્નિને સતેજ કરે છે, એંસી પ્રકાર-(જાત)ના વાયુ રોગ, ચોવીશ [૨]જાતના પિત્તરોગ, વીસ જાતના કફરોગ, હૈયાના રોગ, છર્દિ (ઉલટી) અરૂચી, પાંચ જાતની સંગ્રહણી, ઘોર (કઠીણ-ન મટી શકે એવો) અતિસાર, (ઝાડાના રોગ) અગ્યાર જાતના ક્ષય, દમ, પાંચ જાતની ઉધરસ, પેટનાં દરદો, મૂત્રકૃચ્છ્ર, ગલગ્રહ, વંધ્યાપણું, ૧૩ જાતના સન્નિપાત (ત્રિદોષ) થી થયેલું આતુરતાપણું, વિસ્ફોટક, ભગંદર, નેત્ર, મસ્તક અને કાનના રોગ, મન્યાસ્થંભ (ગરદનની નસોનું ખેંચાવું થાય છે તે વાયુ) હનુગ્રહ (મ્હો, ચાવવાનું કે બોલવાનું કામ કરી શકતું નથી તે) વાયુ, છાતીના રોગ, કંઠ (ગળા)ના રોગ, જાનુ (ઢિંચણ) જંઘા (સાથળ)ના રોગ (જાનવો અને ડમરૂ વાયુ) એ સર્વ રોગનો નાશ કરવા શ્રી ચરકમુનિ (રૂષી) એ આ ચૂર્ણ કહેલું છે. ૫-૧૧

લવિંગાદિ ચૂર્ણ.

लवंगकंकोलमुशीरचन्दनं नतांसनीलोत्पलकृष्णजीरकम् ॥

---

૨ દરેક સ્થાનકે ૪૦ જાતના પિત્તરોગ લખવામાં આવેલ છે અને ઉપરના પાઠમાં 'चतुर्विंशति' એવો પાઠ છે જેથી સદ્ વૈદ્યોએ તેનું નિરાકરણ કરવું.

एलासकृष्णागरनागकेशरम् कणांसविश्वानलदंसहांबुना १२
कर्पूरजातीफलवंशलोचना सितार्द्धमात्रासमसूक्ष्म चूर्णितं ॥

અર્થ:—લવિંગ, કંકોલ, સુગંધીવાળો, સફેત ચંદન, તગર, લીલું કમળ, શાહજીરૂં, એલચી, કૃષ્ણાગરૂ (કાળું અગર) તજ, નાગકેશર, પિપર, સુંઠ, જટામાંસી, નેત્રવાળો, કપુર, જાયફળ, અને વંશલોચન, એ સર્વ ઔષધો બરાબર લઈ તે સર્વથી અર્ધે ભાગે સાકર લેવી, ખાંડી કપડેથી ચાળી ચૂર્ણ બનાવવું- ૧૨

ગુણ.

सरोचनंतर्प्पणमग्निदीपनम् बलप्रदंवृष्यतमंत्रिदोषनुत् ॥१३॥
अर्शोविबन्धंतमकंगलग्रहं सकासहिकारुचियक्ष्मपीनसम् ॥
ग्रहण्यतीसारमथास्रजक्षयं प्रमेहगुल्मांश्चनिहंतिसत्वरं ॥ १४ ॥

અર્થ:—આ ચૂર્ણ સેવન કરવાથી રૂચિ ઉત્પન્ન કરે છે, શરિરની ઇંદ્રિયોને પુષ્ટી કરે છે, અગ્નિને પ્રદિપ્ત (સતેજ-પ્રબળ) કરે છે, શક્તિ (પરાક્રમ) આપનાર (વૃષ્ય) છે. ત્રિદોષ, હર્ષ, આફરો (અથવા બંધકોષ) તમક નામનો શ્વાસ ગળાની નસોનું વાયુથી ખેંચાવું, ખાંસી, હેડકી, તાવ, યક્ષ્મા (ક્ષય), પીનસ (નાકમાં છોડ પડે છે તે) સંગ્રહણી, અતિસાર, અને લોહીવિકાર વગેરેનો નાશ કરે છે તથા પ્રમેહ ગોળાને પણ જલદીથી દૂર કરે છે. ૧૩-૧૪

મ્હોટું (વૃદ્ધ) લવિંગાદિ ચૂર્ણ.

लवङ्गमेलातजपत्रजोत्पलं उशीरमांशी तगरंसवालकं ॥
कंकोलकृष्णागरभृंगकशरं जातीफलंचन्दनजातिपत्रिका १५
व्याजातिकात्र्यूषणपुष्करंसटी फलत्रिकंकुष्ठविडंगचित्रकं ॥
तालीसपत्रंसुरदारुधान्यकं यवानिपिष्टाखदिराम्लवेतसं ॥१६॥
तुंगाजमोदावनसारमभ्रकं शृङ्गीवृषाग्रंथिकमग्निमंथकम् ॥
प्रियङ्गुमुस्तातिविषाशतावरी सत्वंगडुच्या त्रिवृता दुरालभा १७
समानिसर्वैश्च समासिताभवेत् वृहल्लविङ्गादिरयंनिगद्यते ॥

અર્થઃ—લવિંગ, એળચી, તજ, પત્રજ (તમાલપત્ર) કમળકાકડી, વાળો, જટામાંસી, તગર, નેત્રવાળો, કંકોળ, (અથવા મીરચ કંકોળ) અગર, તજ, નાગકેશર, જાયફળ, ચંદન, જાવંત્રી, જીરૂં, શાહજીરૂં, ત્રૂષણ (સૂંઠ, મરી, પિપર) પુષ્કરમૂળ, કચૂરો, ત્રિફળા, ઉપલેટ, વાવડિંગ, ચિત્રક. (ચિત્રામૂળ.) તાલીસપત્ર. દેવદાર, ધાણા, અજમો, જેઠીમધ, ખેરસાર, અમ્લવેતસ (એક જાતનું લીંબુ) વંશલોચન, અજમોદ, બરાસ, અભ્રકભસ્મ, કાકડાસીંગી, અરડૂસો, પિપરીમૂળ, અરણી. પ્રિયંગુ, મોથ, અતિવિષનીકળી, સતાવરી, ગળોસત્વ, નસોતર અને જવાસા એ સર્વે ઔષધો બરાબર લઈ તે સર્વની બરાબર મિસ્રી (સાકર) લેવી, ખાંડી કપડછાણ કરી ચૂર્ણ તૈયાર કરવું, આને વૃદ્ધ લવિંગાદિ ચૂર્ણ કહે છે. ૧૫-૧૭

ગુણ.

सायं प्रगे खादतिकर्षसंमितं भवन्तिदेहे बलवीर्यपुष्टयः ॥१८॥
प्रमेहकासारुचियक्ष्मपीनसं क्षयास्रदाघग्रहणीत्रिदोषनुत् ॥
हिक्कातिसारप्रदरंगलग्रहं निहन्तिपाण्डूस्वरभंगमश्मरीं ॥१९॥

અર્થઃ—સંધ્યા અને પ્રભાતે એક તોલાના અંદાજે ખાય તો, બળ (તાકાત-પરાક્રમ) વિર્ય (ધાતુ)ની પુષ્ટી કરે છે, તેમજ પ્રમેહ, ઉધરસ, અરૂચિ, રાજયક્ષ્મા. (ક્ષય) પીનસ, લોહીજન્ય, (લોહીથી ઉત્પન્ન થયેલ) દાહ (બળતરા) ત્રિદોષસંગ્રહણી, હેડકી, અતિસાર, પ્રદર, ગળગ્રહ, પાન્ડુ, સ્વરભંગ અને પથરી, એ સર્વ રોગનો નાશ કરે છે. ૧૮-૧૯

સુંઠયાદિ ચૂર્ણ.

सविश्वसौवर्चलपुष्कराह्वयं सहिङ्गुमुष्णोदकपीतमतत् ॥
हृत्कोष्ठपृष्ठान्तचरक्षणांतः शूलंजयत्याशुमरुत्कफोत्थं ॥२०॥

અર્થઃ—સુંઠ, સંચળ, પૂષ્કર મૂળ અને હિંગ તેનું ચૂર્ણ કરી (ચોવીશ ચણોઠી ભાર) ઉન્હા પાણીથી પીએ તો છાતી, કોઠો, પીઠ, પેડુમાંની, કફથી અને વાયુથી ઉત્પન્ન થયેલ શુળ તત્કાળ મટે છે. ૨૦

ત્રિકુટાદિ ચૂર્ણ.

त्रिकुटंग्रन्थिकंब्राह्मी रेणुकाकल्लपुष्करं ॥
लवङ्गमश्वगंधाच किराततहपुषासठो ॥ २१ ॥
रास्नाश्वेतावचाभृङ्ग स्वर्वमेकत्रचूर्णयेत् ॥
सन्निपातेमहावातं चूर्णमेवंसदाहितं ॥ २२ ॥

અર્થઃ—ત્રિકટુ, પીપરામૂળ, વિદ્યાબ્રાહ્મી, નગોડનાં બીજ, અકલકરો, પુષ્કરમૂળ, લવિંગ, આસગંધ, કિરીયાતું, છીણીનાં મૂળ, કચૂરો, રાસ્ના, ધોળીવજ, અને તજ એ સર્વ સમાન ભાગે લઈ ચૂર્ણ કરવું, આ ચૂર્ણ સન્નિપાત (ત્રિદોષ) અને મહાવાતવ્યાધિ માટે સદા હિતકારી છે. ૨૧-૨૨

એલાદિ ચૂર્ણ.

सूक्ष्मैलाकेसरंभृङ्गं पत्रन्तालीसकंतुगा ॥
मृद्वीकादाडिमंधान्यं जीरकेद्वेद्विकार्षिका ॥ २३ ॥
पिप्पलीपिप्पलीमूल चव्यचित्रकनागरं ॥
मरिचंदोपकंचैव वृक्षाम्लंचाम्लवेतसं ॥ २४ ॥
अजमोदाजगंधाच कपिकच्छेतिकार्षिका ॥
अत्यन्तसुविशुद्धायाः शर्करायाश्चतुःपलं ॥

અર્થઃ— નાહની એળચી, કેશર, તમાલપત્ર, તાલીસપત્ર, વંશલોચન, કાળીધ્રાખ, દાડમના દાણા, ધાણા, જીરૂં અને શાહજીરૂં, એટલાં બબે તોલા લેવાં, પિપર, પીપરીમૂળ, ચવ્યક, ચિત્રક, સુંઠ, મરી, અજમો, કોકમ (वृक्षाम्ल) અમ્લવેતસ, અજમોદ, આસગંધ, અને કૌચાં એ અકેક તોલો લેવાં, ખાંડી કપડછાણ કરી મિશ્રી (સાકર) ૧૬ તોલા મેળવી ચૂર્ણ તૈયાર કરવું. ૨૩-૨૫.

ગુણ.

चूर्णसदाहितंपुंसां परमंरुचिवर्द्धनं ॥
प्लीहकासामयार्शांसि श्वासंशूलंचसज्वरं ॥ २६ ॥
निहन्तिदीपयत्यग्निं बलवर्णकरंपरं ॥
वातघ्नंलोचनंहृद्यं कण्ठजिह्वाविशोधनं ॥ २७ ॥

અર્થઃ—આ ચૂર્ણ સદા પૌરૂષત્વને આપનારૂં છે, અત્યંત રૂચીને વધારનાર; બરોળ, (તાપતિલ્લી-પ્લીહા) ઉધરસ, ખાંસી, આમ, હર્ષ, દમ (શ્વાસ) શૂળ-પાર્શ્વશૂળ, જ્વર, (તાવ-ફીવર)નો નાશ કરે છે, જઠરાગ્નિને પ્રજ્વલિત (દેદિપ્યમાન-સતેજ-પ્રબળ) કરે છે, શરિરમાં બળ અને સુંદરતા (ખૂબ સુરતપણું) વધારે છે. વાયુ રોગને હણનાર (નાશ કરનાર) છે, નેત્ર, છાતી (હૃદય) કંઠ (ગળું) અને જીભ એ સર્વના રોગને નષ્ટ (નાશ) કરનાર છે. ૨૬-૨૭

બીજું એલાદિ ચૂર્ણ.

त्रुटिलवङ्गविडंगकटुत्रिकं घनशिवाशिवपत्रजकंसमं ॥
त्रिगुणतात्रिवृताचसितासमा अदनआमपतिष्यतिकामतः२८

અર્થઃ—એલચી, લવીંગ, વાવડીંગ, ત્રિકટુ, મોથ, આમળાં, હરડે, અને તમાલપત્ર, એ સર્વ બરોબર લેવાં તે સર્વથી ત્રણગણી નસોતર લેવી, સાકર સર્વની બરોબર લેઈ ચૂર્ણ કરી ખાય તો આમ નીકળી પડે છે. ૨૮

ચાતુર્જાત ચૂર્ણ.

चातुर्जाततुगाद्विजीरकधनातालीससारादसा ।
१क्षावृक्षाम्लकपित्थषट्कटुकवर्याम्लाद्विदीप्याश्वषट् ॥
चूर्णस्तुल्यसितोबलाग्निरुचिभाक्तत्प्लीहमूढानिल ।
श्वासार्शःकसनव्यथाज्वरवमीत्हृत्कंठजिह्वार्तिजित् ॥२९॥

અર્થ—તજ, તમાલપત્ર, નાગકેશર, એલચી, વંશલોચન, જીરૂં, શાહજીરૂં, ધાણા, તાલીસપત્ર, દાડમની છાલ એ દશ ઔષધો તોલો

---

૧ 'वृक्षाम्लं' એવો પાઠ છે અને તેનો અર્થ નિઘંટો અને ઔષધીનામમાળા જોતાં કોકમ થાય છે તેને મારવાડમાં ડાસર્યા કહે છે, માહારાષ્ટમાં અમસોલ, કોકણમાં કોકમ, રાતંબા, હિં, વિષાબીલ મહાદા, ક. તંતડીક, સોળે, મરગીન હુલીમરા, બં. મહાદા, સંસકૃતમાં વૃક્ષામ્લ કહે છે. તેને તંતડીકના ભરોસે આમલી એવો અર્થ કરે છે પણ તંતડી શબ્દ હોય તો આમલી; પરંતુ તંતડીક હોય તો કોકમ એજ અર્થ થાય છે.

ભા. કર્તા.

તોલો લેવાં, અને કૌકમ, કોઠનો ગંરભ, સુંઠ, પિપર, મરી, અંચ્યક, ચિત્રક, પિપરી મૂળ, અજમોદ, અજમો, ખોરસાનીઅજમો, અને આંભેડાં એ બાર ઔષધો અર્ધા અર્ધા તોલો લેવાં તેનું ચૂર્ણ કરી સર્વેની બરાબર સાકર નાખી ખાવાથી બળ, અગ્નિ, રૂચિ અને કાન્તિ વધે છે, તથા અરોળ, મૂઢ વાયુ, શ્વાસ, હરસ, તાવ, ઉલટી હૃદય, કંઠ, અને જીભની પીડા મટે છે. ૨૯

ત્રિજાતાદિ ચૂર્ણ.

त्रिजातिविश्वात्रिफलाविडङ्गं द्राक्षानिशायुग्ममरिष्टपत्रं ॥
कृष्णागुडूचीमिसिमेषशृंगी पुरातनाः षष्टिकतन्दुलाच ॥३०॥
एतानिचूर्णानिसमानिकृत्वा सितामदेयातदनंतरंसमा ॥

અર્થ—ત્રિસુગંધ (તજ, તમાલપત્ર, એલચી.) સુંઠ, ત્રિફળા, (હરડાં, બેડાં, આમળાં.) વાવડિંગ, દ્રાખ, હળદર, દારૂહળદર, લિંબડાનાં પાંદડાં, પીપર, ગળો, સૂવા (અથવા વરીયાળી) મરડાશીંગ અને જુના સાઠી ચોખા, એ સત્તર ઔષધીઓ સમાન ભાગે લઈ તેની બરોબર સાકર મેળવી ખાંડી કપડેથી ચાળી ચૂર્ણ બનાવવું. ૩૦

ગુણ.

दिनोदयेचूर्णमिदंहिखाद न्कुर्यान्नरंशीतरसापहारिं ॥३१॥
दद्रूणिरक्तंकुपितंचपित्तं कुष्टाम्लपित्तंसविसर्जिपामा ॥
विस्फोटकान्मण्डलकान्मदोषान् अनेकदोषान्प्रशमंप्रयान्ति ३२

અર્થ—આ ચૂર્ણ [1]પ્રભાતે જો (એક રૂપિયાભાર) ખાય તો, દરાજ (દાદર) લોહિ વિકાર, પિત્ત વિકાર, કોઢ, અમ્લપિત્ત (ખાટી

---

૧ ઔષધ ખાવાનો સમય જે વધો રોગીને બતાવતા નથી તેથી ગુણકારી ઔષધ છતાં બરોબર અશર કરી શકતું નથી; માટે અત્રે તે લખવાની અગત્ય છે. ક્વાથ અને ચૂર્ણ ઘણું કરીને સવારમાંજ રોગીને ઉપયોગમાં લેવાં, રેચ, ઉલટીની દવા સવારેજ લેવી, બરોબર રેચ અને ઉલટી થઈ જાય ત્યારે હલકો ખોરાક રાબડી,—ચોખા મગની ખીચડી વગેરે આપવું, અપાન વાયુને નિચી ગતી આપવા સારૂ જમ્યા પેહલા થોડીવારે દવા ખાવી, અરૂચિ, મોળ મટાડવા સ્વાદિષ્ટ ઔષધો જમવાની વખતે ખાવાં,

ઉલટી તથા ખાટા ઓટકાર તથા છાતીએ અનાજ રહે તે) લુખસ તથા તેની ખાજ (ચળ) અને પારસ ખસ (પામ) વિસ્ફોટક, ફોલ્લીઓનાં કુંડાળાં, (અથવા વિસ્ફોટકની ફોલ્લીઓનાં કુંડાળાં) અને અનેક (ઘણા) દોષ (વિકાર-રોગ) દૂર થાય છે. ૩૧—૩૨

તાલીસાદિ ચૂર્ણ.

तालीसोषणचव्यनागलवणैस्तुल्यांशकैर्द्विस्थितं
कृष्णाग्रंथिकतन्तडीकहुतभुक्त्वक्जीरकौतूयकौ ॥
त्रिश्चैलावदराम्लवेतसघनैर्धान्याजमोदान्विता
स्तिस्रोदाडिमसारपादसहितः श्रेष्ठः सिताषाण्डजः ॥ ३३ ॥

અર્થ—તાલીસપત્ર, કાળાંમરી, ચવ્યક, નાગકેશર, સિંધાલુણ સંચળ, વડાગરૂં, ખંગડીખાર અને મીઠું એ નવ ઔષધો સમાન લેવાં. પિપર, પીપરી મૂળ, તંતડીક (ડાંસરિયા-કોકમ-અમચૂર) ચિત્રા છાલ (અથવા ચિત્રક) તજ, જીરૂં, અને શાહજીરૂં, એ ઔષધીઓ (પ્રથમના ઔષધોથી) બમણી લેવી. સુંઠ, એલચી, બોરની મીંજે, અમ્લવેતસ, મોથ, ધાણા, અજમોદ (બોડી અજમો)એ સાત ઔષધીઓ (પ્રથમના ઔષધોથી) ત્રણ ગણી લેવી. તથા એ બધાથી ચોથા ભાગે દાડમના દાણા લેવા અને એ સઘળાથી અર્દ્ધ ભાગે સાકર અથવા ચીની ખાંડ લઈ ખાંડી ચાળી ચૂર્ણ કરવું. ૩૩

નાભિના ઠેકાણાનો વાયુ કોપ્યો હોય અથવા જઠરા મંદ પડી હોય તો અગ્નિ પ્રદિપ્ત કરવા ભોજન કરતાં વચમાં દવા ખાવી, વ્યાન વાયુ કોપ્યો હોય તો જમ્યા કેડે દવા ખાવી. હેડકી, હીસ્ટીરીયા, કંપવા ઉપર જમ્યાં પેહલાં અને જમ્યા પછી દવા ખાવી. ઘાંટો બેશી ગયો હોય તથા કંઠ સ્થાનનો વાયુ કોપ્યો હોય તો સંધ્યા વખતના ભોજનમાં દરેક કોળીએ અગર એકેક કોળીઆને અંતરે દવા ખાવી. છાતીનો વાયુ કોપ્યો હોય તો સાંઝના જમ્યા પછી દવા ખાવી. તરસ, હુબકા, હેડકી, દમ, ઝેરના દોષ ઉપર વારંવાર અન્નની સાથે અથવા જમ્યા પેહલાં અને પછી પણ દવા ખાવી. આંખ, નાક, કાન, માથું તે ઠેકાણાના દરદ ઉપર તથા વાયુના રોગો મટાડવા, દુર્બળ થઈ ગયેલા શરિરને પુષ્ટ કરવા, પાચન, અને શમન દવા જમ્યા પેહલા તેમજ પછી પણ ખાવી. વિશેષ ખુલાસો મેળવવો હોય તો ભાવ પ્રકાશ પૂર્વ ખંડ અથવા સાર્ઙ્ગધર સંહિતાનું અવલોકન કરી મેળવો.

ભા. કર્તા.

ગુણ.

कण्ठास्योदरहृद्विकारशमनः कामाग्निसन्दीपनो
गुल्माध्मानविषूचिकागुदरुजः श्वासंकृमिच्छर्दिमान् ॥
कासारुच्यतिसारमूढमरुतांहृद्रोगिणांकीर्तितः
चूर्णोयंभिषजामतीवदयितः ख्यातोमहाखाण्डवः ॥ ३४ ॥

અર્થ—કંઠ, મુખ, ઉદર(પેટ) તથા છાતિના વિકારોને સમાવે (નાશ કરે)છે, કામાગ્નિને પ્રદિપ્ત કરેછે, ગુલ્મ (ગોળો) આફરો, કોલેશ (કોગળીયું-મહામારી-મરકી-હૈજા,) મસા (હરસ) શ્વાસ, કૃમિ (કરમીઆ -ચરમીઆ) છર્દિ (ઉલટી) ખાંસી (ઉધરસ) અરૂચિ, અતિસાર, મૂઢ વાયુ, હૃદય (છાતી)ના રોગ વગેરેને હિતકારી છે, વૈદ્યોને આ ચૂર્ણ અતિ વલ્લભ (વ્હાલું) છે, આ માહા ખાંડવ નામથી પ્રસિદ્ધ છે. ૩૪

પાઠાફેર તાલીસાદિ ચૂર્ણ.

तुल्यंतालीसचव्योषणलवणगजंद्रिः कणाग्रंथजाजी
वृक्षाम्लाग्नित्वचंत्रिर्घनबदिरघनैलाजमोदाम्लविश्वं ॥
सार्द्धश्वेतोंऽग्रिसारेऽतिसृतिकृमिवमीखाण्डवोरुच्यजीर्णे
गुल्माध्मात्पानलास्योदरगलगुदमृत्हृद्रुदश्वासकासे ॥ ३५ ॥

અર્થ—તાલીસ પત્ર, ચવ્ય, મરી, સિંધાલુણ અને નાગકેશર એ અકેક ભાગ લેવાં. લિંડી પીપર, પીપરી મૂળ, જીરૂં, કોકમ, ચિત્રાછાલ, તજ એ બબે ભાગ લેવાં. મોથ, બોરની મીંજ, ધાણા, એલચી, બોડી અજમો, અમ્લવેતસ, અને સુંઠ, એ ત્રણ ભાગ લેવાં. તે સર્વથી અર્ધી સાકર અને દાડમની છાલ ૯॥ તોલા લેવી ખાંડી ચાળી તે ચૂર્ણ ખાય તો કૃમિ (કરમીઆ-ચરમીઆ)નો રોગ, ઉલટી, અરૂચી, (અજીર્ણ-અપચો) ગોળો, આફરો, મંદાગ્નિ, મુખ, પેટ, ગળા અને ગુદાના રોગો તથા માટી ખાધાથી થયેલા રોગ, છાતીના રોગ દમ અને ઉધરસ એ સર્વ નાશ થાય છે. ૩૫

ગગનાશય ચૂર્ણ.

त्रिकटुः त्रिसुगन्धंच लवङ्गंजातिकाफलं ॥
तुगाक्षीरीसठोशृंगी वाजिगन्धाचदाडिमी ॥ ३६ ॥

एतानिसमभागानि सर्वतुल्यामयोरजः ॥
अयसेनसमन्देयं गगनंचसुशोधितम् ॥ ३७ ॥
यावदेतानिचूर्णानि तावद्दद्यात्सितोपला ॥

અર્થ—ત્રિકટુ, ત્રિસુગંધ, જાયફળ, વંશલોચન, કચૂરો, કાકડાશીંગી, આસગંધ અને અનાર દાણા (દાડમની કળીઓ) એ સર્વ સમાન લેવાં એ સર્વની બરાબર સાર (ગજવેલ) લેવો. અને તેટલોજ શુદ્ધ ફુંકેલો (મારેલો) અભ્રક અને સર્વની બરોબર સાકર લેવી, ખાંડી ચાળી ચૂર્ણ કરવું. ૩૬—૩૭

ગુણ.

कर्षप्रमाणंदातव्यं खादयेच्चयथाबलं ॥ ३८ ॥
अग्निसंजननंहृद्यं प्रमेहंहन्तिदारुणं ॥
अश्मरीमूत्रकृच्छ्रंच धातुस्थंविषमज्वरं ॥ ३९ ॥
नाशयेच्चत्रिदोषंच राजयक्ष्मज्वरापहं ॥
पीनसंकासश्वासघ्नं रुच्यंकासहरंपरं ॥ ४० ॥

અર્થ—એ ચૂર્ણ એક તોલાના પ્રમાણથી પ્રભાતે રોગીનું બળાબળ જોઈ ખાવા આપે તો જઠરાગ્નિને દિપાવે (ભૂખ લગાડે) છાતીના રોગ, દુષ્ટ પ્રમેહ, પથરી, મૂત્રકૃચ્છ્ર, ધાતુઓના વિષે રહેલો વિષમજ્વર (હાડ કચરીઓ તથા ગુપ્ત તાવથી સદા ધીખતું રહેતું શરીર.) ત્રિદોષ, રાજયક્ષ્મા (ક્ષય) તાવ તથા ક્ષયનો તાવ, પીનસ, શ્વાસ, ઉધરસ, અરૂચિ અને ઉર્દ્ધ્વ શ્વાસ (અદ્ધર-ઉંચો રહેતો શ્વાસ) એ સર્વનો નાશ કરે છે. ૩૮-૪૦

સિતોપલાદિ ચૂર્ણ.

सितोपलाषोडशस्या दष्टौस्याद्वंशलोचना ॥
पिप्पलोस्याच्चतुःकर्ष क्षुद्रेलास्याद्विकार्षिका ॥ ४१ ॥
एककर्षाचत्वक्कार्या चूर्णयेत्सर्वमेकतः ॥
सितोपलादिकंचूर्णं मधुसर्प्पिर्युतंलिहेत् ॥ ४२ ॥

અર્થ—સાકર તોલા ૧૬ વંશલોચન તોલા ૮ લીંડી પીપર

તોલા ૪ [1]કાગદી એલચી તોલા બે ૨ અને તજ તોલો ૧ લઈ ચૂર્ણ બનાવવું. ૪૧

ગુણ.

कासश्वासक्षयहरं हस्तपादांगदाहजित् ॥
मंदाग्निशुष्कजिह्वांच पार्श्वशूलमरोचकं ॥ ४३ ॥
ज्वरमूर्द्धगतंरक्तं पित्तमाशुव्यपोहति ॥ ४४ ॥

અર્થ—એ ચૂર્ણ એક તોલા ભાર પ્રાતઃકાળે ઘી [1]અને મધની સાથે અવલેહી ખાય તો, ઉધરસ, શ્વાસ, ક્ષય, હાથ પગની બળતરા, મંદાગ્નિ, જીભનું સુકાવવાપણું તથા જીભના રોગ, પડખાની શૂળ, અરૂચી, તાવ, ઉર્દ્ધગત લોહી કિંવા, લોહી વિકાર અને પિત્તના રોગોને શિઘ્ર (જલદી) મટાડે છે. (આ ચૂર્ણ મેં ઘણી વાર અજમાવેલ છે જો આયુષ્ય પ્રબળ હોય તો ઘણોજ સારો ફાયદો આપે છે.) ૪૩—૪૪

શ્રીખંડાદિ ચૂર્ણ.

श्रीखण्डंमरिचंलवंगफलजंद्राक्षातजंपत्रजं
रक्तंचन्दनवालकंमधुनिशाशुण्ठीकणाग्रन्थिकैः ॥
धान्याजीरककेशरंजलफलंखर्जूरसम्यक्त्वच
श्चूर्णंभेषजमिश्रितंसममितं

અર્થ—સફેત ચંદન, મરી, લવીંગ, જાયફળ, દ્રાખ, તજ, પત્રજ (તમાલ પત્ર) રતાંજલી, નેત્રવાળો, જેઠી મધ, હળદર, સુંઠ, પિપર, પીપરી મૂળ, ધાણા, જીરૂં, કેશર (અથવા નાગકેશર) કમળ કાકડી અને ખારેક એ સર્વ બરાબર લઈ તે સર્વની બરાબર સાકર મેળવી ચૂર્ણ કરવું.

---

૧ ઘી અને મધ જે દવામાં ભેગાં લેવા લખ્યું હોય તો તે બન્ને બરોબર ભાગે લેવાં નહી; કેમકે તે સરખા ભાગે લેવાથી નુકશાન કરે છે માટે ઘી તોલો ૧ાા અને મધ તોલા બે લેવું એમ પૂર્વાચાર્યોની આજ્ઞા છે. મતલબમાં બે બરોબર ન લેતાં વત્તાં ઓછાં લેવાં.

ગુણ.

मात्राबिडालपदं ॥ ४५ ॥
श्वासंशोषयुतक्षयज्वरहरंपित्तप्रमेहापहं
रक्तस्तापजडंमक्काशमरुचिव्याधिंभगेंद्रापहं ॥
क्षीणेदेहपतन्नयायुतबलंसर्वातिसारापहं
सर्वव्याधिविनाशनंनिगदितंश्रीखंडचूर्णाभिधं ॥ ४६ ॥

અર્થ—આ ચૂર્ણ એક તોલો દરરોજ ખાય તો શોષ (પાણીની ધખના) સહીત શ્વાસ, ક્ષય, તાવ, પિત્ત, પ્રમેહ વા પિત્તના પ્રમેહ, લોહી વિકાર, ધીખડી, જડતાપણું, જીર્ણરોગ (જુના રોગ-ઘણા દિવસનો રોગ) અને ભગંદર વગેરેમો નાશ કરે છે. દૂર્બળ દેહને પુષ્ટ કરે છે, બળ આપે છે, સર્વ જાતના અતિસાર મટાડે છે. સારાંશમાં સર્વ વ્યાધિઓનો નાશ કરે છે. આને વૈદ્યો શ્રીખંડ ચૂર્ણ કહે છે. ૪૫—૪૬

શંખાદિ ચૂર્ણ.

शंखचूर्णसलवणं सहिंगुव्योपसंयुतं ॥
उष्णोदकेनसम्पीतं हन्तिशूलंत्रिदोषजं ॥ ४७ ॥

અર્થ—શંખનો ભૂકો, સિંધાલુણ, હિંગ, સુંઠ, મરી, અને પીપર એ સર્વનું ચૂર્ણ બનાવી ઉન્હા પાણી સાથે ખાય (વા ફાકે-વા પીએ) તો, વાયુ, પિત્ત, કફ એ (ત્રિદોષ)ની શૂળ નાશ પામે છે. ૪૭

કાયફળાદિ ચૂર્ણ.

कट्फलंपुष्करंभार्गी शृंगीचमधुनासह ॥
श्वासकासज्वरहरं कट्फलादिकफाणतकृत् ॥ ४८ ॥

અર્થ—કાયફળ, પૂષ્કર મૂળ, ભારંગી અને કાકડાસિંગી એઓનું ચૂર્ણ મધની સાથે ખાય તો શ્વાસ, ઉધરસ, તાવ અને કફનો નાશ કરે છે. ૪૮

મિશ્રાદિ ચૂર્ણ.

चित्रकेन्द्रयवापाठा कटुकाऽतिविषाभया ॥
महाव्याधिप्रशमनो योगः षट्चरणःस्मृतः ॥ ४९ ॥
मधुनाभक्षितंहन्ति चूर्णमेकोहिनिश्चितं ॥
भ्रमंदाहंशीतपीडां क्षयरोगंनसंशयः ॥ ५० ॥

અર્થ—ચિત્રક, ઇંદ્રિજવ, કાળીપાઠ, કડુ, અતિવિષ અને હરડે, સમભાગે લઈ ચૂર્ણ કરી મધની સાથે આ ખટ્ ચરણ યોગ ચૂર્ણ ખાવાથી મહાવ્યાધિ (મોહટી વ્યાધિઓ) મટાડવાને આ એકલુંજ ચૂર્ણ બસ છે; તથા ફેર, (ચક્કર,) દાહ (બળતરા) શીતપીડા અને ક્ષય રોગનો નાશ કરે છે એમાં સંદેહ નથી. ૪૯—૫૦

કીલકાદિ ચૂર્ણ.

गृहधूमोयवक्षारं पाठव्योषरसांजनं ॥
तेजोह्वात्रिफलालोध्रं चित्रकंचेतिचूर्णितं ॥ ५१ ॥
सक्षौद्रंधारयेदेतत्गलरोगविनाशनं ॥
चूर्णन्तुभक्षयेत्धीमान्दन्तास्यस्यचरोगजित् ॥ ५२ ॥

અર્થ—ઘરનો ધુંસો,-ધુંઓ (ચૂલા ઉપર ધુમાડાને લીધે જે ભિંતે વા છાપરા ઉપર જામે છે તે), જવખાર, કાળીપાઠ, ત્રિકટુ, રસાંજન (રસવંતી) તજ, ત્રિફળાં, લોધર અને ચિત્રક, એ સર્વનું બારીક ચૂર્ણ કરી મધની સાથે ખાય તો હે બુદ્ધિમાનો! કંઠ (ગળા)ના મુખના અને દાંતના રોગને આ ચૂર્ણ જીતી લે છે. ૫૧—૫૨

પંચનિંબાદિ ચૂર્ણ.

मूलंपत्रंफलंपुष्पं त्वक्निम्बस्यसमाहरेत् ॥
सूक्ष्मचूर्णमिदंकुर्यात् पलैःपंचदशोन्मितैः ॥ ५३ ॥
लोहभस्महरीतक्यौ चक्रमर्दकचित्रकैः ॥
भल्लातकंविडंगानि शर्करामलकंनिशा ॥ ५४ ॥

पिप्पलीमरिचंशुण्ठी वाकुचीकृतमालकैः ॥
गोक्षुरंचपलोन्मान मेकैकंकारयेद्बुधः ॥ ५५ ॥
सर्वमेकीकृतंचूर्णं भृङ्गराजेनभावयेत् ॥
अष्टभागावशिष्टेन खादिरासनवारिणा ॥ ५६ ॥

અર્થ—લીંબડાનાં પંચાંગ (મૂળ, પાંદડાં, ફળ, ફુલ, છાલ) લેઈ સૂક્ષ્મ (ઝીણું) ચૂર્ણ કરી ૧૦ તોલા ભાર લેવું, બાદ લોહભસ્મ, હરડેદળ, પુંઆડીઆનાં બીજ, ચીત્રક, ભિલામાં, વાવડીંગ, સાકર અથવા ખાંડ, આમળાં, હળદર, ત્રિકટુ, બાવચી, ગરમાળો, અને ગોખરૂ, એ સર્વ ઔષધો ચાર ચાર તોલા લેવાં ચૂર્ણ કરી જળભાંરાના રસના ૨૧ પુટ દેવા. પછી ખેર અને આસનનો સેર પાણીમાં કાઢો કરી આઠમા ભાગનો રહે ત્યારે તે પાણીના ફરી પુટ દેવા, છાંયડે સૂકવી ચૂર્ણ બનાવવું. ૫૩—૫૬

ગુણ.

भावयित्वासशुष्कंच कर्षमात्रंततः पिबेत् ॥
खदिरासनक्वाथेन सर्पिषापयसाथवा ॥ ५७ ॥
मासेनसर्वकुष्ठानि विनियान्तिरसायनं ॥
पञ्चनिम्बमिदंचूर्णं सर्वरोगप्रणाशनं ॥ ५८ ॥

અર્થ—એક તોલાની માત્રાએ ખેરઅને આસન (આસગંધ)ના કવાથ સાથે, અથવા દૂધ,વા, ઘી સાથે એક મહીનો સેવન કરે (ખાય) તો અઢાર જાતના કોઢ નાશ થાયછે. આ રસાયણ રૂપ પંચનિંબ ચૂર્ણ સર્વ રોગનો નાશ કરે છે. ૫૭—૫૮

અથવા

भल्लातकासितलैः सार्धमथवाशुण्ठितन्दुलैः ॥
खंडेनगुटिकाकार्या कुष्ठरोगनिवृत्तये ॥ ५९ ॥

ભિલામાં તલની સાથે અથવા સુંઠ ચોખાની સાથે સાકર મેળવી આઠ ગોળીઓ કરી ખાય તો કોઢ જાય છે. ૫૯

[1]સુદર્શન ચૂર્ણ.

त्रिफलारजनीयुग्मं कण्टकारीयुगंसटी ॥
चित्रकंग्रन्थिकंमूर्वा गुडूचीधान्यवासके ॥ ६० ॥
कटुकापर्पटीमुस्ता त्रायमाणंचवालकं ॥
निम्बंपुष्करमूलंच मधुयष्टीचवासकं ॥ ६१ ॥
यवानींद्रयवाभार्गी शिग्रुबीजंसुराष्टकं ॥
वचात्वक्पद्मकोशीर चन्दनातिविषावला ॥ ६२ ॥
शालपर्णीपृष्ठपर्णी विडङ्गंतगरंतथा ॥
चित्रकोदेवदारुश्च चव्यंपत्रंपटोलकं ॥ ६३ ॥
जीवकर्षभकौचैव लवङ्गंवंशलोचनं ॥
पुण्डरीकंचकाकोली पत्रकंजातिपत्रकं ॥ ६४ ॥
तालीसपत्रंचतथा समभागानिचूर्णयेत् ॥
सर्वचूर्णस्यचार्द्धांशं किरातंप्रक्षिपेत्सुधीः ॥ ६५ ॥

અર્થ—ત્રિફળાં (હરડાં બેહડાં આમળાં) હળદર, બેઠી રીંગણી, (ભોંરીંગણી) ઉભીરીંગણી, કચૂરો, ત્રિકટુ (સુંઠ, મરી, પીપર,) પીપળી મૂળ, [2]મુર્વા, (મોરવેલ મુરહરી, મરોરફળી,) ગળો, ધાણા, જવાસા (ધમાસો) કડુ, પિત્ત પાપડો, નાગરમોથ, ત્રાયમાણ, નેત્રવાળો, લીંબડાની અંતર છાલ, પુષ્કર મૂળ, જેઠીમધ, અરડૂસો, બોડી અજમો,

---

૧ આ ચૂર્ણના પાઠ વિષે દરેક ગ્રંથોનો મત ભિન્નત્વ જણાય છે; પરંતુ ગુણ સરખાજ માલમ પડે છે, અને જે જેના અનુભવથી શિદ્ધ થયો હોય તેજ ઉત્તમ પાઠ ગણે છે.

૨ મૂર્વા એટલે મોરવેલ જેને મરાઠી ભાષામાં મુહુરસી, ગુ. મોરવેલ, હિં. રનિહાર, મરોર ફળી, ક. ગડડે અમરદવલ્લિ, તૈ. ફંદાતિપ્પતિગા કહે છે તેનો વેલો થાય છે તેનાં પાન પીલુના પાન જેવાં અને જાડાં હોય છે, પાન ફૂળ મીઠાં ને ચીકણાં હોય છે તેથી સંસ્કૃતમાં એનું નામ 'મધુરસા' આપેલું છે; પરંતુ વિશેપ જોવામાં આવતી નથી.

ઇંદ્રજવ, ભારંગી, સરગવાનાં બીજ, ફુલાવેલી ફટકડી, વજ, તજ, પદમક, સુગંધીવાળો, સ્વેત ચંદન, અતિવિષ, ખરેટીનાં મૂળ (અથવા બળબીજ) ન્હાનો સમેરવો, વાવડીંગ, તગર, ચીત્રામૂળ, દેવદાર, ચવ્યક, કુકડવેલનાં પાંદડાં, જીવક, ઋષભક, (એ મળવાં મુસ્કેલ હોવાથી પ્રતિનિધિ રૂપ વિદારી કંદ અથવા તેનું મૂળ લેવું) લવીંગ, વંશલોચન, કમળકાકડી, ક્ષીરકાકોલી (મળતી નથી માટે આસોંદનું મૂળ અથવા જેઠીમધ લેવું) તમાલપત્ર, જાવંત્રી અને તાલીસપત્ર એ સર્વે બરોબર લેઈ ચૂર્ણ કરવું. એ સર્વના અર્દ્ધ ભાગે કિરીયાતું લેઇ ખાંડી, ચાળી, ચૂર્ણ બનાવવું. ૬૦—૬૫

ગુણ.

एतत्सुदर्शनंनाम चूर्णदोषज्वरापहं
सन्निपातोद्भवांश्चापि मानसानपिनाशयेत् ॥
शीतज्वरैकाहिकादीन् मोहतंद्राभ्रमंतृषां ॥ ६७ ॥
श्वासंकासंचपाण्डुंच हृद्रोगंहन्तिकामलां ॥
त्रिकपृष्ठकटीजानु पार्श्वशूलनिवारणः ॥ ६८ ॥
शीताम्बुनापिबेद्धीमान् सर्वज्वरनिवृत्तये ॥
यथासुदर्शनंचक्रं दानवानांविनाशकं ॥ ६९ ॥
तथाज्वराणांसर्वेषा मिदंचूर्णप्रशस्यते ॥
नानादेशोद्भवांश्चैव नीरदोषान्व्यपोहति ॥ ७० ॥

અર્થ—આ સુદર્શનનામા ચૂર્ણ થંડા પાણી સાથે બે વખત પા પા તોલો ખાય તો કફ, પિત્ત, વાયુ આદિ દોષના તાવ, તથા સર્વ જ્વર એટલે દરેક દોષ કોપથી ઉત્પન્ન થયેલા તાવ, રોજીંદો, એકાંતરીયો, તરીયો, ચોથીઓ, આગંતુક, ધાતુઓમાં રહેલા તાવ, વિષમજ્વર, સન્નિપાત જ્વર, માનસ (મન સાથે સંબંધ રાખનારો)જ્વર એ સઘળી જાતના તાવને નિશ્ચે નાશ કરે છે, તથા મોહ (મૂર્છા) તંદ્રા (ઘેન) ભ્રમ (ફેર-ચક્કર) તરસ–શોષ, શ્વાસ, ઉધરસ, પાંડુ રોગ, છાતીના રોગ, કમળો, ત્રિક, પીઠ, કેડ, (કમ્મર) સાથળ અને

પાસાં વગેરેમાં આવતું શૂળ મટાડે છે. જેમ સુદર્શન ચક્ર દૈત્યોના નાશ કરે છે તેમજ આ સુદર્શન ચૂર્ણ સર્વ પ્રકારના તાવના ઉપદ્રવોને નાશ કરે છે. અને ઘણા દેશાવરમાં ફરવાથી પાણી લાગ્યું હોય તે વિકારને મટાડે છે. ૬૯—૭૦

ષોડશાંગ ચૂર્ણ.

किरातंतिक्तकंतिक्ता गडूचीचाभयाघना ॥
धन्वयासकत्रायंती क्षुद्राशृंगीमहौषधं ॥ ७१ ॥
पर्प्पटंचप्रियंगुंच पटोलंमागधीसटी ॥
षोडशांगमितिप्रोक्तं ज्वरशूलविनाशनं ॥ ७२ ॥

અર્થ—કિરીયાતું, લીંબડાની અંતર છાલ, કડુ, ગળો, હરડે, મોથ, ધમાસો, ત્રાયમાણ, રીંગણી, કાકડાસીંગ, સુંઠ, પિત્ત પાપડો, ઘઉંલા (અથવા કાંગ,) કુકડવેલાનાં ફળ, પીપર અને કચૂરો, એ સોળ ઔષધો સમાન (બરોબર) લેઈ ચૂર્ણ કરી ખાય તો સંર્વ જાતના તાવમાં આવતી શૂળનો અથવા તાવ અને શૂળનો નાશ કરે છે. આને ષોડસાંગ ચૂર્ણ કહે છે. ૭૧—૭૨

અરિષ્ટાદિ ચૂર્ણ.

निम्बच्छदोदशपलं त्र्यूषणंचपलत्रयं ॥
त्रिपलंत्रिफलाचैव त्रिपलंलवणत्रयं ॥ ७३ ॥
द्वौक्षारौद्विपलंचैव यवानीपलपंचकं ॥
सर्वमेकीकृतंचूर्णं प्रत्यूषेभक्षयेन्नरः ॥ ७४ ॥
एकाह्निकंद्व्याहिकंच त्रिदिवंचतथाज्वरं ॥
चातुर्थिकंमहाघोरं शान्तयेत्संततंज्वरं ॥ ७५ ॥

અર્થ—લીંબડાની અંતર છાલ તોલા ૪૦, ત્રિકટુ તોલા ૧૨, ત્રિફળાં તોલા ૧૨. સિંધાલુણ તોલા ૪, સંચળ તોલા ૪, બિડલુણ તોલા ૪, સાજીખાર તોલા ૪, જવખાર તોલા ૪, અને અજમો તો-

લા ૨૦ એ સર્વ ભેગાં કરી ખાંડી ચાળી ચૂર્ણ કરી. પ્રભાતે જે મનુષ્ય ખાય તેનો એકાંતરીયો, દ્વાહિક, તરીયો, ચોથીઓ, અને ભયંકર સંતત (રોજીંદો) વીગેરે સર્વ તાવ દૂર થાય છે. ૭૩—૭૫

શ્રૃંગાદિ ચૂર્ણ.

शृंङ्गीकटुत्रिफलकभयकण्टकारी
भार्गीसपुष्करजटालवणानिपञ्च ॥
चूर्णंपिबेदशिशिरेणजलेनहिक्का
श्वासोर्द्धवातकशनारुचिपीनसेषु ॥ ७६ ॥

અર્થ—કાકડાસિંગ, સુંઠ, કાળાં મરી, પીપર, ત્રિફળાં, રીંગણી, ભારંગ, પુષ્કર મૂળ (ન મળે તો એરંડાનું મૂળ અથવા ઉપલેટ લેવું) સિંધાલુણ, સંચળ, બિડલુણ, દરીયાનું મીઠું, અને વડાગરૂ મીઠું, એ સર્વનું ચૂર્ણ કરી, ઉન્હા પાણી સાથે પીવાથી હેડકી, ઉર્દ્ધ શ્વાસ (અધર રહે તો શ્વાસ) વાયુ, કફના રોગ, અરૂચિ, અને પીનસ એ સઘળા રોગ મટે છે. ૭૬

લવણ ભાસ્કર ચૂર્ણ.

पिप्पलीपिप्पलीमूलं धान्यकंकृष्णजीरकं ॥
सैंधवंचविडंगंच पत्रंतालीसकेसरं ॥ ७७ ॥
एषांद्विपलिकान्भागान् पञ्चसौवर्चलस्यच ॥
मरीचंशुंठ्यजाजीस्या देकैकंचपलंपलं ॥ ७८ ॥
त्वगेलाचार्द्धभागेन सामुद्रंचपलाष्टकम् ॥
चतुः पलंदाडिमञ्च द्विपलंचाम्लवेतसं ॥ ७९ ॥
एतच्चूर्णीकृतंसूक्ष्मं लवणंभास्कराभिधं ॥
गवांतक्रंसुरामुष्टु दधिकांजिकयोजितम् ॥ ८० ॥
वातश्लेष्मंवातगुल्मं वातशूलंचनाशयेत् ॥
मन्दाग्निग्रहणीमर्शो हृद्रोगंप्लोहमेवच ॥ ८१ ॥

અર્થ—પીપર, પીપરીમૂળના ગંઠોડા, ધાણા, શાહજીરૂં, સિંધાલુણ, વાવડીંગ, તાલીસપત્ર, અને નાગકેશર, એટલી ઔષધીઓ આઠ આઠ તોલા લેવી, સંચળ ૨૦ તોલા, મરી, સુંઠ, જીરૂં, એ ચાર ચાર તોલા, તજ, એલચી, બે બે તોલા, દરીયાનું મીઠું ૩૨ તોલા, દાડમના દાણા ૧૬ તોલા અને અમ્લવેતસ નામનું લીંબુ ૮ તોલા એ સર્વેને ખાંડી કપડેથી ચાળી ચૂર્ણ બનાવવું. ભાસ્કર વૈદ્ય વા સૂર્યદેવનું બનાવેલ છે. આ ચૂર્ણને લવણ ભસ્મકર ચૂર્ણ કહે છે. એને છાસ અથવા કાંજી, દારૂ, દહીની સાથે ખાય તો વાયુ કફના વિકાર, વાયુ ગોળો, મંદાગ્નિ, સંગ્રહણી, હરસ, છાતીના રોગ અને બરોળ વિગેરે સર્વ નાશ પામે છે. ૭૭—૮૧

ભાસ્કર ચૂર્ણ.

तालीसग्रंथिधान्यैर्भवरविडकणाकृष्णजीरच्छदाम्लम्
सामुद्रंविश्वजीरोषणमथरुचकंत्वक्त्रुटीदाडिमंतैः ॥
विंशत्यष्टत्रिपंचैकचतुरवयवैर्भास्करोऽन्नेऽथवाम्ले
गुल्मर्शोर्तिकासग्रहणिजठरहृत्त्वग्गदश्लेष्मवाते ॥ ८२ ॥

અર્થ—તાલીસપત્ર, પીપરીમૂળ, ધાણા, નાગકેશર, સીંધાલુણ, બિડલવણ, પીપર, શાહજીરૂં, તમાલપત્ર, અને અમ્લવેતસ એટલાં ઔષધો બબે તોલા, દરીયાનું મીઠું ૮ તોલા, સુંઠ, જીરૂં, મરી ૧ તોલો, સંચળ ૫ તોલા, તજ ૦॥ તોલો, એલચી ૦॥ તોલો અને દાડમ દાણા ૪ તોલા એ સર્વનું ચૂર્ણ કરી ચોખા સાથે અથવા અમ્લ (ખાટા) પદાર્થ (છાસ, કાંજી, ગોળ વગેરે) સાથે ખાવાથી ગુલ્મ, આમાજીર્ણ, હરસ, શૂળ, ઉધરસ, સંગ્રહણી, ઉદર રોગ, હૃદય રોગ, ત્વચા (ચામડીના) રોગ, કફ અને વાયુ એ સર્વ રોગો નાશ થાય છે. ૮૨

વજ્રક્ષાર.

सामुद्रंसैन्धवंकाचं यवक्षारंसुवर्चलं ॥
टंकणंस्वर्जिकाक्षारं तुल्यंचूर्णंप्रकल्पयेत् ॥ ८३ ॥

अर्कक्षीरैः स्नुहीक्षीरै र्भावयेदातपेऽथर्द्दं ॥
अर्कपत्रेलिपेत्तन्तु रुध्वाचांधपुटेपचेत् ॥ ८४ ॥
सकलंचूर्णयित्वाथ त्र्यूषणंत्रिफलारजः ॥
जोरकंरजनीवह्नि निम्बुकस्यरसंसमं ॥ ८५ ॥
एकीकृत्यप्रयोगेण सूक्ष्मंचूर्णन्तुकारयेत् ॥
वज्रक्षारमिदंचूर्णं स्वयंप्रोक्तंपिनाकिना ॥ ८६ ॥
सर्वोदरेषुगुल्मेषु शोफेशूलेषुयोजयेत् ॥
अग्निमांद्यअजीर्णेषु भक्ष्यंनिष्कद्वयंद्वयं ॥ ८७ ॥

અર્થ—દરીયાનું મીઠું, સીંધાલુણ, વડાગરૂં મીઠું, જવખાર, સંચળ, ટંકણ અથવા ખડીયો ખાર, અને સાજી, એ સમ ભાગે લેઈ ચૂર્ણ કરી આકડાના દૂધની ભાવના (પુટ) તથા થુવરના દૂધની ભાવના ત્રણ દેવી, પછી તેને આકડાના પાંદડામાં લપેટી અંધમુખ પૂટમાં મૂકી ફૂંકી દેવું, ભસ્મ થયા બાદ કાહાડી તેમાં સુંઠ, મરી, પીપર, ત્રિફળાં, જીરૂં, હળદર અને ચિત્રામૂળ એ સમાન લેઈ ચૂર્ણ કરી મેળવવું પછી બરોબર લિંબુના રસની ભાવના દેઈ તૈયાર કરવું. આ વજ્રક્ષાર શ્રી મહાદેવજીએ કહેલ છે. તેના ખાવાથી પેટના તમામ રોગો, ગોળો, સોજો, શૂળ, મંદાગ્નિ અને અજીર્ણ વગેરે ઉપર બે ટાંક (૦ાા રૂપિયા ભાર) ખાવું. ૮૩—૮૭

લવણાર્ક ભસ્મ.

अर्कपत्रंसलवणं पुटंदग्धंसुचूर्णितं ॥
निहन्तिमधुनां पीतं प्लीहानं सुविदारकम् ॥ ८८ ॥

અર્થ—આકડાના પાંદડામાં મીઠું મેળવી ભસ્મ કરી મધની સાથે ખાય તો મહા ભયંકર બરોળ હોય તો પણ મટે છે. ૮૮

બિડલવણાદિ ચૂર્ણ.

विडरुचकयवानोजीरकेद्वेचपथ्या
त्रिकटुकहुतभुक्भ्यांवेतसाम्लाजमोदाः ॥

समविहितरजोभिर्धान्यकंतिन्तडीकं
जरयतिनगकूटंकाकथाभोजनस्य ॥ ८९ ॥

અર્થ—બિડલવણ, સંચળ, અજમો, જીરૂં, શાહજીરૂં, હરડેદળ, ત્રિકટુ, ચિત્રામૂળ, અમ્લવેતસ, ખોડી અજમો અને ધાણા, કોકમ એ સર્વ બરાબર લેઈ ચૂર્ણ કરી બે વખત પા પા તોલો ખાય તો અજીર્ણ મટે. આ ચૂર્ણના સેવનથી પાષાણ-કાંકરા પણ હજમ થઈ જાય છે તો અનાજની શી વાત કરવી ? (આ ચૂર્ણ મેં ઘણી વખત અજમાવી જોયેલું છે, સંગ્રહણી, આમાતિસાર, મંદાગ્નિ, વાયુ પ્રકોપ, અરૂચિ, અને વાયુના રોગ, એ સર્વ મટે છે.) ૮૯

સમુદ્રાદિ ચૂર્ણ.

सामुद्रसौवर्चलसैंधवानां क्षारोयवानामजमोदभागं ॥
हरीतकीपिप्पलिशृंगवेरं हिङ्गुविडंगानिसमंचदद्यात् ॥९१॥
एतानिचूर्णानिघृतप्लुतानि भुंजीतपिण्डान्प्रथमंचपंच ॥
अजीर्णवातंगुदगुल्मवातं वातप्रमेहंविषमंचवातं ॥ ९१ ॥
विषूचिकांकामलपाण्डुरोगान्कासंचश्वासंहरतेप्रयुक्तं ॥९२॥

અર્થ—મીઠું, સંચળ, સિંધવ, જવખાર, અજમોદ, હરડેદળ, પીપર, સુંઠ, હીંગ અને વાવડીંગ એ સર્વ સમાન લેઈ ચૂર્ણ કરી ઘીમાં મેળવી ભોજનના પેહલાં પાંચ કોળીયાની સાથે ખાવું, તેથી અજીર્ણ, વાયુ, ગુદાના રોગ, વાયુ ગોળો, વાયુનો પ્રમેહ, વિષમ વાયુ, કોગળીયું, કમળો, પાંડુ રોગ, ખાંસી અને શ્વાસ એ સર્વ નાશ થાય છે. ૯૦—૯૧

હિંગાષ્ટક ચૂર્ણ.

त्रिकटुकमजमोदासैन्धवजीरकेद्वे
समचरणघृतानामष्टमोहिंगुभागः ॥
प्रथमकवलभुक्तंसर्पिषाचूर्णमेतत

ज्जनयतिजठराग्निवातगुल्मंनिहंति ॥ ९३ ॥

અર્થ—સુંઠ, મરી, પીપર, ઓડી અજમો, સિંધાલુણુ, જીરૂં, અને શાહજીરૂં એ સર્વ બરાબર લેઈ તેના આઠમા ભાગે હિંગ લેવી, તેને ઘીમાં શેકીને, તે સર્વને ખાંડી ચાળી એકત્ર કરી તે ચૂર્ણ ઘીમાં મેળવી ભોજનની શરૂવાતમાં પેહલા પાંચ કોળીયા (ગ્રાસ -કવળ)માં મેળવી ખાય તો જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે અને વાયુ ગોળાનો નાશ કરે છે. (આ ચૂર્ણ ઘણુંજ સારૂં છે એમ હું મારા જાતિ અનુભવથી કહી શકું છું,) ૯૩

હિંગુ પંચક.

विश्वौषधेनरुचकेनसदाडिमेन
स्यादम्लवेतसयुतंकृतहिंगुभागं ॥
तद्धिंगुपंचकमिदंजठरामयघ्ने
भेडाभिधानमुनिनागदितंमुनीनां ॥ ९४ ॥

અર્થ—સુંઠ, સંચળ, દાડમના દાણા, અમ્લવેતસ એ સમાન લેવાં, ચોથે હિસ્સે ચોખી હિંગ શેકીને મેળવી ચૂર્ણ કરી ખાય તો ઉદરના વ્યાધિઓને દૂર કરે છે આ હિંગુ પંચક ભેડનામ મુનિ (રૂષી)એ કહેલું છે. ૯૪

હિંગુત્રયોવિંશતિ ચૂર્ણ.

हिंग्वाग्निचव्यलवणत्रयवेतसाम्ल
क्षारद्वयंत्रिकटुदाडिमतिंतडीकं ॥
सग्रंथिकाग्निकसठीहपुषाजगंधा
पाठाभयात्सुसितजीरकपुष्कराव्हा ॥ ९५ ॥
सोग्रंसधान्यकमितिप्रविधायचूर्णं
भूयप्लुतंहिफलपूरफलद्रवेण ॥
उष्णोदकेनपरिपीतमिदंनिहन्ति

शूलानिगुल्मगुदजाग्रहणीरुजाश्च ॥ ९६ ॥

અર્થ—હિંગ, ચિત્રક, ચવ્યક, સિંધવ, સંચળ, બીડલવણ, અમ્લવેતસ, સાજી, જવખાર, ત્રિકટુ (સુંઠ, મરી, પીપર) દાડમના દાણા, કોકમ, પીપરી મૂળ, અરણી, કચૂરો, છીણીનાં મૂળ (હોંસ) આસગંધ, કાળી પાઠ, હરડેદળ, જીરૂં, પુષ્કર મૂળ, વજ અને ધાણા, એ સઘળાં બરાબર લેઈ ચૂર્ણ કરવું, બીજોરના રસની ભાવના દેવી, બાદ ઉન્હા પાણી સાથે ખાય તો, શૂળ, ગોળો, ગુદાના રોગ, અને સંગ્રહણી એ સર્વને મટાડે છે. ૯૫—૯૬

તુંબરાદિ ચૂર્ણ.

तुम्बराणित्रिलवणं यवानीपुष्कराव्हयं ॥
यवक्षाराभयाहिंगु विडंगानिसमानिच ॥ ९७ ॥
त्रिवृत्त्रिभागकाज्ञेया सूक्ष्मचूर्णानिकारयेत् ॥
पिबेदुष्णेनतोयेन यवक्काथेनवापिबेत् ॥ ९८ ॥
जयेत्सर्वाणिशूलानि गुल्माध्मानोदराणिच ॥ ९९ ॥

અર્થ—તુંબરૂ, સિંધવ, સંચળ, બિડલવણ, અજમો, પુષ્કરમૂળ, જવખાર, હરડે, હિંગ અને વાવડીંગ, એ સર્વ બરોબર લેવાં, એ સર્વના ત્રીજે ભાગે નસોતર લેઈ ખાંડી ચાળી તે ચૂર્ણ ઉન્હા પાણી સાથે અથવા જવના કાઢા (કવાથ) સાથે પીએ તો સર્વ જાતનાં શૂળ, ગોળો, આફરો અને ઉદરના રોગોને દૂર કરે છે. ૯૭-૯૯

અજમોદાદિ ચૂર્ણ.

अजमोदाविडङ्गश्च सैंधवंदेवदारुच ॥
चित्रकंपिप्पलीमूलं शतपुष्पाचपिप्पली ॥ ५०० ॥
मरीचंचेतिकर्षांशं प्रत्येकंकारयेद्बुधः ॥
कर्षस्तुपंचपथ्यायाः दशस्युर्वृद्धदारुका ॥ १ ॥
नागराचदशैवस्युः सर्वाण्येकत्रचूर्णयेत् ॥
आमवातरुजंहन्तिसन्धिपीडांचगृध्रसीं ॥

અર્થ—ખોડી અજમો, વાવડીંગ, સિંધવ-સિંધાલુણ, દેવદાર, ચિત્રામૂળ, પીપરી મૂળ, વરીયાળી અથવા સવા, પીપર, અને મરી એ સર્વ એકેક તોલો લેવાં હરડેદળ પાંચ તોલા, વરધારો દશ તોલા, સુંઠ દશ તોલા, એ સઘળાં એકત્ર કરી ખાંડી, ચાળી ચૂર્ણ કરવું. ૫૦૦—૧

ગુણ.

कटिपृष्ठिगुदस्थांचजंघयोश्चरुजंजयेत् ॥ ३ ॥
तूनीप्रतूनीवातांश्चकफवातामयान्जयेत् ॥ ४ ॥

અર્થ—એ ચૂર્ણની સાથે ગોળ મેળવી ઉન્હા પાણી સંગાથે ખાય તો સોજો નાશ થાય છે, તથા આમવાત, સંધિવાયુ, ગ્રધસી, કેડ (કમ્મર) પીઠ, ગુદા, સાથળ વગેરે નીવાયુ પીડા [1]તૂની [2]પ્રતૂની [3]વિશ્વાચી અને કફ વાયુના રોગો નાશ કરે છે. ૨—૪

વિજયા ચૂર્ણ.

श्रीदीपोग्राग्निर्हिंगुद्विविषिमिशिट्टकोचव्यतिक्तापटूनी
ग्रन्थिक्षारेन्द्रजत्रिकूत्रिकमितिविजयः सोष्णकैरण्डतैलः ॥
हन्त्यर्शःकासगुल्मग्रहणिकृमिरुजःपाण्डुरुग्भूतशूलं
श्वासप्लीहप्रमेहान्ज्वरमरुचिमुदावर्तवर्ध्मामवातान् ॥ ५ ॥

---

૧ હોઝરી અને મૂત્રાશયમાં અસહ્ય તિક્ષ્ણ વેદના થઈ તે જ્યારે નીચે ઉતરે છે અને ગુદા અને ઉપસ્થ (સ્ત્રી પુરૂષની ગુહ્યેંદ્રી)નો ભેદ કરે છે તેને તૂની નામનો વાયુ રોગ કહે છે.

૨ ગુદ અને ઉપસ્થમાંથી શરૂ થયેલી અસહ્ય વેદના ઉલટી રીતે ઉપર ચઢી જ્યારે જોરથી હોજરી (પેટ) માં સંચરે છે અને તૂનીમાં જણાવ્યા પ્રમાણે ભેદ કરે છે તેને પ્રતૂની નામનો વાયુ રોગ કહે છે.

૩ આખો નીચેનો હાથ તે ઉપલા ભાગ સુધી મતલબ કે આખા હાથમાં ને આંગળીઓના મ્હોટા સ્નાયુઓ (નસો—રગો) રહેલ છે તેમને દુષ્ટ કરી વાયુ આખા હાથને જકડી લે છે, તેથી હાથ વાળવો, પાછો ખેચવો કે, મુઠી વાળવી તે તેનાથી કશું થઈ શકતું નથી તેને વિશ્વાસી નામનો વાયુ રોગ કહે છે. માધવનિદાન.

અર્થ—નાહની ખીલીઓ, ખોડી અજમો, વજ, ચિત્રક, હિંગ, ધોળું અતિવિષ, કાળું અતિવિષ, સવા (અથવા વરીયાળી) કાળી પાઠ, ચવ્યક, કડુ, પાંચ લવણ (સિંધાલુણ, સંચળ, બિડલવણ, વડાગરૂં, મીઠું). પીપરી મૂળ, જવખાર, ઈંદ્રજવ, ત્રિફળા, ત્રિકટુ અને ત્રિસુગંધ (તજ તમાલપત્ર, એલચી) એ સર્વ બરોબર લેઈ ચૂર્ણ કરવું. આ વિજય ચૂર્ણ ૧ તોલો ૪ તોલા ઉન્હા પાણી સાથે એરંડાયું તેલ મેળવી ખાય તો હરસ, ઉધરસ, ગોળો, સંગ્રહણી, કૃમિ રોગ, પાંડુ રોગ, , મહા ભયાનક શૂળ, શ્વાસ, બરોળ, પ્રમેહ, તાવ, અરૂચિ, [1]ઉદાવર્ત્ત, આફરો અને આમવાત એ સઘળા રોગોનો નાશ કરે છે. ૫

નારાયણ ચૂર્ણ.

द्वौक्षारौलवणानिपंचहपुषाधान्याजगन्धासटी
व्योषाजाज्युपकुञ्चिकाक्रिमिजितःकंकुष्टकुष्टान्वयः ॥
उग्रागंधककारवीमिसियुतंयोज्यंफलानांत्रयं
मूलंपुष्करजंयवान्परिभवेदेतानितुल्यान्यथा ॥ ६ ॥
त्रिवृद्धिशालेद्विगुणोथदन्तिनी
त्रिसंगुणस्याद्व्यवातिक्तकाभवेत् ॥
चतुर्गुणाचूर्णमुदाहृतंजनै

અર્થ—સાજીખાર, જવખાર, સિંધવ, સંચળ, બિડલવણ, વડાગરૂં, મીઠું, છીણીનાં મૂળ, ધાણા, ખોડીઅજમો, કચૂરો, સુંઠ, મરી, પીપર, જીરૂં, કાળી જીરી, વાવડીંગ, [2]મીરચ કંકોલ, ઉપલેટ,

---

૧ વાયુ, મળ, મૂત્ર, આંસુ, બગાસાં, છિંક, ઓડકાર, ઉલટી, શુક્ર, ક્ષુધા, તૃષા, શ્વાસ અને નિંદ્રા એ તેરવાનાંને આવતાં અટકાવવાથી–બંધ કરવાથી ઘેરાયલો વાયુ વંટોળીઆની માફક ચકરી ખાય છે. તેથી વિવિધ પ્રકારની પીડાઓ ઉત્પન્ન કરે તેને ઉદાવર્ત્ત રોગ કહે છે. માધવનિદાન.

૨ 'કંકુષ્ટ' એવો પાઠ છે તેનો અર્થ પ્ર. ૧ લીમાં મીરચ કંકોલ કર્યો છે પરંતુ બીજી તમામ પ્રતો જોતાં નારાયણ ચૂર્ણમાં મીરચ કંકોલ નામની દવા લખેલીજ નથી પણ ચોખ એટલે દારૂડી, સત્યાનાસી, હેમ

ચિત્રામૂળ, વજ, પીપરી મૂળ, બહુફલી (અથવા વનતુળશી) વરીયાલી (અથવા સવા) ત્રિફળાં, પુષ્કર મૂળ, અને અજમો, સર્વ બરાબર લેવાં. નસોતર તથા ઇંદ્રિવરણાની જડ, બમણી લેવી, દંતી (નેપાળની) જડ ત્રણ ગણી લેવી, કડુ ચોગણું લેવું, એ સર્વનું ચૂર્ણ કરી ઉપયોગમાં લેવું. ૬ ×

ગુણ.

रिदंहिनारायणमौषधंबुधैः ॥ ७ ॥
उष्णोदकेनयवकोलकुलस्थतोय
स्तक्रेणमद्यदधिमस्तुसुरासवैर्वा ॥
नारायणंप्रपिबतः सकलोदराणि
नश्यन्तिविष्णुमिवदैत्यगणा द्विषंतः ॥ ८ ॥

અર્થ—આ નારાયણ ચૂર્ણ ઉન્હા પાણી સાથે અથવા જવના કવાથમાં, વા, બોરના કવાથમાં, કળથીના કવાથમાં, છાસમાં, મદિરામાં, દહીમાં કે, આસવમાં પીયે તો સર્વ પેટના રોગનો નાશ કરે છે, જેમ શ્રી નારાયણ પરમાત્માએ દૈત્યોનો નાશ કર્યો તેમજ આ નારાયણ ચૂર્ણ સર્વ પેટના રોગ રૂપી દૈત્યોનો નાશ કરે છે. ૭—૮

વ્યોષાદિ ચૂર્ણ.

सव्योषक्रमिजित्सपंचलवणंसाजाजोकंसाभयं,
सक्षारंसहुताशनंसचविकंसग्रंथिकंसातिवृत् ॥
चर्णतक्रयुतंतदास्तुपिवतामुष्णेनवावारीणा,
वन्हेर्वृद्धिमुपैतिसर्वगदाजिद्धाजिष्णुतामावहे ॥ ९ ॥

ક્ષોરી, હેમાવ્હા વગેરે નામની દવા જેને આપણાં દેશમાં દારૂડીના નામથી સહુકો ઓલખે છે તે દારૂડી નાખવાનો પાઠ જ્યાં ત્યાં લખેલો છે.

× ઇંદ્રિવરણા આપવોથી બમણાં નસોતર અને નેપાળનાં મૂળ ત્રણ ગણાં પીલો થોર જેને સાતલા કહે છે એટલે ચાર ધાર વાળા થોરનું મૂળ અથવા તેનું દૂધ કિવા તેજ ચાર ભાગે લેવો એમ બીજા ટીકાકારોએ લખેલ છે પરંતુ ઉપરનો પાઠ તેથી થોડો ફેરફાર બતાવે છે માટે જેને જે આચાર્યનાં વચનો યોગ્ય લાગે તેણે તે પ્રમાણે અનુસરી કાર્યમાં ફતેહ મેળવવી.

ભા. કર્તા.

અર્થ—ત્રિકટુ (સુંઠ, મરી, પીપર) વાવડીંગ, સિંધવ, સંચળ, વડાગરૂં, બંગડી ખાર, મીઠું, જીરૂં, હરડેદળ, જવખાર, ચિત્રામૂળ, ચવ્યક, પીપરીમૂળ, અને નસોતર એ સર્વ સમાન ભાગે લેઈ ચૂર્ણ કરવું. તે ચૂર્ણ ગાયની છાસ સાથે અથવા ઉન્હા પાણી સાથે દરરોજ પીએ તો જઠરાગ્નિને વધારે, અજીર્ણ, આફરો, અરૂચિ આદિ સર્વ મંદાગ્નિના રોગને મટાડે છે અને શરીરની કાંતિ વધારે છે. ૯

ત્રિલવણાદિચૂર્ણ.

लवणत्रीतयंक्षारौ सतपुष्पाद्वयंवचा ॥
अजमोदाजगंधाच हपुषाजोरकंद्वयं ॥ १० ॥
मरीचंपिप्पलीमूलं पिप्पलीगजपिप्पली ॥
हिंगुश्चहिंगुपत्रीच सठीपाठोपकुंचिका ॥ ११ ॥
शुंठीचित्रकचव्यानि विडंगंचाम्लवेतसम् ॥
दाडिमंतितिडीकंच त्रवृद्दन्तीशतावरी ॥ १२ ॥
इंद्रवारुणिकाभार्गी देवदारु जवानिका ॥
कुस्तुंवरुस्तुंवरूणि पुष्करंबदराणिच ॥ १३ ॥
शिवाश्चेतिसमांशानि चूर्णमेकत्रकारयेत् ॥
भावयेदार्द्रकरसै बीजपूररसैस्तथा ॥ १४ ॥

અર્થ—સિંધાલુણ, સંચળ, બિડલુણ, સાજીખાર, જવખાર, સવા, વરીયાળી, વજ, અજમોદ, આસગંધ (અથવા બાવચી—વગડાઉ તુળસી) છીણીનાંમૂળ, જીરૂં, શાહજીરૂં, મરી, પીપરીમૂળ, પીંપર, ગજપીપર, હિંગ, બહુફળી, કચૂરો, કાળીપાઠ, કાળીજીરી, સુંઠ, ચિત્રક, ચવ્યક, વાવડીંગ, આમ્લવેતસ, દાડમના દાણા, કોકમ, નસોતર, નેપાળાનુંમૂળ, સતાવરી, ઇંદ્રિવરણું, ભારંગી, દેવદાર, અજમો, ધાણા, તુંબરૂ, પુષ્કરમૂળ, બોરની મીંજ અને હરડે એટલાં પદાર્થો સમાન ભાગે લઈ ચૂર્ણ કરી કપડેથી ચાળી આદાના રસની અને બીજોરાના રસની ભાવના ૭ અથવા ૨૧ દેઈ ઉપયોગમાં લેવું. ૧૦—૧૪

ગુણ.

तत्पिबेच्छर्कराजीर्ण मद्येनोष्णेनवारिणा ॥
कोलांभसा वा तक्रेण दुग्धेनौष्ट्रेनमस्तुना ॥ १५ ॥
यकृत्पृष्टकटीशूल गुदकुक्षिहृदामयान् ॥
अर्शोमंदाग्निविष्टंभ गुल्मष्ठीलोदराणिच ॥ १६ ॥
हिक्काध्मानश्वासकासा ज्जयेदेतन्नसंशयः ॥
एतैरेवौषधैस्सम्यग् घृतंवासाधयेत्सुधी ॥ १७ ॥

અર્થ—તે ચૂર્ણ સાકર અથવા જુના દારૂ સાથે વા, ઉન્હાપાણી સાથે વા, બોરના કવાથમાં અથવા છાસમાં વા, ઉંટડીના દૂધમાં વા, દહીંની મલાઈ સાથે દરરોજ પ્રભાતે સેવન કરે તો કાળજાની વ્યાધિ, પીઠ તથા કરમનીશૂળ; ગુદા, કુખ, પેટ, પેડુ, છાતીના રોગો અથવા શૂળ, હેડકી, આફરો, શ્વાસ અને ઉધરસ એટલા રોગો નિશ્ચે દૂર જાય છે. તથા આ ઔષધોનું ઘી પકાવી ઉપયોગમાં લે તો પણ તેવાજ ફાયદા કરે છે. ૧૫—૧૭

ક્ષારાઘ્રત.

क्षारंकिंशुकमुष्ककार्जुनधवापामार्गरम्भातिला
जीवन्तीकनकाह्वयासरजनीकूष्माण्डवल्लीतथा ॥
वासासूरणमेवतृद्वदहनैः प्रज्वाल्यभस्मीकृतं
तोयेनप्रतिशोध्यनिःस्रुतपयः पार्श्वविधेयंसकृत् ॥ १८ ॥
शूलानाहविबन्धगुल्मकफजान्रोगान्जयेत्कामलां
वायुंविद्रधिशूलपाण्डुग्रहणीशोफार्शसम्पीनसं ॥
मन्दाग्निजठरस्यपीनसगुरुप्लीहातिमेहादिकान्
पाषाणाउदरेभवन्तिबहुधाभस्मीभवन्तिक्षणात् ॥ १९ ॥

અર્થ—ખાખરો, સાદડ, ધવ, અંધાડો, કેળ, તલ, ડોડી, ધંતૂરો, હળદર, કોહળું, અરડૂસો, સૂરણ અને નસોતર એ સર્વને બાળી રાખ કરી પાણીમાં હલાવી નીતારી લેઈ તે પાણીને અગ્નિ ઉપર મૂકી

બાળી નાખી નીચે જે ખાર જામી રહે તે ખાર પાણીની સાથે પીવાથી શૂળ, આફરો, બંધકોષ, ગોળો, કફના રોગો, કમળો, વાયુ, વિદ્રધિ, છાતીની શૂળ, પાંડુ, સંગ્રહણી, સોજો, મસા (હરસ) પીનસ, મંદાગ્નિ, પેટના રોગ, બરોળ, પ્રમેહ અને પથરી આદિ કેટલાક રોગો આ ક્ષારામૃતથી તત્કાળ ભસ્મ થઈ જાયછે. ૧૮—૧૯

આમ્લવેતસચૂર્ણ.

कत्यम्लवेतसफलानिविदारितानि
सिंध्वादिपंचलवणेनसुपूरितानि ॥
हिंग्वादिजेनपटुभास्करजेनकाथ
तालीसपुष्पजनितेनविभाव्ययुक्त्वा ॥ २० ॥
संशोष्यतीव्रकिरणैः रवितप्ततापैः
सिद्धानितत्सकलमेवसुभक्षितञ्च ॥
गुल्मेरुचौयकृतिदुष्टनिलोग्निमांद्यैः
प्लीहामयेषुजठरेषुगुदोद्भवेषु ॥ २१ ॥

અર્થ—કેટલાંક અમ્લવેતસ (એક જાતનાં ખાટાં લીંબુ)લાવી, મેથીઆં કેરીની માફક ચીરી અંદર સિંધાલુણ, સંચળ, બીડલુણ, વડાગરૂં, દરીયાનું મીઠું એ પાંચ લુણ ભરી અથવા હિંગ્વાષ્ટચૂર્ણ વા, લવણ ભાસ્કર ચૂર્ણ અંદર ભરી સૂર્યના આકરા તાપમાં સૂકવી ચૂર્ણ કરી તેમાંથી (પાવલીભાર) ભક્ષણ કરે તો ગોળો, અરૂચિ, કાળજાની વ્યાધિ, દુષ્ટવાયુ, મંદાગ્નિ, બરોળ, પેટના અને ગુદાના સર્વ રોગ જલ્દીથી નાશ પામે છે. ૨૦—૨૧

લઘુ—ન્હાનું ગંગાધર ચૂર્ણ.

अजमोदामोचरसं सशृङ्गवेरंचधातुकीकुसुमं ॥
गोमथिततक्रपीतं गङ्गामपिवेगवाहिनींरुंध्यात् ॥ २२ ॥

અર્થ—અજમોદ, મોચરસ, સુંઠ, ધાવડીનાં ફૂલ, એઓનું ચૂર્ણ કરી ગાયની છાસ સાથે પીયે તો ઘણોજ ખરાબ પાણી જેવો વારંવાર થતો ઝાડો નિશ્ચે એકદમ બંધ થાય છે.

વૃદ્ધ-મ્હોટું ગંગાધર ચૂર્ણ.

अरुलुकघनशुण्ठाधातुकीबिल्वलोध्रं
कुटजपलसमेतंमोचनिर्यासयुक्तं ॥
अतिविषजलपाठावीजसहकारकंच
मसृणमधुविमिश्रन्तंदुलाम्बुमपीतं ॥ २३ ॥
कफोद्भवंमारुतपीतसंभव जयेदतीसारपुराणमामजं ॥
प्रसिद्धगंगाधरनामचूर्ण तथाहिरोगेग्रहणीगदेच ॥ २४ ॥

અર્થ—અરડૂસાની છાલ, મોથ, સુંઠ, ધાવડીનાં ફૂલ, ન્હાની બીલીઓ (અથવા બીલીનો ગર્ભ) પઠાણીલોદર. ઇંદ્રજવ, મોચરસ, અતિવિષની કળી; નેત્રવાળો, કાળીપાઠ અને આંબાની ગોટલી એઓનું બારીક ચૂર્ણ કરી મધની સાથે કાલવી (મેળવી) અથવા મધમાં ગોળી બનાવી સાઠી ચોખાના ધોવરામણ સાથે પીએતો કફ, વાયુ, પિત્ત એઓના કોપવાથી થયેલો ઘણા દિવસનો જુનો અતિસાર, આમ, સંગ્રહણી વગેરેનો નાશ કરે છે આ ગંગાધર ચૂર્ણના નામથી પ્રસિદ્ધ (જાહેર) છે. ૨૩—૨૪

કપિત્થાષ્ટક ચૂર્ણ.

अष्टौभागाःकपित्थस्य षड्भागाशर्करामता ॥
दाडिमन्तितडीकञ्च श्रीफलंधातुकीतथा ॥ २५ ॥
अजमोदाचपिप्पल्याः प्रत्येकंस्युस्त्रिभागकं ॥
मरीचंजीरकंधान्यं ग्रंथिकंबालकंतथा ॥ २६ ॥
सौवर्चलंयवानीच चातुर्जातंसचित्रकम् ॥
नागरंचैकभागाःस्युः प्रत्येकंसूक्ष्मचूर्णिताः ॥ २७ ॥
कपित्थाष्टकसंज्ञंस्यात् चूर्णमेतज्जलामयान् ॥
निहन्तिग्रहणीरोगान् अतिसारंव्यपोहति ॥ २८ ॥

અર્થ—આઠ ભાગ પાકેલા કોઠાનો ગરભ, છ ભાગ સાકર, દાડ-

---

૨ 'अतिसार क्षयं गुल्मं ग्रहणींचव्यपोहती' આવો પાઠ પ્ર. ૩ જી અને ૬ ઠી માં છે. પણ બીજી પ્રતોમાં ઉપર પ્રમાણે પાઠ છે.

મદાણા, કોકમ, બીલીનો ગર્ભ, ધાવડીનાં ફૂલ, બોડી અજમો, અને પીપર એ ત્રણ ત્રણ ભાગ, મરી, જીરૂં, ધાણા, પીપરીમૂળ, સુગંધીવાળો, સંચળ, અજમો, ચાતુર્જાત, ચિત્રામૂળ, અને સુંઠ એ સર્વ એકેક ભાગ લેઈ સર્વનું ઝીણું ચૂર્ણ કરી સેવન કરે તો ગળાના રોગ, સંગ્રહણી, અતીસાર એ સર્વ રોગ નાશ પામે છે, આ કપિત્થાષ્ટક ચૂર્ણ કહેવાય છે. ૨૫—૨૮

યવાન્યાદિ ચૂર્ણ.

यवानीपिप्पलीमूलं चातुर्जातकनागरैः ॥
मरिचेंद्रयवाजाजी धान्यासौवर्चलैः समैः ॥ २९ ॥
वृक्षाम्लधातुकीकृष्णा विल्वदाडिमदीपकैः ॥
त्रिगुणःषड्गुणैःसिद्धैः कपित्थोष्टगणस्मृतः ॥ ३० ॥
चूर्णमतिसारग्रहणी क्षयगुल्मगलामयान् ॥
कासश्वासाग्निमन्दार्शं पीनशारोचकान्नयेत् ॥ ३१ ॥

અર્થ—અજમો, પીપરીમૂળ, ચાતુર્જાત, સુંઠ, મરી, ઇંદ્રજવ, જીરૂં, ધાણા અને સંચળ, એ સર્વ બરોબર લેવાં કોકમ, ધાવડીનાં ફૂલ, પીપર, બીલીનો ગર્ભ, દાડમ દાણા, અજમો એ પ્રથમની દવાઓ કરતાં ત્રણગણાં લેવાં, સાકર છગણી, કોઠનો ગર્ભ આઠ ગણો લેઈ બારીક ચૂર્ણ કરી ખાય તો અતીસાર, સંગ્રહણી, ક્ષય, ગોળો, ગળા (કંઠ)ના રોગ, ઉધરસ, શ્વાસ, મંદાગ્નિ, હરસ, પીનસ, અરૂચી, વગેરે રોગો દૂર થાય છે. ૨૯—૩૧

દાડિમાષ્ટક ચૂર્ણ.

दाडिमस्यपलान्यष्टौ शर्करायाःपलाष्टकं ॥
पिप्पलीपिप्पलीमूलं यवानींमरिचन्तथा ॥ ३२ ॥
धान्यकंजीरकंशुंठी प्रत्येकंपलसम्मितं ॥
कर्षमात्रातुगाक्षोरो त्वक्पत्रैलाश्चकेशरम् ॥ ३३ ॥
प्रत्येकंकोलमात्रंस्या त्तच्चूर्णंदाडिमाष्टकं ॥
अतीसारंक्षयंगुल्मं ग्रहणींचगलग्रहम् ॥ ३४ ॥
मन्दाग्निपीनसंकासं चूर्णमेतद्व्यपोहति ॥ ३५ ॥

અર્થ—અનાર (દાડમ) દાણા તોલા ૩૨, સાકર તોલા ૩૨ લેવી પીપર, પીપરીમૂળ, અજમો, મરી, ધાણા, જીરૂં, સુંઠ એ ચાર ચાર તોલા લેવાં, વંશલોચન એક તોલો, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર એ દરેક અર્ધા તોલા તોલા ભાર લેઈ સર્વનું ચૂર્ણ કરી સેવન કરે તો અતીસાર, ક્ષય, ગોળો, સંગ્રહણી, ગળાનું વાયુથી પકડાઈ જવું, મંદાગ્નિ, પીનસ અને ઉધરસ, એ રોગોનો નાશ કરે છે. ૩૨—૩૫

વચાદિ ચૂર્ણ.

वचाजमोदाक्रमिहृत्पलाश बीजंसठोरामठकंत्रिवृच्च ॥
जलेनतप्तेनतुपेष्यपेयं पतंतिशोघ्रंक्रमयः समूलाः ॥ ३६ ॥

અર્થ—ઘોડાવજ, અજમોદ, વાવડીંગ, પીત્તપાપડો (ખાખરાનાં બીજ) કચૂરો, હિંગ અને નસોતર, એ સર્વનું ચૂર્ણ કરી ઉન્હાપાણી સાથે પીએતો કૃમી (કરમીયા-ચરમીયા)નો રોગ સમૂળગો નાશ પામે છે એટલે ચરમીયા તમામ નીકળી જાય છે. ૩૬

બીજો પ્રકાર.

कंपिल्लकंत्रिडङ्गानि क्षारंसैन्धवमेवच ॥
पिष्ट्वातक्रेणपातव्यं नित्यंक्रमिविनाशनम् ॥ ३७ ॥

અર્થ—કંપીલો, વાવડીંગ, જવખાર અને સિંધાલુણ એઓનું ચૂર્ણ કરી છાસની સાથે દરરોજ પીએતો તમામ કૃમી નાશ થાય છે. ૩૭

એલાદિ ચૂર્ણ.

एलाश्मभेदकशिलाजतुपिप्पलीनां ॥
चूर्णानितण्डुलजलैर्लुलितानिपीत्वा ॥
यद्वागुडेनसहितान्यवलिह्यमानं ॥
आसन्नमृत्युरपिजीवतिमूत्रकृच्छ्री ॥ ३८ ॥

અર્થ—ન્હાની એલચી, પાખાણભેદ, શિલાજીત, પીપર, એઓનું ચૂર્ણ કરી સાઠી ચોખાના ધોવરામણમાં પીએ અથવા ગો-

ળમાં મેળવી ખાય તો નજીક જેનું મોત હોય તેનો પણ મૂત્રકૃચ્છ્ર રોગ જાય. ૩૮

ઉલટી, અરૂચિ, તરસ, હેડકીઉપર ઉપાય.

ऐलालवंगगजकेशरकोलमज्जा लाजाप्रियंगुघनचंदनपीप्पलीनां ॥
चूर्णानिमाक्षिकशितानिलिह्य छर्दिंनिंहतिकफमारुतपित्तजांश्च॥३९॥

અર્થ—એલચી, લવીંગ, નાગકેશર, બોરની મીંજ, ચોખાની ધાણી, ફૂલકાંગ, મોથ, ચંદન, અને પીપર એ સર્વનું ચૂર્ણ કરી મધ અને સાકર સંગાથે ચાટે તો કફ, વાયુ, અને પિત્ત એ ત્રણે પ્રકારની ઉલટી મટે છે. ૩૯

कोलमज्जाकणावह्नि पक्षभस्यसशर्करं ॥
मधुनालेहयेच्छर्दिं हिक्काकोपस्यशांतये ॥ ४० ॥

અર્થ—બોરની મીંજ, પીપર, ચીત્રક, મોર પાંખના ચાંદલાની રાખ અને સાકર એઓનું ચૂર્ણ મધની સંગાથે ચાટે તો ઉલટી, તથા હેડકી જલદીથી મટે છે. (આ ઉપાય સર્વોત્તમ છે) ૪૦

लाजाकपित्थमधुमागधिकोषणानां ॥
क्षुद्राभयात्रिकटुधान्यकजीरकाणां ॥
पथ्यामृतामरिचमाक्षिकपिप्पलीनां ॥
लेहास्त्रयः सकलवम्यरुचिप्रशांत्ये ॥ ४१ ॥

અર્થ—ચોખાની ધાણી, કોઠવડી, જેઠીમધ, પીપર, મરી એઓનું ચૂર્ણ અથવા રીંગણી, હરડેદળ, સુંઠ, મરી, પીપર, ધાણા, જીરૂં, એ સર્વનું ચૂર્ણ કરી અવલેહ કરવો અથવા હરડેદલ, ગળો, મરી, પીપર એઓનું ચૂર્ણ કરી મધમાં અવલેહ કરવો. એ ત્રણ ચૂર્ણમાંથી ગમે તે ચૂર્ણ સર્વ જાતની અરૂચી અને ઉલટીનો નાશ કરે છે. ૪૧

कोलामलकमज्जानौ माक्षिकाविट्सितामधु ॥
सकृष्णातण्डुलोलेहः श्रेष्ठश्छर्दिनिवारणः ॥ ४२ ॥

અર્થ—બોરનીમીંજ, આમળાંની મીંજ, માખીની હગાર, સાકર, મધ અને પીપર એઓના ચૂર્ણને સાઠી (રાતારંગના) ચોખાના ધોવરાવણ સાથે પીએ તો તમામ જાતની ઉલટી મટે છે. ૪૨

वटप्ररोहंमधुकुष्ठमुत्पलं सलाजचूर्णैर्गुटिकांप्रकल्पयेत् ॥
सशर्करासावदनेचधारिता तृषांप्रवृद्धामपिहन्तिसत्वरं ॥४३॥

અર્થ—વડની વડવાઈના અંકુરા, મધ, ઉપલેટ, કમળકાકડી અથવા કમળ અને ચોખાની ધાણી એઓને વાટી ગોળી બનાવી સાકરની સાથે મુખમાં રાખે તો તરસ ઘણી લાગતી હોય-શોષ પડતો હોય તે જલ્દીથી મટે છે. ૪૩

લવીંગાદિ ચૂર્ણ.

लवंग कंकोल कणा महोषधं सचंदनैला घन वंशलोचनं ॥
उशीर कृष्णागर नागकेशरैः पलानिजातिफलचंद्रमांशिका ॥४४॥
शतावरीगोक्षुरकाश्वगंधा, सत्वंगुडच्यास्तगरंसमांशं ॥
सशर्करंचूर्णमिदंप्रमेहान्, संसेव्यतोंविशंतिरत्रहंति ॥ ४५॥

અર્થ—લવીંગ, કંકોલ, પીપર, સુંઠ, ચંદન, એલચી, મોથ, વંશલોચન, વાલો, કાળુંઅગર, નાગકેશર, જાયફળ, કપૂર, જટાંમાશિ, સતાવરી, ગોખરૂ, આસગંધ, ગળોસત્વ અને તગર, એ સર્વ સમાન ભાગે (ચાર ચાર તોલા) લેઈ ચૂર્ણ કરી તેની બરોબર સાકર મેળવી ખાય તો વિસ જાતના પ્રમેહનો નાશ થાય છે. ૪૪—૪૫

દાંતના દરદો ઉપર જાતીપત્રાદિ ચૂર્ણ.

जातीपत्रपुनर्नवागजकणाकोरण्टकुष्ठावचा ॥
शुंण्ठीदिव्यशतावरोसमघृतंचूर्णमुखेधार्यते ॥
वातघ्नंकफनाशनंकृमिहरंदुर्गन्धिनिर्णाशनं ॥
वत्क्रस्यापिसमस्तदोषहननंदन्ताश्चवज्रायते ॥ ४६ ॥

અર્થ—જાઈ (ચંબેલી)નાં પાંન, સાટોડીની જડ, ગજપીપર, કોરંટ વૃક્ષનાં ફૂલ, ઉપલેટ, ઘોડાવજ, સુંઠ, લવીંગ અને સતાવરી, એ સર્વે સમાન લેઇ ચૂર્ણ કરી ઘી મેળવી મુખમાં રાખે તો વાયુ, કફ, કૃમિ, મુખની દુર્ગંધ (આગરૂ) અને મોઢાના સર્વ રોગ નાશ કરે છે તથા દાંતને મજબૂત કરે છે. ૪૬

कुष्ठंदार्व्रीलोध्रमब्दंसमङ्ग पाठातिक्तातेजनीपीतकाच ॥

एतच्चूर्णंघर्षणंतद्दिजानां रक्तस्रावंहन्तिकण्डूरुजश्च ॥ ४७ ॥
फलान्यम्लानिशीताम्बु रुक्षान्नंदन्तधावनं ॥
तथातिकठिनान्भक्ष्यान् दन्तरोगीविवर्जयेत् ॥ ४८ ॥

અર્થ—ઉપલેટ, દારૂહળદર, પઠાણીલોદર, મોથ મજીઠ, કાળીપાઠ, કડુ, તેજબળ અને હળદર એ સર્વનું ચૂર્ણ કરી દાંતે ઘસે તો દાંત (અવાળુ)માંથી લોહીનું પડવું, તથા પેઢામાં આવતી ખરજને મટાડે છે. પણ ખટાસ, અથવા ખાટાં ફળ, થંડુ પાણી, લુખું અનાજ-ભોજન, દાતણ, કઠણુ (ચાવતાં દાંતને જોર પડે તેવી) ચીજ એટલી વસ્તુઓ દાંતના દરદીને વિશેષે કરીને વર્જવી (ત્યાગ કરવી) ૪૭—૪૮

દાંતે ઘસવાની મસી.

कासीसंत्रिफलामाजू फलंजङ्गोहरीतकी ॥
कर्पूरंखदिरंताप्यं लोहचूर्णंचविद्रुमं ॥ ४९ ॥
दाडिमंत्वङ्मंजिष्ठा लोध्रंतुत्थंसुराष्ट्रजा ॥
मस्तंगीचविलम्पूगं सर्वसूक्ष्मविचूर्णितं ॥ ५० ॥
दन्तशूलहरंचाम्लं दन्तकृष्णीकरंतथा ॥ ५१ ॥

અર્થ—કસીસ (હીરાકસી) હરડાં, બેહડાં, આમળાં, માયાં (માજૂફળ) જાંગી હરડે, કપૂર, ખેરસાર, સોવન માખી, લોખંડનું ચૂર્ણ, પ્રવાવાળાની ડાંખલી, દાડમનિ છાલ, મજીઠ, લોદર, મોરથુથું, ફટકડી, મસ્તકી ગુંદ, અને ચેવળી સોપારી એ સર્વ બરોબર લેઈ બારીક ખાંડી ચાળી દાંતે મર્દન કરવા (ઘસવા)થી દાંતમાં આવતા શણકા (શૂળ) અને તમામ દાંતનાં દરદો નાશ પામેછે. જો દાંત કાળા કરવા હોય તો ખટાસ લગાડી દાંતે ઘસે તો કાળા રંગના થાય છે. ૪૯—૫૧

કાયાકલ્પ માટે ભાંગરાનું ચૂર્ણ.

समूलंभृङ्गराजञ्च छायाशुष्कंतुकारयेत् ॥
तत्समंत्रिफलाचूर्णंसर्वतुल्यासिताभवेत् ॥ ५२ ॥
पलैकंभक्षयेच्चैत दल्पमृत्युजरापहं ॥ ५३ ॥

અર્થ—જલભાંગરાનાં પાંચે અંગ લેઈ છાંયડે સૂકવી, તેની બરોબર ત્રિફળાં તથા તે સર્વની બરોબર સાકર લેઈ બારીક ચૂર્ણ કરી દરરોજ ચાર તોલા ખાય તો ટુંકી આવરદા તથા પળીયાં (વૃદ્ધાવસ્થા) એ બન્ને દૂર થાય છે. ૫૨—૫૩

सूक्ष्मीकृतभृङ्गनृपस्यचूर्णैः कृष्णैस्तिलैरामलकश्चसार्द्धं ॥
सितायुतांभक्षयतांनराणां नव्याधयोनैवजरानमृत्यु ॥ ५४ ॥

અર્થ—જલ ભાંગરાનું ચૂર્ણ કરી કાળા તલ અને આમળાં તેની બરોબર લેઈ તે સર્વની બરોબર સાકર મેળવી ચૂર્ણ કરી જે મનુષ્ય ખાય તેને જરા-વૃદ્ધાવસ્થા-વૃદ્ધપણું, પળીયાં અને થોડી આવરદા પરાભવ કરી શકતીજ નથી. ૫૪

આમળાકાદિ ચૂર્ણ.

आमलंचित्रकंपथ्या पिप्पलीसैन्धवंतथा ॥
भेदीरुचिकरश्लेष्मा जेतापाचनदीपनः ॥ ५५ ॥

અર્થ—આમળાં, ચિત્રામૂળ, હરડેદળ, પીપર, સિંધાલુણ, એ સર્વનું ચૂર્ણ કરી ખાય તો તે ભેદનીય (મળો વગેરેને ઉખેડી શરીરને કૃશ કરવામાં ઉપયોગી) છે, રૂચિ કરનાર છે, શળેખમ વિકારને મટાડે છે, અને જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. ૫૫

વૃદ્ધ સારસ્વત ચૂર્ણ

कुष्ठाश्वगन्धेलवणाजमोदे द्वेजीरकेत्रोणिकटूनिपाठा ॥
मांगल्यपुष्पाचसमानचूर्णं कृत्वाचचूर्णेनवचोद्भवेन ॥ ५६ ॥
तुल्येनयुक्तंबहुशोरसेन तद्भावितंब्रह्मविनिर्मितायाः ॥
सर्पिर्मधुभ्यांचततोक्षमात्रं लिह्याद्दिनान्सप्तगुणांश्चसप्त ॥५७॥
सारस्वतमिदंचूर्णं ब्रह्मणानिर्मितंस्वयं ॥
जगद्धितायलोकानां दुर्मेधानामचेतसाम् ॥ ५८ ॥

અર્થ—ઉપલેટ, આસગંધ, સિંધાલુણ, અજમોદ, જીરૂં, શાહજીરૂં, સુંઠ, મરી, પીપર, કાળીપાઠ, અને સંખાવળી એ સમાન લેઈ તે સર્વની બરોબર ઘોડાવજ મેળવી ચૂર્ણ કરી કપડ છાણ કરી વિધાબ્રાહ્મીના રસની ભાવના ૭ દેવી, ઘી અથવા મધ એક તોલો

લેઈ ૪૯ દિવસ આ સારસ્વત ચૂર્ણનું સેવન કરે તો મૂર્ખની બુદ્ધિને પણ વધારેછે અર્થાત્ બુદ્ધિ, યાદશક્તિ ઘણીજ તેજ કરે છે. આ ચૂર્ણ શ્રી બ્રહ્માજીએ જગતના (લોક) હિતાર્થે બનાવેલું છે. ૫૬—૫૮

गुडूच्यपामार्गविडंगशंखिनी ब्राह्मीवचाशुंठिसतावरीच ॥
घृतेनलीढाप्रकरोतिमानवां स्त्रिभिर्दिनैर्ग्रंथसहस्रधारणां ॥५९॥

અર્થ—ગળો, અંઘાડો, વાવડીંગ, શંખાવળી, વિદ્યાબ્રાહ્મી, વજ, સુંઠ અને સતાવરી, એ સર્વનું ચૂર્ણ કરી ઘીમાં મેળવી સેવન કરે તો ત્રણ દિવસમાં એક હજાર શ્લોક મુખ પાઠ કરવા જેટલી બુદ્ધિ અને યાદશક્તિ પ્રાપ્ત થાય છે. ૫૯

ब्राह्मीमुण्डोपिप्पलीनागराजं कुष्ठंसर्पिः श्वेतवर्णावचावा ॥
मौढ्यार्त्तानामक्षमात्रंददीत प्रज्ञामेधांवर्द्धतेमासयुग्मान् ॥६०॥

અર્થ—વિદ્યાબ્રાહ્મી, ગોરખ મુંડી (બોરીયો-બોડીઓ કલાર) પીપર, નાગેશ્વર ભસ્મ, ઉપલેટ, અને વજ, એઓનું ચૂર્ણ કરી એક તોલો માંખણ અથવા ઘી સાથે બે માસ સુધી ખાય તો મૂર્ખ પણ મહાન્ બુદ્ધિમાન કવિરાજ વા પંડિત થાય છે. ૬૦

ज्योतिष्मत्यास्तैलमेकंपिबेच्च गुंजावृद्ध्याकर्षमात्रन्तुयावत् ॥
सौरेपर्वण्यापमध्येप्रविष्टः प्रज्ञामूर्तिजायतेसोकवीन्द्रः ॥ ६१ ॥

અર્થ—માલકાંકણીનું તેલ એક રત્તી, પ્રથમ દિવસે પીવું અને હરરોજ વધતે જતે છેવટ એક તોલા સુધી વધવું એટલે પેહલે દિવસે એક રત્તી તો બીજે દિવસે બે રત્તી એમ વર્ધમાન થવું, સૂર્ય પર્વને દિવસે વા, સૂર્યોદય સમય પાણીમાં ઉભા રહી નીરંતર પીએ તો બુદ્ધિનીજ મૂર્ત્તિ (છબી) બની મહા કવીરાજ પદને પ્રાપ્ત કરેછે. ૬૧

त्रिकटुत्रिफलाधान्य यवानीशतमूलिका ॥
वचाभार्गीतथाब्राह्मी चूर्णसमधुलेहयेत् ॥ ६२ ॥
वाक्प्रदत्वंचबालानां वाणीबाह्यसमज्वरं ॥
तैलंतीक्ष्णंरूक्षमन्नम्बातेक्षक्षविवर्जयेत् ॥ ६३ ॥

અર્થ—ત્રિકટુ, ત્રિફળાં, ધાણા, અજમો, સતાવરી, વજ, ભારંગી, અને વિદ્યાબ્રાહ્મી એ સર્વ સમાન ભાગે લેઈ ચૂર્ણ કરી મ-

ધની સંગાથે અવલેહી સેવન કરે તો બાલકોને પણ વીણા વાજીત્રના સ્વર સમાન મધુર અવાજથી ચતુરાઈ સાથ મધુર બોલતાં આવડે છે; પરંતુ તેલ, મરચાં (તીખાસ) લુખું, ખટાસ, વાયડી ચીજ એટલી વસ્તુઓ ત્યાગ કરવી. ૬૨—૬૩

ज्योतिष्मत्यास्तैलमंत्राभिमंत्र्य वाग्वादिन्यामंत्रबीजंत्रिकन्तु ॥
जिह्वायांवैलिरव्यतेयस्यजन्तो वैलेखन्याजायतेसोकवीशः॥६४॥

અર્થ—માલકાકણીના તેલને સરસ્વતી મંત્રથી મંત્રી તે તેલથી પુષ્પાર્કે હસ્તાર્કે અથવા મૂલાર્કે વા શુભ દિવસે બાલકની (અથવા જેની) જીભ ઉપર સોનાની લેખણથી શ્રી સરસ્વતી દેવીનો બીજ [1]મંત્ર લખે તો તે મહાન્ કવિરાજ, પંડિત (બુદ્ધિશાળી) અવસ્ય થાય છે. ૬૪

ઇતિ શ્રી મન્નાગપુરીય તપાગચ્છીય શ્રી હર્ષકીર્ત્તિ સૂરી સંકલિતે યોગચિંતાણૌ વૈદ્યક સાર સંગ્રહે ચૂર્ણાધિકારઃ દ્વિતિયોધ્યાયઃ સમાપ્ત.

હવે ગુટિકા (ગોળિયો)નો અધિકાર કહિયે છીએ.

અમૃત પ્રભા [1]ગુટિકા.

मरिचपिप्पलीमूलं लवङ्गंचहरीतकी ॥
यवानीतित्तडीकञ्च दाडिमंलवणत्रयं ॥ ६५ ॥
एतानिपलमात्राणि मागधीक्षारचित्रकं ॥
अमलोनागरंधान्य मेलाधात्रीफलंसमं ॥ ६६ ॥

---

૧ સ્વરસ્વતી દેવીનો બીજ મંત્ર—ॐ ह्रीँ क्लीँ श्रीँ वद्वद् वाग्वादिनि सरस्वति भगवति ऐँ नमः

૧ **ગોળીઓઃ બનાવવાની મર્યાદા,** ગુટિકા, (ગોળી) વટી, (વડી) મોદક, (લાડુ) વટિકા, (વડાં) પિંડી, (મુંડીઆં) ગુડ, (ગોળ) અને વર્ત્તિ, (વાટ) એઓ સર્વ ગોળીઓનાજ ભેદછે. અવલેહની માફક ગોળ, સાકર અથવા ગુગળનો પાક કરી તેમાં ઔષધોનું ચૂર્ણ નાખી લેની ગોળીઓ બનાવવી અથવા કોક વખતે પાક કર્યા વગર ગુગળથી, મધથી અથવા બીજી વનસ્પતિઓના રસથી પણ ગોળીઓ બનેછે, સાકરથી ગોળીઓ કરવી હોયતો

एतान्द्विपलकान्भागान् भावयेद्बीजपूरकैः ॥
भावनात्रितयंदत्त्वा गुटिकांकारयेद्बुधः ॥ ६७ ॥
छायाशुष्कांप्रकुर्वीत अजीर्णस्यप्रशान्तये ॥
अग्निंचकुरुतेघोरं गुटिकाचामृतप्रभा ॥ ६८ ॥

અર્થ—કાળાં મરી, પીપરી મૂળ, લવીંગ, હરડેદળ, અજમો, કોકમ, દાડમના દાણા, સિંધવ, સંચળ, બિડલુણ, એટલાં ચારચાર તોલા લેવાં, પીપર, જવખાર, ચિત્રામૂળ, જીરૂં, શાહજીરૂં, સુંઠ, ધાણા, એલચી, આમળાં, એટલાં ઔષધો આઠ આઠ તોલા લેવાં, સર્વને ખાંડી ચાળી બીજોરાના રસની ૩ ભાવના (પુટ) દેઈ ઘુંટી ગોળીઓ બનાવી છાંયડામાં સૂકવી ખાય તો અજીર્ણને મટાડે છે, અરૂચિને મટાડી ઘણીજ જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. આ ગોળી અમૃત પ્રભા અમૃત સમાનજ છે. ૬૫—૬૮

બીજો પ્રકાર.

आकल्लकंसैंधववह्निशुण्ठी धात्र्यूषणंदिव्यसमांशपथ्या ॥
रसेनजाम्बयंफलपूरकेण मंदानिलखेह्यमृतप्रभेयं ॥ ६९ ॥
कासेगलामयेश्वासे प्रतिश्यायेचपीनसे ॥
अपस्मारेतथोन्मादे सन्निपातेसदाहिता ॥ ७० ॥

અર્થ—અકલકરો, સિંધાલુણ, ચિત્રક, સુંઠ, આમળાં, મરી, લવીંગ, અને હરડેદળ એ સર્વ સમાન લેઇને ખાંડી ચાળી બીજોરાના રસના ૩ પુટ દેઈ ખરળમાં ખૂબ ઘુંટી ગોળીએ અનુમાન માફક બનાવી (યોગ્ય માત્રાએ) સેવન કરે તો મંદાગ્નિ, ઉધરસ, કંઠના રોગ, શ્વાસ, પીનસ (નાકમાં છોડ બંધાય છે તે.) મૃગીવાયુ (વાઈ) ઉન્માદ (ગાંડા-દિવાનાપણું) અને સન્નિપાત એટલા રોગો માટે આ અમૃતપ્રભા ગુટિકા સદા (હમેશાં) હિતકારી છે. ૬૯—૭૦

ચૂર્ણથી ચોગણી સાકર, ગોળ બમણો, ગુગળ કે મધ ચૂર્ણની બરોબર, વનસ્પતિનો રસ વા, અન્ય દ્રવ ચૂર્ણથી બમણો મેળવી ગોળીયો કરવી. ગોળીઓની માત્રા ૧ તોલા ભાર દેશ, કાળ, વય, અગ્નિ બળ જોઈ આપવી શાર્ઙ્ગધર સંહિતા.

રાજ ગુટિકા.

सुंठ्याःपलं पलार्द्धंच गन्धकंसैन्धवंतथा ॥
निम्बूकरससंबद्धा हन्त्यजीर्णविशूचिकां ॥ ७१ ॥

અર્થ—સુંઠ ચાર તોલા, [૨]શુદ્ધ કરેલો આમળસારો ગંધક બે તોલા, સિંધાલુણ બે તોલા, એઓનું બારીક ચૂર્ણ કરી લિંબુના રસમાં ઘુંટી ગોળીઓ ન્હાના ચણી બોર જેવડી બનાવી ખાય તો અજીર્ણ (અપચો) અને વિસૂચિકા (કોલેરા) દૂર થાય છે. ૭૧

બીજો પ્રકાર.

नागरंचचतुर्भागं तदर्द्धंसैंधवंतथा ॥
गंधकंभागमेकंच कायस्थागंधकंसमं ॥ ७२ ॥
निम्बूरसस्यसप्ताहं पुटंदद्याद्विशारदः ॥
विषूचिकाजीर्णशूलं मन्दाग्निंवमनंहरेत् ॥ ७३ ॥
एषाराजवटीनाम कोलमात्रंन्तुभक्षयेत् ॥ ७४ ॥

અર્થ—સુંઠ ૧ તોલો, સિંધાલુણ ०॥ તોલો આમળસારો ગંધક ०। તોલો, હરડેદળ ०। તોલો. અથવા સુંઠ ૪ ભાગ, સિંધવ ૨ ભાગ, ગંધક ૧ ભાગ અને હરડે ૧ ભાગ એ સર્વનું ચૂર્ણ કરી ચાળી લિંબુના રસના સાત પુટ દેઈ ઘુંટી ચણી બોર જેવડી ગોળીઓ બનાવી [૧]અનુમાન માફક (આઠ આની ભાર) ખાય તો કોગળીયું (કોલેરા) અજીર્ણ (બદહજમી) મંદાગ્નિ, પેટમાનું શૂળ, મંદાગ્નિ (પેટમાં જઠરાગ્નિ ઓછિ થઈ જાય છે તે) વમન (ઉલટી) એ સર્વ રોગનો આ રાજવટી (ગોળી) જલ્દીથી નાશ કરે છે. ૭૨—૭૪

---

૨ ચોખો આમળશારો પીલો ગંધક લઈ ન્હાના ન્હાના કકડા કરી એક લોખંડની કડછીમાંજેટલો ગંધક તેટલું ધી ગરમ કરી તેમાં ગંધક નાખી દેવતા ઉપર ગરમ કરવો ગંધક ઓગળી રસ થઈ જાય ત્યારે ગાયના દૂધમાં ગળી કાઢવો, ઠર્યા બાદ ફરી તેજ પ્રમાણે કરી બીજા દૂધમાં ગળવો, ત્રીજી વખતે તેજ મુજબ દૂધ ઉપર કપડુ રાખી તે ગંધકના રસને ગળી લેવો એટલે જે કપડામાંથી રસ ગળાઈ દૂધની અંદર રહ્યો તે શુદ્ધ કરેલો ગંધક કહેવાયછે અને દરેક ઔષધમાં તેજ વાપરવો. ભા. પૂ. ખં.

ઉન્મીલની ગુટિકા.

उन्मीलनीबुद्धिबलेन्द्रियाणां निर्मूलनीवातकफादितानां ॥
संशोधिनीमूत्रपुरीषयोश्च हरीतकीसुंठिगुडप्रयुक्ता ॥ ७५ ॥

અર્થ—હરડેદળ, સુંઠ, એઓનું ચૂર્ણ કરી ગોળમાં ગોળી બનાવી ખાય તો બુદ્ધિ વધે છે, શરીરની સર્વ ઇન્દ્રિયોને સચેતન કરે છે, વાયુ, કફ, વગેરે સર્વ રોગોને નિર્મૂળ કરે છે, અને પેશાબ, ઝાડાની શુદ્ધિ કરે છે, આ ઉન્મીલની ગુટિકા કહેવાય છે. ૭૫

ગુડ ચતુષ્ટય વટિકા.

आमेषुसगुडांसुंठी मजीर्णेगुडपिप्पलीं ॥
कृच्छ्रेजीरगुडंदद्या दर्शासिगुडदाडिमं ॥ ७६ ॥

અર્થ— આમ રોગ હોય તો સુંઠનું ચૂર્ણ ગોળ સાથે, અજીર્ણ હોય તો ગોળ પીપર સાથે, મૂત્રકૃચ્છ્ર હોય તો જીરૂં ગોળ સાથે, હરસ હોય તો દાડમના દાણા અને ગોળ સાથે સુંઠનું ચૂર્ણ આપવું જોઇએ. ૭૬

गुडविश्वौषधंपथ्या मागधीदाडिमैः कृता ॥
गुटिर्हन्तिभक्षक्ष्यणा गुल्मार्शोवन्हिजान्गदान् ॥ ७७ ॥

અર્થ—ગોળ, સુંઠ, હરડેદળ, પીપર અને દાડમના દાણા એઓની ગોળી બનાવી ખાય તો ગોળો, હરસ, મંદાગ્નિનો જરાવારમાં નાશ કરે છે. ૭૭

સૂરણાદિ વટિકા.

चूर्णीकृताषोडशसूरणस्य भागास्तदर्द्धेनचचित्रकस्य ॥
महौषधोद्दौमरिचस्यचैको गुडेनदुर्नामजयायपिंडी ॥ ७८ ॥
मरिचमहौषधिचित्रक सूरणभागायथोत्तरंद्विगुणाः ॥
सर्वसमागुडभागो वटिकादुर्नामनाशाय ॥ ७९ ॥
वृद्धदारुकभल्लात शुण्ठीचूर्णेनयोजितः ॥
मोदकः सगुडोहन्यात् षड्विधार्शस्कृतांरुजं ॥ ८० ॥

સૂરણ તોલા ૬૪, ચિત્રામૂત્ર તોલા ૩૨, સુંઠ તોલા ૮, મરી તોલા ૪, એ સર્વને ખાંડી, ચાળી, ગોળમાં ગોળીઓ (પીંડી) બનાવી ખાય તો હરસને મટાડે છે. તેમજ મરી તોલો ૧, સુંઠ તોલા ૨, ચિત્રક તોલા ૪, સૂરણ તોલા ૮ એ સર્વની બરોબર ગોળ લેઈ મુંઠીઆં કરી ખાય તો હરસ મટે છે, તથા વરધારો, ભિલામાં, સુંઠ, એઓનું ચૂર્ણ ગોળમાં નાખી મોદક બનાવી ખાય તો છ જાતના હરસ રોગનો નાશ કરે છે. ૭૮—૮૦

सनागरापुष्करवृद्धदारुकं गुडेनयोमोदकमृत्युहारकं ॥

अशेषदुर्नामकरोगहारकं करोतिवृद्धान्सहसैवदारकान् ॥ ८१ ॥

અર્થ—સુંઠ, પુષ્કરમૂળ, વરધારો, એઓનું ચૂર્ણ કરી ગોળમાં મોદક બનાવી ખાય તો મૃત્યુ તથા સર્વ જાતના હરસ રોગનો નાશ કરે છે, અને બળની વૃદ્ધિ કરે છે. ૮૧

કાંકાયની ગુટિકા.

पथ्यापंचपलान्येक मजाजि मरिचस्यच ॥

पिप्पलीपिप्पलीमूलं चव्यचित्रकनागरैः ॥ ८२ ॥

पलाभिवृद्धैः क्रमशो यवक्षारपलद्वयं ॥

भल्लातकपलान्यष्टौ सूरणोद्विगुणोमतः ॥ ८३ ॥

द्विगुणेनगुडेनैषा वटिकाचाक्षसंमिता ॥

एकैकाम्भक्षयेत्मात स्तक्रमम्लंपिबेदनु ॥ ८४ ॥

वन्हिंसंदीपयत्याशु ग्रहणीपाण्डुरोगजित् ॥

कांकायनेनशिष्येभ्यः शस्त्रक्षाराग्निभिर्विना ॥ ८५ ॥

कथितागुटिकाचैषां गुदजानांविनाशका ॥ ८६ ॥

અર્થ—હરડેદળ ૨૦ તોલા, જીરૂં ૪ તોલા, મરી ૪ તોલા, પીપર ૪ તોલા, પીપરીમૂળ ૮ તોલા, ચવ્ય ૧૨ તોલા, ચિત્રામૂળ ૧૬ તોલા, સુંઠ ૨૦ તોલા, જવખાર ૮ તોલા, ભિલામાં ૩૨ તોલા અને સૂરણ ૬૪ તોલા, એ સર્વનું ચૂર્ણ કરી બમણા ગોળમાં મેળવી ચણીબોર જેવડી ગોળીઓ વાળી દરરોજ એક ગોળી સવારમાં છાસની સાથે સેવન કરે તો જઠરાગ્નિને સતેજ કરે છે. સંગ્રહણી, પાં-

ડુરોગને ઘણીજ ઝડપથી દૂર કરે છે. આ કાંકાયન રૂષિએ પોતાના શિષ્યોને કહેલી છે. તેમજ આથી સઘળા ગુદાના રોગ હરસ આદિ નાશ થાય છે. ૮૨—૮૬

અભયાદિ મોદક.

अभयापिप्पलोमूलं मरिचंनगारंतथा ॥
त्वक्पत्रंपिप्पलोमुस्तं विडंगामलकानिच ॥ ८६ ॥
कर्षंप्रत्येकमेषान्तुदंत्याःकर्षत्रयंतथा ॥
षट्कर्षाश्चसितायास्तु द्विपलात्रिवृताभवेत् ॥ ८८ ॥
सर्वंसंचूर्णितंकृत्वा मधुनामोदकाःकृताः ॥
खादेत्प्रतिदिनंचैकं शोतंचानुपिबेज्जलं ॥ ८९ ॥
तावद्विरिच्यतेजन्तु यावदुष्णंनसेवयेत् ॥
पाण्डुरोगंविषंकार्श्यं जंघायाश्चरुजस्तथा ॥ ९० ॥
शिरार्तिंमूत्रकृच्छ्रंच दुर्नामकभगन्दरौ ॥
अश्मरीमेहकुष्ठंच दाहशोफोदराणिच ॥ ९१ ॥

અર્થ—હરડેદળ, પીપરીમૂળ, મરી, સુંઠ, તજ, તમાલપત્ર, પીપર, મોથ, વાવડીંગ અને આમળાં, એ સર્વ એકેક તોલો લેવાં. દંતીમૂળ ત્રણ તોલા, સાકર છ તોલા અને નસોતર આઠ તોલા, એ સર્વને ખાંડી કપડેથી ચાળી મધમાં મોદક બનાવી દરરોજ એકેક ગોળી ઠંડા પાણીની સંગાથે ખાય તો રેચ લાગે, જ્યાં સુધી ઉન્હું પાણી ન પીયે ત્યાં સુધી રેચ લાગે, મતલબમાં ઉન્હું પાણી પીવાથી રેચ વળે છે, તથા પાંડુરોગ, ઝેર સંબંધીની પીડા, દુર્બળતા પણું, સાથલના જાનુવાદિ સર્વ રોગ, માથાના રોગ, મૂત્રકૃચ્છ્ર, હરસ, ભગંદર, પથરી, પ્રમેહ, કોઢ, શરીરની બળતરા, સોજો, અને પેટના સર્વ રોગો નાશ પામે છે. ૮૭—૯૧

અજમોદાદિ ગુટિકા.

अजमोदामरिचकणा विडंग सुरदारुचित्रकशिताह्वा ॥
सैंधवपिप्पलिमूलं भागानवकस्यपलिकास्यात् ॥ ९२ ॥

सुण्ठीदशपलिकास्यात् पलानितावंतिवृद्धदारोथ ॥
दंत्याः पलानिपंच चसर्वाण्येकत्रकारयेच्चूर्णं ॥ ९३ ॥
समगुडवटिकाअदत श्चूर्णवाकोष्णवारिणापिबत ॥
नश्यंत्यानिलजाये सर्वेरोगास्तथावातः ॥ ९४ ॥

અર્થ—અજમોદ, મરી, પીપર, વાવડીંગ, ચોપડો દેવદાર, ચિત્રામૂળ, સવા, સિંધાલુણ અને પીપરીમૂળ, એ નવ ચીજો સમાન ભાગે (૩૬ તોલા) લેવી, સુંઠ ૪૦ તોલા, વરધારો. ૪૦ તોલા, અને દંતીમળ, (નેપાળાંના ઝાડનું મૂળ) ૨૦ તોલા, એ સર્વને ખાંડી, ચાળી, એકત્ર કરી બરોબર ભાગે ગોળ મેળવી ગોળીઓ કરવી અથવા ચૂર્ણ સમાન રાખી ઉન્હા પાણી સાથે પીએ તો સઘળા વાયુરોગ નાશ કરે છે. ૯૨—૯૪

એળાદિ વટિકા.

एलोयकंकणापथ्या सुंठीचित्रकटंकणं ॥
राजिकासर्जिकासौरो विडंगाजाजिसैंधवं ॥ ९५ ॥
गुडेनगुटिकाकार्या यकृत्प्लीहविनाशिनी ॥ ९६ ॥

અર્થ—એળીચો, પીપર, હરડેદળ, સુંઠ, ચિત્રામૂળ, ટંકણખાર અથવા ખડીયોખાર, રાઈ, સાજીખાર, સુરોખાર, વાવડીંગ, જીરૂં અને સિંધાલણ એ સર્વ બરાબર લેઈ ચૂર્ણ કરી ગોળમાં ગોળીઓ બનાવો ખાય તો યકૃત્ (કાળજાની વ્યાધિ) તથા બરોળને દૂર કરે છે. ૯૫ ૯૬

નવરસાદિ ગુટિકા.

चित्रकंत्रिफलामुस्त विडङ्गंत्र्यूषणानिच ॥
समभागानिकार्याणि सर्वतुल्यमयोरजः ॥ ९७ ॥
मधुसर्पिर्युतंलेह्यं गुडेनगुटिकाथवा ॥
गोमूत्रमथवातक्र मनुपानेप्रशस्यते ॥ ९८ ॥
पाण्डुरोगंजयेदुग्रं हृद्रोगंचभगन्दरं ॥
शोफकुष्ठोदरार्शांसि मन्दाग्निमरुचिंक्रिमीन ॥ ९९ ॥

અર્થ—ચિત્રામૂળ, ત્રિફળાં, મોથ, વાવડીંગ અને ત્ર્યુષણ (સુંઠ, મરી, પીપર) એ સર્વે સરખે ભાગે લેઇ તે સર્વની બરોબર લોહસાર (ગજવેલ) લેઈ તેઓનું ચૂર્ણ કરી મધ અને ઘીની સાથે ચાટે અથવા ગોળમાં ગોળીઓ બનાવી ગોમૂત્ર (ગાયનું ઝરણ-મૂત્ર) અથવા ગાયની છાસ સાથે ખાય તો પાંડુરોગ, છાતીના રોગ, ભગંદર, સોજો, કોઢ, પેટના રોગો, હરસ, મંદાગ્નિ, અરૂચિ, અને કરમીઆનો રોગ એ સર્વ નાશ પામે છે. ૯૭—૯૯

વૃદ્ધ-વૃદ્ધિ નવારસ ગુટિકા.

विडङ्गत्रिफलाव्योषं चातुर्जातकचित्रकं ॥
स्वर्णमाक्षीतवाक्षीरं जीमूतंवंशलोचनं ॥ ६०० ॥
क्वाथसंपक्वलोहंच शर्करापिसमन्विता ॥
गुटिकांमधुसंयुक्तां प्रातरेकान्तुभक्षयेत् ॥ १ ॥
प्रमेहशोफारुचिमामवातं सकामलँपाण्डुगदंसकुष्ठं ॥
श्वासंचकासंचनिहन्तिगुल्मं दुर्नामकंनाशयतेचसद्यः ॥ २ ॥

અર્થ—વાવડીંગ, ત્રિફળા, (હરડાં, બેહડાં, આમળાં) સુઠ, મરી, પીપર, ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર) ચિત્રામૂળ, [1]સોવનમાખી (વજનદાર ઉપધાતુ છે) તપખીર, મોથ, વંશલોચન, અને લોહસાર; અથવા મંડૂર એ સર્વે સરખે ભાગે લેઈ એ સર્વની બરોબર સાકર મેળવી ચૂર્ણ કરી મધની સાથે ગોળીઓ બનાવી સવારે (પ્રભાતે) ખાય તો પ્રમેહ, સોજો, અરૂચિ, આમવાયુ, કમળો, પાંડુ, કોઢ, શ્વાસ, ઉધરસ, ગોળાનો રોગ અને હરસ. એટલા રોગો નિશ્ચે નાશ થાય છે. ૬૦૦-૨

ચંદ્રકળા ગુટિકા.

एलासुकर्पूरसुधासधात्री जातीफलंगोक्षुरशाल्मलीच ॥

---

૧ સોવન માખી એટલે એક વજનદાર ઉપધાતુ થાયછે તે લેવી પણ સોવન માખી ને બદલે અણુસમજુ પુરૂષો સોના મુખી-મીંઢી આવળ કદાચ લેનો ઔષધી ના ગુણમાં ભારે તફાવત પડી જાય માટે તેવાઓએ વિચારી કાર્ય કરવું નહીંતો લાભને બદલે હાની થઈ રોગના ભોગ થઈ પડશે.

सूतेन्द्रवंगायसभस्मसर्वं मेतत्समानंपरिमर्दयेच्च ॥ ३ ॥
गुडूचिकाशाल्मलिकाकषाय पिष्टंसमानामधुनाततश्च ॥
वल्वागुडीचन्द्रकलेतिसंज्ञा मेहेषुसर्वेषुनियोजनीया ॥ ४ ॥

અર્થ—એલચી, કપૂર, સાકર, આમળાં, જાયફળ, ગોખરૂ, શીમળાનો ગુંદ (મોચરસ) (અથવા સીમળાનાં બીજ વા મૂળની છાલ વા પાદડાંની ડાંખળી) [1]પારો, બંગ અને લોહસાર, એ સઘળાં સરખા વજનથી લેઈ ખાંડી ચાળી એક પોહર ઘુંટવાં. બાદ લિંબડાની ગળોનો રસ અને શીમળાના ગુંદ (વા ઉપર બતાવેલાં બીજ, છાલ, ડાંખલી) નો કવાથ (ઉકાળો–કાઢો) બનાવી તેમાં ઉપરની દવાઓ ખુબ ઘુંટી સમાન મધ નાંખી ગોળીઓ બનાવવી આ ચંદ્રકળા નામની

---

૧ પારો હમેશાં દવાની અંદર હિંગળોક માંહેથી ઉડાવેલો હોય તેજ વાપરવો એટલે હિંગળોક ના ગાંગડા લેઈ કાગદી લિંબુના રસમાં આઠ પોહોર ઘુંટી વડના પાંદડાં ઉપર ચોપડી દેઈ સૂકવવો બાદ માટીની હાંલ્લીઓ બે અગર ચાર શેર પાણી સમાય તેટલી મોટી લેઈ બન્નેના મ્હોઢાને પથ્થર ઉપર ઘસી સાંધ બરોબર બેમાલમ જણાય તેવી બનાવી તેમાંની એક હાંલ્લીને બુદે–નીચે જાડો કંટેવાલો માટીનો કે રાખોડીનો દેવો તેમાં તે પાંદડાંના કટકા કરી પાથરી દેવા ઉપર બીજી હાંલ્લી ઢાંકી સાંધાની ઉપર કપડ મટ્ટી કરી હવાન નીકળે તેમ બંધ કરી તડકે સૂકવી અગ્નિ ઉપર ચઢાવી, ચાર પોહોરની અગ્નિ દેવી ઉપરની હાંડી–હાંલ્લી ને બુંદે–બીની માટીનો કંટેવાળો કરવો અગર બીનું કપડું કરી માટી ન સૂકાય તેટલા માટે હર ઘડીએ પલાલીને મૂકવું અથવા તે માટી ઉપરજ વારંવાર પાણી છાંટયા કરવું, ૪ પેહર પછી અગ્નિ બંધ કરી દેવી. આ ડમરૂ યંત્ર ઠંડુ થયા પછી નીચે ઉતારી ધીમેથી તેનાં મ્હોઢાં છુટાં કરી ઉપરની હાંલ્લીમાં જે પારો વળગી રહ્યો હોય તે કપડેથી લુછી લેવો, પાણીથી ધોઈ શીશીમાં ભરી રાખવો આ શુદ્ધ કરેલો પારો હરેક દવા (પ્રયોગ)માં વાપરવો. **ભાવપ્રકાશ પૂર્વ ખંડ.**

તથા એમ ન બની શકે તો પારાને ઈંટાલીના ભૂકામાં ઘુંટી લીંબુનો રસ નાખી એક ઝીણા કપડામાં ઘાલી નીચોવી કાઢવો તો તે પણ શુદ્ધ પારો ગણાય છે. તથા બીજા પણ ઘણા પ્રકાર છે તેથી વાકેફ થયા માટે **શાર્ઙ્ગધર, રસરાજ, રસચિંતામણિ** વગેરે ગ્રંથો અવલોકન કરવા.

ગુટિકા પ્રમેહ (પરમીયા) માત્રને દૂર કરવા અવસ્ય ખવરાવવી. ૩-૪

વ્યોષાદિ ગુટિકા.

व्योषाम्लवेतसंचव्यं तालीसंचित्रकंतथा ॥
जीरकंतिन्तडीकंच प्रत्येकंकर्षभागकं ॥ ५ ॥
त्रिसुगंधंत्रिभागंस्यात् गुडःस्यात्कर्षविंशतिः ॥
व्योषादिवटिकानाम पीनसश्वासकासजित् ॥ ६ ॥
रुचिस्वरकराख्याता प्रतिश्यायप्रणाशिनी ॥ ७ ॥

અર્થ—વ્યોષ (સુંઠ, મરી પીપર) અમ્લવેતસ, ચવ્યક, તાલીસપત્ર, ચિત્રામૂળ, જીરૂં અને કોકમ એ સર્વ સરખે ભાગે (એકેક તોલો) લેવાં, ત્રિસુગંધ ત્રણ ભાગ લેવાં, ગોળ ૨૦ તોલા લેવો, ગોળ શિવાયનાં ઔષધો ખાંડી કપડેથી ચાળી ગોળમાં મેળવી ગોળીઓ કરવી. તે અનુમાન માફક ખાયતો પીનસ, શ્વાસ, ઉધરસ, એટલા રોગોને જીતીલે છે. રૂચિ અને સુકંઠ (સારોસાદ) કરવામાં આ વ્યોષાદિવટી પ્રખ્યાતિ પામેલ છે. અને હુમેશાં સ્લેષ્મનો નાશ કરે છે. ૫-૭

મરીચાદિ અથવા દાડિમાદિ ગુટિ.

मरिचंकर्षमात्रंस्यात् पिप्पलीकर्षसंमिता ॥
अर्द्धकर्षयवक्षारं कर्षयुग्मंचदाडिमं ॥ ८ ॥
एतच्चूर्णीकृतंयुज्या दष्टकर्षगुडेनहि ॥
शाणप्रमाणांगुटिकां कृत्वावक्रेचधारयेत् ॥ ९ ॥
अस्याःप्रभावात्सर्वोपि कासायांत्येवसंक्षयं ॥ १० ॥

અર્થ—મરી ૧ તોલો, પીપર ૧ તોલો, જવખાર ૦॥ તોલો અને દાડિમ દાણા (અથવા દાડિમનાં છોતરાં) ૨ તોલા એ સર્વ ખાંડી ચાળી ૮ તોલા ગોળ મેળવી પાવલી પાવલી ભારની ગોળીઓ બનાવી મ્હોંઢામાં રાખે તો, સર્વ જાતની ઉધરસ નાશ થાય છે. ૮—૧૦

ખેરસારાદિ ગુટિ.

बिभीतकहरीतक्यौ धात्रीकट्फलानिच ॥
शुंठीमरिचापिप्पल्य एलाकर्कटशृंगिका ॥ ११ ॥

कर्पूरंपिप्पलीमूलं लवङ्गंशुंठिसंयुतं ॥
एतानिसमभागानि सूक्ष्मचूर्णन्तुकारयेत् ॥ १२ ॥
खदिरंचसमंदेयं मार्द्रकद्रवभावना ॥
भावयेत्किकरीकाथै र्वटिकाकोलमात्रका ॥ १३ ॥
कासंकण्ठेकफंहन्ति स्वरभङ्गंचदारुणम् ॥
गृध्रसींचनिहंत्याशु क्षयरोगहरंपरं ॥ १४ ॥

અર્થ—બેહડાંદળ, હરડેદળ, આમળાં, કાયફળનું છોડીયું, સુંઠ, મરી, પીપર, એલચી, કાકકાસીંગ, કપૂર, પીપરીમૂળ, લવીંગ અને કચૂરો, એ સર્વે સરખા ભાગે લેઈ ઝીણું ચૂર્ણ કરી તે ચૂર્ણની બરોબર ખેરસાર નાખી આદાના રસની ભાવના તથા બાવળની છાલના કવાથની ભાવના દેઈ ચણીબોર જેવડી ગોળીઓ વાળી ખાયતો ઉધરસ, ગળામાનો કફ, ઘોર સ્વરભંગ (ગળામાં ખરેરી પડે અથવા ખોખરો સાદ નિકળે તે) ગ્રધસી વાયુ અને ક્ષય રોગ વગેરે રોગોનો નાશ કરે છે. (આ ગોળી ઘણીજ ઉત્તમ છે) ૧૧—૧૪

બીજપૂરાદિ વટિકા.

त्रिकटुविकटदंष्ट्राहिंगुगुंजाररौद्र ॥
स्त्रिलवणनखमुग्रंजीरकेद्रेचपेटः ॥
प्रकटितकटुकाग्रमोल्लसत्केशरोघः ॥
कफमदगजहंताकेसरीबीजपूरः ॥ १५ ॥

અર્થ—સુંઠ, મરી, પીપર, હિંગ, સિંધાલુણ, સંચળ, બિડલુણ, જીરૂં અને શાહજીરૂં એ સર્વેનું ચૂર્ણ કરી આદાના રસમાં ખૂબ ઘુંટી ગોળીઓ વાળી ખાય તો ભયંકર કફનો નાશ કરે છે (આ કાવ્યમાં કવિએ કેશરીસિંહનો અને આ ગુટિકાનો મુકાબલો કરેલો છે એટલે આ બીજપૂરાદિ ગુટિકા રૂપિ કેશરીસિંહને ત્રિકટુરૂપિ વિકરાળ દાઢો છે, હિંગરૂપિ ભયાનક (બિહામણો) તેનો શબ્દ છે, ત્રિલવણ રૂપિં તીખા નખ છે, બે જીરાં રૂપિ જેના પંઝાની ચપેટ (લપડાક થાપ) છે, અને આદાના રસરૂપિ જેની કડકતા (ક્રોધ-અકડાઈ) છે,

એહવી જે કેશરીસિંહ સમાન આ ગુટિકા તે કફરૂપિ માતેલા હાથીને મારી નાંખે છે, સારાંશમાં ઘોર કફનો નાશ કરવા સમર્થ છે. ૧૫

બબૂલ ગુટિકા.

रसाभागोभवेदेको गंधकोद्विगुणोमतः ॥
त्रिभागापिप्पलीग्राह्या चतुर्भागाहरीतकी ॥ १६ ॥
विभीतकंपञ्चभागं आटरूषश्चषड्गुणः ॥
भार्गीसप्तगुणाग्राह्या सर्वचूर्णप्रकल्पयेत् ॥ १७ ॥
बबूलक्काथमादाय भावनाएकविंशतिः ॥
कार्याविभीतकमितां गुटिकांमधुनासह ॥ १८ ॥
कासंपंचविधंहन्यात् दूर्द्ध्वश्वासंकफंजयेत् ॥ १९ ॥

અર્થ—શુદ્ધ કરેલો પારો ૧ ભાગ, શુદ્ધ કરેલો ગંધક ૨ ભાગ, લીંડીપીપર ૩ ભાગ, હરડેદળ ૪ ભાગ, બેહડાંદળ (છાલ) ૫ ભાગ, અરડૂસો ૬ ભાગ અને ભારંગી ૭ ભાગ, લેઈ બારીક ચૂર્ણ કરી બાવળની છાલના કાઢાની ૨૧ ભાવના ચૂર્ણને દેઈ, ઘુંટી બેહેડાના પ્રમાણ મધ સાથે ગોળીઓ બનાવી ખાય તો પાંચ જાતની ખાંસી (ઉધરસ) ઉર્દ્ધશ્વાસ—(અદ્ધરશ્વાસ રહે છે તે) અને કફ દૂર થાય છે. (આ પ્રયોગ ઘણો સારો છે) ૧૬—૧૯

આમલાદિ વટિકા.

आमलंकमलंकष्ठं लाजाश्ववटरोहकं ॥
एतचूर्णस्यमधुना गुटिकांधारयेन्मुखे ॥ २० ॥
तृषांप्रवृद्धांहंत्याशु मुखशोषंचदारुणं ॥ २१ ॥

અર્થ—આમળાં, કમળ (અથવા કમળકાકડી) ઉપલેટ, ચોખાની ધાણી અને વડની વડવાઈના અંકૂરા એ સર્વ ઝીણાં વાંટી મધમાં ગોળીઓ વાળી મ્હોઢામાં રાખે તો વારંવાર લાગતી તરસ—તથા મ્હોઢામાં પડતો ઘોર શોષ હોય તો પણ તેનો જલ્દી નાશ કરે છે. ૨૦—૨૧

શંખવટી.

चिंचाक्षारपलंपटुव्रजपलंनिम्बूजलेकल्कितं ॥
तस्मिन्शंखपलंप्रतप्तमसकृन्निर्वाप्यशीर्णावधि ॥
हिंगुव्योषपलंरसामृतपलंनिःक्षिप्यनिःक्वासकान् ॥
हर्ताशंखवटीक्षयग्रहणिहृत्कुक्ष्यत्रिशूलादिषु ॥ २२ ॥

અર્થ—આમલીનાં છોડીઆં બાળી ખાર કાઢવાની રીત પ્રમાણે કાહાડેલો ખાર ૪ તોલા, અને પાંચ જાતનાં મીઠાં (સિંધવ, સંચળ, બંગડીખાર, વડાગરૂં, મીઠું) ૪ તોલા, તે સર્વ લીંબુના રસમાં નાખી પછી શંખ તોલા ૪ લેઈ ગરમ (ઉન્હો) કરી તે રસમાં ઠારવો (છમકાવવો) જ્યાં સુધી તેના ટુકડે ટુકડા ન થાય ત્યાં સુધી ઉપર પ્રમાણે કરવું, આદ હિંગ, ત્રિકટુ, પારો, ગંધક એ ચાર ચાર તોલા લેવાં, સર્વનું ચૂર્ણ કરી પારા ગંધકની કાજળ કરી ગોળીઓ ૦। ભારના અંદાજથી વાળી સેવન કરે તો ક્ષય, સંગ્રહણી, છાતી અને પાસામાં આવતી શૂળનો નાશ કરે છે. ૨૨

એજ ગુટિકાનું બિજા પ્રકારે કથન.

चिंचाक्षारंलवणमखिलंनिम्बुतोयेनपिष्टं ॥
तप्तंशंखंपुनरपिपुनर्निक्षिपेत्सप्तवारान् ॥
तस्मिन्शंखोभवतिशिथिलोमर्दयेत्तेनसार्द्धं ॥
व्योषंहिंगुस्तदपिचपुनः पादमानेनदद्यात् ॥ २३ ॥
चातुर्थांशंविषरसबलीयोजयित्वात्रकुर्यात् ॥
सम्यग्बध्वाभिषगथगुटींबादरास्थिप्रमाणं ॥
शूलेमंदाग्न्युपशमयनेपंक्तिशूलेकुशूले ॥
एकैकांतामुदयसमयेयोजयेत्पुष्टिवृद्धौ ॥ २४ ॥

અર્થ—આમલીનો ખાર, તથા પાંચ જાતનાં મીઠાં, તે સર્વ લીંબુના રસમાં ઘુંટવાં, પછી શંખને ગરમ કરી તે રસમાં સાતવાર ઠારવો, જ્યારે શંખનો ભૂકો થઈ જાય ત્યારે તે રસમાં ઘુંટી સુંઠ, મરી, પીપર, એ

શંખના પજનથી; અર્દ્ધે હિસ્સે, તથા હિંગ, શુદ્ધ કરેલો [1]વચ્છનાગ, પારો, ગંધક એટલા ચોથે હિસ્સે નાખવાં. પારા ગંધકની કાજળ કરવી, વચ્છનાગ મરી ભેગો વાટવો, હિંગને શેકી નાંખવી, સુંઠ, પીપર વાટીને ઝીણું કરી સર્વને એક જીવ કરવાં પછી તેની ગોળીઓ વડબોરના ઠળીયા જેવડી મોટી વાળવી એ ગોળીઓના સેવનથી શૂળ, મંદાગ્નિ, પાંસળીયોમાં નિકળતી અને કુખમાં આવતી શૂળનો નાશ થાય છે. તથા એમાંથી એકેક ગોળી દરરોજ સૂર્યોદય વખતે ખાય તો શરીરને વિશેષ પુષ્ટ બનાવે છે. ૨૩—૨૪

અમર સુંદરી ગુટિકા.

त्रिकटुत्रिफलाचैव रेणुकाग्रंथिकानलं ॥
मृतलोहंचतुर्जातं पारदंगंधकंविषं ॥ २५ ॥
विडंगाकल्लकंमुस्ता सर्वेभ्योद्विगुणोगुडः ॥
चणकप्रमाणगुटिका नाम्नाअमरसुंदरी ॥ २६ ॥
अपस्मारेसन्निपाते कासेश्वासेगुदामये ॥
अशीतिवातरोगेषुउन्मादेषुविशेषतः ॥ २७ ॥

અર્થ—ત્રિકટુ, ત્રિફળાં, નગોડનાં બીજ, પીપરીમૂળ, ચિત્રા-

---

૧ વછનાગને શુદ્ધ કરવાની રીત—શિંગડીઆ વચ્છનાગને ગાયના મૂત્રમાં દીવસ ૫ પલાળી રાખવો, દરરોજ ગોમૂત્ર કાહાડી નાખી નવું નાખતા રહેવું, બાદ તેને કહાડી લેઈ નાન્હા કકડા કરી છાંયડે સૂકની શીશીમાં રાખી મૂકવો—કામ પડયે તેને ઉપયોગમાં લેવો. **ભાવ પ્રકાશ પૂર્વખંડ.**

તથા નવ જાતનાં વિષ પૈકી ગમે તે વિષ અથવા વચ્છનાગના ચણા જેટલા બારીક કકડા કરી ગાયના મૂત્રમાં ડોળકાયંત્ર (પાકા ધિકાર પૈકી અપીણ પાકમાં તે યંત્રની વિધિ જુઓ, તે યંત્ર) થી ૩ દીવસ અગ્નિ ઉપર પકાવી પછી તેના બરોબર ખડીઓખાર ફૂલાવી, મેળવી ખરલ કરી તૈયાર કરે તો વિષ (ઝેંર) નિર્વિષ—દોષ—ઝેંર રહીત થાય છે. **રસેંદ્રસાર સંગ્રહ.** નવ જાતના વિષનાં નામ–ચિન્હની પૂર્ણ ઓળખાણ મેળવવી હોય હોય તો **ભાવ પ્રકાશ પૂર્વખંડ** જુઓ.

મૂળ, ગજવેલ (લોહ ભસ્મ) ચાતુર્જાત, પારો, ગંધક, વચ્છનાગ, વાવડીંગ, અકલકરો અને મોથ એ સર્વ સરખે ભાગે લેઈ પારા ગંધકની કાજળ કરી વચ્છનાગ મરી ભેગાં વાંટી બાકીના સર્વનું બારીક ચૂર્ણ કરી સઘળાં એક જીવ કરવાં પછી તે સર્વથી બમણો ગોળ મેળવીને ચણા જેવડી ગોળીઓ બનાવી ખાય તો મૃગીવાયુ (ફેફરૂં-વાઇ) તેર જાતના સન્નિપાત, ઉધરસ, શ્વાસ, ગુદાના રોગ, હરસ, અને ૮૦ જાતના વાયુ, એ સર્વ દૂર થાય છે. તથા ઉન્માદ ઉપર આ ગોળી વિશેષે કરીને આપવાથી ફાયદો થાય છે. ૨૫—૨૭

વિજયાદિ ગુટિકા.

पलत्रयंहरीतक्या श्चित्रकस्यपलत्रयं ॥
एलात्वक्पत्रमुस्तानां भागश्चार्द्धपलः स्मृतः ॥ २८ ॥
व्योषंचपिप्पलीमूलं विषंकर्षप्रमाणक ॥
नागकेशरचूर्णंच कर्षदद्याद्विचक्षणः ॥ २९ ॥
रेणुकार्द्धपलंमात्रा तथागंधरसौक्षिपेत् ॥
एतान्संभृतसम्भारान् सूक्ष्मचूर्णंतुकारयेत् ॥ ३० ॥
गुडस्यचतुलांदद्या न्मर्दयेत्तद्विचक्षणः ॥
एतेनगुटिकाःकार्याः षष्ट्याधिकशतत्रयं ॥ ३१ ॥

અર્થ—હરડેદળ, ૧૨ તોલા, ચિત્રામૂળ ૧૨ તોલા, એલચી, તજ, તમાલપત્ર, મોથ એ બબે તોલા, સુંઠ, મરી, પીપર, પીપરીમૂળ, વચ્છનાગ, નાગકેશર એ દરેક એકેક તોલો, રેણુકા (નગોડનાં બીજ) બે તોલા, અને ગંધક, પારો બબે તોલા લેવાં. પારા ગંધકની કાજળ કરી, વચ્છનાગ મરી ભેળાં વાટી બીજી સર્વ ઓષધીઓનું બારીક ચૂર્ણ કરી સર્વની બરાબર ગોળ નાખી ઘુંટી ગોળીઓ ૩૬૧ બનાવવી. ૨૮—૩૧

ગુણ.

एकैकंभक्षयेत्प्रातः कृत्वाहारंयथासुखं ॥
मासेनपलितंहन्ति करोत्यग्निंद्वितीयके ॥ ३२ ॥

शुक्रवृद्धिंतृतीयेच बलवर्णप्रसाधिनी ॥
हंत्यष्टादशकुष्ठानि सर्वमेहान्महाक्षयान् ॥ ३३ ॥
प्लीहानांकाशश्वासौच अण्डवृद्धिमरोचकं ॥
अशीतवातजान्रोगा न्मूत्रकृच्छ्रंगलग्रहं ॥ ३४ ॥
सर्वमूर्च्छांविषंहन्ति सर्वस्थावरजंगमं ॥
योनिदोषमपस्मार मुन्मादंविषमज्वरं ॥ ३५ ॥
बलेनगजतुल्योवा वेगेनतुरगोपमः ॥
मयुरस्तुभवेदग्नौ वाराहश्रोत्रमेवच ॥ ३६ ॥
हयतुल्याभवेत्स्त्रीषु गृध्रदृष्टिर्हिजायते ॥
उपयोगात्परंजीवे न्नरोवर्षशतत्रयम् ॥ ३७ ॥
नचात्रपरिहारोस्ति नचकामेनमैथुन ॥
ग्राम्यधर्मोथवाकुर्वाणो भोजनेचयथेच्छया ॥ ३८ ॥
नकेवलंविष्णुपितामहाभ्यां मूर्छाभिषेकस्त्रिदिवेश्वरेण ॥
अयम्वरःसर्वरसायनानां योगेनहन्यादचिरेणरोगान् ३९
विजयानामगुटिका विख्यातारुद्रभाषिता ॥
भक्षयेद्योनरोवर्षं तस्यसिद्धिर्नसंशयः ॥ ४० ॥

અર્થ—પ્રાતઃકાલમાં દરરોજ એકેક ગોળી ખાય અને ઇચ્છા મુજબ (પથ્ય) આહાર કરે તો પહેલે મહિને પળીયાં (વૃદ્ધાવસ્થા) દૂર કરે, બીજે મહિને જઠરાગ્નિ પ્રદિપ્ત કરે, ત્રીજે મહિને શુક્ર (વીર્ય) વૃદ્ધિ કરે, બાદ બળ, અને વર્ણ વધારે છે, અઢાર જાતના કોઢ, સઘળા પ્રમેહ, મહા (વધારે) જોર ઉપર આવી ગયલો ક્ષય રોગ, બરોળ, શ્વાસ, અંડવૃદ્ધિ, અરૂચિ, ૮૦ જાતના વાયુરોગ, મૂત્રકૃચ્છ્ર, ગલાનું પકડાઈ જવું, સર્વ જાતની મૂર્છા (બેભાનપણું વા અવાચકપણું) સ્થાવર (ઝેરી જાનવરોના કરડયા શિવાય જે વસ્તુ ખાવાથી ઝેર ચઢે તે) વિષ, જંગમ (હાલતા ચાલતા પ્રાણી માત્રના ડંખથી વા, સ્પર્શથી ઝેર ચઢે તે) વિષ, યોનીના દોષ (રોગ)વાઈ, દીવાના પણું

અને વિષમજ્વર એ સર્વ નાશ પામે છે. હાથીના સરખો બળવાન, ઘોડા સરખો વેગ (ચાલવામાં ઝપટ)દાર, મોરના સરખી જઠરાગ્નિ, સૂઅર સરખા (સાંભળવામાં) સતેજ કાન, સ્ત્રી સંગમાં ઘોડા સમાન કામી (પરાક્રમી) અને ગીધ પક્ષી સમાન આંખોનું તેજ(દીર્ઘદ્રષ્ટી) થાય, આ પ્રયોગ (ઉપાય) સમાન બીજો પ્રયોગ જગતમાં છેજ નહિં આ યોગથી ત્રણસો વર્ષનું પુર્ણ, નિરોગ પણે આયુષ્ય ભોગવે છે, આ દવામાં એક વિશેષ ફાયદો એ છે કે કરી પાળવી પડતી નથી, સ્ત્રી સંગ બંધ કરવાની જરૂર નથી, ગ્રામ્યધર્મ એટલે ગામ જવામાં કે કોઈ કાર્ય કરવામાં કે બોલવામાં અથવા ભોજન કરવામાં ઇચ્છા પ્રમાણે વરતવાની છૂટ છે, સારાંશમાં કોઈ પ્રકારે આ ગોળી ખાતી વખતે અડચણ (પ્રતિબંધ) નથી. આ પ્રયોગ શ્રીવિષ્ણુ, બ્રહ્માજી અને ઇંદ્રને સંગ્રામમાં મૂર્છા થયેલી ત્યારે શ્રી શિવજીએ બતાવેલો (કહેલો) છે. આ સર્વ રસાયનમાં ઉત્તમ (સર્વોપરી) રસાયન છે આના સેવનથી લાંબા વખતના રોગો પણ નાશ પામે છે. જે મનુષ્ય એક વર્ષ નીરંતર સેવન કરે તો તેને ઇચ્છિત સિદ્ધિ પ્રાપ્ત થાય એમાં જરા સંદેહ નથી. ૩૨—૪૦

શિવાગુટી.

शिलाजतुपलान्यष्टौ तावतोशितशर्करा ॥
त्वक्क्षीरीपिप्पलीधात्री कर्कटाक्षापलोन्मिता ॥ ४१ ॥
निर्दग्धफलमूलाभ्यां पलंयुज्यात्रिगंधकान् ॥
मधुत्रिपलसंयुक्ता कुर्यादक्षसयागुटी ॥ ४२ ॥

અર્થ—શુદ્ધ કરેલો શિલાજીત ૩૨ તોલા, સાકર અથવા ધોએલી ખાંડ ૩૨ તોલા, વંશલોચન, પીપર, આમળાં, કાકડાસિંગ, એ ચાર ચાર તોલા, અથવા ભોંરીગણીનાં પાંચે અંગ (મૂળ, ડાલ, ફૂલ, ફળ, પાંદડાં) ચાર તોલા, ત્રિસુગંધ (તજ, તમાલપત્ર, એલચી) ચાર તોલા અને મધ ૧૨ તોલા એ સર્વનું ચૂર્ણ કરી તેની મધમાં ગોળીઓ બેહેડા જેવડી વાળવી. તે દરરોજ સેવન કરવાથી ક્ષયરોગ, અને ખાંસી વગેરે રોગો નાશ પામે છે. ૪૧ ૪૨

વિરેચન ગુટિકા.

अष्टौनिस्तुषदंतिबीजकलिकाभागत्रयंनागरी
द्वौगन्धान्मरिचानिटंकणरसाएकैकभागःक्रमात् ॥
गुंजामानवटीविरेचनकरीदेयासुशीतांबुना
गुल्मप्लीहमहोदरार्तिशमनीनाराचनामोरसः ॥ ४३ ॥

અર્થ—શુદ્ધ કરેલા નેપાળા ૮ ભાગ, સુંઠ ૩ ભાગ, શુદ્ધ કરેલો ગંધક ૨ ભાગ, મરી તથા ફૂલાવેલો ખડીઓખાર (અથવા ટંકણ) અને પારો એ એકેકે ભાગ લેવાં. પારા ગંધકની કાજળ કરી એક પછી એક દવાઓ નાખી (પાણીથી) ગોળીઓ ચણોઠી પ્રમાણ બાંધી, ટાઢા પાણી સાથે ખાવાથી રેચ લાગે છે, ગોળો, બરોળ, અને પેટના મ્હોટા રોગોને દૂર કરે છે. આનું નામ નારાચરસ છે. ૪૩

તાવ માટે ગોળી વા, જ્વરાંકુશ.

नपालकंटंकणपारदंच तुथ्थंतथाचामलगंधासारं ॥
सर्वैःसमांशैरसएषपिष्टं ज्वरेषसर्वेषुचनित्यमिष्टं ॥ ४४ ॥
रसःप्रदेयःस्फुटमेकगुंजा पथ्यंसितातन्दुलमुद्गयूषा ॥
श्रीपूज्यराजैःकथितोरसाय सद्योज्वरंचापिनिहंतिसत्यम् ४५

અર્થ—શોધેલો નેપાલો, ફૂલાવેલો ટંકણખાર,શુદ્ધ કરેલો પારો, તથા મોરથુથું, અને શુદ્ધ કરેલો આમળસારો ગંધક, એ સમ માત્રાએ લેઈ ઘુંટવાં, તેની ચણોઠી પ્રમાણ માત્રા તાવના રોગીને આપે અને ચોખા (ભાત) સાકર તથા મગની દાલનું [1]યૂષ તે ઉપર સેવન કરે તો સર્વ જાતના તાવ દૂર થાય છે. ગ્રંથકર્ત્તા કહે છે કે મને મારા શ્રી ગુરૂરાજે આ રસ બતાવેલો છે. અને આનાથી જલ્દી સર્વ પ્રકારના તાવ નિશ્ચે નાશ થાય છે એ અનુભવ સિદ્ધ છે. ૪૪-૪૫

---

૧ જેટલા મગ હોય તેથી ૧૮ ગણા પાણીમાં મગ ઉકાળી તે પાણી ગળી લેઇએ તે પાણીને યૂષ કહે છે. મગ શિવાય દરેક વસ્તુનું યૂષ કરવું હોય તો એજ પ્રમાણે કરવું. મદનપાલ નિઘંટ.

रसंविषंटंकणगंधकंच सत्र्यूषणंभृंगरसेनभाव्यं ॥
गुटीप्रदेयासमशर्करांशैः सद्योज्वरंनाशयतिक्षणेन ॥४६॥

અર્થ—શુદ્ધ કરેલો પારો, શુદ્ધ કરેલો વચ્છનાગ, ફુલાવેલો ટંકણખાર, શુદ્ધ કરેલો ગંધક, સુંઠ, મરી, અને પીપર એ સર્વ સમાન ભાગે લેઈ જળભાંગરાના રસમાં ઘુંટી ગોળીઓ બાંધવી, તે ગોળી સાકરની સાથે જે મનુષ્ય સેવન કરે તેના તાવ માત્ર નિશ્ચે તુરત નાશ પામે છે. ૪૬ તથા—

नेपालकंपारदटंकणाक्षं क्षारोयवानीमरिचानिपथ्या ॥
एरण्डबीजानिचगंधकंच इच्छाविभेदीरसचक्रवर्ती ॥४७॥

અર્થ—નેપાલા, પારો, ફુલાવેલો ટંકણખાર, જવખાર, અજમો, મરી, હરડેદળ, એરંડીના ગોળા અને ગંધક એ સઘળાં તોલો તોલો લેઈ ખરલમાં ઘુંટી તૈયાર કરવા. આને ચક્રવર્તિ ઈચ્છા ભેદી રસ કહે છે (ભાત, દૂધ, દહીં, સાકર વગેરે ખાવું તે પથ્ય છે.) ૪૭

એજ પ્રયોગનું બીજા પ્રકારે કથન.

पारदंगंधकंव्योषं निशापथ्याहटंकणम् ॥
तत्समोजयपालोथ तत्समेनगुडेनच ॥ ४८ ॥
सीतोदकेनदातव्यं चतूरीत्तप्रमाणतः ॥
विरेकोज्वरहन्तासौ गुल्मशोफोदरापहः ॥ ४९ ॥
मंदाग्नौशूलदोषेषु कफरोगेविशेषतः ॥
प्रोक्तोऽसौहस्तिकविना इच्छाभेदीह्ययंरसः ॥ ५० ॥

અર્થ—પારો, ગંધક, સુંઠ, પીપર, મરી, હળદર, હરડેદળ, અને ટંકણ, એ સર્વે સરખે ભાગે લેઇ તે સર્વની બરાબર શુદ્ધ કરેલા[1]

---

૧ નેપાળાને શુદ્ધ કરવાની રીત—નેપાલાનાં આખાં બીજ લેઈ ઉપરથી છોતરાં કાહાડી નાખી તેની એક લુગડામાં પોટકી બાંધી છાણમાં મૂકી ગોળો બનાવીને દેવતાની સાડમાં ઘાલી પકાવી બહાર કાહાડી તેમાંથી પો.

નીપાળાની મીંજો લેવી તે સર્વનું ચૂર્ણ કરી (ચૂર્ણ) બરોબર ગોળ મેળવી ચચાર ચણોઠી ભારની ગોળીઓ વાળવી, તેમાંથી વય દેશ કાળ શરીરનું બળાબળ વીચારી યોગ્યં માત્રા (૪ રતી) થંડા પાણી સાથે આપવાથી રેચ લાગે છે, તથા તાવં, ગોળો, પેટનાં દરદો, સોજો, મંદાગ્નિ અને શૂળ, એ સર્વ નાશ પામે છે, આ ગોળી વિશેષે કરી કફના રોગો ઉપર અવસ્ય આપવી એમ હસ્તિરૂચિ નામનો કવિ કહે છે. આનું નામ ઇચ્છા ભેદી રસ છે. ૪૮—૫૦

ત્રીજો પ્રકાર.

विश्वौषधंटंकणगंधकंच सपारदंचेतिसमांशयुक्तं ॥
नेपालचूर्णंत्रिगुणंचदद्या द्गुडेनबद्धागुटिकाप्रसिद्धा ॥५१॥
विरेचनीमूत्रविकारनाशिनी लघ्वोहितादीपनपाचनीच ॥
संशोधनीशीतजलेनसत्यं संस्तम्भनीचोष्णजलेनसत्यं ५२

અર્થ—સુંઠ, ટંકણ, ગંધક, પારો એ સમાન લેવાં અને નેપાલા ત્રણગણા લેવા, તેનું વિધિ પ્રમાણે ચૂર્ણ કરી ગોળ સાથે ગોળીઓ બનાવી સેવન કરે તો રેચ લાગે છે, પેસાબના વિકારને દૂર કરે છે, લઘુકારી (ફાયદાકારી હિતકારી) દીપનીય (જઠરાગ્નિને પ્રદીપ્ત—સતેજ કરવામાં ઉપયોગી) પાચનીય (ખાધેલી વસ્તુને ઝટ પચાવે તે) અને શોધનીય (પેટ વગેરેના મળનો શોધ કરનાર (સાફ કરનાર) છે. આ ગોળી ઉપર ઠંડુ પાણી પીવાથી જુલાબ લાગે છે અને ઉન્હું પાણી પીવાથી રેચ (જુલાબ) બંધ થાય છે. ૫૧—૫૨

ચોથો પ્રકાર—

त्रिकटुत्रिफलासूतं शुद्धंगन्धकटंकणं ॥
सर्वैःसमानजैपालो राजयोग्यंविरेचनम् ॥ ५३ ॥

ટકી છોડી નેપાળાની બબે ફાડો કરી તેમાં ઝીણી ઝીણી જીભો હોય છે છે તે નરેણી (નખ ઉતારવાની હોય છે તે)થી કાહાડી ફરી લુગડામાં પોટકી બાંધી ડોળકાયંત્રે દૂધમાં પકાવી લેવા, બાદ કાહાડી લેઈ સાફ કરી છાયડામાં સુકવી શીશીમાં ભરી રાખવા, કાર્ય વખતે તે શુદ્ધ કરેલા નેપાળા કામમાં લેવા. અથવા બીજી પણ શુદ્ધ કરવાની મત મતાંતર રીતીઓ કહેલ છે તે ઈતર ગ્રંથોથી જાણી લેવી. ભા. કર્ત્તા.

અર્થ—સુંઠ, મરી, પીપર, હરડાં, બેહડાં, આમળાં, શુદ્ધ કરેલો પારો, શુદ્ધ ગંધક અને ફૂલાવેલો ટંકણખાર એ સર્વે સમાન ભાગે લેઈ પારા ગંધકની કાજળ કરી (પારો ગંધક ખરલમાં નાખી ખૂબ ઘુંટી) બીજાં સર્વનું ચૂર્ણ કરી તેમાં સર્વની બરાબર શુદ્ધ કરેલા [1]જમાલગોટા (નેપાળા) ઘુંટી ગોળીઓ કરી રેચ (જુલાબ) લેવાના કામમાં વાપરવી. આ રાજા યોગ (અમીર લોકોના લાયક) જુલાબની ગોળીઓ છે. ૫૩

પાંચમો પ્રકાર.

नेपालमरिचटंकण समभागोमेलिणंकिकृत्य ॥
अर्द्धोहिंगुलभागो पयडोबुद्धोत्छुरीकारो ॥ ५४ ॥

અર્થ—નેપાલા, કાળાં મરી, ટંકણખાર, એ સમાન ભાગે લેઈ તેથી અર્દ્ધ હિસ્સે હિંગળો નાખવો વાટી-ઘુંટી એકત્ર કરી ઉપયોગમાં લેવો એ છુરકારી રસ કહેવાય છે. ૫૪

છઠ્ઠો પ્રકાર.

टंकणगमयूरतुत्थं स्नुहीक्षीरअजैपालमेरण्डं ॥
नाभिप्रलेपदत्तं नरपतियोग्यंविरेचनंकुरुते ॥ ५५ ॥
मध्यमस्तृवृतास्तिक्ता राजवृक्षोविरेचनं ॥
क्रूरास्नुक्पयसाहेम क्षीरदंतीफलादिभिः ॥ ५६ ॥
एरंडतैलंदुग्धंगा तथातुंबीहरीतकी ॥
वज्रीक्षीरगुटीचाथ पिप्पलीतेनभाविता ॥ ५७ ॥
मेषावलिरब्बाचैव कपिल्लंतक्रमेवच ॥
उष्ट्रीदुग्धंतथापेयं घोडाचोलीगुटीतथा ॥ ५८ ॥

અર્થ—ટંકણખાર, [1]મોરથુથું, થોહરનું દૂધ, નેપાળા અને એ-

---

૧ મોરથુથું શુદ્ધ કરવાની રીત—બીલાડી અને કબૂતરની હગારમાં મોરથુથાને ખરલ કરવું પછી તેના દશમે ભાગે ટંકણખાર નાખી બે કોડીયાં સરખાં ઘસી મેળવી તે કોડીઆમાં મોરથુથું નાંખી સંપૂટ કરી ક-

રંડાની મીંજ, એ સર્વને એકઠાં ઘુંટી ગોળીઓ કરવી અથવા ઘુંટીને નાભિ (ડુંટી)ની આસપાસ તેનો લેપ કરવો જેથી રેચ લાગે છે આ અમીર લોકો વા, રાજાઓને લાયક જુલાબ છે. તથા મધ્યમ (સાધારણ) જુલાબ લેવો હોય તો નસોતર, કડુ, ગરમાળાનો ગોળ અથવા ગરમાળો એ ત્રણને ઘુંટી ખાય તો રેચ લાગે. અને ખર (આકરો) જુલાબ લેવો હોય તો થોર (થોઅર)નું દૂધ, દારૂડીનો રસ અને શુદ્ધ કરેલા નેપાલા એઓની ગોળી બનાવી ખાય તો આકરો જુલાબ લાગે તથા એરંડીયું (દીવેલ) ગાયના દૂધમાં નાંખી પીવું અથવા કડવી તુંબડીનો ગરભ અને હરડેનું ચૂર્ણ કરી થોરના દૂધમાં ગોળી કરી ખાવી, અથવા થોરના દૂધમાં પીપરો પલાળીને ખાવી, અથવા મીંઢીઆવળની રાબડી (ગોળ નાંખી ઉકાળીને) પીવી અથવા કંપીલો છાસમાં પીવો, અથવા ઉંટડીનું દૂધ પીવું, અથવા [2]ઘોડાચોળી નામની જુલાબની ગોળીઓ ખાવી. એ સર્વ જુલાબના પ્રકાર છે, જે જેના શરિરની પ્રકૃતીને માફક આવે તે તેને ઉપયોગમાં લેવો. ૫૫—૫૮

પડામાટી લગાડી અડાયા છાણામાં ધીમી આંચથી પકાવી કાહાડી લેઇ દહીમાં ઘુંટી ફરી તેજ પ્રમાણે સરાવ સંપૂટ કરી ધીમી આંચ દેવી, બાદ ત્રીજી વખત મધની અંદર ઘુંટી તેજ મુજબ તાપ દેઇ તૈયાર કરે તો મોરથુથું શુદ્ધ થાય છે. એ મોરથુથું સર્વ દવાના કામમાં વાપરવાથી કોઇ જાતનું નુકશાનથતુંજ નથી. **ભાવપ્રકાશ પૂર્વખંડ.**

૨ પારો, ગંધક, વચ્છનાગ, હરતાળ, ત્રિકટુ, ત્રિફળાં, ટંકણખાર એ સર્વે સરખે ભાગે લેઈ તે સર્વની બરોબર નેપાલા મેળવી બારીક ખાંડી જળભાંગરાના રસમાં ઘુંટી ગોળી ચણા પ્રમાણે બાંધવી–વાળવી, એમાંથી અવસ્થા, શરીરનો બાંધો અને દેશ, કાળ જોઇ ગોળીઓ આપે તો રેચ લાગે તથા તાવ–જીર્ણજ્વર, અજીર્ણ, પેટના રોગ, સંગ્રહણી, શૂળ, ગોળો, આમવાયુ આદિ ૬૪ રોગો દૂર કરવામાં આ ગોળી પહેલો નંબર છે, આનું નામ **ઘોડાચોળી** રસ કહેવાય છે, જુદા જુદા અનુપાનથી આપે તો તુરત ફાયદો આપે છે ત્રિકટુ ત્રિફળાં શિવાય સર્વ દવાઓ શુદ્ધ કરેલી લેવી, આ ગોળીમેં ઘણી વખત વાપરીછે અને ખાત્રી મેળવી છે કે ઘણોજ સરસ ફાયદો આપે છે. **ભા. કર્ત્તા.**

હેજા-મહામારી-વિષૂચિકા-કોગળીયું-કોલેરાના ઉપાય.

फलत्रिकंत्र्योषकरंजबीजं रसंतथादाडिममातुलिंगयोः ॥
निशायुगंपिष्टकृताचवर्त्ति स्तदंजनंहन्तिविषूचिकांच ५९

અર્થ—ત્રિફળાં, ત્રિકટુ, કણઝીનાં બીજ, હળદર અને દારૂ હળદર એ સર્વ સમાન લેઈ વાટી દાડમના દાણાના રસમાં અથવા બીજોરાના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળીઓ વાળવી; તેનું સેવન કરતો કોલેરા (વિષૂચિકા) નાશ પામે છે. ૫૯

બીજો ઉપાય.

त्र्योषाकरंजस्यफलंहरिद्रे मूलंसमात्राप्यचमातुलुंगा ॥
छायाविशुष्कागुटिकाविधेया हन्याद्विषूचीनयनांजनेन ६०

અર્થ—સુંઠ, મરી, પીપર, કણઝીનાં બીજ, હળદર અને બીજોરાનું મૂળ એ સર્વ બરોબર લેઈ ચૂર્ણ કરી ઘુંટી પાણીથી ગોળીઓ ચણા જેવડી વાળવી છાંયડે સૂકવી અવાચક (મૂર્છા) વાળાને તથા વિષૂચિકાવાળાને તે ગોળી પાણીમાં ઘસી આંખમાં આંજવી, જેથી આરામ થાય છે. ૬૦

એજ પ્રયોગનું બીજે પ્રકારે કથન.

मातुलिंगजटात्र्योष निशाबीजंकरंजकं ॥
कांजिकेनांजनंहन्यात् विषूचीमतिदारुणां ॥ ६१ ॥

અર્થ—બીજોરાની જડ, સુંઠ. મરી, પીપર, હળદર અને કણઝીનાં બીજ એ સર્વને કાંજીના પાણીમાં ઘુંટી ગોળીઓ બનાવી વિષૂચિકા વાળાને અંજન કરે તો ઘણીજ આકરી વિષૂચિકા પણ નાશ કરે છે. ૬૧

અચેતા ગુટિકા.

त्र्यूषणंत्रिफलाहिंग सैंधवंकटुकावचा ॥
नक्तमालस्यबीजानि तथाचगौरसर्षपाः ॥ ६२ ॥

मेषमूत्रेणपिष्टानि छायाशुष्कांविधापयेत् ॥
भूतोन्मादेप्यचैतन्ये जनमेकाहिकादिषु ॥ ६३ ॥

અર્થ—સુંઠ, મરી, પીપર, ત્રિફળાં, હિંગ, સિંધાલુણ, કડુ, કણુઝીનાં બીજ, અને ધોળા સરવ એ સર્વને વાટી ઘેટાના મૂત્રમાં ઘુંટી ગોળી બનાવી છાંયડે સૂકવી જે ભૂત, (ડાકણ અને હિસ્ટીરીયા) ના કારણથી ધુણતું હોય, તોફાન, ગાંડાઇ કરતું હોય, અથવા એકાંતરાદિ તાવથી કે બીજા કાંઇ કારણથી અચેતન (અવાચક) થયેલ હોય તેને એ ગોળીનું અંજન કરવાથી એ સર્વ રોગ દૂર થાય છે. ૬૨—૬૩

બીજો ઉપાય.

राजिकामरिचंकृष्णा सैंधवंभूतनाशनं ॥
नरमूत्रेणसंपिष्य अंजनंज्वरनाशनं ॥ ६४ ॥

અર્થ—રાઈ, મરી, પીપર, સિંધાલુણ અને હિંગ એ સર્વે વાટી મનુષ્યના મૂત્ર (પેશાબ)માં ઘુંટી ગોળી બનાવી આંખમાં અંજન કરે તો તાવ, ભૂત અને ઉન્માદ એ સર્વ નાશ થાય છે. ૬૪

સર્ષપાદિ ગુટિકા.

सिद्धार्थकोवचाहिंगु करंजोदेवदारुच ॥
मंजिष्ठात्रिफलाश्वेता कटुकीत्वक्‌त्रिकं ॥ ६५ ॥
समांशानिप्रियंगुश्च शिरीषोरजनीद्वयं ॥
बस्तमूत्रेणपिष्टोय अंगेदेयादथांजनं ॥ ६६ ॥
नस्यवालेपनश्चैव स्नानमुद्वर्त्तनंतथा ॥
अपस्मारेविषोन्मादे कृत्यालक्ष्मोज्वरापहं ॥ ६७ ॥
भूतेभ्यश्चभयंनास्ति राजद्वारेचशस्यते ॥ ६८ ॥

અર્થ—ધોળા સરસવ, ઘોડાવજ, હિંગ, કણઝીનાં બીજ, ચોપડો દેવદાર, મજીઠ, ત્રિફળાં, માલકાંકણી, કડૂ, તજ, ત્રિકટુ, પ્રિયંગુ (કાંગ-ખુપકળા) કાળીયા સરસનાં બીજ, હળદર અને

દારૂહળદર એ સઘળાં સમાન લેઈ વાટી બકરીના મૂત્રમાં ઘુંટી ગોળી બનાવી જો શરીરે મર્દન કરે (મશળે) તો સર્વ રોગ જાય, જો આંખમાં અંજન કરે અથવા નાશ લે, લેપ કરે, તથા ઉવટણું (પીઠીની માફક શરીરે મશળે) કરે તો વાઈ, ઝેર, ઉન્માદ (ગાંડાઈ-તોફાન,) અલક્ષ્મી વા આળસ, તાવ, ભૂત-ડાકણુ-વળગાડ [1]હિસ્ટિરીયા વગેરેનો નાશ કરે છે. આ રાજા-(અમીર) લોકોના લાયક ઉપાય છે. ૬૫—૬૮

ચિંતામણિ રસ ગુટિકા.

द्वौंजाजीकणाविश्वपंचलवणामारीचगंधाभ्रकं
क्षारंत्रीणिरसेन्द्रचार्द्धममृतंतत्सर्वमेकीकृतं ॥
क्षिप्त्वाचार्द्रकनागवल्लिसहितंपश्चैवगुंजान्वितं
सामेसज्वरसन्निपातकमहामेहागुदावर्त्तक ॥ ६९ ॥

અર્થ—જીરૂં, શાહજીરૂં, પીપર, પાંચ જાતનાં મીઠાં, મરી, ગંધક અભ્રક, ટંકણખાર, સાજીખાર, જવખાર, અને પારો એ સર્વ બરોબર લેવાં તેથી અર્દ્ધ ભાગે વચ્છનાગ લેવો, સર્વને ખાંડી ચાળી એકત્ર કરી આદાના રસની પાંચ પૂટ તથા નાગરવેલના પાનના રસની પાંચ પૂટ દેઈ ઘુંટી ચણોઠી જેવડી ગોળીઓ વાળી તેમાંથી એક ગોળી

---

૧ આ રોગ બૈરાનેજ ઘણું કરીને થાય છે જેને પતી સારો-મનગમતો ન મળ્યો હોય અથવા મનમોજ પ્રમાણે ફરીહરી શકાતું ન હોય અથવા સાસુ, સસરો, દીઅર, જેઠ, દેરાણી, નણદી અગર પોતાના પતી-ધણી વગેરેને બીક દેખાડી સ્ત્રીચરિત્રથી પોતાના વળણમાં લેવાં હોય, અથવા ઘર કામનો બોજો-ભાર ઓછો કરવો હોય કે વાયુ વિકાર થયો હોય તો આ દરદ તેમને સ્હેજ વાતમાં ઉપડી આવે છે અને ધુણે છે-હસે છે-રૂવે છે-ગમે તેમ લવારો કરે છે અમોલ-દાંત બંધ અને શરીરનું ખેંચાઈ જવું વગેરે અનેક ચાલા ચેટક કરે છે, તે દરદ પોતાની ધારેલી ધારણા પાર પડે અથવા હારી-થાકીને કે દવા વગેરેથી કાયર થઈ જવાથી છેવટ બંધ પડે છે માટે ઉપરના ઉપાયો ઘણાજ ઉત્તમ છે અને તે અજમાવી જોવાથી ખાત્રી થશેજ એમ મારા અનુભવથી કહું છું. ભા. કર્તા.

ખાય તો આમવિકાર, તાવ, સન્નિપાત, ન મટી શકે તેવો પ્રમેહ, અને ઉદાવર્ત આદિ રોગો નાશ થાય છે. ૬૯

એજ ગોળીની બીજી રીત.

व्योषंगन्धंरसेन्द्रंविषमपिलवणंनागवङ्गंतथाभ्रं
सारंत्रिक्षारयुक्तंगजकणचविकासाग्निकंजीरकेद्वे ।
पथ्याधात्रीचूर्णमेतत्प्रबलरसयुतंनागवल्लीकरीर
निम्बूकार्द्रैरसादिप्रबलरसयुतंशुद्धचिन्तामणिशः ॥७०॥

અર્થ—સુંઠ, મરી, પીપર, ગંધક, પારો, વચ્છનાગ, પાંચ જાતનાં મીઠાં (સિંધાલુણ, સંચળ, વડાગરૂં, બંગડીખાર, ખાવાનું મીઠું) સીસાની ભસ્મ, બંગભસ્મ, અભ્રક ભસ્મ, લોહ ભસ્મ, સાજીખાર, ટંકણખાર, જવખાર, ગજપીપર, ચવ્યક, ચિત્રામૂળ, જીરૂં, શાહજીરૂં અને હરડેદળ એ સઘળાં સરખા વજનથી લેવાં. પારા ગંધકની કાજળ કરી વચ્છનાગ મરી ભેગાં વાટી, બાકીનાં બારીક ખાંડી, ભસ્મો મેળવી નાગરવેલના પાનના રસની તથા કેરડાની કુંપળોના રસની, લીંબુના રસની અને આદાના રસની સાત સાત પૂટ દેઈ ઘુંટી ચણા જેવડી ગોળીઓ બનાવી કામમાં લેવી. આનું નામ ચિંતામણિ રસ છે (જેમ ચિંતામણિ સર્વ ચિંતાઓને દૂર કરી મનની ઈચ્છાઓ પૂર્ણ કરે છે તેમજ આ રસ દરેક દરદોનો નાશ કરી મનની ચિંતા મટાડી આરોગ્યતાદિ મનકામનાઓ પૂર્ણ કરે છે.)૭૦

ચિંતામણિ રસ બનાવવાની ત્રીજી રીત.

सूतंगन्धकटंकणंसमरिचंशुण्ठीविषंपिप्पली
सर्जिक्षारसुफान्वितंचलवणंपञ्चाभ्रकंजीरकं ॥
यावक्षाररसंसमांसकमिदंखल्वेसमैःशोषयेत्
सप्तैर्निम्बुजंगमार्द्रकरसैः शुद्धैः सचिन्तामणिः ॥७१॥

અર્થ—પારો, ગંધક, ટંકણખાર, મરી, સુંઠ, વચ્છનાગ, પીપર, સાજીખાર, વરીયાળી, પાંચ જાતનાં મીઠાં, અભ્રકભસ્મ, જીરૂં, શાહજીરૂં અને જવખાર એ સમ માત્રાએ લેઈ ચૂર્ણ કરી લીંબુના રસની

સાત ભાવના (પૂટ) તથા આદાના રસની સાત પૂટ દેઈ, ખૂબ ઘુંટી ગોળી ચણા પ્રમાણે વાળી વૈદ્યકના નિયમ પ્રમાણે આપવી. આ શુદ્ધ ચિંતામણી રસ છે. ૭૧

ત્રિપુર ભૈરવ રસની ગોળી.

वेदवेदागुणापृथ्वी शुण्ठीमरिचटंकणं ॥
चतुर्थोवत्सनागश्च रसस्त्रिपुरभैरवः ॥ ७२ ॥
भावनानागवल्लयाच तथार्द्रकस्यभावना ॥
निम्बुकस्यापिदातव्या वारत्रयमनुक्रमात् ॥ ७३ ॥
सन्निपातेतथावाते श्लेष्मरोगेमहाज्वरे ॥
ग्रहेचमस्तकस्यापि पीडायामुदरस्यच ॥ ७४ ॥

અર્થ—સુંઠ ૪ ભાગ, મરી ૪ ભાગ, ટંકણ ૩ ભાગ અને વચ્છનાગ ૧ ભાગ લેઈ વચ્છનાગ મરી ભેગાંવાટી ટંકણને ફૂલાવી સુંઠ વાટી એકત્ર કરી નાગરવેલના પાનનો રસ, લીંબુનો રસ, અને આદાનો રસ એ ત્રણેની ત્રણત્રણ ભાવનો ઓ દેઈ ઘુંટી ગોળી ચણા મુજબ વાળી ખાય તો સન્નિપાત વાયુ, શળેખમ, આકરો તાવ, માથાના રોગ, અને પેટનાં દરદો એ સર્વ નાશ થાય છે. આ ત્રિપુર ભૈરવ રસ કહેવાય છે. ૭૨—૭૪

વડવાનળ રસની ગોળી.

सूतंभुजङ्गममृतंलवणंहरिद्रा
व्योषंधनंजयजटावनि भूधरित्री ॥
अष्टादश त्रि नव वह्नि मितश्चभागः
मोक्तोरसोसगुणैर्वडवानलोयं ॥ ७५ ॥
निंबुकार्द्रककरीरपयोभिः शिग्रुकेसरिभुजंगलताभिः ॥
साध्यमग्निसदनानिलशूला ध्मानहानिवडवानलचूर्णं ७६

અર્થ—પારો, ૧ ભાગ, સીસાની ભસ્મ ૧ ભાગ, ગંધક ૧ ભાગ, સિંધાલુણ ૧૮ ભાગ, હળદર ૩ ભાગ, ત્રિગડું અને ચિત્રામૂળ ૩ ભાગ

લેઈ પારા સીસાની ગાંઠ પાડી ખાંડી, ચાળી, પછી લીંબુના, આદાના, કેરડાની કુંપળના, સરગવાના અને નાગરવેલના (પાનના) રસની તથા દૂધ અને નાગકેશર એ દરેકના રસની સાત સાત વાર ભાવના દેઈ ઘુંટી ગોળીઓ અનુમાન માફક બનાવી યોગ્ય માત્રાએ ખાય તો મૂર્ખ બુદ્ધિ, મંદાગ્નિ, પેટનો વાયુ, અથવા વાયુ શૂળ અને આફરો, એ સર્વનો નાશ કરે છે. ૭૫—૭૬

કફકુંજરરસ.

नागंपारदसंयुतंसमरिचंसद्वत्सनाभंशुभं
देवालीरसभावनामुनिमिताकर्चूरकाकल्लयोः ॥
देयंवल्लमितंमहोषधरसैः सन्नागवल्लीदलैः
श्लेष्मावातविकारजाठरपरेस्यात्सन्निपातेज्वरे ॥ ७७ ॥

અર્થ—સીસું, પારો, મરી અને વચ્છનાગ એ સર્વ એકેક તોલો લેવાં, સીસા અને પારાની [1]ગાંઠ પાડી વચ્છનાગ મરી ભેગાં વાટી સર્વ એકત્ર કરી દેવાલીના રસની ૭, કચૂરારસની ૭ અકલકરાના રસની ૭ ભાવના દેઈ, ગોળીયો વાલ (ઝાલર) પ્રમાણ બનાવી તેમાંથી એક ગોળી આદાના રસથી અથવા નાગરવેલના પાનમાં મૂકી ખાય તો શળેખમ (કફના રોગ) વાયુના વિકાર, પેટના રોગ તથા સન્નિપાતના તાવ આદિ ઘણાક રોગો મટે છે. ૭૭

આનંદ ભૈરવ રસ.

हिंगुलंवत्सनाभंच मरिचंटंकणंकणा ॥
जंबीरस्यरसंदत्वा मर्द्दयामचतुष्टयम् ॥ ७८ ॥
श्वासेकासेसन्निपाते ग्रहण्यांशूलमेहयोः ॥
अपस्मारानिलच्छर्दौ रसश्चानन्दभैरवः ॥ ७९ ॥

---

૧ સીસાને ગાળી ૭ વાર ચૂનાના પાણીમાં ઠારવું. પારાને ૭ વાર કપડેથી ગળી ઈંટાડીના ભૂકામાં ઘુંટી ધોઈ શુદ્ધ કરી સીસું ગાળી પારની અંદર નાંખવું એટલે તેની ગાંઠ બાઝી જાય છે તેને ગાંઠ પાડી કહેવાય છે.

અર્થ—[2]હિંગળોક, વચ્છનાગ, મરી, ટંકણખાર અથવા ખડીઓખાર અને પીપર, એ સર્વ બરોબર ભાગે લેઈ વાટી જંબીરી (બીજોરૂં વા ખાટા લીંબુના) રસમાં ૪ પોહોર સુધિ ઘુંટી ગોળીઓ ચણોઠી ભાર અથવા એથી પણ ન્હાની વાળી રોગને લગતા અનુપાનથીં ખાય તો શ્વાસ, ઉધરસ, સન્નિપાત, સંગ્રહણી, શૂળ, પ્રમેહ, વાઈ (ફેફરૂં) વાયુ, ઉલટી અને અજીર્ણ સંબંધી તમામ દરદો મટે છે. આનું નામ આનંદ ભૈરવ રસ છે (આ રસ ઘણોજ ઉત્તમ છે અને જલ્દી ફાયદો આપે છે એમ મારા લાંબા સમયના અનુભવથી નિશ્ચય થએલ છે.) ૭૮—૭૯

પંચાનન રસ.

सूतंगन्धकचित्रकंत्रिकटुकंमुस्तंविडङ्गंविषं
मेतेषांसमतुल्यमार्कवरसंगुंजाप्रमाणावटी ॥
कुष्ठाष्टादशगुल्मरोगमुदरप्लीहप्रमेहादयो
रोगानेकसुभूरिदर्पदलनेख्यातश्चपंचाननः ॥ ८० ॥

અર્થ—પારો, ગંધક, ચિત્રામૂળ, સુંઠ, મરી, પીપર, મોથ, વાવડીંગ અને વચ્છનાગ એ સઘળાં સરખે ભાગે લેઈ જળભાંગરાના રસમાં ઘુંટી ગોળીઓ ચણોઠી પ્રમાણે વાળી ખાય તો ૧૮ જાતના કોઢ, ગળાના રોગ, પેટના વ્યાધિ, બરોળ અને પ્રમેહ, આદિ અનેક રોગોના જોરને ત્રોડી-નિર્મૂળ કરવા સાક્ષાત પંચાનન (કેશરી સિંહ) સમાન આ પંચાનન રસ પ્રસિદ્ધ છે. ૮૦

---

૨ હિંગળોક ગાંગડાવાળો લેવો, પારો, ગંધક, વચ્છનાગ, શુદ્ધ કરેલાજ દરેક દવામાં વાપરવા. પારા સાથે ગંધકને ઘુંટવો, મરી સાથે વચ્છનાગ ઘુંટવો, ટંકણ, ખડીઓખાર, ફટકડી એ દરેક માટીની તાવડીમાં દેવતા ઉપર ફુલાવીનેજ લેવાં. નેપાલા, મોરથુથું, ધંતૂરાનાં બીજ, ખુરાસાની અજમો એ પણ શુદ્ધ કરેલાંજ વાપરવાં. હિંગ, તથા ભાંગ, શેકીનેજ વાપરવી, ચૂર્ણ કે દરેક દવા કપડેથી ચાળીનેજ ચૂર્ણમાં યા ગોળી વગેરેમાં વાપરવી. આ બાબતની સૂચના ઠેકાણે ઠેકાણે લખવાથી નાહક પુસ્તકના કદમાં વધારો થાય જેથી ઉપરની વાત્તા પૂર્ણ લક્ષમાં રાખી કાર્ય કરવા ચૂકવું નહિં, તેમ જ્યાં જરૂર જેવું જણાશે ત્યાં તે બીના હું અવશ્ય લખોશ. ભા. કર્તા.

એજ રસનું બીજા પ્રકારે કથન.

शंभोकण्ठनिवासनंचमरिचंगंधंरमेन्द्रोरवि
पक्षौसागरलोचनेशशिमुखंभागोर्कसंख्याकृतं ॥
खल्वेतत्खलुमर्दितंरविजलैर्गुंजार्द्धमात्रंददेत्
सिद्धोयंज्वरहस्तिदर्प्पदलनेपंचाननोयंरसः ॥ ८१ ॥
पथ्यंचदेयंदधिभक्तयुक्तं सिन्धूत्थयुक्तंसितयासमेतं ॥
गन्धानुलेपंहिमतोयपानं दुग्धंचपेयंशुभदाडिमंच ॥ ८२ ॥

અર્થ—વચ્છનાગ ૨ ભાગ, મરી ૭ ભાગ, ગંધક ૨ ભાગ, પારો ૧ ભાગ, અને આકડાનું દૂધ ૧૨ ભાગ લેઈ ઘુંટી અર્દ્ધી રતી (ચણોઠી) ભારની ગોળીઓ વાળી તાવ વાળો દરદિ ખાય અને તે ઉપર દહી ભાત તથા સિંધાલુણને સાકર ખાય, સુગંધિ પદાર્થો (ચંદન, કપૂર, અર્ગજાદિ)નો લેપ કરે, બરફ નાખેલું પાણી તથા દૂધ પીએ અને દાડમના દાણા ખાય તો નિશ્ચે તાવ જાય. આ પંચાનન રસ તાવ રૂપિ માતેલા હાથીના મદને દળી નાખવા ખરેજ કેશરીસિંહ સમાન છે. ૮૧—૮૨

એજ રસનું પુનઃ કથન.

सूतंगन्धकचित्रकंत्रिकटुकंमस्ताविषंत्रैफलं
मेतैस्तुल्यकृतेर्गुडंद्विगुणितंगुंजाप्रमाणंवटी ॥
कुष्ठंगुल्मतिसारजित्क्रिमिहरंशूलंप्रमेहापहं
वातानेककरीन्द्रदर्प्पदलनेख्यातश्चपंचाननः ॥ ८३ ॥

અર્થ—પારો, ગંધક, ચિત્રામૂળ, સુંઠ, મરી, પીપર, મોથ, વચ્છનાગ અને ત્રિફળાં, એ સર્વ બરોબર ભાગે લેઈ તેનાથી બમણો ગોળ મેળવી ગોળીઓ ચણોઠી જેવડી વાળવી. તેના સેવનથી કોઢ, ગોળો, અતિસાર, કૃમી (કરમીયા) શૂળ, પ્રમેહ અને અનેક વાયુથી ઉત્પન્ન થયલ દરદો રૂપ હાથીના મદ (અહંકાર)ને ત્રોડી (દળી) નાખવા આ પંચનાન રસ કેશરીસિંહ સમાન જગતમાં પ્રસિદ્ધ છે ૮૩

મહાજ્વરાંકુશ રસ.

शुद्धंसूतंविषंगन्धं धूर्त्तबीजंत्रिभिः समं ॥
चतुर्भ्योद्विगुणंव्योषं चूर्णंगुंजाद्वयोन्मितं ॥ ८४ ॥
जंबीरकस्यारसैःकिंवा आर्द्रकस्यद्रवैर्युतं ॥
महाज्वरांकुशोनाम अष्टज्वरनिवारकः ॥ ८५ ॥
एकाहिकंद्व्याहिकंच तृतीयंचचतुर्थकं ॥
विषमंचत्रिदोषोत्थं हन्त्यवश्यनसंशयः ॥ ८६ ॥

અર્થ—શુદ્ધ કરેલો પારો, વચ્છનાગ, ગંધક, એ ત્રણ સરખે ભાગે અને એ ત્રણની બરોબર ધંતૂરાનાં બીજ અને તેથી બમણાં ત્રિકટુ લેવાં જંબીરી (ખાટા લીંબુ)ના રસમાં ઘુંટી ગોળીઓ બે રતીના વજનથી વાળવી અથવા આદાના રસ સાથે ઘુંટી રતી પ્રમાણ ખાવાથી આઠ જાતના તાવ, એકાંતરીયો, બેદાડે આવે તે, (દ્વાહિક) તરીયો, ચોથીઓ, વિષમ અને ત્રિદોષ આદિ તાવોનો અવસ્ય નાશ કરે છે એમાં સંદેહ નથી. ૮૪—૮૬

બીજો જ્વરાંકુશ.

घृष्टेतालकमेनदर्द्धममलंशंखस्यचूर्णंक्षिपेत्
प्रक्षिप्याथनवांशकेपिचशीखिग्रीवापुनःपेषयेत् ॥
कौमारीरसमर्दितंगजपुटेपाच्यंचशीतंततो
गृह्णीयादथगुंजिकाज्वरहरखंडेनसंयोजयेत् ॥ ८७ ॥
एकाहंत्रितयंचतुर्थकमिदंवेलाज्वरंनाशयेत्
शीतादिज्वरसर्वनाशनकरंभानुर्यथाशर्वरीं ॥
पथ्यंदुग्धमथापितन्दुलयुतंछागंचशीतंपयः ॥
पेयंगव्यमिदंस्वभावजनितं पित्तंजयेद्रोगिणां ॥ ८८ ॥
ज्वराभिभूतेषडहेव्यतीते विपक्वदोषेकृतलंघनादि ॥
योभेषजंवैद्यवरःप्रयुंक्ते निःसंशयंहन्त्यचिरात्सरोगान् ८९

અર્થ—ચોખી-શુદ્ધ કરેલી [1]હરતાલ, તેનાથી અર્દ્ધ ભાગે ચોખો શંખનો ભૂકો (ચૂનો) અને તેથી નવમે ભાગે મોરથુથું નાખી કુંવારપાઠાના રસમાં ઘુંટી, સરાવ સંપૂટ કરી ગજપુટ અગ્નિ દેઈ પકાવી થંડું થયા પછી તેમાંથી ૧ ચણોઠી ભાર અથવા મોટી ઉમ્મર વાળાને બે રતીભાર આપે; એટલે હથેલીમાં ખાંડ મૂકી ઉપર દવા રાખી તેના ઉપર ખાંડ મૂકી ઉન્હા પાણી સાથે ફાકે તો એકાંતરીયો, તરીયો, ચોથિયો, વેળાજ્વર (વખતસરજ તાવ આવે તે) અને ટાઢીઆ તાવ વગેરે સર્વ જાતના તાવ જેમ સૂર્યના ઉદયથી રાત્રિનો નાશ થાય છે તેમ નાશ પામે છે. પથ્ય એટલે તે દવા ઉપર ખાવામાં દૂધ ચોખા, ઉન્હું કર્યા શિવાય બકરીનું દૂધ તથા ગાયનું દૂધ મરજી માફક (રૂચે તેટલું) પીવું, તેથી ઉલટી થઈ પિત્તનો નાશ કરે છે. તાવ આવ્યાથી છ દિવસ સુધી લંઘન અથવા હલકું ભોજન (સાબુચોખાની કાંજી) વગેરે કરે જેથી રોગ (તાવ પરિપકવ) પાકી જાય છે અને ત્યારબાદ હરકોઈ દવા અથવા આ દવા આપવામાં આવે તો નિશ્ચે ઘણા દિવસના તાવનો (પિત્તનો) રોગ જાય છે. જે ઉલટી થવાનું લખ્યું છે તેથી જરા પણ ગભરાવું નહિં કેમકે એથી જલ્દ ફાયદો થાય છે. ૮૭—૮૯×

---

૧ હરતાલને શુદ્ધ કરવાની રીત—હરતાલના ન્હાના કકડા કરી ૧ પોહોર કાંજીમાં તથા ૧ પોહોર ભૂરા કોહળાના રસમાં, ૧ પોહોર તેલમાં અને ૧ પોહોર ત્રિફળાના કવાથમાં ડોળકા યંત્રથી મંદાગ્નિએ પકાવે તો હરતાળ શુદ્ધ થાય છે. ભાવપ્રકાશ પૂર્વખંડ. (ડોળકાયંત્રની રીતી પાકાધિકારમાં અફિણના પાકમાં જુઓ) વિશેષ માહેતી માટે આ ગ્રંથનો મિશ્રકાધ્યાય જોવો.

× જ્વરાંકુશ રસ—અનુભવી વૈદ્યના હાથથી લેવો; નહીં તો તેનું પરિણામ ભયંકર આવે છે માટે કોઇએ પુસ્તકનો લેખ જોઇ હાથે બનાવવા, મા, ઉંટવૈદની પાસેથી ગ્રહણ કરવા કદી પણ અર્દ્ધદગ્ધ—ડોઢડાહ્યા બનવું નહીં; કેમકે એમ કરવાથી રોગ નાશ કરવાને બદલે પોતેજ નાશ થાય તેવો વખત દ્રષ્ટિગોચર થાય છે, જેથી ખાસ આ સૂચના હિતકારી જાણી લક્ષમાં રાખવી.

²પ્રભાવતી ગુટિકા.

द्वेहरिद्रेनिंबपत्र पिप्पलीमरिचानिच ॥
भद्रमुस्ताविडंगंच सप्तमंविश्वभेषजम् ॥ ९० ॥
सैंधवंचित्रकंचैव बावचीपित्तपर्पटं ॥
पाठात्रयावचाकुष्ट मजामूत्रेणपेषयेत् ॥ ९१ ॥
साष्टशतंत्राभिमंत्र्य जातीपुष्पाणिनक्षिपेत् ॥
दीपोत्सवदिनेरात्रौ गुटींकृत्वाभिमंत्रयेत् ॥ ९२ ॥
सर्वेषुबालरोगेषु ज्वरेएकाहिकादिके ॥
भतप्रेतादिदोषेषु वश्येनेत्रामयेषुच ॥ ९३ ॥
अंजनंभक्षणंपुष्टं यथायोगमयोजयेत् ॥
प्रभावतीनाम गुटीं सर्वकार्यप्रसाधिनी ॥ ९४ ॥

અર્થ—હળદર, દારૂહળદર, લીંબડાનાં પાદડાં, પીપર, મરી, નાગરમોથ, વાવડીંગ, સુંઠ, સિંધાલુણ, ચિત્રામૂળ, બાવચી (તકમરીયાં) પિત્તપાપડો, કાળીપાઠ, હરડેદળ, વજ અને ઉપલેટ એ સર્વ સમાન ભાગે લેઈ ચોઆંચળી સોહાગણ સ્ત્રીના હાથથી દિવાળીની

૨ આ પ્રભાવતી ગોળીનો પાઠ ગુરૂ આમ્નાય સાથે યથોચિત રીતે કરવામાં આવે તો મહા ગુણ કર્ત્તા છે. મંત્ર યંત્રનો અનાદર કરનાર આધુનિક પુરૂષો તો આ પાઠ વાંચી હાસ્ય કરશે; પરંતુ તેમાં ગૂઢ આસય શું રહેલ છે? તે કાંઈ ચર્મ ચક્ષુ વાળાઓ, મહાન રૂષીઓના હિતકારી ભેદોને સમજી શકતા નથી; કારણ કે ગુપ્ત રહસ્યને જાણનાર મહાનુભવી પુરૂષોજ તેના હેતુને પૂરેપૂરી રીતે વાંચી વીચારી, મનન કરી આનંદ માને છે; પણ ભાંગી-ત્રુટી કેળવણી લેઈ ગર્વમાં, મસગુલ બની સુંઠનો કાંકરો હાથ આવ્યે ગાંધી બનનાર, અકળના અજીર્ણથી આતુર થયેલા, નિરક્ષર છતાં સાક્ષરનો ડોળ રાખનાર પુરૂષો ભાવભેદ જાણ્યા શિવાય ગમે તેમ હાસ્ય કરે છે તે તેમની મતી પ્રમાણે ગતીની પ્રતીતી આપે છે હા! જો એજ તત્વવેત્તા અને મેસમેરીઝમના પ્રયોગો અનુભવે તો તેઓજ તે વાર્ત્તાનો સત્ય મર્મ સમજી સર્વાનંદી બનેજ એમાં જરા પણ શક નથી. ભા. કર્ત્તા.

રાત્રે ખંડાવી ચાળી દીવા વખતે 'ॐ ह्रीं अर्हं क्षाँ क्षीँ क्षोक्षः स्वाहा' આ મંત્રથી ૧૦૮ વાર તે ચૂર્ણ મંત્રી વગર વીઆયલી બકરીનું મૂત્ર 'ॐ गाँ गीँ गणपतये नमः' એ મંત્રે ૧૦૮ વાર મંત્રી તે ચૂર્ણમાં નાખી ઘુંટવું, જાઈ (ચંબેલી)નાં ફૂલ ૧૦૮ 'ॐ नमो पार्श्वनाथाय महासत्वायः ॐअहिमहि चरिन्चरि चंडालिनी स्वाहाः એ મંત્રથી તે ફૂલ ૧૦૮ વાર મંત્રી ભેગાં નાંખી ઘુંટવાં, બાદ ઝીણું ઘુંટાયા પછી ચણોઠી જેવડી ગોળીઓ વાળવી 'ॐ अंगे नंगे अनंगे हिलि हिलि चंडालिनी स्वाहाः' એ મંત્રે ૧૦૮ વાર ગોળીયો મંત્રી તૈયાર કરવી. તે ગોળીથી સર્વ જાતના બાલક (છોકરાં)ના રોગો જાય (મટે)છે; તથા એકાંતરાદિ સર્વ તાવ, ભૂત, પ્રેત, વળગાડ વગેરે જેને હોય તેને આંખમાં આંજવાથી અવસ્ય તેના દોષ દૂર થાય છે. તેમજ અંજન કરવાથી નેત્રના રોગ મટે છે, અથવા ન મટી શકે તેવા રોગો પણ આ ગોળી ખાવાથી મટે છે, અજમા સાથે પાંચ ગોળી આપવાથી સર્વ પ્રકારના વાયુ જાય, કિરીયાતા સાથે ૪ ગોળી આપવાથી ૧૩ જાતના સન્નિપાત જાય, જીરા સાથે ૩ ગોળી આપવાથી સર્વ પ્રકારના તાવ જાય, સારાંશમાં દેશ, કાળ, વય, જઠરાગ્નિનું બળાબળ જોઈ યોગ્ય માત્રા (વજન-તોલ-માપ)થી આ પ્રભાવતી ગુટીકા આપવામાં આવે તો સર્વ કાર્ય સિદ્ધ કરે છે. ૯૦—૯૪

અજમોદાદિ ગુટિ.

हिंगुभागोभवेदेको वचाचद्विगुणाभवेत् ॥
त्रयोभागाविडंगानां सैन्धवंचचतुर्गुणं ॥ ९५ ॥
अजाजीपंचभागाच षड्भागनागरंतथा ॥
मरिचंसप्तभागंच पिप्पल्यष्टगुणाभवेत् ॥ ९६ ॥
कुष्टस्यनवभागाःस्यु र्दशभागाहरीतकी ॥
एकादशचित्रकस्य अजमोदाचद्वादश ॥ ९७ ॥
गुडश्चसर्वद्विगुणो गुटिकांकारयेद्दढां ॥
हन्यादनेकवातांश्च हृपंचैवचतुर्दश ॥ ९८ ॥
अष्टादशैवगुल्मानि प्रमेहान्विंशतिस्तथा ॥

हृद्रोगकुष्ठशूलानि वातगुल्मगलग्रहं ॥ ९९ ॥
श्वासंचग्रहणींपाण्डु मग्निमांद्यारुचीतथा ॥
धन्वंतरिकृतोयोगो निजपुत्रस्यहेतवे ॥ ७०० ॥

અર્થ—ચોખી હિંગ ૧ ભાગ, વજ ૨ ભાગ, વાવડીંગ ૩ ભાગ, સિંધાલુણ ૪ ભાગ, જીરૂં ૫ ભાગ, સુંઠ ૬ ભાગ, મરી ૭ ભાગ, પીપર ૮ ભાગ, ઉપલેટ ૯ ભાગ, હરડેદળ ૧૦ ભાગ, ચિત્રામૂળ ૧૧ ભાગ અને બોડી અજમો (અજમોદ) ૧૨ ભાગ, એ સર્વને ખાંડી ચાળી ચૂર્ણ કરી અમણો ગોળ, મેળવી ચણીબોર જેવડી ગોળીઓ કરવી. તેના સેવનથી અનેક જાતના વાયુ રોગ, ૧૪ જાતનાં હરષ રોગ, ૫ જાતના ગુલ્મરોગ, ૨૦ જાતના પ્રમેહ, છાતીના રોગ, કોઢ, શૂળ, વાયુગોળો, ગળાનું પકડાઈ જવું અથવા ગળા (કંઠ) નાં દરદો, શ્વાસ, સંગ્રહણી, પાંડુ, મંદાગ્નિ, અને અરૂચિ એ સર્વ રોગ નાશ કરે છે, આ શ્રી ધન્વંતરીજીએ પોતાના પુત્રના હિત માટે પ્રયોગ (ઉપાય) કરેલો છે. કિંવા કહેલો છે, ૯૫—૭૦૦

અરલું ગુટિકા.

अरलूबिल्वजंवाम्रं कपित्थंचरसांजनं ॥
लक्षहरिद्राह्रीबेरं स्योनाकंकट्फलंतथा ॥ १ ॥
लोध्रंमोचरसंशृंगा धातकीचवटांकुरान् ॥
पिष्टातन्दुलतोयेन गुटिकाचाक्षसंमिता ॥ २ ॥
छायाशुष्कांपिबेत्क्षिप्रं ज्वरातीसारशान्तये ॥
रक्तपित्तप्रशमनी ग्रहणीशूलनाशिनी ॥ ३ ॥

અર્થ—અરડુસાની છાલ, બીલીનો ગર્ભ, જાંબૂની ગોટલી (બીજ) આંબાની ગોટલી, કોઠવડી, રસાંજન (રસવતી-રસોત-દારૂહળદરનો શીરો) લાખ, હળદર, નેત્રવાળો, ટીંટુ, કાયફળ, મહાણીસોદર, મોચરસ, સુંઠ, ધાવડીનાં ફૂલ અને વડની વડવાઈના અંકૂર એ સર્વ સમાન ભાગે લેઈ ચૂર્ણ કરી ચોખાના ધોવણમાં ઘુંટી બેહડાના જેવડી ગોળીઓ વાળવી, છાંયડે સૂકવી, સાઠી ચોખાના ધોવણ

સાથે પ્રભાતે ખાય તો જ્વર (તાવ), અતિસાર, અથવા તાવનો અતિસાર રક્તપિત્ત સંગ્રહણી અને શૂળ, એ સર્વ નાશ પામેછે. ૧-૩

સંગ્રહણી કપાટ ગોળી.

चातुर्जातकचव्यजीरकयुगंव्योषारलुग्रंथिकं
श्रीवृक्षातिविषाजमोदयुगलंचूतास्थिपाठांबुदं ॥
यष्टीचेंद्रयवाम्लकास्थिकवचालोध्रंचमंगारजः
कुयान्मोचरसान्वितंसमजयेद्वासावनोतक्कुडान् ॥ ४ ॥
आत्वंध्यग्रहणीकपाटवटिकानाक्षप्रमाणान्भजेत् ॥
साध्यायाग्रहणीविकाररुधिरातीसारविच्छित्तये ॥५॥

અર્થ—તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, ચવ્યક, જીરૂં, શાહજીરૂ, સુંઠ, મરી, પીપર, અરડુસો, પીપરામૂળ, બીલીનો ગર્ભ, અતિવિષ, બોડી અજમો, અજમો, આંબાની ગોટલી, કાળીપાઠ, મોથ, જેઠીમધ, ઈંદ્રજવ, આમલીના કચૂકા, વજ, લોદર અને મજીઠ એ સર્વ સમાન લેઈ ચૂર્ણ કરી તે સમાન મોચરસ નાખવો અને તે સર્વ બરોબર ગોળી નાખી બેહડાના જેવડી મોટી ગોળીઓ વાળવી, તેને યોગ્ય અનુપાન સાથે સેવન કરે તો સંગ્રહણી, લોહીખંડવાડો (રક્તાતિસાર—લોહી ઠાણુવાડો) દૂર થાય છે. ૪—૫

એલાદિ ગુટિકા.

एलात्वक्पत्रकंद्राक्षा पिप्पल्यार्द्धपलंतथा ॥
सिता मधुकखर्जूर मृद्विकाश्चपलोन्मिता ॥ ६ ॥
संचूर्ण्यमधुनाकुर्यात् गुटिकाचाक्षसंमिता ॥

---

૧ અરલુ ને કેટલાક ટીકાકારો અરડૂસો વા મોટો અરડૂસો કહે છે. અને કેટલાક અરલુ નામનું વૃક્ષ વળી બીજાનેંજ લખે છે તેમજ દ્રવ્યાવળી નિઘંટમાં અરલુ અને ટિંટુનાં નામ-ગુણ અલગ બતાવેલ છે ત્યારે મદનપાળ નિઘંટમાં તે બન્નેને એકજ ગણેલ છે, તેમ અરલૂની અછતને લીધે અરડૂસાની છાલ વા મૂળ પ્રતિનિધિ તરીકે વાપરવા લખે છે માટે તેનો સદ્વૈદ્યોએ યોગ્ય વિચાર કરી લેવો. ભા. ક.

कासश्वासंज्वरंहिक्का छर्दिमूर्छांमतिभ्रमं ॥ ७ ॥
रक्तष्ठीवंपार्श्वशूलं स्वरभेदंक्षतक्षयं ॥
गुटिकातर्पणावृष्या रक्तपित्तंचनाशयेत् ॥ ८ ॥

અર્થ—એલચી, તજ, તમાલપત્ર, દ્રાખ, પીપર, એ બબે તોલા લેવાં, સાકર, જેઠીમધ, ખારેક, [1]મણુકાદ્રાખ, એ ચાર ચાર તોલા લેવાં, ચૂર્ણ કરી મધમાં ઘુંટી બેહડા જેવડી મોટી ગોળીઓ વાળી યોગ્ય અનુપાન સાથે ખાય તો ઉધરસ, શ્વાસ, તાવ, હેડકી, ઉલટી, મૂર્છા, ચિત્તભ્રમ, મ્હોઢાના રક્ત (લોહિ) દોષ, પાંસળીઓમાં આવતું શૂળ, સ્વરભેદ, છાતીમાનું ચાંદું, ક્ષય, અથવા છાતીમાની ચાંદીથી થયલો ક્ષય, લોહી બીગાડ અને પિત્તના દોષ આદિ સર્વને દૂર કરે છે. ૬—૮

તાલીસાદિ ગુટિકા.

चव्याम्लवेतसकटुत्रिकातिन्तडीकं
तालीसजीरकतुगादहनैःसमांशैः ॥
चूर्णगुडप्रमुदितंत्रिसुगंधयुक्तं
वैस्वर्यपीनसकफारुचिषुप्रशस्तं ॥ ९ ॥

અર્થ—ચવ્યક, અમ્લવેતસ, ત્રિકટુ, કોકમ, તાલીસપત્ર, જીરૂં, વંશલોચન, ચિત્રામૂળ, ત્રિસુગંધ (તજ, તમાલપત્ર, એલચી) એ સર્વ સમાન લેઈ ચૂર્ણ કરી ગોળમાં ગોળીઓ બનાવી ખાય તો મહા પીનસ, કફ, અને અરૂચિ, વગેરેને દૂર કરે છે. ૯

લઘુ કામેશ્વર ગુટિકા.

शतावरीगोक्षुरश्च कपिकच्छुउर्टंगणं ॥
गंगेरोकीवलामुसा मुशलीखुरसाणकं ॥ १० ॥
समुद्रशोषोहिपरा श्वविकंशाल्मलीसटी ॥
मकुष्ठस्यजटामाषा वाजिवंशाचरेणुका ॥ ११ ॥

---

[1] મણુકાદ્રાખ-ધ્રાખ એટલે કાળી દ્રાખ સમજવી.

विदारीग्रंथिकंमुदं विडंगंजीरकंमणं ॥

मांसीसिताऽह्वाधान्याकं विजयातुर्यभागिका ॥ १२ ।

जातिपत्रंजातिफलं चातुर्जातकटुत्रिकं ॥

कर्पूरगगनंलोहं रससिंदूरकाभिका ॥ १३ ॥

गुटिकाद्विगुणखंडेन बृद्धकोलप्रमाणतः ॥

वीर्यवृद्धिबलंपुष्टिं कामदीप्तिकरोत्यलं ॥ १४ ॥

અર્થ—સતાવરી, ગોખરૂ, કૌચાં, ઉટીકણુ (ઉટકટાળાનાં બીજ) ગંગેટીની છાલ, ખળબીજ, મોથ, મુસળી, ખુરાસાની અજમો, સમુદ્રશોષ, એખરો, ચંપક, સીમળાનો ગુંદ, કચૂરો, મઠની જડ, અકદની ડાળ, આસગંધ, રેણુક બીજ (નગોડનાં બીજ) ભોંયકોહળું, પીપરીમૂળ, ગુંદ અથવા મસ્તકી ગુંદ, વાવડીંગ, જીરૂ, સણનાં બીજ, જટામાંસી-બાળ છડ) વરીયાળી ધાણા, જાવંત્રી, જાયફળ, તમાલપત્ર, એલચી, નાગકેશર, સુંઠ, મરી, પીપર, ચિણીયો (ચનાઈ કપૂર આરતીનો) કપૂર અભ્રક ભસ્મ, લોહભસ્મ, રસસિંદૂર એ સર્વ સમાન ભાગે લેઈ તેને ચોથે હિસ્સે ભાંગ લેઈ, ચૂર્ણ કરી તેમાં બમણી ખાંડ નાખી એકત્ર થયે વડબોર જેવડી ગોળીઓ વાળી ખાય તો વીર્યને વધારે છે, બળ, પુષ્ટિ કરે છે અને કામદેવને સતેજ કરે છે.* १०—१४

સ્થંભન ગુટિ.

अकारकरभःशुंठो कंकोलंकुंकुमंकणा ॥

जातीफलंलवङ्गंच चन्दनंचेतिकर्षकान् ॥ १५ ॥

चूर्णानिमानतःकुर्यात् दद्यात्फेनपलोन्मितान् ॥

सर्वमेकीकृतंचूर्णं मासैकंमधुनालिहेत् ॥ १६ ॥

---

* આ પ્રયોગમાં માત્રાઓ (ભસ્મો) લેવાની લખી છે તે શુદ્ધ અને વિકાર રહિત અનુભવી વૈદ્યના હાથથી બનેલી અને તરતની બનાવેલી ન હોય તે ગ્રહણ કરવી. તેમજ તે દવા ઉપર કરી (પથ્ય) પાળવાની ખાસ જરૂર છે નહિ તો "ખાય રસાણુ તે પોંહચે મસાણ" એવી લોકોની સાધારણ કહેવત છે તે સત્ય કરશે.

"शुक्रस्तंभकरंचूर्णं पुंसामानन्दकारकं ॥
नारीणांप्रीतिजननं सेवतोनिशिकामुकः ॥ १७ ॥

અર્થ—અકલકરો, સુંઠ, મિરચકંકોળ, પીપર, જાયફળ, લવીંગ અને શ્વેત ચંદન, એ સર્વ એકેક તોલો લેઈ ચૂર્ણ કરી ચોખું અફીણ ચાર તોલા મેળવી ઘુંટી એક જીવ કરી તે ચૂર્ણ એક માસો (આઠ રતી-ચણોઠી ભાર) મધમાં મેળવી રાત્રના પ્રથમ ભાગમાં ખાયતો વીર્યસ્થંભન (બંધેજ) કરે છે, તથા પુરૂષોને આનંદ દેનાર અને સ્ત્રીઓની પ્રીતી સંપાદન કરનાર છે, આ ચૂર્ણ કામી-વા વ્યભિચારી પુરૂષોને સેવન કરવા યોગ્ય છે. ૧૫—૧૭

સ્થંભન-બંધેજનો બીજો પ્રકાર.

कंकोलंकुंकुमंफेनं मस्तंगीजातिपत्रिका ॥
जातीफलंचकर्पूरं करहाटमर्टीगणं ॥ १८ ॥
जलादिभिर्विनैवैतां गुटिकांवर्द्धयेद्दली ॥
दिनान्तेभक्षयेच्चैकां रेतस्तम्भकरीमता ॥ १९ ॥

અર્થ—મરચ કંકોળ, કેશર (જાફરાન) અફીણ, મસ્તકી ગુંદ, જાવંત્રી, જાયફળ, ભીમસેની કપૂર (બરાસ) અકલકરો અને ઉંટીગણુ એ સર્વ સરખાં લેઈ ચૂર્ણ કરી પાણી વગર ગોળી એમની એમ વાળી, સંધ્યા વખતે ૧ ગોળી ખાય તો વીર્ય સ્થંભન કરે છે. અને બળ વધારે છે. ૧૮—૧૯

નેત્રાંબુજવટિ અથવા નૈનાંમૃત.

शंखनाभिकणातुल्यं बोलखर्परसंयुतं ॥
निंबूकरसतोयेन अंजनंनयनामृतं ॥ २० ॥

અર્થ—શંખની નાભિ (વગાડયાના શંખનો વચેનો નક્કર ભાગ) લીંડી પીપર, શુદ્ધ કરેલું મોરથુથુ, વીજાબોળ અને શુદ્ધ કરેલો [1]ખાપરિયો એ સર્વને ખાંડી કપડેથી ચાળી લીંબુના રસમાં ખૂબ ઘુંટી

[1] ખાપરીયો શુદ્ધ કરવાની રીત—ખાપરીઆને માણસના મુત્રમાં અથવા ગૌમૂત્રમાં ડોળા યંત્રથી અગ્નિ ઉપર સાત દિવસ પકાવે તો શુદ્ધ થાય છે. ભાગ પ્રકાશ.

ગોળી (સોગઠી) બાંધી લીંબુનાજ રસમાં [1]અંજન કરે તો નૈત્રના સર્વ રોગ જાય છે, આ નૈનાંમૃત નેત્રોને સર્વ રોગથી બચાવી સંજી-વન (સતેજ) કરવા અમૃત સમાન છે. ૨૦

ચંદ્રપ્રભા ગુટિકા.

अशीतितिलपुष्पाणि षष्टिमागधिकाकण ॥
पंचाशज्जातिकलिका मरिचानथषोडश ॥ २१ ॥
भृंगराजरसेनेदंकांश्यपात्रेण मर्दयेत् ॥
एषाचन्द्रप्रभावर्ति श्चक्षुरोगविनाशिनी ॥ २२ ॥
तोयेनतिमिरंहन्ति मधुनाहंतिपुष्पकं ॥
अजामूत्रेणरात्र्यंधं गोमूत्रेणचचिर्प्पटं ॥ २३ ॥

અર્થ—તલનાં ફૂલ ૮૦, લીંડી પીપર ૬૦, જાઈના ફૂલની ક-ળીયો ૫૦ અને મરીના દાણા ૧૬ એઓનું ચૂર્ણ કરી જળ-ભાંગરાના રસથી કાંસાના વાસણમાં જસદના બત્તાથી (અથવા કાંસા-ની વાટકીથી) બારીક ઘુંટી ચણા જેવડી ગોળીઓ વાળી પાણી સાથે અંજન કરે તો તિમિર જાય (મટે) મધની સાથે અંજન કરે (આંજે) તો ફૂલું મટે, બકરીના મૂત્રમાં આંજે તો રતાંધો (રાત્રે જેને ન દેખાય તે) મટે, ગોમૂત્ર (ગાયના મૂત્ર)માં આંજે તો આંખનું ચો-

[1] નેત્રમાં દવા આંજવાની મર્યાદા—રીત એ છે કે આંખ દૂખવા આવી હોય તો ત્રણ દીવસ થયા પછી જ ઔષધ આંજવું તેમ હેમંત અને શિશિર ૠતુમાં મધ્યાન્હે–બપોરે, ગ્રીષ્મ અને શરદ ૠતુમાં મધ્યાન્હ પેહલાં, વર્ષા ૠ-તુમાં વાદળાં ન હોય ત્યારે અને વસંત ૠતુમાં ગમે તે વખતે આંજવું; તે-મજ જેની આંખમાં દવા આંજવી (અંજન કરવું) હોય તેને ચતું સુવાડી પ્રથમ ડાબી આંખમાં અંજન કરી પછી જમણી આંખમાં આજવું. એક મીનીટ સુધી આંખમાં દવા રાખી આંખ મટમટાવવી (ઉઘાડવી અને મીં-ચવી) જેથી બરોબર દવા ફાયદો આપે છે; માટે વૈદ્ય વિદ્યાની મર્યાદા પ્ર-માણે વર્તવાથી વિશેષ લાભ છે. જો દવાના પાણીનાં ટીપાં નાખવાં હોય તો આઠથી બાર ટીપાં બે આંગળ છેટેથી નાખવાં સોવાર આંખ ઉઘાડ-મીંચ કરે ત્યાં સુધી આખમાં રાખવાં. અમૃત સાગર.

ફુટી જવું મટે તેમજ પાણી ઝરતું હોય, છાયા (છારી) પડળ, ખ-રજ, પરવાળાં (આંખમાં વાળ ખુંચે છે તે), મોતિયો અને મંદ દ્રષ્ટી વગેરે આ ચંદ્રપ્રભા ગોળીથી સર્વ આંખના રોગોનો નાશ કરી, નિર્મળ (નિરોગી-સતેજ દિવ્ય) દ્રષ્ટિ બનાવે છે. २१—२३

નેત્રસ્રાવ ગુટિકા.

धात्र्यक्षपथ्यबीजानि एकद्वित्रिगुणानितु ॥
पिष्टावर्त्तिजलैःकुर्या दंजनंत्विहरेणुकं ॥ २४ ॥
नेत्रस्रावंहरत्याशु वातरक्तरुजंतथा ॥ २५ ॥

અર્થ—ત્રિફળાની મીંજો, એટલે આમળાની મીંજ ૧ ભાગ, બે-હડાંની મીંજ ૨ ભાગ, અને હરડેની મીંજ ૩ ભાગ લેઈ ઝીણી વાટી પાણીમાં ઘુંટી ગોળી કરવી તેનું વિધિ સહિત અંજન કરે તો આં-ખમાંથી પાણી ઝરતું હોય તેને ઘણીજ ઝડપથી દૂર કરે છે (મટાડે છે.) २४—२५

રતાંધળા પણું મટવાની ગોળી.

रसांजनंहरिद्रेद्वे मालतीनिंबपल्लवा ॥
गोशकृद्रससंयुक्ता वर्त्तिर्नक्तांधनाशिनी ॥ २६ ॥

અર્થ—રસવંતી, હળદર, દારૂ હળદર, માલતી (જાઈ-ચંબેલીનાં) પાંદડાં અને લીંબડાનાં પાંદડાં, એ સર્વ સરખાં લેઈ વાટી ગાયના છાણનો રસ કાઢી તેમાં ઘુંટી (લસોટી) ગોળીઓ બનાવી આંજે તો જેને રાતે ન દેખાતું (રતાંધળા પણું) હોય તે મટે છે. २६

ઘણી ઉંઘ આવતી બંધ કરવાની ગોળી.

क्षौद्राश्वलालासंघृष्टै र्मरिचैर्नेत्ररंजयेत् ॥
अतिनिद्राक्षयंयांति तमः सूर्योदयेयथा ॥ २७ ॥

અર્થ—ઘોડાની લાળમાં મરીઆંને ઘસી મધ મેળવી આંખ-

૧ આ દવા માટે પ્ર. ૧-૨ જી શિવાય દરેક પ્રતોમાં લખ્યું છે કે આ પ્રયોગ કરવાથી જેની ઉંઘ જતી રહી હોય તેને આ દવાનું અંજન ક-રવાથી ઉંઘ આવે છે માટે સદ્વૈદ્યોએ એ મોટા મત ભેદનો ઈન્સાફ કરવો.

ભા. કર્તા.

માં અંજન કરે તો ઘણીજ ઉંઘ આવતી હોય તો જેમ સૂર્યના ઉગવાથી અંધારાનો નાશ થાય છે તેમ અતિ ઉંઘનો નાશ થાય છે. ૨૭

તંદ્રા-ઘેન મટવાની ગોળી.

शिरीषबीजगोमूत्र कृष्णामरिचसैंधवं ॥
अंजनंस्यात्प्रबोधाय सरसोनशिलावरैः ॥ २८ ॥

અર્થ—કાળીયા સરસનાં બીજ, પીપર, મરી અને સિંધાલુણ એ ગાયના મૂત્રમાં ઘુંટી ગોમૂત્રથી આંજે તો તંદ્રા (ઘેન આંખમાં ભર્યું રેહતું હોય તે) મટે છે. ૨૮

સાપનું ઝેર મટવાની ગોળી.

जयपालभवांमज्जां भावयेन्निम्बुकद्रवैः ॥
एकविंशतिवेलातु ततोवर्त्तिविकल्पयेत् ॥ २९ ॥
मनुष्यलालयाघृष्टा ततोनेत्रेनियोजयेत् ॥
सर्पदंष्ट्राविषंजित्वा संजीवयतिमानवं ॥ ३० ॥

અર્થ—[1]શુદ્ધ કરેલા નેપાળાને ૨૧ વખત લીંબુના રસના પુટ દેવા; બાદ બારીક ઘુંટી ગોળી બનાવી તે માણુસની લાળમાં ઘસી

---

૧ આ પ્રયોગમાં નેપાળા લેવા કહેલું છે પરંતુ જો તે બરોબર શુદ્ધ કરતાં ન આવડે તો તેના આંજવાથી સાપના ઝેરનો નાશ કરતાં આંખનો નાશ થઈ જશે માટે એ ઉપાય અનુભવી વૈદના હાથ શિવાય પોતાના હાથે કરવોજ નહિં; કેમકે જે ખાસ-મૂખ્ય જાણુવા જેવી બાબતો જેને ગુરૂભામ ગુરૂભેદ-ગરૂગમ કહીએ છીએ તે ગુરૂ-મોટો-મૂખ્ય ભાગ સ્હેજ રજ જેટલો પણ રહી જાય તો તેથી ગુણ ને બદલે અવગુણ થાય છે, માટે એ ગુરૂભેદ પૂર્ણ રીતે શિખી પૂરેપૂરી ઉસ્તાદી મેળવી આવા ઉપાયો કરે તો ઠીક નહી તો મહા જોખમ થવા સંભવ છે. તેમજ 'जयपालभवांमज्जां' એવો પાઠ છે તેનો અર્થ પ્ર. ૧ લી અને ૨ જી માં બન્ને છે કે નેપાળાની મીંજ, લસણ, મણુશિલ એ ત્રણ લેવાં; પરંતુ બીજી પ્રતીયોમાં એમ લખ્યું નથી તેમજ પાઠમાં પણ તેવો અર્થ સંભવતો નથી.

અંજન કરે તો સાપનું ઝેર મટે છે અને તે માણુસ જીવે છે. ૨૯—૩૦

ફૂલું મટવાના ઉપાય.

काचंसफेनंकनकंसतुत्थं शंखंशिलारोचनमाक्षिकंच ॥

पुंसःकपालंशिखिकुर्कुटांड माजन्मजातंकुसुमंनिहंति ॥३१॥

અર્થ— કાચ, સમુદ્રફીણ, ધંતુરાનાં જીડવાં (ફળ) મોરથુથું, શંખનો ભૂકો, મણુશિલ, ગેરૂ ચંદન (ગૌલોચન—ગોરોચન) સોવન માખી, માણુસના માથાની ખોપરી, મોરનાં અને મુરઘી (કુકડી) નાં ઈંડાં અથવા તે ઇંડાનાં છોતરાં, એ સર્વ બરોબર લેઈ ઝીણાં વાટી દરરોજ આંખમાં આંજે તો જનમનું ફૂલું હોય તો પણ મટે છે. ૩૧

નેત્ર રોગ ઉપર અંજન.

त्रिफलाभृंगमहौषधि मध्वाज्यछागपयसिगोमूत्रे ॥

नांगनवतिनिषिक्तं करोतिगरुडोपमंचक्षुः ॥ ३२ ॥

पारदंशीसकंतुल्यं तयोर्द्विगुणमंजनं ॥

ईषत्कर्पूरसंमिश्र मंजनंनयनामृतं ॥ ३३ ॥

અર્થ—સીસાને ગાળી ત્રિફળાના ક્વાથમાં વાર ૩૦, ભાંગના રસમાં વાર ૧૦, સુંઠના ક્વાથમાં વાર ૧૦, મધમાં વાર ૧૦, ઘીમાં વાર ૧૦, બકરીના દૂધમાં વાર ૧૦ અને ગોમૂત્રમાં વાર ૧૦ ઠારી (છમકાવી) પછી તેના બરોબર પારો લેઈ તે બન્નેથી બમણો કાળો સુરમો અને તેમાં થોડો કપૂર (અથવા બન્ને) મેળવી ઘુંટી અંજન કરે તો ગુરૂડના જેવી આંખો બનાવે છે. આ નેત્રોને અમૃત રૂપ (નયનામૃત) ગુટિકા છે. ૩૨—૩૩

હડકાયું કૂતરૂં કરડયું હોય તેના ઉપાય.

तुम्बीगिरिमालवकेक्षुहिंगुलं नेपालमध्यंमरिचानिटंकणं ॥

भागैःसमानैर्गुटिकाविधेया विषंशुनोहन्तिमुतप्तवारिणा ३४

અર્થ—કડવી તુંબડીનો ગર્ભ, માળવી ગોળ, હિંગળોક, નેપાળો, મરી અને ટંખણુખાર એ સર્વ સમાન (સરખે) ભાગે લેઈ વાટી, ઘુંટી, ગોળી બનાવી, ઉન્હાપાણી સાથે ખાય તો હડકાયા કૂતરાનું ઝેર નાશ પામે છે. ૩૪

तथा—

गुडतैलार्कदुग्धैश्चलेपः श्वानविषंहरेत् ॥
अपामार्गस्यमूलन्तु कर्षैकंमधुनालिहेत् ॥ १९ ॥
श्वानदंष्ट्राविषंहन्ति लेपः कुर्कटाविष्ठया ॥
उन्मत्तश्वानदंष्ट्रानां कुमारोदलसैंधवं ॥ ३६ ॥
सुखोष्णंयः पिबेत्तोद्य त्रिदिनांसुखावहा ॥ ३७॥
आज्येनतन्दुलीमूलं तुलसीमूलिकापि वा ॥
तन्दुलोदकपानेन गुर्टांश्वानविषापहा ॥ ३८ ॥
तैलंतिलानांफललंगुडंच क्षीरंतथार्कसममेवपीतं
अलर्कसक्तंविषमाशुहन्ति सद्योभवंवायुरिवाभ्रवृन्दं ॥३९॥
छायाशुष्कार्कमूलंच मरीचंकर्षभक्षयेत् ॥
तद्व्रणंतत्क्षणादेव दहेल्लोहशलाकया ॥ ४० ॥
धोकमाज्यंमेघनादौ देयौश्वानविषापहौ ॥
अन्येषां सर्वकीटानां विषंहान्तिचराचरम् ॥ ४१ ॥

અર્થ—ગોળ, તેલ, આકડાનું દૂધ જ્યાં કૂતરૂં કરડયું હોય ત્ય લેપ કરવાથી તેનું ઝેર મટે છે. અથવા અંઘાડાનાં મૂળનું ચૂર્ણ ૧ તોલો મધમાં નાખી ચાટી જાય તો હડકાયા કૂતરાનું ઝેર મટે છે. અથવા કૂકડાની હગાર વાટી લેપ કરવાથી મટે છે. તથા હડકાયા કૂતરાની ડાઢના ઝેર કુમાર પાઠું અને સિંધાલુણ ઉન્હાપાણી સાથે ત્રણ દીવસ પીએ તો મટે છે. અથવા તાંદળજાનાં મૂળ ઘી સાથે પીએ, વા તુળશીનું મૂળ ઘી સાથે પીએ અથવા, ચોખાના ધોવણ સાથે તુળશીનું મૂળ પીએ, અથવા તલનું તેલ, ગોળ અને આકડાનું દૂધ, બરોબર ભાગે લેઈ પીવાથી હડકાયા કૂતરાનું ઝેર નિશ્ચે નાશ પામે છે જેમ વાદળાંઓની ઘટાને પવન નાશ કરે છે તેમ. અથવા આકડાનું મૂળ છાંયડામાં સૂકવી એક તોલો મરીના ચૂર્ણની સાથે ખાય તો તરત ફાયદો થાય છે. અથવા લોખંડની શળી ગરમ (ઉન્હી પાણી) કરી દાઢને ડામી દેવી. અથવા, મોરથુથું, ઘી, તાદળજાનો

રસ, પીવાથી હડકાયા કૂતરાનું ઝેર નાશ પામે છે. તેમજ બીજા પણ સર્વ કીડા આદિ કરડયાનાં અને સ્થાવર, જંગમ વિષ પણ નાશ થાય છે. ૩૫—૪૧ *

કોઢ ઉપર ગોળી.

त्रिफलाषट्पलाकार्या भल्लातानांचतुः पलं ॥
वाकुचीपंचपलिका विडंगानांचतुः पलं ॥ ४२ ॥
हतंलोहंत्रिवृच्चैव गुग्गुलुश्चशिलाजितु ॥
एकैकंपलमात्रंस्या त्पलार्द्धंपौष्करंभवेत् ॥ ४३ ॥
चित्रकस्यपलार्द्धंस्या द्द्विगुणंमरिचंभवेत् ॥
नागरंपिप्पलीमूलं त्वगेलापत्रकुंकुमं ॥ ४४ ॥
शाणोन्मितंतदेकैकं चूर्णयेत्सर्वमेकतः ॥
ततस्तत्रक्षिपेच्चूर्णं पक्वखण्डेचतत्समे ॥ ४५ ॥
मोदकान्पलिकान्कृत्वा प्रयुंजीतयथोचितं ॥
हंत्युः सर्वाणिकुष्ठानि त्रिदोषमभवामयान् ॥ ४६ ॥

* તમામ જાતના ઝેર માટે ઉલટી અને રેચની દવાઓ ઉપયોગમાં લેવી જેથી સ્થાવર અને જંગમ વિષ દૂર થાય છે, કેટલીક વખતે વિષ ઉપર યોગ્ય ગુણવાળું વિષ આપવાથી પણ સારો ફાયદો કરે છે જેમકે અફીણનું ઝેર જે મનુષ્યને વ્યાપ્ત થયું હોય તો તેને ઝેરકોચલાનું સત્વ વા તેના અર્ક વગેરે આપવાથી અફીણનું ઝેર ઉતરી જાય છે; કારણ કે અફીણ શરીરની નસોને શિથિલ કરનાર છે ત્યારે ઝેરકોચલાનું ઝેર નસોને સખ્ત કરનાર છે જેથી ઝેરસામ્યક ગુણવાળું ઝેર ફાયદો આપે છે; પરંતુ અફીણના ઝેર ઉપર હાઇડ્રેટક્લોરલ નામનું ઝેરી ઔષધ આપે તો મરણને શરણ થાય એટલે તે બન્નેમાં નસોને શિથિલ કરવાનોજ ગુણ છે જેથી માઠાં પરણીમ નિપજે છે. મતલબમાં જે ઉપર જે અનુકૂલ ઔષધ હોય તે ઝેર છતાં પણ યોગ્ય માત્રાથી આપે તો સારો ફાયદો કરે છે.

ભા. કર્તા.

शिरोक्षिभ्रुगतान्रोगा न्हन्यात्पृष्ठगदानपि ॥
भगन्दरप्लीहगुल्मान् जिह्वातालुगलामयान् ॥४७॥
प्राग्भोजनस्यद्देयंस्या दर्धकायस्थितेगदे ॥
भेषजंभक्ष्यमध्येच रोगेजठरसंस्थित ॥ ४८ ॥
भोजनस्योपरिग्राह्य मूर्द्धंकन्तुगदेषुच ॥ ४९ ॥

અર્થ—ત્રિફળાં ૨૪ તોલા, ભિલામાં ૧૬ તોલા, માળવી બાવચી ૨૦ તોલા, વાવડીંગ ૧૬ તોલા લોહભસ્મ, નસોતર, ગુગળ, શિલાજીત એ ચાર ચાર તોલા લેવાં, પુષ્કરમૂળ (નમળે તો એરંડાનું મૂળ લેવું) બે તોલા, ચિત્રામૂળ બે તોલા, મરી ૪ તોલા, સુંઠ, પીપર, મોથ, તજ, તમાલપત્ર, એલચી અને કેશર એ દરેક ૦। તોલો લેવાં એ સર્વે ખાંડી કપડેથી ચાળી તે સર્વની બરોબર ખાંડ લેઈ તેની ચાચણી કરી તેમાં તે સર્વ નાખી લાડુ ચાર ચાર તોલા ભારના વાળવા, બાદ યોગ્ય માત્રા એ યોગ્ય અનુપાનથી ઉપયોગમાં લેતો સર્વ જાતના કોઢ, ત્રિદોષ, ભગંદર, બરોળ; ગોળો તથા જીભ, તાળવા, ગળા (કંઠ) મસ્તક, આંખ, ભ્રમર(ભમરો) ગુદા વા પુંઠ અને કાન વગેરેના રોગો નાશ કરે છે, તેમજ જમ્યા પેહેલાં જો ખાય તો અર્ધું અંગ રહી ગયું હોય તે અથવા શરીરના અર્દ્ધ ભાગમાં રહેલા રોગ મટેછે. તથા ભોજનના વચમાં ખાય તો પેટના તમામ રોગો નાશ પામે અને ભોજન કર્યા પછી ખાય તો કેડ ઉપરના ભાગનાં દરદો નાશ થાય છે. ૪૨—૪૯

સંજીવની ગોળી.

विडङ्गंनागरंकृष्णा पथ्यामलबिभीतकौ ॥
वचागुडूचीभल्लातं सद्विषंचात्रयोजयेत् ॥ ५० ॥
एतानिसमभागानि गोमूत्रेणचपेषयेत् ॥
गुंजाभागुटिकाकार्या दद्यादार्द्रकजै रसैः ॥ ५१ ॥
एकामजीर्णयुक्तस्य द्वेविषूच्यांचदापयेत् ॥
तिस्रश्चसर्पदंष्टस्य चतस्रः सन्निपातिनः ॥ ५२ ॥

गुटिकाजीवनीनाम संजीवयतिमानवम् ॥ ५३ ॥

અર્થ—વાવડીંગ, સુંઠ, પીપર, હરડેદળ, આમળાં, બેહડાં, વજ, ગળો, ભિલામાં, અને વછનાગ એ સર્વ સમાન લેઈ ખાંડી, ચાળી ગાયના મૂત્રમાં ઘુંટી ચણોઠી જેવડી ગોળીઓ વાળી આદાના રસ સાથે અજીર્ણ થયું હોય તો ૧ ગોળી, કોલેરા માટે ૨ ગોળી, સાપ કરડયો હોય તેને ૩ ગોળી અને સન્નિપાત વાળાને ૪ ગોળી આપે તો સારો ફાયદો આપે છે આ સંજીવની ગોળી મનુષ્યના સંજીવન રૂપ છે. ૫૦—૫૩

સપ્તામૃત ગોળી.

त्रिफलालोहचूर्णंच माक्षिकंमधुयष्टिका ॥
सायंमाज्यान्वितंमाषं सद्यस्तिमिरनाशनं ॥५४॥

અર્થ—હરડાં, બેહડાં, આમળાં, લોહચૂર (મંડૂર અથવા લોખંડ ભસ્મ) મધ, જેઠીમધ, એ સર્વનું ચૂર્ણ ઘી સાથે સંધ્યાકાળે ખાય તો નિશ્ચે તિમિર નામા આંખના રોગનો નાશ કરે છે. ૫૪

ઇતિ શ્રી મન્નાગપુરીય તપાગચ્છીય શ્રી હર્ષકીર્તિસૂરી સંકુલિતે યોગચિંતામણો વૈદ્યકસાર સંગ્રહે ગુટિકાધિકાર સ્રતીયોધ્યાયઃ સમાપ્તઃ

હવે કવાથાધિકાર કહીએ છિયે.

રાસ્નાદિ કવાથ.

रास्नागुडूचीएरण्डं देवाह्वाचाभयासटी ॥
बलोग्रगंधापाठाच शतपुष्पापुनर्नवा ॥ ५५ ॥
पंचमूलीविषामुंडी सौर्यकश्चदुरालभा ॥
यवानीपुष्करंमूल मश्वगंधाप्रसारिणी ॥ ६६ ॥
गोक्षुरंचाटरूषंच हपुषाद्दद्दारुकं ॥
शतावरीतथाब्राह्मी गुग्गुलुःशोरकंचुकी ॥ ५७
समभागैरिमै सर्वैः कषाय मुपकल्पयेत् ॥
वातरोगेषुसर्वेष कंपशोफेमतानके ॥ ५८ ॥

मन्यांस्तंभेतथाशोपे पक्षाघातेसुदारुणे ॥
आर्दिताक्षेपकुब्जेच हनुग्रहस्वरग्रहे ॥ ५९ ॥
आध्यंवातेतथामूके खंजेचैवाहवाहूके ॥
गृध्रस्यांजानुभेदेच गुल्मशूलेकटिग्रहे ॥ ६० ॥
सामेचैवनिरामेच सप्तधातुगतानिले ॥
आवृतेनाहृते चैव वातरक्तेविशेषतः ॥ ६१ ॥
एषद्वात्रिंशकः क्वाथः कृष्णात्रेयेणभाषितः ॥
कृष्णचूर्णेनवायोगोः राजगुग्गुलुनाथवा ॥ ६२ ॥
अजमोदादिनावापि तैलेनैरण्डजेनवा ॥ ६३ ॥

અર્થ—રાસ્ના, ગળો, એરંડાનુંમૂળ, ચોપડો દેવદાર, હરડેદળ, કચૂરો, બળબીજ, વજ, કાળીપાઠ, વરીયાળી (અથવા સવા) સાટોડીની જડ, પંચમૂળ (બીલી, અરણી, શિવણ, પાડળ, ટીટૂ, એ પાંચેનાં મૂળ) અતિવિષ, ગોરખ મુંડી (બોડીઓ કલાર) કંટા સળીયો, જવાસો, અજમો, પુષ્કરમૂળ, આસગંધ, પ્રસારણી, ગોખરૂ, અરડૂસો, છીણીનાં મૂળ (નર્મદાજીમાં તથા ઘણીખરી નદીયોમાં અને પેથાપુરમાં આનાં ઝાડો થાય છે) વરધારો, સતાવરી, વિદ્યાબ્રાહ્મી (સિદ્ધપુરની કુમારીકા નદિને કાંઠે થાય છે) ગુગળ અને વાળો, એ બત્રીસ ઔષધો બરોબર ભાગે લેઈ જરા ખોખરાં કરી ત્રણ ભાગ પાડી એક ભાગનો કવાથ (કાઢો-ઉકાળો) વિધિ [1]પ્રમાણે કરવો. ગુ-

[1] **કવાથ કરવાની રીત**-કવાથમાં સઘળાં ઔષધો મળી દરરોજ ચાર તોલા ભાર કવાથ કરવામાં લેવાં, તેમાં સોળગણું પાણી (૬૪ રૂપિયા ભાર) માટીના કોરા વાસણ (હાંલ્લી)માં નાખી ઢાંકયા વગર ધીમી આંચથી ઉકાળવાં આઠમો ભાગ પાણીનો બળતાં બાકી રહે ત્યારે ઉતારી ગળી લેઇ જરા જરા ઉન્હો હોય ત્યારે પીવો, આઠ તોલા સહન ન થઈ શકે તો ચાર તોલા લેવો, નાહાના છોકરાને ત્રણ માસાથી એક તોલા સુધી આપવો. સૃત, કવાથ, કષાય, નિર્યૂહ એ કવાથનાંજ નામ છે. એ કવાથ અન્ન રસનો પાક સારી રીતે થયા પછી દેવો. કવાથમાં સાકર નાંખવી હોય તો વાયુરોગ ઉપર, કવાથના ચોથા ભાગે, પિત્તના રોગ ઉપર આઠમા ભાગે અને કફ રોગ ઉપર

ગળને પ્રતિવાસ (કવાથને ગળી લીધા પછે જે ચીજની ભૂકી ઉ-પર ભભરાવે તે પ્રતિવાસ) દેઈ પીએ તો સર્વ વાયુ રોગ એટલે કં-પવાયુ, સોફવાયુ, પ્રતાનક વાયુ, મન્યાસ્થંભ, મુખદોષ, પક્ષઘાત (લકવો–દેવીનું વ્હાણુ ફરી જવું–પંખીવા–પંખીઘાત) અર્દિત (અડ-દીયો) વાયુ, આક્ષેપક વાયુ (જેને હિસ્ટરીયા કહે છે તે) કુબડા પણું, હનુગ્રહ, સ્વર (ગળ) ગ્રહ, આઢયવાયુ, બોબડા પણું, લંગડા (લૂલા) પણું, ખભાની રગોનું રહી જવું, ગ્રધસીવાયુ, જાનુવો અને ડમરૂ, વીગરે વાયુરોગ, તથા ગોળો, શૂળ, કેડનું પકડાઈ જવું, આમ વાયુ, નિ-રામ તથા સાત ધાતુઓની અંદર ઘેરાયલો વા એકજ સ્થળે રહેલો વાયુરોગ મટે છે; તથા વિશેષે કરીને વાતરકત ઉપર આ બત્રીસો કવાથ પીપરના પ્રતિવાસથી આપવો એમ શ્રી આત્રેય રૂષિજીએ ક-હેલ છે, અથવા પીપરના ચૂર્ણથી અથવા યોગરાજ ગુગળથી વા અ-જમોદાદિ ચૂર્ણથી અથવા એરંડ તેલના પ્રયોગથી આ કવાથ પિયે તો સર્વ પ્રકારના [2]વાયુ રોગ નિશ્ચે દૂર થાય છે. ૫૫—૫૬

સોળમા ભાગે નાખવી, મધ નાખવું હોય તો કફ રોગ ઉપર ચોથા ભાગે, પિત્ત રોગ ઉપર આઠમા ભાગે અને વાયુરોગ ઉપર સોળમા ભાગે નાખવું. જીરૂં, ગુગળ, ખાર, શિલાજીત સિંધાલુણ, હિંગ અને ત્રિકટુ વગેરે ઔષધો નાખવાં હોય તો ત્રણ અગર ચાર માસા નાખવાં, દૂધ, ઘી, ગોળ, તેલ, ગોમૂત્ર, કલ્ક (ચટણી) અને ચૂર્ણ આઠમા અગર દશમા ભાગે નાખવાં તથા દેશ, કાળ, વય, અગ્નિનું બળાબળ જોઈ માત્રા આપવી. ફાંટ એટલે ઔષધોને કૂટી ઉન્હા પાણીમાં નાખી તે વખતેજ ગળીને જે પાણી પીવામાં આવે તે **ફાંટ** કહેવાય છે. અને ઔષધોને રાત્રે પાણીમાં પલાળી–ભીજવી રાખી સવારમાં ચોળી ગળી લેઇને પાણી પીવામાં આવે તે **હીમ** કહેવાય છે. એઓનું પ્ર-માણ અને તેઓમાં નાખવાનાં પદાર્થોનું પ્રમાણ કવાથ પ્રમાણેજ જાણવું. કલ્ક સકાં અથવા લીલાં ઔષધોને પથ્થર ઉપર વાટી ચટણી જેવું કરી કા-મમાં લેવાય તે **કલ્ક** કેહેવાય છે. એનું પ્રમાણ એક તોલાનું સમજવું. તેની અંદર મધ ઘી કે તેલ વગેરે નાંખવું હોય તો તેથી બમણું, સાકર, ગોળ, તેના બરાબર અને ઔષધો નાખવાં હોય તો ચોગણાં નાંખવાં. **સાર્ગંધર સહિતા વા ભાવપ્રકાશ.**

૨ જે જે વાયુરોગોનાં નામો લખ્યાં છે તેની ખુલાસાવાર હકીકત અ-હીંયાં અપાઈ શકાય તેમ ન હોવાથી માત્ર નામજ દર્શાવ્યાં છે માટે તેની ચોકસ રીતે માહેતી મેળવવા માધવનિદાન વાંચો.

ન્હાનો રાસ્નાદિ કવાથ.

रास्नागुडूचीवातारि देवदारुमहौषधैः
पिबेत्सर्वांगकेवाते साममज्जास्थिसंधिगे ॥६४॥

અર્થ—રાસ્ના, ગળો એરંડીયું, ચોપડો દેવદાર અને સુંઠ, એ સમાન ભાગે લેઈ કવાથની મર્યાદા પ્રમાણે કવાથ કરી પીએ તો આખા શરીરમાં રહેલા વાયુના રોગો એટલે, આમ, મજ્જા, હાડ, સંધિ, અને અંગની અન્ય ધાતુઓમાં રહેલા વાયુ રોગ દૂર થાય છે. ૬૪

હરીતક્યાદિ કવાથ.

पथ्यापर्पटकटुका मृद्वीकादारुजलदभूनिंबैः ॥
ब्राह्मीपटोलसम्यक् क्वाथश्चित्तभ्रमंहंति ॥ ६५ ॥

અર્થ—હરડે, પિત્તપાપડો, કડુ, દ્રાખ, દારૂહળદર, મોથ, કીરીયાતું, વિદ્યા બ્રાહ્મી અને કુકડવેલાનાં ફળ એ સરખાં લેઈ કવાથ કરી પીવાથી ચિતભ્રમ, વા સન્નિપાત નાશ થાય છે. ૬૫

સન્નિપાત માટે કવાથ.

तगरतुरगगंधापर्पटः शंखपुष्पी त्रिदशविटपतिक्ताभारतीभूतकेशी ॥ जलधरकृतमालश्वेतकीगोस्तनीनां सहहरतिकषायः पक्षपानात्प्रलापं ॥ ६६ ॥

અર્થ—તગર, આસગંધ, પિત્તપાપડો, શંખાવળી, ચોપડો દેવદાર, કડુ, વિદ્યાબ્રાહ્મી, જટામાસી, મોથ, ગરમાનો ગોળ, નગોડ અને દ્રાખએઓનો કવાથ કરી પીવાથી સન્નિપાત, વા, પ્રલાપ (બકવા) વગેરે દૂર કરે છે. ૬૬

ભારંગાદિ કવાથ.

भार्गीभूनिंबनिंबैर्घनकटुकवचाव्योषवासाविशाला रास्नानंतापटोलीसुरतरुरजनीपाटलाटिंटुकीभिः ॥ ब्राह्मीदार्वीगुडूचीत्रिवृतअतिविषापुष्करंत्राहिमाणं व्याघ्रीसिंहीकलिंगीत्रिफलसटियुतैकलिप्तस्तुल्यभागः ॥ ६७ ॥ क्वाथोद्वात्रिंशनामोत्रिकलितदशकान्

सन्निपातान्निहंति [1]शूलंश्वासंचहिक्कांकसनगुदरुजाध्मानविध्वंसकः स्यात् ॥ [2]मन्यास्तम्भांत्रवृद्धिगदगलसुरतंसर्वसंधिग्रहांश्च मातंगौघंनिहन्यान्मृगरिपुरधिकंरोगजालंतथैव ॥ ६२ ॥

અર્થ—ભારંગી, કીરીયાતું, લીંબડાની અંતર છાલ, મોથ, કડુ, વજ, ત્રિગડુ (ત્રિકટુ) અરડૂસો, ઈદ્રવારૂણી, રાસ્ના, જવાસો, કુકડ વેલાનાં ફળ, દેવદાર, હળદર, પાડળનું મૂળ, ટિટૂનું મૂળ, વિધાબ્રાહ્મી, દારૂહળદર, લીંબડાની ગળો, નસોતર, અતિવિષ, પુષ્કરમૂળ, ત્રાયમાણ, ભોરીંગણી, ઉભીરીંગણી, ઈદ્રજવ, ત્રિફળાં અને કચૂરો, એ સર્વ બરાબર વજનથી લેઈ કવાથ કરવો. આ બત્રીસ ચીજોનો બત્રીસો કાઢો પીવાથી ૧૩ જાતના સન્નિપાત, શૂળ, શ્વાસ, હેડકી, ઉધરસ, ગુદાના દરદો, આફરો, મન્યાસ્થંભ વાયુ, અંતર વૃદ્ધિ (અંતર્ગળ) કંઠના રોગ, વિસ્મૃતિ, અને સાંધાઓનું ઝલાઈ જવું, એ સર્વ રોગ રૂપિ માતેલા હાથીઓના ટોળાનો જેમ કેશરી સિંહ નાશ કરે છે તેમજ ઘણા રોગોની જાળ અથવા સમૂહનો આ કવાથ નાશ કરે છે. ૬૭—૬૮

લોહિ વિકાર ઉપર મંજીષ્ઠાદિ કવાથ.

मंजिष्ठापिचुमंदचन्दनघनाछिन्नागवाक्षीवृषा त्रायंतोत्रिवृताशनद्विरजनीभूनिंबपाठाविषा ॥ गायत्रीत्रिफलापटोलकुटकीकीटद्विषापर्पटै रुग्रावल्गुजवासवत्सकयुतैः क्वाथंविदध्याद्भिषक् ॥ ६९ ॥ कण्डूमण्डलपुण्डरीककिटिभः पामाविचर्चिव्रणैः सिध्मश्वित्रकिलासदद्रुरक्तैर्व्याप्तामसुप्तस्त्वचः ॥ किंचान्यत्क्रिमिभि र्विशीर्णगलितघ्राणांघ्रिपायूद्भवो नेनंत्राप्यमहाकषायमरिचात्पंचेपुतुल्यानराः॥

અર્થ—મજીઠ, લીંબડાની અંતર છાલ, ચંદન, મોથ, ગળો, ઈંદ્રવારૂણી, અરડૂસો, ત્રાયમાણ, નસોતર, આસન, હળદર, દારૂહળદર, કીરીયાતું, કાળીપાઠ, અંતિવિષ, ખેરસાર, ત્રિફળાં, કુકડ વેળાનાં ફળ,

१ 'मूत्र श्वासानहिक्का' એવો પાઠ પ્ર. ૧ લીમાં છે તેમજ તે શ્લોકમાં 'तापस्थंभाश्चवाता गलगद मरुतो सर्व संधिग्रहाश्च' એવો પાઠ પ્ર. ૩ જીમાં છે.

કડુ, વાંવડીંગ, પિત્તપાપડો, વજ, માળવી બાવચી, અને ઈંદ્રિજવના ઝાડની છાલ એ સર્વ સમાન ભાગે લેઈ કવાથ કરી ઉપયોગમાં લેતો ખરજ (ચળ) ચકરડાં (કૈલીયોનાં કુંડાલાં થાય તે) મંડળ કોઢ, પુંડરીક કોઢ, કિટિભ કોઢ, પામ (ખસ, લુખસ) વિચર્ચિ કોઢ, ગડ, ગુંબડ, સિદ્મ નામનો કોઢ, ચિત્ર કોઢ, કિલાસ કોઢ, (દરાજ—દાદર) ત્વચા (ચામડી)માં કિંવા લોહીમાં વ્યાપ્ત થયેલા (પસરેલા) રોગો અને બીજા કૃમિરોગથી માંસ, નાક, પગ, ઈંદ્રિ વગેરે ગળી (ખરી) ગયાં હોય વા હાથ પગ ફાટતા હોય તો આ મહા કષાય (કવાથ) ઘણોજ ઉત્તમ છે. અને ઘણા સમયથી રોગો ઘર કરી રહ્યા હોય તેને ખસેડી શરીરની દેદિપ્યમાન કાંતિ બનાવે છે. ૬૯—૭૦

એજ કવાથની બીજી રીત.

मंजिष्ठाकुटजामृताघनवचाशुंठीहरिद्राद्वयं क्षुद्रारिष्टपटोलकुष्ठकटुकीभार्गीविडंगान्वितं ॥ मूर्वादारुकलिंगभृंगमगधात्रायंतिपाठावरी गायत्रीत्रिफलाकिरातकमहानिम्बासनारग्वधं ॥ ७१ ॥ श्यामावल्गुज चन्दनंवरुणकंपूतीकसाखोटकं वासापर्प्पटसारिवाप्रतिविषानंताविषालाजलं ॥ मंजिष्ठादिरयंकषायविधिनानित्यंपुमान्यः पिबेत् त्वग्दोषाअचिरेणयांतिविलयंकुष्ठानिचाष्टादच ॥ ७२ ॥ रक्तवातप्रसुप्तौच विसर्प्पेविद्रधौतथा ॥ सर्वेषुवातरोगेषु मंजिष्ठादिप्रशस्यते ॥ ७३ ॥

અર્થ—મજીઠ, કડા (ઈંદ્રિજવના ઝાડની) છાલ, ગળો, નાગરમોથ, વજ, સુંઠ. હળદર, દારૂહળદર, ભોરીંગણી, લિંડાની અંતર છાલ, કુકડવેલાનાં ફળ, ઉપલેટ, કડુ, ભારંગી, વાવડીંગ, મોરવેલ, દેવદાર, ઈંદ્રજવ, તજ, (અથવા જળભાંગરો) પીપર, ત્રાયમાણ, કાળીપાઠ, સતાવરી, ખેરસાર ત્રિફળાં, કીરીયાતું, બકાન લીંબડીની છાલ, ધમાસો, ગરમાળો, ફૂલકાંગ, બાવચી, ચંદન, વરણાની છાલ, કણઝાની છાલ, શાખોટ વૃક્ષનું મૂળ, અરડૂસાની છાલ, પિત્ત પાપડો, ઉપલસરિ, અતિવિષ, અનંતમૂળ (જવાસો) ઈંદ્રવારૂણી, અને નેત્રવાળો, એ સઘળાં ઔષધો ખોકરકૂટાં (આખાં પાખાં) ખાંડી ૭ પડી કરવી

તેમાંથી દરરોજ એક પડીનો વિધિયુકત ક્વાથ કરી પીએ તો ઘણા દિવસનો ત્વચા (ચામડીનો) રોગ, ૧૮ જાતનો કોઢ, રતવા (અથવા લોહીવા) સુઆરોગ, ખરજવું, વિદ્રધિ (માંસ તથા લોહીમાં થતો એક જાતનો ભયંકર સોજો) અને સર્વ જાતના વાયુરોગ, વગેરેને આ મંજીષ્ઠાદિ ક્વાથ દૂર કરે છે. ૭૧—૭૩

એજ ક્વાથની ત્રિજી રીત.

मंजिष्ठात्रिफलाप्रियंगुममृताब्राह्मीवचापौष्करं भृङ्गास्याम्त्रिकटुः किरातकविषानिर्गुण्डिकारग्वधः ॥ त्रायन्तीखदिरंकटुत्वचवृकीपीताद्वयंरोहिणी तिक्तापर्प्पटवासकेंद्रफलिनीनंताविशालागदं ॥ ७४ ॥ एरण्डपिचुमंदचित्रकवरीभार्गीमलेंद्रंसठी पीलवानीधवफूलपाडलत्रिवृत्तेजस्विनीवालकं ॥ दंतीमूलपलाशचन्दनयुगंमुण्डीविडंगान्वितै रर्कैयोररणीकरंजधवयोः वर्णानिमूलानिच ॥ ७५ ॥ क्षुद्राह्वाद्वयदेवदारुजलदाकल्हारकंकल्कज मेभिः सिद्धमिदंपटोलसहितक्वाथःश्चतुःपष्ठिकः ॥ अष्टांशेनविपाचयेच्चसतिमानुत्कलवमृद्धाजने पीतोहन्तिसपित्तरक्तसकलंकुष्टानिचाष्टादश ॥ ७६ ॥

અર્થ—મજીઠ, ત્રિફળાં (હરડાં, બેહેડાં, આમળાં) ફૂલકાંગ (પ્રિયંગુ-ઘઉંલા) ગળો, બ્રાહ્મી, વજ, પૂષ્કરમૂળ. જળભાંગરો ત્રિકટુ (સુંઠ, મરી, પીપર) કીરીયાતું, અતિવિષ (અતીસ-પતીસ) નગોડ,. ગરમાળો, ત્રાયમાણ, ખેરસાર, ઇંદ્રજવના ઝાડની છાલ, કાળીપાઠ હળદર, દારૂહળદર, કટુરોહિણી, કડુ, પિત્તપાપડો, અરડૂસો, ઇંદ્રજવ, બીજી જાતનું પ્રિયંગુ, જવાસો, ઇંદ્રવારૂણી, ઉપલેટ, એરડાનું મૂળ, લીંબડાની અંતરછાલ, ચિત્રામૂળ, સતાવરી, ભારંગી, ચંદન, કચૂરો, [1]પીલુડી, ધાવડીનાં ફૂળ, પાડળનું મૂળ, નસોતર, તેજબળ, નેત્રવાળો, નેપાળાનું મૂળ, ખાખરાનું મૂળ, શ્વેતચંદન, રતાંજળિ, બોડીયો કલાર, વાવડીંગ, આકડો, અરણી, કણઝી, ધવ, [2]વરણો, (એ સર્વનાં

---

૧ પ્ર. ૧ લીમાં 'विल्वंनिम्बमजूलपाडल' એવો પાઠ છે. તેમજ પ્ર. ૨ જીમાં તેજ શ્લોકના ચોથા ચરણમાં 'पर्णानिमूलानिच' એવો પાઠછે. 'प्रियगुं'

મૂળ લેવાં) ભોંરીંગણી, ઉભીરીંગણી, દેવદાર, મોથ, કલ્હાર, કાયફળ, કમળ અને કુકડવેલાનાં ફળ એ ચોસઠ ચીજોનો કવાથ માટીના વાસણમાં ૬૪ ગણા પાણીમાં ઉકાળી પકાવતાં આઠમા ભાગનું પાણી રહે ત્યારે નીચે ઉતારી પીએ તો પિત્તના તથા પિત્તરગતના સર્વ રોગ અને ૧૮ જાતના કોઢ નાશ થાય છે. ૭૪—૭૬

કોઢ ઉપર ખદિરાદિ કવાથ.

खदिरः कुण्डलीवासा पटोलंचफलत्रिकं ॥
अरिष्टसमभागोयं क्वाथः कुष्ठविनाशनः ॥ ७७ ॥

અર્થ—ખેરસાર (અથવા ખેરની છાલ) ગળો, અરડૂસો, કુકડવેલાનાં ફળાં, અને લીંબડાની અંતર છાલ એ સર્વ સમ ભાગે લેઈ કવાથ કરી વિધિયુકત અનુપાનથી પીએ તો કોઢ માત્ર દૂર થાય. ૭૭

સન્નિપાત ઉપર ભૂનિંબાદિ કવાથ,

भूनिम्बदारुदशमूलमहौषधाब्द तिक्तेंद्रबीजघनकेभकणाकषायः ॥ तन्द्राप्रलापकसनारुचिदाहनाह श्वासादियुक्तमखिलंज्वरमाशुहंति ॥ ७८ ॥

અર્થ—કીરીયાતું, દેવદાર, દશમૂળ, સુંઠ, મોથ, કડુ, ઇંદ્રજવ, વાળો અને ગજ પીપર, એ સર્વ સમાન ભાગે લેઈ કવાથ કરી પીએ તો તંદ્રા (ઘેન અથવા અર્ધીજ આંખ મીંચાય છે તે) પ્રલાપ (લવારો–બકવા) ઉધરસ, અરૂચિ, શરીરની બળતરા, આફરો અને શ્વાસે કરીને સહિત સર્વ તાવનો જલદીથી નાશ કરે છે. ૭૮

અષ્ટાદશાંગ–૧૮ ચીજોનો કવાથ.

किरातकटुकामुस्ता धान्येन्द्रयवनागरैः ॥ दशमूलमहादारु ग-

અને 'फलिनी' એ એનો અર્થ કાંગ એવો થાય છે પણ દ્રવ્યાવળી નિઘંટુમાં બે જાતની કાંગ–પ્રિયંગુ કહેલ છે જેથી તે બન્ને લેવી અગર એકજ પાઠમાં એકજ દવાનું બે વાર નામ આવે તો બમણી લેવી એમ પણ આજ્ઞા છે માટે સદ્વૈદ્યોને જેમ યોગ્ય લાગે તેમ યોજના યોજવી.

जपिप्पलिकायुतैः ॥ ७९ ॥ कृतःकषायः पार्श्वार्तिं सन्निपातज्वर जयेत् ॥ कासश्वासवमीहिक्का तन्द्राग्रहणिनाशनः ॥ ८० ॥

અર્થ—કીરીયાતું, કડુ, મોથ, ધાણા, ઇંદ્રિજવ, સુંઠ, દશમૂળ, દેવદાર અને ગજપીપર એ અઢાર ઔષધો સમાન લેઈ કવાથ કરી પીએ તો, પાંસળીઓનો દુખાવો (પાર્શ્વ–પાસાની શૂળ) સન્નિપાત, જવર (અથવા સન્નિપાતના તાવ) ઉધરસ, શ્વાસ, ઉલટી, હેડકી, તંદ્રા અને સંગ્રહણી વગેરે નાશ થાય છે. ૭૯—૮૦

વિષમજવર (તાવ) ઉપર દાર્વ્યાદિ કવાથ.

दार्वीदारुकलिंगलोहिकलतासम्पाकपाठासटी सौण्डीवीरकिरातकुंजरकणात्रायंतिकापद्मकैः ॥ चक्राधान्यकनागराब्दशरला शोग्रांबुसिंहीशिवा व्याघ्रीपर्पटदर्भमूलकटुकानन्तामृतापुष्करैः॥८१ धातूत्थविषमत्रिदोषजनितंएकाहिकंद्व्याहिकं पित्तंहन्तिमहाव्यथंबहुरुजंसद्यप्रलापान्वितं ॥ ८२ ॥

અર્થ—દારૂહળદર, દેવદાર, ઇંદ્રિજવ, મજીઠ, ગરમાળો, કાલીપાઠ, કચૂરો, પીપર, વાળો (સુગંધીવાળો,) કીરીયાતું, ગજપીપર, ત્રાયમાણ, પદ્મકનું લાકડું, કાકડાસિંગ, ધાણા, સુંઠ, મોથ, નસોતર, નેપાળાનું મૂળ, નેત્રવાળો, ભોરીંગણી, હરડેદળ, ઉભીરીંગણી, પિત્તપાપડો, દર્ભનુંમૂળ, કડુ, જવાસો, ગળો અને પૂષ્કરમૂળ, એ સર્વ સમાન લેઈ કવાથ કરી પીવાથી ધાતુઓમાં રહેલો તાવ, વિષમજ્વર, ત્રિદોષથી પેદા થયલ દરદો, એકાંતરીયો, બે દિવસે આવતો તાવ અને પિત્તના તાવ (અથવા પિત્તપીડા) આદિની મહાવ્યથા કિંવા પ્રલાપાદિ અનેક રોગોએ કરીને સહિત તાવોનો નિશ્ચે નાશ કરે છે. ૮૧—૮૨

દશમૂળ કવાથ.

शालपर्णीपृष्ठपर्णी वृहतीद्वयगोक्षुरैः ॥ बिल्वाग्निमंथस्योनाक काश्मरीपाटलायुतैः ॥ ८३ ॥ दशमूलमितिख्यातं क्वथितंतज्जलंपिबेत् ॥ पिप्पलीचूर्णसंयुक्तं वातश्लेष्महरंपरं ॥ ८४ ॥ सन्निपातज्वरंहन्ति सूतिकादोषनाशनः शोषशोतयभ्रमस्वेद कासश्वास-

विकारनुत् ॥ ८५ ॥ हृत्कंठग्रहपार्श्वार्त्ति तंद्रामस्तकशुलहृत् ८६

અર્થ—શાલ પરપોટી, પીલવણી (પીલુડી અથવા સમેરવો–ગંધો સમેરવો) નાહાનો સમેરવો, ભોંરીંગણી, ઉભી (મોટી) રીંગણી, ગોખરૂ, બીલી, અરણી, અરડૂસો, કાશ્મરી (કંભારી–શિવણ) અને પાડળ એ દશ ઝાડનાં મૂળ લેઈ કવાથ કરી વિધિમાં બતાવ્યા મુજબ પાણી રહે ત્યારે ઉતારી પીપરના ભૂકાનો પ્રતિવાસ દેઈ પીએ તો શ્લેષ્મ (શળેખમ) સન્નિપાતના તાવ, સુવાવડના રોગ (દોષ) શોષ, શરીરની શીતતા, ભ્રમ, પરસેવો, ખાંસી, શ્વાસ, છાતીના રોગ, ગળગ્રહ, પાશળીઓમાંની પીડા (શૂળ) તંદ્રા, અને માથાના રોગ (ચણકા) એ સર્વનો નાશ કરે છે. ૮૩—૮૬

એજ પ્રયોગનુ બીજે પ્રકારે કથન.

श्रीपर्णिनीज्वलनमंथवसन्तदूती टिंटूकविल्वमितितल्लूकपंचमूलं व्याघ्रीवृहत्यतिगुहास्वगुहास्वदंष्ट्रा जेष्ठद्वयंचगदितंदशमूलमेतत् ॥ ८७ ॥

અર્થ— શીવણ, અરણી, પાડળ, અરડુસો, બીલી એ પાંચ લઘુમૂળ ભોરીંગણી, ઉભીરીંગણી, સાલ પરપોટી, પીલુડી, ગોખરૂ એ પાંચ મોટાં મૂળ મળી દશ મૂળનો કવાથ કરી પીએ તો પ્રથમના પ્રયોગમાં બતાવ્યા પ્રમાણે ફાયદા કરે છે. ૮૭

પુનર્નવાદિ કવાથ.

पुनर्नवानिम्बपटोलशुंठी तिक्तामृतादार्व्यभयाकषायः ॥
सर्वांगशोफोदरपाण्डुरोगान् सम्यक्प्रयुक्तःसकलान्निहन्ति ८८

અર્થ—સાટોડીની જડ, લીંબડાની અંતર છાલ, કુકડવેલાનાં ફળ, સુંઠ, કડુ, લીંબડાના ઝાડ ઉપરની ગળો, દારૂ હળદર અને હરડેદળ, એ આઠ ઔષધો સરખા ભાગે લેઈ કવાથની વિધિ પ્રમાણે કવાથ કરી પીએ તો આખા શરીરે ફેલાયલો સાધ્ય (મટી શકે તેવો) સોજો અથવા સોફવાયુ, પાંડુરોગ તથા તે રોગને લગતાં સર્વ દરદોનો નાશ કરે છે. ૮૯

એજ કવાથનો બીજો પ્રકાર.

पुनर्नवाभयानिम्ब दार्वीतिक्तापटोलकैः ॥ गुडूचीनागरयतैः

काथः सर्वांगसोफहा ॥ ९० ॥ [1]गोमूत्रगुग्गुलयुतः आमसोफोदरापहः ॥ ९१ ॥

અર્થ—સાટોડીની જડ-મૂળ, હરડેદળ, લીંબડાની અંતર છાલ, દારૂહળદર, કડુ, પટોલ (કડુવાં પડવળ-કુકડવેલાનાં ફળ) ગળો અને સુંઠ એઓનો કવાથ કરી પીવાથી સર્વ શરીરનો સોજો દૂર કરે છે તથા ગાયના મૂત્ર સાથે અથવા ગુગળ સાથે પીવાથી આમવાયુ, સોજો, પેટના રોગ અને સોફોદર વગેરે દૂર થાય છે. ૯૦-૯૧

કાયફળાદિ કવાથ.

कट्फलांबुदभार्गीभि र्धान्यरोहिषपर्पटैः ॥ वचाहरीतकीशृंगी देवदारुमहौषधैः॥ ९२ ॥ काथः काशज्वरंहन्ति श्वासंश्लेष्मगलग्रहान् ॥ ९३ ॥

અર્થ—કાયફળ, મોથ, ભારંગી, ધાણા, રોહિષનાં ફૂલ (એક જાતનું ઘાસ થાય છે તે દેશ પ્રસિદ્ધ છે તે ફૂલ ખુસબો=સુગંધદાર હોય છે) [2]પિત્તપાપડો (ખાખરાના ઝાડનાં ફળ) વજ, હરડેદળ, કાકડાસિંગ વદાર અને સુંઠ, એ સર્વનો કવાથ કરી પીવાથી ઉધરસ અથવા કફનો તાવ, શ્વાસ, શળેખમ, ગળાના રોગ (અથવા ગળાની નસોનું પકડાઈ જવું) વગેરેનો નાશ કરે છે. ૯૨—૯૩

એજ કવાનું બીજે પ્રકારે કથન.

शृंगीदारुनिशासुराह्वमभयाभार्गीचविश्वौषधं मुस्तापर्पटकट्फलंचसवचाकुस्तुंबुरुंकत्तृणं ॥ क्वाथंक्षौद्रयुतंपिबेच्चकफजेकाशेक्षयेपीनसे श्वासेवातयुतेज्वरेचवमनेह्लिकासुपित्तामये ॥ ८४ ॥

અર્થ—કાકડાસિંગી, દારૂહળદર, દેવદાર, હરડેદળ, ભારંગી, સુંઠ, મોથ, પિત્તપાપડો (પળાશ પાપડો), કાયફળનું છોડીયું, વજ,

---

१ 'काथो गोमूत्र संयूतः' पांडूकासोदर श्वास शूल सर्वांगसोथहा' આવો પણ પાઠ છે,

૨ પિત્તપાપડાને કેટલાક ખડસલીયો પીત્તપાપડો જે આ દેશના ખેતરોમાં ખાસ જેવો થાય છે તેને કહે છે અને કેટલાક ખાખરાના ઝાડના ફળને પિત્તપાપડો કહે છે.

ધાણા અને રોહીષનાં ફૂલ, એઓનો વિધિ પ્રમાણે કવાથ કરી મધ નાખી પીવાથી કફથી ઉત્પન્ન થયેલી ઉધરસ, ક્ષય, પીનસ, શ્વાસ, વાયુજવર, ઉલટી, હેડકી, અને પિત્તનાં દરદોનો નાશ કરે છે. ૯૪

કફ ઉપર ગડૂચ્યાદિ બત્રિસો કાઢો.

धाराधाराधरवृषविषागौरिवल्लींद्रवल्लो ॥ कालीकालीकरालीरणिकरिकणाकदूकलारिष्टकुष्टैः ॥ पृथ्वीपृथ्वीकलिसुरतरुग्राकलिंगाकलिंगैः शिग्रव्याघोकट्त्रिणग्रधूरोहिणी रोहिणीभिः ॥ ९५ ॥ क्वाथश्चैषांकवचरचनापंचकोलानुकूलैः तुल्यैरेभिः कफगदजयेत्सिद्धिकंत्रिंशदार्व्या ॥ ९६ ॥

અર્થ—ગળો, નાગરમોથ, અરડૂસો, અતિવિષ, હળદર, મરી, ઇંદ્રવારૂણી, દારૂહળદર, કાળું અગર, અરણી, ગજપીપર, કાયફળ, લીંબડાની અંતર છાલ, ઉપલેટ, કાળીજીરી, હિંગુપત્રી (બહુફળી) બેહેડાં, દેવદાર, વજ, ઇંદ્રિજવ, ઇંદ્રિજવના ઝાડની છાલ (કડાછાલ) સરગવો, ભોરીંગણી, રોહીસનાં ફૂલ, દેવી, કડુ; હરડેદળ, અને પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચવ્યક, ચિત્રમૂળ, સુંઠ) એ સર્વ બરાબર લેઈ તેનો વિધિયુકત કવાથ કરી પીએ તો કફનાં તમામ દરદો મટે છે. ૯૫—૯૬

વાયુરોગ ઉપર લસણાદિ કવાથ.

रसोनंपिप्पलीमूलं कुचीलंविश्वभेषजं ॥ भार्गीपुष्करमूलंच किरातंकलिहारकं ॥ ९७ ॥ समांसाष्टावशेषंस्यात् क्वाथंवातविनाशने ॥ धनुर्षमृगवातंच सन्निपातंनिवारयेत् ॥ ९८ ॥ त्र्यूषणंचार्द्धकर्षंच प्रक्षिप्ययोजयेद्भिषक् ॥ अशीतिवातजान्रोगान् तांश्चसर्वान्प्रणाशयेत् ॥ ९९ ॥

અર્થ—લસણ, પીપરીમૂળ, [1]શુદ્ધ કરેલાં ઝેરકચોલાં, સુંઠ, ભારંગી, પુષ્કરમૂળ, કીરીયાતું, અને અકલકરો, એ સર્વનો ક્વાથ કરી આઠમા ભાગે પાણી રહે ત્યારે નીચે ઉતારી તેમાં સુંઠ, મરી, પીપરનું ચૂર્ણ ૦॥ ભાર નાખી પીએ તો ધનુર્વાયુ (તાણ આવે છે તે) તથા મૃગીવાયુ આદિ ૮૦ જાતના વાયુરોગ અને સન્નિપાત વગેરેનો નાશ કરે છે. ૯૭—૯૮

શ્રેષ્ટાદિ કવાથ.

श्रेष्ठानिम्बपटोलमुस्तरजनीत्रायन्तिहेमामृता कृत्वाषड्गुणवारिणाविनिहितंषष्ठांशपोतानिशिः ॥ भ्रूशंखाक्षिशिरोरुजांबहुविधांकर्णास्यनाशागदं नक्तांधंतिमिरंचकाचपटलंदैत्यान्यथाकेशवः ॥ ८०० ॥

અર્થ—શ્રેષ્ટા (હરડાં, બેહડાં, આમળાં) લીંબડાની અંતર છાલ, કુકડવેલાનાં ફળ, મોથ, હળદર, ત્રાયમાણ, કીરીયાતું અને ગળો એઓને કવાથ છ ગણા પાણીમાં કરી એક હીસ્સો બાકી રહે ત્યારે રાત્રે પીએતો ભ્રમરોના લમણાના આંખના માથાના કાનના મુખના અને નાક એ સર્વના ઘણા પ્રકારના રોગ તથા રતાંધળાપણું, તિમિર, કાચ (મોતીયો) પડલ, એ સર્વ રોગોને જેમ શ્રીકૃષ્ણ પરમાત્માએ દૈત્યોનો નાશ કર્યો તેમ આ શ્રેષ્ટાદિ કવાથ નાશ કરે છે. ૮૦૦

પથ્યાદિ કવાથ.

पथ्याक्षधात्रीभूनिम्बै र्निशानिम्बामृतायुतः ॥ कृतः क्काथः षडंगोयं सगुडः शीर्षशूलहा ॥ १ ॥ भ्रूकर्णशंखशूलानि तथार्द्धाशिरसोरुजं ॥ सूर्यावर्तिशेषकंचदंतपातंचतद्रुजम् ॥ २ ॥ नक्तान्ध्यंपटलंशुक्रं चक्षुः पीडांव्यपोहति ॥ ३ ॥

અર્થ—હરડે, બેહડાં, આમળાં, કીરીયાતું, હળદર, લીંબડી છાલ અને ગળો એ સર્વનો કવાથ કરી છઠે ભાગે પાણી બાકી રહે ત્યારે ઉતારી ગોળ નાખી પીવાથી માથાની શૂળ (શણુકા,) ભ્રમર, કાન, લમણા એટલે ઠેકાણે સણુકા આવતા હોય તથા અર્દ્ધ કપાલી (અર્દ્ધ-અડધું માથું દુખેતે—આધાશીશી) સૂર્યવાયુ (ચઢતે સૂર્યે વધારે પીડા અને સૂર્ય નમે ત્યારે પીડા કમતી થતી જાય તે), દાંતનું પડવું તથા

૧ ઝેરકોચલાંને શુદ્ધ કરવાની રીત—ઝેરકોચલાંને જરા ઘી ચોપડી અંગારા ઉપર શેકી લેવાં અથવા ત્રણ દીવસ માટીમાં પલાળી રાખવાં, અથવા ડોલકાયંત્રે દુધ વા ગોમૂત્રમાં પકાવવાં અથવા તેલમાં તલી નાખવાં ત્યારબાદ ચાકુ વા છરીથી છોલીનાખી બે ફાડીમાં કરી અંદરની જીભી કાઢી ઝીણા ઝીણા કકડા કરી ખાંડી ઉપયોગમાં લેવાં.

દાંતના રોગ, રતાંધલાપણું, પડળ, ફૂલું અને તે શીવાય બાકીની આંખોની પીડાઓ દૂર કરે છે. ૧—૩

ક્ષુદ્રાદિ કાઢો-કવાથ.

क्षुद्रामृतानागरपुष्कराह्वैः कृतःकषायःकफमारुतोत्तरे ॥
सश्वासकाशारुचिपार्श्वशूले ज्वरेत्रिदोष प्रभवेप्रशस्यते ॥ ४ ॥

અર્થ—ઉભી રીંગણી, ગળો, સુંઠ અને પૂષ્કરમૂળ એઓનો વિધિવત કવાથ કરી પીએ તો કફ, વાયુ, શ્વાસ, ઉધરસ, અરૂચિ, પાંસળીયોમાં આવતું શૂળ અને ત્રિદોષ જ્વર વગેરેનો નાશ કરે છે. ૪

વૃદ્ધ-મોટો ક્ષુદ્રાદિ કવાથ.

क्षुद्रानिम्बपटोलचन्दनघनैस्तिक्तामृतापद्मकैः वासावेसणशुंठि पुष्करजटाभूनिंबभार्ग्यासह ॥ बीजंकुष्ठधमासकंक्रिमिरुजंकासंवमिः कामलं क्वाथंचाष्टविधंज्वरंकफमरुत्पित्तंसदाहंजयेत् ॥ ५ ॥

અર્થ—ઉભીરીંગણી, લીંબડાની અંતર છાલ, કુકડવેલાનાં ફળ, ચંદન, મોથ, કડુ, ગળો, પદમકનું લાકડું, અરડૂસો, ધાણા, સુંઠ, પુષ્કરમૂળ, કીરીયાતું, ભારંગી, ઈંદ્રિજવ, ઉપલેટ અને ધમાસો, એઓનો કવાથ કરી પીવાથી કૃમી રોગ (કરમીયા) ઉધરસ, ઉલટી, કમળો, આઠ પ્રકાર-જાતના તાવ, કફ, વાયુ, પિત્ત, શરીરની બળતરા (અથવા ત્રિવિધનો દાહ) જાય છે (મટે છે) ૫

હમેશાં તાવની શરૂઆતમાં ઉલટીની દવા આપી ઉલટી કરાવવી, મધ્ય ભાગમાં પાચન ઔષધો આપવાં એટલે સુંઠ, દેવદાર, ધાણા, બેઠી રીંગણી, ઉભી રીંગણી, એ પાંચ ઔષધીઓનો કવાથ કરીને આપવાથી તાવ પરીપકવ થાય છે અને તાવના અંતમાં રેચ આપવો, તાવ ઉતર્યા પછી ભોજન આપવું. એટલે રોગીની ઈચ્છા પ્રમાણે રોગને અનુકૂળ હલકું ભોજન સાંજની વખતે આપવું, પણ તાવમાં બીલકુલ લંઘન કરવું કહ્યું હોય તો ન આપવું, તાવની સરૂઆતથી સાત રાત્રી સુધી તરૂણ તાવ બાર રાત્રી સુધી મધ્યમ અને પછી જીર્ણજ્વર (પરીપકવ) થયો સમજવો.

ચિકિત્સાંજન.

એજ ક્વાથનું બીજે પ્રકારે કથન.

क्षुद्राधान्यकशुंठिभि र्गुडूचीमुस्तपद्मकैः ॥ रक्तचन्दनभूनिम्ब पटोलवृषपुष्करैः ॥ ६ ॥ कटुकेंद्रयवारिष्ट भार्गीपर्प्पटकैः समैः ॥ क्वाथंप्रातर्निषेवेत सद्यः शीतज्वरच्छिदं ॥ ७ ॥

અર્થ—ઉભીરીંગણી, ધાણા, સુંઠ, ગળો, મોથ, પદમકનું લાકડું, રતાંજળિ, કીરીયાતું, કુકડવેલાનાં ફળ (અથવા, કડવાં પરવળ–પડવળ) અરડૂસો, પૂષ્કર મૂળ, કડુ, ઇંદ્રજવ, લીંબડાની અંતર છાલ, ભારંગી અને પિત્તપાપડો, એ સર્વ સમાન ભાગે લેઈ કવાથ કરી સવારે સેવન કરે તો નિશ્ચે ટાઢીયો (શિતજ્વર) નાશ થાય છે. ૬–૭

ધાણા પંચક ક્વાથ.

धान्यनागरमुस्तंच वालकंबिल्वमेवच ॥
आमशूलविबंधघ्नं पाचनंवन्हिदीपनं ॥ ८ ॥

અર્થ—ધાણા. સુંઠ, મોથ, નેત્રવાળો અને બીલીનો ગર્ભ, એઓનો ક્વાથ પીવાથી આમની શૂળ (અથવા આમ અને શૂળ) બંધ કોષને નાશ કરેછે, પાચન કર્તા છે, જઠરાગ્નિને સતેજ કરે છે. ૮

બીજો ઉપાય.

धान्यनागरजः क्वाथः पाचनोदीपनस्तथा
एरण्डमूलयुक्तश्च जयेदामानिलव्यथां ॥ ९ ॥

અર્થ—ધાણા, સુંઠ, એ બેનો ક્વાથ પાચન ક્રિયા કરવામાં બા જઠરાને પ્રદિપ્ત કરવામાં શ્રેષ્ઠ (સારો) છે તથા તેમાં એરંડાનું મૂળ નાખી કવાથ પીધો હોય તો આમ વાયુની પીડાને દૂર કરે છે. ૯

ગરમાળા પંચક.

आरग्वधंग्रंथिकतिक्तमुस्ता हरीतकीभिः क्वथितः कषायः ॥
सामेसशूलेकफवातयुक्ते ज्वरेहितादीपनपाचनश्च ॥ १० ॥

અર્થ—અમલતાસ (ગરમાળો) પીપરીમૂળ, કડુ, મોથ, અને હરડેદળ, એઓનો ક્વાથ કરી પીવાથી આમશૂળ, કફ અને વાયુના તાવને હિતકારી છે, તથા દીપન, પાચન કરવાના ગુણવાળો છે. ૧૦

પંચભદ્ર કાઢો.

पर्प्पटांब्दाऽमृताविश्व किरातैः साधितंजलं ॥
पञ्चभद्रमिदंज्ञेयं वातपित्तज्वरापहं ॥ ११ ॥

અર્થ—પીત્તપાપડા, મોથ, ગળો, સુંઠ, અને કીરીયાતું, એ ઔષધીઓનો ક્વાથ કરી પીવાથી વાત પિત્તનો તાવ મટે છે આનું નામ પંચાભદ્ર ક્વાથ છે. ૧૧

સઠયાદિ ક્વાથ.

सठीपुष्करमूलंच भार्गीशृंगीदुरालभा ॥ गुडूचीनागरापाठा किरातंकटुरोहिणो ॥ १२ ॥ एष सठ्यादिकः क्वाथः सर्ववातज्वरापहः ॥ कासादिसोफयुक्तेषु दद्यात्सोपद्रवेषुच ॥ १३ ॥

અર્થ—કચૂરો, પૂષ્કર મૂળ, ભારંગી, કાકડાસિંગી, જવાસો, ગળો, સુંઠ, કાળીપાઠ, કીરીયાતું, કટુ અને રોહુણી વા કડુ, આ સઠયાદિ ક્વાથ બનાવી પીવાથી તમામ વાતજ્વર, ઉધરસ, સોજો એ સર્વ [1]તાવના ઉપદ્રવ નાશ થાય છે. ૧૨—૧૩

વૃહત્સઠયાદિ ક્વાથ.

सठीपटोलद्विनिशोग्रगंधा वासाकिरातंदशमूलधारा ॥ सह्राचरीभार्गिवरीसशृंगी रास्नेन्द्रबीजंशुरदारुशिग्रुः ॥ १४ ॥ दुरालभाधान्यकशुंठिपाठा सुरेन्द्रकल्कंसहरीतकीभिः ॥ आर्यतकेन्द्रोकटुकागदंच कषायएषांविहितः सवायौ ॥ १५ ॥ श्लेष्मज्वरेकासस-

---

૧ તાવના દશ ઉપદ્રવ શોષ, ઉધરસ, શ્વાસ, હેડકી, ઉલટી, અતિસાર, અરૂચિ, બંધકોષ, આફરો અને મૂર્છા એ ૧૦ તાવનાં નજીકનાં સંબંધી (સગાં) છે એટલે તરસ-શોષ એ તાવની સ્ત્રી છે, ઉધરસ અને શ્વાસ એ બે દીકરા છે, હેડકી અને ઉલટી એ બે તાવની દીકરીઓ છે, અતિસાર તાવનો ભાઈ છે, અરૂચિ તાવની બ્હેન છે, બંધકોષ તાવનો ભાણેજ છે, આફરો તાવનો સસરો છે, અને મૂર્છા તાવની લુંડીછે. એમાં જે વધારે બળવાન જણાય તેને દાબી દેવા યત્ન કરવો.

श्वासशूले वाताधिकेरोगिणिशोतकेच ॥ चिरज्वरेकासस्श्वासकेपि नूनंहितोयंसततंसख्यादि ॥ १६ ॥

અર્થ—કચૂરો, કુકડવેલનાં ફળ, દારૂ હરદળ, વજ, અરડૂસો, કીરીયાતું. દશમૂળ, ગળો, કંટાશરીયો; ભારંગી, સતાવરી, કાકડાસિંગી, રાસ્ના, ઈંદ્રિજવ, દેવદાર, સરગવો, જવાસો, ધાણા, સુંઠ, કાળીપાઠ, કડાછાલ (ઈંદ્રિજવના ઝાડ-કડાની છાલ) હરડેદળ, ત્રાયમાણ, ઈંદ્રિવારૂણી, અને કડુ એ સર્વ સમાન લેઈ કવાથ કરી પીવાથી, વિશેષે કરીને વાયુ, શ્લેષ્મ જ્વર, ઉધરસ, શ્વાસ, શૂળ, વાયુના રોગ, ચિતભ્રમ, ઉધરસ અને શ્વાસ સહીત લાંબા સમયથી આવતો તાવ, તેને હમેશાં આ કવાથ હિતકારી છે. ૧૪—૧૬

પટોળાદિ કવાથ.

पटोलंचगुडूचीच मुस्ताचैवधमासकं ॥ निंबत्वक्पर्पटंतिक्ता भूनिंबत्रिफलावृषाः ॥ १७ ॥ पटोलादिरयंक्वाथो वातज्वरहरः स्मृतः ॥ १८ ॥

અર્થ—પટોલ (કુકડવેલાનાં ફળ) ગળો, મોથ, ધમાસો, લીંબડાની અંતર છાલ, પિત્તપાપડો, કડુ, કીરીયાતું, ત્રિફળાં, અને અરડૂસો, એઓનો કવાથ કરી પીએ તો વાત (વાયુજ્વર)ના તાવને દૂર કરે છે. ૧૭—૧૮

મુસ્તાદિ કવાથ.

मुस्तापर्पटकंशुण्ठी गुडूचीसदुरालभा ॥
कफवातारुचिश्छर्दि दाहशोषज्वरापहं ॥ १८ ॥

અર્થ—મોથ. પિત્તપાપડો, સુંઠ, ગળો, અને ધમાસો એઓનો કવાથ કરી પીએ તો કફ, વાયુ, ઉલટી. શરીરની બળતરા, શોષ, અને જ્વર એ સર્વને મટાડે છે. ૧૯

વૃદ્ધ મુસ્તાદિ કવાથ.

मुस्तागुडूचीसहनागरेण वासाजलंपर्पटकंचपथ्या ॥
क्षुद्राचतुस्पर्शयुतः कषायः पीतोहितोवातज्वरकफस्य ॥ २० ॥

અર્થ—મોથ, ગળો, સુંઠ, અરડૂસો, નેત્રવાળો, પિત્ત પાપડો, હુરડેદળ, ઉભીરીંગણી અને જવાસો એઓનો કવાથ કરી પીવાથી વાયુના તાવ અને કફના તાવને હીતકારી છે. ૨૦

ગડૂચ્યાદિ કવાથ.

गुडूचीनिम्बधान्याकं पद्मकंरक्तचन्दनं ॥
एष सर्वज्वरंहन्ति गुडूच्यादिस्तुदीपनः ॥ २१ ॥

અર્થ—લીંબડાની અંતર છાલ, ધાણા, પદમકનું લાકડું અને રતાંજળી, એઓનો કવાથ કરી પીવાથી સર્વ જાતના તાવ મટે છે. અને જઠરાગ્નિને દીપાવે છે. ૨૧

વૃદ્ધગડૂચ્યાદિ કવાથ.

गुडूचीधान्यकौशीर शुंठीवालकपर्प्पटैः ॥ बिल्वमतिविषापाठा रक्तचन्दनवत्सकैः ॥ २२ ॥ किरातमुस्तेंद्रयवैः क्वाथितंशिशिरेजले सक्षौद्रंरक्तपित्तघ्नं ज्वरातीसारनाशनं ॥ २३ ॥

અર્થ—ગળો, ધાણા, નેત્રવાળો, સુંઠ,સુંગધીવાળો, પીત્તપાપડો, બીલીનો ગર્ભ, અતિવિષ, કાળીપાઠ, રતાંજળી, કડાની છાલ, કીરીયાતું, મોથ અને ઇંદ્રિજવ, એ સર્વનો કવાથ કરી જરા ઠંડો થયા પછી મધ નાખી પીવાથી રગ્ત પિત્ત, તાવ અથવા તાવ સાથે અતિસાર વગેરે સર્વ નાશ થાય છે. ૨૨—૨૩

ચંદનાદિ કવાથ.

चन्दनंचसुगंधंच वालकंपित्तपर्प्पटं ॥
मुस्ताशुंठीकिरातंच उशीरंपित्तनाशनं ॥ २४ ॥

અર્થ—ચંદન, સુગંધીવાળો, પિત્તપાપડો, મોથ, સુંઠ, કીરીયાતું અને નેત્રવાળો, એઓનો કવાથ કરી પીવાથી તમામ પિત્ત નાશ થાય છે. વા પિત્તજ્વરનો નાશ થાય છે. ૨૪

વૃદ્ધ ચંદનાદિકવાથ.

मलयजपिचुविश्वाश्रीफलंपद्मकंच जलरुहकटुमुस्तासारिवाराद्दहूरा ॥ अतिविषयवयष्टीकल्पितस्तुल्यभागैः हरतिगुरुविबाधांपित्तसन्तापमूर्च्छा ॥ २५ ॥

અર્થ—મળયા ગીરી ચંદન, લીંબડાનીઅંતર છાલ, સુંઠ, બીલીનો ગર્ભ, પદમકનું લાકડું, કમળ (અથવા કમળ કાકડી જેને મારવાડમાં પબોડી કહે છે) કડું, મોથ, ઉપળસરી, મનકા દ્રાખ, અતિવિષ, ઇંદ્રજવ અને જેઠી મધ, એ સર્વ સમ માત્રા એ (સરખે ભાગે) લેઈ કવાથ કરી વિધિ યુગ્ત પીવાથી મોટી પિત્ત પીડા અને મૂર્છા દૂર થાય છે. ૨૫

ત્રાયમાણાદિ કવાથ.

त्रायंतीपर्प्पटोशीर तिक्ताभूनिम्बदुस्पृहा ॥
कषायोमधुसंयुक्तो पित्तज्वरविनाशनः ॥ २६ ॥

અર્થ—ત્રાયમાણુ, પિત્તપાપડો, વાળો (ખસ), કડુ, કીરીયાતું અને જવાસો, એ સર્વનો કવાથ મર્યાદા પ્રમાણે કરી મધ નાખી પીવાથી પિત્તજવર નાશ પામે છે. ૨૬

વૃદ્ધ ત્રાયમાણાદિ કવાથ.

त्रायंतींद्रयवावासा छिन्नातिक्तापटोलकैः ॥ निम्बदुस्पर्शभूनिम्बसम्पाकपद्मपर्प्पटैः ॥ २७ ॥ अष्टावशेषतः क्वाथः पित्तश्लेष्मज्वरापहः ॥ २८ ॥

અર્થ—ત્રાયમાણુ, ઇંદ્રજવ, અરડૂસો, ગળો, કડુ, કુકડવેલાનાં ફળ, લીંબડાની અંતર છાલ, જવાસો, કીરીઆતું, ગરમાળો, પદમકનું લાકડું અને પિત્તપાપડો, એઓનો કવાથ કરી અષ્ટમાંશ (આઠમા ભાગનું) રહે ત્યારે પીવાથી પિત્ત શ્લેષ્મના તાવને દૂર કરે છે. ૨૭–૨૮

દ્રાક્ષાદિ કવાથ.

द्राक्षाभयापर्प्पटकाब्दतिक्ता क्वाथंससम्यक्सफलंविदध्यात् ॥
प्रलापमूर्च्छाभ्रमदाहसोफ तृष्णान्वितेपित्तनवज्वरेपि ॥२९॥

અર્થ—દ્રાખ, હરેડેદળ, પિત્તપાપડો, મોથ અને કડુ, એ સર્વનો કવાથ કરી ગરમાળાનીસીંગના ચૂર્ણના પ્રતિવાસ સાથે પીવાથી બકવા, મૂર્છા, ભ્રમ (ચિતભ્રમ અથવા ફેર–ચક્કર) શરિરમાં થતી બળતરા, સોજો, તૃષ્ણા (તરસ) એ સર્વ ઉપદ્રવોએ કરી સહીત પિત્તજવર નાશ પામે છે. ૨૯

વાસાદિ કવાથ.

वासाद्राक्षाभयाकाथः पीतः सक्षौद्रशर्करः ॥
निहंति रक्तपित्तार्ति श्वासंकासंज्वरंतथा ॥ ३० ॥

અર્થ—અરડૂસો, કાળી દ્રાખ અને હરડેદળ એઓનો કવાથ કરી મધ અને શાકરનાખી પીવાથી રક્તપિત્ત, શ્વાસ, ઉધરસ, તાવ એ સર્વની ઉપાધિ નાશ થાય છે. ૩૦

એજ કવાથનું બીજા પ્રકારે કથન.

वासाक्षुद्रामृतामुस्ता शुंठीधात्रीसमाक्षिकः ॥
पिप्पलीचूर्णसंयुक्तो विषमज्वरनाशनः ॥ ३१ ॥

અર્થ—અરડૂસો, ઉભી રીંગણી, ગળો, મોથ, સુંઠ અને આમળાં, એઓનો કવાથ કરી મધ અને પીપરનું ચૂર્ણ નાખી પીવાથી વિષમજ્વર નાશ થાય છે. ૩૧

તાવના ઉપાય.

पटोलंत्रिफलानिम्बः द्राक्षासम्पाकवासकैः ॥ क्वाथःसितामधुयुतं प्रवेदेकाहिकेज्वरे ॥ ३२ ॥ गुडूचीधान्यमुस्ताभि श्चंदनौशीरनागरैः ॥ कृतः क्वाथंपिबैत्क्षौद्रं सितायुक्तंज्वरातरः ॥ ३३ ॥ ततीयज्वरनाशाय तृष्णादाहनिवारणं ॥ पीतोमरीचचूर्णेन तुलसीपत्रजोरसः ॥३४॥ द्रोणपुष्पोरसोवापि निहंतिविषमज्वरान् ३५

અર્થ—કુકડવેલાનાં ફળ, ત્રિફળાં, લીંબડાની અંતર છાલ, કાળી દ્રાખ, ગરમાળો અને અરડૂસો, એ સર્વનો ક્વાથ કરી મધ, સાકર સાથે પીવાથી એકાંતરીયો તાવ જાય છે. ૩૨

તથા ગળો, ધાણા, મોથ, ચંદન, સુગંધીવાળો અને સુંઠ, એઓનો કવાથ કરી મધ સાકર નાખી પીવાથી તરીયો તાવ, તરસ, બળતરા વગેરે મટે છે. ૩૩

અથવા મરીયાનું ચૂર્ણ તુળસીના રસમાં પીવાથી વા દ્રોણપુષ્પી (કુબા)ના રસમાં પીવાથી વિષમજ્વર નાશ થાય છે. ૩૪

તાવ સાથે અતિસાર (ઝાડાનું દરદ) હોય તે ઉપર નાગરાદિ કવાથ.

नागरातिविषामुस्ता भूनिम्बामृतवत्सकैः ॥
सर्वज्वरहरःकाथः सर्वातीसारनाशनः ॥ ३५ ॥

અર્થ—સુંઠ, અતિવિષ, મોથ, કીરીયાતું, ગળો, અને ઇંદ્રજવના ઝાડની છાલ, એઓનો કવાથ કરી પીવાથી સર્વ જાતના તાવ અને સર્વ જાતના અતિસાર નાશ થાય છે. ૩૫

અતિસાર માટે વત્સકાદિ કવાથ.

सवत्सकः सातिविषः सबिल्वः सोदीच्यमुस्तश्चकृतःकषायः ॥
सामेसशूलेचसशोणितेच चिरप्रवृत्तेचहितोतिसारे ॥ ३६ ॥

અર્થ—ઇંદ્રજવના ઝાડની છાલ, અતિવિષ, બીલીનો ગર્ભ, વાળો અને મોથ, એ સર્વનો કવાથ કરી પીવાથી આમ, શૂળ, (અથવા આમ શૂળ) લોહી ખંડવાડો (રક્તાતિસાર) અને ઘણા દીવસનો ઝાડાનો રોગ નાશ થાય છે. ૩૬

અતિસાર માટે કુટજાષ્ટક કવાથ.

कुटजातिविषापाठा धातुकीलोध्रमुस्तकैः ॥ ह्रीबेरदाडिमयुतैः कृतः काथः समाक्षिकः ॥ ३७ ॥ पेयोमोचरसेनैव कुटजाष्टकसंज्ञकः ॥ अतिसारान्जयेद्दाहं रक्तशूलामदुस्तरान् ॥ ३८ ॥

અર્થ—ઇંદ્રજવાના ઝાડની છાલ, અતિવિષ, કાળીપાઠ, ધાવડીનાં ફૂલ, પઠાણુ લોદર (લોધ્ર) મોથ, વાળો અને દાડમના દાણા, એ સર્વનો કવાથ કરી મધ નાખી, મોચરસના પ્રતિવાસ સાથે પીવાથી, અતિસાર માત્ર, બળતરા, લોહીનું પડવું, કઠિણ શૂળ અને આમનો રોગ એ સર્વ નાશ થાય છે. ૩૭—૩૮

અતિસારના ઉપાય.

मोचरसश्चमंजिष्ठा धातुकीपद्मकेशरं ॥ पिष्टैरेतैर्यवागूःस्या द्रक्तातीसारनाशिनी ॥ ३९ ॥ धातुकीविश्वपाषाण सालूरमजमोदकं ॥ मुस्तामोचरसंतक्रं सर्वातीसारनाशनं ॥ ४० ॥

અર્થ—મોચરસ, મજીઠ, ધાવડીનાં ફૂલ અને કમળ ફૂલની

કેશર, એ સર્વને વાટી [1]યવાગુ સાથે પીવાથી રક્તાતિસાર (ઝાડા સાથે લોહી પડતું હોય તે) મટે છે. ૩૯

અથવા, ધાવડીનાં ફૂલ, સુંઠ, પાષાણ ભેદ, બીલીનો ગર્ભ, અજમોદ, મોથ અને મોચરસ એ સર્વનું ચૂર્ણ ગાયની છાસ સાથે પીવાથી સર્વ જાતના અતિસાર મટે છે. ૪૦

દાર્વ્યાદિ ક્વાથ.

दार्व्यंबुदातिक्तफलत्रिकंच क्षुद्रापटोलंरजनोसनिंबम् ॥
काथंविदध्याज्ज्वरसन्निपाते निश्चेतनेपुंसिविबोधनार्थं ॥ ४१ ॥

અર્થ—દારૂ હળદર, મોથ, કડુ, ત્રિફળાં, ઉભી રીંગણી, કુકડવેલાનાં ફળ, હળદર અને લીંબડાની અંતર છાલ એ સર્વનો ક્વાથ કરી પીવાથી જ્વર વા સન્નિપાત જ્વર અને અચેતન (અવાચક)તા વગેરેને ફાયદા કારક છે. ૪૧

હરિદ્રાદિ ક્વાથ.

हारिद्रकेहरिद्राभो वर्णमूत्रादिरर्तिमान् ॥ आदौविरेचनंकृत्वास्तम्भयेत्तदनन्तरं ॥ ४२ ॥ शृंगैर्यद्वाजलौकाभो रक्तस्रावन्तुकारयेत् ॥ त्रायंतोमुस्तमधुका द्राक्षाभूनिम्बवासकैः ॥ ४३ ॥ गुडूचीपिप्पलीमूलं निम्बैःकाथंप्रकारयेत् ॥ शोतंमधुयुतंदद्यात् हारिद्रज्वरनाशनं ॥ ४४ ॥

बालंचपर्प्पटंमुस्ता गुडूचीधान्यकंशिफा ॥ आरग्वधंनिंबछाली तिक्तानंताहरीतकी ॥ ४५ ॥ द्राक्षाचचन्दनंरक्तं पद्मकंचशतावरींसममात्राकृतः काथो हारिद्रकज्वरोमतः ॥ ४६ ॥ पुनर्नवानिम्बकिरातकंच पटोलिकाचापिसतिक्तकंच ॥ निशामृतावाखदिरंकणाच हारिद्रकंशाम्यतितत्क्षणाच्च ॥ ४७ ॥

---

[1] સોળ તોલા દ્રવ્યમાં સોળગણું પાણી (૨૫૬ તોલા) નાખી ઉકાળવું અરધ ભાગ રહે ત્યારે ગળી લેવું. તે પાણીને યવાગુ કહે છે આંબાની છાલ વા જાંબુની છાલ અને ભાત વગેરે પદાર્થોનો પણ યવાગુ થાય છે.

અર્થ—હળદરૂવો (પીળીયો) જે પુરૂષને થયો હોય તેનું શરીર અને મૂત્ર હળદરના જેવાં પીળાં હોય છે, પેટમાં દરદ થાય છે. તેને રેચ આપવો થોડા વખત પછી શીંગડી અથવા જળો મૂકી લોહી કઢાવવું, પછી ત્રાયમાણ, મોથ, જેઠી મધ, કાળી દ્રાખ, કીરીઆતું, અરડૂસો, ગળો, પીપરીમૂળ અને લીંબડાની અંતર છાલ એ સર્વનો ક્વાથ કરી જરા ઠંડો થયા પછી મધ નાખી પીવાથી પીળીયો (કમળાનો ભેદ) થવાથી તાવ આવ્યો હોય તે મટે છે. અથવા નેત્રવાળો, પિત્તપાપડો, મોથ, ગળો, ધાણા, વરીઆળી, ગરમાળો, લીંબડાની અંતર છાલ, કડુ, અનંત મૂલ (જવાસો) હરડેદળ, કાળી દ્રાખ, રતાંજળિ, પદમકનું લાકડું અને સતાવરી, એ સર્વ સમાન ભાગે લેઈ ક્વાથ કરી પીવાથી હરીદ્રક (પીળીયાનો) રોગ મટે છે. અથવા સાટોડીની જડ, લીંબડાની અંતર છાલ, કીરીયાતું, કુકડવેલાનાં ફળ, કડુ, હળદર, ગળો, ખેરનાં છોડીયાં, અને પીપર, એ ઔષધોનો ક્વાથ આપવાથી તત્કાળ હારીદ્રક રોગ નાશ પામે છે. ૪૨—૪૭

કમળા ઉપર રજન્યાદિ ક્વાથ.

हरिद्रामुस्तभूनिम्ब त्रिफलारिष्टवासकं कंटकारीद्वयंभार्ङ्गी कटुकनागरंकणा ॥ ४८ ॥ पटोलंपर्प्पटंशृंगी देवदारुसरोहिषं ॥ धन्विकंबलाबिल्व कुंभकारीहरीतकी ॥ ४९ ॥ कट्फलंकुटजंश्यामा सर्वमेकैकन्नागिकं ॥ रास्नाभागद्वयंचात्र दत्वाकाथंचसाधयेत् ॥ ५० ॥ व्योषचूर्णयुतः काथो ज्वरंहन्तित्रिदोषजम् ॥ त्रयोदशमहाघोरान् अंधकारानूयथारविः ॥ ५१ ॥ वमिः स्वेदः प्रलापंच स्तैमित्यंशीतगात्रता ॥ मोहतन्द्रातृषाश्वास कासदाहाग्निमंदहा ॥ ५२ ॥ हृत्पार्श्वशूलविष्टंभ कंठकूजनकंतथा ॥ जिह्वास्फुटनकंकर्ण शूलंचाशुविनाशयेत् ॥ ५३ ॥ नातः परतरंकिंचि दौषधंसन्निपातक ॥ रजन्यादिगणोह्येष धन्वंतरिविनिर्मितः ॥ ५४ ॥

અર્થ—હળદર, મોથ, કીરીયાતું, ત્રિફળાં, લીંબડાની અંતર છાલ, અરડૂસો, ભોંય રીંગણી, મોટી રીંગણી, ભારંગી, કડુ, સુંઠ, પીપર,

કુકડવેલાનાં ફલ, પિત્તપાપડો, કાકડાસિંગ, દેવદાર, રોહીષનાં ફૂલ, ધાણા, બળબીજ, બીલીનો ગર્ભ, કલથી (અથવા ચિમેડ) હરડેદળ, કાયફળ, ઇંદ્રિજવના ઝાડની છાલ, અને કાંગ. એ સર્વે સરખે ભાગે લેવાં, રાસ્નાના એક ઔષધના ભાગથી બમણી લેવી, વિધિયુક્તએઓનો કવાથ કરી ત્રિકટુના ચૂર્ણનો પ્રતિવાસ દેઈ પીવાથી તાવ, ઘણાજ આકરા ૧૩ જાતના સન્નિપાત (ત્રિદોષ) જેમ સૂર્યના ઉદયથી અંધારાનો નાશ થાય છે તેમ તે રોગોનો નાશ થાય છે. તથા ઉલટી, પરસેવો, બકવા, શરીર બીલકુલ ઠંડું થઈ ગયું હોય, મૂર્છા (બે ભાની-અચેતન) ઘેન, તરસ, શ્વાસ, ઉધરસ, શરીરની બળતરા, મંદાગ્નિ, છાતી અને પાંશળીઓની શૂળ, વિષ્ટંભ, કંઠ કુંજન, જીભ ઉપર ચીરા પડી ગયા હોય અને કાનમાં આવતા સણકા, એ સર્વ રોગ નાશ પામેછે. સન્નિપાત અને તેના ઉપદ્રવો મટાડવાને કોઈ પણ આનાથી વધારે સારી દવા છેજ નહિ, આ રજન્યાદિ કવાથ શ્રી ધન્વંતરીજીએ બનાવેલ (કહેલ) છે. ૪૮—૫૪

કમળા ઉપર ત્રિફળાદિ કવાથ.

'फलत्रिकामृतातिक्ता निंबकैरातवासकाः ॥ हरिद्रपद्मकंमुस्ता पामार्गंचन्दनंकणा ॥ ५५ ॥ पटोलंपर्प्पटंचैषां काथः कमलघातहा ॥ त्रिफलायारसः क्षौद्र युक्तोदार्वीरसोयवा ॥ ५६ ॥ निंबस्यवा-गुडूच्यावा पीत्वाजयतिकामलां ॥ ५७ ॥ कटुकासैंधवंचैव अपा-मार्गस्यभस्मच ॥ श्वेतजोरकसंयुक्तः कामलायाश्चनाशनः ५८

અર્થ—હરડાં, બેહડાં, આમળાં, ગળો, કડુ, લીંબડાની અંતર છાલ, કીરીયાતું, અરડૂસો, હળદર, પદમકનું લાકડું, મોથ, અંધાડો, ચંદન, પીપર, કુકડવેલાનાં ફલ અને પિત્તપાપડો, એઓનો કવાથ કરી પીવાથી કમળો દૂર થાય છે. અથવા ત્રિફળાનો રસ, લીંબડાની અંતર છાલનો રસ અને ગળોનો રસ, મધ નાખી પીવાથી કમળો મટે છે. અથવા કડુ, સિંધાલુણ, અંઘાડાની રાખ અને જીરૂ (ધોળું જીરૂ) એઓનો કવાથ કરી પીવાથી કમળો નાશ પામે છે. ૫૫—૫૮

મૂત્ર કૃચ્છ્ર ઉપર એલાદિ કવાથ.

एलामधुकगोकंट रेणुकैरंडवासकैः ॥ कृष्णाश्मभेदसहितः काथएषः शोधितः ॥ ५९ ॥ शिलाजतुयुतः पेयः शर्कराश्मरिकृच्छ्रहा ॥ ६० ॥

અર્થ—એલચી, જેઠીમધ, દેશી ગોખરૂ, નાગોડનાં બીજ, એરંડાનું મૂળ, અરડૂસો, પીપર અને પાખાણભેદ એ સર્વનો કવાથ કરી શોધેલો (શિલાજીત નાખી પીવાથી વેકર (ઝીણી કાંકરીઓ) પથરી અને પેશાબ થોડો થોડો પીડા સાથે થતો હોય તે મટે છે. ૫૯—૬૦

બીજો ઉપાય.

हरीतकीगोक्षुरराजवृक्ष पाषाणभिद्धन्वयवासकानां ॥
क्वाथंपिबेन्म क्षिकसंप्रयुक्तं कृच्छ्रेसदाहेसरुजोविबंधे ॥६१॥

અર્થ—હરડેદળ, ગોખરૂ, ગરમાળો, પાખાણભેદ ધાણા અને જવાસા એઓનો કવાથ કરી મધ નાખી પીવાથી બળતરા સાથે પેશાબની પીડા અથવા પેશાબ બંધ હોય તે મટે છે. ૬૧

ત્રીજો ઉપાય.

रसांजनंतन्दुलयस्यमूलं क्षौद्रान्वितंतन्दुलतोयपीतं ॥
असृग्दरंसर्वभवंनिहंति श्वासंचभार्गीसहनागरेण ॥ ६२ ॥

અર્થ—રસવંતી અને તાંદળજાનાં મૂળ, સાઠી ચોખાના ધોવણ સાથે પીવાથી પેશાબની સઘળી પીડાઓ મટે છે, અને એજ દવા ભારંગી અને સુંઠ, સાથે પીવાથી શ્વાસ મટે છે. ૬૨

ચોથો ઉપાય.

फलत्रिकाब्ददार्वीणां विशालायाः शृतंपिबेत् ॥
निशाकल्कयुतंसर्व प्रमेहविनिवृत्तये ॥ ६३ ॥

અર્થ—ત્રિફળાં, મોથ, દારૂહળદર અને ઇંદ્રિવારૂણી (ઇંદરવરણાં અથવા તેનું મૂળ) એઓનો કવાથ કરી હળદરના ચૂર્ણનો પ્રતિવાસ દેઈ પીવાથી સર્વ જાતના પ્રમેહ અને પેશાબની પીડા દૂર થાય છે. ૬૩

શૂળ સાથેના પ્રદર રોગ મટવાનો ઉપાય.

दार्वीरसांजनंमुस्तं भल्लातः श्रीफलंवृषम् ॥ किरातश्चपिबेदे-
षांक्वाथंशीतंसमाक्षिकं ॥ ६४ ॥ जयेत्सशूलंप्रदरं पीतश्वेतासिदा-
रुणं ॥ ६५ ॥

અર્થ—દારૂ હળદર, રસાંજન (રસવંતી) મોથ, ભિલામાં, બીલાનો ગર્ભ, અરડૂસો અને કીરીયાતું એ સર્વનો ક્વાથ કરી જરા ઠંડો થયા પછી મધ નાખી પીવાથી શૂળ અથવા યોનિનું શૂળ, પ્રદર-ધોળી ધાતુનું યોનિ માર્ગથી પડવું, તથા પીળી ધાતુ પડે વા, મળ ગુગળી કાળશ પડતી, તથા લોહીવા (રક્ત પ્રદર) વગરે સર્વ મટે છે. ૬૪—૬૫

બીજો ઉપાય.

पलाशरोहीतकमूलपाठा क्वाथंविदध्यात्प्रदरंसपाण्डौ ॥
पीतेशितेयंमधुनंप्रयुक्तं प्रसिद्धियोगः शतशोनुभूतः ॥ ६६ ॥

અર્થ—ખાખરાનું મૂળ, રોહીડાનું મૂળ અને કાળીપાઠ એઓનો ક્વાથ જરા ઠંડો થયા પછી મધ નાખી પીવાથી ધોળી, પીળી, ધાતુ યોનિ માર્ગથી પડતી હોય તેને નિશ્ચે મટાડે છે આ પ્રસિદ્ધ યોગ સેંકડો વખત અનુભવેલો છે, એમ ગ્રંથકર્તા કહે છે. ૬૬

ઉલટી અને [1]હેડકીના ઉપાય.

क्वाथोगुडूच्याममधुः सुशीतः पीतःप्रशांतिंवमनस्यकुर्यात् ॥
विण्मक्षिकानांमधुनावलीढा सचंदनंशर्करयान्वितावा ॥ ६७ ॥
नीरेणसिंधूत्थरजोतिसूक्ष्मं नश्येन्ननूनंविनिहंतिहिक्कां ॥
मयूरपिच्छस्यशिखास्यकृष्णा मध्वन्विताबाकटुकासधातुः ६८

અર્થ—ગળોનો ક્વાથ કરી મધ નાખી જરા ઠંડો થયા પછી પીવાથી ઉલટી બંધ થાય છે. અથવા માખીની હગાર મધની સાથે

---

૧ હેડકીના રોગીને ચિંતાકારી, ભયકારી અને એકદમ ધ્રાસકો પડે તેવી વાર્તા કહેવાથી પણ ઘણી વખત તે રોગ મટી જાય છે તેમજ નાશાને, થોડીવાર બંધકરી શ્વાસ રોકવાથી શહેજની હેડકી મટે છે.

ચાટે તો ઉલટી બંધ થાય. (આ ઉપાય ઘણોજ ઉત્તમ છે) અથવા ચંદન અને સાકરનું પાણી પીવાથી ઉલટી મટે છે, અથવા સિંઘાલુણ પાણીમાં ઘસી નાશ દેવાથી હેડકી મટે છે તથા પીવાથી ઉલટી મટે છે. અથવા મોરની પાંખના ચાંદલા બાળી રાખ કરી મધની સાથે ચાટવાથી ઉલટી અને હેડકી મટે છે (આ ઉપાય ઘણોજ ઉત્તમ છે) અથવા પીપરનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી વા, કડુ સોનાગેરૂ મધ સાથે ચાટવાથી હેડકી નાશ પામે છે. ૬૭—૬૮

નાહનાં બાળકોનો ઝાડો મટવાનો ઉપાય.

बिल्वंचपुष्पाणिचधातुकीनां जलंसलोध्रंगजपिप्पलीनां ॥
क्वाथोवलीढोमधुनावमिश्रं बालेषुयोगोह्यतिसारितेषु ॥ ६९ ॥

અર્થ—બીલાનો ગર્ભ (અથવા નાહની બીલીઓ,) ધાવડીનાં ફૂલ, વાલો (અથવા મોથ) લોદર અને ગજપીપર એ સર્વનો કવાથ કરી મધ નાખી પાવાથી અથવા તેઓનું ચૂર્ણ કરી મધમાં ચટાડવાથી બાળકોનો અતિસાર (ઝાડો) મટે છે. ૬૯

[1]બાળકોના રોગોનો ઉપાય.

शृंगीमाद्रीकणाचूर्णं शिशुर्मधुयुतंलिहेत् ॥ कासश्वासविषच्छर्दीं हन्यादेवाश्वासंशयम् । ७० । कृष्णारुणाशृंगीपयोधराणां सचूर्णितं माक्षिक संप्रयुक्तम् ॥ शिशोर्ज्वरछर्द्यतिसारकास श्वासघ्नमेतत् समुदाहरंति ॥ ७१ ॥

---

૧ બાલકના રોગોને જાણવાની યુક્તિ—જો બાલક વધારે રૂવે તો વધારે અને ઓછું રૂવે તો ઓછી પીડા છે એમ સમજવું તથા જે જગોએ ઘડીએ ઘડીએ તે હાથ અડકાડતું હોય વા આપણો હાથ અડતાં શરીર ચોરે છે, અથવા આપણા હાથનો જ્યાં સ્પર્શ સહન ન કરી શકે તો તે સ્થળે તેને દરદ થાય છે. તેમજ આંખો મીચી રાખે તો માથામાં પીડા સમજવી, જીભ ઓઠ કરડે, શ્વાસ હોય અને મુઠીઓ વાળે તો છાતીમાં પીડાછે, ઝાડોબંધ, ઉલટી હોય, આતરડાં બોલે અને પેટ ચઢયું હોય તથા પીઠ તરફ નમીને પેટ ઊંચું કરે તો પેટમાં પીડાછે, ઝાડો પેશાબ બંધ હોય, ચીસો પાડી કે બે બાકળું થઈ આમ તેમ જોયા કરેતો ગુદામાં—બસ્તિમાં પીડા છે એમ સમજવું.

અર્થ—કાકડાસીંગી, કાળું અતિવિષ અને પીપર, એઓનું ચૂર્ણ કરી મધની સાથે બાળકને ચટાડવાથી ઉધરસ (ખાંસી), શ્વાસ, વિષ, ઉલટી એ સર્વ જલદીથી મટે છે એમાં સંશય નથી, અથવા પીપર, મજીઠ, કાકડાસીંગ, નાગરમોથ, એઓનું ચૂર્ણ કરી મધમાં મેળવી (કાલવી)ને ચટાડવાથી બાળકના જ્વર (તાવ) ઉલટી, અતિસાર (પાતલો ઝાડો) ઉધરસ અને શ્વાસ મટે છે. ૭૦—૭૧

ઉધરસ ઉપર ઉપાય.

पुष्करंकट्फलंभार्गी विश्वपिप्पलिसाधितं ॥
पिबेत्क्वाथंकफेचैतत् कासेश्वासेचहृद्ग्रहे ॥ ७२ ॥

અર્થ—પુષ્કર મૂળ, કાયફળ, ભારંગી, સુંઠ અને પીપર, એઓનો કવાથ કરી પીવાથી કફ, ઉધરસ, શ્વાસ, અને ઉર્દ્ધ શ્વાસ એ સર્વ મટે છે. ૭૨

બરોળ ગોળાનો ઉપાય.

शरपुंखायाः कल्कः पीतस्तक्रेणनाशयत्यचिरं ॥
चिरतरकालसमुत्थं प्लीहानांरूढमवगाढं ॥ ७३ ॥

અર્થ—સરપંખો (ખરસાંડીઓ—કીરમજી રંગનાં ફૂલવાળો) લેઈ ખાંડી ચૂર્ણ કરી ગાયની છાસ સાથે પીવાથી ઘણા વખતની બરોળ અને ગોળો પણ નીશ્ચે નાશ થાય છે. ૭૩

ઉધરસ અને હેડકીનો ઉપાય.

क्षुद्राकुलत्थवासाभि र्नागरेणचसाधितः ॥ क्वाथः पुष्करचूर्णाढ्यः श्वासकासौनिवारयेत् ॥ ७४ ॥ पानादेवहिपंचानां हिक्कानांनाशनंक्षणात् ॥ ७५ ॥

અર્થ—મોટી રીંગણી, કળથી (ચીમેડના જેવા દાણા વાળું કઠોળની ગણત્રીમાં ગણાતું અનાજ) અને અરડૂસો એઓનો કવાથ કરી સુંઠ, પુષ્કર મૂળના ચૂર્ણનો પ્રતિવાસ દેઈ પીવાથી શ્વાસ અને ઉધરસ મટે છે. તથા પાંચ જાતની હેડકી આ કવાથ પીતાં વેંતજ નાશ પામે છે. ૭૪—૭૫

સઘળી જાતના વાયુ ઉપર શૃંગાદિ ૬૪ ચીજોનો કવાથ.

शृंगारामठरामसेनरजनीरुग्रेणुकारोहिणी रास्नैरण्डरसोन-दारुरजनीराजेन्द्रराजैफलैः ॥ त्रायंतीत्रिवृताहुताशननतानंतामृ-तामुस्ता दंतीतुंबरुचित्रतन्दुलत्रुटित्वक्त्रिकनक्तंचरैः ॥ ७६ ॥ वा-सावामवचोजवासवसुगावल्यावरीबालकं ब्राह्मीब्राह्मणयष्टिवारण-कणाविश्वातयस्थाविषा ॥ मूर्वा मालवकासमूलमगधामुस्ताजमोदा-द्वयं मिश्रेयागरचन्दनेन्दुचविकासोफायुताकट्फलैः ॥ ७७ ॥ इत्येतद्दशमूलयुग्निगदितः क्वाथश्चतुःषष्टिकाः शृंगादिर्मथनादिभिहभि-षजामसर्वामयोन्मूलनं ॥ पुंसामष्टविधज्वरार्तिशमनेमन्दाग्निसंदीपने सर्वांगीणसमीरणद्विपघटाशार्दूलवत्त्रासनात् ॥ ७८ ॥

અર્થ—કાકડા સીંગ, હિંગ, કીરીયાતું, હળદર, ઉપલેટ, નગોડનાં બીજ, રાસ્ના, એરંડાનું મૂળ, લસણ, દારૂ હળદર, ગરમાળો, કુકડવેલાનાં ફળ, ત્રાયમાણ, નસોતર, ચિત્રામૂળ, તગર, જવાસો, ગળો, કચૂરો, નેપાળનું મૂળ, તુંબરૂ, ધાણા, વાવડીંગ, એલચી, તજ, કડુ, ગુગળ, અરડૂસો, ઇંદ્રિજવ, દેવદાર, ઇંદ્રિવારૂણી, આસગંધ સતાવરી, વાળો, ખડ બ્રાહ્મી, ભારંગી, જેઠીમધ, ગજ પીપર, સુંઠ, હરડેદળ, અતિવિષ, મોરવેલ, (મરોર ફળી–મરડા સીંગ) માળવી બાવચી, પીપરી મૂળ, મોથ, અજમોદ, અજમો, સવા, અગર, ચંદન, કપૂર, ચવ્યક, વરીયાળી, કાયફળ અને દશમૂળ એ ચોસઠ ઔષધીઓનો કવાથ વિધિ યુક્ત કરી પીવાથી આઠ જાતના તાવ નાશ પામે છે, જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે સર્વ અંગમાં રહેલા વાયુ રૂપ હાથીઓની ઘટાને દૂર કરવા સાર્દૂલા સિંહ (કેશરી સિંહ) સમાન છે અર્થાત્ હરણ આદિ જીવોને કેશરી જેમ મરડી (ઉખેડી) નાશ કરી નાખે છે તેમ આ શૃંગાદિ ચોસઠીઓ કવાથ સર્વ રોગને છેદી નાખે છે. ૭૬—૭૮

પંચકોળ કવાથ.

पिप्पलीपिप्पलीमूलंचव्यचित्रकनागरैः ॥
पंचकोलमिदंप्रोक्तदीपनंरुचिकारकं ॥७९॥

અર્થ—પીપર, પીપરીમૂળ, ચવ્યક, ચિત્રામૂળ અને સુંઠ એને પંચકોળ કહે છે તેનો કવાથ પીવાથી જઠરાગ્નિને સતેજ કરે છે. અને રૂચિ કર્તા છે. ૭૯

દશાંગ કવાથ.

वासामृतापर्पटकं निंबभूनिंबमार्द्दवैः ॥
त्रिफलाकुलत्थकैःक्वाथः सक्षौद्रश्चाम्लपित्तहा ॥८०॥

અર્થ—અરડૂસો, ગળો, પિત્તપાપડો, લીંબડાની છાલ, કીરીયાતું, દ્રાખ, ત્રિફળાં અને રાની કળથી એ સર્વનો કવાથ કરી મધ નાખી પીવાથી અમ્લ પિત્તનો રોગ દૂર થાય છે. ૮૦

બીજો ઉપાય.

ऊर्ध्वगेचाम्लपित्तेतु वमनंकारयेद्भिषक् ॥ अधोगतेचाम्लपित्ते विरेचनंप्रदापयेत् ॥ ८१ ॥ निस्तुषयववृषधात्री क्वाथस्त्रिसुगंधमधुयुतः पीतः ॥ अपनयतिचाम्लपित्तं यदिभुंक्तेमुद्गयुषेण ८२

અર્થ—જો ઉર્દ્ધગત (ઉંચુ ચઢેલું) અમ્લ પિત્ત હોય તો ઉલટી કરાવવી. અધોગત (નિચી ગતિ) હોય તો રેચ આપવો. ત્યાર પછી જવની ધાણી અથવા છડેલા જવ, અરડૂસો, આમળાં એઓનો કવાથ કરી, તજ, તમાલપત્ર અને એલચી એ ત્રિસુગંધનું ચૂર્ણ, અને મધ નાખી પીવાથી અમ્લપિત્ત દૂર થાય છે તે ઉપર મગની [1]દાળનું પાણી અગર મગની દાલ ખાવી. ૮૧—૮૨

ત્રીજો ઉપાય.

फलत्रिकंपटोलंच तिक्ताक्वाथःसितायुता ॥
पीतंक्षौतकमध्वाक्त ज्वरच्छर्द्यम्लपित्तजित् ॥ ८३ ॥

અર્થ—ત્રિફળાં, કુકડવેલાનાં ફળ અને કડુ એઓનો કવાથ સાકર નાખી પીવાથી અથવા જેઠીમધ, મધ સાથે પીવાથી તાવ, ઉલટી, અમ્લપિત્ત એ સર્વને જીતે (નસાડે) છે. ૮૩

૧ મગનું યુષ (પૃષ્ઠ ૧૫૨ માં કહેલ છે) તે પ્રમાણે બનાવેલું પાણી લેવું.

ચોથો ઉપાય.

सद्राक्षामभयांखादेत् सक्षौद्रांसगुडांचतां ॥
अम्लपित्तंजयेज्जंतु श्वासंकासंज्वरंवमिं ॥ ८४ ॥

અર્થ—કાળી દ્રાખ અને હરડેદળ, ખાય અથવા મધ અને ગોળ મેળવી હરડે ખાય તો અમ્લ પિત્ત દૂર થાય છે. તથા શ્વાસ, ઉધરસ, તાવ, ઉલટી એ સર્વને મટાડે છે. ૮૪

દારૂ પીવાથી થયેલા વિકારનો ઉપાય.

मंथः खर्जूरमृद्वीका वृक्षाम्लाम्लकदाडिमः ॥
परूषकैरामलकैर् युक्तोमद्यविकारनुत् ॥ ८५ ॥

અર્થ—ખારેક. કાળી દ્રાખ, કોકમ, અમ્લવેતસ, દાડમના દાણા, ફાલસાં અને આમળાં એઓનો કાઢો કરી પીવાથી મદ્ય (દારૂ) વિકારનો નાશ થાય છે. ૮૫

બીજો ઉપાય.

द्राक्षाकपित्थफल दाडिमपानकंच ॥
मद्योहिविभ्रमहरंमधुशर्करार्द्यं ॥ ८६ ॥

અર્થ-કાળી દ્રાખ, કોઠવડી અને દાડીમ દાણા, એઓનો કવાથ કરી મધ સાકર સાથે પીવાથી ઘણું કરીને દારૂથી થયેલ મદ-(દિવાનાઈ-ગાંડાઈ) નો નિશ્ચે નાશ કરે છે. ૮૬

દારૂ વગેરેના વિકારના ઉપાય.

सौवर्चलमजाज्यश्च वृक्षाम्लंसाम्लवेतसं ॥ त्वगेलामरिचार्द्धंच शर्कराभागयोजितं ॥ ८७ ॥ हितंलवणमष्टांगं मदात्ययरुजापहं ॥ पूगीमदेजलंशीतं वस्त्रवातोहितोभवेत् ॥ ८८ ॥ शर्कराभक्षणेदेया मस्तुवाशर्करान्वितं ॥ लवणस्यभक्षणाद्वा पूगीफलमदोव्रजेत् ८९ कोद्रवाणांभवेन्मूर्च्छा देयंक्षीरंसुशीतलं ॥ सगुडः कूष्मांडरसो हंतिकोद्रवजंमदं ॥ ९० ॥ धत्तुरजमदेदुग्धं शर्करादधिवाथवा ॥ कार्पासमज्जापानाद्वा वृंताकफलभक्षणात् । ९१ ॥ अन्येषुचमदेष्वेवं विषेषुवमनंहितं ॥ ९२ ॥

અર્થ—સંચળ, જીરૂં, કોકમ, અમ્લવેતસ, તજ, એલચી અને મરી એ સર્વ સરખા ભાગે લેઈ તેથી અર્દ્ધ હિસ્સે સાકર અને આઠમે હિસ્સે સિંધાલુણ નાખી એઓનો ક્વાથ કરી પીવાથી દારૂનો નિસ્સો અથવા મદ દૂર થાય છે. સોપારી ખાવાથી વિકાર (દોષ) થયો હોય તો બરફ નાખેલું પાણી પીવાથી અને ભીના કપડા વડે પવન લેવાથી અથવા મ્હોઢામાં સાકર રાખવાથી અથવા દહી સાકર પીવાથી, વા, સિંધાલુણ ખાવાથી સોપારીનો વિકાર દૂર થાય છે. તેમજ કોદ્રવા (કોદરા) ખાવાથી વિકાર થયો હોય તો ગાયનું ઠંડું દૂધ પીવાથી, અથવા ભૂરા કોહળાનો રસ અને ગોળ પીવાથી કોદરાનો વિકાર તથા તેની મૂર્ચ્છા દૂર થાય છે. દૂધમાં સાકર નાખી પીવાથી વા દહીમાં સાકર નાખી પીવાથી અથવા કપાસિયાની મીંજથી વા. વેગણ (વંતાક) ખાવાથી ધંતૂરાનું મદ (ઝેર) દૂર થાય છે. તથા તમામ જાતના ઝેર (મદ) ઉપર વમન (ઉલટી) સદા હિતકારી છે. * ૮૭—૯૨

* સ્થિર રહેનાર પદાર્થોમાં રહેલું જે ૧૦ ભેદે ઝેર છે એટલે ઝાડના મૂળામાં, પાદડામાં, ફૂલમાં, ફળીમાં, છાલમાં વૃક્ષના દૂધમાં, વૃક્ષનાસારમાં, વૃક્ષના ગુંદ-રસમાં, સોમલ હરતાળ મણસિલ આદિપાર્થિવ પદાર્થોમાં, અને કંદ એટલે વછનાગ જેવા કંદોમાં રહેલાં જે સ્થાવર વિષ, અને જંગમવિષ એટલે હાલતા ચાલતા જીવોમાં રહેલાં ૧૬ ભેદ-પ્રકારનાં ઝેર તે મનુષ્યોની દ્રષ્ટીમાં, સર્પાદિકના શ્વાસમાં, કૂતરા શિયાળ આદિની ડાઢમાં, સિંહ આદિના નખોમાં, ગરોળી આદીની હગારમાં, તથા મૂત્રમાં, વાંદરા આદિના વિર્યમાં, હડકાયાં જાનવરોની લાળમાં, ગરમ ચીજો ખાનારી સ્ત્રીઓની યોનિમાં, ગરમ પદાર્થ ખાનાર વા સ્ત્રીવિરૂદ્ધ કર્મ કરનાર પુરૂષોની ગુદામાં, સર્પાદિકના હાડકામાં, નોળીયા, માછલાના પિત્તામાં, ભમરા માંખી ઇ. કાંટામાં, ઉંદરા દિકના દાંતોમાં અને વાઘના વાળોમાં એ ૧૬ ઠેકાણે રહેલાં જે ઝેર એટલે એ વસ્તુઓથી મનુષ્યના પ્રાણની ખુવારી થાય છે તે સ્થાવર અને જંગમ વિષમાટે વેકૂનું જાડું મૂળ પાણી સાથે ધસી રૂ ૧ ભાર પીએ તો તે બન્ને પ્રકારનાં ઝેર આયુષ્ય સબળ હોય તો નિશ્ચે મટે છે. દરેક ઝેરનાં ચિન્હો નિરનિરાળાં છે માટે તેની પૂર્ણ માહેતી મેળવવા ભાવપ્રકાશાદિ ગ્રંથો અવલોકન કરવા. ભા. કર્ત્તા.

ઇતિ શ્રી મન્નાગપૂરીય તપાગચ્છીય શ્રી હર્ષકીર્તિસૂરી સંકલિતે યોગચિંતામણો વૈદ્યકસાર સંગ્રહે કવાથાધિકાર શ્ચતુર્થઃ સમાસ.

હવે ઘૃતાધિકાર કાહએ છીએ.

સર્વે ઉન્માદ માટે કલ્યાણ ઘૃત.

त्रिशालात्रिफलाकौंता देवदार्वेलवालुकं ॥ स्थिरानतेहरिद्रेद्रेसारिवेद्वेप्रियंगुका ॥ ९३ ॥ नीलोत्पलैलामंजिष्ठा दंतिदाडिमकेशरैः ॥ तालीसपत्रंबृहती मालत्याः कुसुमंनवं ॥ ९४ ॥ विडंगंपृष्ठपर्णीच कुष्टचन्दनपद्मकं ॥ अष्टाविंशतिभिः कल्कै रेतैःकर्षसमन्वितैः ॥ ९५ ॥ चतुर्गुणेजलेपक्त्वा घृतप्रस्थंप्रयोजयेत् ॥ चतुर्गुणंगवांक्षीरं क्षिप्त्वापश्चात्पचेत्पुनः ॥ ९६ ॥ अपस्मारेज्वरेकासे शोषेमंदाग्निलेक्षये ॥ वातरक्तेप्रतिश्याये तृतीयकचतुर्थके ॥ ९७ ॥ बंध्यानांपुत्रदंबल्यं विषमेहार्शसांहरं ॥ भूतोपहतचित्तानां गद्गदानामचेतसां ।९८। कल्याणकमिदंसर्पिः सर्वोन्मादहरंस्मृतं ९९

અર્થ—ઇંદ્રવારૂણી, ત્રિફળાં, નગોડનાં બીજ, દેવદાર, એલવાળુક (અથવા ધઉલા) સાલ પરપોટી, તગર, હળદર, દારૂહળદર, ધોળી ઉપળસરી, કાળી ઉપશરી, પ્રિયંગુ (કાંગ) નીલુંકમળ, એલચી, મજીઠ, નેપ.ળાનું મૂળ, દાડમના દાણા, નાગકેશર, તાલીસ પત્ર, મોટી રીંગણી, માલતી (જાઈનાં ફૂલ, વવાડીંગ, પીલવણી (પીલુડી) ઉપલેટ, ચંદન અને પદમકનું લાકડું એ અડાવિશ ઓષધો અકેક તોલો લેઈ કલ્ક કરી ચોગણા પાણીમાં ઉકાળવાં, ચતુર્થાંશ (ચોથા ભાગનું) પાણી રહે ત્યારે ઉતારી ગળી કાહાડી ગાયનું ઘી તોલા ૬૪ નાખી પકાવવું, બાદ ગાયનું દૂધ ચોગણું લેઈ તેમાં નાખી પકાવી જ્યારે ઘી તૈયાર થઈ જાય ત્યારે સુંદર વાસણમાં ભરી રાખે, તે ઘી દરરોજ સવારે ૧। તોલો પીવાથી મૃગીવાયુ (વાઈ) તાવ, ઉધરસ, શોષ, મંદાગ્નિ, ક્ષય, વાતરક્ત, પીનસ, તરીયો તાવ, અને ચોથીઓ તાવ, એ સર્વને મટાડે છે તથા વંધ્યા (વાંઝણી) સ્ત્રી ગર્ભ ધરે છે, શક્તિ આપનાર છે. વિષ પ્રમેહ, હરષ રોગ, ભૂતના ઉન્માદ (તોફાન) ચિત્ત ભ્રમ, તોતળાપણું, (જીભ અટકતી

હોય તે) અને અચેતનપણું એ સર્વ રોગને આ કલ્યાણ ઘૃત દૂર કરે છે. ૯૩—૯૯

ઉન્માદ માટે બીજો ઉપાય.

ब्राह्मीरसवचाकुष्ठं शंखपुष्पोभिरेवच ॥
पुराणंमद्यमुन्मादं भूतोपस्मारनाशनं ॥१००॥

અર્થ—બ્રાહ્મીનો રસ, વજ, ઉપલેટ અને શંખાવળી એઓને ઘીમાં પકાવી પીએ તો ઘણા વખતનો મદ, ઉન્માદ, ભૂત વિકાર, અને મૃગીવાયુ નાશ કરે છે. ૧૦૦

ઉન્માદ ઉપર મહા કલ્યાણ ઘૃત.

त्रिकटुत्रिफलामुस्ता विडंगैलानिशाद्वयं ॥ द्वेशारिवंतृवृद्दंतो नंतापद्माकवानरी ॥ १ ॥ मंजिष्ठामधुकंकुष्ठ ब्राह्मीतालीसबिल्वकं ॥ अष्टवर्गोजीवनीयो गणःस्याच्चंदनद्वयं ॥ २ ॥ द्राक्षामधुकपुष्पाणि बलापर्णीचतुष्टयं ॥ देवदारुमटीपाठा रेणुकाजीरकद्वयं ॥ ३ ॥ अश्वगंधाजमोदाच कटुदाडिमसारकं ॥ इन्द्रवारुणिकाशंख पुष्पीच वृहतीद्वयं ॥ ४ ॥ चातुजातशुभोशीरं सिरसंवालकंतथा ॥ प्रियंगुमालतीजाती पुष्पंपुष्करमूलकं ॥ ५ ॥ विदारीकदलीकन्दं मुशलीहस्तिपर्णिका ॥ तिविषंत्रिपुषोबीजं कौंतीमाल्येलवालकं ।६। एतैरक्षसमैः कल्कैः घृतप्रस्थंचतुर्गुणं ॥ क्षीरंचद्विगुणोनीरं तप्लातं द्राभयाग्निना ॥ ७ ॥ मासेचतत्रसंयुक्ते पचेत्

ઘી અને તેલ બંન્નેને સિદ્ધ કરવાની રીત—જે ઔષધોને વાંટી ચટણી (કલ્ક) કરેલ હોય તેથી ચાર ગણું ઘી અગર તેલ નાંખવું, અને તેથી ચાર ગણા પાણી વા કવાથમાં પકાવવું. નાખેલા પદાર્થો બળી જાય અને ઘી અગર તેલજ ફક્ત બાકી રહે ત્યારે નીચોવી લેઇ ગળી કાહાડવું, એની માત્રા ચાર રૂપિયાભાર લેવી, જે પદાર્થોનો કવાથ કરવો હોય તો પદાર્થથી ચાર ગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી રહે ત્યારે ગળી લેઇ તેમાં ઘી અથવા તેલ નાખી તે સઘળું પાણી બળી જતાં સુધી તેને પકાવવું કુણાં—લીલાં પદાર્થો હોય તો ચાર ગણા પાણીમાં કવાથ કરવો અને જો કઠણ—સુકાઈ ગયેલાં હોય તો આઠ ગણા પાણીમાં તેમજ સુકાં અને

અર્થ—ત્રિકટુ, ત્રિફળા, મોથ, વાવડીંગ, એલચી, હળદર, દારૂ હળદર, ધોળી ઉપસશરી, કાળી ઉપળશરી, નસોતર, નેપાળાનું મૂળ, જવાસો, પદમકનું લાકડું, કૌચાં, મજીઠ, જેઠી મધ, ઉપલેટ,

---

લીલાં બન્ને ભેગાં હોય તો પણ આઠ ગણા પાણીમાં તથા દેવદાર જેવાં પદાર્થો ઘણાજ દીવસનાં સુકાયલાં હોયતો સોળગણા પાણીમાં કવાથ કરવો. તેમજ પૂર્વાચાર્યોનો એવો મત છે કે એક તોલાથી ચાર તોલા સુધીના પદાર્થમાં સોળગણું પાણી, ચાર તોલાથી તે સોળ તોલાસુધીના પદાર્થમાં આઠગણું અને ચોસઠ તોલાથી તે ૧૬૮૪ તોલા સુધીના પદાર્થોમાં ચાર ગણું પાણી નાંખવું ઘી કે તેલને પાણીથી પકવવું હોયતો તે ઘીનાકે તેલના વજનથી ચોથા ભાગે ઐષધોનું કલ્ક નાખવું, કવાથથી પકાવવું હોય તો છઠ્ઠા ભાગે કલ્ક નાખવું, સ્વરસથી પકાવવું હોયતો આઠમા ભાગે નાખવું, તેમજ દૂધ, દહી સ્વરસ કે છાસમાં પકાવવું હોયતો કલ્કનો આઠમો ભાગ નાખવો, કલ્કના પદાર્થો કરતાં ચાર ગણા પાણીમાં તે કલ્ક વાંટવો જોઇએ જે ઘી અથવા તેલને દૂધ, દહી, સ્વરસ, છાસ અને કલ્ક વાંટતાં જે પાણી નાખવામાં આવેલું હોય તે પાણી એ પાંચે પદાર્થોનો યોગ આપવો હોય તો તે ઘી અગર તેલમાં દૂધ, દહી, છાસ, રસ એઓનું એકંદર તોલ પકાવતી વખતે સ્નેહ (ઘી વા તેલ) થી ચોગણું થાય છે. કારણ કે સ્નેહને ચોગણા દ્રવમાં પકાવવું એમ પ્રથમ કહેલ છે તેમજ એકલા દ્રવથી સ્નેહનોપાક કરવો હોય તો ઔષધોનો ચોગણા પાણીમાં વાટેલો કલ્ક તેમાં નાંખવો તથા કોઇ સ્થળે એકલા કવાથથીજ ઘી—તેલને પકાવવાનું કહ્યું હોયતો ઐષધોનું ચૂર્ણ કવાથમાં નાખવા ઉપરાંત તેજ ઐષધોનો કલ્ક પણ તેમાંજ નાખી પકાવવું ઘી-તેલને કલ્ક નાખ્યા વગરજ પકાવવાનું હોયતો તેમાં સ્વરસ, દૂધ, પાણી નાખી પકાવી લેવું. જો ફુલનો કલ્ક કરી ઘી તેલ પકાવવું હોય તો ચાર ગણું પાણી નાંખવું. જો ઘી તેલને ઘી તેલથી જ સિદ્ધ કરવાનું હોય તો તે ઘી તેલથી આઠમે ભાગે બીજું ઘી તેલ તેમાં નાખી ફૂલના કલ્ક સાથે પકાવવું, જ્યારે ઘી તેલમાં નાખેલ કલ્ક આંગળી ઉપર લેઇ મસળતાં વાટ કે ગોળી જેવો થઇ જાય અને દેવતામાં નાંખતાં પાણીનો અંસ ન જણાય ત્યારે ઘી અગર તેલ પાકી ગયલ છે એમ સમજવું તથા તેલમાં ફીણ ઉપડવાથી અને ઘીમાં ફીણ સમી જવાથી પાકી તૈયાર થયું છે એમ સમજવું; તેમજ રસ, ગંધ, વર્ણ અપુર્વ જણાય ત્યારે પરી

બ્રાહ્મી, તાલીસ પત્ર, બીલાનો ગર્ભ, અષ્ટ વર્ગની દવાઓ તથા જીવનીય ગણની દવાઓ (પૃષ્ટ ૬૬-૬૭ માં જુઓ) ચંદન, રતાંજળિ, દ્રાખ, મહુડાં, બળબીજ, શાલપરપોટી, પીળવણી, વગડાઉ (રાની) મગ, રાની અડદ, દેવદાર, કચૂરો, કાળી પાઠ, નગોડનાં બીજ, જીરૂં, શાહજીરૂં, ખોડીઅજમો. કડુ, દાડમના દાણા, ઇંદ્રિવારૂણી, શંખાવળી, બેઠી (ભોંય)રીંગણી, મોટી રીંગણી, ચાતુર્જાત, વંશલોચન, સુગંધીવાળો, સરસનાં બીજ, નેત્રવાળો, કાંગ, માલતીનાં ફૂલ, જાઇનાં ફૂલ, પૂષ્કર મૂળ, ભોંય કોહળું. કેળમો કંદ, મુશળી, હસ્તીપર્ણિ, અતિવિષ, કાકડીનાં બીજ, નગોડનાં બીજ, છડ (જટામાશી) અને કાંગ. એ સર્વ ઔષધો અકેક તોલો લેવાં ચૂર્ણ કરી ચોગણા (૨૫૬ તોલા) દૂધમાં ઘી તોલા ૬૪ નાખી દૂધથી બમણું પાણી (૫૧૨ તોલા) નાખી અડાયા છાણાની અગ્નિ કરી એ સર્વને પકાવવાં, જ્યારે દૂધ પાણી બળી જાય અને ઘી રહે ત્યારે ઉતારી સુંદર પાત્રમાં (શીશામાં) ભરી રાખવું. ૧—૭

ગુણ.

खादेच्चनित्यशः ॥ सर्पिरेतन्नरोनारी पीत्वाकर्षन्नृपायते ॥ ८ ॥

પકવ થયુંછે એમ સમજવું. એ ઘી તેલનો પાક જુદી જુદી જાતનોછે એટલે મૃદુ, મધ્ય અને ખર, જેમાં કલ્ક કાંઇક રસ ભર્યો રહે તે મૃદુ પાક સમજવો, જેમાં કલ્ક રસ વગરનો થઇ જાય પણ કુણો રહે તે મધ્ય પાક સમજવો, અને જેમાં જરા કલ્ક કઠણ થઇ જાય તે ખર પાક સમજવો જેમાં કલ્ક બળી જાય તે પાક બળતરા કરનાર અને નિરૂપયોગી સમજવો જો પાક કાચો રહ્યો હોય તો જઠરાગ્નિને મંદ કરે છે તેમ ભારે થાય છે અને તેમાં શક્તિ રહેતી નથી. નાકમાં ટીપાં નાખવાના કામમાં મૃદુ પાક ઉપયોગી છે, સઘળાં કામોમાં મધ્ય પાક ઉપયોગી છે અને શરીર ઉપર ચોળવાના કામમાં ખર (આકરો) પાક ઉપયોગી છે. માટે જેવો જે કાર્યમાં ઉપયોગી હોય તેવોજ બનાવવા ખૂબ લક્ષમાં રાખવું. ઘી, તેલ ગોળ, વગેરે પદાર્થો તેજ દિવસે લાવી, ઉપયોગમાં લેવાં નહિ, પણ કેટલોક વખત ગયે જુનાં થાય ત્યારે કામમાં લેવાં જેથી વિશેષ ફાયદાકારી થાય છે.

શાર્ઙ્ગધર સંહિતા.

यावंध्याभवेन्नारी याचकन्याः प्रसूयते ॥ याचैवास्थिरगर्भा स्यात् यावाजनयतेमृते ।९। अल्पायुषंवाजनयेत् यावाशूलान्विताषुनः ॥ ईदृशोजनयेत्पुत्रं तस्यादोषोव्यपोहति ॥ १० ॥ एतत्कल्याणकंनाम घृतंशम्भुप्रकीर्त्तितं॥ जोवद्वत्सैकवर्णाया घृतंतस्यास्तुगृह्यते ॥ ११ ॥

અર્થ—દરરોજ યોગ્ય વિધિ પ્રમાણે સવારે તે ઘી પુરૂષ ૦॥। તોલો અને સ્ત્રી ૧ તોલો પીએ તો વાંઝણી સ્ત્રી પણ પુત્ર પામે છે, (અર્થાત્ ગર્ભ ધારણ કરી પુત્ર પ્રસવે છે) જે સ્ત્રીને મૂઢ ગર્ભ (છોડ) થઈ ગયેલ હોય તો તે સજીવન થાય (પાલવે-પાંગરે) છે, જે સ્ત્રીને મૃત વચ્છા (બાળક થાય અને મરી જાય તે) રોગ હોય તે અથવા મરેલાંજ અવતરે, અથવા પીડાએ કરીને સહીત બાળક અવતરે તેવી સ્ત્રીઓને પણ નિરોગી, પૂર્ણ આયૂષવાળાં બાળકો સુખે અવતરે છે, અને તેના સર્વ દોષો (રોગો) દૂર થાય છે, આ કલ્યાણ ઘૃત શ્રી સદાશીવજીએ કહેલું છે; પણ જે ગાયનું વાછરડું જીવતું હોય અને એક વરણી ગાય હોય તે ગાયનુંજ ઘી લેવું એવી મર્યાદા છે. ૮—૧૧

કલ્યાણ ઘૃતની બીજી રીત.

सिद्धार्थस्त्रिकटुः क्षयायुगवचामंजिष्ठकारामठं श्वेताह्वात्रिफला करंजकटुभीश्यामाशिरीषामरैः ॥ इत्यष्टादशभिः स्मृतंघृतमिदंगोमूत्रयुक्तंनृणा मुन्मादघ्नमपस्मृतिघ्नमगदः स्याद्बस्तमूत्रेणच १२

અર્થ—સરસવ, સુંઠ, મરી, પીપર, હળદર, દારૂ હળદર, વજ, મજીઠ, હિંગ, ધોળી રીંગણી, ત્રિફળાં, કણઝીનાં બીજ, માલકાંકણી, નસોતર, કાળીઆ સરસનાં ફૂલ, અને દેવદાર એ અઢાર ઔષધોને ઘી અને ગોમૂત્રમાં પકાવી ઘી સિદ્ધ કરી બકરાના મૂત્ર સાથે સેવન કરે તો સર્વ જાતના ઉન્માદ રોગ અને, યાદ શક્તી કમતી હોય તેને દૂર કરી નીરોગી બનાવે છે. ૧૨

ત્રીજી રીત.

तालीसत्रिफलैलवालुकलिनीसौम्यापृथक्पर्णिनी दंतीदाडिम दारुचंदननिशादार्वीविशालोत्पलैः ॥ जातीपुष्कररेणुपद्मकयुतैर्ज-

तुघ्नमंजिष्ठका रुक्सिंहित्रुटिसारिवाद्वयनतैर्नागेंद्रपुष्पान्वितैः १३ अष्टाविंशतिभिश्चतुर्गुणजलंकल्पागमेभिः श्रितं हंत्येतुर्यचतुर्थकज्वर मुरःकंपंसवंध्यामयं ॥ सापस्मारगदोदरोसपवनोन्मादौसजीर्णज्वरौ जायन्तेनपुनः कृतेनहविषाकल्याणकेनामुना ॥ १४ ॥

અર્થ—તાલીસ પત્ર, ત્રિફળાં, ધઉંલા, બહુફળી (અથવા કાંગ) શાલપરપોટી, પીલુડી, નેપાળાનું મૂળ, દાડમના દાણા, દેવદાર, ચંદન, હળદર, દારૂ હળદર, ઇંદ્રવારૂણી, કમળ, (અથવા કમળ કાકડી) જાઈનાં ફૂલ (અથવા જાવંત્રી) પૂષ્કર મૂળ, પિત્તપાપડો, પદમકનું લાકડું, વાવડીંગ, મજીઠ, ઉપલેટ, રીંગણી, નાહની એલચી, કૃષ્ણ ઉપલશરી, ધોળી ઉપલશરી, તગર અને નાગકેશર, એ અઠ્ઠાવિસ ઔષધોને સમાન લેઈ ચોગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું રહે ત્યારે ઘી નાખી પકાવી સેવન કરે તો તરીયો, ચોથીયો તાવ, છાતીનો કંપારો (ધ્રુજારી) વાંઝણીપણાનો રોગ, વાઈ, પેટનો રોગ, વાયુ, ઉન્માદ અને જીર્ણજ્વર એ સર્વ દૂર જાયછે અને ફરી તેઓ પ્રાપ્ત થતાં નથી. આ કલ્યાણનામા રૂષિએ બનાવેલ છે જેથી કલ્યાણ ઘૃત કહેવાય છે. ૧૩—૧૪

બુદ્ધિ વધારવા માટે [૧]મહાપૈશાચિક ઘૃત.

जटिलांपूतनाकेशीं वरटीमर्कटींविचां ॥ त्रायमाणांजयावीरा चोरकंकटुरोहिणी ॥ १५ ॥ कायस्थांशूकरांछत्रां सातिछत्रां बलंकषां ॥ महापुरुषदंति च वयस्थांनाकुलीद्वयं ॥ १६ ॥ कटुंभरांवृश्चिकालीं स्थिरांचाहृत्यतैर्घृतं ॥ सिद्धंचतुर्थकोन्मादं ग्रहापस्मा

૧ મહા પિશાચી ઘૃતના પાઠનો દરેક પ્રતો સાથે મીંઢવતાં વિવિધ પ્રકારે અર્થ જણાય છે. જટીલા એટલે જટામાંસી અથવા ઘોડાવજ પૂતના એટલે હરડે, કેશી એટલે મોરમાસી, પૂતના કેશી એટલે પણ મોરમાંસી તેમજ તે પાઠમાં જયા એટલે અરણી એવો અર્થ કર્યો છે, વીરા એટલે કાકોલી અથવા વીરણ વાળો, કટુ રોહણી એટલે કડુ અથવા કડુ અને રોહીણી, છત્રાં (કુમો) અથવા ધાણા, અતિછત્રાં (રાજ કુમો) અથવા સવા.

रनाशनं ॥ १७ ॥ महापैशाचिकंनाम घृतमेतद्यथामृतं ॥ मेधाबुद्धिस्मृतिकरं बालानांचांगवर्द्धनम् ॥ १८ ॥

અર્થ—ગંધીલો વજ, જટામાંશી, વરટી, કોચાં, ફૂલ વજ, ત્રાયમાણુ, કાકોલી, ગંઠીઓ, કટુરોહીણી (કડુ) હરડેદળ (અથવા આમળાં) વારાહી કંદ, કુઓ (અથવા ધાણા) મોટો કુઓ (અથવા સવા) કાંસકી, કાંટાશળાયો, નેપાળાનું મૂળ, ગળો, રાસ્ના, જળજાંબુ, ટીંટુ (અરલૂ) મીંઢી આવળ અને સાલપરપોટી એ સર્વને ખાંડી ઘીમાં (ચોથા ભાગે ઘી લેઈ) પકાવવાં તેના સેવનથી ઉન્માદ, ભૂત પીડા અને વાઈ નાશ પામે છે. આ મહાપિશાચી ઘૃત બુદ્ધિ, યાદ શક્તિ વગેરેને વધારવામાં તથા બાળકોના શરીરનાં અવયવો મજબૂત (વૃદ્ધિ) કરવામાં અમૃત સમાન છે ૧૫—૧૮

સંતાનાર્થે ફળ ઘૃત.

त्रिफलामधुकंकुष्ठं द्वेनिशेकटुरोहिणी ॥ विडंगपिप्पलीमुस्ता विशालाकट्फलंवचा ॥ १९ ॥ द्वेमेदेद्वेचकाकोल्यौ सारिवेद्वेप्रियंगका ॥ शतपुष्पाहिंगुरास्ना चंदनंरक्तचंदनं ॥ २० ॥ जातीपुष्पंतुगाक्षीरी कमलंशर्करातथा ॥ अजमोदाचदंतीच कल्कैरेतैश्चकार्षिकैः ॥ २१ ॥ जीवद्वत्सैकवर्णाया घृतप्रस्थंचगोःक्षिपेत् ॥ शतावरीरसंचापि घृताद्देयेचतुर्गुणं ॥ २२ ॥ चतुर्गुणेनपयसा पचेदारण्यगोमयैः ॥ सुतिथौपुष्यनक्षत्रे मृद्भाण्डेताम्रजेथवा ॥ २३ ॥

અર્થ—ત્રિફળાં, જેઠીમધ, ઉપલેટ, હળદર, દારૂ હળદર, કડુ, વાવડીંગ, પીપર, મોથ, ઈંદ્રિવારૂણી, કાયફળ, વજ, મેદા, મહામેદા, કાકોલી, ખીર કાકોલી, કાળી ઉપળશરી, ધોળી ઉપળશરી, કાંગ, વરીયાળી, હિંગ, રાસ્ના, ચંદન, રતાંજળી, જાયફળ (અથવા ચંબેલીનાં ફૂલ) વંશલોચન, કમળ કાકડી (વા કમળ,) સાકર, બોડી અજમો, અને નેપાળાનું મૂળ એ સરવને સરખે ભાગે (અકેક તોલો) લેઈ ચૂર્ણ કરી જે ગાયનું વાછરડું જીવતું હોય, તથા એક વર્ણી હોય તેનું ઘી તોલા ૬૪ શતાવરીનો રસ તોલા ૨૫૬, તેટલાજ દૂધમાં તે સર્વ ઔષધો, ઘી, રસ નાખી અડાયા છાણાની અગ્નિ દેઇ,

પકાવવાં; જ્યારે સર્વ રસ દૂધ બળી જાય અને એકલું ઘી જણાય ત્યારે ઉતારી શુભ તિથી, પુષ્પનક્ષત્રે સારા માટીના વાસણમાં અથવા ત્રાંબાના વાસણમાં ભરી લેવું. ૧૯—૨૩

ગુણ.

ततःपिबेत्शुभदिने नारीवापुरुषोथवा॥एतत्सर्पिर्नरः पीत्वा स्त्रीपुनित्यंवृषायते ॥ २४ ॥ पुत्रानुत्पादयेद्वीरान् वंध्यापिलभतेसुतान् ॥ अल्पायुषंयाजनयेत् याचश्रुत्वापुंनः स्थिता ॥ २५ ॥ पुत्रंप्राप्नोतिसानारी बुद्धिमन्तंशतायुषं ॥ याचवंध्याभवेन्नारी याचकन्याः प्रसूयते ॥ २६ ॥ याचैवस्थिरगर्भास्यात् यावाजनयतेमृतं ॥ तादृशीजनयेत्पुत्रं वेदवेदांगपारगं ॥ २७ ॥ रूपलावण्यसंपन्नं शतायुर्विगतज्वरं ॥ एतत्फलघृतंनाम भारद्वाजेन न्नापितं ॥ २८ ॥ अनुक्तंलक्ष्मणामूलं क्षिपेत्यत्रचिकित्सकः ॥ २९ ॥

અર્થ—શુભ દિવસે નારી (સ્ત્રી) અથવા પુરૂષ (રૂ. ૧ ભાર) દરરોજ આ ઘી પીએ તો એટલે પુરૂષ પીએ તો હમેશાં સ્ત્રી વલ્લભ થાય, અને સ્ત્રી પીએ તો પરાક્રમી પુત્ર પ્રાપ્ત કરે. એટલુંજ નહિ પણ, વાંઝણી પુત્રને પામે, જે સ્ત્રી થોડી આવરદાવાળાં બાળકો જણે. અથવા બોબડા મૂર્ખ જણે તે સ્ત્રી આ ઘૃતના સેવનથી બુદ્ધિવાન અને સો વર્ષના પૂર્ણ આયુષ્યવાળાં બાળકોને પામે (જણે) જે સ્ત્રી વંધ્યાજ હોય અથવા જેને બધી છોડિયોજ અવતરતી હોય તો તે પૂત્ર જણે, જે સ્ત્રીને મૂઢ ગર્ભ (છોડ) હોય, અગર મરેલાં બાળકો અવતરતાં હોય, તે સ્ત્રી સંપૂર્ણ વેદ અને વેદના અંગ વગેરે વિદ્યાનો પાર ગામી, ઘણોજ મનોહર ચાતુર્યતાએ સહિત સો વર્ષના આયુવાળો જ્વરાદિ સર્વ રોગે કરીને રહિત (નિરોગી) પુત્ર પ્રસવે. પુત્ર પ્રાપ્તિના માટે આ ફળ ઘૃતનો પ્રયોગ શ્રી ભારદ્વાજ રૂષીએ કહેલ છે. તેમાં લક્ષ્મણા (ધોળી રીંગણી)નું મૂળ નાખવા પણ સારા વૈદ્યો ભલામણ કરે છે. ૨૪—૨૯

ફળ ઘૃતનો બીજો પ્રકાર.

सहचरेद्वेत्रिफला गुडूचीसपुनर्नवा ॥ शुकनासाहरिद्रेद्वे रास्ना

मेदाशतावरी ॥ ३० ॥ कल्कीकृत्यघृतप्रस्थं पचेत्क्षीरंचतुर्गुणं ॥ तत्सिद्धंयापिबेन्नारी योनिशूलंनिवारयेत् ॥ ३१ ॥ पीडिताच-लितायाच निःसृताविवृताचया ॥ पित्तयोनिश्चविभ्रांता षण्ढयो-निश्चयास्मृता ॥ ३२ ॥ प्रपद्यंतेहिताः स्थानं गर्भंगृह्णातियासकृत् ॥ एतत्फलघृतंनाम योनिदोषहरंपरं ॥ ३३ ॥

અર્થ—બે જાતનો કંટાશરિયો, ત્રિફળાં, ગળો, સાટોડીની જડ, અરડૂસાની છાલ, હળદર, દારૂ હળદર, રાસ્ના, મેદા અને સતાવરી, એઓનું કલ્ક ચટણિ કરી ગાયનું ઘી તોલા ૬૪, દૂધ તોલા ૨૫૬ લેઈ તેમાં તે કલ્ક નાખી સિદ્ધ કરવું (પકાવવું) દૂધ બળી એકલું ઘી રહે ત્યારે ઉતારી ઉપયોગમાં લેવું-તે ઘી સ્ત્રી પીએ તો યોનિની શૂળ, તથા પીડિતાયોની, ચળિતા, નિશ્રૃતા, નિવૃતા, પિત્તલા,-વિભ્રાંતા, ષંડિની, એવી ૨૦ જાતની યોનિના ભેદ (નામ) છે. તે પોતપોતાના સ્થાનને ગ્રહણ કરી ગર્ભને ધારણ કરે એટલે યોનિના સર્વ દોષ મટી પુત્રની પ્રાપ્તિ થાય છે. યોનિના દોષ (રોગ) હરવાં આ ફળ ધૃત કરતાં બીજી એકે સરસ દવા નથી એમ કહીએ તો પણ ચાલે તેમ છે. ૩૦—૩૩

પેટના દરદો-વ્યાધિઓ ઉપર બિન્દુ ધૃત.

अर्कक्षीरपलेद्वेच स्नुहीक्षीरपलानिषट् ॥ पथ्याकंपिल्लकंश्यामा शम्पाकंगिरिकर्णिका ॥ ३४ ॥ नीलिनीत्रिवृतारत्नी शंखिनी चित्रकंतथा ॥ वृद्धदारुर्देवदाली दंतिबीजंचशातला ॥ ३५ ॥ हेमक्षीरीचकटुकी विडंगंग्रंथिकंतथा ॥ एतेषांपलिकैर्भागै घृतप्रस्थं विपाचयेत् ॥ ३६ ॥ अथास्यमलिनेकोष्ठे बिन्दुमात्रप्रदापयेत् यावतोस्यपिबेद्बिंदून् तावद्वारान्विरच्यते ॥ ३७ ॥ कुष्ठंगुल्ममुदावर्त्त श्वयथुंसभगन्दरं ॥ शमयत्युदराण्यष्टौ वृक्षमिंद्राशनिर्यथा ॥ ३८ ॥ एतद्बिन्दुघृतंनाम तेनाभ्यक्तोविरिच्यते ॥ ३९ ॥

અર્થ—આકડાનું દૂધ તોલા ૮ થોરનું દૂધ તોલા ૨૪, હરડેદળ, કંપિલો, કાંગ, ગરમાળો, ગરણીનાં બીજ, નીલબીજ; નસો-

તર, નેપાળાનું મૂળ, શંખાવળી, ચિત્રામૂળ, વરધારો, કુકડવેલાનાં ફળ, નેપાલા, ચાર ધારો થોર, ચોખ (દારૂડી) કડુ, વાવડીંગ અને પીપરી મૂળ, એ સર્વ ચાર ચાર તોલા લેવાં, ચૂર્ણ કરી ઘી તોલા ૬૪ માં પકાવવાની રીતી પ્રમાણે પકાવી જેને પેટમાં અગાડ હોય તેને એક ટીપું તે ઘીનું ખવરાવે તો અથવા જેટલાં ટીપાં આપે તેટલા રેચ લાગે તથા કોઢ, ગોળો, ઉદાવર્ત્ત, આફરો, સોજો, ભગંદર, અને આઠ જાતના ઉદર રોગ સર્વ નાસ પામે છે. જેમ ઇંદ્રિના વજ્રથી વૃક્ષોનું છેદન થાય છે તેમજ આ બિંદુ ઘૃત રોગોને કાપે છે અને ડુંટીએ ચોપડવાથી પણ રેચ લાગે છે. ૩૪—૩૯

દુષ્ટ વૃણ=ગુંબડાં ઉપર જાત્યાદિ ઘૃત.

[1]जातीपत्रपटोलनिंबकटुकादार्वीनिसाशारिवामंजिष्ठाऽभयसिक्थरक्तमधुकैर्नक्ताह्वबीजैः समं ॥ सर्पिः शीघ्रमनेनसूक्ष्मवदनंमर्माश्रिताः श्रावणा गंभीरासरुजोव्रणाः सुगतिकाशुध्यंतिरोहन्तिच॥

અર્થ—જાઈનાં પાંદડાં, કુકડવેલાનાં ફળ, લીંબડાનાં પાન, કડુ, દારૂ હળદર, હળદર, ઉપળશરી, મજીઠ, હરડેદળ, મીણ, રતાંજળી જેઠીમધ અને કણઝીનાં બીજ એ સર્વ સમાન લેઈ વિધિ પ્રમાણે ઘી નાખી પકાવવું, તે ઘી ઝીણાં નાસં (નાસુર) પડ્યાં હોય તેમાં તથા મર્મ સ્થાનમાં થયેલ ગડ ગુંબડમાંથી નીકળતું પરૂ (પાચ) લોહી, હાડભંગીર, દુષ્ટ (ખસબ) ગુંબડાં અને ચાંદાં (ધારાં) વગેરે સર્વ ઉપર આ ઘી લગાડવાથી જલ્દી રૂઝ આવે છે. ૪૦

લોહી વિકાર ઉપર મહાતિક્તક ઘૃત.

करंजसप्तच्छदपिप्पलीनां मूलानिकृष्णामधुकात्रिशाला ॥ य-

---

૧ 'जाति पत्रं' પ્ર ૧-૩-૭ માં જાવંત્રી એવો અર્થ કરેલ છે પરંતુ જાતી પત્ર એટલે જાઈનાં પાન એવો બીજી તમામ પ્રતોમાંછે તેમજ 'वृणरक्तजित' ગડ ગુંડબડના ઘા અને લોહી શ્રાવને જીતવાનો જાઇના પાનમાં ખાસ ગુણછે એમ મદનપાલ નિઘંટુમાં કહ્યું છે, જેથી ઉપરનોજ અર્થ યોગ્ય છે.

वासकश्चंदनमुत्पलंच सत्रायमाणाकटुकावचाच ॥ ४१ ॥ उशीरपाठातिविषारजन्यौ किराततिक्तंकुटजस्यबीजं ॥ निवासनारुग्वधमालतीनां पत्राणिमूलानिचकंटकार्याः ॥ ४२ ॥ शतावरीपद्मकदेवदारु मुस्तानिकालेयककेशराणि ॥ वासागुडूचीनतसारिवेद्वे बलापटोलीत्रिफलाचमूर्वा ॥ ४३ ॥ नीपाकदंबौधववेतसौच कर्कोटकंपर्प्पटकंयवासा ॥ वाराहिकंदंदमयंतिकाच ब्राह्मीसमंगार्षभवालकंच ॥ ४४ ॥ एभिः समांसैरथकार्षिकैश्च घृतस्थप्रस्थंविपचेन्नदस्य ॥ द्रोणंजलस्याकलुषस्यदद्यात् प्रस्थद्वयंचामलकीरसस्य ॥ ४५ ॥ पक्कंप्रशांतंगतफेनशब्दं प्रयोजयेत्कुष्ठहरंप्रशस्तं ॥ तद्रक्तपित्तानिलसन्निपाते विस्फोटदुष्टव्रणविद्रधीनां ॥ ४६ ॥ किलासकासज्वरगंडमाला ग्रंथ्यर्बुदान्त्रितवातरक्तं ॥ घृतंमहातिक्तमिदंप्रशस्तं निहंतिसर्वानसयथूनविचर्चीन् ॥ ४७ ॥

અર્થ—કણઝીનાં બીજ, સાતવન (એક થોરની જાત-ચાર ધારો) પીપરી મૂળ, પીપર, જેઠીમધ, ઇંદ્રિવારૂણી, જવાસો, ચંદન, કમળ, ત્રાયમાણ, કડુ, વજ, વાળો, કાળીપાઠ, અતિવિષ, હળદર, દારૂ હળદર, કીરીયાતું, નસોતર, ઇંદ્રિજવ, લીંબડાની અંતર છાલ, ગરમાળો, જાઈનાં પાન, રીંગણીનાં મૂળ અને પાંદડાં, સતાવરી, પદમકનું લાકડું, દેવદાર, મોથ, અગર, નાગકેશર, અરડૂસો, ગળો, તગર, ધોળી ઉપલસરી, કાળી ઉપળશરી, બળ દાણા, કુકડવેલાનાં ફળ, ત્રિફળાં, મોરવેલ, નીપા (રાજ કદંબ) કદંબ, (નેતર) વેતસ, કારેલીની જડ, પિત્તપાપડો, જવાસો, ડુક્કર કંદ, કેવડાની જડ, બ્રાહ્મી, મજીઠ, ઋષભ અને સુગંધીવાળો એ સર્વ સમાન (સરખા) ભાગે (એકેક તોલો) લેઈ, ખાંડી, ઘી તોલા ૬૪, પાણી તોલા ૧૦૨૪, આમળાંનો રસ તોલા ૧૨૮ લેઈ પાણીમાં સર્વ ઔષધીઓ ઉકાળી ચતુર્થાંશ રહે ત્યારે આમળાંનો રસ નાખી ઘી નાખવું, સર્વ રસ બળી એકલું ઘીજ રહે અને ફીણ શબ્દ રહિત થાય ત્યારે ગળી ભરી રાખવું. એ ઘી દરરોજ નિયમ પ્રમાણે પીવાથી ૧૮ જાતના કોઢ, રક્તપિત્ત,

વાયુ રોગ, સન્નિપાત, વિસ્ફોટક, દુષ્ટ વ્રણ, વિદ્રધી, દાદર, કિલાસ કોઢ, ઉધરસ, તાવ, ગંડમાળ, ગાંઠ, અર્બુદ, અને વાતરક્ત, એ સર્વ રોગ મટાડવાને આ ઘૃત ઘણુંજ સરસ છે તેમજ સર્વ જાતના સોજા અને વિચર્ચિકા કોઢનો નાશ કરે છે. ૪૧—૪૭

માથાના રોગ ઉપર ષટ્ બિંદુ ઘૃત.

शुंठीविडंगयष्ट्याह्वा भृंगतोयैः शृतंघृतं ॥
नश्यंषड्बिन्दुदानेन सर्वमूर्द्धगदापहं ॥४८॥

અર્થ—સુંઠ, વાવડીંગ અને જેઠીમધ એઓનો જળ ભાંગરાના રસમાં કવાથ કરી અનુમાન માફક ઘી નાખી પકાવી (સિદ્ધ કરી) તે ઘીનાં છ બિંદુ (ટીપાં)નો નાસ દેવાથી સર્વ જાતના માથાના રોગ દૂર થાય છે. ૪૮

વાયુ વિકાર ઉપર દશમૂળાદિ ઘૃત.

दशमूलस्यनिर्व्यूहे जीवनीयैः पलोन्मितैः ॥
क्षीरेणचघृतं पक्कं तर्प्पणंपवनार्त्तिजित् ॥ ४९ ॥
काथेनत्रिगुणंसर्पिः प्रस्थसाध्यपयः समं ॥ ५० ॥

અર્થ—દશમૂળ[1] અને જીવનીય ગણુ, ચાર ચાર તોલા ભાર લેઈ દૂધ અને ઘીમાં પકાવી એટલે દૂધ તોલા ૬૪ અને ઘી તેથી ત્રણ ગણું લેઈ વિધિ પ્રમાણે પરીપકવ કરી યોગ્ય માત્રાથી પીએ તો સર્વ જાતના વાયુ રોગ જાયછે. ૪૯—૫૦

અશ્વગંધ ઘૃત.

अश्वगंधाकषायेण कल्केक्षीरंचतुर्गुणं ॥
घृतपक्कंतुवातघ्नं वृष्यंमांसविवर्द्धनं ॥ ५१ ॥

અર્થ—આસગંધનો કવાથ કરી એટલે જેટલી આસગંધ તેથી ચોગણું દૂધ લેવું તેટલુંજ ઘી મેળવી પકાવવું. તેના સેવનથી વાયુ રોગ નાશ પામે છે. માંસને વધારે છે તથા વૃષ્ય છે. ૫૧

૧ દશમૂળનો પૃષ્ટ ૭૦ માં અને જીવનીય ગણુનો ખુલાસો પૃષ્ટ ૬૬-૬૭ માં આવી ગયો છે.

વાતરક્ત ઉપર ગુડૂચી (ગળો) ઘૃત.

अमृतायाः कषायेण कल्केनचमहौषधात् ॥ मृद्वग्निनाघृतं-सिद्धंवातरक्तहरंपरं ॥ ५२ ॥ आमवातादिवातानां कृमिदुष्टव्रणान्यपि ॥ अर्शांसिगुल्मांश्चतथा नाशयत्याशुयोजितं ॥ ५३ ॥

અર્થ—ગળોના ક્વાથમાં સુંઠનો ભૂકો નાખી ધીમી આંચથી પકાવી સેવન કરવાથી વાતરક્તનો નાશ થાય છે. આમ વાયુ આદિ વાયુ રોગ, કૃમિ રોગ, દુષ્ટ (ખરાબ) વ્રણ (ગુંબડાં) હરષ, ગોળાદિ, સમસ્ત (સઘળા) રોગોનો જલ્દી નાશ થાય છે. ૫૨—૫૩

વાયુ શૂળ ઉપર સુંઠયાદિ ઘૃત.

नागरंक्काथकल्काभ्यां घृतप्रस्थंविपाचयेत् ॥ चतुर्गुणेनतेनाथकेवलेनोदकेनवा ॥ ५४ ॥ वातश्लेष्मप्रशमनं अग्निदीपनकंपरं ॥ नागरंघृतमित्युक्तं कट्यामशूलनाशनं ॥ ५५ ॥

અર્થ—સુંઠના કલ્કને ૨૫૬ તોલા પાણીમાં ઉકાળી ક્વાથ કરી ઘી તોલા ૬૪ તેમાં નાંખી પકાવવું, સિદ્ધ થયે તેનું સેવન કરે તો વાત (વાયુ) શ્લેષ્મ (શળેખમ) અથવા વાયુ શળેખમને મટાડે છે. જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે. આ સુંઠનું ઘી કેડના દુખાવા વગેરે કમર રોગ, શૂળ (સણકા) એ સર્વનો નાશ કરે છે. ૫૪—૫૫

કાશીસાદિ ઘૃત.

काशीसंद्वेनिशेमुस्ते हरितालंमनः शिला ॥ कंपिल्लुकंचगंधंच विडंगंगुग्गुलंतथा ॥ ५६ ॥ सिक्थकंमरिचंकुष्ठा तुत्थकंगौरसर्षपाः ॥ रसांजनंचसिन्दूरं श्रीवासंरक्तचन्दनं ॥ ५७ ॥ अरिमेदंनिम्बपत्रं करंजंसारिवावचा ॥ मंजिष्ठामधुकंमांसी शिरीषंलोध्रपद्मकं ॥ ५८ ॥ हरीतकीप्रपुन्नाटं चूर्णयेत्कार्षिकान्पृथक् ॥ ततस्तुचूर्णमालोड्य त्रिंशत्पलमितेघृतं ॥ ५९ ॥ स्थापयेत्ताम्रपात्रेषु घर्मेसप्तदिनानिचा ॥ अस्याभ्यंगेनकुष्ठानि दद्रुपामाविचर्चिका ॥ ६० ॥ शूकदोषाविसर्पाश्च विस्फोटावातरक्तजाः ॥ शिरस्फोटो-

पदंशश्च नाडीदुष्टव्रणानिच ॥ ६१ ॥ शोफाभगन्दराश्चैव लूताशाम्यतिदेहिनां ॥ शोधनंरोपणंचैव सर्ववर्णकरंमतं ॥ ६२ ॥

અર્થ—હીરાકશી, હળદર, દારૂ હળદર, મોથ, હરતાળ, મણશિલ, કંપીલો, આમળ સારો ગંધક, વાવરીંગ, ગુગળ, મીણ, કાળાં મરી, ઉપલેટ, મોરથુથું, ધોળા સરસવ, રસવંતી, સિંદૂર, શ્રી વાસ, રતાંજળી, ધોળો કાથો, લીંબડાનાં પાંદડાં કણઝીનાં બીજ. ઉપળશરી. ઘોડાવજ, મજીઠ, જેઠીમધ, જટામાશી, કાળીયા સરસની છાલ, લોદર, પદમક, હરડેદળ અને પુંવાડીયાનાં બીજ, એ સઘળાં અકેક તોલો લેઈ જુદાં જુદાં ખાંડી તેને ઘી તોલા ૧૨૦ ની અંદર પકાવી ત્રાંબાની કડાઈ વા તપેલામાં મૂકી સાત દિવસ તડકે રાખી પછી કામમાં લેવું. ઘીનો અભ્યંગ કરવાં (ચોળવા)થી સર્વ કોઢ, દાદર, ખસ, શૂક દોષ (ખોડો વા ફોતરી ઉખડે તે), ખરજવું, વિસ્ફોટક, વાતરક્તથી ઉત્પન્ન થયેલાં દરદો, માથાના રોગ, ફોડા, ગડ-ગુંબડ ફોલ્લા-ફોલ્લીઓ, ઉપદંશ (ચાંદીનો રોગ) નાડી વ્રણ, દુષ્ટ વ્રણ, સોજો, ભગંદર, અને [1]લુતા વગેરે સર્વ રોગ મટેછે તથા [2]શોધન, [3]રોપણના ગુણવાળું ઘી છે. અને શરીરનું વર્ણ સારૂં કરે છે. ૫૯—૬૨

પંચતિક્ત ઘૃત.

वृषानिम्बामृताव्याघ्रो पटोलानांशृतेनच ॥

૧—લુતા એટલે કામળા નામનાં ઝેરી જીવડાનો ડંખ (દંશ) થતે કરડેલો ભાગ સડે છે, તેમાંથી લોહી વહે છે, તાવ, દાહ, અતિસાર, ત્રિદોષજ રોગ અને ઘણી પ્રકારના ફોલ્લા તથા મ્હોટાં ચકંદળાં તેમજ પોચો, રાતો, લીલો, આસમાની અને ચંચળ એવો મ્હોટો સોજો વગેરે વગેરે તેનાં લક્ષણો થાય છે, તે ૧૬ જાતનાં કામળાં નામનાં જીત્રડાં થાય છે તેનાં દૂષિત. પ્રાણહર આદિ વિષોનાં ઉપર પ્રમાણેજ ચિન્હો હોય છે.

માધવ નિદાન.

૨—ગુંબડાંને પકવી તમામ ખરાબ ભાગને શોધી કાઢનાર ઔષધી તેને શોધન ગુણવાળી કહે છે.

૩—ગુંબડાં અગર શસ્ત્રાદિ વગેરેનો ઘા પડ્યો હોય તેમાં અંકૂર (માંસના ફણગા) ઉત્પન્ન કરી રૂઝ લાવનાર દવા તેને રોપણ ગુણવાળી કહે છે.

कल्कैनपक्वंसर्पिस्तु निहंन्याद्विषमज्वरान् ॥ ६३ ॥

અર્થ—અરડુસો, લીંબડાની અંતર છાલ, ગળો, રીંગણી અને કુકડવેલાનાં ફળ, એ ઔષધોનો ક્વાથ કરી ઘીમાં પકાવી ઘી સિદ્ધ કરવું, તેના સેવનથી વિષમજ્વર મટે છે. ૬૩

પુષ્ટિ માટે કામદેવ ઘૃત

अश्वगंधातुलेकास्या त्तदर्द्धंगोक्षुरस्तथा ॥ वलामृताशालिपर्णी विदारीचशतावरी ॥ ६४ ॥ पुनर्नवास्वच्छशुंठी काश्मर्यास्तुपलान्यपि ॥ पद्मवोजंमटीबीजं दद्याद्दशपलंपृथक् ॥ ६५ ॥ चतुर्द्रोणंपयःपक्त्वा पादशेषंशृतंनयेत् ॥ जोवनोयगणः कुष्टं पद्मकंरक्तचंदनं ॥ ६६ ॥ पत्रकंपिप्पलोद्राक्षा कपिकच्छुफलंतथा ॥ नीलोत्पलंनागपुष्पं सारिवेद्वेतथावला ॥ ६७ ॥ पृथक्कर्षसमाभागा शर्करायाःपलद्वयं ॥ रसस्यपौंड्रकेक्षुणां आढकैकंसमाहरेत् ६८ घृतस्यचाष्टकंदत्त्वा पाचयेन्मृदुवह्निना ॥ घृतमेतन्निहंत्याशु रक्तपित्तमुरक्षितं ॥ ६९ ॥ हलीमकंपाण्डुरोगं वर्णभेदंस्वरक्षयं ॥ वातरक्तमूत्रकृच्छ्रं शश्वच्छूलंतुकारयेत् ॥ ७० ॥ शुक्रक्षयमुरोदाहं कार्श्यमोजः क्षयंतथा ॥ स्त्रोणांचैवमज्ञानां गर्भदंशुक्रदंनृणां ।७१। कामदेवघृतंनाम हृद्यंबल्यंरसायनम् ॥ ७२ ॥

અર્થ—આસગંધ તોલા ૪૦૦, ગોખરૂ તોલા ૨૦૦, બળબીજ, ગળો, સાલ પરપોટી, ભોંય કોહળું, સતાવરી, સાટોડીની જડ, પીપર, સુંઠ, અને શીવણ એ નવ ઔષધીઓ ચાર ચાર તોલાના અંદાજે લેવી. કમળ કાકડી, કચૂરો એ બન્ને ૪૦–૪૦ તોલા લેવી, પાણી તોલા ૪૦૯૬માંતે ઔષધીઓનો કાઢો કરી ચોથા ભાગનું રહે ત્યારે જીવનીય ગણનાં ઔષધો, ઉપલેટ, પદમક, રતાંજળી, તમાલપત્ર, પીપર, કાળી દ્રાખ, કૌચાં, નીળું કમળ, નાગકેશર, ધોળી ઉપળસરી, કાળી ઉપળસરી, અને ખરેટીનાં મૂળ, એ ઔષધો દરેક તોલો તોલો લેવાં, સાકર ૮ તોલા, ધોળી શેલડીનો રસ ૨૫૬ તોલા અને ઘી

આઠગણું નાખી ધીમી આંચથી પકાવી તેને ગળી સેવન કરે (ખાય) તો રક્તપિત્ત, ઉરઃક્ષત (છાતીની ચાંદી) હળીમક (કમળી) પાંડુ, વર્ણભેદ, સ્વરભંગ, વાતરક્ત, મૂત્રકૃચ્છ્ર શૂળ અથવા પાંશળીયોનું શૂળ, ધાતુ ક્ષય (નાશ) છાતીની બળતરા, દુર્બળપણું અને ક્ષય વગેરેનો નાશ કરે છે, સ્ત્રીઓને પુત્ર પ્રાપ્ત થાય છે. વીર્ય (પરાક્રમ-બળ) અથવા વીર્ય (ધાતુ) વધારે છે. (વા. પ્રાપ્ત થાય છે) આ કામદેવ ઘૃત છાતીને બળ આપનાર છે અને બળ (શક્તી) પ્રાપ્ત કરવામાં રસાયન સ્વરૂપ (બરોબર) છે. ૬૪—૭૨

લોહિ વિકાર માટે મંજીષ્ઠાદિ ઘૃત.

मंजिष्ठाचहरिद्राच देवदारुहरीतकी ॥ शृंगवेरंह्यतिविषा वचाकटुकरोहिणी ॥ ७३ ॥ हिंगुरंश्चाक्षमात्रेण तत्सिद्धमवतारयेत् ॥ एतन्मांजिष्टकंसर्पिं र्बहून्रोगान्निवारयेत् ॥ ७४ ॥ हिक्कां श्वासंज्वरंकुष्ठं ग्रहणीपाण्डुरोगतां ॥ प्रमेहमधुमेहांश्च क्रिमिगुल्ममरोचकं ॥ ७५ ॥ कासंशोषमुदावर्त्त मपस्मारंतथैवच ॥ अर्शांसिश्वयथुंचैव गण्डमालांतथोदरं ॥ ७६ ॥

અર્થ—મજીઠ, હળદર, દારૂ હળદર, સુંઠ, અતિવિષ, વજ, કડુ અને હિંગ, એ દરેક ઔષધો અકેક તોલો લેવાં આઠ ગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઘી નાખી સિદ્ધ કરવું. બાદ ઉતારી દરરોજ તેનું સેવન કરે તો હેડકી, શ્વાસ, તાવ, કોઢ, સંગ્રહણી, પાંડુ રોગ, પ્રમેહ, મીઠો પરમીયો, (મધુ પ્રમેહ) કૃમી (કરમીયા) રોગ, ગોળો, અરૂચિ, ઉધરસ, શોષ, ઉદાવર્ત્ત, વાઈ, હરષ, સોજો, ગંડમાળ અને પેટના વ્યાધિ સારાંશમાં આ મંજીષ્ઠાદિ (મજીઠ આદિ) ઔષધીયોનું ઘી ઘણાક રોગોને મટાડે છે. ૭૩—૭૬

ઇતિ શ્રી મન્નાગપુરીય તપાગચ્છીય શ્રી હર્ષકીર્તિસૂરી સંકલિતે યોગચિંતામણૌ વૈદ્યક સાર સંગ્રહે ઘૃતાધિકારે પંચમોઽધ્યાય: સમાપ્ત:—

હવે [1]તૈલાધિકાર કહીએ છીએ.

સર્વ જાતના વાયુ રોગ ઉપર નારાયણ[2] તેલ.

बिल्वाग्निमंथश्योनाक पाटलापारिभद्रकः ॥ प्रसारण्यश्चगंधाचवृहतिकंटकारिका ॥ ७७ ॥ बलाचातिबलाचैव श्वदंष्ट्रासपुनर्नवा ॥ एषांदशपलांभागां श्चतुर्द्रोणेंभसः पचेत् ॥ ७८ ॥ पादशेषंपरिश्रावं तैलाढकप्रदापयेत् ॥ शतपुष्पादेवदारु मांसीशैलेयकंवचा ॥ ७९ ॥ चन्दनंतगरंकुष्ठं मेलापर्णीचतुष्टये ॥ रास्नातुरगगंधाच सैंधवंसपुनर्नवं ॥ ८० ॥ एषांद्विपलकान्भागान् पेषयित्व विनिक्षिपेत् ॥ शतावरीरसंचैव तैलतुल्यंप्रदापयेत् ॥ ८१ ॥ आजंवायदिवागव्यं दद्यात्क्षीरंचतुर्गुणं ॥ शनैर्विपाचयेत्सर्वं तत्सिद्धं मवतारयेत् ॥ ८२ ॥

અર્થ—બીલીના મૂળની છાલ, અરણીના મૂળની છાલ, અરલુ મૂળ, પાઠળનું મૂળ, પાહડી લીંમડાની અંતર છાલ, પ્રસારણી (પૃષ્ટ ૨૭ માં જુઓ) આસગંધ, ભોરીંગણીની જડ, બળબીજ, ગંગેટીની જડ, ગોખરૂની જડ અને સાટોડીની જડ, એટલાં ઔષધો ૪૦-૪૦ તોલા લેવાં, પાણી તોલા ૪૦૯૬ માં તે આખાં પાખાં ખાંડી (કચરી)ને નાખવાં, ધીમી આંચથી ઉકાળતાં ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ગળી લેઈ તેમાં તેલ ૨૫૬ તોલા નાખી પછે વરીયાળી (અગર સવા), ચોપડો દેવદાર, જટામાશી, શિલાજીત, ઘોડા

૧–તૈલ બનાવવાની રીત ઘૃતાધિકારની શરૂવાતમાં બતાવેલી છે.

૨–નારાયણ તૈલ માટે લોલિંબરાજ કહે છે કેઃ—

'नारायणं भजतरे जठरेणयुक्ता, नारायणं भजतरे पवनेनयुक्ता: नारायणं भजतरे भवभीतियुक्ता, नारायणात् परतरं किमपीहनास्ति.'

હે પેટના રોગવાળા મનુષ્યો! નારાયણ ચૂર્ણનું સેવન કરો! હે વાયુ ગ્રસ્ત મનુષ્યો! નારાયણ તૈલનું સેવન કરો! અને હે જન્મ મરણનો ભય રાખનાર મનુષ્યો! શ્રી નારાણનું સેવન કરો; કેમકે નારાયણ નામજ સર્વોત્તમ છે તેમ તે વિના આ લોકમાં શ્રેષ્ટ બીજું કોઈ છેજ નહીં!

વજ, ચંદન, તગર, ઉપલેટ, લાલ પરપોટી, પીલવણી, વગડાઉ મગ, વગડાઉ અડદ, રાસ્ના, આસગંધ, સિંધાલુણ અને સાટોડીની જડ, એ દરેક ૮-૮ તોલા લેઈ, વાટી તેમાં નાખવાં, તથા સતાવરીનો રસ ૨૫૬ તોલા, બકરી અગર ગાયનું દૂધ ૧૦૨૪ તોલા નાખી તે તેલને સારી રીતે ધીમી અગ્નિએ પકાવી ઉતારી યોગ્ય પાત્રમાં ભરી લેવું. ૭૮—૮૨

ગુણ.

पानेव्यस्तौतथाभ्यंमे भोज्येचैवप्रशस्यते ॥ अश्वो-वावातसंभग्नो गजोवायदिवानरः ॥ ८३ ॥ पंगुकःपीटसर्पी-च तैलेनानेनसिध्यते ॥ अधोभागाश्रयेवाताः शिरोमध्यगताश्चये ॥ ८४ ॥ दंतशूलहनुस्तम्भे मन्यास्तम्भेगलग्रहे ॥ एकांगवध्यतेय-स्य गतियस्यचविव्हला ॥ ८५ ॥ क्षीणेंद्रियानष्टशुक्रा ज्वरक्षीणा श्चयेनराः ॥ बधिरालग्नजिह्वाश्च विकलामंदमेधस ॥ ८६ ॥ मंद प्रज्ञाचयानारी याश्चगर्भनविंदति । कुरंडमंत्रवृद्धिच येषांतेषामिदं हितं ॥ ८७ ॥ यथानारायणोदेवो दुष्टदैत्यविनाशन । तथैदंवात-रोगाणां तैलंनारायणंस्मृतं ॥ ८८ ॥

અર્થ—આ તેલ પીવાથી તથા બસ્તિ કર્મ કરવા (ગુદામાં પીચકારી મારવા)થી, શરીરે ચોળવાથી, ખાવામાં ઉપયોગ કરવાથી, અને નાસ લેવાથી જે ઘોડો વાથી રહી ગયો હોય, તથા હાથી અથવા મનુષ્યનું શરીર વાયુથી રહી ગયેલ હોય તો અથવા લુલાપણું, વાંસાની કરોડમાં વાયુ ઠસવાથી વાંકુ વળી શકાય નહિ તે, કેડ (કમર)ની નીચેનું અંગ રહી જાય તે વાયુ, માથાની અંદર તથા દાંતના મૂળ (પેઢા)માં ઠસેલા વાયુથી આવતું શૂળ, હનુસ્થંભ (જે વાયુથી હડપચી રહી જાય કે વાંકી થઈ જાય તે) વાયુ, મન્યાસ્થંભ (જે વાયુથી ડોકું-ગરદન સજડ રહી જાય છે તે) વાયુ, ગલગ્રહ (જે વાયુથી ગળાની નસો રહી જાય છે અને ગરદન ફરી શકે નહિં તે) વાયુ, એકાંગ (એકજ બાજુનું અંગ રહી જાય છે-પંખી

વા-પક્ષઘાત-વાણુ ફરી ગયુ તે.) વાયુ, ગતિભંગ એટલે હાલી ચાલી શકાય નહિં તે વાયુ, શરીરની પાંચે ઇંદ્રીઓ પોતપોતાના ધર્મથી ક્ષીણુ (નિર્બળ) થઈ જાય તે વાયુ, વીર્યનો નાશ થઈ જાય તે વાયુ અથવા તાવ આવવાથી ખવાઈ ગયેલ શરીર, બેહરાપણું થાય તે વાયુ, તોતળાપણું થાય તે વાયુ, બુદ્ધિ અને આદ શક્તિ કમતી થઈ જાય છે તે વાયુ, તથા જે સ્ત્રીને સંતાન થતુંજ નથી તે વાયુ, વૃષણુ (અંડકોષ) વધી જાય છે તે વાયુ તેમજ અંત્રવૃદ્ધિ (અંતરગળ-સારણગાંઠ) વગેરે થાય છે તે વાયુ સારાંશમાં સર્વ જાતના વાયુનો નાશ કરવામાં હિતકારી છે જેમ શ્રી વિષ્ણુ પરમાત્મા દુષ્ટ દૈત્યોનો નાશ કરે છે તેમજ આ નારાયણ તૈલ સર્વ દુષ્ટ વાયુ રોગોનો નાશ કરે છે. ૮૩—૮૮

જુના તાવ, અને ઉગ્ર બળતરા ઉપર લાક્ષાદિ તૈલ.

चन्दनांबुनखंवाद्यं यष्टीशैलेयपद्मकं ॥ मंजिष्ठासरलादारु सट्येलानागकेशरं ॥ ८९ ॥ पत्रंचैलामुरामांसी कंकोलंचनतांबुदं ॥ हरिद्रेसारिवेतिक्तं लवंगागुरुकुंकुमं ॥ ९० ॥ त्वंग्रेणुनलिका स्त्वेभि स्तैलंमस्तुचतुर्गुणं ॥ लाक्षारसंसमंसिद्धं ग्रहघ्नंबलवर्णकृत ॥ ९१ ॥ अपस्मारक्षयोन्मादे कृतालक्ष्मीविनाशनम् ॥ गात्राणां स्फुटनंदाहं कण्डुजीर्णज्वरापहं ॥ ९२ ॥

અર્થ—ચંદન (સુખડ), વાળો (ખસ) નખલો, જેઠીમધ, શિલાજીત, પદ્મકનું લાકડું, મજીઠ, નસોતર, દેવદાર, કચૂરો, એલચી, નાગકેશર, તમાલપત્ર, એલચી, મોરમાંશી, કંકોલ, તગર, મોથ, હળદર, દારૂ હળદર, ધોળી ઉપળસરી, કાળી ઉપળસરી, કડુ, લવીંગ, અગર, કેશર, તજ, પિત્તપાપડો અને ચિત્રામૂળ, એ સર્વ બરોબર લેઈ તે સર્વથી ચોગણું તેલ, ઘોળેલું દહીં અને લાખનો રસ તેમાં તે ઔષધોનું પાણી સાથે કલ્ક કરી નાખી ઉકાળતાં તેલ માત્ર રહે ત્યારે ગળી લેઈ ઉપયોગમાં લેવાથી ગળાના રોગનો નાશ કરે, બળ, તથા શરીરની કાંતિ વધારે. વાઈ, ક્ષય, ઉન્માદ, અલ્ક્ષ્મીપણું શરીરની તોડફાટ, બળતરા, ખરજ, અને જુનો તાવ એ સર્વનો નાશ કરે છે. ૮૯—૯૨

લાક્ષાદિ તેલનો બીજો પ્રકાર.

लाक्षाढकंक्वाथयित्वा जलस्यचतुराढकैः ॥ चतुर्थांशंशृतंनीत्वा तैलंप्रस्थविपाचयेत् ॥ ९३ ॥ तक्राढकंगोदध्नं तत्रैवचनियोजयेत् ॥ शतपुष्पामश्वगंधा हरिद्रादेवदारुच ॥ ९४ ॥ कटुकारेणुकामूर्वा कुष्ठंचमधुयष्टिका ॥ चन्दनंमुस्तकंरास्ना पृथक्कृत्वाप्रमाणतः ॥ ९५ ॥ चूर्णयेत्तत्रनिक्षिप्य साधयेन्मृदुवह्निना ॥ अस्याभ्यंगात्प्रशाम्यंति सर्वेपिविषमज्वराः ॥ ९६ ॥ वातपित्तेक्षयेदाहे गुर्विणीपुष्टिदंमतं ॥ कासश्वासास्रग्विकारं कण्डुशूलभ्रमेषु च ॥ ९७ ॥

અર્થ—પાણી ૧૦૨૪ તોલામાં લાખ ૨૫૬ તોલા નાખી ઉકાળવી જ્યારે ચોથા ભાગનું પાણી રહે ત્યારે તલીનું તેલ તોલા ૬૪ નાખી પકાવવું, તેમાં ગાયની છાસ તોલા ૨૫૬ નાખવી,બાદ સવા, આસગંધ, હળદર, દેવદાર, કડુ, નગોડનાં બીજ, મોરવેલ (અથવા મરડાફળી,) ઉપલેટ, જેઠીમધ, ચંદન, મોથ અને રાસ્નાએ સમાન ભાગે લેઈ કલ્ક કરી તેમાં નાખવાં. ધીમી આંચથી પકાવી તેલ સિદ્ધ કરી એ તેલનું શરીરે મર્દન કરે (ચોળે) તો તમામ વિષમજ્વર, વાતપિત્ત, ક્ષય, બળતરા (દાહ) ઉધરસ, શ્વાસ, લોહી વિકાર, ખરજ, શૂળ (સણકા) ફેર, વગેરે રોગોને દૂર કરે છે. અને ગર્ભણી સ્ત્રીને હિતકારી છે. ૯૩—૯૭

મરિચ્યાદિ તેલ.

मरिचचन्दनदारुनिशाद्वयं जलदमेघशिलालसकृद्रसैः ॥ त्रिवृतयाश्वहरोर्कपयोविषैः सुरभिमूत्रयुतंविपचेद्भिषक् ॥ ९८ ॥

कटुकतैलमिदंमरिचादिकं कठिनचर्मदलारसकापहं ॥ बहुलमंडलसिध्मविचर्चिका प्रवरकुष्ठकिलासविसर्पजित् ॥ ९९ ॥

અર્થ—મરી, ચંદન, દેવદાર, હળદર, દારૂ હળદર, વાળો, મોથ, મણશિલ, હરતાલ, છાણનો રસ, નસોતર, આસગંધ, કણેરની જડ, આકડાનું દૂધ, અને વછનાગ, એ સર્વ સમાન લેઈ ગાયના મૂત્રમાં

ઉકાળી સરસીયું તેલ નાખી પકાવવું. આ મરિચાદિતૈલ ચોળવા)મશળવા)થી આકરો ચર્મદળ(ચામડીનું કઠણ થવું, દાદર) ફોલ્લીયોનાં કુંડાળાં પડે છે તે વગેરે ત્વચારોગ, સિધ્મ નામાનેકોઢ, વિચર્ચીકા કોઢ, કિલાસ અને ખરજ વગેરેનો નાશ કરે છે. ૯૮-૯૯

વૃદ્ધ મરિચાદિતૈલ.

मरिचंत्रिफलादंति क्षीरमार्कसकृद्रसैः ॥ देवदारुहरिद्रेद्वे मांसोकुष्ठसचन्दनं ॥ १००० ॥ विशालाकरवीरंच हरितालंमनःशिला ॥ चित्रकोलांगलीलाक्षा विडंगंचक्रमर्दकं ॥ १ ॥ शिरीषकुटजोनिम्ब सप्तपर्णस्नुहीमृता ॥ सम्पाकोनक्तमालश्च खदिरंपिप्पलीत्वचा ॥ २ ॥ ज्योतिष्मतीचपलिका त्रिषंचद्विपलंनयेत् ॥ आढकंकटुतैलस्य गोमूत्रंचचतुर्गुणं ॥ ३ ॥ मृत्पात्रेलोहपात्रेच शनैर्मृद्वग्निनापचेत् ॥ पक्त्वातैलवरंह्येतत् कर्षयेत्कोष्ठकंत्रणं ॥ ४ ॥ पामाविचर्चिकाकण्डु दद्रुविस्फोटकानिच ॥ वलितंपलितंछाया निलीव्यंगत्वमेवच ॥ ५ ॥ अभ्यंगेनप्रणश्यंति सौकुमार्यंचजायते ॥ प्रथमेवयसिस्त्रीणां नश्यमस्यतुदीयते ॥ ६ ॥ जरामपितथाप्राप्य नाम्नानायातिविक्रियां ॥ बलीवर्दस्तुरंगोवा गजोवात्रायुपीडितः॥७॥ त्रिभिरभ्यंजनैर्वाढं भवेन्मारुतविक्रमः ॥ ८ ॥

અર્થ—મરી, ત્રિફળાં, નેપાળાનું મૂળ, થોરનું દૂધ, આકડાનું દૂધ, છાણનો રસ, દેવદાર, હળદર, દારૂ હળદર, જટામાંસી, ગંધમાંસી, ઉપલેટ, ચંદન, ઇંદ્રિવારૂણી, કણેરની જડ, હરતાલ, મણશિલ, ચિત્રામૂળ, કલહારી, લાખ, વાવડીંગ, પુંઆડીઆનાં બીજ, કાળીયા સરસની છાલ (અથવા સરસવ) કડાછાલ, લીંબડાની અંતર છાલ, ચાર ધારો થોર, ગળો, કરંજ બીજ, ગરમાળો, ખેર છાલ, પીપર, વજ, અને માલ કાકણી એ સઘળાં ચાર ચાર તોલા લેવાં, વછનાગ ૮ તોલા લેવો, સરસીયું તેલ તોલા ૨૫૬, ગાયનું મૂત્ર ૧૦૨૪ તોલા લેઈ માટી અથવા લોખંડના વાસણમાં ધીમી આંચથી પકાવવાં, જ્યારે સર્વ રસ બળી એકલું તેલ રહે ત્યારે ઉતારી ગળી લેઈ તે

પૈકી એક તોલો દરરોજ મર્દન કરે તો કોઢ, ગુંબડાં, ખસ, વિચર્ચિકા, ખરજ, દાદર, વિસ્ફોટક, શરીર ઉપરની કરોચલી, ધોળાં પળિયાં, મુખ છાંયા, કાળાં લાખવાં-ચાઠાં, વગેરે નાશ પામે છે. શરીર સુકમાળ થાય છે, જો સ્ત્રી નાહની ઉમ્મરમાં આ તેલનો નાસ લીધા કરે તો વૃદ્ધ થાય તથાપિ પણ શરીરનો બાંધો સુંદર રહે છે, અને જરા વસ્થા પ્રાપ્ત થતી નથી. તેમજ બળદ, ઘોડા, હાથી, વગેરે વાયુથી રહી ગયા હોય-પીડા પામતા હોય તો ત્રણ દીવસ આ તેલ ચોળવાથી વાયુ રોગ મટી પવનના સમાન પરાક્રમી થાય છે. ૧૦૦૦—૮

સર્વ વાયુ માટે વિસગર્ભ તેલ.

विषंचपुष्करंकुष्ठं वचाभार्गीशतावरी ॥ शुंठोहरिद्रेलशुनं त्रिडंगंदेवदारुच ॥ ९ ॥ अश्वगंधाजमोदाच मरिचंग्रंथिकंबला ॥ रास्नाप्रसारिणीशिग्रु गुडूचीहपुषाभया ॥ १० ॥ दशमूलानिनिर्गुंडो मिशीपाठाचवानरी ॥ विशालाशतपुष्पाच प्रत्येकंशलिकान्मितान् ॥ ११ ॥ चतुर्गुणैर्जलैःपक्त्वा पादशेषंशृतंनयेत् ॥ तिलतैलंक्षिपेत्प्रस्थं तथैरण्डंचसार्षपं ॥ १२ ॥ धत्तूरंचाण्डभृंगार्क रसान्प्रस्थमितान्क्षिपेत् ॥ पाचयेद्गोमयरसै स्तैलशेषंसमुद्धरेत् ॥ १३ ॥ पलमेकविषंचात्र सूक्ष्मंकृत्वाविनिक्षिपेत ॥ सर्वेषुवातरोगेषु सदाभ्यंगेविधीयते ॥ १४ ॥ संधिवातेसन्निपाते त्रिकपृष्टेकटिग्रहे ॥ पक्षाघातेतथार्द्धांगे गात्रकंपेतिदारुणे ॥ १५ ॥ कुब्जकेचधनुर्वातेगृध्रस्यांचप्रतानके ॥ विषगर्भमिदंतैलं योजनीयंसदाबुधैः ॥ १६ ॥

અર્થ—વછનાગ, પુષ્કર મૂળ, ઉપલેટ, વજ, ભારંગી, સતાવરી, સુંઠ, હળદર, દારૂ હળદર, લસણ, વાવડીંગ, દેવદાર, આસગંધ, અજમોદ, મરી, પીપરી મૂળ, બળબીજ, રાસ્ના, પ્રસારણી, સરગવાનું મૂળ, ગળો, છીણીનાં મૂળ, હુરડેદળ, દશમૂળ, નગોડ, સવા, કાળી પાઠ, કૌચાં, ઇંદ્રવારૂણી અને વરીયાળી એ સઘળાં ચાર ચાર તોલા લેવાં, તે ઔષધોના ચોગણા વજનથી પાણી લેઈ તેમાં આખાં પાખાં

કચરીને નાખી ઉકાળવાં જ્યારે ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ચોળી ગળી લેઈ તેમાં તલીનું તેલ, તોળા ૬૪, એરંડીયું તોલા ૬૪, સરસીયું તોલા ૬૪ નાખી, ધંતૂરાનો રસ, એરંડાનો રસ, જળ ભાંગરાનો રસ (અથવા ભાંગનો રસ) આકડાનું દૂધ મળી તોલા ૬૪, (અથવા દરેકના રસ ૬૪ તોલા ભાર લેવા) અને ગાયના છાણનો રસ નાખી ધીમી આંચે પરીપકવ કરવું માત્ર તેલજ રહે ત્યારે વછનાગ તોલા ૪ ઝીણો વાટી ચાળી તેમાં મેળવી સુંદર પાત્ર (વાસણ)માં ભરી લેવું. તે તેલના મર્દનથી હમેશાં સર્વ જાતના વાયુ રોગ એટલે સંધિવાયુ, સંન્નિપાત, પીઠનાત્રીકનો દુખાવો, કમરનું ઝલાઈ જવું, પક્ષઘાત, અથવા અર્દ્ધ શરીરનું ઝલાવું, કંપ વાયુ, કુબડાપણું, ધનુર્વાયુ (તાણ) અધસી વાયુ (કેડની નીચેની નસો ઝલાય છે તે વાયુ) પ્રતાનિક વાયુ, મતલબમાં સર્વ વાયુ રોગ ઉપર આ વિષગર્ભતેલ હમેશાં પંડિત (બુદ્ધિમાન) પુરૂષોએ મશળવા માટે ઉપયોગમાં લેવું. ૯—૧૬

વિષ ગર્ભ તૈલનો બીજો પ્રકાર.

कनकाश्वाविनिर्गुंडीतुंबिनोसपुनर्नवा ॥ वानरीयश्वगंधाच प्रपुन्नाटःसचित्रकः ॥ १७ ॥ सौभांजनंकाकमाचीकलिहारीतुनिंबकैः ॥ महानिंबेश्वरीचैवदशमूलीशतावरी ॥ १८ ॥ कारेल्लीसारिवेद्वेचश्रीपर्णीचविदारिका ॥ वज्रार्कमेषशृंगोचकरवीरद्वमंतथा १९ काकजंघात्वपामार्गस्तथास्यात्सुप्रसारिणी ॥ त्रिफलातत्समांशेनरसंतैलसमानिच ॥ २० ॥ कृष्णस्यतिलतैलंचतैलमेरण्डसार्षपं ॥ पचेदेकत्रसर्वंतत्तैलसिद्धंचबुद्धिमान् ॥ २१ ॥ त्रिकटुन्यश्वगंधाचरास्नाकुष्टंचनिंबके ॥ देवदारुकलिंगंचद्वौक्षारौलवणानिच ॥ २२ ॥ तुत्थंकटूफलंपाठाभार्ङ्गीचनवसादरं ॥ गंधकंपुष्करंमूलंशिलाजतुसटीवचा ॥ २३ ॥ एतानिकर्षमात्राणितैलशेषेविनिक्षिपेत् ॥ मशृतंचविषंदद्यात् सूक्ष्मचूर्णीकृतंक्षिपेत् ॥ २४ ॥

અર્થ—ધંતૂરાનાં બીજ, નગોડ, કડવી તુંબડી, સાટોડીની જડ,

કોચાં, આસગંધ, પુંઆડનાં બીજ, ચિત્રામૂળ, સરગવાની છાલ, કાકમાચી કલિહારી, લીંબડાની અંતર છાલ અથવા પાંદડાં, બકાયણુ (બકાન લીંબડીની છાલ-ફળ) દશમૂળ, સતાવરી, કારેલીનું મૂળ, ધોળી ઉપલસરી, કાળી ઉપલસરી, શ્રીપર્ણિ, ભોંયકોહળું, થોરનું દૂધ, આકડાનું દૂધ, મીઠી આવળ (અથવા મરડાસીંગી) રાતી કણેરનું મૂળ, ધોળી કણેરનું મૂળ, કાકજંઘા, અંધાડો, પ્રસારણી અને ત્રિફળાં, એ સર્વ સમાન લેઈ ખાંડવા લાયક હોય તેને જરા જરા ખાંડી, ચોગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું રહે ત્યારે ઉતારી ગળી લેઈ તેમાં તેના બરોબર કાળા તલનું તેલ, એરંડીયું, તથા સરસીયું નાખી ઉકાળવું, જ્યારે તેલ સિદ્ધ થયું જણાય ત્યારે ત્રિકટુ, આસગંધ, રાસ્ના, ઉપલેટ, લીંબડાની અંતર છાલ, દેવદાર, ઈંદ્રજવ, સાજીખાર, જવખાર, સિંધાલુણ, સંચળ, વડાગરૂં, બંગડી ખાર, ખવાનું મીઠું, મોરથુથું, કાયફળ, કાળી પાઠ, ભારંગી, નવસાદર, ગંધક, પુષ્કર મૂળ, શિલાજીત, કચૂરો અને વજ, એ દરેક તોલો તોલો લેઈ બારીક ચૂર્ણ કરી તેમાં નાખવું તથા વછનાગ ૮ તોલા ખૂબ ઝીણો વાટી તેમાં નાખવો; બાદ ઉતારી લેઈ સ્વચ્છ બરણી કે બાટલીમાં ભરી લેવું. ૧૭—૨૪

ગુણ.

विषगर्भमिदंतैलसर्वव्याधीन्व्यपोहति ॥
कुक्षिभ्रूपृष्ठिगंडेषुसंधानंशोफएवच ॥ २५ ॥
गृध्रसींचशिरोवायुंसर्वांगस्फुटनंतथा ॥ दंडापतानकोष्टीलंकर्णनादंचशून्यतां ॥ २६ ॥ कंपनंचोर्ध्ववातंचवाधिर्यंपलितंतथा । गंडमालापचीग्रंथीशिरःकंपापतंत्रकं ॥ २७ ॥ अनेनसर्ववाताश्चसन्निपातास्त्रयोदश । वनमभ्यागतेसिंहेपलायंतयथामृगाः ॥ २८ ॥ तथा वातेषुसर्वेषुयोजनीयंभिषग्वरैः ॥ २९ ॥

અર્થ—આ વિષ ગર્ભ તેલ સર્વ વ્યાધિને દૂર કરે છે એટલે પેટ પીડા, ભ્રમરોની પીડા, વાંસામાંનો દુખાવો, લમણાપાસેની વા, કાન પટીની પીડા, સાંધાઓનો દુખાવો, સોજો, ગ્રધસી વાયુ,

માથાનો વાયુ, આખા શરીરમાં થતું તોડ, દંડ અપતાનક વાયુ, પેટનો વાયુ ગોળો, કાનમાં ઘોંઘાટ થતો હોય તે, અથવા કાનમાં શુન્યતા (સુન્યકાર) હોય તે, કંપ વાયુ, ઉર્દ્ધ વાયુ, બેહરાપણું, ધોળાં પળીયાં, ગંડમાળ, અપચી, ગાંઠ, માથાનો ધ્રુજારો, અપતંત્રક વાયુ સારાંશમાં સર્વ વાયુ અને ૧૩ જાતના સન્નિપાતાદિ રોગો જેમ સિંહના આવાગમનથી વનમાં રહેતાં હરણ જીવ લેઇને નાશી જાય છે તેમજ આ તેલથી તે રોગો પલાયન (નાશી જાય છે-નાશ પામે છે-દૂર) થાય છે. માટે હે વૈદ્યરાજો સર્વ વાત વ્યાધિ ઉપર આ વિષ ગર્ભ તેલનોજ પ્રયોગ ઉપયોગ લેવો. ૨૫—૨૯

માથાના રોગો ઉપર ષટ્બિંદુ તેલનો બીજો પ્રકાર.

एरण्डमूलंतगरंशताह्वा जीवंतिरास्नालवणोत्तमंच ॥ भृंगविडङ्गंमधुयष्टिकाच महौषधंचेतितिलस्यतैलं ॥ ३० ॥ एतैर्विपक्वैः पयसाचतुल्यं चतुर्गुणंभृङ्गरसेचसम्यक् ॥ षड्विंदवोनासिकयोर्प्रयुक्ताः सर्वान्निहन्युःशिरसोविकारान् ॥ ३१ ॥ च्युतांश्चकेशान् स्खलितांश्चदंता नुद्दृद्धमूलांश्चदृढीकरोति ॥ सुपर्णनागप्रतिमंचचक्षु र्बुद्धिंबलंचाभ्यधिकंकरोति ॥ ३२ ॥

અર્થ—એરંડાનું મૂળ, તગર, સવા, ડોડી, રાસ્ના, સિંધાલુણ, જળભાગરો, વાવડીંગ, મહુડાં, જેઠીમધ અને સુંઠ, એટલાં ઔષધોને આખાં પાખાં કચરી અથવા ચટણી માફક વાટી તલીનું તેલ નાખી પકાવવાં, જેટલું તેલ તેટલુંજ પાણી અને તેથી ચારગણો ભાંગરાનો રસ નાખી તેલ બનાવવાની વિધિ મુજબ તેલને પકાવવું (સિદ્ધ કરવું) આ ષટ્ બિંદુ તેલનાં છ ટીપાં નાકમાં નાખવાથી સર્વ માથાના રોગો નાશ થાય છે. માથાના વાળ ખરી જતા હોય, દાંત ખળભળી ગયા હોય તો તેનાં મૂળોને સજ્જડ કરે છે, નેત્રનું તેજ ઘણું વધારે છે અને બુદ્ધિનું બળ વધારે છે. ૩૦—૩૨

વાયુ રોગ ઉપર સતાવરી તેલ.

शतावरीरसंग्राह्यं पाच्यंत्रायंत्रपीडितम् ॥ प्रभूतंतद्रसंक्षिप्त्वा

तैलस्याढकमेवच ॥ ३३ ॥ दधिक्षीरेणविपचेत् द्रव्याण्येतानिदाप
येत् ॥ शतपुष्पावचाकुष्टं मांसीशैलेयचन्दनैः ॥ ३४ ॥ प्रियंगुपद्म
कमुस्ता ह्रीवेरोशीरकट्फलं ॥ सैंधवंमधुकंरोध्रं गैयकंरक्तचन्दनं
॥ ३५ ॥ चंडाएलामुरास्पृक्का नलिकापद्मकेशरं ॥ श्रीवेष्टकंसर्ज्ज
सं जीवकर्षभकौसटो ॥ ३६ ॥ पतंगरेणुकादार्वी कर्चीरंसारिवात
ा ॥ मंजिष्ठामधुकंचैव द्रव्यैरेतैःपलोन्मितैः ॥ ३७ ॥ मध्यपाकं
विजानीया त्ततस्तमवतारयेत् ॥

અર્થ—સતાવરીનો રસ ૨૫૬ તોલા તથા તલનું તેલ ૨૫૬ તોલા લેઈ તેમાં દહીં, દૂધ નાખી તેને પકાવવો, તેમાં સવા, (વરીયાળી) વજ, ઉપલેટ, જટામાંશી, શિલાજીત ચંદન, કાંગ, પદમક, મોથ, વાળો, સુગંધીવાળો, કાયફળ, સિંધાલુણ, જેઠીમધ (અથવા મહુડાં) લોદર, ધઉંલા, રતાંજળિ, શિલારસ, એલચી, મોરવેલ, લજાળુ, કમળનું કેશર, (અથવા કમળ અને નાગ કેશર) શ્રીવેષ્ટ (ચીઢ) શલ, જીવક, ઋષભક, કચૂરો, પતંગનું લાકડું, નગોડનાં બીજ, દારૂ હળદર, ષટ્ કચૂરો, ઉપળસરી, મજીઠ અને મહુડાં, એ સર્વ ઔષધો ચાર ચાર તોલાના અંદાજે લેવાં, ધીમી આંચે વિધિ મુજબ પકાવી તૈયાર કરી ઉતારી લેવું. ૩૩—૩૮

ગુણ.

पथ्यंपानेतथाभ्यंगे नस्येभोज्येचदापयेत् ॥ ३८ ॥
पीड्यमानेतथावाते पक्षाघाताभिमंथके ॥
अर्दितेकर्णशूलेच ऊरुस्तंभेकटिग्रहे॥३९॥ पवनेचाशिरःकम्पे सूतिकायांप्रदापयेत् ॥ मन्यास्तंभेधनुःकम्पे अस्थिभंगेचदारुणे । ४० ।
तथासर्वगतेवायौ शुष्कमाणेषुधातुषु ॥ अनार्त्तक्षीणरेताःस्यु र्वंध्यायांगर्भिणीषुच ॥ ४१ ॥ वक्षंपुनर्नवाकारं बलमारोग्यदंमहत् ॥
शतावरीतैलमिदं सर्ववातविकारनुत् ॥ ४२ ॥

અર્થ—આ તેલ પથ્યમાં રહી (કીરી પાળી) પીએ અથવા માલેસ (મશળે) કરે કિંવા નાકમાં ટીપાં પાડી નાસલે અગર ખાવામાં

વાપરે તો વાયુની પીડાથી પીડાતો હોય એટલે પક્ષઘાત વાયુ, અભિમંથક, અર્દિત (અડદીયો) વાયુ, કાનનું શૂળ, ઉરૂસ્થંભ (જાંઘોની નસોનું રહી જવું.) કટિગ્રહ (કેડની નસો ઝલાઈ જાય છે તે) વાયુ, માથાનો કંપ વાયુ, ધુજારો, સુઆ રોગ, મન્યા સ્થંભ, ધનુર્વાયુ, કંપ વાયુ, હાડનું ભાગવું, અથવા આખા શરીરમાં પસારયલા (ફેલાયલા) વાયુથી ધાતુનું સુકાવું, લોહી અગર સ્ત્રીનો આર્ત્તવ (અટકાવ) સુકાઈ જાય તે અને વીર્યનું ક્ષીણ થવું, વગેરે સર્વ વ્યાધિઓ દૂર થાય છે. વાંઝણી ગર્ભને ધારણ કરે છે. શરીર નવ યૌવન સમાન સુંદર અને પુષ્ટ થાય છે, શક્તિ વધે છે, અને અતિ આરોગ્યતા (નિરોગતા) પામે, સારાંશમાં આ સતાવરી તેલ તમામ વાયુ વ્યાધિનો નાશ કરે છે. ૩૮—૪૨

વાત પિત્તાદિ રોગ ઉપર બળાદિ તેલ.

बलाशतंगुडूच्याश्चपादंरास्नाष्टभागकं ॥ जलाढकशतैःपक्त्वा शतभागस्थितेरसे ॥ ४३ ॥ दधिमस्त्विक्षुनिर्यासे शुक्तैस्तैलाढकेश नैः ॥ पचेत्साजपयोर्द्धांशं कल्कैरेभिः पलोन्मितैः ॥ ४४ ॥ सटो सरलदार्व्येला मंजिष्ठागुरुचन्दनैः ॥ पद्मकात्रिफलामुस्ता सूर्यप- र्णीहरेणुभिः ॥ ४५ ॥ यष्ट्यह्वासुरसाव्याघ्री नखर्षभकजीवकैः ॥ पलाशरसकस्तूरी नलिकाजातिकोशकैः ॥ ४६ ॥ स्पृक्काकुंकुमशै लेया मालतीकटुफलांबुभिः ॥ त्वकुंदरस कर्पूरो तुरुष्कश्रीनिवास कैः ॥ ४७ ॥ लवंगनखकंकोल कुष्ठमांसीप्रियंगुभिः ॥ स्थौरेयतग रंश्यापि वचादमनकच्छुकैः ॥ ४८ ॥ सनागकेशरंसिद्धे दद्याच्चात्रा वतारिते ॥ पलमात्रंततः पूतं

અર્થ—બળબીજ ૧૦૦ ભાગ, ગળો ૨૫ ભાગ, રાસ્ના ૮ ભાગ પાણી મણ ૧૦ (૧૦૦ આઢક)માં નાખી ઉકાળી ૪૦૦ તોલા પાણી રહે ત્યારે દહી, છાસ, ગોળ નાખી પકાવવું, ધોળી તલીનું તેલ તોલા ૨૫૬ તેમાં નાખી બાદ ૧૨૮ તોલા દૂધ નાખી પરીપકવ કરવું તેમાં કચૂરો, નસોતર, દેવદાર, દારૂ હળદર, એલચી, મજીઠ,

અગર, ચંદન, પદ્મકનું લાકડું, ત્રિફળાં, મોથ, સૂર્યપર્ણી, રેણુ (પિત્તપાપડો) જેઠીમધ, રાસ્ના, ભોરીંગણી, નખલો, ઋષભક, જીવક. ખાખરાનો રસ, કસ્તૂરી, જાયફળ, લજાળું, કેશર, શિલાજીત, જાઈનાં પાન (અથવા માલતીનાં પાન) કાયફળ, વાળો, તજ, કુંદરૂગુંદ, કપૂર, લોબાન, શિલારસ, લવીંગ, નખલા, કંકોલ, ઉપલેટ, જટામાંશી, કાંગ, તગર, વજ, દમડાનાં ફૂલ કોચાં અને નાગકેશર એ સર્વ ઔષધો ચાર ચાર તોલા લેઈ વાંટી ચટણી બનાવી તેમાં નાખી તેલ સિદ્ધ થયે ઉતારી લેવું.

ગુણ.

विधिनातत्प्रयोजयेत् ॥ ४९ ॥ कासंश्वासंज्वरंमूर्च्छां छर्दिंगुल्मक्षतक्षयान् ॥ दौर्बल्यंशिरस्तापं सर्वधात्वाश्रितानिलं ॥ ५० ॥ प्लीहशोषावपस्मारमलक्ष्मींचप्रणाशयेत् बलातैलमिदंश्रेष्ठं वातव्याधिविनाशनम् ॥ ५१ ॥

અર્થ— વિધિયુક્ત ઉપયોગમાં લેવાથી ઉધરસ, શ્વાસ, તાવ. મૂર્છા, ઉલટી, ગોળો, છાતીમાં ચાંદી પડવાથી થયલો ક્ષય, દુર્બળપણું, માથાની પીડા, સર્વ (સપ્ત) ધાતુઓમાં રહેલો વાયુ, બરોળ, શોષ, વાઈ, આળસ, વા અલક્ષ્મિ વગેરે અને સર્વ જાતની વાયુ વ્યાધિઓ મટાડવા આ બળા તેલ ઘણું સારૂં છે. ૪૯—૫૧

વાયુ રોગ ઉપર પ્રસારણી તેલ.

प्रसारणीक्वाथपयोंबुतक्र मस्त्वारनालंविपचेत्ततैलं ॥ कल्कीकृतंविश्वघनांबुकुष्ठं मांसीशताह्वामरदारुसेव्यः ॥ ५२ ॥ शैलेयरास्नागुरुसारिवाच सिंधूत्थबिल्वानलमंथचोश्चैः ॥ तगरंलतांभोज पुनर्नवास्यात् श्योनाकयष्ट्याह्वकुटंनटैश्च ॥ ५३ ॥ छिन्नोद्भवादाव्यंभयाकरंज मेदानिशाह्वैः सफलात्रिकैश्च ॥ एरण्डगोकंटकजीवकैश्च तत्ताधितंहंत्यनलोत्थरोगान् ॥ ५४ ॥ सर्वांश्चदीप्तानपिपक्षघातान् वाताश्रिताध्मानहनप्रहादीन् ॥ सगृध्रसीविश्वविबाहुशोषं हृन्मूर्द्धसंस्थांश्चगदांश्चतांस्तान् ॥५५॥ सशुष्कभग्नप्रबलांगयष्टिं योसाध्यताम

ल्वणमारुतेन ॥ नीतः पुमांस्तस्यभवेदवश्यं प्रसारणीतैलमिदंहि-ताय ॥ ५६ ॥

અર્થ—પ્રસારણીનો વિધિ પ્રમાણે ક્વાથ કરી દૂધ. પાણી, છાસ, દહીં, કાંજી, અને તેલ નાખી પકાવવું જ્યારે એકલું તેલ રહે ત્યારે સુંઠ, મોથ, વાળો, ઉપલેટ, જટામાશી, સવા, દેવદાર, શિલાજીત (અથવા શિલારસ) રાસ્ના, અગર, ઉપળશરી, સિંધાલુણ, બીલીનું મૂળ, અરણીનું મૂળ, તગર, મજીઠ, કમળ, સાટોડીનું મૂળ, અરડૂસો, જેઠીમધ, હરતાલ, ગળો, દારૂહળદર, હરડેદળ, કણગાનાં બીજ, મેદાલકડી, હળદર, ત્રિફળાં, એરંડાનું મૂળ, ગોખરૂ, અને જીવક એ સર્વ સમાન લેઈ ચટણી જેવાં વાટી તે તેલમાં નાખી પકાવી ઉતારી ઉપયોગમાં લેવું. એ તેલ સર્વ વાયુ રોગને મટાડે છે, સર્વ શરીરની ઇંદ્રીયોને સતેજ કરે છે, પક્ષઘાત વાયુ, આફરો, હનુગ્રહ, અધૃસી વાયુ, હાથનું સુકાવાપણું, છાતી માથા વગેરેમાં વાયુ હોય તે, શરીરનું લુખું પડી જવું તથા સુકાઈ જવું, હાડનું ભાગવું-કળતર, ઉલ્વણ, અને અસાધ્ય વાયુ રોગનો નાશ કરે છે. આ તેલનું જો સ્ત્રી સેવન કરે તો હમેશાં તે પુરૂષને વલ્લભ થાય અર્થાત્ શરીર નિરોગી થઇ સુંદર મજબૂત શરીરનો બાંધો થાય છે. પર—પ૬

ચંદનાદિ તેલ.

चन्दनंपद्मकंकुष्ट मुशीरंदेवदारुच ॥ नागकेशरपत्रैला त्वगंमांशीतगरंजलं ॥ ५७ ॥ जातीफलंचोटफलं कंकुमंजातिपत्रिका ॥ नखंकुन्दरुकस्तूरी चण्डाशैलेहूदंमनः ॥ ५८ ॥ पतंगंपुष्करंमुस्ता रक्तचन्दनसारिवा ॥ सटीकर्पूरमंजिष्टा लाक्षायष्टिप्रियंगुभिः ५९ शतपुष्पात्वरीमूर्वा अश्वगंधामहौषधं ॥ पद्मकेशरश्रीबिल्व सरलागुरुरेणुभि ॥ ६० ॥ स्पृकालवंगकंकोलं द्रव्यैरेभिर्द्विकर्षकैः ॥ दशमूलकषायस्य भागा षष्ठ्यायसस्तथा ॥ ६१ ॥ यवकोलकुलत्थानां बलमूलस्यचैकतः॥निक्वाथ्यभागोभागाश्च तैलस्यचचतुर्दश द्दर ततः पकंविजानीयात् क्षिप्रंतदवतारयेत् ॥ शुभेपात्रेविनिक्षिप्त मौ-

षधै ससुगंधिभि ॥ ६३ ॥प्रतोचार्यंततः कार्यं मेषांसंयोजनेविधिः

અર્થ—ચંદન, પદ્મકનું લાકડું, ઉપલેટ, સુગંધીવાળો, દેવદાર, નાગકેશર, તમાલપત્ર, એલચી, તજ, જટામાંશી, તગર, વાળો-નેત્રવાળો, જાયફળ, સોપારી, કેશર, જાવંત્રી, નખલો, કંદરૂપ, કસ્તૂરી, શિલારસ, શિલાજીત, ડમરો, પતંગનું લાકડું, પૂષ્કર મૂળ, મોથ, રતાંજળિ, ઉપળશરી, કચૂરો, કપૂર, મજીઠ, લાખ, જેઠીમધ, કાંગ, વરીયાળી અથવા સવા, સતાવરી, મોરવેલ, આસગંધ, સુંઠ, કમળનું કેશર, ળીલીનો ગર્ભ, સરલ, અગર, પિત્તપાપડો, સ્પૃક્કા (લજાળુદેવી,) લવીંગ અને કંકોળ, એ સઘળાં બબે તોલા લેવાં, લોખંડની કડાઈમાં દશમૂળનો કવાથ ષષ્ટમાંશ ભાગે કરવો, જવ, બોરની બીજ, કલથી, બળબીજના ઝાડનું મૂળ, એ સર્વ કવાથથી ૧૪ ગણું તેલ નાખી તેને સારી રીતે પકવવું; બાદ પરીપકવ થયે ઉતારી સુંદર વાસણ વા સીસામાં ભરી સુગંધી પદાર્થો નાખવાં. ૫૭—૬૩

ગુણ.

॥ प्रयोज्यंसुकुमाराणा मीश्वराणांसुखात्मनां ॥ ६४ ॥

स्त्रोणांस्त्रीवृन्दभर्तृणा मलक्ष्मोकलिनाशनम् ॥ सर्वकालेप्रयोगेण कांतिलावण्यपुष्टिदं ॥ ६५ ॥ जीर्णज्वरंसदाहंच शोतंचविषमज्वरं ॥ शोषापस्मारकुष्ठघ्नं वंध्यानांचसुतप्रदं ॥ ६६ ॥ अशोति वातजान्रोगान् वातरक्तविशेषतः ॥ सूतिकाबालमर्म्मास्थि हतक्षोणेषुपूजितं ॥ ६७ ॥ व्याधितानांहितार्थाय येतुकंडूर्तिपोडिताः ॥ विशेषाद्रुक्षदेहानां विचित्राणांविशेषितः ॥ ६८ ॥ विनिर्मितमिदंतैलं आत्रेयेणमहर्षिणा । नचास्मात्सहसारोगा प्रभवंत्यूर्ध्वजन्तुजाः ॥ ६९ ॥ अस्यप्रयोगात्तैलस्य जरांनलभतेनरः ॥ चन्दनादिस्त्विदंतैलं लोकानांचाहितप्रदं ॥ ७० ॥

અર્થ—આ તેલ દરરોજ સ્ત્રી અથવા પુરૂષ મર્દન કરે તો શરીર સુંદર અને સુંવાળું (સુકોમળ) થાય છે, તેમજ શરીરને ઘણું સુખ ઉપજાવે છે, અથવા સ્ત્રી મર્દન કરે તો અલક્ષ્મી, શરીરની આળસુ પ્રકૃતી, કાળાશ, મેલ એ સર્વ નાશ પામે છે અર્થાત્ શરીર

ઘણું સુશોભનીક બને છે. ગમે તે રૂતુમાં મર્દન કરવાથી રૂપ (શોભા-ચતુરાઈ) પુષ્ટિ વગેરે આપે છે, તથા જુનો તાવ (એકવીસ દિવસ પછીનો તાવ હમેષાં જુના તાવનાનામથી ઓળખાય છે) શરીરની બળતરા, શરીર બીલકુલ ઠંડું પડી ગયું હોય અથવા શીતજ્વર (ટાઢીઓ તાવ) વિષમજ્વર, શોષ, વાઈ, કોઢ વગેરેને મટાડે છે, વાંઝણી સ્ત્રીને પણ પુત્ર પ્રાપ્ત થાય છે. ૮૦ જાતના વાયુ, વાતરક્ત સુવારોગ, બાળકના રોગ વા, બાળકના મર્મસ્થાનનું હાડ ભાગ્યું હોય અથવા ક્ષીણ (દુર્બલ-નબળો બાંધો) હોય તો આ તેલ એ વ્યાધી-ઓને મટાડવામાં હિતકારી છે, તથા ખરજ, લુખું પડી ગયલું શ-રીર વા, લુખસ, દભૂત, ત્વચારોગ, તજાગર્મી, વા, સુક્ષ્મ કીડ (જંતુ) વગેરેનો નાશ કરવા આ ચંદનાદિ તેલ આત્રેય નામના મહા (મોટા) રૂષિયે બનાવેલું છે. સારાંશમાં આ તેલથી હજારો રોગો, તથા જંતુ આદિ તેમજ જરા (વૃદ્ધાવસ્થા) વગેરેનો ભય મટી જાય છે, અને પ્રાણી માત્રને હિતકારી છે. ૬૪—૭૦

વજ્રી તેલ.

वज्रोक्षीरंरविक्षीरेंद्रव्यथान्याराचित्रकं ॥ महिषोविड्भवंद्रावंस-वांशातिलतैलकं ॥ ७१ ॥ पचेत्तैलावशेषन्तुगोमूत्रेथचतुर्गुणं ॥ तै-लावशेषंपक्वाचततैलंप्रस्थमात्रकं ॥ ७२ ॥ गंधकाग्निशिलाताल त्रिडंगातिविषाविषं ॥ तिक्तकोशातकीकुष्टंवचामांशीकटुत्रिकं॥७३॥ पीतदारुचयष्ट्याव्हंसर्ज्जिक्षारंचजीरकं ॥ देवदारुचकर्षांशचूर्णंतैले विमिश्रयेत् ॥ ७४ ॥ वज्रतैलमितिख्यातमभ्यंगात्सर्वकुष्ठनुत् ॥७५॥

અર્થ—થોરનું દૂધ, આકડાનું દૂધ, ચીત્રક, ભેંસના છાણનો રસ, એ સર્વની બરોબર તલનું તેલ નાખી પકાવવું રસ માત્ર બળી ફક્ત તેલ રહે ત્યારે ઉતારી ગાયનું મૂત્ર તેથી ચારગણું નાખી ફરી પકાવવું, તેલ તોલા ૬૪ રહે ત્યારે ગંધક, ચિત્રામૂળ, મણશિલ, હરતાલ, વાવડીંગ, અતિવિષ, વછનાગ, કડુ, કુકડવેલાનાં ફળ, ઉપ-લેટ, ઘોડાવજ, જટામાંશી, ત્રિકટુ (સુંઠ, મરી, પીપર) દારૂહળદર, જેઠીમધ, સાજીખાર, જીરૂં અને દેવદાર, એ સર્વ તોલો તોલો લેવાં; ચૂર્ણ કરી તેલમાં નાખી દેવાં. એવજ્રી તેલ ચોળવાથી સર્વ જાતના

કોઢ મટાડે છે એમ જગતમાં પ્રસિદ્ધિ પામેલ છે. ૭૧—૭૫

કાળાનળ તેલ.

त्रिक्षारंपटुपंचकोलरजनी तालंशिलागंधकं ॥ सिन्दुरंरसरा ठरामठनृपंलोहंरसानांजनं ॥ कुष्टंतुत्थकदारुवेल्लमहिजंस्नुह्यर्कदुग्ध प्लुतं पाच्यंसर्षपतैलमष्टदधिकंकुष्टेहिकालानलं ॥ ७६ ॥

અર્થ—સાજીખાર, ખડીઓખાર (અથવા ટંકણખાર,) જવખાર, સિંધાલુણ, સંચળ, વડાગરૂ મીઠું, બંગડીખાર, સાદુ મીઠું, સુંઠ, પીપર, ચિત્રામૂળ, ચવ્યક, પીપરીમૂળ, હળદર, હરતાલ, મણશિલ, ગંધક, સિંદૂર, પારો, રાસ્ના, હિંગ, જળભાંગરો, લોહકાટ, રસવંતી, સુરમો, ઉપલેટ, મોરથુથું, દેવદાર (અથવા દારૂ હળદર,) વાવડીંગ, કીરીયાતું, થોરનું દૂધ અને આકડાનું દૂધ, એટલાં સરખે ભાગે લેવાં તથા સરસવનું તેલ (સરસીયું) તોલા ૮ અથવા આઠ ભાગ, દહીનું ઘોળીયું ૮ ભાગ, તેમાં તે ચૂર્ણ કરી નાખી પકાવી કોઢ વાળો મનુષ્ય મર્દન કરે તો નિશ્ચે કોઢ મટે છે. ૭૬

સિંદૂરાદિ તેલ.

सिन्दूरंचन्दनंमांशी । विडगंरजनीद्वयं ॥ प्रियंगुपद्मकंकुष्टं मंजिष्ठाखदिरंवचा ॥ ७७ ॥ जात्यर्कत्रिवृतानिम्ब करंजविषमेवच ॥ कृष्णाछत्रकरोध्रंच मपुन्नाटंचसंहरेत् ॥ ७८ ॥ अम्लपिष्टानिस र्वाणि योजयेत्तैलमात्रया ॥ अभ्यंगेनप्रयुंजीत सर्वकुष्टविनाशनः ॥ ७९ ॥ पामाविचर्चिकाकच्छविसर्पोविहितंपरं ॥ रक्तपित्तो-त्थितान्हन्तिरोगानेवंविधान्बहुन् ॥ ८० ॥

અર્થ—સિંદૂર, ચંદન, જટામાશી, વાવડીંગ, હળદર, દારૂ હળદર, કાંગ, પદમક, ઉપલેટ, મજીઠ, ખેરની છાલ, ઘોડાવજ, જાઈનાં પાંદડાં, આકડાનું દૂધ, નસોતર, લીંબડાનાં પાંદડાં, કણઝાનાં બીજ, વછનાગ, પીપર, લોદર અને પુંવાડીયાનાં બીજ, એ સર્વને ખાંડી આમલીના રસમાં ઘુંટી તેલમાં નાખી વિધિ પ્રમાણે તેલ તૈયાર કરવું, તે તેલના મશળવાથી સર્વ જાતના કોઢ, ખસ, લુખસ, કચ્છ દાદ (કચ્છમાં-બે જાંઘોના ચિરામાં અગર કાછોટો વાળીયે તેટલી

જગોમાં થાય તે) દાદર, ખરજવું અને રક્તપિત્ત, વગેરે ઘણી જાતના ચામડીના રોગો મટે છે. ૭૭—૮૦

ગુંજાદિ તેલ.

गुंजामूलंफलंतैलं तोयंद्विगुणितंपचेत् ॥
तस्याभ्यंगेनसंमर्दे द्गण्डमालांसुदारुणां ॥ ८१ ॥

અર્થ—ચણોઠીનું મૂળ, ચણોઠીયો, તેલ અને તે સર્વથી બમણું પાણી નાખી પકાવી તેલ સિદ્ધ કરી મર્દન કરે તો આકરી ગંડમાળ મટે છે. ૮૧

મણશિલાદિ તેલ.

मनः शिलागंधकसोमराजी द्दोमाव्हकंपिल्लकचित्रकाश्च ॥ सताल सौभाग्यहरिद्रयुग्म आरक्तगुंजाफलमार्कमूलं ॥ ८२ ॥ सतोरकाकासोस शुभ्रचूर्णं सस्निग्धदारुमपुन्नाटबीजं॥धत्तूरमूलंनवसारयुक्तं तैलंयवक्षारचसर्ज्जिकाभिः ॥ ८३ ॥ पचेत्तगोमूत्रचतुर्गुणेन निहंतिदद्रुकिलकान्सपामान् ॥ त्वग्दोषजायेगलगंडमाला विचर्चिकाकुष्टतर्छर्दिसंज्ञा ॥ ८४ ॥

અર્થ—મણશિલ, ગંધક, માળવીબાવચી, દારૂડી (સત્યાનાસી) કંપીલો, ચિત્રામૂળ, હરતાલ, ટંકણખાર, હળદર, દારૂહળદર, રાતી ચણોઠી, આકડાનું મૂળ, ફટકડી, હીરાકસી, ચોપડો દેવદાર, પુવાડીઆનાં બીજ, ધંતૂરાનું મૂળ, નવસાદર, જવખાર અને સાજીખાર, એ સર્વને ખાંડી તેલમાં નાખવાં તેમાં ગોમૂત્ર ચાર ગણું નાખી પકાવી મર્દન કરે તો દાદર, કાળા ડાગ, ખસ, લુખસ, ચામડીના તમામ રોગ, કંઠમાળ, ગળ ગંડ, વિચર્ચિકા, કોઢ, અને ઉલટી વગેરે રોગોને નાશ કરે છે. ૮૨—૮૪

ભિલામાનું તેલ.

भल्लातकंत्र्यूषणमक्षचूर्णं कुष्टंचगुंजात्रिफलाचतैलं ॥
संपंचपट्टुनाविपाचितानि अभ्यंगताहंन्तिचकुष्टदद्रुन् ॥ ८५॥

અર્થ—ભિલામાં, સુંઠ, મરી, પીપર, બેહડાં, ચણોઠી, ત્રિફળાં,

સરસીયું તેલ અને પાંચ જાતનાં લુણ (મીઠાં) એ સર્વને ખાંડી તેલમાં નાખી તેલ પકાવી મર્દન કરે તો કોઢ અને દાદર નાશ થાય છે. ૮૫

સિંદૂર તેલ.

सिन्दूरार्द्धपलेपृष्टा जीरकस्यपलंतथा ॥
कटुतैलंपचेत्ताभ्यां सद्यः पामाहरंपरं ॥ ८६ ॥
वृद्धवैद्योपदेशेनपचेत्तैलंपलाष्टकं ॥ ८७ ॥

અર્થ—સિંદૂર બે તોલા, વાટેલું જીરૂં ચાર તોલા, તેમાં સરસીયું તોલા ૩૨ નાખી, પકાવી તે તેલનું મર્દન કરવાથી (શરીરે ચોળવાથી) નિશ્ચે ખસ લુખસ મટે છે, આના જેવો ખસ મટવાનો બીજો ઉત્તમ ઉપાય નથી. ૮૬

બીજો ઉપાય.

रसंगंधंमरिचतुत्थं सिन्दूरं जीरकद्वयं ॥
गोघृतेनसमायुक्तं सर्वकंडूविनश्यति ॥ ८८ ॥

અર્થ—પારો, ગંધક, મરી, મોરથુથું, સિંદૂર, જીરૂં અને શાહજીરૂં, એ સર્વને બારીક ઘુંટી ગાયના ઘીમાં મેળવી શરીરે ચોળે તો સર્વ જાતની ખરજ અથવા ખસ નાશ થાય. ૮૭

અર્ક તેલ.

अर्कपत्ररसेपक्कं हरिद्राकल्कसंयुतं ॥
शोधयेत्सार्षपंतैल पामाकच्छूविचर्चिका ॥८८॥

અર્થ—આકડાનાં પાંદડાંનો રસ કાઢી તેમાં હળદરનો ભૂકો નાંખી ઘુંટી સરસીયા તેલમાં પકાવી તે તેલ મર્દન કરે તો ખસ, દાદર (કચ્છ દાદર) વિચર્ચિકા વગેરે સર્વ નાશ પામે છે. ૮૮

નિલકાદિ તેલ.

नीलकाकेतकीकन्दं भृङ्गराजकुरंटकः ॥ तथार्जनस्यपुष्पाणि वीजकाक्षसमानपि ॥ ८९ ॥ कृष्णास्तिलाश्चतगरं समूलंतगरंतथा ॥ अयोरजः प्रियंगुश्च दाडिमत्वग्गुडूचिका ॥ ९० ॥ त्रिफलापद्म

काष्ठश्च कल्कैरेभिःपृथक् पृथक् ॥ कर्षमानंपचेतैलं त्रिफलाक्वाथ संयुतं ॥ ९१ ॥ भृङ्गराजरसेनैव सिद्धंकेशस्थिरीभवे ॥ अकालपलितंकण्डू मिन्द्रलुप्तंचनाशयेत् ॥ ९२ ॥

અર્થ—ગળીનાં પાંદડાં, કેતકીનું મૂળ, જળભાંગરો, કંટાશળાયો (કંટાશરીયો) સાદડનાં ફૂલ, કમળકાકડી અને બેહુડાં એ સર્વ સમાન લેવાં, કાળા તલ, તગર, તગરનું મૂળ (અથવા કમળ વા કમળનું મૂળ) લોહચૂર, ધઉંલા, દાડમનાં છોડાં, ગળો, ત્રિફળાં, પદમક, એ સર્વ અકેક તોલો લેવાં, તેની ચટણી કરી તેલમાં નાખી ત્રીફળાના ક્વાથ ક્ષાથે તેને પકાવી જળભાંગરાનો રસ નાખી તેલને સિદ્ધ કરવું એટલે તે રસ માત્ર બળી એકલું તેલ રહે ત્યારે તૈયાર થયું સમજી તેને બાટલીમાં ભરી લેવું, તેના ચોપડવાથી માથાના વાળ ખરી પડતા હોય તો તેનાં મૂળ સજડ (મજબૂત) થાય છે, વગર અવસ્થાનાં ધોળાં પળીઆં આવ્યાં હોય તો તે મટી વાળ કાળા થાય છે તથા ખરજ મટે છે અને રોગના લીધે માથામાં ટાલ પડે છે (વાળ ઉગતા ન હોય) ત્યાં ફરી વાળ ઉગે છે. ૮૯—૯૨

નાડિ વૃણ તથા વાળ ન ઉગવા માટે તેલ.

शुक्तिशम्बूकशंखानां दीर्घवृत्तान्समक्षिकान् ॥ दग्धंक्षारं समादाय खरमूत्रेणभावयेत् ॥ ९३ ॥ क्षाराष्टभागंविपचे त्तैलंसर्षपजंबुध ॥ इदमन्तः पुरेदेयं तैलमात्रेणपूजितं ॥ ९४ ॥ बिन्दुरेकःपतेद्यत्र तत्ररोमपुनर्नहि ॥ इदंनाडीव्रणेतैल मश्विन्यामेवनिर्मितं ॥ ९५ ॥ अर्शांसिकुष्ठरोगाणि पामादद्रुविचर्चिका ॥ क्षारतैलमिदंश्रेष्ठं सर्वकेशहरंपरं ॥ ९६ ॥

અર્થ—દરીયાની છીપો, કોડીઓ, શંખ તથા શંખની નાભી એ ઉન્હાં કરી કરી ગધેડાના પેશાબમાં ઠારવાં જેથી ભૂકો થઈ જશે, તે ખાર આઠ ભાગ, તેમાં સરસીયું ૧ ભાગ નાખી પકાવી કામમાં લેવું. આ તેલના ચોપડવાથી એટલે એક ટીંપુ જ્યાં મૂકયું હોય ત્યાં ફરીને

વાળ ઉગતાજ નથી જેથી અંતઃપુરમાં (વા, ઓઝલ પડદે રહે-નારી સ્ત્રીઓને) એ વિશેષ ઉપયોગી છે; તથા નાડી વ્રણને મટાડે છે. આ પ્રયોગ શ્રી અશ્વિની કુમારે બનાવેલ (કહેલ) છે. તેમજ હરસ, કોઢ, ખસ, દાદર, વિચર્ચિકા એ રોગ આ ક્ષાર નામા તેલથી મટે છે અને કેશ (વાળ)નો નાશ કરવા માટે ઘણુંજ સારૂં છે. ૯૩-૯૬

સ્તન, કાન, યોનિ, અને લિંગને વૃદ્ધિ કરવા માટે કાસિસાદિ તેલ.

कासीसतुरगगंधा सांवरगजपिप्पलीविपक्केन ॥
तैलेनयान्तिवृद्धिं स्तनकर्णवरांगलिंगानि ॥ ९७ ॥

અર્થ—હીરાકશી, આસગંધ, સાબરસીંગ અને ગજપીપર એ સર્વને તેલમાં પકાવી તે તેલનું મર્દન કરે તો સ્ત્રીના સ્તન, કાન, અને ગુહ્યપ્રદેશ (યોનિ) તેમજ પુરૂષની ગુહ્યેંદ્રિ (લિંગ) એ-ટલાંની વૃદ્ધિ પામે (વધે) છે. ૯૭

કેડના વાયુ માટે ઉપાય.

कटीतटनिकुंजेषु संस्थितोवातकुंजरः ॥
एरण्डतैलसिंहस्य गंधमाघ्रायगच्छति ॥ ९८ ॥

અર્થ—કેડ (કમ્મર) રૂપિ ભેખડોની કુંજ ગલીમાં રેહેતો જે વાયુ રૂપી હાથી તે એરંડ તેલ રૂપિ સિંહની સુગંધ (વાસના) આવવાથી જીવ લઈને નાશી જાય છે અર્થાત્ કેડમાં વા આવ્યો હોય તો ઉપર બનાવેલું તેલ અથવા તેમાં એરંડીયું મેળવી અગર એકલુંજ એરંડીયું મશળવાથી મટે છે. ૯૮

મણશિલાદિ તેલનો બીજો પ્રકાર.

मनः शिलाचसिंदूरं सौराष्ट्रीगंधकौमुदी ॥ ससिच्लुकः सर्ज्ज-रसः कासीसंपुरुकुंदरं ॥ ९९ ॥ चंडासिल्लककंभृंग राजवृक्षकुरं-टक गवांमूत्रेणसंसिद्धं कटुतैलंमयोजयेत् ॥ १०० ॥ पामाविच-र्चिकाकंडू दद्रुकुष्टक्रमीवृणान् ॥ अभ्यंगाच्छमयंत्येत न्नाडीदुष्टव्र-णांस्तथा ॥ १ ॥

અર્થ—મણશિલ, સિંદૂર, ફટકડી, આમળસારો ગંધક, માળવી

બાવચી, મીણ-મેણ, રાળ, હીરાકસી, ગુગળ, કંદરૂગુંદ (શેરી લોબાન, કંદરૂપ, આશાપુરીધુપ) બાલછડ (જટામાંશી) શિલારસ, જળભાંગરાનો રસ, ગરમાળો, અને કાંટાશરીયો, એ સર્વ ગોમૂત્ર સાથે સરસીયા તેલમાં નાખી પકાવવાં જ્યારે સર્વ રસ બળી તેલ માત્ર રહે ત્યારે ઉતારી લેઈ સુંદર શીશામાં ભરી રાખવું, તેનું શરીરે મર્દન કરવાથી ખસ, વિચર્ચિકા, ખરજ, દાદર, કોઢ, કરમીયાંનો રોગ, ગુંબડાં, અને દુષ્ટનાડીવ્રણ એ સર્વનો નાશ થાય છે. ૯૯ ૧૦૦—૧

ઇતિ શ્રી મન્નાગપૂરીય તપાગચ્છીય શ્રી હર્ષકીર્તિસૂરી સંકલિતે યોગચિંતામણૌ વૈદ્યકસાર સંગ્રહેતૈલાધિકારે ષષ્ટમોધ્યાય સમાપ્ત.

હવે મિશ્રકાધ્યાય એટલે વૈદ્યક વિષયની ખાસ જરૂરી બાબતોનો સંગ્રહ તે જુદા જુદા ગ્રંથાનુસારે કહિએ છીએ.

યોગરાજ ગુગળની વિધિ.

पिप्पलीपिप्पलीमूलं चव्यचित्रकनागरैः ॥ भृष्टहिंग्वजमोदा च सर्षपाजीरकद्वयं ॥ १ ॥ रेणुकेन्द्रयवापाठा विडङ्गगजपिप्पली ॥ कटुकातिविषाभार्गी वचामूर्वेतिभागत ॥ २ ॥ प्रत्येकंशाणमात्राणि द्रव्याणीमानिविंशतिः ॥ द्रव्येभ्य सकलेभ्यश्च त्रिफलाद्विगुणाभवेत् ॥ ३ ॥ एभिश्चूर्णकृतैःसर्वैः समोदेयश्चगुग्गुलुः ॥ बंगंरौप्यंचनागं च लोहसारं तथाभ्रकं ४ मंडूरं रससिंदूरं प्रत्येक पलसमितं गुडपाकसमंकृत्वा ॥ इमंदद्याद्यथोचितं ५ अेकपिंडिततःकृत्वा धारयेत्घृतभाजने ॥

અર્થ—પીપર, પીપરીમૂળ, ચવ્યક, ચિત્રામૂળ, સુંઠ, શેકેલી હિંગ, અજમોદ, સરસવ, જીરૂં, શાહજીરૂં, નગોડનાં બીજ, ઇંદ્રજવ, કાળી પાઠ, વાવડીંગ, ગજપીપર, કડુ, અતિવિષ, ભારંગી, વજ અને મોરવેલ, એ દરેક એટલે ૨૦ ઔષધીઓ ચોવિસ ચોવિસ ચણોઠીઓ ભાર (૪ માસા) લેવી અને એ સર્વ ઔષધીઓથી બમણાં

ત્રિફળાં લેવાં તે સર્વનું બારીક ચૂર્ણ કરી તે સર્વની બરોબર [1]શુદ્ધ કરેલો ગુગળ લેવો તથા બંગની ભસ્મ, ચાંદીની ભસ્મ, શીશાની ભસ્મ, લોહ ભસ્મ, અભ્રક ભસ્મ, મંડૂર, રસસિંદૂર એ સાતભસ્મ (ખાખ) ચાર ચાર તોલા ભાર લેવી, પછી ગોળની ચાસણીની માફક ગુગળની ચાસણી બનાવી ઔષધીઓનું ચૂર્ણ અને ભસ્મો તેમાં નાખી સારી પેઠે એકજીવ કરી તેની ચાર ચારમાસાની (પાવલી ભાર) ગોળીઓ બનાવી તેને ઘીના વાસણમાં રાખી મૂકવી ૨–૬

ગુણ.

गुटिकांसाणमात्रास्युः कृत्वाग्राह्यायथोचिताः ॥ ६ ॥ गुग्गुलुर्योगराजोयं त्रिदोषघ्नोरसायनम् ॥ मैथुनाहारपानाभ्यां त्यागोनैवात्रविद्यते ॥ ७ ॥ सर्वान्वातामयान्कुष्ठान् अर्शांसिग्रहणीगदान् ॥ प्रमेहंवातरक्तंच नाभिशूलंभगन्दरम् ॥ ८ ॥ उदावर्त्तंक्षयंगुल्म मपस्मारमुरोग्रहं ॥ मन्दाग्निश्वासकासश्च नाशयेदरुचिंतथा॥९॥रेतोदोषहरंपुंसां रजोदोषहरःस्त्रियाः॥पुंसामपत्यजनकोवंध्यानांगर्भदस्तथा ॥ १० ॥ रास्नादिकाथसंयुक्तो विविधंहन्ति मारुतं ॥ काकोल्यादिसृतात्पित्तं कफमारुग्वधादिना ॥ ११ ॥ दार्वीसृतेनमेहांश्च गोमूत्रेणैचपाण्डुतां ॥ मेदोवृद्धिंचमधुना कुष्ठंनिंवसृतेनच ॥ १२ ॥ छिन्नाकाथेनवातस्रं शोथंशूलंकणासृतात् ॥ पाटलाकाथसहितो विषंमूषकजंजयेत् ॥ १३ ॥ त्रिफलाकाथसहितो नेत्रार्तिहन्तिदारुणम् ॥ पुनर्नवादिकाथेन हन्यात्सर्वोदराण्यपि ॥ १४ ॥

અર્થ—એમાંથી દરરોજ જેટલી રોગીને સેવન કરવા યોગ્ય હોય તે પ્રમાણે (દેશ, કાળ, વય, જઠરાગ્નિનું બળ જોઈ) માત્રા આપવી. આ જોગરાજ ગુગળ ત્રિદોષ (વાત, પિત્ત, કફ)ને

---

[1] ગુગળને શુદ્ધ કરવાની રીત—દશમૂળના કવાથમાં અથવા ત્રિફળાના કવાથમાં સારી પેઠે ડોળકા યંત્રમાં પકાવી ભેસા ગુગળને તૈયાર કરવો.

દૂર કરે છે, તેમજ રસાયન છે (આયુ, બળ, બુદ્ધિને વધારનાર અને રોગને નાશ કરનાર તેને રસાયન કહે છે) આનો પ્રયોગ જ્યાં સુધી ચાલતો હોય ત્યાં સુધી સ્ત્રી સંગ, અથવા ખાવા પીવામાં કોઈ પદાર્થની કરી પાળવાની જરૂર નથી, છતાં સર્વ વાયુ રોગ કોઢ, હરષ, સંગ્રહણી, પ્રમેહ, વાત રક્ત, નાભિ (ડૂંટીને ઠેકાણે આવતી) શૂળ, ભગંદર, ઉદાવર્ત્ત, ક્ષય, ગોળો, મૃગી વાયુ (વાઇ) છાતીનું પકડાઈ જવું, મંદાગ્નિ, શ્વાસ, ઉધરસ, અને અરૂચિ એટલા રોગોનો નાશ કરે છે. તથા પુરૂષોને ધાતુ વિકાર અને સ્ત્રીઓને રજો ધર્મ (અટકાવ–રજસ્વળા ધર્મ) સંબંધી વિકાર (બગાડ) દૂર કરે છે. તેમજ પુરૂષોની ધાતુવૃદ્ધિ દ્વારા પુરૂષોને પુત્ર (એટલે જે પુરૂષોની ધાતુ ખરાબ થઈ ગઈ હોય અને તેના વીર્યથી ગર્ભ રેહતોજ ન હોય તો તે દોષ મટી ધાતુ સુધરી સ્ત્રીને ગર્ભ રહે છે) અને જે સ્ત્રી વાંઝણી હોય તેને પણ સારો દિવસ દેખાડે છે (ગર્ભ રહે છે) જો રાસ્નાદિ કવાથ (કવાથાધિકારના પૃષ્ટ ૧૮૪ જુઓ) સંગાથે એનું સેવન કરે તો અનેક જાતની વાયુ વ્યાધિઓનો નાશ કરે છે, કાકોલીના કવાથ સંગાથે સેવન કરે તો પિત્ત રોગ જાય, ગરમાળાના કવાથ સંગાથે સેવન કરે તો કફ રોગ જાય, દારૂ હળદરના કવાથ સંગાથે સેવન કરે તો પ્રમેહ જાય, ગાયના મૂત્ર સાથે સેવન કરે તો પાંડુ રોગ જાય, મધ સાથે સેવન કરવાથી મેદ (માંસવૃદ્ધિ-શરીર ફૂલી જાય છે તે) રોગ દૂર થાય છે, લીંબડાની અંતર છાલના કવાથ સાથે સેવન કરવાથી કોઢ જાય, ગળોના કાઢા સંગાથે સેવન કરવાથી વાતરક્ત મટે, પીપરના કવાથ સંગાથે સેવન કરવાથી સોજો, શૂળ નાશ પામે છે. પાડળના કવાથ સાથે ખાવાથી ઝેરી ઉંદર કરડ્યાનું ઝેર મટે છે, ત્રિફળાના કવાથ સાથે સેવન કરવા (ખાવા)થી જબરી (કઠણ–કઠિન) આંખની પીડાઓ જાય છે અને સાટોડીના કવાથ સાથે સેવવાથી પેટના તમામ રોગો નાશ પામે છે. ૭—૧૫

યોગરાજ ગુગળની બીજી રીત.

नागरंपिप्पलीचव्यं पिप्पलीमूलचित्रकौ ॥ पाठाविडंगेन्द्र-यवा हिंगुभार्गीवचान्वितैः ॥ १५ ॥ सर्षपातिविषाजाजी जीरका

रेणुकान्वितैः ॥ गजकृष्णाजमोदाच मूर्वाकटुकमिश्रितं ॥ १६ ॥ सपभागान्वितैरेतैः त्रिफलाद्विगुणाभवेत् ॥ त्रिफलासहितैरेतैः सम- भागास्तगुग्गुलुः ॥ १७ ॥ गुग्गलरयसमंक्षीरं क्षीरादर्द्धंचसर्पिषा ॥ सर्पिःषोडशगोमूत्रं साधितंगुग्गुलीसह ॥ १८ ॥ त्रिफलासममांडूरं लोहैचैवंचतुर्गुणं ॥ मधुनापरिप्लुतंचैव भेषजंतत्प्रकारयेत् ॥१९॥

અર્થ—સુંઠ, પીપર, ચવ્યક, ચિત્રામૂળ, કાળીપાઠ, વાવડીંગ, ઇંદ્રિજવ, સેકેલી હિંગ, ભારંગી, વજ, સરસવ, અતિવિષ, જીરૂં, શાહ જીરૂં, નગોડનાં બીજ, ગજપીપર, અજમોદ, મોરવેલ (મરોડા ફળી,) અને કડુ એ સર્વ સમાન ભાગે લેવાં, ત્રીફળાં તે સર્વથી બમણાં અને તે સર્વના ચૂર્ણની બરોબર શુદ્ધ કરેલો ગુગળ લેવો. તે ગુગળની બરોબર દૂધ લેવું, દૂધથી અર્દ્ધ ભાગે ઘી લેવું અને ઘીથી સોળગણું ગાયનું મૂત્ર લેવું પ્રથમ કહેલી ઔષધીઓનું ચૂર્ણ અને દૂધ, દહી, ઘી, ગો મૂત્ર એકત્ર કરી તેમાં ગુગળ નાખી ધીમી આંચથી પકાવવો; બાદ ત્રિફળાના ચૂર્ણ ભારોભર મંડૂર તથા લોહ ભસ્મ તેથી ચોગણી નાખી કૂટી મધ મેળવી ગોળીઓ વાળી ઉપયોગમાં લેવી. ૧૬—૨૦

ગુણ.

योगराजइतिख्यातो भक्षयेत्प्रातरुत्थितः ॥ अर्शांसिवातगुल्मं च पाण्डुरोगमरोचकं ॥ २० ॥ नाभिशूलमुदावर्त्तं प्रमेहान्वातशो णितं ॥ भगन्दरंक्षयंकुष्ठं हृद्रोगंग्रहणीगदं ॥ २१ ॥ महान्तमग्निमंदं च श्वासंकासंतथैवच ॥ रेतोदोषाश्चयेपुंसां योनिदोषाश्चयोषितां ॥ २२ ॥ निहंत्युदायुधान्सर्वान् दुर्वारान्नात्रसंशयः ॥ अस्मिन्नप- रिहारस्तु पानभोजनमैथुन ॥ २३ ॥

અર્થ—આ યોગરાજ ગુગળનું દરરોજ પ્રભાતે વિધિસહ યોગ્ય અનુપાનથી સેવન કરે તો હરસ, વાયુ રોગ, પાંડુ રોગ, અરૂચિ, ડૂંટીને ઠેકાણે આવતી શૂળ, ઉદાવર્ત્ત, પ્રમેહ, વાતરક્ત, ભગંદર, ક્ષય, કોઢ, છાતીના રોગ અને સંગ્રહણી, એ સર્વનો નાશ કરે છે, જઠ-

રાગ્નિને ઘણીજ સતેજ બનાવે છે, શ્વાસ, ઉધરસ, વીર્યના દોષ, સ્ત્રીની યોનિના દોષ (રોગ) સારાંશમાં જો આયુષ્ય સબળ હોય તો સર્વ રોગ દૂર થાય છે એમાં જરા સંશય નથી ! માત્ર જે યમપુરીમાં જવા કમર કસી તૈયાર ઉભા છે તેમને ગુણ આપી શકતો નથી. આ ગુગળ સેવન કરનારને સર્વ જાતની કરી પાળવી. ૨૧—૨૪.

કિશોર ગુગળ.

त्रिफलायास्त्रयः प्रस्थाः प्रस्थैकममृताभवेत् ॥ संकुट्यलोह-पात्रेषु सार्द्धद्रोणांबुनापचेत् ॥ २५ ॥ जलमर्द्धशृतंज्ञात्वा गृण्हीया-द्वस्त्रगालितं ॥ तत्रक्वाथेक्षिपेच्छुद्धं गुग्गुलंप्रस्थसंमितं ॥ २६ ॥ पुनः प्रदेयंतत्पात्रे दार्व्यासंचालयेन्मुहुः ॥ सान्द्रीभूतंचयज्ज्ञात्वा गुड-पाकसमाकृतिः ॥ २७ ॥ चूर्णीकृत्वाततस्तत्र द्रव्याणीमानिनिःक्षिपेत् ॥ पथ्याद्विपलकाज्ञेया गुडूचीपलिकामिता ॥ २८ ॥ षडक्षः त्र्यूषणंप्रोक्तं विडंगानिपलार्द्धकं ॥ कर्षकर्षंत्रिवृद्दंत्यौ पीडितंस्निग्ध भाजने ॥ २९ ॥ गुटिकांशार्णिकांकृत्वा युज्याद्दोषाद्यपेक्षया ॥ अ-नुपानेभिषक्दद्यात् कोष्णनीरंपयोथवा ॥ ३० ॥

અર્થ—ત્રીફળાં તોલા ૧૯૨ લેવાં, ગળો તોલા ૬૪ લેવી, તેઓને આખાં પાખાં કચરી (કૂટી) લોખંડના વાસણમાં પાણી તોલા ૧૫૩૬ માં ઉકાળવાં, અર્દ્ધ ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ગળી લેઈ તેમાં શુદ્ધ કરેલો ગુગળ તોલા ૬૪ નાખી લોઢાના વાસણમાં લોઢાની કડછીવતે હલવતા જવું જ્યારે ગોળના પાયા (ચાસણી)જેવો જાડો રસ થાય ત્યારે તેમાં નીચે લખેલી ઔષધીઓનું ચૂર્ણ કરીને નાખવું એટલે હરડે ૮ તોલા, ગળો ૪ તોલા, ત્રિકટુ (ત્ર્યૂષણ–ત્રિગડુ–વ્યોષ, વા સુંઠ, મરી, પીપર) ૬ તોલા, વાવડીંગ ૨ તોલા, નેપાળાનું મૂળ અને નસોતર અકેક તોલો લેઈ તેમાં નાખી એકજીવ કરી ગોળીઓ પાવલી પાવલી ભારની વાળી ચીકટા અને સુંવાળા પાત્ર (બરણી)માં ભરી રાખવી ૨૫—૨૯

ગુણ.

मंजिष्ठादिशृतेनापि युक्तियुक्तिमतपरं ॥ जयत्सर्वाणिकुष्ठानि

वातरक्तंत्रिदोषजं ॥ ३१ ॥ सर्वव्रणानिगुल्मांश्च प्रमेहपिडकास्तथा ॥ प्रमेहोदरमन्दाग्नि कासश्वयथुपाण्डुताः ॥ ३२ ॥ हन्तिसर्वामयानीत्थं सुखयुक्तोरसायनः ॥ कैशोरिकाभिधानोयं गुग्गलंकांतिकारकं ॥ ३३ ॥ वृषादिनानेत्रगदान् गुल्मादिन्वरुणादिना क्वाथेनखदिरस्यापि व्रणानकुष्टादिनाशयेत् ॥ ३४ ॥ अम्लंतीक्ष्णमजीर्णंच व्यवायंश्रममातपं ॥ मद्यंरोषंत्यजेत्सम्य ग्गुणार्थीपुरुसेवकः ।३५।

અર્થ—રોગીના રોગને પ્રથમ વિચાર કરી દેશ, કાળ, રૂતુ, વય, અગ્નિબળ ધ્યાનમાં રાખી યોગ્ય માત્રા (માપ-વજન)થી, યોગ્ય અનુપાનથી વૈદ્ય આપે એટલે ઉન્હા પાણીમાં, દૂધમાં, મજીઠાદિ ક્વાથમાં, અથવા જે રોગ ઉપર જે અનુપાન યોગ્ય (વ્યાજબી) હોય તેમાં આપે તો સર્વ જાતના કોઢ, ત્રિદોષથી ઉત્પન્ન થયેલ વાતરક્ત, સર્વ જાતનાં ગડગુંમડ, સર્વ જાતના ગોળા, પ્રમેહની પીટીકાઓ (પીડાઓ) પ્રમેહ, પેટના રોગ, જઠરાગ્નિ મંદ (હલકી-થોડી-કમ જોર) થઈ ગઈ હોય તે, ઉધરસ, સોજો, પાંડુ હોય અને આમવાયુ એ સર્વ રોગનો નાશ કરે છે, તથા સુખ ઉપજાવનાર (સુખે કરીને યુક્ત) આ રસાયન રૂપ છે. આ કિશોર રૂષીનો કહેલ કિશોર ગુગળ કાંતિ (શરીરની સૌંદર્યતા) કરનાર છે, જો અરડુસાદિના કવાથ સાથે સેવે તો નેત્ર રોગ દૂર થાય, વરણાદિના કવાથ સાથે સેવન કરે તો ગોળાનો રોગ દૂર થાય, ખદિરાદિ (ખેર આદિ)ના કવાથથી સેવન કરે તો વ્રણ (ગુંમડાં) અને કોઢ નાશ કરે, આના ઉપર ખાટી ચીજ (પદાર્થ) તીખી અને ન પચે તેવી વસ્તુ ન ખાવી, મૈથુન (સ્ત્રીને પુરૂષનો સંગ અને પુરૂષને સ્ત્રીનો સંગ) ન કરવો, શ્રમ (થાક) લાગે તેવાં કાંમ ન કરવાં, ઘામ (તાપ-તડકા)માં ન ફરવું, દારૂ વગેરે વ્યસન ન કરવાં, ક્રોધ ન કરવો, જો દવાના ગુણની ચાહના હોય તો એટલી વસ્તુઓ ત્યજી દેવી. ૩૦—૩૫

ત્રિફળા ગુગળ.

त्रिपलंत्रिफलाचूर्णं कृष्णाचूर्णपलोन्मितं ॥
गुग्गुलंपञ्चपलिका कुट्टयेत्सर्वमेकतः ॥ ३६ ॥

ततस्तुगुटकांकृत्वा प्रयुंज्याद्वन्ह्यपेक्षया ॥

भगन्दरंगुल्मशोथ मर्शांसिचविनाशयेत् ॥ ३७ ॥

અર્થ—ત્રિફળાનું ચૂર્ણ ૧૨ તોલા, પીપરનું ચૂર્ણ ૪ તોલા અને શુદ્ધ કરેલો ગુગળ ૨૦ તોલા એ સર્વને કૂટી એકજીવ કરી તેની ગોળીયો કરવી, ખાનાર મનુષ્યની અગ્નિનું બળાબળ જોઈ માત્રા આપે તો ભગંદર, ગોળો, સોજો, હરષ વગેરે નાશ પામે છે. ૩૬—૩૭

કાંચનાર ગુગળ.

कांचनारत्वचोग्राह्याः पलानांदशकंवुधैः ॥ त्रिफलाषट्पला- कार्या त्रिकटुस्यात्पलत्रयं ॥ ३८ ॥ पलैकंवरुणःकार्यं एलात्वक्पत्र कंतथा ॥ प्रत्येकंकर्षमात्रस्या त्सर्वानेकत्रचूर्णयेत् ॥ ३९ ॥ यावत्स र्वमिदंचूर्णं तावन्मात्रस्तुगुग्गुलः ॥ संकुट्यसर्वमेकत्र पिण्डंकृत्वाच- धारयेत् ॥ ४० ॥

ગુણ.

गुटिकाः शाणिकाः कृत्वा प्रातर्ग्राह्यंयथोचितं ॥ गण्डमालां- जयंत्युग्रा मपचीमर्बुदंतथा ॥ ४१ ॥ ग्रंथीन्व्रणानिगुल्मांश्च कुष्टा- निचभगन्दरं ॥ प्रदेयश्चानुपानार्थं क्काथोमुण्डीतिकाभवः ॥ ४२ ॥ क्काथःखदिरसारस्य पथ्याक्काथोयवोष्णकः ॥ ४३ ॥

અર્થ—[1]કાંચનાર-ની છાલ તોલા ૪૦, ત્રિફળાં તોલા ૨૦, ત્રિકટુ તોલા ૧૨, વરણાની છાલ તોલા ૪, એલચો, તજ અને તમાલપત્ર એ અકેક તોલો લેવાં સર્વને ખાંડી એકત્ર કરી જેટલું ચૂર્ણ તેટલોજ શુદ્ધ કરેલો ગુગળ નાખી કૂટી એકજીવ કરી ગોળીઓ પાવલી પાવલી ભારની વાળી યોગ્ય માત્રા ને અનુપાનથી પ્રભાત

१ કાંચનાર વૃક્ષને ગુજરાતીમાં શું કહે છે તે હજુ સુધી જણાયું નથી, પરંતુ આસંદરાના ઝાડને મળતું હોય છે આસંદરા કરતાં પાન મ્હોટાં હોય છે ફૂલ ખૂબ સૂરત વિવિધ રંગનાં હોય છે તેને કાંચન-કંચન વૃક્ષ પણ કહે છે તેમાં સોનાની ભસ્મ ઘણીજ સારી થાય છે. બહુધા કરીને તે વૃક્ષના મૂળની છાલજ ઉપયોગમાં લેવાય છે.

કાળે સેવન કરે તો ઉગ્ર ગંડમાળ, અપચી, અર્બુદનીગાંઠ તથા સાદી ગાંઠ-રસોળી, વ્રણ (ગુંમડાં) ગળાનો રોગ, કોઢ, ભગંદર વગેરેનો નાશ થાય છે, ગોરખ મુંડી (બોડીઆ-બોરીયા કલ્હાર)નો કવાથ કરી અથવા મુંડા પત્તી (કુબા)ના કવાથમાં વા, ખેરસારના કવાથમાં અથવા હરડેના કવાથમાં કે ઉન્હા પાણી સાથે આપવો. ૩૮—૪૩

ગોક્ષુરાદિ ગુગળ.

अष्टाविंशतिसंख्यानि पलान्यानीयगोक्षुरान् ॥ विपचेत्षड्गुणेनीरे काथोग्राह्योर्द्धशेषतः॥४४॥ततःपुनःपचेत्तस्य पुरसप्तपलंक्षिपेत् ॥ गुडपाकसमाकारं ज्ञात्वातत्रविनिक्षिपेत् ॥ ४५ ॥ त्रिकटुत्रिफलामुस्तं चूर्णंतुपलसप्तकं ॥ ततःपिण्डीकृतस्तस्य गुटिकामपियोजयेत् ॥ ४६ ॥ हन्यात्प्रमेहंकृच्छ्रंच प्रदरंमूत्रघातकं ॥ वातास्रंवातरोगंच शुक्रदोषंतथाश्मरी ॥ ४७ ॥

અર્થ—દેશી ગોખરૂ તોલા ૧૧૨ તેનો છ ગણા પાણીમાં કવાથ કરી-પકાવી અર્દ્ધ ભાગનું પાણી બાકી રહે ત્યારે ૨૮ તોલા શુદ્ધ કરેલો ગુગળ નાખી ફરી પકાવવો ગોળની ચાસણી જેવો જાડો રસ થઈ જાય ત્યારે ત્રિકટુ, ત્રિફળાં, મોથ એઓનું ચૂર્ણ ૨૮ તોલા એટલે દરેક ઔષધી ચચ્ચારૂ તોલા નાંખી એકજીવ કરી ગોળીયો કરવી. તેના સેવનથી પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, સ્રીઓના પ્રદર, મૂત્રઘાત, વાતરગ્ત, વાયુ રોગ, ધાતુ (વીર્ય) રોગ અને પથરી એ સર્વ નાશ થાય છે. ૪૪—૪૭

સિંહનાદ ગુગળ.

फलत्रिकोशीरविडंगदन्ती पुनर्नवांभोधरवन्हिविश्वौ ॥ रास्नामृताभीरुसुराव्हदार्वी सग्रंथिकैलेभकणापलांशैः ॥ ४८ ॥ द्रोणांभसोगुग्गुलतुल्यभागै रर्द्धशृतः सूक्ष्मपटान्तपूतैः ॥ भूयःशृतैरंगुलिर्धेयरूपो लेहः सुशीतोभुविभाजनस्थः ॥ ४९ ॥ सुचूर्णितक्षू-

षणजन्तुहंत्री छिन्नोद्भवादार्व्यभयात्रिजातैः ॥ त्रिवृत्समैरक्षमितंवि चूर्णं निधायगुप्तंयवधान्यपूते ॥ ५० ॥

मासेस्थितंप्रास्यशुभेन्हिशुद्ध प्रयात्यरोगंरुजितांमनुष्यः शोफोदरः प्लीहरुजोविकार नाभिव्रणार्शोग्रहणोप्रदोषैः ॥ ५१ ॥ सवातरक्तैः सकलैश्चकुष्ठो विमुच्यतेपाण्डुगदैश्चघोरैः ॥ प्रभंजनोरोगमहातरूणांविवर्द्धनोवर्णबलायुषांच ॥ ५२ ॥ नासाध्यमस्तीति विकारजातं ख्यातस्तुपृथ्व्यांमुविसिंहनादः ॥ ५३ ॥

અર્થ—ત્રિફળાં, સુગંધીવાળો, વાવડીંગ, નેપાળાનું મૂળ, સાટોડીનું મૂળ, મોથ, ચિત્રામૂળ, સુંઠ, રાસ્ના, ગળો, કાંટાશરીયો, દેવદાર, દારૂહળદર, પીપરામૂળ, એલચી અને ગજપીપર, એ સર્વ ચાર ચાર તોલા ભાર લેવાં પાણી તોલા ૧૦ ૨૪ માં ગુગળ સર્વ ઔષધોની બરોબર નાખી ઉકાળવો. અર્દ્ધ ભાગનું પાણી રહે ત્યારે ઝીણે લુગડેથી ગળી કાહાડી અગ્નિ ઉપર ચઢાવી ધીમી આંચથી ચાસણી જેવો ઘટ-જાડો રસ બનાવી નીચે ઉતારી ઠંડો થયા પછી તેમાં સુંઠ, મરી, પીપર, વાવડીંગ, ગળો, દારૂહળદર, હરડેદળ, તજ, તમાલ પત્ર, એલચી અને નસોતર, સર્વ સમાન ભાગે એટલે એકેક તોલો લેઈ ચૂર્ણ કરી તેમાં નાખી એકજીવ કરી ઘીના વાસણમાં અગર ઘી રાખવાની બરણીમાં ભરી લેઈ મ્હોઢું સારી રીતે બંધ કરી જવ, અગર ગમે તે ધાનની કોઠીમાંતેને દાટી દેવી, એક મહીનો રાખ્યા બાદ બાહાર કાહાડી સારો દિવસ જોઈ સેવન કરે તો સોફોદર (દરદના ભરાવાથી પેટ ફૂલી જાય છે તે) રોગ, બરોળ, ડુંટીને સ્થાનકે થતાં દરદો, ગુંબડાં, હરષ, સંગ્રહણી, વાતરગ્ત, સર્વ જાતના કોઢ, અને ઘોર (ભયાનક) પાંડુરોગ વગેરે સર્વ રોગરૂપિ વૃક્ષોને છેદન કરે (કાપી નાખે) છે અને શરીરની કાંતિ, શક્તિ, અને આયુષ્યને વધારે છે, અસાધ્ય (ન મટી શકે તેવા) રોગોનો પણ નાશ કરે એવો આ સિંહનાદ ગુગળ પૃથ્વિમાં પ્રખ્યાત છે. જેમ સિંહનો નાદ (શબ્દ-તાડુકો) થવાથી વનચર પ્રાણિઓ-મનુષ્ય પલાયન કરી જાયં છે તેમ આ સિંહનાદ ગુગળથી રોગો પલાયન થાય છે. ૪૯—૫૩

ચંદ્રપ્રભા ગુગળ.

बिल्वंव्योषफलत्रिकंत्रिलवणंद्विक्षारचव्यानिच श्यामापिप्प लमूलमुस्तककणामाध्वीकधान्यात्वचः ॥ षड्ग्रंथामरदारुवारणकणाभूनिम्बदन्तीनिशा पत्रैलातिविषाविचुः प्रमिनयोलोहस्यकर्षाष्टकं ॥ ५४ ॥ त्वक्क्षीरंपलिकांपुरन्दशजलान्यष्टौशिलाजिन्मतौ मत्स्यंडोकुडवोन्मितेतिगुटिकांसंयोज्यकुर्याद्भिषक् ॥

ગુણ.

तत्रैकांप्रतिवासरंसहविषाक्षौद्रेणलिह्यादिमां
तक्रंमस्तुपयोरसं मधुयुतंतावत्पिबेन्मात्रया ॥ ५५ ॥
अर्शांसिप्रदरंज्वरंसुविषमंनाडीव्रणानश्मरीं कृच्छ्रंविद्रधिमग्निमांद्यमुदरंपांड्वामयंकामलां ॥ यक्ष्माणंसभगन्दरंसपिडिकागुल्मप्रमेहारुची रेतोदोषमुरःक्षतंकफमरुत्पित्तार्त्तिमुग्रांजयेत् ॥ ५६ ॥ वृद्धंसंजनयेयुवानमसमोजस्करंबलंवर्द्धयेत् एतस्यांननिषिद्धमंगमसकृन्नेच्छागमंमैथुनं ॥ विख्यातागुटिकेयमंचिततराचन्द्रप्रभानामत श्चन्द्रानन्दकरीकरोतिरुचिरांचन्द्रेणतुल्यंतनुः ॥ ५७ ॥

અર્થ—બીલીનું મૂળ (અથવા ગર્ભ) ત્રિકટુ, ત્રિફળાં, ત્રિલવણ (સિંધવ, સંચળ, વડાગરૂં) સાજીખાર, જવખાર, ચવ્યક, નસોતર (અથવા કાંગ કે ધઉલા) પીપરીમૂળના ગંઠોડા. મોથ, પીપર, સોવનમાખી, ધાણા, તજ, અજમોદ (અથવા વજ) દેવદાર, ગજપીપર, કીરીયાતું, નેપાળાનું મૂળ, હળદર, તમાલપત્ર, એલચી, અતિવિષ, લીંબડાની અંતર છાલ, એ સર્વ બરોબર લેવાં, લોહસાર આઠ તોલા, વંશલોચન ચાર તોલા, ગુગળ ૪૦ તોલા શિલાજીત ૩૨ તોલા અને ખાંડ ૧૬ તોલા એ સર્વને કૂટી(ખાંડી) ગોળીઓ બનાવવી. તેમાંથી દરરોજ ગોળી ૧ ઘી અને મધ સાથે અથવા દૂધની મલાઈ વા, છાસ, દહીં, દૂધ સાથે સેવન કરે તો હરષ (મસા) ઓીઓનો પ્રદર રોગ, વિષમજ્વર, નાડિ વ્રણ, પથરી, મૂત્રકૃચ્છ્ર, વિ-

વૃદ્ધિ, મંદાગ્નિ, પેટના રોગ, પાંડુ, કમળો, ક્ષય, ભગંદર, અને તેની પીડાઓ, ગોળો, પ્રમેહ, અરૂચિ, વીર્ય દોષ (વિકાર) છાતીનું ચાંદું, કફ, વાયુ અને પિત્તની ઉગ્ર (આકરી) વ્યાધિઓ એ સર્વ નાશ પામે છે. જો વૃદ્ધ પુરૂષ આનુ સેવન કરે તો યુવાન સમાન થાય છે. બળ, વીર્ય, અગ્નિ વધે છે, એ ઉપર કશી ચીરી પાળવાની જરૂર નથી. આ ચંદ્રપ્રભા નામા ગુગળની ગોળી ચિત્તને ચંદ્રમાની માફક શીતળતા અને આનંદ દેનાર, રૂચિ કર્ત્તા અનેચંદ્રમા સમાન શરીરને સુશોભિત બનાવવામાં પ્રખ્યાત છે. ૫૪—૫૭

હવે શંખદ્રાવની રીત કહીએ છીએ.

स्फटिकाचयवक्षारं सोरोथनवसादरं ॥ समभागैरिमाभिश्च शंखद्रावोरसोमतः ॥ ५८ ॥ काचकूपीद्वयंनीत्वा दत्त्वाकर्प्पटमृत्तिका ॥ एकस्यविवरंकृत्वा भृत्वाचान्याः सदौषधीः ॥ ५९ ॥ गजकुम्भास्ययंत्रेण चुल्लयांचखर्परोपरि ॥ धृत्वादत्त्वाचमन्दाग्निं तद्रसंकाचभाजने ॥ ६० ॥

गृहीत्वास्थापयेत्सम्यक् ग्रहणीयंशुभेदिने ॥ शंखोद्रवतितन्मध्ये शंखद्रावस्ततोमतः ॥ ६१ ॥ पुम्भकेनप्रमुंचेत जिह्वाग्रेतालुकोपरि ॥ दन्ताः पतंतिलग्नेस्मिन् शेषरोगस्यकाकथा ॥ ६२ ॥ अखिलोदररोगाणां निहंत्यागुल्मकस्यच ॥ कालिंजप्लीहकंहन्ति हृद्रोगंग्रहणीयकृत् ॥ ६३ ॥ ऊर्द्ध्वश्वासंकफंकासं आमवातंविनाशयेत् ॥ कांतिनिरोगतांपुष्टि जठराग्निंविवर्धयेत् ॥ ६४ ॥

અર્થ—ફટકડી, જવખાર, સુરોખાર, નવસાદર, એ ચારે બરોબર લેવા કાચની આતસ શીશી (દેવતામાં મૂકવાથી જે ન ફાટે તે) બે લેઈ તેમાં એકની અંદર એ ચાર વસ્તુ નાખી એનાં મ્હોઢાં જોડી દેઈ કપડા માટી કરી એક શીશીને (જે ખાલી હોય તેના) નીચે કાણું પાડવું ગજકંભા કૃતિ યંત્રે ચુલા ઉપર વા, ઠીકરામાં થોડા દેવતા ઉપર રાખી દેવી; જ્યારે ઓષધવાળી શીશીમાંથી કાણાવાળી શીશીમાં રસ થઇને આવી જાય ત્યારે શુંદર કાચના બવા-

લામાં તે રસ ગ્રહણ કરવો, શુભ દિવસે બનાવવો વા, ઉપયોગમાં લેવો. શંખલા, કોડી વગેરે તેની અંદર નાખવાથી ગળી જાય છે તેથી તેને શંખદ્રાવ કહે છે. તે શંખદ્રાવનું પુભડું ભરી જીભના અગ્ર ભાગે વા, તાળવે લગાવવું; પણ દાંતે અડવા ન પામે એ સાવચેતી રાખવી; કેમકે તે જો દાંતે અડે તો દાંત પડી જાય છે. જ્યારે દાંત તેના અડવાથી પડી જાય છે તો પછી બીજા રોગની શી વીસાદ છે?! તમામ પેટના રોગ, ગોળો, કાળજાના રોગ, બરોળ, છાતીનો રોગ, સંગ્રહણી, કાળજાની વ્યાધિ, ઉર્દ્ધશ્વાસ, કફ. ઉધરસ, અને આમ વાયુ એ સર્વ નાશ પામે છે, શરીર કાંતિ વધે છે, નીરોગી બનાવી શરીરને પુષ્ટ કરે છે, અને જઠરાગ્નિને વધારે છે. ૫૮—૬૪

ગંધકને શુદ્ધ કરવાની રીત.

दुग्धघृतेनिम्बरसे भृंगराजरसेथवा ॥ गंधकंशोधयेत्प्राज्ञो दोलायंत्रेणवासता ॥ ६५ ॥ सदुग्धभाण्डेपिपटस्थितोयं शुद्धोभवेत्कूर्मपटेनगंधः ॥ सदुग्धभाण्डस्यमुखेसुवस्त्रं बद्धंक्षिपेद्गंधकसूक्ष्मखण्डान् ॥ ६६ ॥ विमुद्रयित्वासमितादिनातत् मन्दाग्निनायामयुतंपचेच्च ॥ ६७ ॥ शोधितंगंधकंयाव त्तावतीत्रिफलाभवेत् ॥ द्वयोस्तुल्यासितादेया कर्षार्द्धंखादयेत्सुधीः ॥ ६८ ॥ कण्डूविचर्चिकादद्रू सिध्ममण्डलकुष्ठनुत् ॥ अम्लक्षारहिंगुतैल मग्नितापंचवर्जयेत् ६९

અર્થ—દૂધ, ઘી, લીંબડાનો રસ અને ભાંગરાનો રસ એમાંથી ગમે તેની અંદર ગંધક શુદ્ધ કરવો. અથવા એક હાંડી (હાંલ્લી)માં દૂધ ભરી આમળસારા ગંધકની પોટલી બાંધી ડોળકા યંત્રથી મંદાગ્નિએ કુર્મ પુટવડે શુદ્ધ કરવો. અથવા હાંલ્લીમાં દૂધ ભરી તેના મ્હોઢા ઉપર ઝીણું કપડું બાંધી ગંધકના ઝીણા કકડા કરી તે ઉપર પાથરી પછી મુદ્રા કરી, નીચે ૨ પોહરની મંદ આંચ દેવી, તેથી પણ શુદ્ધ થાય છે. એ શુદ્ધ કરેલા ગંધકની બરોબર ત્રિફળાનું ચૂર્ણ અને તે બન્નેની બરોબર સાકર મેળવી અર્દ્ધા તોલાના અંદાજે ખાય તો ખરજ, વિચર્ચિકા, દાદર (દરાજ) સિંધ્મ નામનો કોઢ, મંડળ કોઢ, અને

ત્વચા રોગ એ સર્વ દૂર થાય છે; પરંતુ તે ઉપર ખટાઈ, ખારી ચીજ વા, મીઠુ. હિંગ, તેલ, મરચું અને તડકો કે દેવતાનો તાપ એ સર્વથી દૂર રહેવું. (ગંધક શુદ્ધ કરવાની બીજી સેહેલી રીત પૃષ્ઠ ૧૩૭ જુઓ) ૬૫—૬૯

શિલાજીતને શુદ્ધ કરવાની રીત.

मुख्यंशिलाजितुशिला सूक्ष्मखण्डंप्रकल्पयेत् ॥ निक्षिप्यात्युष्णपानीये यामैकंस्थापयेत्सुधीः ॥ ७० ॥ मर्दयित्वाततोनीरं गृह्णीयाद्वस्त्रगालितं ॥ स्थापयित्वाचमृत्पात्रे धारयेदातपेपुनः ॥ ७१ ॥ आलोड्यचपुनस्तस्मा दुपरिस्थंघनंनयेत् ॥ अधः स्थितंचयच्छेषं तस्मिन्नोरंविनिक्षिपेत् ॥ ७२ ॥ विमर्द्यधारयेद्घर्मे पूर्ववच्चैवतंनयेत् ॥ एवंपुनःपुनर्नीत्वा द्विमासाभ्यांशिलाजतुः ॥ ७३ ॥ भूयात्कार्यक्षमंवन्हौ क्षिप्तंलिंगोपमंभवेत् ॥ निर्धूमंचततः शुद्धं सर्वकर्मसुयोजयेत् ॥ ७४ ॥ एलापिप्पलीसंयुक्तं माषमात्रंतुभक्षयेत् ॥ मूत्रकृच्छ्रं मूत्ररोधं हन्तिमेहंतथाक्षयं ॥ ७५ ॥

અર્થ—પ્રથમ શિલાજીતના ન્હાના કકડા કરી ઉન્હા પાણીમાં ૧ પોહોર પલાળી રાખે બાદ તે પાણીને મશળી કપડાથી ગળી લેવું, એટલે કાંકરી હશે તે નીકળી જશે, પછી માટીના વાસણમાં તે પાણીને ભરી તડકે મૂકવું અને મશળવું મશળતાં મશળતાં જે ઉપર ફીણ આવે તે લેઈ લેવું અને જે નીચે જામે તે કચરો કાહાડી નાખવો (એમ નીરંતર બે મહીના સુધી કરવું રોજ તડકામાં રાખી મશળવું અને ઉપર ફીણ આવે તે ગ્રહણ કરવું) તેથી શિલાજીત શુદ્ધ થાય છે. તે શુદ્ધ કરેલો શિલાજીત દેવતા ઉપર મૂકવાથી લિંગાકાર થાય અને નિર્ધૂમ જણાય તો સર્વ કામમાં લેવો; એલચી પીપરની સંગાથે તે શિલાજીત ૮ રતી ભાર એક માસ સુધિ ખાય તો મૂત્રકૃચ્છ, મૂત્રરોધ, પ્રમેહ અને ક્ષય એ સર્વનો નાશ કરે છે. ૭૦—૭૫

સુવર્ણા (સોના)દિ મારવાની રીત.

तैलेतक्रेगवांमूत्रे कांजिकेचकुलत्थके ॥
तप्ततप्तानिसिंचेत द्रावेद्रावेतुमप्तधा ॥ ७२ ॥
स्वर्णताराराताम्राणां पात्राण्यग्नौप्रतापयेत् ॥
निषिंचेत्तप्ततप्तानि तैलेतक्रेचकांजिके ॥ ७७ ॥
गोमूत्रेचकुलत्थानां कषायेच त्रिधात्रिधा ॥
एवंस्वर्णादिलोहानां विशुद्धिः संप्रजायते ॥ ७८ ॥

અર્થ—તેલ, છાસ, ગોમૂત્ર, કાંજી કળથીનો રસ (અગર ક-વાથ) એઓમાં દરેક ધાતુ સાત સાત વાર ખૂબ તપાવી ઉપર કહેલા દરેક પદાર્થોમાં બુઝાવવી (ઠરાવી) અથવા સોનું, બહુજ બારીક ચાંદી અને ત્રાંબાનાં પતરાં કરવાં પછી દેવતામાં ખૂબ તપાવી ત-પાવીને તેલ, છાસ, કાંજી, ગોમૂત્ર, અને કળથીના કવાથમાં એટલે ક્રમથી કરીને દરેક વસ્તુઓમાં ૩-૩ વાર બુઝાવવાં તો શુદ્ધ થાય. એજ રીતે સર્વ ધાતુઓ સોનાથી તે લોખંડ શુદ્ધિની શુદ્ધ થાય છે; પરંતુ કલાઈ, શીશું અને જસદ એમને ગાળી ગાળીને ઉપર કહેલી ચીજોમાં ઠારવાં પણ પતરાં કરવાં નહીં. ૭૬—૭૮

સોનાની ભસ્મ (મૃગાંક) બનાવવાની રીત.

स्वर्णस्यद्विगुणंसूत मम्लेनसहमर्दयेत् ॥ तद्गोलकसमंगन्धं निदध्यादधरोत्तरं ॥ ७९ ॥ गोलकंचततोरुध्वा शरावदृढसंपुटे ॥ त्रिंशद्वनोपलैर्दद्यात् पुटैनेवंचतुर्दश ॥ ८० ॥ निरुत्थंजायतेभस्म गंधोदेयः पुनः पुनः ॥ ८१ ॥

અર્થ—સોનાના વર્ક વા, કંટકવેધ કરેલ પતરાં લેઈ તેથી બ-મણો પારો સેવો એઓને લીંબુના રસમાં ઘુંટી ગોળી બનાવવી અને ગોળીના બરાબર આમળસારો ગંધક વાટી ઉપર નીચે મૂકી સરાવ સંપુટ કરી તે ઉપર કપડા માટી ૧૪ કરી ૩૦ અડાયાં છાણાંની આંચ દેવી, જ્યાં સુધી તેમાંથી ધુમાડો નીકળતો બંધ ન થાય ત્યાં સુધી એજ પ્રમાણે સંપુટ કપડા, માટી અને આંચ દેવી; પરંતુ

દરેક આંચની સાથે ગંધક પણ તેજ પ્રમાણે સંપુટમાં નાખે તો શુદ્ધ મૃગાંક તૈયાર થાયછે. ૭૯ ૮૧

મૃગાંકની બીજી રીત.

भूर्जत्रत्सूक्ष्मपत्राणि हेम्नःसूक्ष्माणिकारयेत् ॥ तुल्यानितानि सूतेन खल्वेक्षिप्त्वाविमर्दयेत् ॥ ८२ ॥ कांचनारिरसेनैव ज्वालामुख्यारसेनवा ॥ लांगल्यावारसैस्ताव यावद्भवतिपिष्ठकं ॥ ८३ ॥ तथाहेम्नश्चतुर्थांशं टंकणंतत्रनिक्षिपेत् ॥ पिष्टंमौक्तिकचूर्णंच स्वर्णाद्विगुणितंक्षिपेत् ॥ ८४ ॥ तेषुसर्वसमंगन्धंक्षिप्त्वाचैकत्रमर्दयेत् ॥ तेषांकृत्वाततोगोलं वासोभिःपरिवेष्टयेत् ॥ ८५ ॥

पश्चान्मृदावेष्टयित्वा शोषयित्वाचसाधयेत् ॥ शरावसंपुटस्यांते तत्रमुद्रांप्रयोजयेत् ॥ ८६ ॥ लवणापूरितेभाण्डे धारयेत्तंचसंपुटं ॥ मुद्रांदत्त्वाशोषयित्वा बहुभिर्गोमयैःपचेत् ॥ ८७ ॥ ततःशीतेसमाहृत्य गन्धंसूतसमंक्षिपेत् धृत्वाचपूर्ववत्खल्वे पचेद्गजपुटेनच ॥८८॥ स्वांगशीतंततोनीत्वा गुंजायुग्मंप्रयोजयेत ॥ अष्टाभिमरिचैर्युक्तो कृष्णात्रययुतातथा ॥ ८९ ॥ त्रिलोक्यदेयादोषादौ नैकेकारसरक्तिका ॥ सर्पिषामधुनाचापि देयापथ्यंचभोजयेत् ॥९० ॥

मृगांकोयंरसंहन्या त्क्षयत्वंबलहानिता ॥
श्लेष्माणंग्रहणींकासं श्वासंक्षयमरोचकं ॥ ९१ ॥
अग्निंचकुरुतेदीप्तं कफवातान्नियच्छति ॥ ९२ ॥

અર્થ—સોનાનાં પતરાં ભોજ પત્રના જેવાં ઝીણાં બનરાવી (અથવા સોનાના વર્ક લેઈ) તેના બરોબર શુદ્ધ પારો નાખી ખરલમાં ખૂબ ઘુંટી બાદ કાંચનારનો રસ, જવાળા મુખીનો રસ, અને કલીહારી (કલગારી)નો રસ લેઈ એ દરેકમાં અનુક્રમે ઘુંટવાં જ્યાં સુધી લોટ જેવો ભૂકો ન થાય ત્યાં સુંધી ઘુંટી સોનાથી ચોથે હિસ્સે ખડીઓખાર (વા ટંકણખાર) નાખવો, બાદ સોનાથી બમણો મોતીનો ભૂકો નાખવો, અને તે સઘળાંની બરોબર શુદ્ધ ગંધક નાખવો,

એ સર્વને એકજીવ કરી ગોળો કરવો, તેને કપડામાં વીંટી તે ઉપર કપડા માટી કરવી. સુકાયા બાદ સરાવ સંપુટ કરી કપડા માટી દેઈ માટીના વાસણમાં મીઠું ભરી તેમાં તે સંપુટ મૂકી તે વાસણના મ્હોંઢે વજ્ર મુદ્રા દેવી, સુકાયા પછી ગજપુટ અગ્નિ દેવી, ભઠ્ઠી ઠંડી થયા પછી કાહાડી તેમાં ગંધક અને પારો સમાન ભાગે નાખી પ્રથમની માફક ખરલમાં ઘુંટી તેજ પ્રમાણે ગજપુટ આંચ દેવી. સ્વાંગ શીતળ થયા પછી તેમાંથી દરરોજ બે રતી ભાર આઠ મરીની સાથે અથવા ત્રણ પીપરની સાથે, રોગનું પ્રબળપણું અને ખાનાર મનુષ્યની, જઠરાગ્નિ બળ, દેશ, કાળ, જોઈને અથવા દરરોજ એક રતી ભાર ઘી અથવા મધની સંગાથે આપે અને પથ્ય (રોગનો નાશ કરવામાં અનુકૂલ પદાર્થ હોય તે) ભોજન (આહાર) વિહાર (સ્ત્રિ સંગ વા, તડકામાં ફરવું કે શ્રમ લેવો-પંથ કરવો) વગેરે સર્વ તજવાં (કીરી પાળવી) તો આ મૃગાંક રસ શરીરની દુર્બલતાને, અશક્તિને, શળેખમ (કફ)ને, સંગ્રહણીને, ઉધરસને, શ્વાસ-દમને, ક્ષયને, અરૂચિને હણે છે-નાશ કરે છે, જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે અને કફ વાયુને દૂર કરે છે. ૮૨—૯૨.

મૃગાંકની ત્રીજી રીત.

शुद्धंसूतंस्वर्णपत्रं जम्बीरेमर्दयेत्समं ॥ तयोर्द्विगुणितामुक्ता त्रिभिस्तुल्यंतुगंधकं ॥ ९३ ॥ टंकणंगन्धकादर्द्धं सर्वंजम्बोरजैर्द्रवैः ॥ मर्दयामेन्नतद्गोलं वस्त्रेबध्वाविपाचयेत् ॥ ९४ ॥ दोलायंत्रेथपाताले यामादुद्धृत्यशोषयेत् ॥ ततोमृन्मयभाण्डां तर्लवणंचागलोद्धृयं ॥ ९५ ॥ क्षिप्त्वातद्धिक्षिपेत्पूर्वं गोलकंवस्त्रवेष्टितं ॥ लवणैःपूरयेद्भाण्डं मुद्रयित्वादिनंपचेत् ॥ ९६ ॥ चुल्ल्यांक्रमाग्निनासिद्धो मृगांकोयंमहारसः ॥ राजरोगनिवृत्त्यर्थं देयोगुंजामितोघृते ॥ ९७ ॥ दशभिर्मरिचैः सार्द्धं पिप्पल्यामधुनाथवा ॥ ९८ ॥

---

૧ જે ભસ્મની અંદર મધ, ઘી અને ખડીઓ (ટંકણ) ખાર મેળવી આંચ દેવાથી પણ તે ભસ્મ સંજીવન થતી નથી તેને નિરૂત્થ ભસ્મ કહે છે.

અર્થ—શુદ્ધ કરેલો પારો, અને સોનાના વર્ક બરોબર લેઈ જંબીરીના રસમાં મર્દવાં (ઘુંટવાં) તેનાથી બમણો મોતીનો ભૂકો, અને તે સર્વની બરોબર શુદ્ધ ગંધક, અને ગંધકથી અર્દ્ધ ભાગે ટંકણખાર મેળવી જંબીરાનાજ રસમાં ૧ પોહોર ઘુંટી ગોળો બનાવવો, કપડામાં તેને બાંધી ડોળકા યંત્રે અથવા પાતાળ યંત્રે કાંજીમાં ૧ પોહોર સુધી પકાવી, કાહાડી લેઈ સૂકવી બાદ માટીના વાસણમાં મીઠાનો બે આંગળ જાડો થર દેઈ તેમાં તે ગોળો મૂકી તે ઉપર ફરી મીઠાનો થર બે આંગળનો દેવો, પછી તે વાસણનું મ્હોંઢું બંધ કરી કપડા માટી કરવી સૂકાયા બાદ ચૂલા ઉપર મૂકી નીચે પહેલા મંદ પછી મધ્યમ અને છેવટ આકરી આંચ દેવી જેથી મૃગાંક સિદ્ધ થાયછે, સ્વાંગ શીતળ થયા પછી આ મૃગાંક નામનો મોટો રસ રાજરોગ (મોહટા રોગ અથવા ક્ષય) ને દૂર કરવા માટે એક રતી ભાર ઘી અને દશ મરીની સંગાથે અથવા ડોઢ પીપર ને મધની સંગાથે આપવો. ૯૩—૯૮

રાજ મૃગાંક રસ.

भस्मसूतत्रयोभागा भागैकंभस्महेमकं ॥
मृतताम्रस्यभागैकं शिलागंधकतालकं ॥ ९९ ॥
प्रतिभापद्वयंशुद्ध मेकीकृत्यविचूर्णयेत् ॥
वराटंपूरयेतेन छागीक्षीरेणटंकणं ॥ १२०० ॥
क्षिप्तातेनमुखंरुध्व मृद्भाण्डेतान्निरोधयेत् ॥ शुष्कंगजपुटेपक्त्वा चूर्णयेत्स्वांगशीतलं ॥ १ ॥ रसोराजमृगांकोयं चतुर्गुंजः क्षयापहः ॥ दशपिप्पलिकाः क्षौद्रं एकोनत्रिंशदूषणैः ॥ २ ॥

અર્થ—પારાની શુદ્ધ ભસ્મ ૩ ભાગ, સોનાની શુદ્ધ ભસ્મ ૧ ભાગ, તાંબાની શુદ્ધ ભસ્મ ૧ ભાગ, શુદ્ધ શિલાજીત શુદ્ધ ગંધક અને શુદ્ધ હરતાલ બબે ભાગ લેઈ ઘુંટી ચપ્પણ અથવા બે કોડીયાં (લેઈ પથ્થર ઉપર ઘસી તેમનાં મ્હોઢાં મળી જાય તેવાં બનાવી) તેમાં તેને પાથરી ઉપર બકરીનું દૂધ અને ફૂલાવેલો ટંકણ નાખી તે બન્ને કોડીઆનો સંપુટ કરી તે ઉપર કપડા માટી દેઈ સૂકવી આ-

ટીની હાંડીમાં મૂકી તેનું પણ મ્હોઢું બંધ કરી (મુદ્રા દેઈ) સૂકવી ગજપુટ અગ્નિ દેવી. તે ભઠ્ઠી ઠંડી થયા પછી આ રાજ મૃગાંકરસ રતી ૪ પ્રમાણે અનુપાન સાથે એટલે ૧૦ પીપર ૨૯ મરીયાનું ચૂર્ણ અને મધની સાથે આપે તો ક્ષય આદિ રોગ નાશ પામે છે. ૯૯—૨

ત્રાંબાની ભસ્મ (ખાખ) બનાવવાની રીત.

सूक्ष्माणिताम्रपात्राणि कृत्वासंस्वेदयेद्बुधः॥ वासरत्रममम्लेन ततः खल्वेविनिक्षिपेत् ॥ ३ ॥ पादांशंसूतकंदत्त्वा याममम्लेनमर्दयेत् ॥ ततः उद्धृत्यपात्राणि लेपयेद्द्विगुणेनच ॥ ४ ॥ गंधकेनाम्लघृष्टेन तस्यकुर्याच्चगोलकं ॥ ततःपि ।चमीनाक्षो चांगेरींवा पुनर्नवाम् ॥ ५ ॥

तत्कल्केनवहिर्गोलं लेपयेद्व्ंगुलोन्मितं ॥ धृत्वातद्गोलकंभाण्डे शरावेणचरोधयेत् ॥ ६ ॥ वालुकाभिःप्रपूर्याथ विभूतिलवणांबुभिः ॥ दत्त्वाभाण्डमुखेमुद्रां ततश्चूल्ल्यांविपाचयेत् ॥ ७ ॥ क्रमवृद्धाग्निनासम्यक् यावद्यामचतुष्टय ॥ स्वांगशीतसमुद्धृत्य मर्दयेच्छुरणद्रवैः ॥ ८ ॥ यामेकंगोलकंतच्च निःक्षिपेच्छुरणोदरे ॥ मृदालेपस्तुकर्तव्य स्सर्वतोऽङ्गुष्टमात्रकंः ॥ ९ ॥ पाच्यंगजपुटेक्षिप्त मृतभवतिनिश्चितम् ॥ १० ॥

અર્થ—ચોખા ત્રાંબાના પત્રાના ઝીણા ઝીણા (કંટકવેધ) કકડા કરી તેને ૩ દિવસ પર્યંત લીંબુના રસમાં નાખી મંદ મંદ (ધીમી) આંચથી પકાવવાં, પછી તેમને ખરલમાં નાખી તે પત્રાથી ચોથે હિસ્સે [1]પારો નાખી એકત્ર કરી લીંબુના રસમાં ૧ પોહોર ખરલ કરી લુગદી જેવાં થઈ જાય ત્યારે ગોળો બનાવવો બાદ લીંબુના રસમાં ઘુંટેલી શુદ્ધ ગંધક તે ગોળા ઉપર ચોપડી પીલુડી અથવા ચૂકો કે સાટોડી એ ત્રણમાંથી જે મળી શકે તે વાટી ચાળી તેનું કલ્ક (ચટણી જેવું) બનાવી તેનો તે ગોળા ઉપર બે આંગળ જાડો લેપ કરી પછી એક હાંડીમાં રેત ભરી તેના મધ્ય ભાગમાં

તે ગોળાને મૂકી તે હાંલ્લી ઉપર સરાવ (રામપાત્ર-ચપ્પણુ) ઢાંકી રક્ષા મીઠું અને પાણીની મુદ્રાથી બંધ કરી ચૂલ્હા ઉપર ચઢાવવી બાદ ક્રમ વર્દ્ધિત આગ્ન (પ્રથમ થોડો તાપ અને વધતાં વધતાં સખ્ત તાપ દેવો તે)થી પોહોર ૪ સુધી પકાવી સ્વાંગ શીતળ (એ-ની મેળેજ ઠંડી) થયા પછી તે ગોળાને કાહાડી લેઈ સૂરણના રસમાં ૧ પોહોર ઘુંટી ફરી ગોળો બનાવી સૂરણની ગાંઠને કોચી અંદર તે ગોળાને યુક્તિથી રાખી ડગળી દેઈ તે ઉપર બે ઇંચિ જાડો માટીનો લેપ કરી [2]ગજપુટ અગ્નિમાં ફૂંકી દેવો તો શુદ્ધ [3]તાંબાની ભસ્મ થાય છે. ૩—૧૦

ગુણ.

कुष्टप्लीहज्वर कफमरुच्छासकासार्तिशोफ स्तन्द्राशूलोदरकृमिवमोपाडुमेहातिसारान् अर्शागुल्मक्षयभ्रमशिरो व्याधिमेहादिहिका शुद्धंशुल्वंहरतिसततंवन्हिवृद्धिंकरोति ॥ ११ ॥

અર્થ—ત્રાંબાની શુદ્ધ ભસ્મ વિધિ યુક્ત સેવન કરે તો કોઢ,

"रसेंद्रेणविनाताम्र यः करोतिपुमानिह उदरेतस्यकोटानी जायतेनात्रसंशयः"

અર્થ—જો પારા વિના તાંબાની ભસ્મ કરે છે તો તે ભસ્મના ખાવાથી પેટમાં જીવડાં-કૃમી રોગ ઉત્પન્ન થાય છે, ગ્રંથાતરે ૨ ગજપુટની રીત.—સવા હાથ (૧૩૦ આંગળ)નો શંકુ બનાવી તેના પ્રમાણે લાંબો પોહળો ઉંડો ખાડો ખોદી ૫૦૦ અડાયાં છાણાં ભરી જે દવાનું સંપુટ મૂકવું હોય તે મૂકી ઉપર ૫૦૦ અડાયાં છાણાં ભરી આંચ દે તેને ગજ-પુટ કહે છે.

૩ ત્રાંબાની ભસ્મ શુદ્ધ હોય તો ઉપર પ્રમાણે અમૃત સમાન ગુણ કરે છે; પરંતુ કાચી રહી ગઈ હોય તો ઝેરમાં એકજ અવગુણ છે પણ કાચી ભસ્મમાં આઠ અવગુણ છે એટલે તેના ખાવાથી બળતરા, પરસેવો, અરૂચિ, મૂર્ચ્છા, જીવનું ધોવાવું, ઉલટી અને ફેર એ આઠ દોષ કરે છે જેથી લાભને બદલે હાનિનો ભંડાર હાથ લાગે છે.

ભાવપ્રકાશ.

બરોબર, તાપ, કફ, ઉર્દ્ધ શ્વાસ, ઉધરસની પીડા, સોજો, તંદ્રા, (ઘેન) શૂળ, પેટમાંના કરમીયા, ઉલટી, પાંડુ રોગ, પ્રમેહ, અતિસાર, કુરસ, ગોળો, ક્ષય, ચિતભ્રમ (અથવા ફેર આવતા હોય તે) માથાની પીડા, મેદ અને હેડકી એ સર્વ રોગનો નિશ્ચે નાશ કરે છે તથા જઠરાગ્નિને વધારે છે. ૧૧

(કલાઈ) બંગની ભસ્મ કરવાની રીત.

मृत्पात्रेद्रावितेवंग चिंचाश्वत्थत्वचोरजः ॥
क्षिप्त्वाबंगचतुर्थांश मयो दार्व्याप्रचालयेत् ॥ १२ ॥
ततोद्वियाममात्रेण बंगभस्मप्रजायते ॥
अथभस्मसमंतालं क्षिप्त्वाऽम्लेनविमर्दयेत् ॥ १३ ॥
ततोगजपुटेपक्त्वा पुनरम्लेनमर्दयेत् ॥
तालेनदशमांशेन याममेकंततः पुटेत् ॥ १४ ॥
एवंदशपुटैःपक्वं बंगंभवतिमारितम् ॥ १५ ॥

અર્થ—માટીની ઠીબમાં ચોખી કલઈ ઓગાળી તેના ચોથા ભાગે આમલી અને પીપળાનાં છોડીઆનું ચૂર્ણ (ભૂકો) કરી તે ઉપર ભભરાવતા જવું અને લોખંડની કડછીથી હલાવતે જવું એમ બે પોહોર કરવાથી (આંચ દેવાથી) કલઈ ભસ્મ જેવી થઈ જાય છે તદન તરે તે કલઈ ભસ્મની બરોબર ચોખી હરતાલ લેઈ તે બન્નેને લીંબુના રસમાં ઘુંટી એક જીવ કરી ગોળો બનાવી સરાવ સંપુટ કરી ગટપુટમાં ફુંકી દેવી, સ્વાંગ શીતળ થયે કાહાડી લેઈ તેનાં દશમા ભાગે ચોખી હરતાલ મેળવી લીંબુના રસમાં તે બન્નેને ફરી ૧ પોહોર ઘુંટી પ્રથમ પ્રમાણે ફુંકી દેવી એમ દશ વખત કરવાથી દોષ રહીત શુદ્ધ બંગ ભસ્મ થાય છે. ૧૨—૧૫

અશુદ્ધ બંગ ભસ્મના દોષ.

पाकेनहीनःखलुबंगकोसौ कुष्टानिगुल्मानिमहांतिरोगान् ॥
पांडुप्रमेहापचिवातशोणितं बलापहारंकुरुतेनराणाम् ॥१६॥

અર્થ—જો તે ભસ્મ કાચી રહી ગઈ હોય તો કોઢ, ગોળો,

પાંડુ, પ્રમેહ, અપચો અને વાતરક્ત આદિ મોટા રોગોને જન્મ આપે છે. તેમજ બળ (શક્તિનો) નાશ કરે છે. ૧૬

શુદ્ધ બંગ ભસ્મના ગુણ.

बल्यंदीपनपाचनंरुचिकरंप्रज्ञाकरंशीतलं ।
सौदर्यंकविवर्द्धनंहृतरुजचारोगताकारकं ॥
धातुस्थैर्यकरं क्षयक्षयकरं सर्वप्रमेहापहं ।
वंगंभक्षयतोनरस्यनभवेत् स्वप्नेपिशुक्रक्षयः ॥ १७ ॥

અર્થ—બરોબર પાકેલી ભસ્મનાખવાથી શક્તિ, રૂચિ, બુદ્ધિ, શીતળતા, સૌંદર્યતા, કવિત્વશક્તિ આરોગ્યતા અને ધાતુને સ્થિર કરનાર છે; તથા છાતીના રોગ, ક્ષય, સર્વ પ્રમેહાદિ સમસ્ત રોગોનો નાશ કરે છે અને દીપન પાચન કરતા છે. આ બંગ ભસ્મ સેવન કરનાર મનુષ્યનું સ્વપ્નામાં પણ વીર્ય સ્ખલિત થતું નથી. ૧૭

સીસાની ભસ્મ કરવાની રીત.

अश्वत्थचिंचात्वग्भस्म भस्मतुल्यामनः शिला ॥ जम्बीरैरालनालैश्च पिष्ट्वा रुध्वापुटेपचेत् ॥ १८ ॥ स्वांगशीतंपुनः पिष्ट्वाविंशत्यांशशिलात्मकैः ॥ नागसिन्दूरवर्णाभो म्रियतेसर्वकार्यकृत् ॥ १९ ॥

અર્થ—પીપળાનાં અને આમલીનાં છોડીયાં બાળી તે રાખની બરોબર મનશિલ લેઈ જંબીરી (ખાટા લીંબુ)ના રસમાં તથા કાંજીના રસમાં તેઓને વાટી તેને સીસાના કંટકવેધ કકડા ઉપર ચોપડી સરાવ સંપુટ કરી યોગ્ય અગ્નિએ પકાવી સ્વાંગ શીતળ થયે ફરી ઘુંટી તેમાં ચોખો શિલાજીત ૨૦ ભાગ નાખી તૈયાર કરવો (સંપુટ કરી ફૂંકી દેવો) જ્યારે સિંદૂરના રંગ જેવો રંગ આય ત્યારે શુદ્ધ થયો જાણી સર્વ કાર્યમાં તે નાગેશ્વરની યોજના યોજવી. ૧૮—૧૯

શુદ્ધ નાગ ભસ્મના ગુણ.

क्षयपवनविकारेगुल्मपाण्डामयेषु भ्रमकृतिकफशूलेमेहकासा•

मयेषु ॥ ग्रहणीगुदगदैवैनष्टवन्हौप्रशस्तः शुभविधकृतनागः कामपुष्टिंददाति ॥ २० ॥

અર્થ—શુદ્ધ નાગ ભસ્મના સેવનથી ક્ષય, વાયુ, ગોળો, પાંડુ રોગ, ભ્રમ, કૃમિ, કફ, શૂળ, પ્રમેહ, ઉધરસ, સંગ્રહણી, ગુદાનાં દરદ, હરસ અને મંદાગ્નિ એ સર્વ દૂર થાય છે. સારી રીતે કરેલી નાગ ભસ્મથી કામદેવની પુષ્ટિ થાય છે (આપે છે) વા શરીરમાં કામ દેવ અને પુષ્ટી પેદા કરે છે. ૨૦

અશુદ્ધ નાગ ભસ્મના દોષ.

कुष्ठानिगुल्मारुचिपांडुरोगान् क्षयंकफंरक्तविकारकृच्छ्रं ॥
ज्वरास्मरीशूलभगंदराद्यं नागंलपकंकुरुतेनराणाम् ॥ २१ ॥

અર્થ—કાચી રહી ગયેલી નાગ (સીસા)ની ભસ્મ જો ખાવામાં આવે તો કોઢ, ગોળો, અરૂચિ, પાંડુ રોગ, ક્ષય, લોહી વિકાર, મૂત્રકૃચ્છ્ર, તાવ, પથરી, શૂળ, અને ભગંદર એટલા રોગો પેદા કરે છે. ૨૧

ચાંદીની ભસ્મ કરવાની રીત.

भागैकंतालकंमर्द्य याममम्लेनकेनचित् ॥ तेनभागत्रयंतारपत्राणिपरिलेपयेत् ॥ २२ ॥ धृत्वामूषापुटेरुध्वा पुटेत्रिंशद्वनोपलैः ॥ समुधृत्यपुनस्तालं दत्वारुध्वापुटेपचेत् ॥ २३ ॥ एवंचतुर्दशपुटैस्तारभस्मप्रजायते ॥ २४ ॥

અર્થ—એક ભાગ તબકીયા હરતાલ (અથવા ચાંદીની ભસ્મ ૨ ભાગ અને ૨ ભાગ હરતાલ)ને લીંબુના રસમાં ૧ પોહોર ઘુંટી પછી ૩ ભાગ શુદ્ધ ચાંદીનાં પત્રાં (બહુ પાતલાં અને ઝીણા ઝીણા કકડા કરી) તે ઉપર તેનો લેપ કરવો તેને મૂષા યંત્રમાં [1]સંપુટ કરી ૩૦ અડાયાં છાણાંની આંચ દેવી એવીજ રીતે (ઉપર બતા-

[1] સોનીની મૂસો (સોનું ચાંદી ગાળવાની કુલડીઓ) એ લેઈ તેમાં દવા મૂકી બન્નેને સરાવ સંપુટની માફક બીડી કપડા માટી કરી સૂકાવી આંચ દેવી તેને મૂષા યંત્ર કહે છે.

વેલી રીતી પ્રમાણે) ૧૪ વાર કરી આંચ દેવાથી ચાંદીની શુદ્ધ ભસ્મ થાય છે. ૨૨—૨૪

શુદ્ધ ચાંદીની ભસ્મના ગુણ.

तारंचतारयतिरोगसमुद्रपारं देहस्यसौख्यदमिदंपलितंनिहंति॥
हंतिहरोगविषदोषमलंप्रसह्या वृष्यपुनर्नवकरंकुरुतेचिरायुः।२५।

અર્થ—ચાંદીની પાકી ભસ્મ રોગ રૂપી સમુદ્રથી પાર ઉતારનાર છે, શરીરને સુખ આપનાર, વૃદ્ધપણું અને વિષ (ઝેર)ના દોષ દૂર કરનાર છે, વૃષ્ય છે, નવ યુવાની અને આયુષ્ય (મોટુ આયુષ્ય) કરનાર વા દેનાર છે. ૨૫

લોહ ભસ્મ કરવાની રીત.

क्षिपेद्द्वादशमांशेन दरदंतीक्ष्णचूर्णतः ॥ मर्द्दयेत्कन्यकाद्रावै यामयुग्मततः पुटेत् ॥ २६ ॥ एवंसप्तपुटैमृत्यु लोहचूर्णमवाप्नुयात् ॥ २७ ॥

અર્થ—શુદ્ધ (ચોખા) લોખંડ (ગજવેલ)નો ભૂકો અને તેના બારમે હિસ્સે ચોખો હિંગલોક લેઈ તે બન્નેને કુંવારપાઠાના રસમાં ૨ પોહોર સુધી ખરલમાં ઘુંટવા, પછી સરાવ સંપટ કરી ગજપુટમાં ફૂંકી દેવો; એવીજ રીતે સાત વાર કરે તો શુદ્ધ લોહ ભસ્મ (ગજવેલ-સાર) થાય છે. ૨૬—૨૭

શુદ્ધ લોહ ભસ્મના ગુણ.

लोहंमृतंकज्जलसंनिभंतु भुक्तंसदायोरसराजयुक्त ॥
तस्यैवदेहेनभवंतिरोगा मृतापिकामःपुनरेतिधामः ॥ २८ ॥
आयुःप्रदाताबलवीर्यकर्त्ता रोगस्यहर्त्तामदनस्यकर्त्ता ॥
अयःसमानंनहिकिंचिदन्यत् रसायनंश्रेष्ठतमंहितंच ।।२९।।

અર્થ—લોહ ભસ્મ કાજળના જેવા (શ્યામ) રંગની શુદ્ધ ભસ્મ પારાની શુદ્ધ ભસ્મ સંગાથે જો દરરોજ (નિત્ય) ખાય (સેવન કરે) તો ખાનારના શરીરમાં કદી પણ રોગ ઉત્પન્ન થતાજ નથી અને નષ્ટ (નાશ) થઈ ગએલ કામદેવ પણ પુનઃ (ફરી) શરી-

રમાં પ્રાપ્ત (પેદા) થાય છે તેમજ આયુ, બળ, વીર્ય અને કામદેવને વધારનારછે, રોગનો નાશ કરતા જેવી લોહ ભસ્મ છે તેવી કોઈ અન્ય ઉત્તમ રસાયન નથી એમ મહાન્ (મોટા) વૈદ્યો કહે છે. ૨૮—૨૯

અશુદ્ધ (કાચી) લોહ ભસ્મના અવગુણ.

अल्पौषधस्तोक पुटै हिनगंधकपारदैः॥ अपक्वलोहजंचूर्ण मायुःक्षयकरंपरम् ॥ ३० ॥ षंढत्वकुष्टामयमृत्युदं भवेत् हृद्रोगशूलैकुरुतेश्मरींच ॥ नानारुजानांचतथाप्रकोपं करोतिहृल्लासमशुद्ध लोहम् ॥ ३१ ॥

અર્થ—જે લોહ ભસ્મમાં ઉપર બતાવેલ ઔષધો અને પુટની તંગાસ (ન્યૂનતા) તથા પારા ગંધક રહિત હોય તે કાચી ભસ્મ આયુને ક્ષીણ (નિર્બળ-ઓછું) કરે છે તેમજ નપુંસકતા, કોઢ, હૃદ (છાતીના) રોગ અને પથરી આદિ (અનેક પ્રકારના) રોગોને ઉત્પન્ન કરે છે અર્થાત્ મૃત્યુને પ્રાપ્ત કરે છે. ૩૦—૩૧

મંડૂર (લોહકાટ) કરવાની રીત.

अक्षांगारैर्धमेत्किट्टं लोहजंतद्गवांजलैः ॥ सिंचयेत्तप्ततप्तंतत् सप्तवारंपुनःपुनः ॥ ३२ ॥ चूर्णयित्वाततःक्काथौ द्विगुणैस्त्रिफलाभवेत् ॥ आलोड्यभर्जयेत्वन्हौ मंडूरंजायतेवरं ॥ ३३ ॥

અર્થ—બેહડાના ઝાડના લાકડાંના કોયલાની આંચમાં લોહ કાટ (કાટડા)ને ખૂબ તપાવી તપાવીને વાર ૭ ગાયના મૂત્રમાં ઠારવો, પછી બારીક (ઝીણો) વાટી તેનાથી બમણા ત્રિફલાના કાઢામાં ઘુંટી હાંડીમાં ભરી તેનું મ્હોઢું શીડી (બંધ-મુદ્રા કરી) લેઈ કપડા માટીથી મજબૂત કરી ગજપુટ અગ્નિમાં પકાવી તૈયાર કરે તો ઉત્તમ મંડૂર થાય છે. ૩૨—૩૩

ગુણ.

त्रिफलात्रिकटुमुस्ताग्नित्रिडंगैर्गुडगुटी ॥ तक्रेणपीतमथवा मासंवासप्तसप्तकैः ॥ ३४ ॥ ऊर्द्ध्वश्वासेपाण्डुरोगे शोफ आमानिले

कृमौ ॥ मृद्भक्षितविकारेषु वारिरोगेचशस्यते ॥ ३५ ॥

અર્થ—ત્રિફળા, ત્રિકટુ, મોથ, ચિત્રક અને વાવડીંગ એ સ-ર્વેનું ઝીણું ચૂર્ણ કરી તે મંડૂર અને ચૂર્ણને ગોળમાં મેળવી ગોળીયો બનાવી ગાયની છાસ સાથે પ્રાતઃકાળમાં ૧ મહીનો અથવા ૪૯ દિવસ ખાય તો ઉર્દ્ધ શ્વાસ, પાંડુ રોગ, સોજો, આમવાયુ, કરમી-યાનો રોગ, માટી ખાવાથી થયેલો રોગ અને પાણી લાગેલું હોય તે સર્વ દૂર થાય છે. ૩૪—૩૫

અભ્રકને શુદ્ધ કરવાની અને ભસ્મ કરવાની રીત.

कृष्णाभ्रकंधमेद्वह्नौ; ततोदुग्धेनसिंचयेत् ॥ भिन्नपत्रंततःकृत्वा तन्दुलीयाम्लयोर्द्रवैः ॥ ३६ ॥ भावयेदष्टयामन्त देवंशुध्यतिचाभ्र-कं ॥ बध्वाधान्ययुतंवस्त्रे मर्दयेत्कांजिकैःसह ॥ ३७ ॥ कृत्वाधान्या भ्रकंतच्च शोषयित्वाथमर्दयेत् ॥ अर्कक्षीरैर्दिनंपिष्ट्वा चक्राकारंच कारयेत् ॥ ३८ ॥ वेष्टयेदर्कपत्रांश्च सम्यग्गजपुटेपचेत् ॥ पुनर्मर्द्य पुनः पाच्यं सप्तवारंप्रयत्नतः ॥ ३९ ॥ ततोवटजटाक्वाथै स्तद्वद्देयं-पुटत्रयं ॥ म्रियतेनात्रसन्देहः सर्वकार्येषुयोजयेत् ॥ ४० ॥

અર્થ—કાળા અભ્રકને દેવતામાં તપાવી દૂધમાં ઠારવો, પછી પત્રાંને જુદાં જુદાં કરી ચોખાના પાણીમાં (અથવા તાદળજાનાં રસમાં) અથવા લીંબુ કે ગમે તે ખટાઈમાં ૮ પોહોર સુધી પલાળી ધુંટે તો શુદ્ધ થાય; પછી ધાન્ય યુક્ત અભ્રકને કપડામાં પોટલી બાંધી મશળવી (એટલે શુદ્ધ અભ્રકથી ચોથે હિસ્સે ચોખા લેઈ તે અ-ભ્રક અને ચોખા કાબળીના કકડામાં બાંધી ૩ દિવસ અને સંત પાણીમાં ભીંજવી પછી તે પોટલીને પાણીમાં ખૂબ મસળવી જ્યારે તે પોટલી માંહેથી તમામ અભ્રક પાણીમાં આવી જાય ત્યારે તે પાણી વાળા વાસણને વાંકું કરી પાણી નીતારી દેઇ જે નીચે અભ્રક જામી રહે તે લેઈ લેવો. તેને ધાન્યાભ્રક કહે છે) પછી ત અભ્રકને આકડાના દૂધમાં ૧ દિવસ ખરલ કરવો બાદ તેની

જસતની ભસ્મ કરવી હોય તો કલઇની ભસ્મમાં લખેલી વિધિ મુજબ કરવાથી શુદ્ધ ભસ્મ થાય છે.

ન્હાની ન્હાની ટીકડીઓ બનાવી સુકવવી તદનંતર (ત્યાર પછી) તે ટીકડીઓને આકડાના પાંદડા ઉપર લપેટી ગજપુટ આંચ દેવી સ્વાંગ શીતળ થયા પછી પુનઃ તેજ પ્રમાણે આકડાના દૂધમાં ઘુંટી ગજપુટમાં ફૂંકી દેવો એમ ૭ વાર કર્યા બાદ વડની વડવાઈના કવાથમાં ઘુંટી ગજપુટ આંચ દેવી તેમાં પણ ત્રણ વાર તેમ કર્યા બાદ શુદ્ધ અભ્રક ભસ્મ થાય છે એમાં સંદેહ નથી. તે શુદ્ધ મારેલો અભ્રક સર્વ કાર્યમાં લેવો. ૩૫—૪૦

બીજી રીત.

क्षिप्त्वाभ्रेणघृतंतुल्यं लोहपात्रेविपाचयेत् ॥ घृतजीर्णेतदभ्रन्तु सर्वकार्येषुयोजयेत् ॥ ४१ ॥ कृष्णाभ्रकसमादाय द्विप्रस्थंचूर्णयेद्-बुधः ॥ गोमूत्रालोडितंभाण्डेक्षिप्त्वावन्हौदिनंपचेत् ॥ ४२ ॥ अर्क-दुग्धैःपुनः पिष्ट्वाकृत्वाटिकडिकाशुभाः ॥ वेष्टयित्वार्कपत्रैश्च खर्प्पर-स्थाः पुनःपचेत् ॥ ४३ ॥ एवमेवार्कदुग्धस्य दद्यात्सप्तपुटानिच ॥ पुटत्रयंकुमार्याश्च त्रिफलायापुटत्रयं ॥ ४४ ॥ गुडस्यचपुटेदत्वा पुनः पंचामृतैः पचेत् ॥ ततोवटजटाक्वाथैः सम्यक्‌देयंपुटत्रयं ॥ ४५ ॥ एवंनिश्चन्द्रतांयाति सर्वरोगेषुयोजयेत् ॥ मृतमभ्रंहरेन्मृत्युजरापलित नाशनं ॥ ४६ ॥ योजितेचानुपानेन सर्वरोगहरंस्मृतं ॥ ४७ ॥

અર્થ—કાળો અભ્રક લેઈ તેના બરોબર લોખંડના વાસણમાં ઘી નાખી અગ્નિ ઉપર પકાવે જ્યારે તે ઘી શોષાઈ જાય ત્યારે નીચે ઉતારી ભસ્મ કરવાના કામમાં લેવો અથવા કાળો અભ્રક ૧૨૮ તોલા ઉન્હા પાણીમાં ભીજવી તેનું ચૂર્ણ કરી બાદ ગોમૂત્રમાં ઘુંટી (અથવા ગો મૂત્રમાં નાખી) એક હાંડીમાં નાખી દેવતા ઉપર દિવસ ૧ પકાવવો. ત્યાર પછી આકડાના દૂધમાં ઘુંટી ટીકડીઓ કરી આકડાના પાંદડામાં લપેટી માટીની ઠીબ (કલેડી)માં પકા-વવો એવી રીતે આકડાના દૂધની સાત પુટ દેવી અને તેજ પ્ર-માણે પકાવવો તથા કુંવારપાઠાના રસની પુટ ૩, ત્રીફળાના કવા-થની પુટ ૩, ગોળના પુટ ૩, પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ,

સાકર)ના પુટ ૩, અને વડની વડવાઈના ક્વાથના પુટ ૩ દેવા તો નિશ્ચંદ્રતા રૂપ બનેછે, તે ભસ્મ સર્વ રોગ ઉપર ઉપયોગમાં લેવી. મરેલો અભ્રક મૃત્યુ જરા અને પળિયાંનો નાશ કરે છે. અનુપાન રોગ પ્રમાણે યોજી દેવા (સેવન કરવા)માં આવે તો સર્વ રોગને હરે અને જો અનુપાન તરફ લક્ષ ન રાખતાં ખવડાવવા તરફજ લક્ષ રાખે તો અનેક રોગોને ઉત્પન્ન કરેછે. ૪૧—૪૭

શુદ્ધ અભ્રક ભસ્મના ગુણ.

मृताभ्रकंकामवलप्रदंच विषंमरुच्छ्वासभगंदराख्यं
मेहभ्रमंपित्तकफंचकासं क्षयंनिहंत्येवयथानुपानात् ॥४८॥

અર્થ—શુદ્ધ (પાકેલી) અભ્રકની ભસ્મ કામદેવ અને બળને આપનાર છે તથા વિષ, વાયુનો શ્વાસ, ભગંદર, પ્રમેહ, ભ્રમ, પિત્ત કફ, ઉધરસ અને ક્ષયનો નાશ કરે છે; પરંતુ યોગ્ય અનુપાનથી આપે તો અધિક ગુણ કરેછે. ૪૮

અપક્વ (અશુદ્ધ) અભ્રકના દોષ.

चंद्रिकासहितमभ्रकंयदाजीवितंझटतिनाशयेत्तदा
व्याघ्ररोमइवचोदरस्थितं वातनोवितमुतेगदान्बहुन् ॥४९॥

અર્થ—કાચો—તારાની માફક જેમાં ચળકાટ થતો હોય તેવો અભ્રક ખાવાથી તુરત અનેક રોગો શરીરમાં ઉત્પન્ન થઈ મરણને શરણ થાય છે એમાં આશ્ચર્ય થવા જેવું નથી જેમ વાઘ (સિંહ)નો વાળ પેટમાં જવાથી અનેક રોગો થઈ આ લોક છોડી પરલોક પધારવાની તૈયારી કરે છે તેમ રીબાઈ મરે છે. ૪૯

સર્વ ધાતુઓનાં સત્વ કાઢવાની ક્રિયા.

लाक्षामीनंपयश्छागं टंकणंमृगशृंगकं ॥ पिण्याकंसर्षपाशिग्रु गुंजोर्णागुडसैंधवं ॥ ५० ॥ यत्रतिक्ताघृतंक्षौद्रं यथालाभंविचूर्णयेत् एभिर्विमिश्रिताः सर्वेधातवोगाढवह्निना ॥ ५१ ॥ मूषाध्माताः प्रजायन्ते मुक्तसत्वानसंशय ॥ ५२ ॥

અર્થ—લાખ, માછલીઓ, બકરીનું દૂધ, ટંકણખાર, હરણનું શીગડું, પીળા સરસવનો ખોળ, સરગવો, લાલ (રાતી) ચણોઠી, ઉન, ગોળ, સિંધાલુણ, જવ, કડુ, ઘી અને મધ એઓનું ચૂર્ણ કરી કિંવા જે મળી શકે તેનું ચૂર્ણ કરી જે ધાતુનું સત્વ કાહાડવું હોય તેનું (સર્વ ધાતુઓનું સત્વ) કાહાડી લેવું એટલે [1]અંધમુખા યંત્રમાં તે ચીજો સાથે ધાતુ મૂકી સખ્ત આંચ દે તો સર્વનું સત્વ નીકળે છે. ૫૦-૫૨

બીજી રીત.

गुडंचगुग्गुलंचैव लाक्षापामाडटंकणं ॥ उष्णंमीनंसमादाय सम भागानिकारयेत् ॥ ५३ ॥ द्रावयेत्सर्वसत्वानि पाषाणादपिमृत्तिका ॥ ५४ ॥

અર્થ—ગોળ, ગુગળ, લાખ, પુંવાડીયાનાં બીજ, ટંકણખાર, ઉન અને માછલીઓએ સમાન ભાગે લેઈ સર્વને કૂટી એક જીવ કરી જે ધાતુનું સત્વ કાહાડવું હોય તેને તેમાં મેળવી મૂસમાં (અંધમૂખા યંત્રમાં) મૂકી સખ્ત આંચ દેવી તેથી સર્વ ધાતુઓનું સત્વ નીકળી શકે છે, પત્થર વા માટીનું સત્વ કાહાડવું હોય તો પણ નીકળી શકે છે, તો ધાતુઓની શું વાર્ત્તા! ૫૩—૫૪

મુએલી ધાતુઓને સજીવન કરવાનો ઉપાય.

घृतमधुटंकणगुंजा गुडेनपिंडीकृतोमृतोधातुः ॥ सपुनर्जीवतियदा तदानिरुत्थोमृतोधातुः ॥ ५५ ॥

અર્થ—ઘી, મધ, ટંકણખાર, ચણોઠી અને ગોળ એઓની સાથે જે ધાતુને સજીવન કરવી હોય તેને મેળવી ગોળી બનાવી

૧, ૨ ભાગ ઘાસની રક્ષા ૧ ભાગ રાફડાની માટી ૧ ભાગ લોહનો કાટ ૧ ભાગ ધોળા પત્થરનું ચૂર્ણ અને થોડા મનુષ્યના વાળ એ સઘળાને બકરીના દૂધમાં ઉકાળી ૨ પોહોર ખરલમાં ઘુંટી એક જીવ કરી ખૂબ ઝીણું થઈ જાય ત્યારે તેની ગાયના આંચળના આકારની ગોળ અને લાંબી ઢાંકણા સાથે મૂષ બનાવી દવા મૂકી આંચ દેવામાં આવે તેને વજ્રમૂખા અથવા અંધમૂખા યંત્રના નામથી ઓળખે છે.

મૂષમાં મૂકી આંચ દેવી એટલે જે ધાતુ હશે તેજ ફરી જીવતી થશે (એટલે ચાંદીની ભસ્મ હોય તો ચાંદીના રવા રવા, પછી અસલ ચાંદી રૂપજ થઈ જશે) અને જો જીવતી થાય નહી તો સમજવું કે બનાવટી ધાતુ છે (ઠગારા લોકો ઠગવા માટે બનાવટી ધાતુઓની ભસ્મો કરી ઘણાક ભોળા લોકોને ઠગે છે તેથી તે ભોળા લોકોને આ પ્રયોગ વાંચી સાવધ રેહવાનો સરસ ઈલાજ છે.) ૫૫

રસ સિંદૂર અથવા હરિગૌરી રસની મહત્તા.

येक्षीणागतवीर्याश्च कथंसीदन्तितेनराः ॥

ईश्वरेणत्विदंप्रोक्तं हरिगौरोरसायनं ॥ ५६ ॥

અર્થ—જે મનુષ્યોના શરીરમાં વીર્ય ક્ષીણ થઈ ગયું હોય તો તે શા માટે દુઃખી થાય છે? શું એઓને માટે શ્રી સદાશિવજીએ હરિગૌરી રસ નથી કહ્યો? અર્થાત્ કહેલ છે! છતાં શા માટે હેરાન થાય છે? તેના સેવનથી તે રોગ નિર્મૂળ થઈ દેદિપ્યમાન કાંતિ અને વીર્ય પ્રાપ્ત થાય છે!! ૫૬

રસ સિંદૂર કરવાની વિધિ.

सूतंपंचपलंस्वदोषरहितंततुल्य भागेबली द्वौटंकौनवसादरस्य तुवरी कर्षस्यसंमार्दितः कुप्यांकाचभुविस्थितश्च सिकतायंत्रेत्रिभिर्वासरैः पक्कोवह्निभिरुद्भवत्यरुणभः सिदूरनामारसः ॥ ५७ ॥

અર્થ—૨૦ તોલા શુદ્ધ પારો, ૨૦ તોલા શુદ્ધ ગંધક, ૨ ટાંક (૧૬ રતિભાર) નવસાદર અને ૧ તોલો ફટકડી લઈએ સર્વને ૩ દિવસ પર્યંત (સુધી) ખરલમાં ઘુંટીને આતસ શીશી (અગ્નિ સહન કરી શકે તેવી શીશી)માં ભરી કપડા માટી ૭ દેઈ ૩ દિવસ સુધી [1]વાળુકા યંત્રમાં ધીમી અને પછી આકરી આંચથી (૩૨ પોહર સુધી) પકાવી સ્વાંગ શીતળ થયે શીશીમાંથી કાહડી તે રાતા રંગ જેવો બનેલો હરિગૌરી રસ વાટી દરરોજ રતી ૧ ભાર પથ્યમાં રહી સેવન કરે તો સર્વ રોગનો નાશ કરે, શરીર પુષ્ટ કરેછે. ૫૭

---

૧ કાળી માટીની પાકી મ્હોટી હાંલ્લીમાં નદીની રેત અર્દ્ધા સુધી ભરી વચમાં દવા ભરેલી આતસ શીશી મૂકી ફરી રેતી મ્હોઢા સુધી ભરી દેઈ લખ્યા મુજબ આંચ દેવીં તેને વાળુકા યંત્ર કહે છે.

બીજી રીત.

सूतकंचसमादाय द्विगुणंगन्धकंक्षिपेत् ॥ ततश्चकज्जलींकृत्वा काचशीस्यांतुधारयेत् ॥ ५८ ॥ मृन्मयांमुद्रिकांदत्त्वा नंदसंख्यामप्रमाणतः ॥ पृथक्भाण्डंतुसंस्थाप्य वालुकार्द्धप्रमाणतः ॥ ५९ ॥ मध्येचशीसिकांधृत्वा मुखेमुद्रांचकारयेत् ॥ द्वात्रिंशद्यामममग्निश्च स्वांगशीतोवतारयेत् ॥ ६० ॥ रससिन्दूरनामेदं भास्करेणविनिर्मितं ॥ गुंजायुग्मंसदाग्राह्यं नागवल्लीदलैःसह ॥ ६१ ॥

અર્થ—શુદ્ધ પારો જેટલો હોય તેથી બમણો શુદ્ધ ગંધક લઈ તે બન્નેની કાજળ કરી આતસ શીશીમાં ભરી મુખ બંધ કરી કપડા માટી ૯ દેવી, બાદ એક હાંલ્લીમાં રેત ભરી વચમાં શીશી મૂકી તે હાંલ્લીનું મ્હોઢું બંધ કરી ૭ કપડા માટી દેઈ ૩૨ પોહોરની આંચ આપવી, સ્વાંગ શીતળ થયે કાહાડી લેવો. આ રસ સિંદૂર ભાસ્કરજીએ કહેલો (બનાવેલો) છે તે ૨ રતી ભાર દરરોજ નાગર વેલના પાન સાથે સેવન કરવાથી સર્વ રોગ મટે. ૫૮—૬૧

ત્રીજી રીત.

रसभागोभवेदेको द्विगुणोगंधकोमतः ॥ खल्वेकज्जलसंकाशं काचकुप्यांक्षिपेत्सुधीः ॥ ६२ ॥ खर्प्परेवालुकापूर्णे स्थापयेत्तत्रकुपिका ॥ इष्टिकांचमुखेदत्वा कृत्वाकर्प्पटमृत्तिकां ॥ ६३ ॥ सप्तविंशतियामैश्च त्रिभिःकूपैर्विपाचयेत् ॥ पश्चादूर्द्धंसमायाति रसंयात्वा विचक्षणः ॥ ६४ ॥ हंसपादः समंवर्णं निष्पन्नंरसमादिशेत् ॥ गुंजायुग्मंप्रदातव्य सितादुग्धानुपानयुत् ॥ ६५ ॥ प्रमेहेश्वासकासेषु षंडेक्षोणेल्पवीर्यके ॥ हरिगौरोरसन्देयं सर्वरोगप्रशान्तये ॥ ६६ ॥

અર્થ—૧ ભાગ પારો ૨ ભાગ ગંધક એ બન્નેની કાજળ કરી આતસ શીશીમાં ભરી ઠીબમાં વેળું પાથરી તેમાં તે શીશી મૂકી ઉપર પાકી ઈંટ દબાવી કપડા માટી કરી ૨૭ પોહોરની આંચ દેવી એમ ૩ શીશીમાં પકાવી તૈયાર કરવો, જે ઉપર ઉડીને જામે તે હીંગલુકના રંગ જેવો બનેલો હરિગૌરીરસ ૨ રતી ભાર યોગ્ય

અનુપાનથી આપે (વા નાગરવેલના પાનમાં આપે) અને દૂધ સાકર પીએ તો પ્રમેહ, શ્વાસ, ઉધરસ, નપુંષકપણું, ક્ષીણ અથવા થોડું વીર્ય થઈ ગયું હોય તો મટે છે મતલબમાં સર્વ રોગ શાંત કરવા માટે આ હરિગૌરી રસનું સેવન કરવું. ૬૨—૬૬

[1]પારાને શોધવાની રીત.

कुमारीचित्रकंव्याधिः मूलकांकुल्यवारिणा ॥ पृथक्पृथक्च-तुर्याम मर्दयेत्सर्वकर्मसु ॥ ६७ ॥ अंकोलेनविषंहन्ति पावकंहन्ति-चित्रकैः ॥ राजवृक्षैर्मलंहन्ति कुमारीसप्तकंचुकैः ॥ ६८ ॥

અર્થ—કુંવારપાઠાના રસમાં અથવા ચિત્રામૂળના રસમાં અથવા ગરમાળાના રસમાં, (અથવા ગરમાળાના ગોળમાં) અને અંકોલના મૂળના રસમાં એટલે એ દરેક રસમાં ચાર ચાર પોહોર પારો જુદો જુદો ઘુંટી પછી સર્વ કાર્યમાં તે પારો શોધેલો લેવો, કારણ કે અંકોળ મૂળના રસમાં ઘુંટેલો ઝેરને ત્યાગ કરે છે, (પારો નિર્વિષ થાય છે) ચિત્રક રસમાં ઘુંટેલો પારો દાહ રહીત થાય (અથવા દાહને શાંત કરવાના ગુણવાળો થાય) ગરમાળામાં ઘુંટવાથી મળ રહીત થાય છે (અથવા મળ વિકારને હરવાના ગુણવાળો થાય છે) અને કુંવારપાઠાના રસમાં ઘુંટવાથી પારાની સાત કાંચળીઓ દૂર થાય છે માટે જે જે કાર્ય યોજના કરવી હોય તેને અનુકૂળ ચીજમાં ઘુંટી કાર્યમાં લેવો (આ શિવાય પારાને શુદ્ધ કરવાની રીત પૃષ્ટ ૧૪૩માં જુઓ) ૬૭—૬૮

---

૧ પારાને શુદ્ધ કરવાની તથા તેના ૮, ૧૮, ૧૯, વગેરે સંસ્કારો છે તે સ્વેદન, મર્દન, મૂર્ચ્છન, ઉત્થાપન, પાતન, બોધન, નિયમન, સંદીપન, ગગન ભક્ષણ, સંચારણ, ગર્ભ ગતી, ગર્ભ દ્રુતી, બાહ્ય દ્રુતી, સૂતક જાગરણ, ગ્રાસ, સારણ કર્મ, સંક્રામણ, વેધ વિધિ અને શરીર યોગ, એ ૧૮ અને તેમાં એક ભક્ષણાખ્ય ઉમેરીયે એટલે ૧૯ લેખાય છે તેમજ સ્વેદનથી સંદીપન સુધી કેટલાક ૮ પણ સંસ્કાર માને છે અને તેઓ સંસ્કાર સઘળા થાય તોજ પારો શુદ્ધ થાય છે. ભા. કર્ત્તા.

પારાની ભસ્મ કરવાની રીત.

शुद्धंशुतंसमंगन्धं वटक्षीरैर्विमर्दयेत् ॥
पाचयेन्मृत्तिकापात्रे वटकाष्ठैर्विचालयेत् ॥६९॥
लघ्वग्निनादिनांपाच्यं भस्मसूतंभवेध्रुवं ॥
द्विगुंजंनागपत्रेषु पुष्टयग्नेश्चवृद्धिकृत् ॥ ७० ॥

અર્થ—જેટલો શુદ્ધ પારો તેટલોજ શુદ્ધ ગંધક લેઈ વડના દૂધમાં ઘુંટવો બાદ માટીના પાત્ર (ઠીબ)માં તેને મૂકી વડના લાકડાથી (વડવાઈથી) હલાવતે જવું એમ ૧ દિવસની મંદ (ધીમી) આંચ દેવાથી નિશ્ચે પારાની ભસ્મ થાય છે. તે ભસ્મ ૨ રતી ભાર નાગરવેલના પાનમાં સેવન કરવાથી પુષ્ટી અને જઠરાગ્નિને વધારે છે. ૬૯—૭૦

બીજી રીત.

काकोदुंबरिकादुग्धै रसंकिंचिद्विमर्दयेत् ॥ तद्दुग्धघृष्टहिंगोश्च मूषायुग्मंप्रकल्पयेत् ॥ ७१ ॥ क्षिप्त्वातत्संपुटेसूतं तत्रमुद्रांप्रदापयेत् धृत्वातंगोलकंप्राज्ञो मृन्मूषासंपुटेऽधिके ॥ ७२ ॥ पचेद्गजपुटेनैव सूतकंयातिभस्मतात् ॥ ७३ ॥

અર્થ—કાળા ગૂલર (ઉંબરા)ના દૂધમાં શુદ્ધ પારાને ૧ પોહોર સુધી (ખરલમાં) ઘુંટી ગોળી વાળી બાદ ઉંબરાના દૂધમાં ચોખી હીંગ ઘસી (ખરલ કરી) તેની બે મૂષ બનાવવી અને તે ગોળીને તે મૂષમાં મૂકી બન્ને મૂષને જોડી તેજ ઉંબરાના દૂધમાં ઘુંટેલી હીંગ લેઈ તેનાથી તે મૂષનો સાંધો બીડી લેઈ (મુદ્રા કરી) પછી મુલતાની માટી (મેટ–સરાખડો–માથું ધોવાની ધોળી ચીકણી માટી) ની મૂષમાં તેને રાખી અથવા સરાવ સંપુટ કરી પાકી મુદ્રા (કપડમાટી) કરી મજબૂત બનાવી સૂકવી ગજપુટમાં ફૂંકી દેવાથી શુદ્ધ શ્વેત પારાની ભસ્મ થાય છે. (અથવા ઉંબારાના દૂધમાં ચોખી હીંગ વાટી જે મૂષો બનાવી સંપુટ કર્યો હોય તેનેજ ૧ શેર અડાયા છાણાની આંચમાં અથવા તેની ભરસાડમાં પકાવવાથી પારો શ્વેત થાય છે અર્થાત્ ધોળી ભસ્મ થાય છે એમ ગ્રંથાતરમાં પાઠ છે તેમજ એ સત્ય પ્રયોગ છે એમ હું ખાત્રીથી કહી શકું છું)૭૧—૭૩

મુદ્રા કરવાની રીત.

" नागेन्द्रसिक्थकमयोमलसर्जिकाभि र्लाक्षाचचुम्बकमधुफलभूर्ज-पत्रं ॥ संकुट्यमानअतसीफलतैलमिश्रं श्रीपारदस्यमरणेमदनाख्य मुद्रा ॥ ७४ ॥

અર્થ—સિંદૂર, મિણ, લોહકાટ, સાજીખાર, લાખ, ચમકપાષાણ, મહુડાં અને ભોજપત્ર એ સઘળાં કુટી એકત્ર કરી અળસીના તેલમાં મેળવી મુદ્રા દેવામાં આવે તેને મદન મુદ્રા કેહે છે તે મુદ્રા પારાની ભસ્મ કરવા માટે ઉપયોગમાં લેવી. ૭૪

બીજી રીત.

उदुम्बरार्कवटदुग्धपलंपलंच लाक्षापलंपलचतुष्टयभूर्जपत्रं ॥ संकुट्यसर्वमतसीफलतैलमिश्रं श्रीपारदस्यमरणेमदनाख्यमुद्रा॥७५॥

અર્થ—ઉંબરાનું દૂધ આકડાનું દૂધ અને વડનું દૂધ ચાર ચાર તોલા લેઈ લાખ તોલા ૪ ભોજપત્ર તોલા ૪ એઓને કુટી સર્વને એકજીવ કરી અળશીના તેલમાં મેળવી જે મુદ્રા કરવામાં આવે તેને પણ મદન મુદ્રા કેહે છે અને તે પારાની ભસ્મ માટે ઉપયોગમાં લેવી. ૭૫

ત્રીજી રીત.

षडीखदिरभस्मांबु लवणेरथवाध्रुवं ॥
कारीषभस्मलवणांबु द्वाभ्यांमुद्राप्रकीर्त्तिता॥ ७६ ॥

અર્થ—ખડી, ખેરસાર, રાખ, પાણી અને મીઠું અથવા એકલી ચાળેલી રાખ મીઠું અને પાણી મેળવી જે મુદ્રા કરવામાં આવે તેને વજ્ર મુદ્રા કહે છે. ૭૬

પારાની શુદ્ધ ભસ્મના ગુણ.

देहस्यशुद्धिंकुरुतेचपारदो नानागदानांहरणेसमर्थः ॥ करोतिपुष्टिंहरतेचमृत्यु कल्पायुषंचापिकरोतिनूनं ॥ ७७ ॥ पारदःसकलरोगपारदा राजयक्ष्मसरनैकपारदः॥ सर्वरोगमपिहन्तितत्क्षणात् नागवल्लिरसराजभक्षणात् ॥ ७८ ॥ मूर्च्छितोहरतेव्याधिं बद्धंखेच

रतांत्रजेत् ॥ सर्वसिद्धिकरोनीलो निश्चलोमुक्तिदायकः ॥ ७९ ॥ तारेगुणाशीति तदर्द्धकांते बंगेचतुःषष्टि रवौतदर्द्धं ॥ हेम्नःशतैकं गगनेसहस्रं वज्रेगुणाकोटि रनंतसूते ॥ ८० ॥

અર્થ—દેહની શુદ્ધી કરવામાં, અનેક રોગોને દૂર કરવામાં, પુષ્ટિ કરવામાં,—મૃત્યુ હરવામાં અને કલ્પ પ્રમાણ આયુષ્ય કરવામાં પારાની ભસ્મજ નિશ્ચે સમર્થ છે, વળી પારો એજ સઘળા રોગોથી પાર કરનાર છે, પારો એજ રાજયક્ષ્મા (ક્ષય) આદિ રોગોનો નાશ કરે છે, સારાંશમાં સઘળા રોગોનો જલ્દી નાશ કરવામાં પારા સમાન એક પણ ઉત્તમ વસ્તુ નથી, માટે નાગરવેલના પાન સાથે સેવન કરવો. તેમજ મૂર્ચ્છિત પારો વ્યાધિઓનો નાશ કરે છે, બાંધેલો પારો આકાશ માર્ગમાં ચાલવાની શક્તિ પ્રાપ્ત કરે છે, નીલો પારો સર્વ કાર્યની સિદ્ધિ કરનાર છે અને નિશ્ચલ (ભસ્મ કરેલો) પારો મુક્તિને દેનાર છે અર્થાત્ યુવાની, દિર્ઘ દ્રષ્ટિ, કાંતિ, વીર્ય, બળ, સ્ત્રી સંભોગમાં આનંદ દેનાર, મૃત્યુ નાશ કર્ત્તા અને સિંહ સમાન પરાક્રમ આપનાર મતલબમાં સમસ્ત રોગોનો નાશ કર્તા છે. ચાંદીની ભસ્મમાં ૮૦ ગુણ, કાંતિસાર (ગજવેલ)માં ૪૦, બંગમાં ૬૪, ત્રાંબામાં ૩૨, સોનામાં ૧૦૦, અભ્રકમાં ૧૦૦૦, હીરાની ભસ્મમાં ક્રોડ ગુણ અને પારાની ભસ્મમાં અગણીત (ન ગણી શકાય તેટલા) ગુણ છે. ૭૭—૮૦

પારાની અશુદ્ધ ભસ્મના અવગુણ.

संस्कारहीनंखलुसूतराजं यःसेवतेतस्यकरोतिबाधां ॥ देहस्यनाशंविदधातिनूनं कुष्टान्समग्रान्जनयेन्नराणां ॥ ८१ ॥

અર્થ—અશુદ્ધ પારાના સેવનથી શરીર પીડા કોઢ આદિ અનેક રોગો અને મૃત્યુ પ્રાપ્ત કરે છે. ૮૧

પારાની દવા ખાવાથી થયેલ વિકારની શાંતિ.

विकारोयदिजायेत पारदान्मलसंयुतात् ॥ गंधकंसेवयेद्धीमान्पाचितंविधिपूर्वकं ॥ ८२ ॥ गंधकंमाषयुग्मंच नागवल्लीदलैःसह ॥ खादेत्पारदसंग्रस्ता दोषशांतिस्तदाभवेत् ॥ ८३ ॥

द्राक्षाकूष्मांडखण्डाश्च तुलसीशतपुष्पकौ ॥ लवंगतजनागंच गंधकेनसमांशकः ॥ ८४ ॥ कर्षमात्रपयोभुक्तं सर्वेसर्वपृथक्पृथक् ॥ सर्वयोगांतरासाध्य मूतदोषविकारनुत् ॥ ८५ ॥ नागवल्लीरसंप्रस्थं भृंगराजरसंसमं ॥ तुलसीरसप्रस्थंच च्छागदुग्धंसमांशकं ॥ ॥ ८६ ॥ मर्दयेत्सर्वगात्रेषु यामयुग्मंदिनत्रये ॥ स्नानंशीतलनीरेण सूतदोषप्रशान्तये ॥ ८७ ॥

અર્થ—જો પારો અથવા હિંગળોક ખાવાથી ફૂટી નીકળ્યો હોય અથવા શરીરમાં તેથી વ્યાધિ થઈ હોય તો શુદ્ધ કરેલો ગંધક બે મહિના સુધી ખાવાથી અશુદ્ધ તથા કાચા પારા (અથવા હીંગળોક)નો વીકાર મટે છે. અથવા કાળી દ્રાક્ષ, ભૂરૂંકોહળું, ખાંડ, તુળસી પત્ર, વરીયાળી, લવીંગ, તજ, નાગકેશર અને ગંધક એ સર્વ સમાન ભાગે લેઈ ચૂર્ણ કરી દરરોજ ૧ તોલો ખાય અને ઉપર દૂધ પીયે (અથવા ઉપર બતાવેલી તમામ દવાઓ જુદી જુદી સેવન કરે) તો એ સર્વ ઉપાયોથી અશુદ્ધ અને અપકવ (કાચો) પારો ખાવાથી ગમે તેવા અસાધ્ય વિકારો થયા હોય તો પણ મટે છે. અથવા નાગરવેલના પાનનો રસ તોલા ૬૪, જળ ભાંગરાનો રસ તોલા ૬૪, તુળસીનો રસ તોલા ૬૪ અને બકરીનું દૂધ તોલા ૬૪ લેઈ એકત્ર કરી ૨ પોહોર સુધી શરીરે ૩ દિવસ મશળે બાદ ઠંડા પાણીએ ન્હાય તો પારાના દોષો નાશ થાય છે. ૮૨—૮૭

હરતાલ શુદ્ધ કરવાની રીત.

तालकंकणशःकृत्वा तच्चूर्णंकांजिकेपचेत् ॥ दोलायंत्रेणयामैकं ततःकूष्मांडजैद्रवैः ॥ ८८ ॥ तिलतैलपचेद्यामं यामंचत्रिफलाजलैः ॥ एवंयंत्रेणतुर्यामंपाच्यंशुद्धयतितालकं ॥ ८९ ॥

અર્થ—હરતાળના કકડા કરી કાજીમાં ૧ પોહોર ડોળાયંત્રે તથા ભૂરાકોહળાના રસમાં ૧ પોહોર પચાવવી, બાદ તલીના તેલમાં ૧ પોહોર અને ત્રિફળાના કવાથમાં ૧ પોહોર પચાવવાથી શુદ્ધ થાય ૮૮—૮૯.

तालंविचूर्णयेत्सूक्ष्मं मर्द्यनागार्जुनीद्रवैः ॥ सहदेव्यावलाया-श्च मर्दयेद्द्रित्रसद्वयं ॥ ९० ॥ तत्तालंरोटकंकृत्वा ततच्छायांविशोषयेत् ॥ हंडिकायंत्रमध्यस्थं पलक्षभस्मतलोपरि ॥ ९१ ॥ पाच्यंवा-लुकयंत्रेण भिदितंचण्डवन्हिना ॥ स्वांगशोतंसमुधृत्य सर्वयोगेषुयोजयेत् ॥ ९२ ॥

અર્થ—હરતાલને નાગાર્જુની (દૂધી)ના રસમાં ૩ દિવસ તથા સહદેવી અને કાંસકીના રસમાં ૨ દિવસ ઘુંટી તેની ટીકડીઓ કરી છાંયડામાં સૂકવો હાંલ્લીમાં ખાખરાની રાખ તળે ઉપર ભરી વચમાં તે ટીકડીઓ વાળુકા યંત્રે પકાવી નીચે સખ્ત આંચ ૪ પોહોરની આપવી, એની મેળેજ ઠંડી થઈ જાય ત્યારે કાહાડી લેઈ સર્વ કાર્યમાં લેવી. ૯૦—૯૨

હરતાલની ભસ્મ કરવાની રીત.

पलाशभस्मभृद्भाण्डं क्षिप्त्वोपरिचतालकं ॥ तालेपरिपुनर्भस्म दत्वास्थालींविमुद्रयेत् ॥ ९३ ॥ चुल्ल्यांपचेच्चतुर्यामं पश्चात्तस्तिद्धृतां ब्रजेत् ॥ गाढेतथायमिन्यस्तं निर्धूमंचतदाशुभं ॥ ९४ ॥ खंडेनर-क्तिकामात्रं खादेत्कुष्ठनिवृत्तये ॥ पथ्यंमकुष्टचणका लवणस्नेह वर्जिता ॥ ९५ ॥

અર્થ—ખાખરાની રાખ હાંલ્લીમાં ભરી વચમાં હરતાલ મૂકી ઢાંકણું ઢાંકી મુદ્રા દેવી, બાદ ચૂલ્હે ચઢાવી ૪ પોહોરની આંચ દેવાથી ભસ્મ થાય છે, પછી તેને કાહાડી લેઈ તેની પરીક્ષા લોખંડને તપાવી તે ઉપર તેમાંથી ચપટી ભરી નાખીને કરવી, જો ધુમાડો ન નીકળે તો શુદ્ધ સમજવી. તેનું ખાંડની સાથે એક રતી સેવન કરે તો કોઢ દૂર થાય છે તે ઉપર પથ્ય (ગુણ કરે એવો) ખોરાક મઠ, ચણાના પદાર્થો ખાય પણ મીઠું તેલ અને ઘી (ખટાસ) વગેરે ખાવાં નહી. ૯૩—૯૫

બીજી રીત.

पलमेकंशुद्धतालं कुमारीरसमर्दितं ॥ सरावसंपुटेक्षिप्त्वा पा-

मान्द्वादशतत्पचेत् ॥ ९६ ॥ स्वांगशीतंसमादाय तालकंचमृतंभ-वेत् ॥ गलतकुष्टहरैचैव तालकंचनसंशय ॥ ९७ ॥

અર્થ—ચાર તોલા શુદ્ધ હરતાલને કુંવારપાઠાના રસમાં ઘુંટી તેની ન્હાની ન્હાની ટીકડીઓ કરી સૂકવી સરાવ સંપુટમાં મૂકી ૧૨ પોહોરની આંચ દે તો હરતાલની ભસ્મ થાય છે. તે ભસ્મના સેવનથી ગળીત કુષ્ટ (રગત પીત્ત–પત) આદિ રોગોનો નાશ કરે છે એમાં સંશય નથી. ૯૬—૯૭

ત્રીજી રીત.

हरतालंकर्षमात्रंमर्दितंकन्यकाद्रवैः ॥
सतैलेचाथसत्पात्रेक्षिप्त्वामन्दाग्निनापचेत् ॥ ९८ ॥

અર્થ—એક તોલો હરતાલ કુંવારપાઠાના રસમાં ઘુંટી લોખંડના વાસણમાં તેલ નાખી તેમાં તેને મંદાગ્નિ (ધીમી આંચ) થી પકાવે તો ભસ્મ થાય છે. ૯૮

શુદ્ધ હરતાલ ભસ્મના ગુણ.

अशीतिवातान्कफपित्तरोगान् कुष्टंचमेहंश्चगुदामयांश्च ॥
निहंतिगुंजार्द्धमितंतुतालं षड्वल्लखंडेनसमंचयुक्तं ॥ ९९ ॥

અર્થ—શુદ્ધ પાકેલી (હરતાલ) ભસ્મના સેવનથી ૮૦ જાતના વાયુ રોગ, કફ પિત્તના રોગ, કોઢ, પ્રમેહ અને ગુદાના રોગો નાશ કરે છે. તે ભસ્મ અર્દ્ધી રતી ભાર અને ખાંડ ૬ રતી ભાર સાથે ખાવી. ૯૯

અશુદ્ધ–કાચી હરતાલ ભસ્મના દોષ.

अशुद्धतालं खलुपीतवर्णं सधूमकंवातचयंचपित्तं ॥
पंगुत्वकुष्टंतनुतेचतेन देहस्यनाशंप्रकरोतिसंध ॥ १३०० ॥

અર્થ—પીલા વર્ણની ભસ્મ દેવતાપર નાખવાથી ધુમાડો નીકળે તે કાચી ભસ્મના સેવનથી વાત વ્યાધિ, પિત્ત, પાંગળાપણું અને કોઢ રોગ વગેરે ઉત્પન્ન કરે છે તથા દેહનો નાશ કરે છે. ૧૩૦૦

[1]રસ કપૂર કરવાની વિધિ.

पारदः स्फटिकाचैव ह्वीराकासीसमेवच ॥
सैंधवंसमभागेतं विंशांशंनवसादरं ॥ १ ॥
खल्वेविमर्द्यसर्वाणि कुमारीरसभावना ॥
क्रमवृद्धाग्निनापक्को रसःकर्पूरसंज्ञकः ॥ २ ॥

અર્થ—પારો, ફટકડી, હિરાકસી અને સિંધાલુણ એ સમાન ભાગે લેઈ અને તેના વિસમે હિસ્સે નવસાદર મેળવી ખરલમાં વાટી કુંવારપાઠાના રસમાં ૪ પોહોર પલાળી બાદ તેને ક્રમ વર્દ્ધિત અગ્નિ (પેહલા થોડી પછી તેથી વધારે અને ત્યાર પછી આકરી આંચ દેવા)થી રસકપૂર તૈયાર બને છે. (આ પ્રયોગમાં સંપુટ અથવા અમુક યંત્રે પકાવું તેવું દર્શાવ્યુ નથી તેમજ તે સંપુટ કે યંત્ર શીવાય રસકપૂર બનવો પણ અસંભવિત છે માટે સદ્વૈદ્યોએ ગ્રંથાતરમાં જોઈ લેવું) ૧—૨

શુદ્ધ રસ [2]કપૂરના ગુણ.

देवकुसुमचंदनकस्तूरिकुंकुमैर्युक्तं खादन् हरतिफिरंगव्याधि ॥

૧—શુદ્ધ પારાને દરીયાના મીઠા અને થોરના દૂધસાથે ઘુંટી લોખંડના સંપુટમાં રાખી તેનો સાંધો ખડી માટીથી સીડી લેઈ મજબૂત બંધ કરી તે સંપુટને એક હાંલીમાં મૂકી તળે ઉપર મીઠું ભરી દેઈ ચૂલ્હા ઉપર ચઢાવી દિવસ ૧ આંચ દેવી એની મેળે જ્યારે ઠંડી પડી જાય ત્યારે તે સંપુટને યુકિતથી કાહાડી લેઈ ઉઘાડવું જે ઉપરના સંપુટમાં ધોળો પદાર્થ જામી રહેલો હોય તે કાહાડી લેવો તેને શુદ્ધ રસકપૂર કહે છે. **રસ મંજરી.**

૨—પારાની દવાઓ એટલે પારો હીંગળોક રસકપૂર વગેર રોગીને ખવડાવતી વખતે સાવચેતી રાખવી નહીતો મ્હો વધારે આવી જાય તો મહાજોખમમાં દરદી આવી પડે છે ખવાઈ કે બોલાઈ શકાતું નથી દાંત હાલીજાય છે વખતે તાળવામાં છિદ્ર પડી જાય છે તેમજ મ્હોમાંથી માંસ તુટી અનેક નુકસાન કારી ઉપદ્રવ થાય છે માટે માત્રા અને અનુપાન તથા કોરીની વીચારણા પૂરે પૂરી રીતે કરવી.

ભા. કર્ત્તા.

सोपद्रवंथोरम् विंदतित्रन्हेर्दीप्तिंपुष्टि वीर्यंबलंविपुलं रमयविरमणी ।तकंरसकर्पूरस्यसेवकः सततम् ॥ ३ ॥

અર્થ—લવીંગ, ચંદન, કસ્તૂરી અને કેશરની સાથે શુદ્ધ રસ કપૂરનું સેવન કરે તો ભયંકર ઉપદ્રવોએ કરીને સહિત ફિરંગવાયુ (ઉપદંશનો ભેદ અથવા ચાંદી) નાશ પામે છે તેમજ તે પુરૂષની જઠરાગ્નિ દીપન થાય છે, પુષ્ટી, શકિત, વીર્ય અને સો સ્ત્રીઓ સાથે ક્રીડા કરવાની તાકાત પ્રાપ્ત થાય છે. ૩

અશુદ્ધ રસકપૂરના દોષ.

सेविताऽविधिनाकुष्टं संधिवातकफाधिकम् ॥
रसकर्पूरकंकुर्यात् तस्माद्यत्नेनसेवये ॥ ४ ॥

અર્થ—અશુદ્ધ રસકપૂરના સેવનથી કોઢ, સંધિવાત (જેનાથી શરીરના સાંધા ઝલાઈ જાય છે તે) અને કફનો વધારો વગેરે રોગો ને પેદા કરે છે. ૪

ફરી પારો શુદ્ધ કરવાની રીત.

सूतंसंशोध्यचक्राभं कृत्वालिप्त्वाचहिंगुना ॥ द्विस्थालोसम्पुटेधृत्वा पूरयेल्लवणेनच ॥ ५ ॥ अधोस्थाल्यांततोमुद्रां दद्याद्दृढतरांबुधैः ॥ विशोष्याग्निविधायाधौ निषिंचेदंबुनोपरि ॥ ६ ॥ ततस्तुकुर्यात्तीव्राग्नितदधप्रहरत्रयं ॥ एवंनिपातयेदूर्द्धंरसोदोषविवर्जितः ॥ ७ ॥ अथोर्द्धपोठरीमध्येलग्नोग्राह्यो रसोत्तमः ॥ ८ ॥

અર્થ—પારાને શોધી નીર્મળ કર્યા બાદ એક હાંલ્લીમાં હીંગનો લેપ કરી બીજી હાંલ્લી જોડી સંપૂટ કરી મીઠાથી તે હાંલ્લી ભરી કાઢી હેઠલ હાંલ્લીમાં દ્રઢ મુદ્રા દેવી; જ્યારે તે મુદ્રા સૂકાઈ જાય ત્યારે ચૂલ્હે ચઢાવી મંદ મધ્ય અને તીક્ષણ એમ ક્રમથી અગ્નિ વડે ૩ પોહોરની આકરી આંચ દેવી, પરંતુ યાદ રાખવું કે તે હાંલ્લીના ઉપરનું ભીનું કપડું સૂકવા ન પામે તેમ ઘડીએ ઘડીએ પાણી છંટકાર્યા કરવું પછી શીતળ થયે તે ઉતારી બન્ને હાંલ્લી જુદી કરી આસ્તેથી ઉપરની હાંલ્લીમાં ઉડી જે પારો ચોહટેલો હોય તે નિર્દોષ પારો સર્વ પ્રયોગમાં ઉત્તમ જાણી ગ્રહણ કરવો. ૫—૮

બુભુક્ષિત પારો કરવાની રીત.

अकसीहुंडधत्तूर लांगुलीकरवीरका ॥
गुंजाहिफेनादित्येता सप्तोपविषजातयः ॥ ९ ॥
एतैर्विमर्दितोसूतः छिन्नपक्षःप्रजायते ॥
मुखंचजायतेतस्यधातुंश्चग्रसतेत्वरान् ॥ १० ॥

અર્થ—આકડો, થોર, ધંતૂરો, રાડાગારી, કણેર, ચણોઠી અને અફીણ એ [1]સાત ઉપવિષ કહેવાય છે તે સંગાથે પારાને ઘુંટે તો પારો પક્ષ હીન (કમજોર-ઉડી ન શકે તેવો) થાય છે પણ તેને મુખ થાય છે એટલે તે પારો સર્વ ધાતુને ખાઈજાય છે (વા ખાઈ શકે છે) તેને બુભુક્ષિત (ભુખે મરતો) પારો કહે છે. ૯—૧૦

બીજી રીત.

अथवाकटुकःक्षारौ राजीलवणपंचकं ॥ रसोनोनवसारश्च-शिग्रुश्चैकत्रचूर्णयेत् ॥ ११ ॥ समांशैः पारदादेतैः जम्बीरेणद्रवेण-वा ॥ निम्बुतोयेकांजिकैर्वा शोषणखल्वेविमर्दयेत् ॥ १२ ॥ अहो रात्रयेणस्या द्रसेपुरुचिरेमुखं ॥ १३ ॥

અર્થ—સુંઠ, મરી, પીપર, સાજીખાર, જવખાર, રાઈ, પાંચ જાતનાં મીઠાં, લસણ, નવસાદર અને સરગવો એ સર્વનું ચૂર્ણ કરી

૧ આકડાનું દૂધ, થોરનું દૂધ, રાડાગારી, કણેર અને ધંતુરો એ પાંચ ઉપવિષ ભાવ પ્રકાશના પૂર્વ ખંડના પેહેલા ભાગમાં કહેલ છે તેમ સારંગધરમાં સાત બતાવ્યાં છે ત્યારે અન્ય ગ્રંથોમાં ઉપર બતાવેલાં સાત વિષ ઝેર કોચલાં, અને નેપાલો, એ નવ જાતનાં ઉપવિષ ગણેલ છે. ઝેર માત્ર વિધિ યુક્ત સેવન કરવાથી અમૃતની ગરજ ભલી રીતે સારે છે; પણ પ્રતિકૂલ વિધિથી ઉપયોગમાં લેવાથી હળાહળ ઝેરની ગતી ગ્રહણ કરી પ્રાણને રીબાવી રીબાવી પરલોક પોહચાડે છે માટે કિંચિત્ માત્ર પણ દવાની અંદર તેઓને વગર શોધ્યે કે અધિક માત્રાએ કદિ પણ લેવાં નહિ.

પારાની બરાબર જંબીરીના અથવા લીંબુના રસમાં વા કાંજીમાં ગરમ કરી તેમાં ૨૪ પોહોર પારાને ઘુંટવાથી સર્વ ધાતુઓને ભક્ષણ કરવા તે પારો સમર્થ થાય છે. ૧૧—૧૩

કચ્છપયંત્રથી ગંધક ફુંકી તીક્ષ્ણ અગ્નિવાળો પારો બનાવવાની રીત.

मृत्कुण्डेक्षिपेन्नीरं तन्मध्येचसरावकं ॥ महत्कुण्डंपिधानाभं तन्मध्येमेखलायुतं ॥ १४ ॥ लिखेच्चमेखलामध्ये स्वर्णेनात्ररसंक्षिपेत् ॥ रसस्योपरिगंधस्य रजोदद्यात्समांशकं ॥ १५ ॥ दत्त्वोपरिसरावंच न्नसमुद्राप्रदापयेत् ॥ तस्योपरिपुटंदद्यात् चतुर्भिर्गोमयोमलै ॥ १६ ॥ एवंपुनः पुनर्गंधं षड्गुणंजारयेद्बुधः ॥ गंधेजीर्णेभवेत्सूतं तीक्ष्णाग्निः सर्वकर्मकृत् ॥ १७ ॥

અર્થ—એક માટીના કુંડામાં પાણી ભરી ઠીબ અથવા મ્હોટું રામપાત્ર રાખવું તેના ઉપર એક મોટું ઢાંકણું ઢાંકી કંદોરાની માફક મુદ્રા કરવી (અથવા પાળ બાંધી) તેમાં સોનાના ચમચાથી પારો નાખી તે ઉપર ગંધક પારા જેટલોજ નાખવો બાદ તે ઉપર બીજી ઠીબ કે રામપાત્ર ઢાંકી તે બન્નેની સાંધ મેળવી રાખની મુદ્રા (મુદ્રાની રીતમાં બતાવેલી છે તે) કરી તે ઉપર પાછી કપડામાટી ૪ દેવી; બાદ અડાયા છાણાની આંચ દેવી એજ પ્રમાણે દરવખતે કરવું એમ છ વાર આંચ દેવાથી જેમ જેમ ગંધક બળે અથવા જીર્ણ થાય તેમ તેમ પારો તિક્ષ્ણ અગ્નિવાળો થાય છે તે પારો (સ્વાંગ શીતળ થયે કાહાડી) સર્વ કાર્યમાં લેવો. ૧૪—૧૭

પારાને મૃતક કરવાની રીત.

धूमसाररसंतारौ गंधकंनवसादरं ॥ यामेकंमर्दयेदम्लै र्भागंकृत्वासमंसमं ॥ १८ ॥ काचकुप्यांविनिक्षिप्यतांचमृद्वस्त्रमुद्रया ॥ विलिप्यपरितोवक्त्रेमुद्रांदत्वाचशोषयेत् ॥ ॥ १९ ॥ अधःसच्छिद्रपिठरी मध्येकूपंनिवेशयेत् ॥ पिठरीवालुकापूरैर्भृत्वाआकूपिकागलं ॥२०॥ निवेशचुल्ह्यांतदधः कुर्याद्वन्हिंशनैः शनैः ॥ तस्मादप्यधिकं किं

चित्पावकंज्वालयेत्क्रमात् ॥ २१ ॥ एवंद्वादशभिर्यामैम्रियतेसूतकोत्तमः ॥ स्फोटयेत्स्वांगशीतंतमूर्द्धगंगंधकंत्यजेत् ॥ २२ ॥ अधस्थंमृतसूतंचसर्वकर्मसुयोजयेत् ॥ २३ ॥

અર્થ—ધુંઓ (ચૂલ્હા ઉપર ધુંમાડાને લીધે ભિંતે વા છાપરે કાળો પદાર્થ જામે છે તે) પારો, ફટકડી, ગંધક અને નવસાદર એ સર્વને સમાન ભાગે લેઈ ૧ પોહોર ખરલમાં ખટાઈ (અથવા લીંબુના રસ)સાથે ઘુંટી કાચની આતસ શીશીમાં તેને ભરી મુખે મુદ્રા દેઈ ઉપર કપડામાટી કરી સૂકાયા પછી બીજી આતસ શીશીને નીચેના ભાગમાં કાણું પાડી તે ઉપર અભ્રકનું પડ મૂકી તે શીશીના મૂખની સાથે જોડી દેઈ વેળુકા યંત્રમાં તેને મૂકી ગળા સુધી વેળુ ભરી હાંલ્લીનું મ્હો બંધ કરી મુદ્રા દેઈ ચૂલ્હા ઉપર ચઢાવવી મંદ મધ્યમ અને તીક્ષ્ણ આંચ ૧૨ પોહોર સુધી દેવી; કારણ કે એકદમ અગ્નિ આકરી કરવાથી પારો જોસ કરી ઉડી જાય છે માટે અગ્નિ દેવામાં બરોબર તજવીજ રાખવી, સ્વાંગ શીતળ થયે શીશી કાહાડી લેઈ ફોડીને ઉપર ગંધક જામેલો હોય તેને ફેંકી દેઈ નીચે રહેલો (મુએલો) પારો ગ્રહણ કરી સર્વ પ્રયોગમાં તે ઉત્તમ પારાની યોજના યોજવી. ૧૮—૨૩

હીંગળોક માંહેથી પારો કાઢવાની રીત.

निंबुरसैर्निम्बपत्र रसैर्वायाममात्रकं ॥ पिष्ट्वादरदमूर्द्धंच पायेत्सूतयुक्तवत् ॥ २३ ॥ ततःशुद्धंरसंतस्मात्नीत्वाकार्येषुयोजत् ॥ २४ ॥

(હીંગળોકમાંથી પારો કાઢવાની રીત પૃષ્ઠ ૧૪૩ ના ટીપ્પણમાં વાંચી આ શ્લોકોને અર્થ સમજી લેવો) ૨૩—૨૪

મોરના પીછાં માંહેથી ત્રાંબુ બનાવવાની રીત.

मयूरपिच्छानादाय ज्वालयेदाज्यसर्षपैः ॥ गुडगुग्गुलमीनोर्णा टंकणंसर्जिकामधुः ॥ २६ ॥ गुंजापिप्पलीलाक्षाच घृतंचैकत्रकारयेत् ॥ धमेत्तदंधमूषायां नागताम्रंप्रजायते ॥२७॥

અર્થ—મોર પીંછના ચાંદલા (બે અગર ચાર હજાર) લેઈ

માટીના કુંડામાં બાળી તેની રાખ કરવી તથા ઘી, સરસવ, ગોળ, ગુગળ, નાહની માછલીઓ, ઉન, ટંકણ ખાર, સાજીખાર, મધ, ચણોઠી, પીપર અને લાખ એ સર્વ સમાન ભાગે લેઈ તેનો ભૂકો કરી રાખવો બાદ ૧ હાથ ઉંડો વેંત જેટલી પોહળી ખાડ ખોદી અંધમુખા યંત્રથી તે મોર પીંછ ઉપર તે દવાઓનો ભૂકો નાખતા જવું અને નીચેથી દેવતા ધમ્યે જવો જ્યારે બધી દવા આસતે આસતે નાખી રહે અને દેવતા ઠંડો પડે ત્યારે ન્હાના ન્હાના રવા વીણી લેઈ પુનઃ ગાળી કામમાં લે એને નાગ તાંબુ કહે છે. ૨૬—૨૭

સોવન માખી શોધવાની રીત.

माक्षिकंस्वेदयेत्पूर्वं कुलत्थक्वाथयोगतः ॥ अथवानरमूत्रेण दोलायंत्रेविशुद्ध्यति ॥ २८ ॥ माक्षिकस्यत्रयोभागाः भागैकंसैंधवस्यच ॥ मातुलिंगद्रवैश्चाथ जम्बीरोत्थद्रवैःपचेत् ॥ २९ ॥ चालयेल्लोहजेपात्रे यावत्पात्रंशलोहितं ॥ भवेत्ततः सुसिद्धः स्यात् स्वर्णमाक्षिकमृच्छति ॥ ३० ॥

અર્થ—પ્રથમ સોવન માખીને કળથીના કવાથમાં અથવા નર (મનુષ્ય)ના મૂત્રમાં ડોળકા યંત્રે શોધવી અથવા ત્રણ ભાગ સોવનમાખી અને એક ભાગ સિંધાલુણ લેવું તેને બીજોરાના રસમાં અથવા જંબીરી (ખાટા લીંબુ)ના રસમાં નાખી લોખંડના વાસણમાં પકાવવી જ્યારે રસ બળી જાય અને કડાઈ લાલ થઈ જાય ત્યારે ઉતારી ઠંડી થયા પછી તે શુદ્ધ સોવન માખી (સુવર્ણ માક્ષિક) પ્રયોગમાં લેવી. ૨૮—૩૦

સોવન માખીની ભસ્મ કરવાની રીત.

कुलत्थस्यकषायेण घृततैलेनवापचेत् ॥
तक्रेणवाजमूत्रेण म्रियतेस्वर्णमाक्षिकं ॥ ३१ ॥

અર્થ—શુદ્ધ કરેલી સોવન માખીને કલથીના કવાથમાં અથવા તેલમાં વા છાસમાં કે બકરીના મૂત્રમાં ઘુંટી સરાવ સંપુટ કરી ગજપુટમાં ફૂંકી દે તો શુદ્ધ ભસ્મ થાય છે. ૩૧

શુદ્ધ સોવન માખીની ભસ્મના ગુણ.

स्यान्माक्षिकास्तिक्तसुदीपनः कटुर्दुनामकुष्टामयभूतनाशनः ॥
पांडुप्रमेहक्षयनाशनो लघुस्सत्वंमृतंतस्यसुवर्णवद्गुणैः ॥ ३२ ॥

અર્થ—સોવન માખીની શુદ્ધ ભસ્મ તીક્ષ્ણ, દીપન, કડવી અને હલકી છે હરસ, કોઢ, પાંડુ, પ્રમેહ અને ક્ષયનો નાશ કરે છે એટલુંજ નહીં પણ એની પાકી ભસ્મ સોનાની ભસ્મના સમાન ગુણ કર્તા છે. ૩૨

અશુદ્ધ સોવનમાખીની ભસ્મના દોષ.

अपक्वमाक्षिकेणाशु देहसंक्रमतेरुजा ॥ ३३ ॥

અર્થ—સોવનામાખીની અશુદ્ધ (કાચી) ભસ્મના સેવનથી શરીમાં અનેક પ્રકારના રોગ પેદા થાય છે. ૩૩

રૂપ માખીનું શોધન તથા ભસ્મ કરવાની રીત.

कर्कोटीमेषशृंग्युत्थैर्द्रवैर्जंबीरजैर्दिनं ॥
भावयेदातपेत्तीव्रेविमलाशुद्ध्यतिध्रुवं ॥ ३४ ॥

અર્થ—કંકોડી મરડાસીંગી અને જંબીરી એ દરેકના રસમાં ૧ અથવા બે દિવસ ઘુંટી સૂર્યના આકરા તાપમાં રાખવાથી રૂપ મખ્ખી શુદ્ધ થાય છે. તેમ સોવન માખીની ભસ્મ કરવાની રીત મુજબ રૂપ મખ્ખીની પણ શુદ્ધ ભસ્મ બને છે. ૩૪

રૂપમાખીની શુદ્ધ ભસ્મના ગુણ.

माक्षिकोरजतहाटकप्रभ श्शोधितोऽतिगुणदस्सुसेवितः ॥
मेहकुष्टकृमिशोफपांडु तापस्मृतिहरतिसोश्मरींजयेत् ॥ ३५ ॥

અર્થ—રૂપ મખ્ખીની શુદ્ધ ભસ્મ ચાંદી અને સોનાની ભસ્મ સમાન કાંતીવાન છે. શોધક છે, તથા અત્યંત ગુણ આપનાર છે અને એના સેવનથી પ્રમેહ, કોઢ, કરમીયા, સોજો, પાંડુ, મૃગી અને પથરી એ સર્વને દૂર કરે છે. (તેમજ અશુદ્ધ ભસ્મથી અનેક રોગો ઉત્પન્ન થાય છે) ૩૫

મણુશીલ શોધન કરવાની રીત.

पचेद्यद्द्मजामूत्रे दोलायंत्रेमनः शिलां ॥
भावयेत्सप्तधापित्ते रजायाःशुद्धमिच्छति ॥ ३६ ॥

ધાતુ ઉપધાતુ વિષ અને ઉપવિષથી થયેલી વ્યાધિઓને મટાડવાની સૂચના—**સોનાની** ભસ્મથી વિકાર થયો હોય તો હરડે અને સાકર ત્રણ દીવસ ખાવી, **ચાંદીની** ભસ્મથી વિકાર થયો હોય તો સાકર અને મધ ૩ દિવસ ખાવું. **તાંબાની** ભસ્મથી વિકાર થયો હોય તો સામો સાકર સાથે અથવા ધાણા સાકર પલાળી ૩ દિવસ પીવાં. **બંગ** ખાવાથી વિકાર થયો હોય તો મરડાસીંગ સાકર સાથે ૩ દિવસ ખાવી. **જસદની** ભસ્મ ખાવાથી વિકાર થયો હોયતો હીમજ સાકરસાથે ૩ દિવસ ખાવી. **શીશાની** ભસ્મનો વિકાર હોય તો ચોખા, હરડે સાકર સાથે૩ દિવસ ખાવા. **લોખંડની** ભસ્મ ખાવાથી વિકાર થયો હોયતો અગથીઆના રસમાં વાવડીંગ મેળવી ખાઈ, ઘણો વખત તડકામાં બેસવું. **મંડૂરથી** વીકાર થયો હોયતો ગરમાળાનો ગોળ ખાવો અને દસ્તલાગ્યા પછી દૂધપીવું. **સોવન માખી**થી વિકાર થયો હોયતો કળથીનો કવાથ અથવા દાડમની છાલનો કવાથ પીવો. **રૂપમખ્ખીના** વીકારમાટે મરડાસીંગી સાકર સાથે ૩ દીવસ ખાવી. **મોરથુથાથી** વિકાર થયો હોય તો ૩ દિવસ જંખીરીનો રસ અથવા ચોખાની ધાણીનું પાણીપીવું. **શીલાજીત** અને રસ સિંદુર ખાવાથી વિકાર થયો હોયતો મરી ઘીની સાથે ૭ દિવસ પીવાં. **પારા હીંગળોકના** વિકારમાટે શુદ્ધ ગંધક સેવવો. **રસ કપૂરથી** વિકાર થયો હોયતો ભેંસના છાણનો રસ અથવા સાકર ધાણા પલાળી પીવા, **ગંધકના** વિકાર માટે ગાયનું ઘી અને દૂધ પીવું. **અભ્રક** માટે આમળાનું પાણી ભાંગની માફક ગળીને પીવું. **હરતાલ** માટે જીરૂં અને સાકર ૩ દિવસ પીવાં. **મણશીલ** માટે ગાયનું દૂધ મધ સાથે ૩ દિવસપીવું. **સુરમા** માટે ત્રિફલાનું સેવન કરવું. **ખાપરીયા** માટે ૩ દિવસ ગોમૂત્રપીવું. **વછનાગ** વગેરે માટે ઉલટી કરાવવી અને બકરીનું દૂધ પાવું જ્યારે તે દૂધ પચે અને ઉટલટી ન થાય ત્યારે જાણવું કે ઝેર શાંત થયું. નેપાલા માટે ધાણા સાકર દહી સાથે ખાવાં. ધંતૂરો શોપારી અને તમામ ઝેરો માટે ૨૧૧, મા પૃષ્ઠમાં જુઓ.

ભા. કર્ત્તા.

અર્થ—બકરીના મૂત્રમાં ડોળાયંત્રે ૩ દિન ઉકાળીને બકરીના પીસાની સાત ભાવના દેવાથી શુદ્ધ થાય (અથવા મણુશીલને અગથીઆના પાંદડાંના રસની અથવા આદાના રસની ૭ પુટ દે તો મનશીલ શુદ્ધ થાય છે) ૩૬

સુરમાને શોધવાની રીત

नीलांजनंचूर्णयित्वा जम्बीरद्रवभावितं ॥ दिनेकामातपेशुद्धं सर्वकार्येषुयोजयेत् ॥ ३७ ॥ एवंगैरिककासीसं टंकणानिवराटिका ॥ शंखतोरीचकंकुष्ठं शुद्धमायान्तिनिश्चितं ॥ ३८ ॥

અર્થ—કાળા સરમાને વાટી જંબીરી અથવા લીંબુના રસમાં ઘુંટી ૧ દિવસ તાપમાં તપાવવાથી શુદ્ધ થાય છે તે સર્વ કાર્યમાં લેવો એવીજ રીતે સોનાગેરૂ, હીરાકસી, ટંકણ (ખડીઓ ખાર) કોડી, શંખ, ફટકડી બોદારશીંગ વગેરે પણ શુદ્ધ થાય છે. ૩૭—૩૮

ધાતુ પ્રકરણ સમાપ્તમ્.

હવે રસ પ્રકરણ કહીયે છીએ.

લોકનાથરસ બનાવવાની તથા ખાવાની રીત.

शुद्धोबुभुक्षितःसूतो भागद्वयमितोभवेत् ॥ तथागंधकभागौद्वौ कुर्यात्कज्जलिकान्तयोः ॥ ३९ ॥ सूताच्चतुर्गुणेष्वेव कपर्देषुविनिक्षिपेत् ॥ भागैकटंकणंदत्त्वा गोक्षीरेणविमर्दयेत् ॥ ४० ॥ तथाशंखस्यखंडानां भागान्यष्टौप्रकल्पयेत् ॥ क्षिपेत्सर्वंपुटश्रान्त श्चूर्णलिप्तशरावयोः ॥ ४१ ॥ गर्तोहस्तोन्मितेधृत्वा पचेद्गजपुटेनच ॥ स्वांगशीतंसमुद्धृत्य पिष्ट्वातत्सर्वमेकतः ॥ ४२ ॥ षड्गुंजासंमितंचूर्णं एकोनत्रिंशदूषणैः ॥ घृतेनवातजेदद्यात् नवनीतेनपित्तजे ॥ ४३ ॥ क्षौद्रेणश्लेष्मजेदद्या दतीसारक्षयेतथा ॥ अरुचौग्रहणीरोगे कार्श्येमन्दानलेतथा ॥ ४४ ॥ कासश्वासेषुगुल्मेषु लोकनाथोरसोहितः ॥ तस्योपरिघृतान्नंच भुंजीतकवलत्रयं ॥ ४५ ॥

मंचेक्षणैकमुत्तानं शयीतानुपधानके ॥ रसाच्चजायतेतापस्तदा शर्करयायुतं ॥४६॥ गुडूच्यावाथगृह्णीयाद्वंशलोचनयाथवा ॥४७॥

અર્થ—પાછળ બતાવેલ બુભુક્ષિત પારો, ૨ ભાગ, શુદ્ધ ગંધક ૧ ભાગ, (અથવા બન્ને સરખા ભાગે) લઈ ખરલમાં ઘુટી કાજળ કરી પારાથી ચારગણી કોડીઓમાં તે કાજળ ભરી પછી ૧ ભાગ ટંકણ લેઇ તેને ગાયના દૂધમાં ખરલ કરી તે કોડીઓના મ્હોં ઉપર લગાવી કાજળ બ્હાર નીકળી ન પડે તેમ મજબૂત કરવી બાદ આઠ ભાગ શંખના કકડા લેવા બાદ માટીનાં બે રામપાત્ર લેઇ ચૂનાથી અંદરનો ભાગ લીપી તેમાં તે શંખના ટુકડા અર્ધ ભાગના ભરી ઉપર તે કાજળ ભરેલી કોડીઓને મૂકી તેના ઉપર ફરી તે શંખના અર્ધ ભાગના રહેલા કકડા મૂકી બીજું રામપાત્ર ઉપર ઢાંકી ઉપર કપડા માટી કરી મજબૂત કર્યા બાદ એક હાથ ઊંડી ખાડમાં સંપુટને મૂકી ગજપુટ અગ્નિદેવી જ્યારે એની મેળે જ ઠંડુ થઈ જાય ત્યારે કાહાડી લેઈ તે સંપુટમાંથી શંખના કકડા કાજળ ભરેલી કોડીઓ વગેરે સર્વની ભેગી ભસ્મ ખરલની અંદર ઘુંટી ખૂબ બારીક કરી કામમાં લેવી આને લોકનાથરસ કહે છે એમાંથી ૬ ચણોઠીભાર લેઈ ૨૯ મરીના ચૂર્ણની સાથે મેળવી વાયુરોગ માટે ઘી સંગાથે, પીતરોગ માટે માખણ સંગાથે અને કફરોગ માટે મધ સંગાથે આપવાથી સમસ્ત રોગ દૂર થાય છે તથા અતિસાર, ક્ષય, અરૂચિ સંગ્રહણી, કૃશતા (દૂર્બળતા) મંદાગ્નિ, ઉધરસ, શ્વાસ અને ગોળો એ રોગો ઉપર લોકનાથરસ ઘણોજ હિતકારી છે બનાવેલી માત્રા યોગ્ય અનુપાન સાથે લઈ ઘી સહિત ભાતના ૩ કોળીયા સાથે ખાવી, પછી ખાટલા (પલંગ) ઉપર બિછાના—તકીયા—(ઓશીકા) વગર થોડી વાર સુઈ જવા પછી ગમે તેમ સુવું. આ રસના સેવનથી ગરમી જણાય તો સાકર ગળો સત્વ અને વંશલોચન સાથે સેવન કરવો (અથવા ખજુર, દાડમ, દ્રાખ અને સેલડી એમાંથી જે મળે તે ખાવું.) * ૩૯—૪૭

બીજી રીત.

भागौदग्धकपर्दकस्यचतथाशंखस्यभागद्वयं ॥ भागौगंधकम्

तयोर्मिलितयोः पिप्पलीमरीचादपि ॥ भागानांत्रितयंनियोज्यसकलं निम्बूरसैश्चूर्णितं ॥ पीतस्तक्रमनुग्रहण्युपहरंश्रीलोकनाथो रसः ॥ ४८ ॥

અર્થ—૨ ભાગ કોડીની ભસ્મ, ૨ ભાગ શંખ ભસ્મ, ૧ ભાગ ગંધક, ૧ ભાગ પારો અને ૩ ભાગ મરી એ સર્વને લીંબુ રસ સંગાથે ખરલમાં ખૂબ ઘુંટી ગોળીઓ બનાવી ગાયની છાસ સાથે સેવન કરે તો સંગ્રહણી મટે છે, આને લોકનાથ રસ કહે છે. ૪૮

કફ કુંજર રસની રીત.

रसगंधोसीपिमासं स्नुह्यार्कचपयःपलं ॥ पलंपलंपञ्चलूण मेकीकृत्वातुचूर्णयेत् ॥ ४९ ॥ आलोड्यचार्कदुग्धेन पूरयेत् शंखमध्यतः ॥ पिप्पलीविषकर्वीरं चूर्णंकृत्वामलेपयेत् ॥ ५० ॥ प्रज्वालयेद्यामभात्रं सूक्ष्मचूर्णन्तुकारयेत् ॥ कर्पूरनागपत्रैश्च देयोमात्रार्द्धगुंजया॥ ५१ श्वासंकासंचहृद्रोगं कफंपञ्चविधंतथा ॥ वज्रवद्धन्तिरोगांश्च रसोयंकफकुंजरः ॥ ५२ ॥

અર્થ—પારો, ગંધક, છીપની ભસ્મ, થોરનું દૂધ, આકડાનું દૂધ અને પાંચ જાતનાં લુણ (મીઠાં) એ સઘળાં ચાર ચાર તોલા લેવાં પારા ગંધકની કાજળ કરી મીઠાનું ચૂર્ણ કરી એકત્ર કરવાં આકડાના દૂધ સાથે હલાવી મ્હોટા શંખની અંદર ભરી દેવાં, પછી પીપર વછનાગ અને કણેર મૂળનું ચૂર્ણ કરી તે શંખને લેપન કરવું બાદ કપડા માટી કરી ગજપુટ આંચ ૧ પોહોર દેવી, સ્વાંગ શીતળ થયે કાહાડી લઈ બારીક ઘુંટી કપૂર અને નાગરવેલના પાન સાથે રતી ભાર સેવન કરે તો શ્વાસ, ઉધરસ, છાતીના રોગ અને પાંચ જાતના કફ રોગ એ સર્વ વજ્ર સમાન રોગ રૂપી વૃક્ષોને ઉખેડી નાખવા આ રસ સાક્ષાત્ હાથી સમાન છે. ૪૯—૫૨

---

* લોકનાથ રસ ઉપર પથ્ય ભોજન અનુપાન અને વિહાર વગેરે માટે વિશેષ માહેતગાર થવા ઈચ્છા હોય તો **સાર્ડંગધરના બીજા ખંડનો ૧૨ અધ્યાય** અવલોકન કરો.

શ્વાસકુઠાર રસની રીત.

रसंगन्धंविषंचैव टंकणंचमनःशिला ॥ एतानिटंकमात्राणि मरिचंटंकचाष्टकम् ॥५३॥ एकैकंमरिचंदत्त्वा खल्वेसूक्ष्मंविमर्दयेत् ॥ त्रिकटुटंकषट्कंच दद्यात्पश्चाद्विमर्दयेत् ॥५४॥ रसःश्वासकुठारोयं पूर्णखण्डेनबुद्धिमान् ॥श्वासेतिदुस्तरंदद्याद्गुंजामात्रंप्रयत्नतः ५५

અર્થ—પારો, ગંધક, વછનાગ, ટંકણખાર અને મણુસિલ એટલાં એકેક માસો (૮ રતી ભાર) લેવાં, મરી ૮ માસા લેઈ ખરલમાં ઘુંટતા જવું અને એકેક કાળું મરી અંદર નાખતા જવું; આદુ સુંઠ મરી પીપર એ છ છ માસા નાંખી ખૂબ ઘુંટી તૈયાર કરેલો 'શ્વાસકુઠાર રસ કહેવાય છે જુની ખાંડ સાથે ૧ રતી ભાર એનું સેવન કરે તો ભયંકર ન મટી શકે તેવા પણ શ્વાસને છેદવા (કાપવા) આ રસ કોહાડા (લાકડાં ચીરવાનો કોહાડો હોય છે તે) માફક છે. ૫૩—૫૫

કાળારિ રસની રીત.

त्रिशाणंपारदंचैव गंधकशाणपंचकम् ॥ त्रिशाणंवत्सनागंच पिप्पलीदशशाणिका ॥५६॥लवंगश्चचतुः शाणं त्रिशाणंकनकाह्वयम् ॥ टंकणंवह्निशाणंच पंचजातीफलंक्षिपेत् ॥ ५७ ॥ मरिचंपश्चशाणंस्याद कल्लंचत्रिशाणकम् ॥ करीरार्द्रकनिम्बुके मर्दयेश्चदिनत्रयम् ॥ ५८ ॥ कालारिरसनामोयं वातव्याधिविनाशनम् ॥ मर्दनेभक्षणेनस्ये द्विगुंजंसन्निपातजित् ॥ ५९ ॥

અર્થ—૩ માસા પારો, ૫ માસા ગંધક, ૩ માસા વછનાગ, ૧૦ માસા પીપર, ૪ માસા લવીંગ, ૩ માસા ધંતૂરાનાં બીજ, ફૂલાવેલો સોહાગો (ટંકણ અથવા ખડીયો ખાર) ૩ માસા, ૫ માસા જાયફળ, ૫ માસા મરી અને ૩ માસા અકલકરો એ સર્વને વાટી કેરડાની કુંપળના રસના પુટ ૭ આદાની રસના પુટ ૭ અને લીંબુના રસના પણ ૭ પુટ દેઈ ૩ દિવસ સુધી ઘુંટી તૈયાર કરવો એનું નામ કાળારિ રસ (કાળ-સન્નિપાતનો શત્રુ) કહેવાય છે, વા-

ચુની વ્યાધિઓને મટાડે છે, શરીરે ચોળવાથી, ખાવાથી અને નાશ દેવાથી પણ સન્નિપાત રોગને જીતે છે માત્રા ૨ રતી પ્રમાણ આપવી. ગોળીઓ વાળવી હોય તો તેટલીજ માત્રાની વાળવી. ૫૬—૫૯

એજ પ્રયોગનું અન્ય પ્રકારે કથન.

शुद्धंसूतंमृतंताम्रंगन्धकंनागरंविषम् ॥ जातीफलंलवंगानि कनकंमरिचंसह ॥ ६० ॥ रसाचद्विगुणंग्राह्यं टंकणंभृष्टमेवच ॥ पिप्पलीकरहाटंश्च सर्वार्द्धंग्राह्यकोविदैः ॥ ६१ ॥ कर्षमात्राणिसर्वाणि रसाद्यामरिचांतका ॥ पिष्ट्वासूक्ष्ममिदंयोज्यं नस्यभक्षणयोर्द्वयो॥ ॥ ६२ ॥ भावनानिम्बुकावल्ली हिमार्द्रकरसस्तथा ॥ वारत्रयं सदादेयो रसः कालारिसिद्धयोः ॥ ६३ ॥ सर्वेवातः शिरोवाता मेहप्रस्वेदएवच ॥ सूतिकानांचयेरोगाः सर्वेनश्यंतिवेगतः ॥६४॥ रसकालारिसंज्ञोयंमतोतोबहुधुश्रुतः ॥ शिरोग्रहः कर्णनादोमन्थास्तम्भोहनुग्रहः ॥ ६५ ॥ धनुर्वातादयोप्येववाह्यापामादयस्तथा. ॥ ६६ ॥

અર્થ—શુદ્ધ કરેલો પારો, તામ્રભસ્મ (તાંબાની ખાખ) ગંધક, સુંઠ, વછનાગ, જાયફળ, લવીંગ, ધંતૂરાનાં બીજ અને મરી એ સમાન (તોલા તોલા ભાર) લેવાં, ફૂલવેલો ટંકણ પારાથી બમણો લેવો, પીપર અને અકલકરો સર્વ ઔષધના અર્દ્ધ ભાગે લેવાં તે સર્વને બારીક વાટી કપડેથી ચાળી નાસ (સુંઘવા)ના કામમાં લેવો અથવા ખાવામાં લેવો હોય તો લીંબુના રસની, બ્રાહ્મી રસની, (અથવા નાગરવેલના રસની) ધંતૂરાના રસની અને આદાના રસની ત્રણ ત્રણ ભાવનાઓ દેવી ત્યારે કાળારિ રસ તૈયાર બને છે એ રસની યોગ્ય માત્રા અનુપાનથી સેવન કરે તો સર્વ વાયુ રોગ માથાના વાયુ (આધા શીશી-સૂર્ય વાયુ) પ્રમેહ, પરસેવો અને સુવા રોગ એ સર્વ જલ્દીથી નાશ થાય, આ કાળારિ રસની વિદ્વાન લોકોને ઘણુંજ પ્રતિતી છે. માથાનાં દરદો અથવા માથાની શીરાઓ વાયુથી પકડાઈ જાય તે, કાનમાં અવાજ થતો હોય, મન્યાસ્થંભ,

હનુગ્રહ, ધનુર્વાતાદિ વાયુ અને ઉપરની ખુજલી (અથવા ખસ) વગેરે રોગોનો નાશ થાય છે. ૬૦—૬૬

સૂચી ભરણ રસ બનાવવાની રીત.

विषंपलमितंसूतं शाणकंचूर्णयेद्वयम ॥ तच्चूर्णसम्पुटेधृत्वाकाचलिप्तशरावयोः ॥६७॥ मुद्रांदत्त्वाचसंशोष्यततश्चुल्ल्यांनिवेशयेत् ॥ वह्निंशनैः शनैः कुर्यात् प्रहरद्वयसंख्यया ॥ ६८ ॥ ततश्चोद्घाट्यत न्मुद्रा मुपरिस्थशरावकात् ॥ संलग्नोयोभवेत्सूत स्तद्गृह्णीयात्शनैः शनैः ॥ ६९ ॥ वायुस्पर्शोयथानस्या त्तथाकुप्यांनिवेशयेत् ॥ याव त्सूच्याग्रुखेलग्नं कुप्यांनिर्यातिभेषजं ॥ ७० ॥ तावन्मात्रोरसोदेयो मूर्च्छितेसन्निपातके ॥ क्षुरेणप्रस्थितेमूर्द्धि तत्रांगुल्यंचघर्षयेत् ॥७१॥ रक्तभेषजसंपर्का न्मूर्च्छितोपिहिजीवति ॥ यदातापोभवेत्तस्य मधुरंतत्रदीयते ॥ ७२ ॥

અર્થ—શુદ્ધ વછનાગ ૪ તોલા, પારો ૧ ટાંક એ બન્નેને એકત્ર વાટી તે ચૂર્ણ કાચના સંપુટમાં મૂકી ઉપર કપડા માટી કરી સુકાવી લઈ ચૂલ્હા ઉપર ચઢાવી ધીમી ધીમી આંચથી ૨ પોહોર લગે આંચ દેવી બાદ ઠંડુ પડ્યા પછી તેને ઉઘાડી જે ઉપરના સંપુટ પાત્રમાં પદાર્થ જામેલો હોય તે આસ્તેથી અન્ય પાત્રમાં યુક્તિથી લેઈ સ્ટોપર બૂચની બાટલીમાં ભરી લેવો મતલબમાં તે દવાને પવન ન લાગવો જોઇએ તેવી રીતે મજબૂત શીશીમાં રાખી કાર્ય વખતે સોયના અણી ઉપર જેટલી દવા ઠેરે તેટલી દવા તેમાંથી લઈ જે મનુષ્ય અચેતન થયો હોય અથવા સન્નિપાત થયો હોય તેના દશમા દ્વારે (માથામાં તાળવાની જગાએ) અસ્તરેથી જરા લોહી કાઢી તે લોહી સાથે તે દવા આંગળીથી ત્યાં મશળવી, લોહીની સાથે દવાનો સંયોગ થતાંજ સદરહુ દર્દોથી દરદિ મુક્ત થાય છે. સાપ કરડેલો હોય તેને પણ તેજ પ્રમાણે કરવાથી આરામ થાય છે, આ દવાના જોસથી જો દર્દીને તાવ આવી જાય તો તેને સેલડી, દાડમ ખારેક અને દ્રાખ વગેરે પદાર્થો ખવડાવવાં. ૬૭—૭૨

ઉદય ભાસ્કર રસ બનાવવાની રીત.

पारदंगन्धकंदिव्यं व्योषंत्रिलवणानिच ॥ सितकन्दाचवृद्धैला रसकर्पूरमेवच ॥ ७३ ॥ समानिसर्वतुल्यंच शुद्धंजैपालकंक्षिपेत् ॥ बीजपूररसैर्भाव्यो रसोह्युदयभास्करः ॥ ७४ ॥

અર્થ—પારો, ગંધક, અજમો, સુંઠ, મરી, પીપર, સિંધાલુણ, સંચલ, બીડલુણ, સાકર, મ્હોટી એલચી અને રસકપૂર એ સર્વ સમાન ભાગે લઈ તે સર્વની બરોબર શુદ્ધ કરેલા નેપાળા નાખી વાટી બીજોરાના રસની ૩ ભાવના દેઈ ઘુંટી જે તૈયાર કરેલો તે ઉદયભાસ્કર રસ કહેવાય છે. (ખાવાની રીત નીચેના પ્રયોગમાં વાંચો) ૭૩—૭૪

બીજી રીત.

पारदंगंन्धकंव्योषंद्वौक्षारौलवणानिच ॥ टंकणंचेतितुल्यानि जैपालंसकलैःसमम् ॥७५॥ भावनावीजपूरस्य सूक्ष्मचूर्णंविचूर्णयेत्॥ संग्राह्यंरक्तिकायुग्मं वातंसामविनाशयेत् ॥७६॥ गोदुग्धंकेवलंपथ्यं देयमुष्ट्रीपयोथवा ॥ अन्नंचवर्जयेत्ताव दामशोफंनिवारयेत् ॥७७॥

અર્થ—પારો, ગંધક, ત્રિકટુ, સાજીખાર, જવખાર, સંચળ, સિંધવ, બીડલવણ, અને ટંકણખાર એ સઘળાં સમાન લેવાં, તે સર્વની સમાન શુદ્ધ નેપાળા લેવા, તે સર્વે વાટી બીજોરા રસની ભાવના દેઈ ઘુંટી તૈયાર કરી રતી ૨ ભાર સેવન કરે તો આમ વાયુ વા જળસ પડતું હોય તે નાશ થાય છે, તે ઉપર ફક્ત ગાયનું કે ઉંટડીનું દૂધ પથ્ય છે; પરંતુ જ્યાં સુધી આમ પડે વા, સોજો જણાય ત્યાં સુધી અન્ન બીલકુલ ખાવું નહિં. ૭૫—૭૭

ભૂતાંકુશ રસ બનાવવાની રીત.

सूतशुद्धस्यभागैकं द्विभागंशुद्धगन्धकम् ॥ भागत्रयंमृतंताम्रं मरिचंदशभागिकम् ॥ ७८ ॥ मृताभ्रकंचतुर्भागा भागमेकंविषंक्षिपेत् ॥ भूतांकुशस्यभागैकं सर्वमम्लेनमर्दयेत् ॥ ७९ ॥ यामंभूतांकु

शोनाम मापैकंवातकासजित् ॥ अनुपानंलिहेत्क्षौद्रंविभीतैकफ लंत्वचा ॥ ८० ॥

અર્થ—શુદ્ધ કરેલો પારો ૧ ભાગ, શુદ્ધ ગંધક ૨ ભાગ, તાંબાની ભસ્મ ૩ ભાગ, મરી ૧૦ ભાગ, અભ્રક ભસ્મ ૪ ભાગ, વછનાગ ૧ ભાગ અને હીંગ ૧ ભાગ એ સર્વને લીંબુના રસમાં ૧ પોહોર ઘુંટી તૈયાર કરેલો ભૂતાંકુશ રસ એક માસો મધ અથવા બેહુડાંની છાલ સાથે સેવન કરે તો વાયુ રોગ અને ઉધરસને જીતી લે છે. ૭૮—૮૦

તાલુકેશ્વર રસ બનાવવાની રીત.

तालंताप्यंशिलासूतं शुद्धंसैंधवटंकणं ॥ समांशचूर्णयेत्खल्वे सूताद्द्विगुणगंधकम् ॥८१॥ गंधतुल्यंमृतंताम्रं जम्बीरोदिनपंचकम् ॥ मर्द्यस्त्वद्भिः पुटैः पाच्यं भूधरोदरसम्पुटे ॥८२॥ पुटेपुटेद्रवैर्मर्द्य स-र्वमेकत्रषट्पलम् ॥ द्विपलंमारितंताम्रं लोहभस्मचतुःपलम् ॥ ८३ ॥ जम्बीराम्लेनतत्सर्वं दिनंमर्द्यपुटेलघु ॥ त्रिंशदंशंविपंचास्य क्षिप्त्वा चूर्णंविमर्दयेत् ॥ ८४ ॥ माहिष्याज्येनसंमिश्रं कर्षार्द्धंभक्षयेत्सदा । मध्वाजैर्वाकुचीचूर्णं कर्षमात्रंलिहेदनु ॥ ८५ ॥ सर्वकुष्ठानिहन्त्याशुमहातालेश्वरोरसः ॥ ८६ ॥

અર્થ—હરતાલ, સોવન માખી, મણુશિલ, શુદ્ધ પારો, સિંધાલુણ અને ટંકણખાર એ સઘળાં સમાન ભાગે લેવાં ગંધક પારાથી બમણો લેવો ગંધક બરોબર તાંબાની ભસ્મ લઈ જંબીરીના રસમાં ૫ દિવસ સુધી ઘુંટી સરાવ સંપુટ કરી કપડા માટી કરી ભૂધર યંત્રે (અથવા જમીનમાં ડાટી રાખી) છ વખત પકાવે બાદ બ્હાર કાહાડી ફરી તેજ પ્રમાણે પુટ વગેરે દેવા તાંબાની ભસ્મ ૮ તોલા અને લોહ ભસ્મ ૧૬ તોલા લેઈ જંબીરીના રસમાં ૧ દિવસ ઘુંટી સંપુટ કરી ૧૦ અડાયા છાણાની આંચ દેવી તે ભસ્મના ત્રીશમે હિસ્સે વચ્છનાગ નાખી પુનઃ ખરલમાં ઘુંટી તે ૧૬ રતી ભાર ભેંસના ઘી સાથે દરરોજ સેવન કરે બાદ માળવી બાબચીનું ચૂર્ણ તેના

દશમા હિસ્સે લેઈ ઘી અને મધની સાથે ખાય તો જલ્દીથી સર્વ જાતના કોઢ જાય. આનું નામ મહા તાલુકેશ્વર રસ છે. ૮૧—૮૬

અતિસાર માટે.

लवंगमहिफेनंच हिंगुलंशाल्मलीरसः ॥ सितासमागुटीऽयष्ठा जळपीतातिसारजित् ॥ ८७ ॥

અર્થ—લવીંગ, અફીણ, અને હીંગળોક એ સમાન ભાગે લેઈ શીમળાના રસથી ઘુંટી બોર જેવડી ગોળી કરી ખાય અને ઉપર પાણી પીએ તો અતિસારનો નાશ થાય છે. ૮૭

આનંદભૈરવરસ.

दरदंवत्सनाभंच मरिचंटंकणंकणा ॥ चूर्णयेत्क्रमभागेन रसो ह्यानन्दभैरवः ॥ ८८ ॥ गुंजैकावाद्विगुंजावा बलंज्ञात्वाप्रयोजयेत् ॥ मधुनालेहयेच्चानु कुटजस्यफलत्वचः ॥ ८९ ॥ चूर्णितंकर्षमात्रन्तु द्विदोषोत्थातिसारजित् ॥ मध्याह्नेदापयेत्पथ्यं गवाज्यंतक्रमेवच ।९०। पिपासायांजलंशीतं विजयांनिशिदापयेत् ॥९१॥

હિંગળોક, વછનાગ, મરી અને ટંકણ સર્વ સમાન ભાગે લેઈ જંબીરીના રસની ભાવના દેઈ ઘુંટી તૈયાર કરેલ આનંદભૈરવ રસ ૧ રતી અથવા ૨ રતી વા, કાયાબલ અગ્નિ જોઈ મધમાં તથા કડાછાલના કે ઈંદ્રજવના એક તોલા ચૂર્ણ સાથે આપે તો બે દોષથી થયલો અતિસાર મટે છે તે ઉપર બપોરે ગાયનું દુધ અથવા ઘી કે છાસ પીએ. જો દિવસે તરસ લાગે તો ઠંડુ પાણી પીવું. અને રાત્રે તરસ લાગે તો ભાંગ પીવી ૮૭—૯૧

કનક સુંદર રસની રીત.

हिंगुलंमरिचंगन्धं पिप्पलीटंकणंविषं ॥ कनकस्यचबीजानि समांशंविजयाद्रवैः ॥ ९२ ॥ मर्दयेद्यामम्मात्रेण चणकाभावटीकृता॥ भक्षिताग्रहणीहन्ति रसः कनकसुन्दरः ॥९३॥

અર્થ—હીંગળોક, મરી, ગંધક, પીપર, ટંકણખાર, વછનાગ

અને ધંતૂરાનાં બીજ સર્વ સરખા ભાગે લઈ ભાંગના રસમાં ૧ પો-હોર ઘુંટી ચણા પ્રમાણે ગોળીઓ કરી સેવન કરવાથી સંગ્રહણી મટે છે. ૯૨—૯૩

ક્રવ્યાદ રસની રીત.

पलंरसस्यद्विपलंबलिः स्यात् शुल्बायसोचार्द्धपलप्रमाणम् ॥ संचूर्ण्यसर्वंद्रुतमग्नियोगा देरण्डपत्रेषुनिवेशनीया ॥ ९४ ॥ पिष्ठाथ तांकज्जलिकांनिदध्या ल्लौहंचपात्रंवरपूतमस्मिन् ॥ जम्बीरजंपक्वरसं-फलानि शतंतलेस्याग्निमथोल्पमात्रम् ॥९५॥ जीर्णेरसेभावितमेतदेतैः सुपंचकोलोद्भववारिपूतैः ॥ सवेतसाम्लैः शतपत्रयोज्यं समंरजष्टं-कणजंसुमृष्टम् ॥ ९६ ॥ विडंतदर्द्धंमरिचं समंच तत्सप्तवारंचणका म्लतोयैः ॥ क्रव्यादनामाभवतीमसिद्धो रसस्तुमंथानकभैरवोक्तः ॥ ॥ ९७ ॥ मासद्वयंसैंधवतक्रपीतमेतस्यधन्वोवलुभोजनांते ॥ गुरू-णिमांसानिपयांसिपिष्टैः कृतानिखाद्यानिफलानिवेगात् ॥ ९८ ॥ मात्रातिरिक्तान्यतिसेवितानि यामद्वयाज्जारयतिप्रसिद्धः ॥ निह-न्त्यजीर्णान्यपिषट्प्रकारा ण्यग्निंकरोति क्रमसेवनेन ॥ ९९ ॥ कु-र्याद्दीपनमुद्धतंचपवनंदुष्टामयोयक्ष्मणां तुंदस्थौल्यनिबर्हणेसुगहनं शूलार्त्तिनिर्मूलनं ॥ गुल्मप्लीहविनाशनं बहुरुजांविश्वासनः सन्ततं सेव्योग्रंथिमहोदरापहरणंक्रव्यादनामारसः १४००

અર્થ—પારો તોલા ૪, ગંધક તોલા ૮, તાંબાની ભસ્મ અને લોહ ભસ્મ બબે તોલા લેઈ વાટી એરંડાના પત્તામાં વીંટી અગ્નિમાં પકાવી કાજળ કરી લોખંડના વાસણમાં નાખી ૧૦૦ જબીરી નો રસ નાખી ધીમી આંચથી તૈયાર કરે બાદ પંચકોલના પાણીની ભાવના તથા અમ્લવેતસના રસની ભાવના દેઈ ફુલાવેલો ટંકણખાર તે સર્વના બરોબર, બીડલુણ તેથી અર્દ્ધ હિસ્સે તથા તેટલાંજ મરી નાખી ચણાના ખારના સાત પુટ દે ત્યારે આ ક્રવ્યાદ નામનો રસ તૈયાર થાય છે તેને કેટલા મંથાન ભૈરવ રસ પણ કહે છે. તેનું ૧૬ રતી ભાર છાસ અને સિંધાલુણ સંગાથે

દરરોજ જમ્યા પછી સેવન કરે તો ભારે પદાર્થ અથવા ગરીષ્ટ માંશ ભોજન, દૂધનો માવો વા, બાસુદી તથા મેદાની બનાવેલી ચીજો અને મોડાં પચી શકે તેવાં ફળ વગેરે ખાધામાં આવ્યાં હોય તો તે ઉપર યોગ્ય રીતે સેવન કરવાથી ૨ પોહોરની અંદર તે સર્વને બાળી ભસ્મ કરી નાખે છે તેમ ૭ જાતનાં અજીર્ણ મટાડે છે અને જઠરાગ્નિ વધારે છે. પરંતુ ક્રમેકરીને માત્રા લેવી તો દીપન છે, વાછૂટ કરાવે છે, દુષ્ટ આમરોગ, ક્ષય, પેટનો અગર શરીરનો જબરો સોજો, શૂળ, ગોળો, બરોળ, ગાંઠ અને મ્હોટા પેટના રોગો વગેરે ઘણારોગો જો આ રસ ઉપર વિશ્વાસરાખી સેવન કરેતો નિશ્ચે નાંશ કરે છે. ૯૪—૯૮

ચંદ્રદય રસની વિધિ.

पलंमृदुस्वर्णदलंरसेन्द्र पलाष्टकंगन्धकषोडशांशम् ॥ शोणैस्तु-कार्पासभवैः प्रसूनैः सर्वंविमर्द्यांथकुमारिकाभिः ॥ १ ॥ तत्काचकुम्भेनिहितंसुगाढे मृत्कर्प्पटंतद्दिवसत्रयेच ॥ पचेत्क्रमाग्नौ सिकता-ख्ययंत्रे ॥ ततोरजः पल्लवरागरम्यम्॥२॥ निगृह्यचैतस्य पलंपलानि चत्वारिकर्प्पूररजस्तथैव ॥ जातीफलंशोषणमिन्द्रपुष्पं कस्तुरिकाया इहशाणएकः ॥ ३ ॥ चन्द्रोदयोयंकथितश्चमासं भक्षोहिवल्लीदल-मध्यवर्त्ती ॥ मदोन्मदानांप्रमदाशतानां गर्वाधिकत्वंश्लथयत्यकांडे ॥ ४ ॥शृतंघनीभूतमतेविदुग्धं मृदू निमांसानिचमंडकानि ॥ लवा-न्नपिष्टानिभवन्तिपथ्या न्यानन्ददायीन्यपराणिचात्र ॥ ५ ॥ वली पलितनाशनस्तनुभृतांवयस्तंभनः ॥ समस्तगदखण्डनः प्रचुररोगपं-चाननः ॥ गृहेनरसराजकोभवतियस्यचन्द्रोदयः ॥ सपंचशरदर्पि-तामृगदृशांकथंवल्लभः ॥ ६ ॥

અર્થ—ચોખા સોનાના બારીકવર્ક તોલા ૪, પારો તોલા ૩૨ અને ગંધક તોલા ૧૬ (અથવા પારાથી શોળમા હિસ્સે) લઈ રાતી હીરવણુ (કપાસ) ના ફૂલસાથે ઘુંટી કુવારપાઠાના રસમાં ઘું-ટવા બાદ આતસશીશીમાં ભરી કપડામાટીથી મજબૂત કરી સૂકવી દિવસ ૩ વાળુકાયંત્રથી મંદ, મધ્યમ અને તીક્ષ્ણ અગ્નિ અનુક્રમે

આવી પકાવ્યા બાદ સ્વાંગશીતળ થયે હીંગળોક સમાન રંગવાળો ચંદ્રોદય લઈલેવો તેમાં બરાસ, જાયફળ, સમુદ્રશોષ અને લવીંગ જેટલો ચંદ્રોદય હોય તેથી ચારગણું એ સર્વલેવાં કસ્તૂરી ૧ માસો લેવી આ ચંદ્રોદયરસ ૧ માસ નાગરવેલના પાનમાં ૧ રતી ભાર સેવન કરેતો ઘણા ગર્વમાં ઉન્મત્ત બનેલી સો સ્ત્રીઓનાં પણ સંભોગ વખતે માન મર્દન કરે એના ઉપર કઢેલું જાડું દૂધ સાકર ઘી સહીત પીવું. માંસાહારી હોયતો સુંદર માંસ અને મેદાના પદાર્થો તથા પુષ્ટિકર્ત્તા શરીરને આનંદ આપનાર પદાર્થો ભોજનમાં વાપરે અને પથ્યમાં રહે (ખટાશ તેલ મરચું તાપ શ્રમ વગેરે બંધકરે) તો વિર્યવૃદ્ધિકરવાને, નપુંષકત્વતા મટાડવાને અને પળીયાં તથા વળીયાંને દૂરકરવા–આથી વધતો અન્ય પ્રયોગ છેજ નહિં, સારાંશમાં પ્રબળ રોગો રૂપી હસ્તીઓના ઝુંડનો નાશકરવા સિંહસમાન છે આ રસરાજ જે પુરૂષના ઘરમાં નથી તો તે પુરૂષ કામદેવના તોફાન વા, મદથી ઉન્મત્ત બનેલી મૃગનયની (સ્ત્રી) ને શીરીતે વ્હાલો લાગે? ૧—૬

મૃત્યુંજય રસનિ વિધિ.

प्रवालमुक्ताफलवज्रतार सुवर्णताम्राभ्रकसारसोसा ॥ यथो त्तरावंगशिलालनाया पलोन्मितैः सूतकसप्तभागाः ॥ ७ ॥ चतुः चतुःशंखकपर्दिकानां सतक्रजम्बीरविमर्दितानां ॥ ऽहिफेनपिप्पल्यविषत्रयाणां पलंपलंदन्तिफलान्वितानाम् ॥ ८ ॥ समस्त मेकीकृतमत्रचूर्णंदिनत्रयंचित्रकवारिपूर्णं विशुष्कभृंगारसकाकतुंडी स्नुह्यर्कधूर्तामरदारुमुंडी ॥ ९ ॥ किरातभल्लातनिकुम्भकुम्भां कुठेरजीराकरवीररम्भा ॥ वलातृनागवल्लाखुकर्णी कटुत्रिकंशोतीशिवाद्रिकर्णी ॥ १० ॥ यसोमृतापाण्डरुह्लासलज्जा विषोवृषार्क्षोचरुजः सगुंजा ॥ अमीभिरुच्चाभुजगर्तियुक्तैः वराहसेधाशिखिमीनपित्तैः ११ पृथक्पृथक्साधितमेवरस्यांदद्देपुटेताम्रमयेविपकम् ॥ सुशोतमुद्धृत्यक्षरजस्य रसोह्रिमृत्युंजयनामधेयः ॥ १२ ॥

અર્થ—પરવાળાં, મોતી, હીરા, ચાંદી, સોનું, તાબું, અભ્રક, લો-

બંડ, શીશું, બંગ, હરતાળ અને મણુશિલ સમાન તથા એ સર્વથી સાતગણો (અથવા સાતમે ભાગે) શુદ્ધ પારો લેવો, શંખ, તથા કોડી ચાર ચાર તોલા લેઈ તેઓને છાસ અને જંબીરીના રસમાં ઘુંટવાં; બાદ અફીણ, પીપરઅને વછનાગ એ ચાર ચાર તોલા લેવાં તેમાં નેપાલો ચાર તોલા મેળવી ચિત્રામૂળના રસમાં (અથવા તેના કવાથમાં) ૩ દિવસ ઘુંટી સૂકવી બાદ જળભાંગરાના રસમાં તથા કારેલીના રસમાં થોર અને આકડાના દૂધમાં, ધંતૂરાના રસમાં, દેવદારના કવાથમાં, બોડીયા કલ્હારના રસમાં, કીરીયાતાના કવાથમાં, ભિલામામાં, ઈંદ્રિવારૂણીના રસમાં, નસોતરના કવાથમાં, નાગહુલીના રસમાં, કાકોલીના રસમાં, કણેરના રસમાં, કેળના પાણીમાં, કાંસકીના રસમાં, ગંગેટીના રસમાં, દંતીમૂળના રસમાં (અથવા ઉંદર કરણીના રસમાં) ત્રિકટુના કવાથમાં, હરડે (અથવા કાયફળના કવાથમાં) ગરણીના રસમાં, જવાસાના રસમાં, ગળોના રસમાં, (અથવા અમરવેલના રસમાં) કડુના કવાથમાં, શીસામણીના રસમાં, વછનાગના કવાથમાં, અરડૂસાના રસમાં, ઉપલેટના કાઢામાં અને ચણોઠીના રસમાં તથા સૂકર, ઘો, મોર અને માછલીના પીત્તામાં જુદી જુદી વખતે સાધન કરી તાંબાના મજબૂત સંપૂટમાં યોગ્ય આંચથી પકાવી સ્વાંગશીતળથયે વાટી ચાળી સુંદર શીશીમાં ભરીરાખવો. આ મૃત્યુંજયરસ કહેવાય છે (આ રસ ૨ રતી ભાર અથવા શરીર–અગ્નિનું બાળબળ જોઈ યોગ્યમાત્રાએ સાકર વા યોગ અનુપાન સાથે આપેતો સર્વ જાતના ભયંકર રોગોને મટાડે છે અર્થાત્ મૃત્યુને જીતે છે)૭-૧૨

ઇતિ રસપ્રકરણ સમાપ્તમ્.

હવે આસવ બનાવાની વિધિ કહીયે છીએ.

द्राक्षायाश्चपलशतं शितायास्तच्चतुर्गुणम् ॥ कर्कंधुमूलंतस्यार्द्धं मूलार्द्धंपुष्पधातुकी ॥ १३ ॥ क्रमुकंचलवङ्गंच जातीपुष्पंफलानिच ॥ चातुर्जातंत्रिकटुकं मस्तकीकरहाटकम् ॥ १४ ॥ आकल्लकरसंकुष्टं पलानिदशमाहरेत् ॥ एभ्यश्चतुर्गुणंतोयं भाण्डेचैवनि

निक्षिपेत् ॥ १५ ॥ स्थापयेत्भूमिमध्येतु चतुर्दशदिनानिच ॥ ततोजातरसंशुद्धं क्षिपेत्कच्छपयंत्रके ॥ १६ ॥ मुद्रयित्वाचतस्या धो वह्निमज्वालयेत्सुधीः ॥ तस्यान्तः प्लाविंतर्सीधु गृण्हीयात्स र्षमेवतत् ॥ १७ ॥ पुनरेवचतत्सींधूक्षिपेत्कच्छपयंत्रके ॥ धरा-धोनिक्षिपेत्तस्य मृगनाभिंसकुंकुमम् ॥ १८ ॥ एतत्सिद्धंक्षिपेद्धी मान् काचभांडेनिधापयेत् ॥ त्रिदिनेषुव्यतोतेषु तत्पेयंपलसंख्यया ॥ १९ ॥ मध्यान्हेद्विपलंग्राह्यं संध्याकालेचतुःपलम् ॥ गरिष्टंस्नि-ग्धमाहारं भक्षयेद्स्यसेवकः ॥ २० ॥ वीर्याभिवृद्धिः प्रभवेन्न-राणां रामासुवश्याभवतोहलोके ॥ तएवधन्यामनुजानरेन्द्रा द्राक्षा-सवंयेकिलसेवयंति ॥ २१ ॥

અર્થ—દ્રાખ ૪૦૦ તોલા, સાકર ૧૬૦૦ તોલા, બોરડીનું મૂળ ૨૦૦ તોલા, ધાવડીનાં ફૂલ ૧૦૦ તોલા, સોપારી, લવીંગ, જાયફળ, જાવંત્રી, ચાતુર્જાત, ત્રિકટુ, મસ્તકી ગુંદ, અકલકરો અને ઉપલેટ એ સર્વ ૪૦—૪૦ તોલા લેવાં. બાદ એક માટીના વાસણમાં ઔષધોથી ચોગણું પાણી ભરી તેમાં તે દવાઓ નાખી ભુંયમાં (જમીન-પૃથ્વિમાં) ખાડ ખોદી દાટીદેવું, ૧૪ દિવસ પછી બ્હાર કાહડી તે શુદ્ધ રસ યુક્ત સર્વ વસ્તુઓને કચ્છપ યંત્રમાં નાખી મુદ્રાદેઈ નિચે મંદાગ્ની કરવી સિદ્ધ થયે તેમાં કસ્તૂરી અને કેશર નાખી કાચના વાસણમાં ભરી રાખવો ત્રણ દિવસ વિત્યા બાદ ૪ તોલાની માત્રા એ અથવા અગ્નિ બળાબળવિચારી ચોગ્ય માત્રાએ સવારે પીવો મધ્યાન્હે ૮ તોલા અને સંધ્યાકાળે ૧૬ તોલા પીવો, જો તે ઉપર વજનદાર (ભારે) ખોરાક, અને ઘી સહીત ભોજન વા સ્નિગ્ધ પદાર્થ સેવન કરેતો વીર્યની વૃદ્ધિ થાયછે અને તેમ થવાથી સ્ત્રી વશ્ય થાય છે. જગતમાં તે મનુષ્ય વા રાજાને ધન્ય છે કે જે દરરોજ દ્રાક્ષાસવ સેવન કરે છે. અર્થાત્ નિરંતર પીવોજ જોઈએ. ૧૩—૨૧

દ્રાક્ષારિષ્ટની વિધિ.

द्राक्षातुलार्द्धंद्विद्रोणे जलस्यापिपचेत्सुधीः ॥ पादशेषैकपात्रे

च पूतशीतेविनिक्षिपेत् ॥ २२ ॥ गुडस्यद्वितुलांतत्र त्वगेलापत्र केशरम् ॥ प्रियंगुर्मरिचंकृष्णा विडङ्गंचेतिचूर्णयेत् ॥ २३ ॥ पृथक्पलोन्मितैर्भागै स्ततोभांडेनिधापयेत् ॥ समन्ततोहिदूषित्वा पचेज्जातरसंततः ॥ २४ ॥ ज्वरः क्षतंक्षयंहंति काशश्वासगलामयान् ॥ २५ ॥

અર્થ—ધાખ તોલા ૨૦૦ લઈ તેને ૨૦ ૪૮ તોલા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી તેમાં ગોળ તોલા ૮૦૦ નાખવો. પછી તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર ફૂલપ્રિયંગુ, (એ ન મળે તો રાયણનો ફૂલ લેવો) મરી, પીંપર અને વાવડીંગ એ બધા ચચાર તોલા લઈ તેનું ચૂર્ણ કરી અંદર નાખવું હલાવી એકજીવકરી માટીના વાસણમાં ભરી મ્હોં બંધકરી ૧ મહીનો છાપરે રાખી મૂકે તો શુદ્ધ અરિષ્ટ બને છે તેનું વિધિયુક્ત સેવન કરવાથી છાતીમાંનું ચાહું (ક્ષત) ઉધરસ, શ્વાસ અને ગળાના રોગને મટાડે છે.

લોહાસવની રીત.

लोहचूर्णंत्रिकटुकं त्रिफलाचयवासकम् ॥ विडङ्गंचित्रकंमुस्ता चतुः संख्यापलंपृथक् ॥ २६ ॥ चूर्णीकृत्यततः क्षौद्र चतुःषष्टिपलंक्षिपेत् ॥ दद्याद्गुडतुलांतत्र जलंद्रोणद्वयंततः ॥ २७ ॥ घृतभांडेविनिक्षिप्य निदध्यान्मासमात्रकम् ॥ लोहासवममुंमर्त्यः पिबे-

આસવ અને અરિષ્ટની ઓળખાણ–કાચાં ઔષધથી અને કાચા પાણીથી જે મધ કરવામાં આવ્યું હોય તે આસવ કહેવાય છે. અને કવાથકરી જે મદ્ય કરવામાં આવ્યું હોય તે અરિષ્ટ કહેવાય છે એઓની માત્રા ચાર રૂપીઆ ભાર સુધી દેવી. જ્યાં અરિષ્ટમાં નાખવાના પદાર્થોનો તોલ ન કહ્યો હોયતો ૧૦૨૪ રૂપીઆ ભાર દ્રવ, ૪૦૦ રૂપીઆ ભાર ગોળ, ૧૦૦ રૂપીઆ ભાર મધ અને ૪૦ રૂપીઆ ભાર ઔષધ નાખવું. સીતરસ સિંધુ, પકવારસ સિંધુ, સુરા, પ્રસન્ના, કાદંબરી, જગલ, મદેક, સુરાબીજ અને કિણ્વ તથા વારૂણી વગેરે ઘણા ભેદો છે માટે તે સર્વનો ખુલાસો મેળવવા સાઙ્ગંધર વાચો.

द्वन्हिकरंपरम् ॥ २८ ॥ पांडुश्वयथुगुल्मानि जाठराण्यर्शसांरुजम् ॥ कुष्टंप्लोहामयंकण्डु काशंश्वासभगन्दरम् ॥ २९ ॥ अरोचकंचग्रहणीं हृद्रोगंचनिवारयेत् ॥ ३० ॥

અર્થ—લોહચૂર (ગજવેલને ભૂકો) ત્રિકટુ, ત્રિફળાં, જવાસો, વાવડીંગ, ચિત્રક અને મોથ એ બધાં ચચાર પળ (૧૬-૧૬ તોલા) લેવાં. એઓનું ચૂર્ણ કરી મધ તોલા ૨૫૬, ગોળ તોલા ૪૦૦ અને પાણી તોલા ૨૦૪૮ લેઈ તેને ઘીના વાસણમાં ભરી બધી ઔષધીઓ અંદર નાખી ૧ મહિને એકાંત વા છાપરે રાખી મૂકે પછી તે આસવ સેવન કરે તો જઠરાગ્નિને દીપાવે, પાંડુરોગ, સોજો, ગોળો, પેટના રોગ, હરસ, કોઢ, બરોળ, ખરજ, ઉધરસ, શ્વાસ, ભગંદર, અરૂચિ, સંગ્રહણી અને છાતીના રોગ એ સર્વને મટાડે છે.

દશમૂળાસવની રીત.

दशमूलंचतुलार्द्धंच पौष्करंचतदर्द्धकम् ॥ हरीतकीनांप्रस्थार्द्धं धात्रीप्रस्थद्वयंतथा ॥ ३१ ॥ चित्रकंपुष्करमितं चित्रकार्द्धंदुरालभा ॥ गुडूच्यावैशतपलं विशालापलपंचकम् ॥ ३२ ॥ खदिरस्यपलान्यष्टौ तदर्द्धंबीजसारकं ॥ मंजिष्टामधुकंकुष्टं कपित्थंदेवदारुच ॥ ३३ ॥ विडंगंचविकंलोध्रं भार्गीचाष्टकवर्गकम् ॥ कृष्णाजाजीपिप्पलीच क्रमुकंपद्मकंसटी ॥ ३४ ॥ प्रियंगुशारिवामांसी रेणुकानागकेशरम् ॥ त्रिवृतारजनीरास्ना मेषशृंगीपुनर्नवा ॥ ३५ ॥ शतार्व्हेंद्रयवामुस्ता द्विपलान्क्राथयेज्जले ॥ चतुर्गुणेपादशेषे द्राक्षामष्टपलंक्षिपेत् ॥ ३६ ॥ त्रिंशत्पलांतुधातुक्यां गुडंपलचतुः शतम् ॥ मधुद्वात्रिंशत्पलंच सर्वमेकत्रकारयेत् ॥ ३७ ॥ भांडेपुराणेस्निग्धेच मांसीमरिचधूपिते ॥ पृथकाद्विपलिकान्नेतान् पिप्पलीचन्दनंजलम् ॥ ३८ ॥ जातीफलंलवङ्गंच त्वगेलापत्रकेशरम ॥ कर्षमात्रंचकस्तूरी दद्यात्पथ्यांनिधापयेत् ॥ ३९ ॥ ततोराजरसंशुद्धं क्षिपेत्कच्छपयंत्रके ॥ कतकद्रुफलंचूर्णं क्षिपेन्निर्मलतां भवेत ॥ ४० ॥

पक्षादूर्द्धंपिवेद्यस्तु मात्रयाचयथाबलम् ॥ धातुक्षयंजयंत्येतत् कासंपञ्चविधंतथा ॥ ४१ ॥ अर्शांसिषट्प्रकाराणि तथाष्टावुदराणिच ॥ प्रमेहंचमहाव्याधि मरुचिपाण्डुतांतथा ॥ ४२ ॥ सर्वान् वातांक्षतःकासं श्वासंछर्दिमसृग्दरम् ॥ अष्टादशैवकुष्ठानि शोफं शूलंभगन्दरम् ॥ ४३ ॥ शर्करायंमूत्रकृच्छ्र मश्मरींचविनाशयेत् ॥ कृशस्यपुष्टिंकृत्वाच पुष्टस्यचमहाबलम् ॥ ४४ ॥ महावेगोमहातेजोमहावीर्योमहोद्धतः ॥ कामपुष्टिंकरोत्येष वंध्यानांपुत्रदोभवेत् ॥ ४५ ॥

અર્થ—દશમૂળ ૨૦૦ તોલા, પુષ્કર મૂળ ૧૦૦ તોલા, હરડે ૩૨ તોલા, આમળાં ૧૨૮ તોલા, ચિત્રામૂળ ૧૦૦ તોલા, જવાસા ૫૦ તોલા, ગળો ૪૦૦ તોલા, ઇંદ્રિવારૂણી ૨૦ તોલા, ખેરસાર ૩૨ તોલા, વિજૈસાર ૧૬ તોલા, મજીઠ, જેઠીમધ, ઉપલેટ, કોઠવડી, દેવદાર, વાવડીંગ, ચવ્યક, લોધ્ર, ભારંગી, અષ્ટવર્ગ, (પૃષ્ટ માં જુઓ) શાહજીરૂં, પીંપર, સોપારી, પદ્મક, કચુરો, ફૂલપ્રિયંગુ (કાંગ) ઉપળશરી, જટામાંશી, નગોડનાં બીજ, નાગકેશર, નસોતર, હળદર, રાસ્ના, મરડાસીંગ, સાટોડીમૂળ, સવા, ઇંદ્રિજવ, અને મોથ એટલાં ઔષધો ૮, ૮ તોલા લેવાં તે સર્વથી ચારગણું, પાણી લઈ કવાથ કરવો ચોથા ભાગતું રહે ત્યારે ૩૨ તોલા દ્રાખ નાખવી ધાવડીનાં ફૂલ ૧૨૦ તોલા, ગોળ તોલા ૧૬૦૦ (૧ મણ) અને મધ તોલા ૧૨૮ એ સર્વને એકઠાં કરી ઘણા દિવસનું ઘીનું રીઢું વાસણ હોય તેને જટામાંસી અને મરીની ધુણી દઈ તેમાં ભરી પછી પીંપર, ચંદન, નેત્રવાળો, જાયફળ, લવીંગ, તજ; એલચી, તમાલપત્ર અને નાગકેશર એ સઘળાં ૮, ૮ તોલા અને કસ્તૂરી ૧ તોલો નાખી તે વાસણનું મ્હોં મજબૂત રીતે બંધ કરી દિવસ ૧૫ અથવા ૨૧ ઉકરડામાં ઘાલી રાખવું. પછી તેને કાહાડી લેઈતે શુદ્ધ રસ રૂપ પદાર્થને કચ્છપયંત્રે (અથવા દારૂ ખીંચવાની ભઠ્ઠી)થી આસવ ખીંચી લઈ કતકફળ (નિર્મળીના બીજ)નું ચૂર્ણ નાખી સ્વચ્છ બનાવી પંદર દિવસ પછી પીવાના કામમાં દેશ કાળ અગ્નિ-

બળ વય અને રોગનું કારણ વિચારી પીએ તો ધાતુક્ષય, પાંચ જાતની ઉધરસ, ૭ જાતના હરસ, ૮ જાતના ઉદર (પેટ)ના રોગ, પ્રમેહની મોહટી પીડા, અરૂચિ, પાંડુ, સમસ્ત વાયુ રોગ, ક્ષતકાશ, શ્વાસ, ઉલટી. સ્ત્રીઓના પ્રદર, ૧૮ જાતના કોઢ, સોજો, શૂળ, ભગંદર, શર્કરાદિ મૂત્રકૃચ્છ્ર અને પથરી એ સર્વનો નાશ કરે છે. દુર્બળ શરીરને પુષ્ટ કરે છે. પુષ્ટ શરીરવાળાને મહા બળવાન બનાવે છે, ચાલવામાં મહા વેગવાળો, મહા તેજસ્વી, ઘણા વીર્યવાળો, ઘણો ઉદ્ધત અને કામદેવના મહા વેગવાળો થાય છે અને વંધ્યા સ્ત્રીને પુત્રનો લાભ આપનાર આ લોહાસવ નામે આસવ પ્રસિદ્ધ છે. ૩૧—૪૫

કુષ્માંડાસવની રીત.

कूष्मांडंचफलंपक्कं तस्मिन्छिद्रंतुकारयेत् ॥ छिद्रमध्येगुडंदेयं द्वितुलांचशनैः शनैः ॥ ४६ ॥ त्वचाबीजंचउत्कृष्य स्निग्धभांडे निधापयेत् ॥ बदरीत्वक्पलान्यष्टौ तस्यकथंप्रदापयेत् ॥ ४७ ॥ द्रौकसेलौचधातक्या हपुषाचपलंपलं ॥ त्रिफलाह्रीबेरंच शृंगी भार्गीचपुष्करम् ॥ ४८ ॥ तालमूलीस्वयंगुप्ता कंकोलंवंशलोचनम् ॥ यष्टीमोचरसंमुस्ता ग्रंथिकंचाष्टवर्गकम् ॥ ४९ ॥ चातुर्जातंविडंगानि व्योषंचित्रककुंकुमम् ॥ जातीपत्रंलवंगंच करभंमालतीफलम् ॥ ५० ॥

दशांघ्रिरक्तसारंच कट्फलंरेणुकासटी ॥ तिक्तंसारचतुः कंद माटरूषंकुलींजणं ॥ ५१ ॥ अजमोदाश्वगंधाच चव्यंमाजूफलंवरी ॥ सारंचूर्णतेजवलं तालीसंश्यामपूगकं ॥ ५२ ॥ एतेषांकर्षमात्रंच सूक्ष्मचूर्णंतुकारयेत् ॥ मूलभांडेक्षिपेत्सर्वं पलमेकंभजेन्नरः ॥ ५३ ॥ कासंश्वासंचहृद्रोग पाण्डुरोगंक्षतंक्षयम् ॥ गुल्मोदरंग्रहण्यर्शो मूत्रकृच्छ्रतथाश्मरी ॥ ५४ ॥ प्रमेहशोफातीसार वातपित्तकफापहः ॥ कुष्माण्डासवइत्येष बलकृन्मलशोधनः ॥५५॥

અર્થ—મોહટું કોહળું (અથવા ભૂરૂં કોહરૂં) લઈ કાણું કરી તેમાં આસ્તે આસ્તે (ધીરે ધીરે) ગોળ તોલા ૮૦૦ ઉતારી દેવો

એટલે તેને છોલી બીજ કાહડી નાખ્યા પછી ગોળ ભરવો પછી ચીકટા વાસણમાં મૂકી બોરડીની છાલ તોલા ૩૨ નો કવાથ કરી તેમાં નાખવો બે જાતનાં કશેલાં (અથવા કસેલાં તોલા ૮) ધાવડીનાં ફૂલ અને છીણીનાં મૂળ એ ચચાર તોલા લેવાં, ત્રિફળાં, નેત્રવાળો, કાકડાશીંગી, ભારંગ, પુષ્કર મૂળ, મુશળી, કોચાં, કંકોળ, વંશલોચન, જેઠીમધ, મોચરસ, મોથ, પીંપરા મૂળ, અષ્ટવર્ગ, ચાતુર્જાત, વાવડીંગ, ત્રિકટુ, ચિત્રામૂળ, કેશર, જાવંત્રી, લવીંગ, અકળકરો, જાયફળ, ખેરસાર, કાયફળ, નગોડનાં બીજ, કચૂરો, કડુ, દાડમના દાણા, ચાર જાતના કંદ (જમી કંદ, વિદારી કંદ, સકર કંદ, કેલ કંદ) અરડૂસો, કુલીંજન, બોડી અજમો, આસગંધ, ચવ્યક, માયાં, સતાવરી, લોહચૂર, તેજબળ, તાલિસપત્ર અને કાળી (ચીકણી) સોપારી એ સઘળાં અકેક તોલો લેવાં, ઝીણું ચૂર્ણ કરી તે વાસણમાં નાખવું પછી તેનું મ્હોં બંધ કરી થોડો વખત ગયા બાદ ઉપયોગમાં લેવો. દરરોજ ચાર તોલા પીવાથી ઉધરસ, શ્વાસ, છાતીના રોગ, પાંડુ રોગ, ચાંદીથી ઉત્પન્ન થયેલો ક્ષય, ગોળો, પેટના રોગ, સંગ્રહણી, હરષ, મૂત્ર કૃચ્છ્ર, પથરી, પ્રમેહ, સોજો, અતિસાર, વાયુ, પિત્ત, કફ, (અથવા ત્રણે દોષના અતિસાર) એ સર્વ રોગ આ કુષ્માંડાસવથી મટે છે, બળ આપે છે, અને મળનું શોધન કરે છે. ૪૬—૫૫

જંબીરીદ્રાવની રીત.

शतंजम्बीररसकं रामठंचपलद्वयं ॥ सैंधवंचविडंगंच पृथक्दत्वापलंपलं ॥ ५६ ॥ त्र्यूषणंपलमेकैकं सौवर्चलचतुष्टयम् ॥ यवानिकापलंचैकं सर्षपानंचतुष्टयम् ॥ ५७ ॥ स्निग्धभांडेविनिक्षिप्य अश्वशालांनिधापयेत् ॥ एकविंशद्दिनंयाव ततः सर्वंसमुद्धरेत् ॥ ५८ ॥ सुचन्द्रेसुदिनेलोके पूजयित्वाभिषग्गुरून् ॥ यकृत्प्लीहामगुल्मंच विद्रधोष्ठीलिकादयः ॥ ५९ ॥ वातगुल्ममतीसारंशूलंपार्श्वहृदामयान् ॥ नाभिशूलंविबंधंच आध्मानंचगुदोदरं ६०

नश्यंतितस्यशोघ्रेण वातश्लेष्ममयाश्रये ॥
जोर्यन्तेतस्यकोष्ठेतु जम्बीरीद्रवसेवनात् ॥ ६१ ॥

અર્થ—૧૦૦ જંબીરીનો રસ, હીંગ તોલા ૮ સિંધાલુણ તોલા ૪, વાવડીંગ તોલા ૪, સુંઠ, મરી, પીપર ચચાર તોલા, સંચળ તોલા ૧૬, અજમો તોલા ૪, અને સરસવ તોલા ૧૬ એ સર્વ ચીકટા વાસણમાં ભરી મુખે મુદ્રા દેઈ ઘોડાના તબેલામાં (ઘોડો મૂત્ર કરે તે જગોએ) ૨૧ દિવસ સુધી ડાટી રાખવું બાદ કાહડી શુભ ચંદ્ર, દિવસ પળ પોતાને લાભકારી હોય તે સમયે લોક પૂજ્ય વૈદ્યરાજ વા ગુરૂને સંતુષ્ટમાન કરી (ભેટ પૂજા કરી)ને એનું સેવન કરે તો કાળજાની વ્યાધિ, બરોળ, આમવાયુ, ગોળો, વિદ્રધિ, ષ્ટીલકા આદિ રોગ, વાયુ ગોળો, અતિસાર, શૂળ-પાર્શ્વશૂળ (પાંશળીયોમાં આવતું શૂળ) હીયામાંનાં દરદો, નાભિશૂળ, બંધ કોષ, આફ્રરો અને ગુદા તથા પેટના રોગમાત્ર નાશ પામે છે તેમજ વાત શ્લેષ્મ અને અજીર્ણ આ જંબીરીદ્રાવથી મટે છે. ૫૬—૬૧

હવે લેપની વિધિ કહીએ છીએ.

ગુંબડાં માટે લેપ.

शिरीषयष्टीनतचन्दनैला मांशोहरिद्राद्वयकुष्टबालैः ॥
लेपोदशांगःसघृतप्रलेपाद्विसर्पकण्डूव्रणदाहहंता ॥६२॥

અર્થ—સરસડાની છાલ, જેઠીમધ, તગર, ચંદન, એલચી, જટામાંશી, હળદર, દારૂહળદર, ઉપલેટ અને નેત્રવાળો એ દશ ઔષધો બારીક વાટી ઘીમાં મેળવી લગાડવાથી (ચોપડવાથી) વિ-સર્પ, ખરજ (ખુજલી) ગડ, ગુંબડ. અલાઇઓ તથા તેની બળતરા વગેરેનો નાશ કરે છે. ૬૨

બીજો લેપ.

कृष्णाजाजीब्रह्मदण्डो मरिचंरामपिप्पली ॥
स्फोटिकायांहितोलेपंः पानेवातंडुलांभसा ॥ ६३ ॥

અર્થ—શાહજીરૂં, તલકંટો, મરી, રામપીપર એઓને વાટી કપ-ડેથી ચાળી ચોખાના ધોવરામણ સાથે પીવું અગર લેપ કરવાથી ન્હાની ફોડકીઓ, (ફોલ્લીઓ) મટે છે. ૬૩

શોજા ઉપર લેપ.

पुर्नववादारुशुंठी सिद्धार्थशिग्रुरेवच ॥ पिष्टाचैवारनालेन प्रलेपः सर्वलेपजित् ॥ ६४ ॥ बीजपूरजटाहिंस्रा देवदारुमहौषधैः ॥ रास्नाग्निमंथलेपोयं वातशोथविनाशनः ॥ ६५ ॥ मधुकंचन्दनंदूर्वा नलमूलंचपद्मकम् ॥ उशीरंवालकंपद्मं पित्तशोफेप्रलेपनं ॥ ६६ ॥ कृष्णापुराणपिण्याकं शिग्रुत्वक्‌चशिताशिवा ॥ मूत्रेपिष्टासुखोष्णोयंप्रलेपः श्लेष्मशोफहा ॥ ६७ ॥ अजादुग्धतिलैर्लेपो नवनीतेनसंयुतः ॥ शोथमारुष्करंहन्ति लेपोचकृष्णमृत्तिकैः ॥ ६८ ॥

અર્થ—સાટોડીની જડ, દેવદાર, સુંઠ, સરસવ અને સરગવો એઓને વાટી કાંજીના પાણી સાથે લેપ કરવાથી સર્વ જાતને સોજો મટે છે. અથવા બીજોરાની જડ, વાવડીંગ, દેવદાર, સુંઠ, રાસ્ના અને અરણી એઓનો લેપ કરવાથી વાયુના કોપનો સોજો નાશ પામે છે. તેમજ જેઠીમધ, રતાંજળિ, ધરો, નળમૂળ, પદ્મક, સુગંધીવાળો, નેત્રવાળો અને કમળ એઓનો લેપ કરવાથી પિત્તના કોપનો સોજો મટે છે. તથા પીપર, જુનો ખોળ, સરગવાની છાલ અને ધોળી સાટોડી એઓને મૂત્રમાં ઘુંટી ઉન્હા કરી લેપ કરવાથી કફના કોપનો સોજો મટે. અથવા બકરીનું દૂધ અને તલનો માખણ સાથે લેપ કરવાથી ભિલામાથી ઉત્પન્ન થયેલો સોજો મટેછે. અથવા કાળી માટીનો લેપ કરવાથી મટે છે. ૬૪—૬૮

માથાના દુખાવા ઉપર લેપ.

कुष्टमेरंडतैलेनलेपःकांजिकपेषितं ॥ शिरोर्त्तिंवातजांहन्यात् पुष्पंवामुचुकुंदजं ॥ ६९ ॥ देवदारुनतंकुष्टंनलदंविश्वभेषजं ॥ सकांजिकः स्नेहयुक्तोलेपोवातशिरोर्तिनुत् ॥ ७० ॥ धातृकसेरुह्रीबेरपद्मपद्मकचन्दनैः ॥ दूर्वोशीरनलानांचमूलैः कुर्यात्प्रलेपनं ॥७१॥ शिरोर्तिंपित्तजांहन्याद्रक्तपित्तरुजस्तथा ॥ हरेणुनतशैलेयमुस्तला-

गुरुदारुभिः ॥ ७२ ॥ मांसीरास्नासचुक्रश्चलेपः श्लेष्माशिरोर्त्तिनुत् ॥ मरिचंकुष्ठमधुकंः वचाकृष्णोत्पलैस्तथा ॥ ७३ ॥ लेपःसकांजिकस्नेहः सूर्यावर्त्ताद्धंभेदयोः ॥७४॥ शुंठीचन्दनमेरंड जटालेपः शिरोर्त्तिनुत् ॥ राजिकाभिःसर्षपैश्च शुंठ्याथमरिचैरथ ॥ ७५ ॥

અર્થ—ઉપલેટને એરંડીયા અને કાંજી સાથે લસોટી લેપ કરે તો વાયુનું માથું દુખતું મટે. અથવા મચકુંદનાં ફૂલનો લેપ કરવાથી વાયુ વિકારની માથાની પીડા મટે છે. અથવા દેવદાર, તગર, ઉપલેટ, જટામાંશી અને સુંઠ એઓ વાટી કાંજી અને તેલમાં મેળવી માથે લેપ કરવાથી વાયુનું માથુ દુખતું મટે છે. આમળાં, કસેરૂ, છીણીની જડ, કમળ, પદ્મક, ચંદન, ધરો, સુગંધીવાળો અને નળમૂળ એઓનો લેપ કરવાથી પિત્તથી માથું દુખતું હોય તે અને રક્તપિત્ત રોગ મટે છે. તથા નગોડનાં બીજ, તગર, શિલારસ (અથવા શિલાજીત) મોથ, એલચી, અગર, દેવદાર, જટામાંસી રાસ્ના, અને એરંડાની છાલ એઓનો લેપ કરવાથી કફથી માથું દુખતું હોય તે મટે. મરી, ઉપલેટ, જેઠીમધ, વજ, પીપર અને કમળ (અથવા કમળકાકડી) એઓનો કાંજી અને તેલ સાથે લેપ કરે તો આધાશીશી સૂર્યવાયુ (સૂર્ય ચઢે તેમ ચઢતી પીડા અને ઢળતો થયે ઉતરતી પીડા થાય તે) મટે છે. અથવા સુંઠ; ચંદન અને એરંડાના મૂળનો લેપ કરવાથી માથું દુખતું મટે છે. વા, રાઈ, સરસવ, સુંઠ અને મરીના લેપથી પણ માથાની પીડા મટે છે. ૬૯—૭૫

કાનના દુખાવા માટે લેપ.

कुष्ठशुंठिवचादारु शताव्हाहिंगुसैंधवं ॥ बस्तमूत्रसृतंतैलं सर्व कर्णामयापहम् ॥ ७६ ॥

અર્થ—ઉપલેટ, સુંઠ, વજ, દારૂહળદર, વરીયાળી, હીંગ અને સિંધાલુણ એઓને વાછડીના મૂત્ર (અથવા બકરીના મૂત્ર) થી ઉકાળી તેલ સિદ્ધ કરી તે તેલનો લેપ અથવા મર્દન કરવાથી કે ટીપાં નાંખવાથી કાનમાં આવતા સણુકા અથવા કાનપટી આગળનો દુખાવો વગેરે સર્વ કાનનાં દરદો દૂર થાય છે. ૭૬

પેટ પીડા માટે લેપ.

एलियकंहरिद्राच स्फटिकानवसादरं ॥
टंकणंधेनुमूत्रेण कोष्टंजठरलेपनं ॥ ७७ ॥

અર્થ—એળીઓ, હળદર, ફટકડી, નવસાદર અને ટંકણખાર એ ગાયના મૂત્ર સાથે ઘુંટી ઉન્હું કરી પેટે લેપ કરે તો પેટનો દુખાવો મટે છે. ૭૭

શૂળ માટે લેપ.

मदनस्यफलंतिक्तां पिष्वाकांजिकवारिणा ॥ कोष्णंकुर्यान्नाभिलेपं शूलशांतिर्भवेत्ततः ॥ ७८ ॥ पुष्करंशाबरंशृङ्गं कुष्टंविश्वौषधंतथा ॥ उष्णोदकेनसंपिष्वा लेपःशूलविनाशकृत् ॥ ७९ ॥

અર્થ—મીંઢળ, કડુ, કાંજીના પાણીમાં ઘુંટી ઉન્હું કરી ડુંટીની આસપાસ લેપ કરે તો પેટ—પેઢુમાં આવતું શૂળ મટે છે. અથવા પુષ્કર મૂળ (ન મળે તો એરંડાનું મૂળ) સાબરશીંગ, ઉપલેટ અને સુંઠ ઉન્હા પાણીમાં ઘુંટી લેપ કરે તો શૂળ મટે છે. ૭૮—૭૯

ગુંબડાં માટે લેપ.

गृहधूमंकपिल्लंच टंकणंमरिचंनिशा घृतेघृष्वाप्रलेपोयं सर्वव्रणनिवृत्तये ॥८०॥ तैलेनवाघृतेनैव पिष्टाचूर्णंप्रलेपयेत् ॥ धात्रीफलानांरक्षावा व्रणेलेप्याघृतेनसा ॥ ८१ ॥ अपक्वोयदिवापक्वो निम्बः सर्वव्रणेहितः ॥ अपक्वंपाचयेन्निम्बं पक्वंचापिविशोधयेत् ॥ ८२ ॥

અર્થ—ઘરનો ધુંઓ, કંપીલો, ટંકણ, મરી અને હળદર ઘુંટી ઘીમાં મેળવી (અથવા ઘી સાથે ઘુંટી) લેપ કરવાથી વ્રણ (ગુંમડાં) માત્ર મટે છે, તેલમાં ઘુંટી લેપ કરે તો પણ તેજ પ્રમાણે ગુણ આપે છે. અથવા આમળાંની રાખ ઘી સાથે લગાડે (ચોપડે) તો ગુંબટાં મટે છે. તેમજ લીંબડાનાં પાંદડાં વાટી પાકેલાં કે વગર પાકેલાં ગડ-ગુમડાં ઉપર લેપ કરવાથી કાચાં ગુમડાં પાકી જાય છે અને પાકેલાં હોય તેને ફાડી રસી (પાચ) કાહડી શોધી નાખે છે અર્થાત્ ગુમડાં માટે લીંબડાંનો લેપ સદા હિતકારી છે. ૮૦—૮૨

ગંડમાળા માટે લેપ.

सर्षपान्शिग्रुबिजानि शणबीजातसीयवान् ॥ मूलकस्यचबीजानि तक्रेणाम्लेनपेषयेत् ॥ ८३ ॥ गण्डमालार्बुदंगण्डं लेपेनानेन शाम्यति ॥ कटुतैलान्वितेलेपात् सर्पकंचुकभस्मभि ॥ ८४ ॥ रयः शम्यतिगण्डस्य प्रकोपात्स्फुटतिध्रुवं ॥ ८५ ॥ शणमूलक शिग्रुणां फलानितिलसर्षपाः ॥ रामठः किण्वमलसी प्रदेहयाचनः स्मृतः ॥ ८६ ॥ दन्तीचित्रकमूलत्वक् स्नुह्यर्कपयसागुडैः ॥ भल्लातकास्थिकासीस सैंधवैर्दारुणः स्मृतः ॥ ८७ ॥ कपोतकंकगृधाणां मललेपेतद्दारुणः ॥ ८८ ॥

અર્થ—સરસવ, સરગવાનાં બીજ, શણનાં બીજ, અળશી અને મુળાનાં બીજ એઓને છાશ કે લીંબુના રસમાં ઘુંટી લેપ કરેતો ગંડમાળા (કંઠમાળા) અર્બુદની ગાંઠ, મટેછે. અથવા સાપની કાંચળી બાળી સરસીયામાં કાંળવી લેપ કરવાથી ગંડમાળા ફૂટી જાય છે અને તેનો રોગ મટી નિશ્ચે જાય છે. અથવા સણનાં બીજ, મૂળાનાં બીજ, સરગવાની શીંગ, તલ, સરસવ, હીંગ, ગુગસ અને અળસી એઓનો લેપ કરવાથી ગંડમાળા પાકી જાય છે. અથવા નેપાળાનું મૂળ, ચિત્રામૂળ, ચિત્રાછાલ, થોરનું દૂધ, આકડાનું દૂધ, ગોળ, ભિલામાની બીજ, હીસકસી અને સિંધાલુણ એઓનો લેપ કરવાથી ભયંકર ગંડમાળ પણ મટે. અથવા જુનો બીલાનો ગર્ભ, અરણી નેપાળાનું મૂળ, ચિત્રામૂળ, કણેરનું મૂળ, કબૂતરની હગાર, અને ગ્રીધ પક્ષીની હગાર એઓનો લેપકરે તો ગંડમાળા જાય. ૮૩—૮૮

દાદર-ખસ માટે લેપ.

दूर्वाभयासैंधवैश्च चक्रमर्दकुठेरका ॥ निशातक्रयुतोलेपो कण्डूदद्रुविनाशनः ॥ ८९ ॥ एण्डगजातिलसर्षपकुष्टं बावचिकारजनीद्वयतक्रं ॥ हन्तिविचर्चिकमण्डलुदद्रु वर्षशतान्यपिनश्यतिकण्डू ॥ ९० ॥ पलाशपर्प्पटंघृष्ट्वा लेप्यंनिम्बुरसेनवा ॥ गुंजादालीचित्रकंच प्रपुन्नाटजटाथवा ॥ ९१ ॥ प्रपुन्नाटस्यबोजानि धात्रोसर्ज्जरसो-

नशा ॥ तैलेसर्षपतैलेन घृष्ट्वाद्दद्रुविनाशनं ॥ ९२ ॥

અર્થ—ધરો, હરડે, સિંધાલુણ, પુંવાડીયાનાં બીજ, હળદર, એઓનો છાસ સાથે લેપ કરવાથી ખસ લુખસ અને દાદર નાશ થાય છે. અથવા પુંવાડીઆ, તલ, સરસવ, ઉપલેટ, માળવી બાવચી, હળદર અને દારૂહળદર એઓને છાસ સાથે લેપ વા મર્દન કરવાથી વિચર્ચિકા નામનો કોઢ, મંડલ કોઢ, દાદર અને ખરજ, ખસ, એટલાં સો વર્ષનાં હોય તદપિ નાશ પામે છે. અથવા ખાખરાની પાપડી (પળાસ પાપડો) ને લીંબુના રસમાં ઘસી વા ઘુંટી લેપ કરવાથી પણ દાદર મટે છે. અથવા ચણોઠીની દાલ ચિત્રામૂળ, અને પુંવાડીઆનાં મૂળ એઓના લેપથી પણ દાદર મટે છે. અથવા પુંવાડીયાનાં બીજ, આમળાં, સાજીખાર (અથવા રાળ) અને હળદર, સરસવનું તેલ (સરસીયું) લેઈ તેમાં ઘુંટી લેપ કરવાથી દાદર નાશ થાય છે. ૮૯—૯૨

સિધ્મ નામા કોઢ અને ધોળા કોઢ માટે લેપ.

दार्वीमूलकबीजानि तालकंसुरदारुच ॥ ताम्बूलपत्रंसर्वाणि कार्षिकाणिपृथक्पृथक् ॥ ९३ ॥ शंखचूर्णंशाणमात्रं सर्वाण्येकत्र कारयेत् ॥ लेपोयंवारिणापिष्टः सिध्मानांनाशनंपरं ॥ ९४ ॥ धात्रीसर्जरसश्चैव यवक्षारश्चचूर्णितः ॥ सौवीरेणप्रलेपोयं प्रयोज्यः सिध्मनाशनं ॥ ९५ ॥ सगंधकंयवक्षार श्चूर्णपिष्टंनिहन्तितान् ॥ अपामार्गरसात्पिष्ट मूलिकाबीजलेपतः ॥ ९६ ॥ सर्वांगसम्भवंसिध्मं नाशयत्यपिवेगतः ॥ ९७ ॥

અર્થ—દારૂહળદર, મૂળાનાં બીજ, હરતાલ, દેવદાર અને નાગરવેલનાં પાન એ સર્વ એકેક તોલો લેવાં, શંખનો ચૂરો (ભૂકો) ૧ માસો લેઈ એકત્રઘુંટી લેપકરવાથી સિંધ્મ નામનો કોઢનાશ થાય છે, આ શ્રેષ્ઠ દવા છે. અથવા આમળાં, સાજીખાર અને જવખાર એઓને ઘુંટી કાંજીના પાણી સાથે લેપ કરવાથી સિંધ્મ નામનો કોઢ મટે છે. અથવા ગંધક અને જવખાર કાંજીના પાણી સાથે ચોપડવાથી પણ સિંધ્મ કોઢ મટે છે. અથવા અંધાડાના રસ-

માં મૂળાનાં બીજ વાટી લેપ કરવાથી આખા શરીરે ફેલાયલો સિંધ્મ-કોઢ પણ જલ્દીથી નાશ થાય છે. ૯૩—૯૭

મુખ છાયા માટે લેપ.

रक्तचन्दनमंजिष्ठा लोध्रंकुष्टप्रियंगवं ॥ वटांकुराहरिद्रेद्रे व्यंगहामुखकान्तिदः ॥ ९८ ॥ कुष्टातिलजीरकद्वय सिद्धार्थनिशायुगैःसमःपयसा ॥ लेपोवदनसुधाकर व्यंगकलङ्कंविनाशयति ॥९९॥ वटस्यपाण्डुपत्राणि मालतीरक्तचन्दनं ॥ कुष्टकालीयकंलोध्रं एभिर्लेपोविधीयते॥१५००॥तारुण्यपिडिकाव्यंग नीलिकादिविनाशनं १

અર્થ—રતાંજળિ, મજીઠ, લોદર, ઉપલેટ, કાંગ, વડની વડવાઈના અંકુરા, હળદર અને દારૂહળદર એઓનો દૂધ સાથે લેપ કરવાથી મ્હોં ઉપર પડેલી કાળાસ (અથવા ગાલ ઉપર કાળા ડાગ થાય છે તે) મુખછાયા મટે છે અને મ્હોં કાંતી દાર થાય છે. અથવા ઉપલેટ, તલ, જીરૂં, શાહજીરૂં, સરસવ, હળદર અને દારૂહળદર એઓને બરાબર ભાગે લઈ દૂધ સાથે લેપ કરવાથી મ્હોં ઉપર પડેલા ડાગ-દાગ મટી જાય છે અને મ્હોં નિષ્કળંક ચંદ્રમાના જેવું સુંદર-તેજદાર થાય છે. અથવા વ'નાં પાકેલાં પાંદડાં, રતાંજળિ, ઉપલેટ, અગર અને લોદર એઓનો લેપ કરવાથી મ્હોં ઉપર જવાનીને લીધે થયેલા ખીલ તથા ગાલ ઉપર પડેલા દાગ અને નિલાસ કે મ્હોં ઉપરની શ્યામાશ એ સર્વ નાશ પામે છે. ૯૮—૧૫૦૧

નાકમાંથી લોહી પડતું હોય તે માટે લેપ.

आमलकंघृतभृष्टं पिष्टंकांजीकवारिभिः ॥
जयेन्मूर्द्धलेपेन रक्तंनासिकयाश्रुतं ॥ २ ॥

અર્થ—આમળાંને ઘીમાં શેકી કાંજી સાથે ઘુંટી તાળવા ઉપર લેપ કરવાથી નાકમાંથી લોહી પડતું હોય તે મટે છે. ૨

અથવા

ताम्बुलस्यरसैनापि निशालोध्रवरामये ॥ नश्योदाडिमपुष्पो-

स्थो रसोदूर्वाजनगोऽथवा ॥ ३ ॥ सुगंधजलजोवापि नाशिकास्रावरक्तजित् ॥ ४ ॥

અર્થ—પાનના રસનાં ટીપાં નાકમાં નાખવાથી અથવા હળદર, લોદર, હરડાં, બેહડાં, આમળાં અને ઉપલેટનું ચૂર્ણ સુંઘવાથી અથવા દાડિમના ફૂલનો રસ સુંઘવાથી અથવા ધરોનો રસ સુંઘવાથી અથવા ગુલાબજળ વગેરે કોઈ સુગંધી પાણી સુંઘવાથી નાકમાંથી લોહી વેહેતું બંધ થાય છે. ૩—૪

આંખના દરદો ઉપર લેપ.

पथ्यागैरिकसिंधूत्थ दार्वीतार्क्ष्यसमांशकैः ॥ जलपिष्टैर्बहिर्लेपः सर्वनेत्रामयापहः ॥ ५ ॥ हरीतकीसैंधवमक्ष शैलैः सगैरिकास्त्वच्छजलेनपिष्टैः ॥ बहिःप्रलेपंनयनस्य कुर्यात्सर्वाक्षिरोगोपशमार्थमेतत् ॥ ६ ॥

અર્થ—હરડેદળ, સોનાગેરૂ, સિંધાલુણ, દારૂહળદર, રસવંતી એ સમાન ભાગે લઈ પાણી સાથે ખૂબ ઘુંટી આંખની આસપાસ લેપ કરવાથી સર્વ પ્રકારનો નેત્રનો દુખાવો મટે છે. અથવા હરડેદળ, સિંધાલુણ, સોનાગેરૂ એઓને ચોખા પાણી સાથે વાટી આંખની આસપાસ લેપ કરવાથી સર્વ જાતનો આંખનો દુખાવો મટે છે. ૫—૬

કેશ કલ્પ-વાળ કાળા કરવાનો લેપ.

अयोरजोभृंगराज त्रिफलाकृष्णमृत्तिका ॥ स्थितमिक्षुरसेमासं लेपनात्पलितंजयेत् ॥ ७ ॥ त्रिफलानीलकापत्रं लोहंभृङ्गरसः समं ॥ अजामूत्रेणसम्पिष्ट लेपात्कृष्णीकरंस्मृतं ॥ ८ ॥ त्रिफला लोहचूर्णंतु दाडिमंत्वग्विपंतथा ॥ प्रत्येकंपञ्चपलिकं चूर्णंकुर्याद्विचक्षणः ॥ ९ ॥ भृंगराजरसस्यापि प्रस्थषट्कंप्रदापयेत् ॥ क्षिप्त्वा लोहमयेपात्रे भूमिमध्येनिधापयेत् ॥ १० ॥ मासमेकंततः कुर्याच्छागदुग्धेनलेपनं ॥ कुर्याच्छिरसिरात्रौच संवेष्ट्यरंडपत्रकैः ॥ ११ ॥ स्वपेत्प्रातस्ततः कुर्यात् स्नानंतेनप्रजायते ॥ पलितस्यविनाशश्च त्रिभिर्लेपैर्नसंशयः ॥ १२ ॥ ताम्रचूर्णंलोहचूर्णं तुत्थंमाजूफलं

तथा ॥ धात्रीभृंगरसंनोली मह्दिीसर्वमीलितं ॥ १३ ॥ लोहपात्रे तुलोहस्य वटकेनविघर्षयेत् ॥ शीर्षकूर्चादिपलिते लेपनात्केशरंजनम् ॥ १४ ॥ काकिण्याः पत्रमूलंसहचरसहितंकेतकीनांचकन्दं छायाशुष्कंचभृंगंत्रिफलरसयुतंतैलमध्येनिधाय ॥ निक्षिप्त्वालोहभांडेक्षितितलनिहितंमासमेकंचयावत् काशाकाशप्रकाशाभ्रमरकुलनिभामासमेकंभवन्ति ॥ १५ ॥

અર્થ—લોઢાનો ભૂકો, જળભાંગરો, ત્રિફળાં, કાળીમાટી, એ સર્વને લોખંડની કઢાઈમાં નાખી સેલડીના રસમાં એક મહિનો રાખી પછી પળીયાં ને તે લેપ લગાડે તો વાળ કાળા થાય છે. અથવા ત્રિફળાં, ગળીનાં પાંદડા, લોહચૂર, જળભાંગરો એ સર્વ સમાન લઈ બકરીના મૂત્ર સાથે ઘુંટી લેપ કરે તો વાળ કાળા થાય. અથવા ત્રિફળાં, લોહચૂર, દાડમનાં છોડીઆં એ બધાં ૨૦—૨૦ તોલા લેવાં ચૂર્ણ કરી જળભાંગરાનો રસ તોલા ૩૮૪ તેમાં નાખી લોખંડના વાસણમાં ભરી ભૂમિમાં દાટી દેવું, ૧ મહિનો થયા બાદ બહાર કહાડી બકરીના દૂધ સાથે રાત્રે લેપ કરવાથી દાઢી મૂંછના વાળ કાળા થાય છે; પરંતુ લેપ કર્યા બાદ એરંડાનું પાંદડું બાંધવું. પ્રાતઃકાળે ન્હાવાની વખતે લેપ ધોઈ નાખવો એમ ૩ લેપ કરવાથી નિશ્ચે વાળ શ્યામ રંગના થશે. અથવા તાંબાનો ભૂકો, લોખંડનો ભૂકો, મોરથુથું, માયાં, આમળાં, જળભાંગરાનો રસ, ગળી, અને મેહદી એ સર્વ લોખંડના વાસણમાં લોખંડના બત્તાથી ઘુંટી તેનો માથે મૂંછ અને દાઢીએ લેપ કરવાથી શુંદર શ્યામ રંગના વાળ થાય છે. અથવા કાકજંઘાનું મૂળ અને પાંદડાં કાંટાશળાયો, છાંયડે સૂકવેલી, કેતકીની જડ, જળભાંગરો અને ત્રિફળાનો રસ એ સર્વ લોખંડના વાસણમાં નાખી તેની અંદર તેલ નાખવું, ૧ મહિનો તેને ભૂંયમાં દાટી દેવું, બાદ બ્હાર કાહડી ધોળા વાળને લેપ કરે તો ભમરાની પાંખ જેવા કાળા વાળ થાય છે. પણ એક મહીના સુધી કરવું. ૭—૧૫

વાળ વધવાનો તથા ટાલ મટાડવાનો લેપ.

गौक्षीरेतिलपुष्पाणि तुल्येनमधुसर्पिषा ॥ शिरःप्रलेपनंकु

र्यात्केशसंवर्द्धनंपरं ॥ १६ ॥ हस्तिदन्तमषिंकृत्वा छागोदुग्धरसांजनं ॥ रोमाण्येतेनजायंते हस्तपादतलेष्वपि ॥ १७ ॥ चतुष्पदानांत्वग्रोम नखशृंगास्थिभस्मभिः ॥ तैलेनसहलेपोयं रोमसंजननं परं ॥ १८ ॥

અર્થ—ગોખરૂ, તલનાં ફૂળ એ બેના બરોબર મધ અને ઘી મેળવી માથે લેપ કરવાથી માથાના વાળ વધે છે. અથવા હાથી દાંતનો ઝ્હેર (ભૂકો) બાળી તેમાં રસવંતી નાખી બકરીના દૂધ સાથે લેપ કરવાથી હાથ પગના તળીયે પણ વાળ ઉગે છે. (એટલે જેને માથે ટાલ પડી હોય અથવા ઉંદરી હોય તેને માટે આ દવા ઘણીજ ઉત્તમ છે એમ મારા સ્વાનુભવની વાર્તાપરથી કહું છું) અથવા ચોપગાની ખાલ વાળ નખ શીંગડાં અને હાડકાં લેઈ સર્વની ભસ્મ કરી તેલની સંગાથે લેપ કરે તો ટાલ પડી હોય તેને પુનઃ વાળ ઉગે છે ૧૬—૧૮

વાળ નાશ થઈ જાય તેવો લેપ.

शंखचूर्णस्यभागौद्वौ हरतालैकभागकं ॥ मनःशिलार्द्धभागास्या त्सर्जिकाचैकभागका ॥ १९ ॥ लेपोयंवारिपिष्टस्तु केशानुत्पाट्यदीयते ॥ अनयाल्लेपयुक्तयाच सप्तवेलंप्रयुक्तया ॥२०॥ निर्मूलंकेशस्थानंस्या त्क्षपणस्य शिरोयथा ॥ २१ ॥

અર્થ—શંખનો ચૂનો ૨ ભાગ, હરતાલ ૧ ભાગ, મણશિલ ૦॥ ભાગ, અને સાજીખાર ૧ ભાગ એ સર્વને પાણીમાં વાટી તેનો લેપ કરે તો વાળ ખરી પડે છે, તથા તેજ લેપ સાત વાર લગાડવાથી સન્યાસીના માથા જેવું નિરરોમ સ્થાન થાય છે; પરંતુ સ્રીના પ્રયોગ માફક વાળ ઉખેડી લેઈ જો આ પ્રયોગ અજમાવવામાં આવે તો ફરી તે સ્થાનકે વાળ ઉગતાજ નથી (એજ પ્રમાણે વાળ ઉખેડી કુતરીનું દૂધ ૭ વાર લગાડવામાં આવે તો સ્રીની યોનિ સ્થાને ફરી વાળ ઉગતા નથી એ વાર્તા સિદ્ધ છે) ૧૯—૨૧

દેવતાથી બળ્યો હોય તેને માટે લેપ.

अग्निदग्धातुगाक्षीरि प्लक्षचन्दनगैरिकैः ॥ सामृतैः सर्पिषा-

स्निग्धे रालेपंकारयेद्भिषक् ॥ २२ ॥ यवान्दग्ध्वामषीकार्या तिलतैलनसंयुता ॥ अयंसर्वाग्निदग्धेषु प्रलेपोव्रणलेपनः ॥ २३ ॥ निम्बपत्राणिसुरसा कुष्ठधात्रीफलानिच ॥ ईषद्दग्धेयथालाभे लेपनं भिषगोत्तमं ॥२४॥ कुष्ठमधुकयष्टीच चन्दनैरंडपत्रकैः ॥ मध्येदग्धे हितेलेपो दुग्धेनपरिपेषिते ॥ २५ ॥

અર્થ—વંસલોચન (અથવા તળખીર) ચંદન, સોનાગેરૂ અને ગળો એઓનો લેપ કરવાથી ઘી તથા તેલથી બળ્યો હોય તો મટે છે. અથવા જવ બાળી તેની મેંષને તેલમાં ઘુંટી લેપ કરે તો અગ્નિ કે બીજાથી દાઝેલો હોય તે મટે છે તેમજ ગુંબડાં કે દાઝયાના ફ્ફોલા ઉપર લેપ કરવાથી પણ ફાયદો થાય છે. અથવા લીંબડાનાં પાંદડાં, તુલસીનાં પાંદડાં, ઉપલેટ અને આમળાં એ સર્વને વાટી લેપ કરે તો થોડો દાઝેલ હોય તેને ઉત્તમ લાભ આપેછે. અથવા ઉપલેટ, જેઠીમધ, મહુડાં, ચંદન, અને એરંડાનાં પાંદડાં એઓનો દૂધ સાથે લેપ મધ્યમ પ્રકારે બળ્યો હોય (બહુ દાઝેલ ન હોય) તેને હિતકારીછે. (કળી ચૂનાનું નિતારેલું પાણી તેલ સાથે મેળવી મલમ કરી લેપ કરવાથી ગમે એવો બળેલો હોય તેને આરામ થાય છે આ સર્વોત્તમ ઉપાય છે.) ૨૨—૨૫

હાથ પગની બળતરા મટવા માટે લેપ.

बदरीपल्लवलेपः श्रीखण्डारिष्टफेनसंयुक्तः ॥
दातव्यःपदलेपः शाम्यतिरुग्दाहकंतस्य ॥ २६ ॥
सैंधवंमेष्टपदिका लेपोदाहस्यनाशनः ॥ २७ ॥

અર્થ—બોરડીનાં કુણાં પાંદડાંનો લેપ કરવો અથવા બોરડીનાં પાંદડાં ચંદન અને અરીઠાનું ફીણનો હાથે, પગે, લેપ-મર્દન કરે તો બળતરા મટે (ઉપાય ઉત્તમ છે) અથવા સિંધાલુણ, મુલતાની માટી અને ખડી એઓનો લેપ કરવાથી હાથ પગની બળતરા મટે છે. ૨૬—૨૭

અંત્ર વૃદ્ધિ તથા અંડ વૃદ્ધિ ઉપર લેપ.

लाक्षाकांचनकाबीजं शुण्ठीदारुसगैरकं ॥
कुन्दरुकांजिकैर्लेप्य मुष्णमंत्रविवर्द्धने ॥ २८ ॥

एरण्डबीजंनिर्गुण्डी निशालाक्षाचपुष्करं ॥
आरनालेनसम्पिष्ठा उष्णंपिंडीकरण्डहृत् ॥ २९ ॥
रामठंसैंधवंकुष्टं जीरकंगोमयान्वितं ॥
लेपस्तैलेनवासम्यगन्तर्गुण्डविनाशनः ॥ ३० ॥

અર્થ—લાખ, કચનારનાં બીજ સુંઠ, દેવદાર, સોનાગેરૂ અને કંદરૂગુંદ એ સર્વને કાંજીના પાણી સાથે વાંટી ગરમ કરી લેપ કરવાથી અંત્ર વૃદ્ધિ મટે છે. અથવા એરંડીના ગોળા, નગોડ, હળદર, લાખ અને પૂષ્કર મૂળ એઓને કાંજીના પાણીમાં વાટી ઉન્હાં કરી લેપ કરે તો અંડ વૃદ્ધિ મટે છે અથવા હીંગ, સિંધાલુણ, ઉપલેટ, જીરૂં એઓને છાણના રસ સાથે અથવા તેલ સાથે ઘુંટી લેપ કરવાથી અંતરગળ મટે છે. ૨૮—૩૦

મસા માટે લેપ.

शिरीषबीजकुष्ठार्कक्षीरपिप्पलीसैंधवाः ॥
लांगलीमूलगोमूत्रै रर्शोघ्नंदन्तिचित्रकैः ॥ ३१ ॥

અર્થ—સરસનાં બીજ, ઉપલેટ, આંકડાનું દૂધ, પીંપર, સિંધાલુણ, અને રાડાગારીનું મૂળ એઓને ગાયના મૂત્ર સાથે વાટી લેપ કરવાથી હરસ મટે છે. અથવા નેપાળાનું મૂળ તથા ચિત્રક એએને ગોમૂત્ર સાથે વાંટી લેપન કરે તો હરસ મટે છે. ૩૧

ભગંદર માટે લેપ.

कासीसंसैंधवैरण्डं तैलयुक्तंविमर्दितं ॥
भगन्दरं प्रलेपेन नाशयेन्नात्रसंशयः ॥ ३२ ॥

અર્થ—હીરાકસી, સિંધાલુણ, એરંડીયું એ ત્રણે મેળવી લેપ કરવાથી ભગંદર નિશ્ચે મટે છે. ૩૨

કોઢ માટે લેપ.

ग्रहधूमंपञ्चलवणं क्षारद्वयचक्रमर्दिसलिलेच ॥ व्योषवि षवन्हि बृहतीरात्रिद्वयकुष्ठकंपिल्लैः ॥ ३३ ॥ उग्रशिलासर्षप सूत कसिंदूरतुत्थकासीसैः ॥ गोमूत्रेसंपिष्टे स्नुह्यर्कदुग्धान्वितैर्लेपः ।३४

कुष्ठमहन्त्यशेषं समुत्थितंमण्डलसमुच्छ्रितंति ॥ नाशयतिसप्तवारान् चिरमपिसंवर्णयेच्चित्रं ॥ ३५ ॥ शिलालकोग्रारसताप्यगंधकं ॥ कंपिल्लतुत्थोषणसर्जिटंकणं ॥ कासीसकुष्टंनवनीतसंयुतं स्रवत्सुकुष्ठेष्वधिकंप्रशस्तं ॥ ३६ ॥

અર્થ—ઘરમાંનો ધુમાસ, પાંચ જાતનાં મીઠાં, સાજીખાર, જવખાર, પુંવાડીયા, એઓનો પાણી સાથે લેપ કરવો તો કોઢ મટે છે. અથવા સુંઠ, મરી, પીપર, વછનાગ, ચિત્રામૂળ, મોટીરીંગણી, હળદર, દારૂહળદર, ઉપલેટ, કંપીલો એઓના લેપથી કોઢ મટે અથવા એ દશ ચીજો અને વજ, મણશિલ, સરસવ, પારો, સિંદૂર, મોરથુથું, હીરાકસી એઓને ગાયના મૂત્રમાં ઘુંટી અથવા થોર કે આકડાના દૂધમાં મેળવી લેપ કરવાથી કોઢ મટે છે, મંડળ કોઢ, દાદર, સિંધ્મ, વગેરે સમસ્ત કોઢ નાશ પામે છે એમ ૭ વાર લેપ કરવો તો જુનો કોઢ મટે છે, ચામડીનો સુંદર વર્ણ થાય છે. અથવા મણશિલ, હરતાલ, વજ, પારો, સોવનમાખી, ગંધક, કંપીલો, મોરથુંથુ, સાજીખાર, ટંકણખાર, હીરાકશી અને ઉપલેટ એ સર્વને વાટી માખણ સાથે લેપ કરવાથી ગળીતકુષ્ટ (લોહી પાચ (રસી) વહે અગર માંશ ગળી જાય તે) મટે છે. ૩૩—૩૬

ધોળા કોઢ માટે લેપ.

गुंजावचाग्निकंकुष्टं वाकुचीकांजिकान्वितं ॥
सुपुष्टंचूर्णमेतेषां प्रलेपः श्वेतलक्ष्महृत् ॥ ३७ ॥

અર્થ—ચણોઠી, વજ, ચિત્રો, (ચિત્રાનું મૂળ) ઓદારશીંગ, માળવી બાવચી એઓને કાંજીના રસમાં ઘુંટી લેપ કરવાથી ધોળો કોઢ (એક એકને ચાઠાં ભેગાં ન થયાં હોય તેવી સ્થિતીનો કોઢ) મટે છે. ૩૭

ખસ લુખસ ઉપર લેપ.

कनकभुजगवल्लीमालतीपत्रदूर्वा रसगदकुनटीभिर्मर्दितस्तैललिप्तः ॥ अपनयतिरसेन्द्रः कुष्ठकण्डूविचर्चिं स्फुटितचरणरंध्रंश्यामलत्वंलचायाः ॥ ३८ ॥

અર્થ—ધંતૂરાનાંપાંદડાં, નાગરવેલનાંપાંદડાં, ધરોનોરસ, પારો, ઉપલેટ, મણશિલ અને ઉંટીયોગંધક એઓને ઉક્ત રસમાં ઘુંટી લેપ કરવાથી કોઢ, ખુજલી–ચળ, વિચર્ચિકા કોઢ, તથા હાથ પગ ફાટયા હોય અને ચામડી કાળી પડી હોય તે સર્વ મટે છે. ૩૮

મસા ઉપર બોજો લેપ.

चूर्णसर्जिकयाघृष्टं मसालेप्यंजलेनवा ॥
चूर्णनौसादरंचौकं तुत्थकंस्वर्णगैरिकं ॥ ३९ ॥

અર્થ—ચૂનો અને સાજીખાર પાણી સાથે ઘુંટી લેપ કરવાથી મસા ખરી પડે છે. અથવા નવસાદર, ચૂનો, દારૂડીનાં બીજ. (વા, મૂળ) મોરથુથું અને સોનાગેરૂ પાણી સાથે ઘુંટી લેપ કરવાથી મસા મટે છે. ૩૯

માર–ચોટ લાગેલ હોય તે ઉપર લેપ.

सर्ज्जिकाचहरिद्राच प्रहारे लेपनंहितं ॥
टंकणंसर्प्पिषालेपः कालमेषीजलेनवा ॥ ४० ॥

અર્થ—સાજીખાર, હળદર, દારૂહળદર એઓને વાટી માર વાગેલો હોય ત્યાં લેપ કરવાથી આરામ થાય છે. અથવા ટંકણખાર ઘી સાથે લેપ કરવાથી અથવા કાળાનસોતરનો પાણી સાથે લેપ કરવાથી માર વાગેલો સાલતો હોય તે મટે છે. ૪૦

ગાંઠ ઉપર લેપ.

मरिचंपुष्करंकुष्टं हरिद्रासैंधवंवचा ॥
सर्वग्रंथौहितोलेपः पटिकालवणेनच ॥ ४१ ॥

અર્થ—મરી, પુષ્કરમૂળ, ઉપલેટ, હળદર, સિંધાલુણ અને વજ એઓનો લેપ કરવાથી શરીર ઉપર થયેલી ગાંઠ માત્ર મટે છે. અથવા ખડી અને મીઠું ચોપડવાથી પણ ગાંઠ મટે છે. ૪૧

ફોલ્લીઓ–ફોલ્લા ઉપર લેપ.

कृष्णाजाजीब्रह्मदंडी मरिचंरामपिप्पली ॥
स्फोटिकायांहितोलेपः पानंवातण्डुलांभसा ॥ ४२ ॥

અર્થ—કાળીજીરી (અથવા શાહજીરૂં) તલકંટો, મરી, રાઈપીપર એઓનો સાઠીચોખાના પાણી સાથે લેપ કરવાથી ફોલ્લીઓ મટે છે. ૪૨

વાતરક્ત માટે લેપ.

दूर्वामूर्वासटीशुंठी धान्यकंमधुयष्टिका ॥
सुपिष्टंसीततोयेन रक्तवातेप्रलेपनं ॥ ४३ ॥

અર્થ—ધરો, મોરવેલ, કચૂરો, સુંઠ, ધાણા, જેઠીમધ એઓને ઠંડા પાણી સાથે ઘસી લેપ કરવાથી વાતરક્તનો રોગ મટે છે. ૪૩

હાથ પગમાં ચીરા પડ્યા હોય તે માટે લેપ.

ललनास्तनदुग्धेन सिक्तंगुडघृतंमधु ॥
गैरिकास्फुटपादोपि जायतेपंकजोपमाः ॥ ४४ ॥

અર્થ—સ્ત્રીના ધાવણ સાથે છીપભસ્મ, ગોળ, ઘી, મધ, અને સોનાગેરૂ એઓનો લેપ કરવાથી હાથે પગે ચીરા પડી ગયા હોય તે મટી કમળ જેવા સુવાળા હાથ પગ બને છે. ૪૪

યોનિ સંકોચન માટે લેપ.

सूकडंधातुकीजांगी सौराष्टी फुल्लकंतथा ॥ माजूफलंहौहबेरं लोध्रंदाडिमत्वक्तथा ॥ ४५ ॥ कादम्बर्याभगेलेपो गाढीकरणमुत्तमं ॥ ४६ ॥

અર્થ—સુખડ, ધાવડીનાં ફૂલ, જાંગી હરડે, ફૂલાવેલી ફટકડી, માયાં, છીણીનાં મૂળ, લોધર, દાડિમની છાલ અને કાદંબરી એઓનો લેપ કરવાથી યોનિ કઠણ અને સાંકડી થાય છે. ૪૫—૪૬

ઇંદ્રિ તથા સ્તન વધારવા માટે લેપ.

मरिचंसैंधवंकृष्णा तगरंबृहतीफलम् ॥ अपामार्गस्तिलाःकुष्टं यवमाषाश्चसर्षपाः ॥ ४७ ॥ अश्वगंधाचतच्चूर्णं मधुनासह्योजयेत् ॥ अस्यसन्ततलेपेन मर्द्दनाच्चप्रजायते ॥ ४८ ॥ लिंगवृद्धिःस्तनोत्सेधः सहिताभुजकर्णयोः ॥ ४९ ॥ बृहतीफलसिद्धा

र्थं कन्याधिवचातगरतुरगगंधान्विः ॥ एभिः प्रलेपितंस्यात् पुरुषवराङ्गंहयस्यैव ॥ ५० ॥

અર્થ—મરી, સિંધાલુણ, પીપર, તગર, મોટીરીંગણીનાં ફળ, અંધાડાનું મૂળ, તલ, ઉપલેટ, જવ, અડદ, સરસવ અને આસગંધ એઓનું ચૂર્ણ મધ સાથે દરરોજ લેપ કરવાથી વા, મસળવાથી, પુરૂષની ગુહ્યેંદ્રી (લિંગ) સ્ત્રીના સ્તન, હાથ અને કાન વધે છે, અથવા મોટીરીંગણીનાં ફળ, સરસવ, ઉપલેટ, વજ, તગર અને આસગંધ એઓનો લેપ કરવાથી પણ પુરૂષનું ચિન્હ ઘણુંજ મોહટું થાય છે. ૪૭—૫૦

હવે [1]મલમની રીત કહીએ છીએ.

तप्तेघृतेक्षिपेत्तुत्थ मुत्तार्यमदनंक्षिपेत् ॥ सर्वास्मिन्गलितेतस्मिन् चूर्णमेषांविनिःक्षिपेत् ॥ ५१ ॥. कुंकुमंमुरदाशृंगं सिन्दूरंहिंगुलंतथा ॥ क्षिप्त्वाततोजलंभूरि हस्तेनपरिमर्दयेत् ॥ ५२ ॥ दुरीकृत्यजलंसर्वं सिद्धभाण्डेनिधापयेत् ॥ दग्धव्रणेदग्धमेढ्रे चन्द्रिकायांसदाहितम् ॥ ५३ ॥ तप्तेघृतेक्षिपेत्तुत्थं उत्तार्यचक्षिपेद्धिमान् ॥ कपिलंमुरदाशृंगं खदिरंरंगपत्रिका ॥ ५४ ॥ क्षिप्त्वाजलंमथित्वात त्सर्वव्रणविरोहणं ॥ ५५ ॥

અર્થ—ઘી ઉન્હું કરી મોરથુથું અંદર નાખી નિચે ઉતારી માખીનું ચોખું પીળું મીણ નાખવું, તે ગળી જાય ત્યારે કેશર, વા,

---

[1] મલમ બનાવતી વખતે હમેશાં મલમ કરવાનું વાસણ મ્હોટું રાખવું, પંખો પાસે રાખી ઉભરો આવે તે વખતે પવન નાખવો, જો ન્હાનું વાસણ હોય તો ઉભરાઈ જાય છે અને ભડકો થઈ ઉઠે છે; માટે તે સંભાળ બરોબર રાખવી, ઘી અગર તેલ સારી પેઠે ગરમ થાય ત્યારે મીણ નાખી ઓગળ્યા પછી બીજી દવાઓ નાખવી, મીણ શીવાય મલમ કરવાનું હોય તો તે ચીજ નાખી ઝટ નીચે ઉતારી લેવું, જો સિંદૂર પરીપકવ કરવું હોય તો શ્યામરંગ થાય ત્યાં સુધી દેવતા ઉપર રાખી હલાવતે જવું, તૈયાર થયે ચિકણા—કાટ ન ચઢે તેવા વાસણમાં ભરી રાખવું.

કંકુ બોદારશીંગ, સિંદૂર, હીંગળોક નાખી તેમાં પાણી રેડી હાથથી ખૂબ ફીણવું પછી પાણી કાહાડી નાખી તે મલમ સુંદર ચીનાઈ માટીની કે કલાઈની ડાબડીમાં ભરી રાખવું તે મલમ બળ્યાના ફોલ્લા અથવા બળ્યાની ચાંદી ઉપર તથા ગરમીની ચાંદી માટે હમેશાં હિતકારી છે. અથવા ઘી ઉન્હું કરી મોરથુથું નાખી, ઉતારી કંપીલો, બોદારશીંગ, ખેરસાર અને મેહદીનાં પાંદડાં તેમાં નાખી પાણી રેડી ખૂબ મથવું (ફીણવું) આ મલમ ગુબડાં માટે સારૂં છે. ૫૧—૫૫

બીજી રીત.

तप्तेघृतेक्षिपेद्राल मुत्तार्यंचजलंक्षिपेत् ॥ मथित्वानिर्जलंकृत्वा व्रणादौतत्प्रयोजयेत् ॥ ५६ ॥ मदनंमस्तकीतुत्थं रालिसिन्दुरटंकणम् ॥ गुग्गुलंमुरदाशृंगं बेरजंरंगपत्रिका ॥ ५७ ॥ कपिल्लं कुंकुमंकाथं माजूमदनकैर्फलम् ॥ मरिचंहिंगुलंजांगी पलाचेतिसमाः समाः ॥ ५८ ॥ लोहपात्रेघृतेतप्ते यथायोग्यमिमान्क्षिपेत् ॥ प्रक्षिप्यचजलं पश्चात् मथित्वाजलमुत्सृजेत् ॥ ५९ ॥ ततस्थापयेच्छुभेभाण्डे व्रणादौविनियोजयेत् ॥ नासूरचन्द्रीकांदुष्ट व्रणशोधनरोपणं ॥ ६० ॥

અર્થ—ઉન્હા કરેલા ઘીમાં રાળ નાખી નીચે ઉતારી પાણી નાખી સારી પેઠે ફીણવું તે મલમ ગુબડાં ઉપર ચોપડવાથી ગુબડાં મટે છે. (આ પ્રયોગ સ્તનની ડીંટડીઓએ ચીરા પડયા હોય તો તેને માટે અકશીર છે) અથવા મીણ, મસ્તકી ગુંદ, મોરથુથું રાળ, સિંદૂર, ટંકણ, ગુગળ, બોદારશીંગ, બેરજો, મેહદીનાં પાંદડાં, કંપીલો, કેશર, ધોળો કાથો, માયાં, મિંઢળ, મરી, હીંગળોક, મોટી હરડે અને એલચી એ સર્વ બરાબર લઈ પછી લોખંડના વાસણમાં ઘી ઉન્હું કરી જોઇએ તેટલું મીણ નાખી તે દવાઓ અંદર નાખી હલાવી પાણી રેડી ખૂબ મથ્યા બાદ પાણી કાહાડી નાખી સુંદર વાસણમાં ભરી લેવો તે મલમ ગડ-ગુંબડ, નાસૂર, ચાંદી, દુષ્ટ વ્રણ (ન રૂઝાતું હોય તેવું ગુબડું) વગેરે રૂઝાય છે વ્રણનું શોધન કરે છે (રસી-પાસ વગેરેને પકવીને કાહાડે છે) અને રોપણ (અં-

ગુર-અંકુર જલ્દી લાવી શકે તેવા) ગુણવાળો છે. ૫૯—૬૦

તથા

विषंतुत्थंतथागुंजा सिन्दुरम्नवसादरं ॥ नरमूत्रेणसंघृष्य कृत्वारुधिरमोक्षणम् ॥ ६१ ॥ विषंचसूतंनवसादरंच मयूरतुत्थंकलहंसवल्लीम् ॥ शल्येचनष्टेशतवर्षपक्वे वातारिगद्यमुनयोवदन्ति ॥ ६२ ॥

અર્થ—વછનાગ, મોરથુથું, ચણોઠી, સિંદૂર અને નવસાદર એઓને મનુષ્યના પેશાબમાં ઘુંટી લેપ કરવાથી લોહી નીકળતું બંધ થાય છે. અથવા વછનાગ, પારો, નવસાદર, મોરથુથું અને રાજ હંશવેલ (વા હંસપદી–આબુના પાહાડ ઉપર થાય છે) એઓનો લેપ કરવાથી જૂનો મારનો દુખાવો અને સો વર્ષનો પાકેલો કે પડેલો ઘા ન રૂઝાતો હોય તો તે પણ રૂઝે છે એમ રૂષિઓએ કહ્યું છે. ૬૧—૬૨

सिन्दूरंविषपारदंसुगणिकाचोकं विषंसर्जिका।क्षारंत्र्यूषण संचलंसलवणापंचार्णवाद्रैनिशे ॥ एरण्डस्वरगंधकंहिरमजारक्तावलीअग्निका नेपालंनवसादरंक्षुपरकंभागैः समंपेषयेत् ॥ ६३ ॥ गोमूत्रेणगुडेनचार्क पयसास्नुह्याश्चधूमो गृह्यात्।एतन्नामरसेनसिंहसह्वितः सारंगराजोगदः ॥ ६४ ॥

અર્થ—સિંદૂર, વછનાગ, પારો, ખડીઓખાર (વા, ટંકણ) દારૂડીનાં બીજ, અતિવિષ, સાજીખાર, ત્રિગડુ (સુંઠ, મરી, પીપર) સંચળ, પાંચ જાતનાં મીઠાં, હળદર, દારૂહળદર, એરંડિયાના ગોળા, ગંધક, રમચી (એક જાતની માટી) રતાંજળિ, ચિત્રામૂળ, નેપાળાની બીજ, નવસાદર અને ઉંદરની લીંડી એ સર્વ સમાન ભાગે લઈ ગાયનું મૂત્ર, ગોળ, આકડાનું દૂધ, ઘરમાંનો ધુમાસ એઓ. ને એકત્ર ઘુંટી લગાડવાથી સંપૂર્ણ વિષરોગ દૂર થાય છે એમ શારંગરાજે કહ્યું છે. ૬૩—૬૪

વિસર્પ માટે લેપ.

शम्भोः कण्ठनिवासनंमनशिलानौसादरंनीलकं साजीचौ-

કકચૂંરसावणरसंधूमंचमात्राद्वयम् ॥ नेपालं विषगंधकंचलशुनां शिलयाचमूत्रंनरै रित्येतद्विषनाशनंह्मिमुनिभिः कालाह्निभुक्तेः स्मृतं ॥ ६५ ॥

અર્થ—વછનાગ, મણુશિલ, નવસાદર, મોરથુથું (અથવા ગળી) સાજીખાર, દારૂડીનો રસ, કચૂરાનો રસ (અથવા કપૂર) ઘરમાંનો ધુમાસ, નેપાળો, અતિવિષ, ગંધક, લસણ અને મણુશિલ એઓને નર (મનુષ્યના) મૂત્ર સાથે લગાડે તો વિષ નાશ પામે તથા કાળો સાપ કરડયો હોય ત્યાં અસ્તરા વડે જરા લોહી કાહાડી તે સ્થળે આ દવા મસળે તો આરામ થાય છે. ૬૫

હવે લોહી કઢાવવાની મર્યાદા લખીએ છીએ.

शरत्कालेवसंतेच कुर्याद्रक्तस्रुतिंनरः ॥ तुंबीशृंगोजलौकाभिः शिरामाक्षैः करैस्तथा ॥ ६६ ॥ आषाढचार्द्राशरदोहचित्रा वसन्तकेमीनगतेचभानौ ॥ वमिर्विरेचंरुधिरस्रुतिश्च तदानराणांस्रुखदा भवन्ति ॥ ६७ ॥ दशांगुलंहरेत्शृंगी तुम्बीचद्वादशांगुलम् ॥ जलौकाहस्तमात्रन्तु शिरासर्वांगशोधिनो ॥ ६८ ॥ क्षुरश्चांगुलमात्रंतु गृह्णातिरुधिरंबलात् ॥ शोफेदाहेंगपाकेच रक्तवर्णेसृजेःस्रुतौ ॥ ६९ ॥ वातरक्तेतथाकुष्ठे सपीडेदुर्जयेनिले ॥ कण्डुरोगेश्लीपदेच विषदुष्टेचशोणिते ॥ ७० ॥ ग्रंथ्यर्बुदापचोक्षुद्र रोगरक्ताधिमादिषु ॥ विदारीस्तनरोगेषु गात्राणांस्वरगौरवम् ॥ ७१ ॥ रक्ताभिस्यंदतंद्रार्यां पूतघ्राणस्यदेहके ॥ यकृत्प्लोह्नविसर्पेषु विद्रधौपिटिकोद्गमे ॥ ७२ ॥ कर्णोष्ठघ्राणवक्त्राणां पाकेदाहेशिरोरुजि ॥ उपदंशे रक्तपित्ते रक्तस्रावः प्रशस्यते ॥ ७३ ॥ नकुर्वीतशिरोमोक्षं कृशस्यातिव्यवायिनः ॥ क्लीबस्यभीरोर्गर्भिण्याः सूतिकापाण्डुरोगिणाम् ॥ ७४ ॥ व्यायाममैथुनक्रोधी शीतस्थानप्रवातकान् ॥ एकाशनंदिवानिद्रा क्षाराम्लकटुभोजनम् ॥ ७५ ॥ अभिजल्पंजलंभूरि त्यजेदाबलदर्शनात् ॥ ७६ ॥

અર્થ—શરદ ઋતુમાં અથવા વસંત ઋતુમાં તુંબડી, શીંગડીં, જળો કે ફસ (નસ-શિરા) ખોલાવી લોહી કઢાવવું અથવા આષાઢ મહિનામાં આર્દ્રા નક્ષત્રનો સૂર્ય હોય ત્યારે, આસો મહિનામાં ચિત્રા નક્ષત્રનો સૂર્ય હોય ત્યારે, અને વસંત ઋતુમાં મીન રાશીનો સૂર્ય હોય ત્યારે ઉલટી, જુલાબ (રેચ) અને લોહી કઢાવવા મનુષ્યોએ જરૂર લક્ષમાં રાખવું તો સુખ થાયછે મતલબમાં એ યોગમાં ઉલટીની દવા, રેચની દવા, અને ફસ ખોલાવવાના પ્રયોગ ઉપયોગમાં લીધાથી દરદો મટે છે જેથી સુખ પ્રાપ્ત થાય છે. શીંગડી દશ આંગળ સુધીનું તુંબડી-રૂંબડી ૧૨ આંગળ સુધીનું અને જળો હાથભર સુધીનું અને ફસ (નસ) બધા શરીરનું લોહી શુદ્ધ કરી શકે છે. તેમજ નસ્તર વા અસ્તરો એક આંગળ સુધીનું લોહી સાફ (શુદ્ધ) કરી શકે છે. તથા સોજાના રોગીનું, શરીરમાં બળતરા થતી હોય તેનું, ફોલ્લીઓથી શરીરનો ભાગ પાકતો હોય તેનું, વા, શરીર લાલ રંગનું થતું હોય તેનું, વાતરક્ત, કોઢની પીડા, ભયંકર વાયુ, પાંડુ, કીડીનગરૂં-રાફ શ્લીપદ, (પગ સુઝીને જાડો થઈ જાય તે) અને સાપના ડંખવાળો એટલા રોગ વાળા રોગીનું લોહી કઢાવવુંજ જોઇએ; તથા ગાંઠ, અર્બુદની ગાંઠ, અપચી. ન્હાનાં લોહી વીકારનાં દરદો થએલ હોય, લોહી બીગાડ આદિ, વીદારીકા (એક જાતની ફોલ્લી) સ્તનપાકવો કે બીજો રોગ હોય, શરીર ભારે કે અક્કડાઈ ગએલું હોય, સ્વરભંગ, આંખ લાલ રેહતી હોય, તંદ્રા, નાક, મ્હોં, અને શરીરરોગવાળાનું, કાળજાનીવ્યાધિ, બરોળ, વિસર્પ, વિદ્રધિ, પિટિકા, કાન, ઓઠ, નાક, અને મ્હોં પાકયું હોય તેનું અથવા તેઓમાં બળતરા થતી હોય, માથાનો દુખાવો, ઉપદંશ (ચાંદી) રકતપિત્ત, એટલે સોજાથી રકતપિત્ત સુધીની જે ગણના કરવામાં આવી તે રોગવાળાઓનું અવશ્ય લોહી કઢાવવું. પરંતુ દુર્બળ શરીરવાળાનું, સ્ત્રી સંગ બહુ કરતો હોય તેનું, નપુંષકનું, બ્હીકણુ કે ડરી ગયો હોય તેનું, ગર્ભિણિ સ્ત્રીનું, સુવા રોગ વાળી કે અધુરે ગર્ભ પડી જતો હોય તે સ્ત્રીનું, પાંડુ રોગીનું. કસરત કરનારનું, કામીનું, ક્રોધીનું, જેનું શરીર પરશેવે કરીને સદા ઠંડુ રહે તેનું, વાયુ રોગીનું, એક ટંક જમતો હોય તેનું, દિવસે ઉંઘનારનું, ખારૂં ખાટું તીખું

ભોજન કરનારનું, ઘણું બોલ બોલ કરે તેનું અને પાણીમાં ઘણું તરતો હોય તેનું, પાંચ કર્મ ન કર્યાં હોય તેનું, હરસના રોગીનું, આખા શરીરે સોજો ચઢયો હોય તેનું, પેટના રોગીનું, ઉધરસ, શ્વાસ, ઉલટી, અતીસાર, ભૂખ્યો, મળમૂત્રના વેગવાળો. અને મૂછિત રોગી એટલા મનુષ્યોનું તથા સોળ વર્ષથી કમતી અને સીત્તેર વર્ષથી વધારે વર્ષ થયાં હોય તેનું લોહી કદી પણ કઢાવવું નહી, માટે બળાબળ જોઈ લોહી કઢાવવાની ક્રીયા ધ્યાનમાં લેવી. ૬૯—૭૬

તથા

अतिप्रवृत्तेरक्तेच यवगोधूमचूर्णकैः ॥ सर्प्पनिर्मोकचूर्णैर्वा क्षौमवस्त्रस्यभस्मना ॥ ७७ ॥ मुखेव्रणस्यबद्धाच शीतश्चोपचारेद् व्रणम् ॥ ७८ ॥

અર્થ—જળો, તૂંબડી, શીંગડી, કે નસ ખોલાવી હોય અને તેમાંથી લોહી વહેતું બંધ ન પડતું હોય તો જવનો આટો, ઘઉંનો આટો, સાપની કાંચળી અને રેશમી કપડાની રાખ તે ઉપર લગાડી દેવી અને તે ઊપર ઠંડા ઉપાય ઉપયોગમાં લેવા તો લોહી નીકળતું બંધ થશે. ૭૭—૭૮

નાસ લેવાની રીત.

उत्तानशायिनंकिंचित् प्रलम्बंशिरसंनरम् ॥ आशीर्णहस्तपादंच वस्त्राच्छादितलोचनम् ॥ ७९ ॥ समुन्नमितनासाग्रं वैद्यो नस्येनयोजयेत् ॥ कोष्णमच्छिन्नधारंच हेमताराद्शुक्तिभिः ॥ ८० ॥ नस्येष्वासिच्यमानेषु शिरोनैवप्रकम्पयेत् ॥ नकुप्येतप्रभाषेत नोच्छिकेन्नहसेत्तथा ॥ ८१ ॥ उपविश्याथनिष्ठीवे घ्राणवक्त्रगतन्द्रवम् ॥ वामदक्षिणपार्श्वाभ्यां निष्ठीवेत्सम्मुखेनहि ॥८२॥

અર્થ—નાસ લેનાર માણસને ચત્તો સુવાડી, ઓસીકું મૂકી માથું ઉંચુ અને સીધું રખાવી, હાથ પગ પોહળા ખાવી લુગડાથી આંખો ઢાંકીદઈ નાકને ઊંચું રખાવી નસકોરામાં નાસ આપવો અને ઉન્હા પાણીની અવિચ્છિન્ન ધાર કરવી, સોના ચાંદીના ચમચાથી કે છીપથી

નાસ દેવો તથા નાસ દેતી વખતે માથું જરા પણ હલાવવું નહિ, રીસ કરવિ નહિ, બોલવું નહિ, છીંક ખાવી નહિ તેમ હસવું પણ નહિ, નાસની દવા ઉપયોગમાં લીધા બાદ ઉઠી છીંક ખાવી નાક અને મ્હોંમાંથી પાણી (થુંક-લીંટ) પડે તે ડાબી વા જમણી તરફ કરવું એટલે થુંકવું કે નાક નછીકવું હોય તે ડાબી કે જમણી બાજુએ, પણ સન્મુખ થુંકવું કે નછીકવું નહિ. ૭૯—૮૨

નાસના કામની ઔષધીઓ.

नस्यंस्याद्गुडशुंठीभ्यां विकारेवातकेहितम् ॥ शर्कराघृतयष्टयौकापित्तकेनस्यमेवच ॥ ८३ ॥ श्लेष्मकेसुरसावासा रसंसुविहितंचतत् ॥ विडंगुहिंगुमगधा कृमिदोषेहितंमतम् ॥ ८४ ॥ रक्तजे सृक्विरेकन्तु शिरोरोगमुपक्रमः ॥ शर्कराकुंकुमंनस्यं घृतंभृष्टंशिरार्त्तिनुत् ॥ ८५ ॥ समुद्रफलनस्येन छीकन्याभावयेनवा ॥ षड्बिन्दु तैलनस्येन यान्तिरोगाः कपालजाः ॥ ८६ ॥

सैंधवंश्वेतमरिचं सर्षपाः कुष्टमेवच ॥ वस्तमूत्रेणपिष्टानि नस्यंतंद्रानिवारणम् ॥ ८७ ॥ दुर्वारसोदाडिमपुष्पजोवा घ्राणप्रवृत्तेसृजिनस्यमुक्तम् ॥ स्तन्येनवालक्तरसेनवापि विमक्षिकाणांविनिहन्तिहिक्काम् ॥ ८८ ॥ नस्यंदाडिमपुष्पोत्थं रसोदूर्वाभवस्तथा ॥ आम्रास्थिमिलितादूर्वा नासिकाच्युतरक्तजित् ॥८९॥ अपस्मारेतथोन्मादे शिरोरोगेचपीनसे ॥ अचैतन्येक्षिनासादि रोगेनस्यंदिवाहितं ॥ ९० ॥ एकान्तरंद्व्यंतरंवा नस्यंदद्याद्विचक्षणः ॥ त्र्यहंपश्चाहमथवा सप्ताहंवायुपंत्रितः ॥ ९१ ॥

અર્થ—ગોળ અને સુંઠનો નાસ વાયુ રોગવાળાને હિતકારી છે. સાકર ઘી અને જેઠીમધનો નાસ પિત્ત રોગીને હિતકારી છે. તુલસી અને અરડૂસાના રસનો નાસ કફ રોગીને હિતાવહ છે. વાવડીંગ, હીંગ અને પીપરનો નાસ માથામાં જીવાત પડી હોય તેને ફાયદાકારી છે, લોહી માથે ચઢયું હોય તો રેચ લેવાથી અથવા સાકર

કેશર અને ઘી એકત્ર કરી ઉન્હું કરી નાસ દેવાથી માથાની પીડા મટે છે. તથા સમુદ્ર ફળના નાસથી વા, નખ છીકણી કે ખટ્ બિંદુ તેલના નાસથી કપાળના રોગ નાશ પામે છે. (ખટ્ બિંદુ તેલ તૈલાધિકારના પૃષ્ટ ૨૩૭ માં જુઓ) સિંધાલુણ, ધોળાં મરી, સરસવ અને ઉપલેટ એ બકરીના મૂત્ર સાથે ઘુંટી નાસ દેવાથી તંદ્રા મટે છે. તથા ધરોનો રસ કે દાડમનાં ફૂલનો રસ, સુંઘવા (નાસ લેવા) થી નાકમાંથી લોહી પડતું (નસકોરી ફૂટતી) હોય તે મટે છે. સ્ત્રીનું ધાવણ કે અલતાનો (પોથીનો) રસ વા, માખીની હગારનો નાસ લેવાથી હેડકી મટે છે. અથવા દાડમના ફૂલનો રસ, ધરોનો રસ લઈ તેમાં આંબાની ગોટલી ઘસી નાસ લેવાથી નાકમાંથી લોહી પડતું હોય તે મટે છે. મૃગી વાયુ, ઉન્માદ, માથાનો રોગ, પીનસ, મૂર્ચ્છા, અને આંખ, નાક વગેરેના દરદોને નાસ હિતકારીછે તે નાસ એકાંતરે અથવા બે દહાડાના અંતરે, ત્રણ, પાંચ વા સાત દહાડાના અંતરે રોગનું પ્રમાણ વિચારી બુદ્ધિમાન ચતુર-ચાલાક વૈદ્યે નાસ દેવો. ૮૩—૯૧

નાકથી પાણી પોવાની રીત તથા તેથી થતા ફાયદા.

द्विघटिघननिशायांप्रातरुत्थायनित्यं पिबतिखलुनरोयोघ्राणरंध्रेणवारि॥ सभवतिमतिपूर्णश्चक्षुषस्ताक्ष्र्यतुल्यो वलिपलितविहीनः सर्वरोगैर्विमुक्तः ॥ ९२ ॥

અર્થ—જે મનુષ્ય પાછલી બે ઘડી રાત રહે ત્યારે ઉઠી (મ્હોં ધોઈ, નાક સાફ કરી સ્વચ્છ મનવડે) નિયમ પ્રમાણે વાસી પાણી નાકથી પીએ તો તે મનુષ્ય નિશ્ચે બુદ્ધિશાળી તથા યાદશક્તિવાળો બને છે અને ગરૂડ પક્ષી સમાન સતેજ અને નિરોગી આંખ થાય છે. તેમજ જરાએ કરી રહિત (કરોચલી અને પળિયાં વગરનો) સારાંશમાં સર્વ રોગથી મુક્ત (નીરોગી) રહે છે. ૯૨

રેચ-જુલાબ લેવાની મર્યાદા.

शरत्कालेवसन्तेच प्राट्कालेचदेहिनां ॥ वमनंरेचनंचैव कारयेत्कुशलोभिषक् ॥ ९३ ॥ त्रिदिनंपाचनंपूर्वं गृहीत्वाघृतभाज

नम् ॥ स्नेहनंस्वेदनंकृत्वा दद्यात्सम्यग्विरेचनम् ॥ ८४ ॥ दोषाः कदाचित् कुप्यन्ति जितालंघनपाचनैः ॥ येतुसंशोधनेशुद्धा स्ते षांनपुनरुद्भवः ॥ ९५ ॥ पीत्वाविरेचनंशीतं जलैः संसिच्यचक्षुषी ॥ सुगंधेर्किंचिदाघ्राय ताम्बूलंशीलयेन्नरः ॥ ९६ ॥ निवातस्थो निवेगांश्च धारयेन्नस्वपेत्तथा ॥ शीताम्बुनस्पृशेत्कापि कोष्णंनीरं पिवेन्मुहुः ॥ ९७ ॥ इच्छाभेदीचनाराच श्छुरीकारोरसोथवा ॥ पूज्यपादगुटीशीतं रेचत्युदयभास्करः ॥ ९८ ॥ अभयामोदकंप श्चा त्किरमालादिपंचकम् ॥ दन्तीविशालास्नुकूदुग्ध खण्डेनत्रिवृ-तातथा ॥ ९९ ॥ दुग्धेनैरण्डतैलेन मथदुग्धेननागरं ॥ उष्ट्रीपयोथ कंपिल्लं घोडाचोलीगुटीतथा ॥ १६०० ॥

मात्रोत्कृष्टांविरेकस्य त्रिंशद्वेगैः स्मृताथवा ॥ वेगैर्विंशतिभिर्मध्या हीनोक्तादशवेगकैः ॥ १ ॥ विरेकस्यातियोगेन मूर्च्छाभ्रंशो-गुदस्यच ॥ शूलंकफोतिछर्दिः स्यात् रक्तंवापिविरच्यते ॥ २ ॥ तदाशीताम्बुनाहस्तो पादौप्रक्षालयेन्मुहुः ॥ शालिभिः षष्टिकैर्दुग्धै र्मधुरश्चापिभोजयेत् ॥ ३ ॥ पित्तेविरेचनंयुंज्या दामोद्भूतेतथागुदे ॥ उदरेचतथाध्माने कोष्ठशुद्धौविशेषतः ॥ ४ ॥ कुष्टार्शकृमिवासर्प वातासृग्पांडुरोगिणः ॥ कफकासविषार्तांश्च विरेच्याः स्युर्भिषग्वरैः ॥ ५ ॥ बालावृद्धावतिस्निग्धः क्षतः क्षीणोभयान्वितः ॥ श्रांतस्तृषार्त्तस्थूलश्च गुर्विणीचनवज्वरी ॥ ६ ॥ नवप्रसूतानारी च मन्दाग्निश्चमदात्ययी ॥ शल्यार्दितश्चरूक्षश्च नविरेच्याविजा-नता ॥ ७ ॥

અર્થ—શરદ ઋતુમાં, વસંત ઋતુમાં અને વર્ષાકાળમાં શરીરધારી મનુષ્યોને સર્વ વાતમાં કુશળ વૈદ્યોએ ઉલટી અને રેચની દવા દેશ કાળ વય અગ્નિ અને શરીરનો બાંધો તથા રોગનું પ્રમાણ જોઈ નિશ્ચે આપવી. રેચ આપવા પેહલાં ત્રણ દિવસ મળ પાચન થાય તેવી ઔષધીઓનો કવાથ વા, અન્ય ઔષધ આપવું, ઘી સાથે ખીચડી

અથવા તેવુંજ હલકું ભોજન ઘી સાથે કરાવવું, તેલ મર્દન કરાવવું, પરસેવો છૂટે તેમ કસરત કે મહેનત કરાવવી (અથવા ઘી તેલ-શરીરે મશળી જરા શેક કરી પરસેવો લવરાવવો) રેચની ઔષધી આપવી. લંઘન (ભૂખ્યા રેહેવું) તથા પાચન વડે જે રોગો શાંત પામ્યા હોય તે કોઈ વખતે પણ ફરી થાય છે; પરંતુ રેચ અને ઉલટી લેવાથી જે દરદો નાશ પામ્યાં છે તે પુનઃ (ફરી) થતાંજ નથી. રેચની દવા ખાધા પછી ઠંડા પાણીથી આંખો મ્હોં ધોઈ નાખી થોડો વખત સુગંધિ પદાર્થો સુંઘવાં, પાન બીડું ખાવું, જ્યાં વાયરો ન લાગે તે જગોએ બેસવું, થાક લાગે તેવું કાર્ય ન કરવું, તેમ સુવું પણ નહિ, ઠંડા પાણીને હાથ પણ અડાડવો નહી (હાથ પગ ધોવા કે ન્હાવું નહિ) પણ ઉન્હું પાણી ઘડીએ ઘડીએ પીવું. ઈચ્છાભેદી, નારાચ, છુરીકારી, પૂજ્યપાદ, ઉદયભાસ્કરા હિરસો અભયાદિ મોદક, ગરમાળા પંચક, અથવા નેપાળાનું મૂળ, ઇંદ્રવારૂણી, થોરનું દૂધ વા ખાંડની સાથે નસોતર ફાકવી. અથવા એરંડીયું દૂધની સાથે પીવું, વા, સુંઠનો કવાથ તથા દીવેલ દૂધમાં નાખી પીવાં. અથવા કંપીલો અને ઉંટડીનું દૂધ પીવું. અથવા ઘોડાચોળીની ગોળીયો ખાવી. વધારામાં વધારે રેચની માત્રા લીધી હોય તો ૩૦ વાર રેચ લાગે તે ઉત્તમ જાણવો. ૨૦ વાર લાગે તે મધ્યમ અને ૧૦ વાર લાગે તે કનીષ્ટ જાણવો. જો વધારે (હદથી ઉપરાંત) રેચ લાગે તો મૂર્છા (બેહોસ) થાય, ગુદા બ્હાર નીકળે, શૂળ ચાલે, કફ અને લોહીની ઉલટી થાય છે. માટે માફક સર રેચ લાગ્યો એટલે બંધ કરવા માટે વારંવાર ઠંડા પાણીથી હાથ પગ ધોવા, સાઠીચોખા (વરી-લાલરંગના ચોખા) દૂધ, મસુરની દાળનું પથ્ય ભોજન કરવું (સાકર ધાણા પલાળીને પીવા) આમના રોગીને, ગુદાના રોગીને, પેટના રોગીને, આફરાવાળાને, કોઠામાં (પેટમાં) બગાડ થયો હોય તેનો કોઠો શુદ્ધ કરવાને, કોઢવાળાને, હરસના રોગીને, કરમીયાના રોગીને, ખરજ (ખુજલી) વાતરક્ત રોગીને, પાંડુ રોગીને, કફવાળાને, ઉધરસ વાળાને, ઝેર ખાધું હોય કે ચઢયું હોય તેને જલ્દીથી રેચ આપવો. (આંખ, નાક, મ્હોં, મસ્તક અને કાનના રોગીને, ગોળો શૂળ, સોજો, મૂત્રઘાત, પ્રમેહ, ગડગુંબડ, જુનો તાવ, વાળો, અ-

જીર્ણ અને યોનિના રોગવાળી સ્ત્રી એટલા રોગીઓને અવશ્ય રેચ આપવો); પરંતુ બાળક, વૃદ્ધ, ઘણો સુકમાળ (અમીર-નાજુક પ્રકૃતી વાળાને) છાતીમાં પડેલાં ચાંદાથી ક્ષીણુ થયેલ, વા શસ્ત્રના ઘા લાગવાથી ક્ષીણુ થયો હોય, થાકેલો (ખેદ યુકત) બ્હીકણુ, તરસ્યો, જાડા શરીરવાળો, ગર્ભિણી સ્ત્રી, નવો (તુરતનો) તાવ આવેલો હોય, સુવાવડી સ્ત્રી, મંદ અગ્નિ થઈ હોય, નિસ્સો કર્યો હોય, જેના સાંધાઓમાં પીડા થતી હોય અને લુખું જમનાર એટલા મનુષ્યોને કદી રેચ આપવો નહિ. ૯૩—૧૬૦૭

વમન-ઉલટી આપવાની મર્યાદા.

कासेश्वासेकफव्याप्ते हृद्रोगेविषपीडिते ॥ गलशुंड्याभ्रमेकुष्टे वमनंकारयेद्भिषक् ॥ ८ ॥ पीत्त्वायवागुमाकण्ठं क्षीरंतक्रद्धीनिवा ॥ भुक्त्वाचश्लेष्मलंभोज्यं स्निग्धःस्विन्नस्ततोवमेत् ॥ ९ ॥ वमनेषुचसर्वेषु सैंधवंमधुनाहितम् ॥ कृष्णारोठफलंसिंधु कफेकोष्णजलैः पिबेत् ॥ १०॥ पटोलवासानिम्बैश्च पित्तेशीतलजंपिबेत् ॥ सश्लेष्मवातपीडायां सक्षीरंमदनांपिबेत् ॥ ११ ॥ अजीर्णकोष्णपानीयं सिंधुपीत्त्वावमेत्सुधीः ॥ कंठेमेरण्डनालेन स्पृशन्तंवमयेद्भिषक् ॥ १२ ॥ पिंप्पलींद्रयवासिंधु स्तथामदनकंफलम् ॥ कवोष्णं मदनालीढं वामयेत्कफरोगिणाम् ॥ १३ ॥ अम्लतक्रंसलवणं तथा मदनकंफलम् ॥ तुत्थंकार्पासमज्जावा श्वानविद्विषवामने ॥ १४ ॥ अतिमात्रौभवेद्धिक्का कंठपीडाविसंज्ञिता ॥ शाम्यंत्यनेनतृष्णायाः पीडाछर्दिसमुद्भवा ॥ १५ ॥ धात्रीजनांरसोशीर लाजांचन्दनवारिभिः ॥ मंथंकृत्त्वापाययेच्च सघृतंक्षौद्रशर्करं ॥ १६ ॥

અર્થ—જે મનુષ્યને ઉધરસ, શ્વાસ, કફે કરીને સહિત છાતીનો રોગ હોય, ઝેરથી પીડાતો, ગળસુંડાં (ચોરીયા) આવ્યાં હોય, ફેર, કોઢ એટલા રોગીઓને ઉલટી અવશ્ય (જરૂર) કરાવવી. યવાગુ (યવાગુની રીત પૃષ્ઠ ૨૦૨ માં જુઓ) પાવું, દહી, છાસ દૂધ વગેરે

ખૂબ ધરાઈને પીવું અથવા કફ પેદા કરનારી સ્નિગ્ધ વસ્તુઓ ખાવીં; બાદ ઉલટીની દવા આપી વમન કરાવવું. સર્વ દોષ માટે વમન કરાવવમાં સિંધાલુણ અને મધ હિતકારી છે. પીપર, અરિઠાં, સિંધાલુણ એ ઉન્હા પાણી સાથે કફના રોગીને પીવાં. અથવા, પટોલ (કડવાં તુરીયાં) અરડૂસો, લીંબડો, એ ઠંઢા પાણી સાથે પિત્તના રોગીને પીવાં. અથવા દૂધની સાથે મીંઢળનાં બીજ કફવાયુ વાળા રોગીને પીવાં. અજીર્ણ રોગીને સિંધાલુણ ઉન્હા પાણી સાથે પીવું તો ઉલટી થાય છે. તથા એરંડાની લાકડી ગળામાં નાખવાથી ઉલટી થાય છે. કફ રોગીને પીપર, ઇંદ્રજવ, સિંધાલુણ, મીઢળનાં બીજ, એ ઉન્હાં કરી મધ સાથે ચાટવાં. અથવા ખાટી છાસમાં મીઠું નાખી કે મીંઢળ નાખી પીવું અથવા મીંઢળ, મોરથુથું, કપાસની મીંજો પીવી અથવા ઝેર ખાધેલું હોય તેને કૂતરાની વિષ્ટા પાવી તો ઉલટી થાય. જો હદ ઉપરાંત ઉલટી થાય તો હેડકી, ગળામાં દુખાવો, બેહોસ (સંજ્ઞાએ કરીને રહિત) અને તરસ એટલા રોગો ઉત્પન્ન થાય છે. તેને શાંત કરવા માટે આમળાનો રસ, વાળો, ચોખાની ધાણી અને ચંદન એઓને પાણીમાં ઘુંટી વા મંથ કરી પીવાં અથવા ઘી મધ અને સાકર પીવી તો આરામ થાયછે ૮—૧૬

હવે સ્વેદની મર્યાદા કહીએ છીએ.

स्वेदश्चतुर्विधः प्रोक्तः स्तापांश्मस्वेदसंज्ञितौ ॥
उपनाहोद्रवः स्वेदः सर्वेवातार्त्तिहारिणः ॥ १७ ॥
तेषुतापाभिधः स्वेदो वालुकावस्त्रपाणिभिः ॥
कपालंकण्टकाङ्गारैः यथायोग्यंप्रयुज्यते ॥ १८ ॥
उष्मास्वेदः प्रयोक्तव्यो लोहपिण्डैष्टकादिभिः ॥
प्रतप्तैरम्लसिक्तैश्च कार्योनक्तकवेष्टितैः ॥ १९ ॥

---

૧ તીમર રોગી, ગોળાનોરોગી, અને ઉદાવર્ત રોગીને તથા જાડા મનુષ્યને, ગર્ભિણીને, ભૂખ્યાને, વાયુ રોગીને, દુર્બળને, માર વાગેલો હોય તેને, મેદવાળાને અને વૃદ્ધ એટલાંને ઉલટી ન કરાવવી.

खर्प्परभृष्टपटस्थितं कांजिकासक्तोह्निवालुकास्वेदः॥

शमयतिवातकफामय मस्तकशूलांगभंगादीन् ॥ २० ॥

फलस्वेदंघटीस्वेदं वालुकास्वेदमेवच ॥ कारयेद्धस्तपादेषु तथाशिरसियुक्तितः ॥ २१ ॥ अग्नितप्तेष्टिकास्तिक्ता कांजिकेनपुनः पुनः ॥ सवस्त्रजातयास्वेदो रुजंजयतिवातजम् ॥ २२ ॥ पुरुषायाममात्रंवा भूमिमुत्कीर्यखादिरैः ॥ काष्टैर्दग्धातथाभुक्ष्य क्षोरधान्याम्लवारिभिः ॥ २३ ॥ वातघ्नपत्रैराछाद्य शयानंस्वेदयेन्नरं ॥ एवंमाषादिभिःस्विन्ने शयानस्वेदमाचरेत् ॥ २४ ॥ कटाहेकोष्टकेवापि सूपविष्टोविगाह्येत् ॥ नाभेपडंगुलेयावत् मग्नः क्वाथस्यधारया ॥ २५ ॥ कोष्टयास्कंधयाः सिक्त स्तिष्टेत् स्निग्धतनुर्नरः ॥ एवंतैलेनदुग्धेन सर्पिषास्वेदयेन्नरः ॥२६॥

અર્થ—સ્વેદના ચાર ભેદ છે. તાપ, ઉષ્ણુ, ઉપનાહ અને દ્રવ એ ચાર જાતના સ્વેદ વાયુની પીડાઓને મટાડનાર છે. લુગડામાં રેતની પોટલી બાંધી અંગારા ઉપર ઉન્હી કરીને શેક કરવો અથવા હાંલ્લીમાં અંગારા ઘાલી શેક કરવો તેનું નામ તાપ સ્વેદ કહેવાય છે. લોખંડનો ગોળો, પથરો કે ઇંટ ખૂબ ગરમ કરી છાસ છાંટી કપડામાં કે કાંબળીમાં લપેટી શેક કરે તેને ઉષ્ણુ સ્વેદ કહે છે. ઠીબમાં રેતી નાખી ગરમ કરી લુગડામાં બાંધી કાંજીનું પાણી છાંટી શેક કરે તેનું નામ વાળુકા સ્વેદ કહે છે, તે શેકથી વાયુ અને કફના રોગ માથાનીશૂળ અને અંગ ભાગતું હોય તે મટે છે. અથવા ફળસ્વેદ ઘટીસ્વેદ અને વાળુકાસ્વેદ જે ઉપર કહી ગયા છીએ તેનો હાથે, પગે અને માથે એટલી જગોએ શેક કરવાથી એટલે ઇંટ, પથ્થર, ગોળો તપાવી કાંજીમાં ઝબોળી કાંબળીમાં લપેટી શેક કરે અથવા ઘડામાં દેવતા ભરી કે વેળુની પોટલી વગેરેનો શેક કરે તો વાયુના રોગો મટે છે. તેમજ પુરૂષની લંબાઈ બરોબર ખાડો ઉંડો અને લાંબો ખોદી તેમાં ખેરનાં લાકડાં ભરી સળગાવી અંગારા થાય કે તેમાંથી અંગારા કાહાડી નાખવા બાદ તે ખાડમાં દૂધ, કાંજી અગર ખાટી ચીજનું પાણી છાંટી એરંડાનાં પાંદડાં અંદર પાથરી તેમાં

સાંધા રહી ગયા હોય કે બીજા વાયુથી અકડાઈ ગયો હોય તેને સુવાડી ઉપર એરંડાનાં પાંદડાં ઢાંકી પરસેવો (સ્વેદ) લવડાવવો. તેજ રીતે અડદ બાફી તેનો શેક કરી પ્રસ્વેદ લવડાવવો તે ઉપનાહ કહેવાય છે. તથા કડાઈમાં ઔષધીઓનો કવાથ કે સાદું પાણી ભરી ગરમ કરી સ્હેવાય તેવું રહે ત્યારે તેમાં દરદીને (બંધ કોષ વાળાને) બેસાડી ડુંટીથી છ આંગળ નીચે પાણી રહે તેટલું પાણી રાખવું તેમ તે કાઢાથી પેટ અને ખભા ઉપર સેક કરવો તેને દ્રવસ્વેદ કહે છે. એજ માફક તેલ, દૂધ, ઘી વગેરેથી પણ શેક થાય છે સારાંશમાં ઘણી જાતના શેક છે પણ ગમે તે રીતે દરદીને (જેને સ્વેદની જરૂર હોય તેવા દરદીને) પરસેવો પેદા કરવાથી કેટલાક રોગો મટે છે એનો વિશેષ ખુલાસો શાર્ङ्गધર ભાવપ્રકાશાદિથી જાણી લેવો. ૧૯—૨૬

બંધાણ બાંધવાની રીત.

तप्तभस्मनृमूत्रेणा त्युष्णागर्दभविट्तथा ॥ उष्णंसर्षपपिण्याकं तैलकोष्णाचगाढमृत् ॥ २७ ॥ स्निग्धोष्णान्यर्कपत्राणि मधुकवट पत्रकैः ॥ स्वेदयित्त्वाचवध्नीया दुदराध्मानशान्तये॥ २८ ॥

અર્થ—ઉન્હી રક્ષા (સેલી) મનુષ્યના પેશાબમાં પલાળી ગરમ કરી પેટે બાંધે તથા ગધેડાની લાદ ગરમ કરી બાંધે. અથવા સરસવનો ખોળ ગરમ કરીને બાંધે. અથવા ઘાંચીની ઘાણીના બળદ ફરતા હોય તે જગ્યોની માટી ઉન્હી કરીને બાંધે. અથવા આકડાનાં પાંદડાં ઊપર ઘી કે તેલ ચોપડી ગરમ કરી બાંધે, અથવા મહુડાનાં કે વડનાં પાંદડાં તેજ પ્રમાણે કરી બાંધે તો પરસેવો થવાથી આફરાદિ રોગો શાંત થાય છે. ૨૭—૨૮

બાફ આપવાની રીત.

अपामार्गचनिर्गुंडी मुंडापातीचनागरं ॥ ग्रंथिकंनिम्बपत्राणि जलेनोत्कालयेदृढं ॥ २९ ॥ तद्भांडंनिश्चलंधृत्त्वा वस्त्रेणाच्छादयेद्व पुः ॥ गृह्णातिनम्रस्तद्बाष्पं शिरःपीडांनिवारयेत् ॥ ३० ॥

અર્થ—અંઘાડો, નિર્ગુંડી, (નગોડ) કુબો, સુંઠ, પીષરમૂળ અને લીંબડાનાંપાંદડાં લેઈ માટી કે પીતળના વાસણમાં પાણી ભરી તેઓનો ઉકાળો કરવો બાદ તે વાસણ પવન ન હોય તેવી જગ્યોએ મૂકી પોતાના શરીરે કપડું ઓઢી આસ્તે આસ્તે તે વાસણ ઉઘાડવું જેટલી બાફ સહન થાય તેટલીજ લેવી જેથી માથાની પીડા અને તાવ વગેરે શાંત પડે છે. તેજ રીતે લીંબુડીનાંપાંદડાં કિંવા આહુની પણ રીત સમજવી. ૨૯—૩૦

ઉવટણાની રીત.

पिप्पलीकटूफलंशृंगी वचाकुष्टंयत्रानिका ॥ पुष्करंनागरंतिक्ता ग्रंथिकंसुरदारुच ॥ ३१ ॥ मुद्गपिष्टंमाषपिष्टं पुराणात्रसुधेष्टिका ॥ तुंब्याचूर्णंवत्सनागं शिरषारणिभस्मच ॥३२॥ त्रिचतुर्वाद्दढेवस्त्रे गालनीयंपुनः पुनः ॥ तच्चूर्णमर्दनात्गात्रे शीतांगत्वंनिवर्त्तयेत् ॥३३॥कृष्णाम्रुपर्त्रविटपी सहनागरेण ॥ तिक्ताचदीपकयुताअनुलेपनंस्यात् ॥ चूर्णप्रशस्तमितिजारयतेशरीरे स्वेदंचशीतलतनुत्वमिदं निहन्ति ॥३४॥ एलीयकंवचातिक्ता मुस्ताकटूफलजंरसः ॥उद्धूलयेत्त्रिदोषोत्थे स्वेदाभिस्यन्दजेज्वरे ॥ ३५ ॥

અર્થ—પીપર, કાયફળ, કાકડાશીંગ, વજ, ઉપલેટ, અજમો, પુષ્કર મૂળ, સુંઠ, કડુ, પીપરીમૂળ, દેવદાર, મગનો લોટ, અડદનો લોટ, જુની છો, તુંબડીનો ગર, વછનાગ, સરસની રાષ અને અરણીની રાખ એ સર્વને ૩-૪ વખત કપડેથી ખૂબ ચાળી નાખી તે શરીરે મશળે તેને ઉવટણું–પીઠી ચોળવી કહે છે. તેથી ચિત્તભ્રમ સન્નિપાત વગેરે રોગો દૂર થાય છે. અથવા પીપર, વડની વડવાઈ, (અથવા શિયાળની હધાર) સુંઠ, કડુ અને અજમો એઓને વાટી બારી કકરી શરીરે મશળે તો શરીરનો પરસેવો શીતળતા વગેરેનો નાશ કરે છે. અથવા એળીયો, વજ, કડુ, મોથ, કાયફળ એઓનો રસ અથવા એ પાંચ દવાઓ અને પારો એઓનો શરીરે માલેશ કરે તો ત્રિદોષથી ઉત્પન્ન થયેલો તાવ અને પ્રસ્વેદ વગેરે મટે છે. ૩૧—૩૫

ભુંગળી સુંઘાડવાની રીત.

एकंवृहत्याः फलपिप्पलीकं शुंठीयुतंचूर्ण मितिप्रशस्तम् ॥
प्रधामयेद्‌घ्राणपुटेतिसंज्ञां करोतिचेष्टांविनिहन्तिमूर्छाम् ॥३६॥

અર્થ—રીંગણીનું ફળ પીપર એક અને સુંઠ એઓનું ચૂર્ણ કરી કપડેથી ચાળી કાગદની ભૂંગળીમાં ભરી નાકે લગાડી ફૂંક મારવી તેથી અચેતન (મૂર્છા—અવાચક) મનુષ્ય ચેતન થાય છે. ૩૬

માથા ઉપર રોટલો બાંધવાની રીત.

कलोंजीपुष्करंकुष्ठ मजगंधावचाविषम् ॥ यवानीखुरसाणन्तु सर्वंशूक्ष्मंप्रपेषयेत् ॥ ३७ ॥ गोधूमचूर्णरचित रोटकेनिहितेतथा ॥ प्रतप्तंमस्तकेबद्धं सन्निपातांगशीतहृत् ॥ ३८ ॥

અર્થ—કાળીજીરી, પુષ્કર મૂળ, ઉપલેટ, અજગંધા (બાવચી અથવા આસગંધ) વજ, વછનાગ, અજમો અને ખુરાસાણી અજમો એ સર્વને બારીક વાટી ઘઉંની કણકમાં મેળવી રોટલો કરવો તેને એક બાજુએ શેકી માથે બાંધે તો સન્નિપાત, મુઝારો, ચિત્તભ્રમ વગેરે રોગો દૂર થાય છે. ૩૭—૩૮

આંખના દરદ ઉપર પોટલી.

पिण्डिकाकवलीमोक्ता बद्धावस्त्रस्यपट्टकैः ॥ नेत्राभिस्यन्दयोग्यासा व्रणेष्वपिनिबद्ध्यते ॥ ३९ ॥ एरण्डमूलपत्रत्वक् निर्मिता वातनाशिनी ॥ पित्ताभिस्यन्दनाशाय धात्रीपिण्डीसुखावहा ४० पिण्डीनिम्बदलोद्भूता वातपित्तप्रणाशिनी ॥ त्रिफलापिण्डिका प्रोक्ता नाशिनीश्लेष्मपित्तयाः ॥ ४१ ॥ शुंठीनिम्बदलैः पिण्डी सुखोष्णास्वल्पसैंधवा ॥ धार्याचक्षुषिसंयोगा च्छोथकण्डूव्यथापहा ॥ ४२ ॥ हरिद्रात्रिफलालोध्रं निंबपत्राणिसैंधवं ॥ अने नाश्चोतनंकूर्यात् नेत्रपीडानिवारणं ॥ ४३ ॥

અર્થ—કોઈ પણ યોગ્ય દવા વાટી પીંડી કરી (લુગદી) કપડામાં બાંધી આંખ ઉપર વા ગુંબડાં ઉપર મૂકવામાં આવે છે તેને પીંડી વા કવળી કહે છે. તે એરંડાનું મૂળ, તજ, તમાલપત્ર એઓની પોટલી આંખ ઉપર મૂકવામાં આવે તો વાયુથી થયેલી આંખ પીડા મટે છે. આમળાંની પીંડીથી પિત્તની નેત્ર પીડા જાય છે. લીંબડાના પાંદડાંની પીંડી વાત પિત્તની નેત્ર પીડાને મટાડે છે. ત્રિફળાની પીંડી શળેખમ પિત્તની નેત્ર પીડા મટાડે છે. અને સુંઠ, લીબડાનાં પાંદડાંની પીંડી સોજો, ચળ, અને સણકાએ કરીને સહિત નેત્રની પીડા, હોય તે મટાડે છે. હળદર ત્રિફળાં લોદર લીંબડાનાં પાંદડાં અને સિંધાલુણની પોટલી બનાવી આંખ ઉપર વારંવાર અડાડે તો આંખ દુખતી મટે છે. ૩૯—૪૩

કોગળા કરવાની રીત.

दाहतृष्णाप्रशमनं मधुगंडूपधारणं ॥ विषेक्षाराग्निदग्धेच सर्पिर्धार्यपयोथवा ॥ ४४ ॥ तैलसैंधवगंडूषा दन्तचालेप्रशस्यते ॥ शोफेमुखस्यवैरस्यं गण्डूपात्कांजिकंजयेत् ॥ ४५ ॥ सिंधुःत्रिकुटुराजीभि राद्रकेनकफेहितः ॥ त्रिफलामधुगंडूषः कफासृक्पित्तनाशनं ॥ ४६ ॥ दार्वीगुडुचीत्रिफला द्राक्षाजात्याश्च पल्लवा ॥ यत्राश्चेतितत्क्वाथः पडांशक्षौद्रसंयुत ॥ ४७ ॥ शीतोंमुखे धृतोहन्यात् मुखपाकंत्रिदोपजं ॥ तथासहचरक्वाथ गण्डूषोमुखपाकहृत् ॥ ४८ ॥ जातीपत्रामृताद्राक्षा पाठादार्वीफलत्रिकम् ॥ पद्मकंसमधुक्वाथ गण्डूषोमुखपाकहृत् ॥ ४९ ॥

અર્થ—મધ અને પાણી મેળવી કોગળા કરે તો બળતરા અને તરસ મટાડે છે. ઝેરના ઉપદ્રવમાં, ખાર (ચૂનો તેજાબ) કે અગ્નિથી દાઝેલ માટે ઘી કે, દૂધના કોગળા કરે તો તે દરદો મટે છે. તેલ, સિંધાલુણના કોગળા કરે તો દાંતની પીડા મટે છે. સોજો અથવા મ્હોં બેસ્વાદ થઈ ગયું હોય તો કાંજીના કોગળાથી મટે છે. સિંધાલુણ, ત્રિગડુ, તથા રાઈના કોગળા કફ માટે હીતકારી છે.

ત્રિફળા અને મધના કોગળાથી કફમાં લોહી પડતું હોય તે મટે છે. દારૂહળદર, ગળો, ત્રિફળાં, દ્રાખ, જાઈનાં પાંદડાં (કુણાં પાંદડાં) આશોપાલવનાં પાંદડાં અને જવાસો એઓનો કવાથ કરી કવાથને છઠ્ઠે હિસ્સે મધ નાખી ઠંડો થયા પછી કોગળા કરે તો ત્રિદોષનો મૂખપાક (મ્હોં આવી ગયું હોય તે) મટે છે. તથા કાંટાશળાયાનો કવાથ કરી કોગળા કરે તો મ્હોંમાં ચાંદીઓ પડી હોય તે મટે છે. જાઈ (ચંમેલી)નાં પાંદડાં, ગળો, દ્રાખ, કાળીપાઠ, દારૂહળદર, ત્રિફળાં અને પદ્મક એઓનો કવાથ કરી મધ નાખી કોગળા કરે તો મ્હોં આવી ગયું હોય તે મટે છે. ૪૪—૪૯

અપરાજીત ધુપની વિધિ.

कार्पासास्थिमयूरपिच्छबृहतीनिर्माल्यपिंडीतकं
त्वग्वंशावृषदंशविट्तुषवचाकेशाहिनिर्मोचकैः ॥
नागेन्द्रद्विजशृंगहिंगुमरिचैस्तुल्यस्तुधूपःकृतः
स्वेदोन्मादपिशाचराक्षससुरावेशज्वरघ्नः परः ॥ ५० ॥

અર્થ—કપાસીયાની મીંજે, મોરપાંખના ચાંદલા, મ્હોટી રીંગણીનાં ફળ, શિવનું નિમાલ્ય (શિવજીની પીંડી ઉપરથી ઉતારેલાં બીલીપત્ર કે પુષ્પ) તગર, તજ, વાંસડાનો છોલ, બલાડીની વિષ્ટા, ડાંગરનાં ફોતરાં, વજ, માણસના માથાના વાળ, સાપની કાંચળી, હાથીદાંતનો વ્હેર, ગાયના શીંગડાના અંકૂર (ચોમાસામાં ભોંય ઉપર પડેલા શીંગડામાંથી મૂળીયાની માફક અંકૂરા ફૂટે છે તે), હીંગ અને મરી એ સર્વ બરાબર લેઈ ધૂપ બનાવવો. પછી તે ધૂપ ઘરની અંદર ત્રિકાળ (સવારે બપોરે અને સાંઝે) દેવાથી પરસેવો, ઉન્માદ રોગ, પિશાચ, રાક્ષસ, દેવતાઓનો આવેશ અથવા તેઓનાથી ઉત્પન્ન થયેલો તાવ અથવા તાવ વગેરે સર્વ ઉપદ્રવ જાય છે, મકાનની હવા સુધરે છે. જીવજંતુઓ નાશ પામે છે, અને સુખે નિદ્રા આવે છે. ૫૦

બીજી રીત.

नृपशशिरविनर्णविश्वकन्दर्पपणीचमलयजगिरिलोहंदिग्रहंसि-

ह्रुकं च ॥ नखजलघनकेशीतत्प्रमाणंचपूर्वं कमलजकृतधूपःसर्वभूतान्निहन्ति ॥ ५१ ॥

અર્થ—કપૂર ૧૬ ટાંક (૪ તોલા) કેશર ૧૨ ટાંક (૩ તોલા) કસ્તૂરી અને ચંદન ૭ ટાંક (૧॥। તોલા) અગર ૧૦ ટાંક (૨॥ તોલા) શિલારસ અથવા લોબાન ૯ ટાંક, (૨ા તોલા) નખલો ૧૬ ટાંક (૪ તોલા) વાળો મોથ અને જટામાંસી ૧૬-૧૬ ટાંક (૪ ૪ તોલા) લેઈ એ સર્વને મેળવી ધૂપ કરી મકાનની અંદર ધૂપ દે તો સર્વ પ્રકારના દેવદોષ (ભૂત, ડાકણ, રાક્ષસ, પિશાચ વગેરે) મટે છે. હવા શુદ્ધ થાય છે, મગજ શાંત અને આનંદમાન થાય છે. (આ રાજા વા અમીર લોકોના લાયક ધૂપ છે.) ૫૧

છાસ સેવન કરવાની રીત.

यथासुराणाममृतंप्रधानं तथानराणांभुवितक्रमाहुः ॥ नतक्रदग्धाः प्रभवंतिरोगा नतक्रसेवीव्यथतेकदाचित् ॥ ५२ ॥ शशिकुन्दहिमोज्वलशंखनिभं परिपक्वकपित्थसुगंधिरसं ॥ युवतीकरनिर्मलनिर्मथितं पिबमानवसर्वरुजापहरं ॥ ५३ ॥ शीतकालेऽग्निमांद्येच कफोच्छेदेतथामये ॥ वृद्धकोष्ठेचदुष्टेग्नौ अर्शोगुल्मेथवामये ॥ ५४ ॥ शस्तंभुक्तेचतक्रंस्या दमीषांसर्वदाहित ॥ सर्वकालेप्रशस्तन्तु अजाजीलवणान्वितं ॥ ५५ ॥

इतितक्रगुणान्ज्ञात्वा नदद्याद्यस्यतंशृणु ॥ क्षयेशोषेतथातक्रं नोष्णकालेशरत्सुच ॥ ५६ ॥ नमूर्च्छाभ्रमतृष्णासु तथापैत्तिकरोगकं ॥ नशस्तंतक्रपानंच करोतिविषमान्गदान् ॥ ५७ ॥ ग्रहिणीरोगिणांतक्रं संग्राहिलघुदीपनं ॥ सेवनीयंसदागव्यं त्रिदोषशमनंहित ॥ ५८ ॥

અર્થ—જેમ દેવતાઓને અમૃત શ્રેષ્ઠ છે તેમજ મનુષ્યોને પૃથ્વિમાં અમૃત રૂપ છાસ એજ શ્રેષ્ઠ અમૃત છે અર્થાત્ દેવતાઓ અમૃતના સેવનથી આરોગ્ય રહે છે તેમ મનુષ્યો વિધિ-

સહ છાસના સેવનથી નિરોગી અને સુખી રહે છે તે છાસ ચંદ્રમા, મચકુંદના પુષ્પ, કપૂર અને શંખની નાભી સમાન ઉજ્વળ (ધોળી-નિર્મળ) અને સારી રીતે પાકેલા કોઠની સમાન ખટ મીઠી તથા સુગંધીએ કરીને સહિત સ્નિગ્ધ, સુંદર નવયૌવનાના સુંદર હાથથી વલોવાએલી જે છાસ તેનું સેવન કરવાથી સર્વ રોગ નાશ થાય છે. વિશેષે કરીને શિયાળામાં, જઠરાગ્નિમંદ પડિ હોય ત્યારે, કફના કોપમાં, આમરોગમાં, બંધ કોષમાં, દુષ્ટ અગ્નિ થઈ હોય ત્યારે, હરસ રોગમાં, ગોળાના રોગમાં અને દમ રોગીને હમેશાં (તમામ ૠતુમાં) જીરૂં અને સિંધવ નાખી ગાયની છાસ પીવી. એ છાસ પીવાના ગુણ કહ્યા હવે કોને કોને છાસ ન પીવી તે કહીએ છીએ. ક્ષય રોગીને, શોષના રોગીને (અથવા ક્ષય શોષીને) ગ્રીષ્મ અને શરદ ૠતુમાં, મૂર્છાવાળાને, ભ્રમ (ચકરી આવતી હોય કે ચિત્ત ભ્રમ) હોય તેને, તરસનો રોગ થયો હોય (વારંવાર પાણી પીવું પડે) તેને અને પિત્તના રોગીને કદાપિ છાસ પીવી નહિ; કારણકે તે રોગવાળાઓને છાસના પીવાથી અનેક રોગ પેદા થાય છે. સંગ્રહણીના રોગીને અવશ્ય ગાયની છાસ પીવી, હલકી છે, જઠરાને દીપાવે છે અને ત્રણે દોષની સંગ્રહણીને મટાડે છે. ૫૨—૫૮

બીજી રીત.

दुःसाध्योग्रहणीरोगो भेषजैर्नैवशाम्यति सहस्रोपिविहितैर्च विनातक्रस्य सेवनात् ॥ ५९ ॥

तक्रसाम्यंतथाकुर्या न्नैवान्नंतत्रभक्षयेत् ॥ बुभुक्षायपिपाशाय पिबेत्तक्रंसनागरं ॥ ६० ॥ वाताम्लसैंधवोपेत स्वादुपित्तेसशर्करं ॥ पिबेत्तक्रंकफेरुक्षे व्योषक्षारसमन्वितं ॥ ६१ ॥ तक्रमुद्धृत्य सारंतु शुंठिचूर्णयुतंपिबेत् ॥ शनैः शनैर्हरेदन्नं तक्रंतुपरिवर्धयेत् ॥ ६२ ॥ तक्रमेवयथाहारो भवेदन्नविवर्जितः ॥ श्रमोनकुर्याद्बहुशो नकुर्याद्बहुभाषणं ॥ ६३ ॥ नकुर्यान्मैथुनंतक्रं पानेक्रोधंविवर्जयेत् ॥ एवंयः सेवतेतक्रं ग्रहणीतस्यनश्यति ॥ ६४ ॥ शीघ्रमेवनसन्देह श्चार्यथाद्युतकारिणः ॥ ६५ ॥

અર્થ—બહુ મેહનતે મટી શકે એવી સંગ્રહણી માટે હજારો ઔષધ કરે પણ જો ઔષધોપચાર કરતાં છાસનું અનુપાન ન સેવે તો હજારો ઔષધો પણ છાસ શિવાય વ્યર્થ છે અર્થાત્ સંગ્રહણીની દવા ઉપર છાસનું અનુપાન અવસ્ય હોવુંજ જોઇએ; પરંતુ જ્યારે છાસ સેવન કરે ત્યારે અન્ન ન ખાવું અને ભૂખ્યે તરસ્યે કેવળ છાસ સુંઠ નાખી પીવી, જો વાયુ વિકાર માટે છાસનું સેવન કરવું હોય તો ખાટી છાસ સિંધાલુણ નાખી પીવી. પિત્તના વિકાર ઉપર સાકર સાથે પીવી. કફ વિકાર ઉપર લુખી અથવા સુંઠ, મરી પીપર અને ખાર (સિંધવ કે મીઠું) નાખી પીવી. અથવા છાસ ઉપરથી તમામ માખણ ઉતારી સુંઠનું ચૂર્ણ (ભૂકો) નાખી પીવી પણ ધીરે ધીરે અન્નને ત્યાગ કરી છાસને ક્રમે કરીને એટલે આજ પાસેર તો કાલે દોઢપાસેર એમ વધતી વધતી રીતે રૂચિ માફક છાસ પીવી અને કેવળ તેનાજ આધાર ઉપર દિવસ ગુજારવો. બહુ થાક લાગે તેવું કામ કરવું નહિ, ઘણું બોલવું નહિ, મૈથુન ત્યાગ કરવું, તેમજ ક્રોધ શોક પણ ન કરવાં જો એ રીતે ગાયની છાસનું સેવન પથ્ય રાખી કરે તો જેમ જુગારીની લક્ષ્મી જલ્દી નાશ પામે છે તેમ તે મનુષ્યનો સંગ્રહણી રોગ નિશ્ચે જલ્દી નાશ પામે એમાં કશો સંદેહ નથી. ૫૯—૬૫

કટરોહની રીત.

षोडशपलायःकीलानि लवणंचपलद्वयं ॥ त्रिकटुत्रिफलाभृंगो त्वक्लवङ्गचपत्रिका ॥ ६६ ॥ प्रत्येकमर्द्धपलिकान् क्षिपेत्तक्रंपलत्रयं ॥ उष्णंजलंशतपलं क्षिप्त्वाभूमौनिधापयेत् ॥ ६७ ॥ दिनानिसप्तदशवा स्थितनिष्काशयेत्ततः ॥ पलार्द्धंतुपिबन्नित्यं श्वासपाण्डुक्षयंजयेत् ॥ ६८ ॥

અર્થ—લોઢાની ખીલી ૬૪ તોલા, મીઠું અથવા સિંધાલુણ ૮ તોલા, ત્રિકટુ, ત્રિફળાં, ભાંગ, તજ, લવીંગ અને જાવંત્રી એ દરેક બબે તોલા લેવાં, છાસ તોલા ૧૨, ઉન્હું પાણી તોલા ૪૦૦ એ સઘળાંને એક રીઢા માટીના વાસણમાં ભરી મ્હોં બરોબર બંધ કરી જમીન (ભોંય)માં દાટી દેવું, તેને ૧૭ દિવસ અંદર રાખી બ્હાર

કાહાડી તેમાંથી બબે તોલાભાર પીએ તો શ્વાસ, પાંડુ અને ક્ષય રોગ નાશ પામે છે. ૬૬—૬૮

આઠ પોહોરી ઔષધીઓની વિધિ.

अमृताया हिमः पेयो जिर्णेज्वर हरःस्मृतः ॥ वासायात्रहिमकाश रक्तपित्त ज्वरंजयेत् ॥ ६९ ॥ प्रातः सशर्करः पेयो हितोधान्यकसंभवः ॥ अन्तर्दाहंतथातृर्ष्णां जयेत्स्त्रोतोविशोधनः ॥ ७० ॥ धान्यकं धात्रिवासानां द्राक्षापर्प्पटयोर्हिमः ॥ रक्तपित्तंज्वरंदाहं नृणांशोषंचनाशयेत् ॥ ७१ ॥

અર્થ—ગળોનો હિમ પીવાથી જૂનો તાવ મટે છે. અરડૂસાનો હિમ પીવાથી ઉધરસ તથા રક્તપિત્ત મટે છે. ધાણા અને સાકરનો (ચાર પોહોર વા આઠ પોહોર ઔષધીને પાણી સાથે કોરા વાસણમાં પલાળી સવારે ચોળી ગળી પીવામાં લેવો તે) હિમ પીવાથી શરીરની અંદરનો દાહ (બળતરા) અને તરસને મટાડે છે શ્રોતનું શોધન કરે છે. ધાણા, આમળાં, અરડૂસો, દ્રાખ અને પિત્તપાપડો તેનો હિમ બનાવી પીએ તો રક્તપિત્ત, તાવ, દાહ, અથવા તાવમાં થતી બળતરા, તરસ, શોષ વગેરેનો નાશ કરે છે. ૬૯—૭૧

તથા

पलार्द्धमजगंधाया अष्टयामोषितंजले ॥ वर्तयित्त्वापिवेत्प्रातः हन्तिदाहंसवातकं ॥ ७२ ॥ पीतोमरिचचूर्णेन तुलसीपत्रजारसः ॥ द्रोणपुष्पीरसोवापि निहन्तिविषमज्वरान् ॥ ७३ ॥ त्रिफलायारसः क्षौद्रं युक्तोदार्वीरसोथवा ॥ निंबस्यवागुडूच्यावा पीतोजयतिकामलां ॥ ७४ ॥ अमृतायारसः क्षौद्र युक्तः सर्वप्रमेहजित् ॥ वासकस्वरसःपेयो मधुनारक्तपित्तजित् ॥ ७५ ॥

અર્થ—અજમોદ ૨ તોલા, (અથવા અજમો કે વનતુળશી ૨ તોલા) આઠ પોહોર પાણીમાં ભીંજવી ગળીને પીએ તો વાયુ સાથેનો અંદરનો દાહ મટે છે. અથવા તુલસીના પાંદડાનો રસ કાળાં મરી નાખી પીવો. અથવા દ્રોણ પુષ્પી (કુઓ)નો રસ પીવાથી વિષમ જ્વર મટે છે. અથવા ત્રિફળાનો રસ મધ સાથે વા, દારૂ

હળદરનો રસ અથવા લીંબડાનો રસ વા, ગળોનો રસ, મધ નાખી પીવાથી કમળો મટે છે. અથવા ગળોનો રસ મધ સાથે પીવાથી સર્વ જાતના પ્રમેહ મટે છે. અથવા અરડૂસાનો રસ મધ સાથે પીએ તો રક્ત પિત્ત મટે છે. ૭૨—૭૫

व्योष सधान्यकजलं प्रातः पोतंसशर्करापुंसां ॥
अंतर्दाह समय त्यचिराद्दूरमनूढमपि ॥ ७६ ॥

અર્થ—ત્રિકટુ તથા ધાણાને આઠ પોહોર સુધી કોરા વાસણમાં પલાળી ચોળી ગળી સાકર સાથે જે મનુષ્ય પીએ તેના શરીરની અંદરનો દાહ અને ઘણા દિવસનો રક્તપિત્ત જાય. ૭૬

તાવ દાહ અને [1]મુઝારા માટે ઘસારો.

किरातंनागरंघृष्टा पेयंजिणर्ज्वरंच्छिद ॥ कृष्णागुरुतथाघृष्टा-पेयंदाघस्यशांतये ॥ ७७ ॥ सहस्रवेधपाषाणं कपालंकच्छपस्यच ॥ बृहदेलातुलसीपत्र नालिकेरास्थिनूतनं ॥ ७८ ॥ दाणाखसख-साख्याश्च गोमयस्वरसेनच ॥ घृष्टापानायदातव्यं मधूरकप्रशान्तये ॥ ७९ ॥ सुरसागोमयरसो अजाजोमृतमक्षिकाः ॥ अथवासावर-शृंगं चंदनंजीरकंनलं ॥ ८० ॥ किरातंकुटजोजाजी च्छिन्नैलापद्मकं फलं ॥ घृष्टापीतानिहंत्याशु वातंमुद्गरिकाभिधं ॥ ८१ ॥

અર્થ—કિરીયાતું અને સુંઠ ઘસી પીવાથી જૂનો તાવ મટે છે અથવા કાળું અગર ઘસીને પીએ તો બળતરા મટે છે તથા હજાર વાર વેધ કરેલો પથરો, કાચબાની ખોપરી, મોટી એલચી, તુલસી

---

૧ મુઝારાનાં ચિન્હ—તાવ, દાહ, ભ્રમ, મૂર્ચ્છા, અતિસાર, ઉલટી, તરસ, અનિદ્રા, મ્હોં લાલ, તાળવું જીભ સૂકાઈ જાય અને ગરદન ઉપર ફોલ્લીઓ નિકળે અથવા તાવ હોય, આંખમમાં ઘેન હોય દાંત અને ઓઠ કાળા થઈ જાય, જીભ, કંઠ, મ્હોં, નાક, તાલવું, અને આંખ રાતાં હોય, કંઠે મોતીના દાણા (સરસવના દાણા) જેવી ફોલ્લીઓની હાર ૭ દિવસ થયા પછી થાય છે. પીળો પેશાબ, ગરદનનો દુખાવો અને શરીર ત્રુટે છે ૨૧ દિવસ તે (રોગ) નું આયુષ્ય હોય છે. જોગરત્નાકર.

નાં પાંદડાં નાળીયેરની નવી કાછલી (અથવા નવી નાળીયરની ચોટલી) અને ખસખસ એ સર્વને ગાયનાછાણના રસમાં લસોટી પીવાથી મુંઝારો મટે છે. અથવા તુલસીનો રસ, ગાયનાછાણનો રસ, જીરૂં અને મુએલી (મરી ગયેલી) માખીઓ વાટીને પીવાથી અથવા સાબરશીંગ, ચંદન, જીરૂં, વાળો, કિરીયાતું, કડાછાલ, શાહુજીરૂં, ગળો, એલચી અને કમળકાકડી એઓને લસોટી પીવાથી મુઝારો જલ્દી નાશ પામે છે. ૭૭—૮૧

મુઝારાનો મંત્ર તથા વાર્તા અને તેની વિધિ.

ॐ नमो अंजनीपूत ब्रह्मचारी वाचाअविचल स्वामिनो काजसारवाक्षांक्षः ॥

અથ મુઝારાની ઉત્પત્તિ.

मगधदेशरायवडस्थानकतिहां मुशलीकंदब्राह्मण तिणेमुधेराकियो पृथ्विमाहेमोकल्यो हनुमंतवाचावलीपडियो हनुमंतजोदृष्टीपड्यो हनुमंतनामेण गच्छ गच्छ स्वाहाः ॥

અથ વિધિ.

[1]ઝારી જેવા ૩ માટીના ગગરા કોરા લઈ તેમાં શુદ્ધ અણુબો-

---

૧ જે ઘડા ૩ કહ્યા છે ત્યાં એક હોય તો પણ બસ છે તે ઘડો દરરોજ ચોખા પાણીથી ભરવો રોગીને ઓશીકે મૂકવો, ચંદન કપૂર અગર વગેરે સુગંધી પદાર્થો ૩ કાળ છાંટવાં, જુઈ, ચંબેલીનાં ફૂલ દરરોજ નવાં મંત્રીને ચઢાવવાં, તુલસીપત્ર પીપર ખવરાવવી, તે ઘડાનું પાણી પાવું. મતલબમાં સુગંધીદાર પદાર્થોથી હવા શુદ્ધ થાય છે, દરદીનું મગજ શાંત અને મોજમાં રહે છે. પડછાયો ન પાડવાનું કારણ લોકોની ઝાઝી ગડબડ અને જેવાં તેવાં મેલાં કપડાવાળાં દરદમાં વધારો કરનાર અને દરદીને મુંઝવનાર થઈ પડે છે. ઠંડું પાણી ખારેક અને ચણા એ દરદ ઉપર પથ્ય છે. લીંબડાની ડાલથી મુંઝારો ઉતારવો તે લીંબડાના સ્પર્શથી એ રોગ શાંત પડે છે. મંત્રથી માણસને આસ્થા રહે છે તેથી રોગ કમતી થાય છે.

ભા. કર્તા.

ટેલું પાણી ભરી એકાંત સ્થાનકે સ્થાપી અગરનો ધૂપ ઉખેવવો, ઉપર જે પાત્ર ઢાંકેલું હોય તે ઉપર ધોળાં ફૂલ ૧૦૮, ૧૦૮ વાર ઉપરના મંત્રે મંત્રી દરરોજ ચઢાવવાં, સ્રીને ત્યાં આવવા દેવી નહિ કોઈનો પડછાયો પડવા દેવો નહિ, ચોતરફ સ્વચ્છ વસ્રના (રાતી કામળીના) પડદા બાંધી રાખવા, ધોળું ધોતીયું અને ધોળાં વસ્ર પેહરાવવાં, ખારેક ચણાની દાળ ભીંજવીને ખવરાવવી, કોદરા અને બંટી શિવાય કશું પણ ખાવા દેવું નહિ, જવારા વાવવા, એ મુજબ દિવસ ૩ અથવા ૭ કરે તો મુંઝારો મટે છે.

મુંઝારા માટે કવાથ.

चंदनंचसुगंधंच वालकंपित्तपर्प्पटं ॥

मुस्तासुंठिकिरातंच उशीरंपित्तनाशनं ॥ ८२ ॥

અર્થ—રતાંજળિ, ચંદન, સુગંધીવાળો, પિત્તપાપડો, મોથ, સુંઠ, કિરીયાતું અને નેત્રવાળો એઓનો કવાથ વિધિવત્ કરી પીવાથી મુંઝારો વા પિત્ત નાશ પામે છે. ૮૨

પરચૂરણ પ્રયોગો.

मधुनापिप्पलीचूर्णं लिह्येत्कासज्वरापहम् ॥ हिकाश्वासहरंकण्डू प्लीहघ्नंवातलोचितं ॥ ८३ ॥ श्वासेकासेतथाशोषे मन्दग्नोविषमज्वरे ॥ प्रमेहेमूत्रकृच्छ्रेच सेव्यतेमधुपोप्पली ॥८४॥

અર્થ—પીપરનું ચૂર્ણ મધમાં કાલવી સેવન કરે તો ઉધરસ, તાવ, હેડકી, શ્વાસ, ખરજ, બરોળ અને વાયુના વિકારો વગેરે નાશ પામે છે. તેમજ શ્વાસ, ખાંસી, શોષ, મંદાગ્નિ, વિષમજ્વર, પ્રમેહ અને મૂત્રકૃચ્છ્ર એઓના માટે પણ મધ પીપરનું સેવન કરવા કહ્યું છે, ૮૩—૮૪

વર્દ્ધમાન પીપર.

त्रिवृद्ध्यापंचवृद्ध्यावा सप्तवृद्ध्याथवाकणा ॥ पिबेत्पृष्ठादशदिनं तथास्तैवप्रकर्षयेत् ॥ ८५ ॥ एवंविंशद्दिनैः सिद्धं पिप्पलीवर्द्धमानकं ॥ अनेनपांडुवातासृक् कासश्वासारुचिज्वराः ॥ ८६ ॥ उदरार्शक्षयः श्लेष्म वातनश्यात्युरोग्रहं ॥ ८७ ॥

અર્થ—પેહલે દિવસે ત્રણ પીપર ખાવી, બીજે દિવસે ૪ એમ દરરોજ પછી અકેકી વધારવી એમ દિન ૨૧ સુધી કરવું પછી તેજ રીતે ઓછી કરવી તથા કેટલાક પાંચ પીપરથી અને કેટલાક સાતથી અકેક વધારતાં દશ દિવસ સુધી વધારી પછી તેજ પ્રમાણે અકેકી ઘટાડવી એમ ૨૧ દિવસ કરવું તેને વર્દ્ધમાન પીપર કહે છે તેના સેવનથી પાંડુ, વાતરક્ત, ઉધરસ, શ્વાસ, અરૂચિ, તાવ, ઉદર રોગ, હરસ, ક્ષય, શળેખમ (કફ) અને ભયંકર વાયુ એ સર્વ નાશ પામે છે. ૮૫—૮૭

દ્રાક્ષા હરીતકી.

अपहरतिरक्तपित्तं कण्डूगुल्मंचपैत्तिकंहन्तिं ॥ जीर्णज्वरंश यति मृद्वीकासंयुतापथ्या ॥ ८७ ॥ द्राक्षानियोज्याद्विगुणाः शिवाया स्ततूकुट्टयित्वागुटिकाविधेयाः ॥ ग्राह्याद्विकर्षप्रमिताप्रभाते मलग्रहेरोचकवद्धकोष्टे ॥ ८९ ॥

અર્થ—કાળીદ્રાખ, અને હરડેદળ એ બેને લસોટી ગોળી માફક બનાવીને ખાય તો રક્તપિત્ત, ખરજ, (ચળ-ખુજલી-લુખસ) ગોળો, પિત્તવિકાર અને જૂનો તાવ એ સર્વ મટે છે. અથવા દ્રાખથી બમણી હરડે લઈ કૂટી ગોળી બનાવી બે તોલા ભાર પ્રભાતે ખાય તો, બંધકોષ, અરૂચિ અને ઝાડો સાફ ન ઉતરતો હોય તે મટે છે, ૮૮—૮૯

છ રૂતુમાં હરડે ખાવાની વિધિ.

ग्रीष्मेतुल्यगुडांचसैंधवयुतांमेघागमाडंबरे
साद्धंशर्करयाशरद्यमलयाशुंठ्यातुषारागमे ॥
पिप्पल्याशिशिरेवसन्तसमयेक्षौद्रेणसंयोजितां
राजन्भक्षहरीतकीमिवगदानश्यन्तुतेशत्रवः ॥ ९० ॥

અર્થ—ગ્રીષ્મ રૂતુમાં એક હરડેનું ચૂર્ણ સમાન ગોળ નાખી ખાવું. વર્ષારૂતુમાં બે હરડેનું ચૂર્ણ સિંધાલુણ સાથે ખાવું. શરદ રૂતુમાં બે હરડેનું ચૂર્ણ સાકરની સાથે ખાવું. હીમંત રૂતુમાં ૪ હરડેનું ચૂર્ણ સુંઠની સાથે ખાવું. શિશિર રૂતુમાં ૫ હરડેનું ચૂર્ણ પીપર

સાથે ખાવું. અને વસંત ઋતુમાં ૬ હરડેનું ચૂર્ણ મધની સાથે ખાવું. હે! રાજન્ એ પ્રમાણે છ ઋતુમાં યોગ્ય અનુપાનથી જે હરડેનું સેવન કરે તેના સર્વ રોગ આપના શત્રુઓની માફક પળાયન થાય છે (નાશ થાય છે) ૯૦

કટુકીનો પ્રયોગ.

सशर्करामक्षमात्रं कटुकामुष्णवारिणा ॥
पीत्वाज्वरंजयेज्जन्तुः कफपित्तसमुद्भवं ॥ ९१ ॥

અર્થ—એક તોલો કડુ અને એક તોલો સાકરનું ચૂર્ણ કરી ઉન્હા પાણી સંગાથે પીએ તો તાવ અને કફ પિત્તવિકાર નાશ પામે છે. ૯૧

અજમોદાદિ પ્રયોગ.

एकएवकुबेराख्यो हन्तिदोषंशतत्रयं ॥ किंपुनस्त्रिभिरायुक्तः शुंठीसैंधवरामठैः ॥ ९२ ॥ एकएककुबेराख्यः पक्वोघृतगुडेनच ॥ कुर्यादिन्द्रियचैतन्यं हन्तिवातोदराणिच ॥ ९३ ॥

અર્થ—એકલો અજમોજ ૩૦૦ રોગનો નાશ કરે છે પણ જો તેની સાથે સુંઠ, સિંધાલુણ અને હીંગ એ ત્રણ મેળવી ખાય તો પછી કેહવુંજ શું ? અર્થાત્ ઘણાજ ફાયદા કરે છે. અથવા અજમાનો ગોળ ઘી સાથે પાક કરી ખાય તો શરીરની સર્વ ઇંદ્રીયોને ચૈતન્ય કરે છે વાયુ અને પેટના રોગોનો નાશ કરે છે. ૯૨—૮૩

સુંઠનો પ્રયોગ.

गुडार्द्रकंवागुडनागरंवा गुडाभयावागुडपिप्पलीवा ॥
कर्षाभिवृद्ध्यात्रिपलाप्रमाणं खादेन्नरःपक्ष मथापिमासं ॥९४॥
शोफप्रतिश्यायगरादिरोगान् सश्वासकाशारुचिपीनसादीन् ॥
जीर्णज्वरार्शोग्रहणीविकारान् हन्यात्तथान्यत्कफवातरोगान् ९५

અર્થ—ગોળ અને આદુ અથવા ગોળ અને સુંઠ, વા ગોળ અને હરડે વા, ગોળ અને પીપર, એક તોલાથી તે ૧૨ તોલાના પ્રમાણ સુધી વધતાં એક પખવાડીયું અથવા મહિનો સેવન કરે

તો સોજો, વિષદોષ, શ્વાસ, ઉધરસ, અરૂચિ, પીનસ, આદિ નાકના રોગ, જૂનો તાવ, હરસ, સંગ્રહણી અને કફ વાયુના વિકારો વગેરે સર્વ નાશ પામે છે. ૯૪—૯૫

ત્રિફળાની વિધિ.

एकाहरीतकीयोज्या द्वौचयोज्यौविभीतकौ ॥ चत्वार्यामलकान्येव त्रिफलैषामकीर्त्तिता ॥ ९६ ॥ त्रिफलामोहशोषघ्नी नाशयेद्विषमज्वरान् ॥ दीपनीपित्तश्लेष्मघ्नी कुष्टहंत्रीरसायनी ॥ ९७ ॥ सर्प्पिमधुभ्यांसंयुक्तं सेवनेत्रामयान्जयेत् ॥ त्रिफलाकुष्टमेहार्शः कफपित्तविनाशिनी ॥ ९८ ॥ चक्षुष्पारोपणीहृद्या वयसःस्थापिनसरा ॥ ९९ ॥

અર્થ—૧ હરડે, ૨ બેહડાં, ૩ વા, ૪ આમળાં, અથવા ૧ ભાગ હરડે, ૨ ભાગ બેહડાં અને ૩ ભાગ આમળાં લેવાં તેને ત્રિફળાં કહે છે. તેના સેવનથી મૂર્ચ્છા, શોષ, વિષમજ્વર, પિત્ત, શ્લેષ્મ (કફ) અને કોઢનો નાશ થાય છે, દીપન છે, ઉત્તમ રસાયન રૂપ છે. અથવા ઘી અને મધની સાથે ત્રિફળાનું સેવન કરે તો નેત્ર રોગ, કોઢ, પ્રમેહ, હરસ, કફ, પિત્ત એઓનો નાશ કરે છે. નેત્ર રોગ માટે હિતકારી છે. રોપણ (ઘા કે ચાંદી ઉપર અંકૂર લાવનાર) છે અને અવસ્થાને વિશેષ કરીને સ્થાપિત કરે છે અર્થાત્ નીરોગતાવડે પૂર્ણ આયુ પ્રાપ્ત કરનાર છે. ૯૬—૯૯

દશામૃત હરીતકી.

द्वौभागौचहरीतक्या श्चतुर्भागाविभीतकाः ॥
अष्टौचामलकीनांतु सिताचामलकीसमा ॥ १७०० ॥
यष्टीकंपिप्पलीचैव त्वक्क्षीरीचैकभागिका ॥ भक्षयेन्मधुसर्पिर्भ्यां रात्रौखादेचयत्नतः ॥ १ ॥ तिमिरेपुष्पकेकाचे पटलेचार्बुदेपिच ॥ नेत्ररोगेषुसर्वेषु दशामृतहरीतकी ॥ २ ॥

અર્થ—૨ ભાગ હરડે, ૪ ભાગ બેહડાં, ૮ ભાગ આમળાં, ૮ ભાગ સાકર, ૧ ભાગ જેઠીમધ, ૧ ભાગ પીપર, અને વંશલોચન એઓનું

ચૂર્ણ કરી ઘી અને મધ સાથે રાત્રીના સમય વિધિસહ સેવન કરે તો આંખનો તિમિર નામનો રોગ, ફૂલું, મોતીયો, પડળ અને આંખમાં માંશની ગ્રંથી વા માંશતું વધતું ઈત્યાદિ નેત્રના સમસ્ત રોગ માટે આ દશામૃત હરડે-હરીતકી (દશ ચીજો રૂપી અમૃત) અમૃત સમાન છે. અર્થાત્ સર્વ નેત્રના રોગ મટાડે છે. ૧૭૦૦૦—૨

આસગંધ અને સુંઠ.

अश्वगंधाद्विभागास्या न्नागरंचैकभागिकं ॥ घृतभागाश्चचत्वारः खण्डंपड्भागसम्मतं ॥ ३ ॥ पुष्टिदंसन्धिवातघ्नं शीतकालोचितंनृणां ॥ कर्षंत्रिचूर्णितांविश्वा द्विकर्षेखण्डएवच ॥ ४ ॥ घृतेन मोदकोग्राह्यो उदरार्त्तिनिवारणे ॥ ५ ॥

અર્થ—આસગંધ ૨ ભાગ, સુંઠ ૧ ભાગ, ઘી ૪ ભાગ અને ખાંડ ૬ ભાગ એઓનું ચૂર્ણ શિયાળામાં ૧ તોલો સેવન કરવાથી પુષ્ટી આપે છે. સંધિવાયુ મટાડે છે. અથવા ૧ તોલો સુંઠ અને ૨ તોલા ખાંડ એઓની ઘી સાથે લાડુડીઓ વાળી ખાય તો પેટનો દુખાવો મટે છે ૩—૫

ત્રિગડુની વિધિ.

मिरचंपिप्पलीसुंठी ग्रंथिकंचसमांशकां ॥
गुडेनगुटिकाकार्या पक्वखंडेनवानवा ॥ ६ ॥
एतत्त्रिकटुकंनाम शुन्यबाधिर्यवारणं ॥
शीतकालेसदाग्राह्यं बुद्धिचैतन्यकारणं ॥ ७ ॥

અર્થ—મરી, પીપર, સુંઠ અને પીપરીમૂળ એ સમાન ભાગે લઈ ગોળમાં ગોળી કરવી અથવા ખાંડની ચાસણી કરી ગોળીયો વાળવી એ ત્રિકટુ અથવા ચતુષણના સેવનથી ખાલી ચઢતી હોય વા, દેહની શુન્યતાને, બહીરાપણાને અને વિસ્મૃતિને દૂર કરે છે, ઘણું કરીને શિયાળામાં નીરંતર સેવન કરવું તો બુદ્ધિ--યાદશક્તિને સતેજ કરે છે. ૬—૭

ચોપચિનીનો કવાથ.

चोवचीनासमुत्काल्य त्रिशाणंपिबतःसदा ॥

सर्ववातव्यथायान्ति पथ्यनिर्वातसेविनः ॥ ८ ॥

અર્થ—ચોપચીની (ત્રાંબાના રંગ સમાન રંગ વાળી અને વજનદાર હોય તે) ૩ ટાંક લેઈ ઉકાળી દરરોજ પીએ તો સર્વ પ્રકારના વાયુની વ્યાધિઓ મટે છે. પથ્ય દૂધ અને શુઠી ખાવી પવન ન લાગે તે સ્થાનમાં રેહવું. (તથા યોગ્ય અનુપાન સાથે ચોપચીનીનું ચૂર્ણ સેવન કરે તો પણ તેવોજ ફાયદો આપેછે.) ૮

જમાવેલી હળદર.

भागद्वयंहरिद्राया विश्वायाश्चैकभागिकः ॥ गुन्दोर्द्धांशोघृतभ्रष्टः खण्डंभागंचतुर्मतः ॥ ए ॥ घृतेनालोड्यतत्सर्वं धान्यराशौविमध्यगं ॥ चतुर्दशदिनान्स्थाप्यं शुभ्रंयत्नेनभक्षयेत् ॥ १० ॥ आम्लक्षारादिकंवर्जं माघमासेत्विदंहितं ॥ रुधिरार्तिवातभग्ने शुभंचक्षुःप्रसादनं ॥ ११ ॥

અર્થ—૨ ભાગ હળદર, ૧ ભાગ સુંઠ, ઘીમાં તળેલો બાવળનો ગુંદ ૦॥ ભાગ અને ચોણી ખાંડ ૪ ભાગ એ સર્વને ખાંડી ઘીમાં હલાવી સુંદર વાસણમાં ભરી મ્હોં બંધ કરી ધાનની કોઠી ભરેલી હોય તેમાં ૧૪ દિવસ દાટી રાખવી; બાદ વિધિ યુક્ત છાનોમાને ખાવાથી લોહીવિકારવાળાને વાયુથી અકડાઈ ગયો હોય અને આંખનો દરદી એઓને સદા હિતકારી છે. પરંતુ તેના ઉપર ખાટું, ખારૂં, તીખું અને તેલ વગેરે ન ખાવું તેમજ માહ મહિનામાં ખાવાથી વિશેષ ફાયદો આપે છે. ૯—૧૧

જમાવેલું જીરૂં.

जीरकंभागमेकंस्यात् खण्डस्तद्द्विगुणःस्मृतः ॥ चतुर्गुणंघृतंतप्तंसर्वंसंमील्यमुद्धरेत् ॥ १२ ॥ गोधूमपुंजमध्येच चतुर्दशदिनान्स्थित ॥ माघमासकृतंचैत द्रक्षितंचक्षुषोर्हितं ॥ १३ ॥

અર્થ—જીરૂં ૧ ભાગ, ખાંડ ૨ ભાગ અને ઉન્હું કરેલું ઘી ૪ ભાગ એ સર્વને એકત્ર કરી એક વાસણમાં ભરી મ્હોં બંધ કરી ઘઉંની કોઠીમાં કે ઘઉંના ઢગલામાં ૧૪ દિવસ દાટી રાખ્યા બાદ બ્હાર કાહાડી માહ મહિનામાં સેવન કરે તો આંખના માટે હિતકારી છે. ૧૨—૧૩

ઘૃત પાન.

शुद्धंगव्यंघृतंतप्तं मरिचैर्वाकणान्वितं ॥ रसायनंसदापेयं घृतपानंप्रशस्यते ॥ १४ ॥ रूक्षक्षतविषार्त्तानां वातपित्तविकारिणां ॥ हीनमेधास्मृतीनांच घृतपानंप्रशस्यते ॥ १५ ॥

અર્થ—શુદ્ધ ગાયનું તાજું ઘી ઉન્હું કરી (વિઘારી) કાળાં મરી અગર પીપર સાથે પીએ તો રસાયન સમાન છે, જો હુમેશાં એ પ્રમાણે ઘી સેવન કરે તો શરીરનું લુખાપણું, છાતીમાંની ચાંદી, વિષ (ઝેર)ની પીડા, વાયુ પિત્તના વિકાર, કમઅક્કલ અને યાદ શક્તિએ કરીને હીન એ સર્વ રોગો મટે છે, અને બુદ્ધિ યાદશક્તિને વધારે છે. માટે ઘી પીવું. ૧૪—૧૫

લીંબડો પીવાની વિધિ.

रसोनिम्बस्यमंजर्याः पीतश्चैत्रेहितावहः ॥
हन्तिरक्तविकारांश्च वातपित्तंकफंतथा ॥ १६ ॥

અર્થ—ચૈત્ર મહિનામાં (એસતે મહિને સુદ પડવેથી તે પાંચમ સુધી) લીંબડાનો મ્હોર (ફૂલ) ઘુંટી (જરા મીઠું નાખી) પીએ તો લોહી વિકાર, વાયુ, પિત્ત અને કફના રોગો નાશ થાય છે. ૧૬

ખંડપાન વિધિ.

द्वेपलेशुद्धखण्डस्य गालयित्वाजलंपिवेत् ॥ अंगसादंप्रशमयेत् रुधिरस्यविकारजं ॥ १७ ॥ कपित्थंचशताह्वाच धान्यकंखण्डसंयुतं ॥ अथवाशर्करायुक्तं ग्रीष्मकालेसुखावहं ॥ १८ ॥

અર્થ—સાકર ૮ તોલા પાણીમાં નાખી ગળીને પીવાથી અંગ (શરીર) અકડાઈ પડયું હોય, તે તથા રૂધિર વિકારથી ઉત્પન્ન થએલા રોગો મટેછે. અથવા કોઠનો ગરભ, વરીયાળી, ધાણા અને ખાંડ અથવા સાકર એ સર્વને ઘુંટી પાણી કરીને પીવાથી ઉન્હાળામાં શરીરને ઠંડક રહે છે અને લુ લાગતી નથી. ૧૭—૧૮

પરચૂરણ ઔષધોના પ્રયોગ.

एरण्डतैलंवृषणप्रवृद्धौ सांगोपयस्कंहितमेतदुक्तं ॥

सराजवृक्षामृतवह्निवासा क्वाथंहितंमारुतशोणितेषु ॥ १९ ॥
मूत्रेणवादुग्धसमन्वितंवा सर्वोदरेषुश्वयथौचशस्तं ॥
पक्वाशयस्थेपवनेप्रयोज्य मैरण्डतैलेनविरेचनार्थः ॥ २० ॥

અર્થ—એરંડીયું ઉન્હું કરી ગળી ગાયના દૂધની સાથે પીવાથી અંડ વૃદ્ધિ (અંડ કોષ વધે છે—રસ ઉતરે છે તે) મટે છે. ગરમાળાનો ગોળ, ગળો અને અરડૂસો એઓનો કવાથ પીવાથી વાયુ વિકાર અને લોહી વિકારને મટે છે. અથવા એરંડીયું ગાયના મૂત્રમાં નાખી પીવાથી કે ગાયના દૂધમાં નાખી પીવાથી પેટના બધા વિકાર, સોજો અને પકવાશય (હોજરી) માનો વાયુ રોગ તે મટે છે, અને રેચ લાગે છે. અથવા રેચ લેવાની જરૂર હોય ત્યારે એરંડીયું પીવું તો દરદો મટે છે. ૧૯—૨૦

તથા

मूत्रेणवर्षापुसुरेंद्रदारु पथ्यामृतानांक्वथनेनचापि ॥
पीतोजयेत्गुग्गुलरेकरेव सोफःसपांडुदरमेदरत्वं ॥ २१ ॥

અર્થ—વર્ષાૠતુમાં સાટોડીની જડ, દેવદાર, હરડે અને ગળો એઓનો કવાથ કરી ગાયના મૂત્ર સાથે પીવાથી અથવા ગોમૂત્રમાં એકલો ગુગળ નાખીને પીવાથી સોજાએ કરી સહિત પાંડુ રોગ અથવા સોજો અને પાંડુ રોગ, પેટના વિકાર અને મેદ વગેરેને મટાડે છે. ૨૧

मूत्रेणवाशोफषुगुग्गलः स्या द्रायन्रोसारः क्वथनेनकुष्टे ॥ मेदश्विनांचापिहितः कषाये विल्वादिकेवाशिखिमंथजेवा ॥ २२ ॥ फलत्रिकाथयुतोव्रणेसु कुष्टेषुनाडिपुभगंदरेषु ॥ सकांचनारत्रिफलोपकुल्पा सगंडमालागलगंडयोग्यं ॥ २३ ॥ वातामयेविश्वबलागुडचिराष्णात्रिकंटोरुवुकास्थिराभिः ॥ छिन्नोद्भवकाथयुतःसमीरे सशोणितेगुग्गलरेकएव ॥ २४ ॥

અર્થ—ગાયના મૂત્રમાં ગુગળ પીવાથી સોજો મટે છે. એરસારના કવાથ સાથે ગુગળ પીવાથી કોઢ મટે છે. બીલી અરણીના

કવાથ સાથે ગુગળ પીવાથી મેદ રોગ જાય છે. ત્રિફળાના કવાથમાં ગુગળ પીવાથી કોઢ ગુંબડાં નાડીવૃણ (નસો સુધી ઉંડા પોહચેલાં ગુબડાનાં છિદ્રો વા નાસૂર) અને ભગંદર મટે છે. કાંચનારના રસ વા કવાથ સાથે ગુગળ અને પીપર પીવાથી ગંડમાળા તથા કંઠમાળા વગેરે મટે છે. વાયુ રોગને માટે સુંઠ, કાંસકીનાં બીજ, ગળો, રાસ્ના, ગોખરૂ એરંડાનું મૂળ શાલપરપોટી અને ગળો એઓનો કવાથ કરી પીવાથી વાયુ રોગ અને લોહિવિકાર મટે છે. અથવા વાતરક્તને મટાડે છે તથા એકલો ગુગળ પણ વાતરક્તને મટાડે છે. ૨૨—૨૪

गुडाभयामूत्रहरीतकीवा हितंतथारुष्करवर्द्धमानं ॥
अर्शस्यमेहेपुहिताहरिद्रा धात्रीरसकुष्टिपुमूत्रयुक्ता ॥ २५ ॥

અર્થ—ગોળ અને હરડે ખાય તો બહુ પેશાબ થતો હોય તે મટે અથવા ભિલામાનો પ્રયોગ વર્દ્ધમાન પીપરની માફક કરવો તો અર્શ-હરસ તથા પ્રમેહ મટે છે. વા હળદર અને આમળાં ગોમૂત્ર સાથે પીવાથી કોઢ મટે છે. ૨૫

कणाग्निसैंधवंपथ्या चूर्णंरुचिकरंपरं ॥ दिप्यदाडिमधान्याक युतंवर्षापुतद्धितं ॥ २६ ॥ पथ्यासोवर्चलंदीप्यं नमकोराजीकोषणं ॥ शुष्कंनिंबुकदलिका सर्वमुत्काल्यतत्पिवेत् ॥ २७ ॥ अजीर्णेरसशोषंतु गात्रभंगंनिवारयेत् ॥ पथ्यासिंधुत्थजीराणां चूर्णंरसविकारनुत् ॥ २८ ॥

અર્થ—પીપર, સિંધાલુણ અને હરડેનું ચૂર્ણ અરૂચિને મટાડી રૂચિ કરવામાં સર્વોત્તમ છે. અથવા અજમો, દાડિમનાદાણા અને ધાણા એઓનું સેવન કરવાથી પણ રૂચિ ઘણી સારી થાય છે. અથવા હરડે સંચળ, અજમો, રાઈ, મરી, સુકાં લીંબુ, અને કેળનો કંદ એ સર્વને ઉકાળી પીવું તો અજીર્ણ, રસ વિકાર, શોષ (અથવા રસ શોષ) અને શરીરનો ત્રોડાવો એ સર્વ મટે છે, અથવા હરડે, સિંધાલુણ અને જીરૂં એઓનું ચૂર્ણ કરી ફાકવાથી રસ વિકાર મટે છે. ૨૬—૨૮

किरातंग्रंथिकंविश्वा पामार्गकाथितंचतत् ॥ पिप्पलीचूर्ण- संयुक्तं सन्निपातांगसुन्यहृत् ॥ २९ ॥ हपुपासाथरीस्तुल्या समुं- त्कान्यपलोन्मितं ॥ प्रक्षिप्याथगुडंशुद्धं सर्ववातोपशांतये ॥ ३० ॥ धान्यकंनागरंपथ्या त्रिभिस्तुल्योगुडस्तथा ॥ जलेनक्वथितः पीतो भेदनोमलशोधनं ॥ ३१ ॥ मपुन्नाटस्यबीजानी तथापंचांगमासकं ॥ क्षौद्रंजलेनमथितं तथानिंबस्यमंजरी ॥ ३२ ॥ तथाचामलकंखंडं गंधकंत्रिफलासिता ॥ कालमेखोचखंडेना थवादुग्धगुडैःसहः ३३ रेवंतचीनोसितया पीताकालंबरीतथा ॥ भल्लातस्तिलखंडाभ्यां रु- धिरार्त्तिविनाशकाः ॥ ३४ ॥

અર્થ—કિરીયાતું, પીંપરી મૂળ, સુંઠ, અંધાડો એઓનો કવાથ કરી પીપરના ચૂર્ણનો ભૂકો ભભરાવી પીવાથી સન્નિપાત અને ચિત્તભ્રમ અથવા સિતાંગ સન્નિપાત વા સન્નિપાત અને શરીરની શિતળતા એ સર્વ મટે છે. છીણીનાં મૂળ અને સાથરી એ બે બરોબર લઈ ઉકાળી એક પળ (૪ તોલા) ભાર ચોખો ગોળ નાખી પીવાથી સર્વ જાતનાં વાયુ મટે છે. ધાણા, સુંઠ, હરડે એ ત્રણે બરોબર લઈ તે ત્રણેના બરોબર ગોળ નાખી કવાથ કરી પીએ તો પેટના મળનું શોધન કરે છે. (સાફ દસ્ત—ઝાડો લાવે છે) પુંઆડીઆનાં બીજ અથવા પુંઆડીયાનાં પાંચે અંગ (ફળ, ફૂલ, મૂળ, પાન અને ડાળાં) ૧ માસો લેઈ કવાથ કરી મધ નાખી (મધ રોગ ઓળખી તેના યોગ્ય પ્રમાણમાં પૃષ્ટ ૧૮૩ માં કહ્યા પ્રમાણે નાખી) દરરોજ પીવાથી તથા લીંબડાનો મ્હોર પીવાથી અથવા આમળાં અને સાકર પીવાથી અથવા ગંધક ત્રિફળાં અને સાકર પીવાથી અથવા નસોતર અને ખાંડ પીવાથી અથવા ગોળ દૂધ સાથે પીવાથી વા નસોતર દૂધ અને ગોળ સાથે પીવાથી લોહી વિકાર મટે છે. અથવા રેવંચીનીનું લાકડું અને સાકર પીવાથી અથવા હેળદર અને કાળાઉંબરાનાં છોડાં ઉકાળી પીવાથી તથા ભિલામાં તલ અને ખાંડ ફાકવાથી લોહી વિકારની પીડા નાશ પામે છે. ૨૯—૩૪

अयःकृतिर्व्याघदिरस्यसार रक्तगदोषिणांचित्रविकारी-
णांच आवालजंबीजमुदाहरंति बिभितकात्वक्मलयुक्कषाये ३५
गुल्मेषुशूलेषुचहिंगयोगः सविश्वसौवर्चलपुष्कराव्हः ॥ गरातुरंहे-
महितंवदंति राष्णामहद्व्याधिहराप्रदिष्टा ॥ ३६॥ उन्मादिनामु-
न्मदमानसाना ॥ मपस्मृतौभूतहतात्मनांहि ब्राह्मीरसःस्यात्सवचः
सकुष्टः सशंखपुष्पः ससुवर्णचूर्ण ॥ ३७ ॥

અર્થ—લોહચૂર અથવા ખેરસારથી ત્વચા રોગ વા, ચિત્ર કોઢ મટે છે. અથવા બાવચી અને બેહડાની છાલ તેનો કવાથ કરી પીવાથી મળદોશ અને કોઢ મટે છે. ગોળા અને શૂળ ઉપર હીંગ શેકીને ખાવાથી મટે છે. સુંઠ, સંચળ અને પૂષ્કરમૂળ તેના હિમના સેવનથી વિષદોષ વા ધંતૂરાનું ઝેર મટે છે. રાસ્નાનો કવાથ પીવાથી વાયુની વ્યાધિઓ મટે છે. બ્રાહ્મીનો રસ, વજ, ઉપલેટ, શંખાવળી અને ધંતૂરાનાં બીજ એઓનું ચૂર્ણ કરી ફાકવાથી ઉન્માદ, ચિત્તભ્રમ, મૃગીવાયુ, . માનસરોગ અને ભૂત વગેરેની ઉપાધિ મટે છે. ૩૫—૩૭

वातासृजीश्लीपदिनांवमीषु हलीमकेपांडुककामलायां ॥
मेदस्विनांचापिहितागुडूची फलत्रयंनेत्रविकरिणांच ॥ ३८ ॥ हि-
तोतिसारेकुटजोज्वरेषु सपर्प्पटश्चापिकिराततिक्त ॥ ससर्कराश्चापि-
समाक्षिकंच वासाकषायः खलुरक्तपित्ते ॥ ३९ ॥ तृषासुपंचा-
म्लकमुद्दिशंति प्लीहामयेपिप्पलीवर्द्धमानं॥ रोहीतकश्चापियकृद्विकारे
स्याद्विद्रधीनांवरुणप्रसस्त ॥ ४० ॥ गोमूत्रमेकंजठरामयेषु विषोप-
सृष्टेषुशिरीषकल्कं ॥ कोशातकीमूलकसंभवेषु विषेषसंकोटजटाक-
षायः ॥ ४१ ॥ मन्याहनुश्रवणलोचननाशिकास्य भ्रूभंगतालुगल
शंखशिरोविकारान् ॥ तृष्णानिहंतिदशमूलकषायपीता काथेनवा-
सहफलत्रितयोद्भवेन ॥ ४२ ॥

અર્થ—ગળોનો કવાથ વિધિવત્ કરી પીવાથી વાતરક્ત. કીડીનગરૂ, (વા, પગ સુઝી જાય છે તે) ઉલટી, હલીમક, પાંડુ, કમ-

ળો અને મેદ રોગ વગેરે મટે છે. ત્રિફળાનો કવાથ નેત્ર રોગ માટે હિતકારી છે. કડાછાલનો કવાથ કે ચૂર્ણના સેવનથી અતિસાર મટે છે. પિત્તપાપડો, કિરીયાતું, અને કડુ એઓના સેવનથી તાવ મટે છે. સાકર, સોવનમાખી અને અરડૂસો એઓનો કવાથ કરી પીવાથી રક્તપિત્ત મટે છે. પંચામ્લ (અમ્લવેતસ નામનું લીંબુ, કોકમ, મોટું ખાટું લીંબુ, લીંબુ અને બીજોરૂં) એઓનો રસ પીવાથી તરસ વારંવાર લાગતી હોય તે મટે છે. વર્દ્ધમાન પીપરના સેવનથી બરોળ મટે છે. રોહીડાની છાલના કવાથથી કાળજાનો દુખાવો મટે છે. વરૂણાના કવાથથી વિદ્રધિ રોગ મટે છે. ગાયનું મૂત્ર પીવાથી પેટનાં દરદો મટે છે. શિરસની છાલના સેવનથી ઝેરનો વિકાર મટે છે. કડવાંતુરીયાં (કુકડવેલાનાં ફળ)નો રસ અથવા પલાળીને પીવાથી ઉંદર કરડ્યાનું ઝેર મટે છે. અંકોળ અથવા તેની જટા (મૂળ)ના કવાથથી ઝેરનો દોષ મટે છે. દશમૂળના કવાથથી મન્યાસ્થંભ, હનુગ્રહ, કાન, આંખ, નાક, ભમર તાલુઉં, કંઠ, લમણા માથાના રોગો અને તૃષ્ણા (તરસ) એટલા રોગો મટે છે અથવા દશમૂળ અને ત્રિફળાનો કવાથ પીવાથી પણ ઉપરના રોગ મટે છે. ૩૮—૪૨

તથા

रास्णाकषायपरिपीतमयस्त्रदंष्ट्रा काथेनचामृतलताकथनेनचापि ॥ विश्वौषधंहरतिपादकटिविकारान् नाशाक्षिजानुजघनस्तनजारुजश्च ॥ ४३ ॥ पीतानिहिंगुसितजीरकतुंबुराणि पथ्याग्निपुष्करजटालवणत्रयाणि ॥ हृत्कोष्टविष्टगुदगुह्यरुजोजयंति संक्षिप्तमेतदितिकायचिकित्सितंस्यात् ॥४४॥ मुस्तापप्पटकंज्वरेतृषिजलंमृद्भ्रष्टलोहाद्भवं लाजाछर्दिषुवस्तिजेषुगिरिजं मेहेषुधात्रीनिशे ॥ पांडाश्रेष्टमयोभयानिलकफे प्लीहामयेपिप्पली संयातकृमिजाविषेशुकृतहृर्मदानिलेगुग्गुलुः ॥ ४५ ॥ तृषास्रपीत्तेकुटजातिसारे भल्लातमर्शस्सुगरेषुहेम ॥ स्थूलेषुताक्षकृमिनेकृमिघ्नं शोषेसुराछागपयोथमांसं ॥ ४६ ॥ अक्षामयेषुत्रिफला गुडूची वातास्रजे तक्रगवांग्रहिण्यां ॥ कुष्टेषुकाथंखादिरस्यसारं सर्वेषुराजेषुशिलाव्हयंच ॥ ४७ ॥

અર્થ—રાસ્નાનો કવાચ પીવાથી વા, ગોખરૂ, હળદર, અને ગળો એમાંથી ગમે તેનો કવાથ કરી સુંઠ ભભરાવી (અથવા ગોખરૂ, હળદર, ગળો અને સુંઠનો કવાથ) પીવાથી પગ, કેડ, નાક, આંખ, સાથળ, ઢીંચણુ અને સ્ત્રીઓના સ્તન મંડળ એટલી જગ્યોની વ્યાધિ માટે ઉપરનાં અનુપાન હિતકારી છે. અથવા હીંગ, સફેદ જીરૂં, તુંબરૂ, હરડે, પુષ્કરમૂળ, સિંધાલુણ, સંચળ અને બંગડીખાર એ સર્વેનો કવાથ કરી પીવાથી છાતી, પેટ, પીઠ, ગુદા, સ્ત્રીપુરૂષના ગુહ્ય (છાંના) સ્થાન વગેરેની પીડા ઉપર સદરહુ અનુપાન યોજવાં. મોથ અને પિત્તપાપડાનો કવાથ તાવ માટે. વાળાનો કવાથ તરસરોગ માટે. લોહનાં પદાર્થો માટી ખાધાના રોગ માટે. ચોખાની ધાણી ઉલટી માટે શીલાજીત બસ્તિના વિકાર માટે. આમળાં અને હળદર પ્રમેહ માટે. લોહભસ્મ વા લોહનો મંડૂર કે લોહનો કોઈ પણ પદાર્થ પાંડુ રોગ માટે. હરડે કફ અને વાયુ માટે. વર્દ્ધમાનપીપર બરોળ માટે. ગુગળ-વાયુ રોગ માટે અરડૂસો રક્તપિત્ત માટે. કડાછાલ અતિસાર માટે. ભિલામાં હરસ માટે. સોનાનો ઉકાળો ઝેર માટે. સોવનમાખી મેદ અથવા શરીર જાડું થયું હોય તે માટે. વાવડીંગ કરમ રોગ માટે. દારૂ અથવા બકરીનું દૂધ વા, માંસ રસશોષ માટે. ત્રિફળાં આંખના રોગ માટે. ગળો વાતરક્ત માટે. ગાયની છાસ સંગ્રહણી માટે. ખેરસારનો કાઢો કોઢ માટે અને શિલાજીત સર્વ રોગ માટે એટલે જે જે માટે જે દવાઓ લખવામાં આવી છે તે તે રોગ માટે તે દવા અનુપાનમાં વાપરવી જેમ ગાયની છાસ સંગ્રહણી માટે એમ લખ્યું છે તો સમજવું કે સંગ્રહણીની કોઈપણ દવા ઉપર ગાયની છાસનું અનુપાન છે એમ સમજવું. જ્યાં અનુપાન કહેલું હોય તો ઠીક અને અનુપાન માટે કશું કહેલ ન હોય તો આમાં બતાવેલાં અનુપાનોની યોજના યોજવી. જૂદા જૂદા ગ્રંથોના શ્લોકો હોવાથી એકજ વસ્તુનું બીજી વખત કેહવું થએલ છે માટે તે વિચારી યોગ્ય અનુપાનો સમજી મનન કરવાં. ૪૩—૪૭

દંભ-ડામ દેવાની મર્યાદા.

धनुर्वातेमृगीवाते उन्मादेचित्तविभ्रमे ॥ निश्चैतन्येसन्नि-

पाते दम्भस्तत्रप्रदापयेत् ॥ ४८ ॥ भ्रुवौशंखंचपादेषु कृकाटीमूल रंध्रयोः ॥ नेत्ररोगेअपस्मारे भ्रुवौशंखौचदम्भयेत् ॥ ४९ ॥ कामलेपाण्डुरोगेच कृकाटयाचप्रकोष्ठके ॥ औदरेषुचसर्वेषु दम्भयेदुदरोपरि ॥ ५० ॥ हृदयेयस्यपीडायां दम्भयेद्हृदयोपरि ५१

અર્થ—ધનુર્વાયુ, (તાણુ) મૃગીવાયુ, ઉન્માદ, ચિત્તભ્રમ, (દિવાનો) અચેતન (બેહોશ–અવાચક) સન્નિપાત, એટલા રોગ ઉપર ભ્રમરોના વચમાં, લમણામાં, પગે, કરોડમાં, અને દશમે દ્વારે ડામ દેવા. નેત્ર રોગ અને ફેફરા માટે ભ્રમરોમાં અને લમણામાં ડામ દેવા. કમળો, પાંડુ એ રોગમાં કરોડ પેડુ અથવા પેટ ઉપર ડામ દેવા. પેટના રોગમાં પેટ ઉપરજ ડામ દેવા. અને છાતીના દરદોમાં છાતી ઉપરજ ડામ દેવા એટલે જે દરદોમાં ખાસ ડામ દેવાની જરૂર છે તે રોગમાં ડામ અથવા પ્લાસ્ટર દેવા માટે રૂષિ મુનિઓની આજ્ઞા આપેલી છે. ૪૮—૫૧

ઝેર મટાડવાના ઉપાય.

शिरीषपुष्पंसकरंजबीजं काश्मीरजंकुष्टमनःशिलेच ॥ एषोगदोराग्निकष्टाश्विकानां सक्रांतिकारीकथितोजलेन ॥ ५२ ॥ शिरिषंमरिचंनिम्ब कर्कोटीतन्दुलीयकं ॥ श्यामापाठाकशुंठीच एकैकंत्रिषदोपहृत् ॥ ५३ ॥ सैधवंमरीचैस्तुल्यं नींबबीजतयोःसमं ॥ घृतपीतंगदोहंति विषंस्थावरजंगमं ॥ ५४ ॥ अरीष्टत्वक्पुत्रजीव मज्जामदनकंफलं ॥ कार्पासमज्जातुल्यं तक्रेणाम्लेनपाचयेत् ५५ जिव्हायास्तालुयोगा दमृतस्त्रवणंतुयत् ॥ विलिप्तस्तेनदंशस्या भिविषःक्षणमात्रतः ॥ ५६ ॥ घृतादिपेयदंष्टेन भक्षंचिर्भटिकादिकं ॥ दंशेकर्णमलंबद्धं तुलसीमूलभक्षयेत् ॥ ५७ ॥ आछादीतंनिंबपत्रै निंबातेस्थापयेत्तदा ॥ छायाशुष्कामर्कजटां मरीचैः सत्तुभक्षयेत् ॥ ५८ ॥

અર્થ—શરસનાં ફૂલ, કણુઝાનાં બીજ, કેશર, ઉપલેટ અને

મણશિલ એઓ પાણી સાથે ઘસી સાપ અને વિંછીના ડંખ ઉપર ચોપડે તો ઝેર મટે છે. અથવા શરસ, મરી, લીંબડાનાં પાન કે લીંબોળી, કંકોડી, તાંદળજાનાં મૂળ, કાળીપાઠ અને સુંઠ એ દરેક સ્થાવર જંગમ ઝેર માટે વાપરવાં. સિંધાલુણ મરી અને લીંબોળીની મીંજ એ સરખાં લઈ વાટી તે ચૂર્ણ ફાકી ઉપર ઘી પીતું તો બન્ને પ્રકારનાં ઝેર નાશ પામે છે. અથવા અરીઠાની છાલ જીવાપોતાની મીંજ, મીંઢળ, કપાસીયાની મીંજ અને મોરથુથું એમાંથી કોઈપણ ઔષધી હાથ લાગે તે ખાટી છાસ સાથે પાવાથી ઝેર મટે છે. તથા જીભને તાળવા સાથે ઘસિયે અને જે અમૃત (અમી) પેદા થાય તે ડંખપર ચોપડવાથી ઝેરી જાનવરોનું વિષ ક્ષણ વારમાં શાંતી (નાશ) થાય છે. અથવા મરી અને ઘી પીવાથી, વા, ચિભડું, કે કોઠીંબડાં ખાવાથી, ડંખ ઉપર કાનનો મેલ બાંધવાથી અથવા તુલસીનું મૂળ ખાવાથી બન્ને પ્રકારનાં ઝેર મટે છે. અથવા લીંબડાનાં પાંદડાં ગરમ કરી ડંખને ડામે વા, તેનાં પાંદડાં ડંખ ઉપર બાંધે, તેમજ પથારી પણ તેનાજ પાંદડાની કરે અને છાયામાં સુકવેલી આકડાની જડ સાથે મરી વાંટી પાણી કરી પીએ તો બન્ને પ્રકારનાં ઝેર મટે છે. (વિશેષ ખુલાસો પૃષ્ટ ૨૧૨ માં જુઓ) ૫૨—૫૮

वंध्यानिधान.

जन्मवंध्याकाकवंध्या मृतवत्सास्तुयाः स्त्रियाः ॥
तासांपुत्रोदयार्थाय शम्भुगौर्य्यौप्रकाशितम् ॥ ५९ ॥

एकापत्या मृतापत्या कन्यापत्या नपत्यता मृतपुत्रस मित्येवंपश्चधापत्यव्याधयः ॥ ६० ॥

અર્થ—આ જગતમાં તે સ્ત્રીને વાંઝણી જાણવી કે જેને બિલકુલ અટકાવ (રજસ્વળા ધર્મ) આવતો નથી; પરંતુ જ્યાં પુરૂષ છે તો ત્યાં ફળ હોવુંજ જોઇએ; પણ શરીરમાં કે ગર્ભાશયમાં કોઈ પ્રકારનો બગાડ હોય તો પુત્રોત્પત્તિ થતી નથી એટલે કાકવંધ્યા, જન્મવંધ્યા અને મૃતવત્સા, એ ત્રણ પ્રકારની વંધ્યા (વાંઝણી) હોય છે તેવી સ્ત્રીઓને ચિરંજીવી સુંદર પુત્રોત્પતી થાય તે હેતુ માટે આદ્ય યોગી શ્રી સદાશિવજીએ શ્રી ઉમયાજી આગળ કહ્યું કે, કેટલીક સ્ત્રીઓને ફક્ત એકજ સંતાન થાય છે ત્યાર પછી ફરી

સંતાન થતુંજ નથી. તથા કેટલીક સ્ત્રીઓને સંતાનો થાય છે પણ મરી ગયલાં અવતરે છે. તેમજ કેટલીક સ્ત્રીઓને પુત્રીઓજ અવતરે છે અથવા કેટલીક સ્ત્રીઓને બિલકુલ સંતાન થતુંજ નથી અને કેટલીક સ્ત્રીઓને સંતાન થાય છે પણ જીવતાં નથી એવા પાંચ ભેદ છે અથવા ઉપર બતાવેલ જન્મવંધ્યા તેને સંતાન થાયજ નહિ. બીજી કાકવંધ્યા તેના ૪ ભેદ છે એટલે એક સિંહવંધ્યા તે જાણવી કે સિંહની માફક એકજ સંતાન થાય. બીજી વંધ્યા તે જાણવી કે છોડીઓજ જણે. ત્રીજી વંધ્યા એ જાણવી કે અધૂરે ગર્ભ પડી જાય. અને ચોથી વંધ્યા એ જાણવી કે છોડ થઈ જાય. તથા મુએલાં છોકરાં જણે તે મૃતવત્સાવંધ્યા જાણવી એમ પણ રૂષિઓના મત મતાંતર છે. હવે તે રોગો મટી પુત્રોત્પત્તિ થાય તે ઉપાય કહીએ છીએ. ૫૯—૬૦

સંતાન થવાના પ્રયોગો.

समूलपत्रासर्पाक्षी रविवारेसमुद्धरेत् ॥ एकवर्णगवांक्षीरैः कन्याहस्तेनमर्दयेत् ॥ ६० ॥ ऋतुकालेपिबेद्वंध्या पलार्द्धंदिनसप्तकम् क्षीरशाल्योदनांमिष्ट माहारंचप्रदापयेत् ॥ ६२ ॥ उद्वेगभयशोकादि दिवानिद्रादिवर्जयेत् ॥ नकर्मकुर्यात्किंचित् सहन शीततापयो ॥ ६३ ॥ एवंसप्तदिनंकुर्यात् वंध्यापिलभतेसुतं ६४

અર્થ—મૂળ અને પાંદડાં સહિત સરપંખાનો છોડ રવિવારે ઉપાડી લાવવો (શનીવારની સાંઝરે ચોખા સોપારી કંકુ અને નાડાછડી લઈ જવી તે છોડ ઉપર પડછાયો ન પડે તેમ પૂર્વ વા ઉત્તર મૂખે ઉભા રહી તે સર્વ ચીજ તેના આગળ મૂકી નાડાછડી તેને બાંધી નુંતરૂં દેવાના મંત્રવડે નુંતરી રવિવારને પરોઢીએ કાગડા ન બોલતા હોય તે વખતે અવાચ્યપણે જઈ જે વનસ્પતિ નુંતરી હોય તેને લઈ આવવી) બાદ કુંવારી કન્યાના હાથે એક રંગની ગાયના દૂધ સાથે ખરલમાં નાખી વંટાવવો. ઝીણું થાય ત્યારે તેમાંથી બે તોલા દૂધમાં ઘોળી રૂતુ કાળમાં સાત દિવસ સુધી પીવું ઉપર દૂધ ભાત અને મીઠું ભોજન કરવું તથા તે સ્ત્રીએ ઉદ્વેગ, ભય, શોક અને દિવસે સુવું તથા કાંઈ પણ મેહનતનું કામ

કે ટાઢ, તડકો અને વર્ષાદની ઝપટ સહન કરે નહિ, એ પ્રમાણે સાત દિવસ કરે તો વાંઝણી સ્ત્રીને પણ પુત્રનો લાભ થાય. ૬૧—૬૪

બીજા ઉપાય.

श्वेतायाः कंटकार्य्याश्च मूलंतद्वच्चगर्भकृत् ॥ नकर्मकारयेत्किंचि द्वर्जयेच्छीतमातपं ॥ ६५ ॥ अश्वगंधाकषायेण मृद्वग्निपरिसाधितं ॥ ऋतुकालेपिबेद्वंध्या गर्भस्थापनमुत्तमं ॥६६॥ मातुलिंगशिफांनारी ऋत्वंतपयसापिवेत्॥ नागकेशरिपूरास्थि चूर्णत्वागर्भदंपरं ॥ ६७ ॥ शिफावर्हिशिखायास्तु क्षीरेणपरितोषितं ॥ पिवेदृतुमतीनारि गर्भधारणहेतवे ॥ ६८ ॥ पिप्पलीशृंगबेरंच मरिचंकेशरंतथा ॥ घृतेनसहपातव्यं वंध्यापिलभतेसुतं ॥ ६९ ॥ कोरंटकोश्वगंधाच कर्कोटीशिखिचूलिका ॥ एकैकाकुरुतेगर्भं पीत्वाक्षीरेणयोषितां ॥ ७० ॥ अथमुक्ताफलमर्द्धमाविद्धं ऋतुकालेर्द्धसुजातिफलेन ॥ विद्रुमखंडयुतंमुपयस्कं पुत्रकरंयुवतेत्रिदिनस्थं ॥ ७१ ॥

અર્થ—ધોળી રીંગણીનું મૂળ (ઉપર પ્રમાણે નુંતરીને) લાવી ઉપર કહેલી વિધિ પ્રમાણે કરવું તો અવસ્ય સંતાન થાય. અથવા આસગંધનો કવાથ ધીમી આંચથી બનાવી સાત દિવસ રૂતુ કાળમાં (અટકાવ આવ્યા પછી સાત દિવસ) પીએ તો વંધ્યા પણ ગર્ભને ધારણ કરે છે, અથવા બીજોરાની જડ પ્રથમની વિધિ પ્રમાણે લાવી રૂતુ કાળમાં ગાયના દૂધ સાથે પીએ અથવા નાગકેશર અને બીજોરાની જડ એકવર્ણી ગાયના દૂધમાં સાત દિવસ પીએ તો ગર્ભવતી થાય. અથવા મોરશીખા (આબુ પહાડ ઉપર થાય છે તે)નાં પંચાગ લઈ પૂર્વોક્ત વિધિ પ્રમાણે દૂધ સાથે પીએ. અથવા પીપર આદું (અગર સુંઠ) મરી અને નાગકેશર એઓનું ચૂર્ણ ઘી સાથે રૂતુ કાળમાં પીએ અથવા કાંટાશળાયાનું મૂળ, વા, આસગંધ, વા, કકોડીનું મૂળ અને મોરશીખા એ દરેક દવા રૂતુકાળમાં પ્રથમ પ્રયોગમાં કહેલી વિધિ પ્રમાણે પીએ અથવા મોતીનો ચૂર વા, સાચું વગર વિંધેલું અર્ધું મોતી તેનો ભૂકો કરી રૂતુ કાળમાં ગોદૂધ સાથે પીએ અથવા અર્ધું જાયફળ, પરવાળાનો ભૂકો વા કકડો મોતીના

ખંડ સાથે ત્રણ દિવસ રૂતુ કાળમાં ગોદુધ સાથે પીએ તો વંધ્યા સ્ત્રીને પણ સંતાન થાય છે (ગર્ભ ધારણ કરવાના તમામ પ્રયોગમાં એક રંગની ગાયનું દૂધ, તથા ઘી લેવું, રૂતુ કાળમાં ૩-૭-૧૩ કે ૧૬ દિવસ પ્રભાતકાળે સૂર્ય સન્મુખ છૂટે અંબોડે તિલક સહિત પ્રસન્ન ચિત્તે સુંદર સ્વરૂપવાન બાળક તેડી કુમારીકાના હાથે દરેક પ્રયોગ કરે અને પ્રથમ પ્રયોગમાં બતાવ્યા પ્રમાણે પથ્યમાં રહી પતિના સંસર્ગમાં આનંદથી વર્ત્તે તો નિશ્ચે સંતાન થાય વિશેષ માહેતી માટે વાગ્ભટ્ટમાં જુઓ) ૬૫—૭૧

ગર્ભ ન રેહવાના પ્રયોગ.

पलाशतरुबीजानि पिबेत्पुष्पवतीस्त्रियः ॥ सलिलेनत्र्यहं-यावत् सवेश्यायातिवंध्यतां ॥ ७२ ॥ फलंत्रिपुषबीजानि याना-रीपुष्पदर्शनात् ॥ पिबेद्दिनानिसप्ताष्टौ यदिनेच्छेत्प्रसूयितुं ॥७३॥ उत्काल्यबदरीलाक्षा तैलेनसह्यापिबेत् ॥ द्विकर्षंचऋतोरन्ते तस्या गर्भोनजायते ॥ ७४ ॥

અર્થ—ખાખરાંનાં બીજ પાણીમાં ઘુંટી રૂતુ કાળમાં ૩ દિવસ જે સ્ત્રી પીએ તે વેશ્યાવત્ પતિ કરનાર હોય તો પણ સંતાન ન થાય. અથવા કાકડીનાં બીજ ૭ અથવા ૮ દિવસ રૂતુ કાળમાં ઘુંટીને પીએ તો સંતાન ન થાય. અથવા બોરડીની લાખ ૨ તોલા તેલમાં ઉકાળી રૂતુ કાળમાં ૩ દિવસ પીએ તો તે સ્ત્રીને ગર્ભ રેહતોજ નથી. (આવા પ્રયોગો વેશ્યા અને રાંડેલી સ્ત્રીઓને વિશેષે કરીને ઉપયોગી છે.) ૭૨—૭૪

મરી ગયલો ગર્ભ વા છોડ પડવાનો ઉપાય.

स्फटिकावंशछालीचोत्काल्यकर्षद्वयंपिबेत् ॥
त्र्यहंवाप्यथसप्ताहं भ्रूणंपततिनिश्चितं ॥ ७५ ॥

અર્થ—ફટકડી, વાંસડાનો છોલ એ બન્નેને ઉકાળી બે તોલા ભાર ૩ અથવા સાત દિવસ પીવાથી મૃતગર્ભ અથવા છોડ થઈ ગયું હોય તે પડી જાય છે. (પાતકી મનુષ્યોનાં ઘાતકી મનને ગર્ભપાતની દવાઓ સાધનભૂત હોવાથી અત્રે તેનો ત્યાગ કર્યો છે.) ૭૫

ઇતિ શ્રી મન્નાગપુરીય તપાગછીય શ્રી હર્ષકીર્તીસૂરી સંકલિતે યોગચિંતામણૌ વૈદ્યક સાર સંગ્રહે મિશ્રકાધ્યાયઔષધાની સમાપ્ત.

હવે કર્મવિપાક કહીએ છીએ.

कथंकार्योदिवानाथ प्रश्नकालेऽस्ययोविधिः ॥ तत्तत्कर्मविमोक्षाय तत्तान्निष्कृतिसूचकः ॥ ७६ ॥

અર્થ—શ્રી સૂર્યનારાયણને અરૂણ સારથી પૂછે છે કે હે દિવાનાથ ! શી રીતે કર્મ વિપાક જાણી શકીએ અથવા તે કર્મ વિપાકથી મુક્ત (છૂટા) થવાનો શું ઉપાય છે? તે કૃપા કરી ફરમાવો.૭૬

श्रीसूर्यउवाच॥आधिव्याधिमतोजन्तो र्विरक्तिर्जायतेयदा॥दैवज्ञंसतदाप्राप्य निजदुःखं निवेदयेत्॥७७॥ ततस्तुमुनिमाहूय दैवज्ञंकुनिकोविदं॥ श्रद्धयापरयासम्यक् पूजयेद्विविधार्हणे ॥७८॥ विप्रानन्याश्चवृत्तान् समाहूयगुणान्वितं॥ शुभेस्थलेभूप्रदेशे पूजयेदिष्टदेवता ॥७९॥प्रच्छकस्ततंततोज्ञान भास्करंसम्पगर्चयेत् ॥ भूरिद्रविणदानाद्यै विशेषविविधार्हणैः ॥८०॥ सुवर्णशुद्धमाग्नेय मासषोडशसंमितं ॥ तथागोयुगलांशांत रक्तवस्त्रादिभूषीतं ॥ ८१ ॥ प्रज्ञंवत्सभृतिकस्य मंत्रमेनमुदीरयेत् ॥ भगवन्देवदेवेश कर्मसाक्षीजगत्प्रभो ॥ ८२ ॥ प्राभृतंप्राग्विमर्म्येच तुभ्यंपुस्तकरूपिण ॥ प्रभुतेनामुनातुष्टः कर्मस म्यक्प्रकाशय ॥ ८३ ॥ तत्तुदुःखौघनाशायदुष्कृतस्यचमेप्रभो ॥ इतिविज्ञाप्यदेवेशं प्रणमेत्पुस्तकस्थितं ॥ ८४ ॥ ततोदैवज्ञंगदितं शृणुयाच्छ्रद्धयान्वितः ॥ तदर्थमुररीकृत्य सर्वंकुर्याद्यथाविधिः८५

અર્થ—અરૂણ સારથીની વીનંતિ સાંભળી શ્રી સૂર્યનારાયણજી બોલ્યા કેઃ—આધિ (મનની પીડા) વ્યાધિં (શરીર પીડા)થી મનુષ્યોનાં મન વ્યાકુળ વા દુઃખમય થાય ત્યારે દૈવજ્ઞ (જોસી) રૂષિ કે પંડીત પાસે જઇને શ્રદ્ધા સહિત નમ્રતા પૂર્વક નમસ્કાર કરી ફળ સોનામ્હોર કે રૂપામ્હોરનું ભેટણું કરી પોતાનાં દુઃખો નિવેદન (જાહેર) કરે અથવા ગુણવાન બ્રાહ્મણને આદર પૂર્વક પોતાના ઘેર બોલાવી સંપૂર્ણ શ્રદ્ધાએ કરી સારી પવિત્ર જગ્યોમાં પૃથ્વિ ઉપર સ્વચ્છ આસને બેસાડી વિધિ પૂર્વક વંદન પૂજન અર્ચાદિ કરવું તેમજ પોતાના ઈષ્ટ (વ્હાલા) દેવતાઓનું સ્મરણ

પૂજન કરવું બાદ જે યોતિષનું પુસ્તક મંત્ર શાસ્ત્ર કે અષ્ટાંગ વિદ્યાનું ભૂદેવની પાસે હોય તેની ધૂપ, ફૂલ, નૈવેદ્ય, કેશર કંકુનાં છાંટા વગેરેથી પૂજાર્ચના કરી ફળ વા ભેટ પૂજા આગળ ધરી સારી રીતે શક્તિ મુજબ બ્રાહ્મણોને દાન દેઈ ચોખું સોનું ૧૬ માસા અથવા બે ગાય લાલ વસ્ત્ર અને પુષ્પાદિથી ભૂષિત (શણગારી) કરી બાદ ઉપર લખેલા મંત્રને પાઠ કરી સૂર્ય નારાયણની (મારી) પ્રાર્થના કરે ત્યાર પછી ભૂદેવ અને પુસ્તકને નમસ્કાર કરી સુવર્ણ અને ગાયો ભેટ કરી પૂર્વ દિશા સાહમું મુખ કરી પ્રસન્ન ચિત્તે બેસવું અને જે જ્ઞાની વિપ્ર કહે તે શ્રદ્ધાએ કરી સાંભળી મનન કરવું એટલે કર્મના વિપાક (અમુક કર્મ કરવાથી કે અમુક પાપના કરવાથી અમુક પીડા કે કષ્ટ પ્રાપ્ત થયું છે) તે સાંભળ્યા બાદ પોતાની શક્તિ પ્રમાણે યથોચિત વિધિ પ્રમાણે જપ, હોમ અને દાનાદિ કરવું. ૭૭—૮૫

ज्वराऽतिसारो ग्रहणी अर्शो जीर्णो विषूचिका ॥ अलसश्चविलम्बोच कृमिरुक्पाण्डुकामला ॥ ८६ ॥ हलीमकंरक्तपित्तं राजयक्ष्माउरः क्षतम् ॥ कासौहिक्कासहश्वास स्वरभेदस्त्वरोचकं ॥ ८७ ॥ छर्दिस्तृणाचमूर्च्छाद्या रोगोपानात्ययादयः ॥ दाहोन्मादावपस्मारः कथितोत्थानिलामयः ॥ ८८ ॥ वातरक्तमुरुस्तम्भ आमवातोथ शूलरुक् ॥ पित्तजंशूलमानाह उदावर्त्तोथगुल्मरुक् ॥ ८९ ॥ हृद्रोगोमूत्रकृच्छ्रंच मूत्राघातास्तथाऽश्मरी ॥ प्रमेहोमधुमेहश्च पिटिकाश्चप्रमेहजाः ॥ ९० ॥ मेदोदोषोदरः शोथो वृद्धिश्चगलगण्डक ॥ गण्डमालापचीग्रंथि रर्बुदंश्लीपदंतथा ॥९१॥ विद्रधीव्रणशोंफाश्च द्वौव्रणौभग्ननाडिका ॥ भगन्दरोपदंशौचशूकदोषास्त्वगामयाः ॥९२॥ शीतपित्तमुदर्दश्च कोष्ठश्चैवाऽम्लपित्तकं ॥ विसर्पोश्चसविस्फोट सरोमांत्योमसूरिका ॥ ९३ ॥ क्षुद्रास्यकर्णनासाऽक्षि शिरः स्त्रीबालकामयाः ॥ विषंचेत्ययमुद्दश्य संग्रहेस्मिनूनकीर्त्तिताः ॥ ९४ ॥

સર્વ રોગોનાં નામ.

અર્થ—તાવ, અતિસાર, સંગ્રહણી, હરસ, અજીર્ણ, કોલેરા, અલસ, વિલંબીકા, કરમીયા, પાંડુ, કમળો, હલીમક, રક્તપિત્ત, રાજયક્ષ્મા (ક્ષય) ઉરઃક્ષત (છાતીમાંની ચાંદી) ઉધરસ, હેડકી, શ્વાસ, સ્વરભેદ, અરૂચિ, ઉલટી, તરસ, મૂર્છા (બે શુદ્ધિ, તંદ્રા, નિદ્રા અને ભ્રમ આદિ) મદાત્ય (મદ) બળતરા, ઉન્માદ (દિવાના–ગાંડાપણું) મૃગી વાયુ, વાયુની વ્યાધિઓ, વાતરક્ત, ઉરૂસ્તંભ, આમ વાયુ, શૂળ, પંક્તિ શૂળ, આફરો, ઉદાવર્ત્ત, ગોળો, છાતિના રોગ, મૂત્રકૃચ્છ્ર, મૂત્રઘાત, પથરી, પ્રમેહ (પરમીયો) મધુ પ્રમેહ (મીઠો પરમીયો) પ્રમેહની ૧૦ પિડાઓ, મેદ, પેટના રોગ, સોજો, અંડ વૃદ્ધિ, ગળસુડાં, ગંડમાળા–કંઠમાળા, અપચી, ગાંઠ, અર્બુદની ગાંઠ, શ્લીપદ (એક જાતનો સોજો, વા, કીડીનગરૂં) વિદ્રધિ, ગુંબડાં, શરીરના અવયવો ભાગી ગયા હોય તે ભગ્ન, નાડી વ્રણ (ભરનિગળ–નાસૂર) ભગંદર, ઉપદંશ (ચાંદી) શૂક દોષ, કોઢ, શીત પિત્ત, ઉદર્દ, કોઢ, અમ્લપિત્ત, વિસર્પ, વિસ્ફોટક, રોમાંતિક મસૂરિકા (ફોલ્લીયો) ક્ષુદ્ર (ન્હાના) રોગો, મુખના રોગ, કાનના, નાકના, આંખના, માથાના રોગો, સ્ત્રીના રોગ, બાળકોના રોગ, ઝેરના દોષ અને નપુંશકપણાના રોગ એટલા રોગો છે તેના ભેદ ઘણા છે (તે જાણવા માટે માધવનિદાન જુઓ.) ૮૬—૯૪

રોગોના ભેદ–તાવના ૮ ભેદ. (કેટલાક રૂષિઓના મત પ્રમાણે ૨૫ ભેદ છે.) વાયુના ૮૦ ભેદ (કેટલાના મત પ્રમાણે ૯૦ ભેદ છે) પિત્તના ૪૦ ભેદ, કફના ૨૦, સન્નિપાતના ૧૩, પ્રમેહના ૨૦, કોઢના ૧૮, રક્ત દોષના ૧૦, ક્ષયના ૧૧, શ્વાસના ૫, ઉધરસના ૫, હેડકીના ૨, અરૂચિના ૫, આમવાયુના ૫, પાંડુના ૫, શૂળના ૮, ઉદાવર્ત્તના ૧૩, આફરાના ૨, ગોળાના ૧૬, અજીર્ણના ૪, વિસુચિકાના ૩, અતિસારના ૭, સંગ્રહણીના ૫, ઉન્માદના ૬, શ્વાસના ૬, સ્વરભંગના ૬, મૂર્છાના ૬, ઉલટીના ૭, તરસના ૭, બળતરાના ૭, રક્તપિત્તના ૮, વાતરક્તના ૮, મદાત્યના ૪, ભૂતજન્ય ઉન્માદના ૨૦, પીળીયાના ૪, કમળાના ૩. વાઈના ૪, સોજાના ૬, વિદ્રધિના ૬, અંડ વૃદ્ધિના ૭, વિસ્ફોટકના ૮, ગાંઠોના ૯, વિસર્પના ૭, ૯, ગંડમાળાના, ૭, ચર્મ કિલ્લના ૩, ગુંબડાના ૧૫, માથાના રોગના

કર્મ વિપાકનાં ફળ અને શાંતિ.

जन्मान्तरकृतंपापं व्याधिरूपेणबाधते ॥ तच्छान्तिरौषधै र्दानै र्जपहोमसुरार्चनः ॥ ९५ ॥ देवंगुरुं धर्षयित्वा पापकर्म प्रकुर्वतां ये भवंति महारोगा स्तेत्व साध्याः प्रकिर्तिताः ॥ ९६ ॥ येपुनः क्रूरकर्माणः पापाः पिशुन चेतसः तेभवेयुः सदा शीत ज्वरवंतश्च तत्पराः ॥ ९७ ॥ शांतयेयुतसंख्यांकं कुर्यातुप्रयतोजपं जातवेद शमंत्रेण ब्राह्मणान् भोजयेत्ततः ॥९८॥ सहस्त्रकलशस्नानं शतभोजनमेवच उष्णज्वरे तथा कुर्या दभिषेकं हरे बुधः ॥ ९९ ॥

અર્થ—ગયા જન્મ (અવતાર)માં વા, અન્ય જન્મમાં કરેલાં પાપો તે વ્યાધિરૂપે બની આ જન્મમાં દુઃખ દે છે. તેની શાંતિ, માટે ઔષધો, દાન, જાપ, હોમ અને દેવતાઓની પૂજા-અર્ચના વિધિ સહિત કરવી. જો ગુરૂ, દેવને દુઃખ દીધાં વા તેમનાં દિલ કચવાવ્યાં હોય તો તે દુરાશીશના પાપ કર્મોથી ભયંકર રોગો થાય છે, તેમ અસાધ્ય (ન મટી શકે તેવા) માહા રોગો થાય છે. તથા જે મનુષ્ય જન્માંતરમાં ક્રૂર (ત્રાસદાયક-કમકમાટી ઉપજાવનારાં) કર્મો કરે છે. અથવા ચાડીઓ કરે છે તે પાપના કારણથી આ જન્મમાં

૧૦, કપાળરોગના ૯, કાનના ૧૮, આંખના ૯૪, નાકના ૧૮, ઓઠના ૧૧, મુખપાકના, ૮, દાંતના દશ, જીભના ૫, તાળુવાના ૯, ગળાના ૧૮, છાતીના ૫, રસવિકારના ૧૮, મૂત્રકૃચ્છના ૮, મૂત્રઘાતના ૧૩, પથરીના ૪, શુક્રદોષના ૮; ભગંદરના ૫, મેદના ૧૦, ઉપદંશના ૮, શુકદોષના ૬, અર્બુદના ૩, સ્લીપદના ૩, ક્રમીરોગના ૨૦, ક્ષુદ્રરોગના ૬, લુતાના ૩૬, મસૂરિકાના ૧૮, ભૂતોન્માદના ૨૦ ઉરઃક્ષત, કાળજાનીવ્યાધિ, બરોળ, મેદ, ભ્રમ, હલીમક, ઉરૂસ્તંભ, આમવાયુ, ઉદર્દ, શીતપિત્ત, અમ્લપિત્ત, મંદાગ્નિ, અલસ અને વિલંબીકા એટલાના ભેદો અન્ય ગ્રંથથી જુવો રૂતુકાળના ૮, યોનિરોગના ૨૦, યોનિકંદના ૪, ગર્ભાશયના ૮, પ્રદરના ૪, સુવારોગના ૪, બાળકરોગના ૨૨, બાળગ્રહના ૧૨ અને ઝેરના ૩, ભેદ એટલે ૩, જાતનારોગ એ પ્રમાણે સંક્ષેપથી રોગોની સંખ્યા કહી વિશેષ સ્ફૂટ વિવેચનની ઇચ્છાહોય તો શાર્ઙ્ગધરના પૂર્વખંડમાં જુઓ.

હમેશાં ટાઢીઆ તાવથી પીડાય છે. તેઓની શાંતિના માટે નિત વેદ મંત્રના દશ હજાર જાપ જપાવી બ્રહ્મ ભોજન કરાવે તો શિતજ્વર મટે તથા એક હજાર કળશથી સ્નાન કરાવવું ૧૦૦ બ્રાહ્મણોને ભોજન આપી શ્રી સદા શિવજીનો વિધિસહ અભિષેક કરાવી શોડશોપચાર પૂજા કરાવે તો તે પાપ નિવૃત થાય અને માહેશ્વર (ઉન્હો) તાવ જાય છે. ૯૫—૯૯

કુંભ (ઘડા)નું દાન દેવાની વિધિ.

मृन्मयरक्त घटं आनीयतंतंदुलोपरिस्थापयेत् स्वेतवस्त्रेणवेष्टये-त् तिलैर्वाशर्करयावा अंबुभिर्वापूर्येत् ॥ १८०० ॥

અર્થ—માટીનો રાતો ડાઘ વગરનો ઘડો લાવી ડાંગર વા, ચોખાની ઢગલી ઉપર સ્થાપી ધોળા લુગડાનો સવાગજનો કકડો તે ઉપર ઢાંકી ઘડાની અંદર તલ, સાકર અથવા પાણી ભરી પછી ધૂપ, પુસ્પ, દીવો નૈવેદ્ય અને કેશર કંકુ વગેરે આ આઠ પ્રકારની પૂજા કરી દાન દેવાની વિધિ મુજબ તે ઘડાનું દાન દઈ ગુરૂ બ્રાહ્મણની ભકિત કરવી તો પુર્વનાં પાપો નિવૃત થાય છે. ૧૮૦૦

भृशंपुष्पैरचयेत् देवगुरुज्ञानि भक्तिः कार्या अग्निउपशाम्याति सारी तडागभेताच वन्हीमूर्तिदानं ॥ १ ॥ साध्वीभार्याचयोभर्त्यः परित्यजतिकामतः ग्रहणी रोग संयुक्तः सदाभवतिमानवः ॥ २ ॥ शिवसंकल्प सूक्तेन जपेदष्टोत्तरंशतं ॥ ३ ॥

અર્થ—યજ્ઞની અગ્નિને ઓલવનાર, તળાવ વાવડી આદિનાં પાણી બગાડનાર વા, પાળ તોડનાર કે પૂરી નાખનાર મનુષ્યને અતિસારનો રોગ થાયછે, તેની શાંતિના માટે અગ્નિ દેવની મૂર્તિનું દાન કરવું. અને જે પોતાની સુશીલ પતિવૃતા સ્ત્રીને તજી કામમાં આતુર થઈ અન્ય સ્ત્રીને સેવે છે તે પુરૂષ સદા સંગ્રહણીના રોગથી પીડાય છે તેની શાંતિને માટે શ્રી મહાદેવજીની રૂદ્રીના ૧૦૮ પાઠ કરવા અથવા સુંદર ગાય લઈ ગૌદાન પદ્ધતિ પ્રમાણે તેનું પૂજન કરી વેદ પાઠી બ્રાહ્મણને આપવી તો તે કર્મનો નડાવ મટે છે. (અથવા જે

મનુષ્ય ગાયને વેચાતી લેઈ બમણું મૂલ લેઈ વેચે વા, ગાયોનો વ્યાપાર કરે વા, પૈસા લેઈ ગૌ પૂજન કરાવે વા કરે અથવા પૈસા ગ્રહણ કરી ભણાવે વા, દેવતાઓની પૂજા કરાવે તથા પૈસા લેઈ હોમ કરે તે મનુષ્ય હરસના રોગથી પીડાય છે માટે ઉપર કહેલી વસ્તુઓના પૈસા ન લેવા. તે પાપની શાંતિ માટે ઘી અને સોનાનું દાન કરવું અથવા સોનાની ગાયનું દાન કરવું) અન્નની ચોરી કરનાર મનુષ્યને અજીર્ણ રોગ થાય છે. ૧—૩

शुद्रस्यैवान्नभुक्तान्न मथतस्य द्विजस्यवा शूलव्याधिर्भवेन्नित्य अजीर्णेनातिपीडित ॥ ४ ॥ अग्निमांद्यंभवेत्तस्य यज्ञेताग्निविनाशकः गोमांसखादको वापि मंदाग्निर्जायतेनरः ॥ ५ ॥

અર્થ—બ્રાહ્મણ ક્ષત્રી અને વૈશ્ય થઈ શુદ્રનું અન્ન ખાય છે તો તે પાપથી શૂલ રોગી થાય છે અને અજીર્ણથી ઘણો પીડાય છે યજ્ઞની અગ્નિ શાંત કરનારની જઠરાગ્નિનો નાશ થાય છે વા, ગાયનું માંસ ખાનારની અગ્નિ મંદ થાય છે (અથવા જે મનુષ્ય કોઇને ઝેર દઇને મારી નાખે તેને મંદાગ્નિનાં દરદો થાય છે એ પૂર્વોક્ત પાપોની શાંતિ માટે ૧૨ તોલા સોનાનું અથવા સોનાની બકરી બનાવી તેનું દાન દેવું. તથા હાથી, ઘોડા, બળદ અને રથાદિ બગાડ વા, નાશ કરનારને કૃમિ–કરમીયાનો રોગ થાય છે. રંગદાર બળદનું દાન દેવાથી તે પાપ નિવૃત થાય છે. અથવા પતીના મુવા પછી રંગિત વસ્ત્ર પેહરે અથવા સવાગણના જેવાં વસ્ત્ર પેહરે તે કરમીયાના અને કુખના રોગથી પીડાય છે. રંગદાર વૃષભનું દાન દેવું. દેવ ગુરૂ બ્રાહ્મણનું ધન ચોરે તે મનુષ્ય જન્મ સુધી પાંડુ રોગથી પીડાય છે. અથવા વાત રોગી થાય તથા નીચ જાતની સ્ત્રીથી ક્રીડા કરે તે પાંડુ રોગી થાય. તેની શાંતિને માટે કૃચ્છ્ર-ચાંદ્રાયણ વ્રત કરવું ૧૫ ટાંક ચાંદીની પૃથ્વિ બનાવી દાન દેવું અને ગુરૂની ભક્તિ કરવી. ૪—૫

कामलासक्तचौरकस्यात् सौवर्णगुरुडदानं कामलाकुंभ काम लाह्लीमकदानयः पूर्वजन्मनिवैद्य शास्त्रमदुक्तः औषध अन्यथा

कृत्वाप्रयोजयति सरक्त पित्तव्याधिमान् ॥ ६ ॥

અર્થ—અથવા તે પૂર્વોકત પુરૂષોની ચોરી કરવાના પ્રાયશ્ચિ-તથી કમળો-કમળી-કુંભ કમળો અને હલીમક રોગ વગેરેથી પી-ડાય છે. તેની શાંતિના માટે સોનાનો ગરૂડ બનાવી તેનું દાન દેવું. અથવા જે વૈદ્ય વૈદ્યશાસ્ત્ર ભણ્યા વિનાકારણે ઔષધી આપે તે રકત પિત્તના રોગથી પીડાય છે. અર્થાત્ દરદી હોય તેને દવા ન આપે અને દરદી ન હોય તેને દવા આપે તે ખળતાના પાપથી પતનો રોગ થાય છે. તેની શાંતિ માટે ચરૂ ઘીનો હોમ કરવો. જે બ્રાહ્મણનું ખુન કરે વા, પારકું સુખ જોઈ બળે તથા પારકા ક્ષેત્રમાં ચોરી કરે તેને ક્ષય રોગ થાય છે. તેની શાંતિ માટે ૧૦૮ ટાંક સોનાનું દાન કરવું. વા એથી અર્દ્ધ દાન કરવું, ચાંદ્રાયણ વ્રત કરી ૨૪ બ્રાહ્મણ જમાડી ૧૦૦૦૦ હજાર શ્રી શંકરના મંત્ર જપવા. જે મનુષ્ય અહંકારી બની ધર્મ શાસ્ત્ર ન ભણેલ હોય છતાં અભિમાન કરી સભામાં પ્રાયશ્ચિત બોલે તેને રાજ્યક્ષ્મા (ક્ષય) રોગ થાય છે. તેની શાંતિમાટે ૩૦ ટાંક સોનાની ગાય બનાવી કાંસાના પાત્ર સાથે દાન કરવું. ૬

कृतघ्नोजायतेमर्त्युः कफवान् श्वासकाशवान् वाग्विरोधिंगुरोः कृत्वा भवेद्गदगदवानरः ७

અર્થ—જે મનુષ્ય કરેલા ગુણને ભૂલી જાય તેને કફ, શ્વાસ અને ઉધરસનો રોગ થાય છે. તેની શાંતિ માટે મીઠાનું અને મધનું દાન કરી ૧૦૦૦ બ્રાહ્મણ જમાડવા. ગુરૂના વચનનો જે વિરોધ કરે અપમાન કરે તે મનુષ્ય ગદગદ (રોયા જેવી) વાણી વાળો થાય છે. જે બ્રાહ્મણને જમાડ્યા વગર વા, બ્રાહ્મણ વગર પોતેજ જાપ કરે તો હેડકીનો રોગ થાય છે તેની શાંતિને માટે ચાંદ્રાયણ વ્રત કરે સોનાનું દાન દેતો તે રોગ મટે. જે મનુષ્ય કીડી, કાગડા અને કૂતરાંઓને એંઠું અનાજ વા લોટ નાખે તો તેને ઉલટીનો રોગ થાય. તથા જે વિશ્વાસઘાત કરે તે પણ ઉલટીના રોગથી અત્યંત પીડાય. તેની શાંતિ માટે અન્ન દાન, તલનો હોમ અને ૫૦ બ્રાહ્મણને જમાડવા. જે રસ્તામાં થાકેલા વટે માર્ગુને, બ્રાહ્મણને

અને ગાયને તરસ લાગી હોય પણ પાણી ન પાએ તે તરસ અને મૂર્છાના રોગથી પીડાય છે. તેની શાંતિને માટે વરૂણ દેવનો જાપ કરવો, હોમ કરવો, જળ દાન દેવું અને ઉન્હાળામાં પરબ બેસાડે તો તે પાપ નિવૃત થાય. અહંકાર કરી પારકું ધન ચોરે, નિષેધ વસ્તુ ઉપાડે અથવા વૃદ્ધ પુરૂષોનું ઉપહાસ્ય (મશ્કરી) કરે, શાસ્ત્ર ભણ્યા છતાં હું નથી ભણ્યો એમ કહે અથવા પૂછયા છતાં ધર્મનો એક શ્લોક ન શિખવાડે કે ન સંભળાવે તે મનુષ્ય મદાત્ય રોગી થાય. તેની શાંતી માટે શ્રી સરસ્વતીજીના મૂળ મંત્રનો જાપ કરે, સોનાનું દાન આપે તો તે કર્મ વિપાકમાંથી મુકત થાયછે. વળી જે મનુષ્ય ગાય વેચી તે પૈસાથી ઊંટ ખરીદે તે આખા શરીરમાં દાહ, તાવ, શૂળ અને પીળાં નેત્રના રોગથી પીડાય. તેની શાંતિ માટે તલ ધૂપ, ધ્વજા અને બળીદાન ચાર રસ્તા હોય ત્યાં કરે. જે ગુરૂને ગાળ દેનાર વા, મારનાર મૃગી (ફેફરૂં-વાઈ) રોગી થાય. તેની શાંતિ માટે ચાંદ્રાયણ વ્રત કરવું, દેવ ગુરૂ બ્રાહ્મણને ભોજન કરાવવું દક્ષિણામાં સોનું આપવું ગણેશ મંત્રનો જાપ, હોમ, ગણેશ મૂર્તિનું દાન દેવું. બળાત્કારે કોઈ સ્ત્રીની આબરૂ લે તે સંધિવાયુ, વિષમજ્વર અને અત્યંત રોગી થાય. તેની શાંતિના માટે વ્યાધિરૂપ પ્રતિમા તથા ભેંસનું દાન આપવું તથા ૪૦૦ તોલા ત્રાંબુ સોનું દાનમાં આપવું, ચાંદ્રાયણ વ્રત કરવું, વિષ્ણુ સહસ્રનો પાઠ કરવો, નારાયણ તેલ શરીરે મસળવું. જે વનમાં કે કોઈ ઠેકાણે આગ મૂકે (બાળે) તો પેટમાં શૂળ રોગ થાય. જે સંધ્યોપાસના ન કરે, માતા બ્હેન પિતાનાં મૈથુન સંબંધિ વાર્ત્તા શ્રવણ કરે તોકાનમાં શૂળ અને બ્હેરો થાય. તેની શાંતિને માટે ઘી સોનું દાનમાં દેવું, અપામાર્જન સ્તોત્રનો પાઠ કરે વા તે પાઠથી પાણી મંત્રી પીએ શક્તિ મુજબ સોનાની પ્રતિમા બનાવી દાનમાં આપે. ૭

स्ववर्णं स्वगोत्रोवा गमने वातरक्तवान् ॥ ८ ॥

અર્થ—પોતાની જાતની સગી અને ગોત્રની સ્ત્રી સંગાથે ગમન કરે તો વાતરકતનો રોગ થાય. તેની શાંતિને માટે શ્રી લક્ષ્મીનારાયણની સોનાની પ્રતિમા બનાવી દાનમાં આપે. હોમની

અગ્નિને બુઝાવે તો આમ વાયુ થાય. શાંતિ માટે ૧૦૦૦૦ ગાયત્રી નો જાપ કરે, તલ ઘીનો હોમ કરવો અને સોનાનું દાન દેવું. દેવ, બ્રાહ્મણ, ક્ષત્રી, તળાવ, શરૂડો, કુવા અને વાવડી આદિ જળાશય વગેરેને નુકશાન પોહચાડે તો તુરત આફરો, ઉદાવર્ત, તાવ, અરૂચિ અને હાથે પગે બળત્રા એટલા રોગ થાય. તેની શાંતિને માટે સોનાનું દાન, ઘીનો હોમ. અને પાંચ રંગની ધ્વજા દીવો સંધ્યા સમય ચાર રસ્તામાં મૂકી બળીદાન આપવું તો તે પાપથી મુકત થાય. ગુરૂદ્વેષી વાતગુલ્મ રોગથી પીડાય. પારકાને પીડા કરનાર વા, છાતી બાળનારને છાતીના રોગો થાય. તેની શાંતિને માટે શ્રી બ્રહ્માજીની મૂર્તિનું દાન આપવું તથા સોનાની ગાય બનાવી આપવી. ગુરૂની સ્ત્રી સાથે ગમન કરનાર અને દારૂનો પીનાર મૂત્રકૃચ્છ્ર રોગથી પીડાય અને સોજાનો રોગ થાય. તેની શાંતિ માટે તલ પાત્ર કમળનું દાન દેવું. લોંડાબાજી (શ્રષ્ટી વિરૂદ્ધ મૈથુન) કરનાર મૂત્રઘાતી રોગથી પીડાય. પર સ્ત્રી (પારકી સ્ત્રી)થી ગમન કરનારને પથરીનો રોગ થાય. તેની શાંતિ માટે ૩ ઉપવાસ કરી સોનું દાનમાં દેવું. ૮

कन्यागामीप्रमेहीस्यात् मातृगामीभवेज्ज्वरः भ्रातृभार्याभिगामीच जलमेहीनराधिप ॥ ९ ॥

અર્થ—પોતાની પુત્રી વા, કુમારીકા સાથે ગમન કરે તેને પ્રમેહ રોગ થાય. માતાની સાથે ગમન કરનાર તાવ રોગથી પીડાય અને ભાઈની વહુથી ગમન કરનારને જળ પ્રમેહ થાય તેની શાંતિને માટે ચાંદ્રાયણ વ્રત કરવું, ચાંદીનું દાન દેવું. ૯

चंडाली गमनात्सर्व प्रमेही व्याधिमान्नरः ब्राह्मणस्वर्ण हारीच प्रमेही जायते नरः ॥ १० ॥

અર્થ—ચંડાલ (ભંગીયા)ની સ્ત્રી સાથે ગમન કરનાર સર્વ રોગ અને પ્રમેહની પીડા ભોગવનાર થાય. તથા બ્રાહ્મણનું સોનું ચોરનાર પણ પ્રમેહ રોગથી પીડાય છે. તેની શાંતિ માટે સોનાની ગાય બનાવી દેવમાં આપવી. જે બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વરમાં ભેદ બુ-

દ્ધિ ગણે તેને મોટા ઉદરના રોગ થાય. રાજ ખટપટનો કરનાર મંત્રી હોય તેને જળોદરનો રોગ થાય. તેની શાંતિ માટે ચાંદ્રાયણ વ્રત કરવું શ્રી સદાશીવજીના મંત્રનો વા રૂદ્રીનો ૧૦૦૦ પાઠ કરવો, અને ૩ માસ દૂધનું વ્રત રાખવું. ૧૦

मार्गेपुलिनेपर्वताग्रे कपित्थछाया मारुह्मयः विष्टां मुंचतिन ष्टिवत्याच मूत्रतिस्वयथु रोगी स्यात् ॥ ११ ॥ पर्वताग्रेनदितीरे छाह्यामारुह्यवान्नरः मूत्रं पुरोषमवायः मयछती वैजले ॥ १२ ॥

અર્થ—પર્વતના શિખર ઉપર, નદીને કાંઠે, રસ્તામાં. વન ઉપવનમાં, દેવસ્તાનના નજીકમાં અને છાયાવાળાં કોઠી આદિ ઝાંડોના નીચે પેશાબ કરે અથવા થુંકે નાક નછીકે તેને સોજાનો રોગ અને માથાના રોગો થાય છે. અથવા જળમાં થુંકે, કોગળા કરે, નાક નછીકે ગુદા પ્રક્ષાલન કરે તેને પણ પૂર્વોકત રોગો અને કોઢ કરોળીયા થાય છે. ૧૧—૧૨

विघ्नकर्त्ताचभोक्तृणां शोफी भवति मानवः स्वतनयाष्णुगामी च वातवृषणः स्यात् ॥ १३ ॥

અર્થ—બીજાના ભોગ (આનંદકારી કાર્યોમાં) વિઘ્ન કરે તેને પણ સોજાનો રોગ થાય છે તેની શાંતિ માટે ૧૦૦૦ ગાયત્રીના જાપ, તલ ઘીનો હોમ અને વસ્ત્રનું દાન કરવું. પુત્રી સાથે ગમન કરવાથી અંડ વૃદ્ધીનો રોગ થાય. તેની શાંતિ માટે ચાંદ્રાયણ વ્રત કરવું. વગર ગુન્હે નોકરના હાથ પગ જે રાજા કાપી નંખાવે તે અન્ય જન્મમાં લુલો, લંગડો અને ટુંટો થાય. તેની શાંતિ માટે રૂદ્રીના પાઠ ૧૦૮ કરાવવા ચાંદ્રાયણ વ્રત કરવું, ગાયનું દાન દેવું. વેશ્યાને મારે તેહને આંતરડામાં ચાંદીઓ પડે છે. ૧૩

यज्ञाविध्वंकरोमर्त्यो जायतेवांत्रवृद्धिमान् ॥
गुरुद्वेषी परदुःखकारी गुल्मगंडमालावानूजायतेमूक्तजाप्य॥१४ ॥

અર્થ—યજ્ઞમાં વિઘ્ન કરનારને અંત્રવૃદ્ધિનો રોગ થાય છે. શાંતિ માટે ૧૦૦ બ્રાહ્મણને જમાડવા, ભેંસનું દાન દેવું. ગુરૂનો

દ્વેષ કરનાર, પારકાને દુઃખ દેનાર મનુષ્યને ગોળો, ગંડમાળા વગેરે રોગો થાય છે. સૂક્ત જાપસહ કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત બ્રહ્મ ભોજન કરાવવું અને સોનાનું દાન દેવું, રાંડેલી સ્ત્રી સાથે ગમન કરનારને રક્તગ્રંથી રોગ અને સ્વગોત્રની સ્ત્રીનું ગમન કરવાથી સ્લીપદ રોગ થાય છે. શાંતિ માટે કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત કરવું સુવર્ણ દાન અને ૫૦ બ્રાહ્મણને ભોજન આપે તો કર્મ વિપાક શાંતિ પામે. બ્રાહ્મણનું ભોજન ચોરી જાય તેને વિદ્રધિનો રોગ થાય. શાંતિ માટે ૪ દ્રોણ ચોખા લેઈ ઝાડનું રૂપ બનાવી પૂજા હોમ શાંતિ કરી ધોળા કપડાથી વીંટી બ્રાહ્મણને દેવું ૨૪ બ્રાહ્મણ જમાડવા. અતિ અભિમાનથી, ભયથી અને સ્નેહથી પોતાનો ધર્મ વિના કારણે ત્યજી દે તે ગડ ગુંબડ રોગથી પીડાય. કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત કરવું ૧૦૮ વિષ્ણુના જાપ દર્ભ, ઘી, તલનો હોમ બ્રહ્મ ભોજનાદિ કરવું. મોટું ફળ ચોરે તેને કીડી નગરાનો રોગ થાય. બ્રાહ્મણને પૂછ્યા બાદ અથવા ધર્મની વાર્તા જાણવા છતાં અજાણ થઈ અધર્મ કરે તો ભગંદર થાય. અથવા આચાર્ય વા ગુરૂની સ્ત્રીથી ગમન કરે તો પણ ભગંદર રોગ થાય છે. શાંતિ માટે સુવર્ણ, રત્ન, ધાન અને વસ્ત્ર આદિનાં દાન આપે ૨૪ બ્રાહ્મણ જમાડે, ત્રાંબાના કે સોનાના પાત્રમાં નવ રત્ન મૂકી દાન દેવું. ૧૪

मातृगामी भवेद्यस्तु लिंगतस्यविनश्यति वस्त्रहारोश्वेतकुष्ठो योन्नरोहंतिजंतव ॥ १५ ॥ कुष्ठीरोगीभवेत्तुसः भगवानाहशंकर अन्यायदंडकारी मुखेकुष्टिः लघुप्राणहिंसको विवर्णमुखः ॥ १६ ॥

स्त्रवद्गर्भाभवेत्सातुबालकंहन्तियापुरा ॥

અર્થ—માતાની સાથે ગમન કરનારનો લિંગ નાશ થાય છે માતા ગમન પ્રાયશ્ચિતમાં બતાવ્યા પ્રમાણે દાન કરવું. જીવનો નાશ કરનાર કોઢીયો થાય. કપડાના ચોરનારને ધોળા કોઢનો રોગ થાય. શાંતિ માટે સાંતવન તપ કરે. અન્યાયથી દંડ કરનારને પણ મ્હોંઢે કોઢ થાય. ન્હાનાં જીવડાનો મારનાર વિચિત્ર રંગનાં ચાઠાં ચાંદાંવાળા મ્હોઢાનો થાય. શાંતિ માટે ચાંદ્રાયણ વ્રત

કરવું ૧-૫ળ અથવા ૩ પળ સોનું લેઈ બળદનાં સોનાનાં સીંગડાં બનાવી તેનું દાન દેવું મહેશ્વરનો પાઠ કરવો, કાંસાનું વાસણ પળ ૮ નું તેમાં ધોળાં ફૂલ ધોળા વસ્ત્રથી ઢાંકી દાન દેવું. શુદ્રનું અન્ન ખાય તેને ખસ લુખસ થાય, રસી વહે, ઉધરસ, શ્વાસ, કરમિયા અને કુખ રોગાદિની પીડા થાય. શાંતિ માટે ૩ ઉપવાસ કરી બ્રહ્મ ભોજન કરાવવું, ભેંસનું દાન દેવું. જે ખાતાં ખવરાવતાં અંતરાય-અડચણ કરે તે શીતપિત્ત, અમ્લપિત, ઉદર્દ અને કોઢ રોગ વાળો થાય. કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત કરવું બ્રાહ્મણ ભોજન કરાવવું. અપવિત્ર વસ્તુનું દાન દેનારને વિમચિ નામનો કોઢ થાય. તેની શાંતિ માટે ૧ મહિનો દૂધ પીવું, હાથી અને ચાંદિનું દાન કરવું. ગુરૂની પથારીમાં સુવે તેને દુષ્ટ ચર્મ રોગ થાય. તની શાંતિ માટે સોનાનું અને વસ્ત્રનું દાન દેવું. પારકાના વ્રતનો ભંગ કરાવે તો દુષ્ટ વ્રણ પાઠાં વગેરે થાય. શાંતિ માટે કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત કરવું. ઝાડો પેશાબ કરી અપવિત્ર હાથે જમવા બેસી જાય તો તે ગુદા રોગી થાય વા, ગુદામાંથી લોહી પડે. શાંતિ માટે ચાંદ્રાયણ વ્રત કરવું અને ઉન્હાળમાં પાણીની પરબ બેસાડવી. ઝેર, ફાંસો અને શસ્ત્ર વડે કરી આત્માનો અંત આણે તે જન્માંતરે મહા રોગી થાય. શાંતિ માટે વિષ્ણુ સહસ્રના પાઠ કરવા, ગોમતીજીમાં સ્નાન કરવું જાપ હોમ બ્રાહ્મણ ભોજન કરાવવાથી તે પાપથી મુકત થાય. પર ધર્મની વાતને છેદનાર, પારકાની જીભનો નાશ કરનાર, ખોટું બોલનાર, ખોટી શાક્ષી પૂરનાર અને ગુરૂના વચનોનો ઉથાપનાર મ્હોંના તથા, જીભના રોગવાળો, બોબડો, આંધળો, કુરૂપો, ભુંડા મ્હોંવાળો અને તોતળો થાય છે. તેની શાંતિને માટે કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત કરવું, ઘીનો હોમ ઘીનું દાન, ચાંદી અને હાથીનું દાન દેવાથી પાપ નિવૃત થાય છે. ખારાં વચન બોલનારને જીભના રોગ તથા. ગંધાતા નાક અને મ્હોંવાળો થાય. શ્રી સૂર્યનારાયણ જાપ પાઠ કરે ધરો ચોખા કુંકુ આદિ વસ્તુઓ વડે પૂજન કરવું. પર સ્ત્રી સાહમી કુદ્રષ્ટી કરનારને આંખના દરદો થાય. તથા સ્ત્રી પુરૂષના ગમનને જુવે તેને પણ આંખના રોગ થાય, તેની શાંતિ માટે ચાંદ્રાયણ વ્રત કરવું, ૧૦૦૦ કળશવડે શ્રી સૂર્યનારાયણને સ્નાન કરાવવું, ઘી, સોનું અને

મગનું દાન દેવું, તલ ઘીનો હોમ કરવો શ્રી સૂર્યનારાયણના ૧૦૦ જાપ કરાવવા, ૧૨ બ્રાહ્મણને ભોજન કરાવવું. ગુરૂનું વસ્ત્ર પરિધાન કરે તો માથાનો રોગ થાય. તેની શાંતિ માટે સાકર, કંકુ, કેશરનો નાશ દેવો ખટબિંદુ તેલ ચોળવું. જે સ્રી પારકાના બાળકને મારે તો તેને અધૂરે ગર્ભ પડે. શાંતિ માટે ચાંદીની જનોઈનું દાન દેવું. જે સ્રી ગુરૂની સ્પર્દ્ધા કરે તેને પ્રદર રોગ થાય. કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત કરવું. ૧૫—૧૬

मृतेभर्त्ताचयानारी ब्रह्मचर्य विनाशिनी ॥
साभवेद्योनिदोषातु संभोगंक्षमतेनहि ॥ १७ ॥

અર્થ—જે સ્રી પતીના મુવા પછી બીજા પુરૂષ સાથે ગમન કરે તેને યોનિ રોગ થાય અને સંભોગ સહન કરી શકે નહી. તેની શાંતિ માટે બળદ મધ ઘી અને તલનું દાન દેવું ચાંદ્રાયણ વ્રત કરવું. જે સ્રી દૂધ ચોરે તેને જન્માંતરે ધાવણ ન આવે. તેની શાંતિ માટે બ્રાહ્મણને દૂધનું ભોજન જમાડવું, બ્રાહ્મણ ચરણોદકથી સ્તનો પખાળવા. જે સ્રી પતિની આજ્ઞા ન માને અને પારકા પુરૂષની આજ્ઞા ઉઠાવે તેને સ્તનરોગ વિસ્ફોટક અને યોનિમાંથી લોહી પડવાના રોગ થાય. તેની શાંતિ માટે અગ્નિ વર્ણ સૂકતનો જાપ કરાવવો શ્રી ઉમા માહેશ્વરની પૂજા કરાવવી સોનાનું અને હળદરનું દાન દેવું. (સ્રી અને પુરૂષોને માટે ઘણા વિસ્તારથી કર્મ વિપાક છે; પરંતુ ગ્રંથ વધવાના ભયથી સંક્ષેપ માત્ર કહેલ છે વિશેષ ખુલાસો મેળવવો હોય તો કર્મ વિપાક, કર્મ પ્રકાશ, સૂર્યાર્ણવ, વિરસિંહાવલોકન, હોરા સંહિતા અને જ્ઞાન ભાસ્કરાદિ ગ્રંથો વાંચો. ૧૭

યોતિષના નિયમ પ્રમાણે વંધ્યા સ્રીનું નિમાર્ણ કરવાની રીત.

सुतपतिरस्तगतोवा पापयुतः पापवीक्षितोवापि ॥
संततिबाधांवाधां कुरुतेकेन्द्रपापान्वितेचन्द्रे ॥ १८ ॥

અર્થ—જે સ્રીની જન્મ કુંડલીમાં પંચમેશ સૂર્યની સાથે અસ્ત હોય, અથવા પાપ ગ્રહની સાથે બેઠેલ હોય, વા,

પાપ વિક્ષિત હોય તો તે સ્ત્રીને સંતાન થવામાં વિઘ્ન હોય છે. તેમજ પાપ ગ્રહોએ સહિત ચંદ્રમા કેંદ્રસ્થાનમાં બેઠેલ થાય તો પણ સંતાન થવામાં વિઘ્ન થાય છે. તથા પાંચમા ભૂવનમાં બે પાપ ગ્રહો વા, ત્રણ પાપ ગ્રહો અસ્ત થઈને બેઠા હોય તો તે સ્ત્રી અગર પુરૂષને સંતાનનું સુખ હોયજ નહિં; તેમજ શત્રુ વિક્ષિપ્ત ગ્રહ હોય અને સાતમા ભુવનમાં પાપ ગ્રહ સહિત શનિની દ્રષ્ટિ પડેલી હોય તો તેને કન્યાઓજ અવતરે છે એ સર્વ વંધ્યાનાજ ભેદ છે તે સર્વની શાંતિને માટે બુદ્ધ, શનિનું પૂજન કરવું વા, બુધવાર શનિવારને દિવસ ૧ ટંક ખાય અને પૂજન કરી તેમનો જાપ કરે તો સંતાનનું સુખ થાય અથવા જે ગ્રહ માટે શાંતિ કરવી હોય તે ગ્રહનું પૂજન દાન તથા જાપ વગેરે કરાવવા. અને સોનાની ગાયનું દાન દેવું સૂર્યનારાયણ અને ગંગાજીનું પૂજન કરવું.૧૮—૧૯

સોનાની ગાયનું દાન દેવાની વિધિ.

सम्पुज्यदेवान्स्वगुरुंचनत्वा वस्त्रादिभोज्यैः परितोषयित्वा ॥
आराधयित्त्वाविधिनाम्बिकांचततः पिबेच्छुद्धफलंघृतंच ॥२०॥

અર્થ—જે સ્ત્રીને સંતાન (છોકરાં) ન હોય વા, થઈને મરી જતાં હોય કે અધૂરે પડતું હોય તો તે સ્ત્રી દેવ અને ગુરૂને નમસ્કાર કરી તેમને ભોજન વસ્ત્ર પાત્રાદિથી સંતુષ્ટ કરી તેમની સારી આશીશ મેળવી વિધિ પૂર્વક શ્રી ઉમીયાજીનું આરાધન (સ્મર્ણ) કરવું, ૧૬ માસા સોનાની ગાય બનાવી તેનું દાન દેવું. બાદ ઘૃતાધિકારમાં બતાવેલ ફળઘૃત સેવન કરવું તો વંધ્યા દોષ (વાંઝણીપણું) દૂર થાય છે. અથવા હરિવંશ પુરાણ સ્ત્રી અને પુરૂષે બ્રાહ્મણના મુખથી શ્રવણ કરી મંગળવારનું વ્રત કરવું અથવા ભાગવતમાં લખેલા પયોવ્રત ને વિધિ પ્રમાણે કરવું અથવા પોષ દશમિનું વ્રત કરવું (જૈન ધર્મમાં પાર્શ્વનાથજીનો જન્મ ચંડુ પંચાંગ પ્રમાણે પોષ વદ ૧૦ મીને દિવસ થયલ છે માટે તે પોષ દશમીને દિવસે એક ટંક ક્ષીર ભોજન (દૂધનું ભોજન અને પૂરી કે રોટલી વા ગમે તે પદાર્થ દૂધના ખોરાક સાથે) ખાય પ્રાતઃકાળમાં પવિત્ર જળે સ્નાન કરી રાતું આસનીયું રાતી માળા અને રાતાં વા સફેદ

વસ્ત્ર ધારણ કરી શ્રી પાર્શ્વનાથજીની વિશોપચાર પૂજા કરી આસનીયા ઉપર પૂર્વ વા ઉત્તર મુખે બેસી આગળ પાટલા ઉપર ૐ બતાવેલા આકાર મુજબ આકાર કરી નીચે સ્વસ્તિક બનાવી દીપ ધૂપ પુષ્પ નૈવેદ્ય અત્તરાદિ પદાર્થો આગળ ધરી તે સ્વસ્તિક ઉપર નાળીયર મૂકી બતાવેલા આકાર ઉપર ચાર બદામો મૂકવી પછી ગુરૂ પૂજન નવ ગ્રહ દશ દિગ્પાલ ક્ષેત્ર દેવતા વગેરેનું સ્મર્ણ કરી ચૈત્ય વંદન કરી મૌનપણે, એકાગ્ર ચિતે " ॐ ह्री श्रीं ऽ ॅहॅ श्रीं पाश्वनार्थाऽर्हतेनमः આ મંત્રની ૬૦ માળાઓ ગણવી બાદ અપરાધ ક્ષમાવી ગુરૂ આમ્નાય મુજબ 'જયતિહુઅણ) સ્તોત્રનો પાઠ કરી પદ્માવતી દેવીનું સ્તોત્ર ગણી ગુન્હાની માફી માગી પ્રાર્થના કરી તે ચોખા શ્રીફળ દેવમંદિરમાં જ રાખી વા, પોતાના ઘર આગળ સર્વ વિધિ કરી હોય તો મંદિરમાં મૂકી આવી અતિથીને ભિક્ષા આપી ભોજન કરવું સંસારની સર્વ ઉપાધિ વા કામ ક્રોધ જૂઠ વગેરે તે દિવસે ત્યજી બ્રહ્મચર્યપણે રેહવું સંધ્યાકાળે ' કલ્યાણ મંદિર ' સ્તોત્રનો પાઠ કરવો એમ દર મહિનાના વદ પક્ષની દશમીને રોજ કરે તો મનનાં ધાર્યાં કાર્યો થાય છે તથા સંતતી વગેરે સર્વ સુખોસંપાદન થાય છે (આ વ્રત માટે હું પૂર્ણ ખાત્રીથી કહી શકું છું કે અવસ્ય સારાં ફળ આપે છે) પરંતું ગુરૂ મુખથી સર્વ વિધિ ધારી શુદ્ધ પાઠ અને શુદ્ધ વિધિ સહિત કરે તો નહી તો લાભને બદલે હાની થાય માટે ગુરૂ મુખથી ક્રિયા જાણી લેવી.

હવે સર્વ રોગની શાંતિને માટે પ્રયોગ કહીયે છીએ.

શુભ દિવસે શુભ મુહૂર્ત્ત પવિત્ર સ્થાનકે- માટી અને ગાયના છાણનો અબોટ દેઈ સોનાનું પાણી છાંટી નવગ્રહ દશ દિગ્પાલ ક્ષેત્ર, ભુવન અને પૃથ્વિ દેવ વગેરેનું સ્થાપન કરવાની વિધિ પ્રમાણે સ્થાપન કરી શ્રી શાંતિદેવની મૂર્ત્તિ સ્થાપી દશાંગ ધૂપ દીપ વગેરે અખંડ રાખવાં લોખંડના ખીલા ૪ ચચાર આંગળ લાંબા રક્ષા મંત્રેથી મંત્રી ચારે દિશાંએ ઠોકી બેસાડવા. શાંતિ દેવની અને અન્ય દેવોની અષ્ટ પ્રકારે પૂજા કરી બળીદાન દેવું તે

વખતે " ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रैँ ह्रौँ ह्रः नमःशांतये अमुकस्यगृहे (वा अमुकस्यनगरे) शांति धृति कांति बुद्धि लक्ष्मी कुरु कुरु स्वाहाः" આ મંત્ર બોલતે જવું અને બળીદાન દેતે જવું તેમજ ઉપરના મંત્રવડે પવિત્ર જળ મંત્રી સર્વને તેના છાંટાનાખવા સાતિ સ્મરણ (સાત જૈનનાં સ્તોત્ર છે તેને સાત સ્મરણ કહે છે તે) ગણવું, મ્હોટી શાંતનો પાઠ કરવો તથા ' ॐ भुवणवइ वाणमंतर जोइस वासि विमाण वासिय जे केइ दुठदेवा ते सत्रेउवसमंतु मम स्वाहाः ' એ મંત્રવડે કળશને ફૂલ માળા તથા ધારાવાડી દેનારને સુંદર પુષ્પની માળા પહેરાવી ધારાવાડી ગામ, મ્હોલા કે, ઘર પછવાડે સુંદરીઓના ગીત અને વાજીંત્રોના સુંદર શબ્દ સાથે દેવી; બાદ દેવતાઓનું વિસર્જન મંત્રે વિસર્જન કરી ગુરૂ બ્રાહ્મણોને અન્ન વસ્ત્ર વગેરેના દાનથી સંતોષી તિલક તાંબૂલ દાન દક્ષિણા ભેટ દે તો નિશ્ચે સર્વ રોગની શાંતિ થાય (વિશેષ વિધિ શાંતિ સ્નાત્રથી જાણી લેવી.)

હવે કિંચિંત્ શારીરક અને ઇંદ્રિય વિજ્ઞાન કહીએ છીએ.

कलाः सप्ताशयाः सप्तधातवः सप्ततन्मलाः सप्तोपधातवस्सप्त त्वचः सप्तप्रकीर्तिताः॥२१॥ त्रयोदोषानवशतंस्नायूनांसंधयः स्तथा ॥ दशाधिकं च द्विशतमस्थिनांचद्विशतंमतं।२२।सप्तोत्तरंमर्मशतंशिराःसप्तशतंतथा।चतुर्विंशतिराख्याताधमन्योरसवाहिकाः।२३ मांस पेश्यः समाख्यातानृणांपंचाशतंबुधैः ॥ स्त्रीणांचविंशत्यधिकाकण्डराश्चैवषोडश ॥२४॥ नृदेहेदशरंध्राणिनारीदेहेत्रयोदश ॥ एतत्समासतः प्रोक्तंविस्तरेणाऽधुनोच्यते॥ २५ ॥

અર્થ—દેહધારી મનુષ્યના શરીરમાં ૭ કળા છે, ૭ સ્થાંન, ૭ ધાતુ, ૭ ધાતુઓના મળ, ૭ ઉપધાતુ, ૭ ત્વચા, ૩ દોષ, ૯૦૦ ઝીણી નસો, જોડ (મજાંગરાની માફક સાંધા) ૨૧૦, હાડકાં ૩૦૦, મર્મસ્થાન ૧૦૦, મધ્ય નસો ૨૪ પુરૂષના શરીરમાં માંસ પેસી ૫૦૦, સ્રીના શરીરમાં ૫૨૦, ધોરી નસો ૧૬ પુરૂષના શરી-

રમાં ૧૦ છિદ્ર અને સ્ત્રીના શરીરમાં ૧૩ એટલે બે સ્તનમાં અને એક યોનિમાં એ ત્રણ છિદ્ર વધારે હોય છે. આ ટુંકામાં કહ્યું હવે સ્હેજ લંબાણથી કહીએ છીએ. ૨૧-૨૫

સાતકળા.

मांसाऽसृग्मेदसांतिस्रोयकृत्प्लीहोश्चतुर्थिका ॥ पंचमीचतथांत्राणांषष्ठीचाग्निधरास्मृताः ॥२६॥ रेतोधरासप्तमीस्यादितिसप्तकलामताः ॥

અર્થ—પેહલી માંસને ધારણ કરનારી કળાને માંસ ધરા કહે છે ૧, બીજી લોહીને ધારણ કરનારી કળાને રક્ત ધરા કહે છે ૨, ત્રીજી મેદને ધારણ કરનારી મેદ ધરા ૩, ચોથી કફને ધારણ કરનારી યકૃતપ્લીહા ૪, પાંચમી આંતરડાને ધારણ કરનારી પુરીષ ધરા ૫, છઠ્ઠી અગ્નિને ધારણ કરનારી અગ્નિ ધરા ૬, અને શુક્રને ધારણ કરનારી કળા તે રેત ધરા એ સાત કળાઓ જાણવી. ૨૬

સાત આશય-સ્થાન.

श्लेष्माशयः स्यादुरसीतस्मादामशयस्त्वधः ।२७। उर्ध्वमग्न्याशयोर्नाभेर्वामभागेऽव्यवस्थितः ॥ तस्यापरितिलंज्ञेयंतदधः पवनाशयः ।२८। मलाशयस्त्वधः स्तस्माद्वीस्तमूत्राशयस्त्वधः ॥ जोवरक्ताशयमूरोज्ञेयाः सप्ताशयास्त्वमी ।२९। पुरुषेभ्योधिकाश्चान्येनारीणमाशयास्त्रयः धरागर्भाशयः प्रोक्तः स्तनौस्तन्याशयौमतो ।३०।

અર્થ—કફને રેહવાનું સ્થાન (ઠેકાણું) છાતીમાં છે, તેનાથી કાંઈક નીચે આમનું સ્થાન છે. ડુંટીની ડાબી બાજુએ અગ્નિનું સ્થાન છે. તે અગ્નિ સ્થાનના ઉપર તિલ છે તેને લોમ કહે છે તે તરસનું સ્થાન છે. અગ્નિ સ્થાનને નીચે પવનનું સ્થાન છે. તેના નીચે ડાબા ભાગમાં મળનું સ્થાન છે તેને પકવાશય (હોજરી) કહે છે. અને પકવાશય (સ્થાન)ના નીચે જમણી બાજુમાં મૂત્ર સ્થાન છે. લોહી અને જીવનું સ્થાન છાતીની અંદર છે એ સાત સ્થાન વા આશય જાણવાં. પુરૂષોને સાત સ્થાન છે અને સ્ત્રીઓને તેથી ત્રણ વિશેષ

છે એટલે બે સ્તનમાં બે દૂધના સ્થાન છે અને એક ગર્ભસ્થાન એ મળી ૧૦ સ્થાન છે. ૨૭-૩૦

સાત ધાતુ.

रसाऽसृङ्मांसमेदोस्थिमज्जाशुक्राणिधातवः ॥
जायन्तेन्योन्यतः सर्वेपाचिता, पित्ततेजसा ॥३१॥

અર્થ—રસ, લોહી, માંસ, મેદ, અસ્તિ (હાડ) મજ્જા (પેસી) શુક્ર (ધાતુ) એ સાત ધાત જાણવી, તે પિત્તના તેજથી પાચન થઈ અકેકથી પ્રકટ થાય છે. એટલે રસથી લોહી અને લોહીથી માંશ એમ ક્રમે કરી અકેકથી પ્રકટે છે. ૩૧

સાત ધાતુઓના મળ.

जिह्वानेत्रकपोलानांजलंपित्तंचरंजकं ॥ कर्णविद्रसनादन्त कक्षामेढ्रादिजंमलं।३२। नखनेत्रमलंवक्त्रेस्निग्धत्वंपिडिकास्तथा। जायन्तेसप्तधातूनांमलान्येतान्यनुक्रमात् ॥३३॥

અર્થ—જીભ, આંખ અને લાળ એમાં જે જળ છે તે રસ નામની પ્રથમ ધાતુનો મળ છે. રંજક પિત્ત લોહીનો મળ છે. કાનનો મેલ માંસનો મળ છે. જીભ, દાંત, બગલ અને લિંગ એઓનો મેળ મેદનો મળ છે. નખ, વાળ અને રૂંવાટી હાડનો મળ છે. આંખના પીઆ અને મ્હોં ઉપરની ચિકટાસ મજ્જાનો મળ છે. અને મ્હોં ઉપરના ખીલ અને ફોલ્લીઓમાંથી દાણા નીકળે છે તે શુક્રનો મળ છે. એ સાત મળ જાણવા. ૩૨—૩૩

સાત ઉપધાતુ.

स्तन्यंरजश्चनारीणांकालेभवतिगच्छति ॥ शुद्धमांसभवस्नेहोवसासापरिकीर्त्तिता।३४। स्वेदोदन्तास्तथाकेशास्तथैवोजश्चसप्तमम्। ओजः सर्वशरीरस्थंस्निग्धंशीतंस्थिरंसितं ।३५। सोमात्मकंशरीरस्थंबलपुष्टिकरंमतं ॥ इतिधातुमलाज्ञेयाएतेसप्तोपधातवः ॥३६॥

અર્થ—સ્ત્રીઓના શરીરમાં બે ઉપધાતુઓ પુરૂષ કરતાં વધારે

છે એટલે એક સ્તનમાં દૂધ થાય છે તે અને બીજી રજસ્વળા (અ઼ુકાવ) થાય છે એ બે ઉપધાતુ એટલે સમય આવ્યે પેદા થાય અને સમય વીત્યે પાછી સ્થાનકે જાય છે. તેમજ ચરબી માંસની ઉપધાતુ છે, તેને વસા પણ કહે છે. પરસેવો મેદની ઉપધાતુ છે. દાંત હાડની ઉપધાતુ છે. વાળ મજ્જાની ઉપધાતુ છે અને ઓજ શુક્રની ઉપધાતુ છે તે સર્વ શરીરમાં રહે છે ચિકટાસ, ઠંડક, સ્થિર અને ઉજ્વળ ગુણ ધારણ કરનાર છે ઓજ (રજ) સોમાત્મક શરીરમાં સ્થિત થઈ બળ પુષ્ટિ પ્રાપ્ત કરે છે એ સાત ઉપધાતુઓ જાણવી. ૩૪—૩૬

સાત ત્વચા (ચામડી.)

ज्ञेयावभासिनीपूर्वंसिध्मास्थानंचसामता ॥ द्वितीयालोहिताज्ञेयातिलकालकजन्मभूः।३७।श्वेतातृतीयासंख्यातास्थानंचर्मदलस्यच । ताम्राचतुर्थीविज्ञेयाकिलासश्वात्रभूमिका ।३८। पंचमीवेदनीख्यातासर्वकुष्टोद्भवाततः ॥ विख्यातालोहिताषष्ठीग्रंथि गण्डापचीस्थितिः।३९। स्थूलात्वक्सप्तमीख्याताविद्रध्यादिस्थितिस्तुसा। इति सप्तत्वचः प्रोक्तास्थूला व्रीहिद्विमात्रया ॥४०॥

અર્થ—પેહલી ત્વચા અવભાસની છે તે સિંધ્મ નામા કોઢની જગ્યા છે. બીજી ત્વચા લોહીતા છે તે કીલકનું જન્મ સ્થાન છે. ત્રીજી સ્વેતા ત્વચા છે તે ચર્મદળ કોઢનું સ્થાન છે. ચોથી તામ્રા ત્વચા તે કિલાસ કોઢનું સ્થાન છે, પાંચમી વેદની ત્વચા તે સર્વ કોઢનું સ્થાન છે. છઠ્ઠી રોહિણી ત્વચા છે તે ગાંઠ ગુંબડાં ગંડમાળા અપચીનું સ્થાન (પેદા થવાનું ઠેકાણું) છે. અને સાતમી સ્થૂળા ત્વચા તે વિદ્રધિ આદિ રોગનું સ્થાન છે. એ સાત ત્વચા (ચામડી)નું મોટાપણું જવ જેટલું છે (એમ ચરકમાં કહેલ છે (ત્યાર બાદ ૩ દોષ, હાડકાંની ગણત્રી ન્હાની અને મ્હોટી નસોની ગણત્રી વગેરેનું લખાણ અત્રે લખ્યું નથી માટે તેથી વાકેફ થવા ચરક વા શાર્ઙ્ગધરનું અવલોકન કરો.) ૩૭—૪૦

ગ્રંથ પ્રસસ્તિ.

सूरीश्वरः प्रवरसिंहशिरोवतंसः श्रीचंद्रकीर्त्तिगुरुपादयुगप्रसा

दात् ॥ गम्भीरचारुतरवैद्यकशास्त्रसारं श्रीहर्षकीर्त्तिवर पाठक उ-
द्दधार ॥ ४१ ॥ विचार्यपूर्वशास्त्राणि हर्षकीर्त्याहसुरिभिः ॥ किं-
चिदुद्ध्रियतेतस्मै रहस्यंवैद्यकार्णवात् ॥ ४२ ॥ आत्रेयकश्चरकवा-
ग्भटसुश्रुताश्वि हारीतवृन्दकलिकाभृगुभेडपूर्वाः येमीनिदानयुतकर्म
विपाकमुख्या स्तेषां मतंसमनुसृत्यमयाकृतोयम् ॥ ३ ॥ यथाजना
नामिहवांछितार्थान् चिन्तामणिः पूरयितुंसमर्थः ॥ तथैवसद्भेषजभूरि
योगान् श्रीयोगचिन्तामणिनापिपर्त्ति ॥४४॥ यथायोगप्रदीपोस्ति
पूर्वयोगशतंयथा॥तथेवायंविजयतां योगचिन्तामणिश्चिरम् ॥४५॥

અર્થ—શ્રી સિંહસૂરી નામના આચાર્યથી જેની સંતતી છે તેવા શ્રી ચંદ્રકીર્તિ સૂરી નામના મારા ગુરૂના બન્ને ચરણ (પગ રૂપી) કમળના પ્રતાપથી ગંભીર અને ઘણોજ સુંદર વૈદ્યક શાસ્ત્રનો વિષય તેનો સાર (સત્વ-ઉત્તમ ભાગ) શ્રી હર્ષકીર્તિ નામ આચાર્ય તેણે (મેં) તારવી લીધો એટલે વૈદ્યક શાસ્ત્રના ઉત્તમ ભાગને મેં તારવી લઈ ગ્રહણ કર્યો. તેમજ પૂર્વ (આગળના—પૂર્વાચાર્યના કહેલા) ગ્રંથો વિચારી વૈદ્યક રૂપી ગંભીર સમુદ્ર તેનું મથન કરી કિંચિત્ (થોડો) ભાગ તારવી કાઢયો છે તે રહસ્ય વૈદ્યકાર્ણવ, અત્રેય, ચરક, વાગ્ભટ, સુશ્રુત, હારિત સંહિતા, વૃંદ કલિકા, ભ્રગુ, ભેડ અને માધવ નિદાનાદિ આચિન રૂષિઓ પ્રણીત માનનીય ગ્રંથો અને કર્મવિપાકને અનુસરી મેં ગ્રહણ કર્યો છે. અને તે ગ્રહણ કરેલો રહસ્ય કેવી ચમત્કૃતિ ધરાવે છે? જેમ મનુષ્યોનાં મનોવાંછિત ચિંતમણિ રત્ન પૂર્ણ કરે છે તેમજ વૈદ્યો અને મનુષ્યોનાં ઔષધો સંબંધી વા ઔષધોના પ્રયોગો સંબંધી મનોવાંછિત પૂર્ણ કરવા રૂપ આ ગ્રંથ ચિંતામણિ સમાનજ છે અને એજ હેતુથી આ ગ્રંથનું નામ 'યોગચિંતામણિ' રાખ્યું (અર્થાત્ આ ગ્રંથ વૈદ્ય અને જગતના રોગી તથા નીરોગી જનોના મનનાં ચિંતવ્યાં કાર્યો સફળ કરો! એમ ગ્રંથ કર્તાનો આશિર્વાદનો ભાવ જણાયછે) તથા જેવી રીતે જે ઘણા જુના ગ્રંથોના યોગો દેદિપ્યમાનપણે જગતમાં હાલ વિદ્યમાન રહી જનોનાં કલ્યાણ કરે છે તેવી રીતે આ

ગ્રંથ પણ ઘણા કાલ (વખત) સુધી વિજયપણે વિદ્યમાન રહી જગત જનોનાં કલ્યાણ કરો !! એમ મારો આશિર્વાદ છે.

इति श्री हर्षकीर्तिसूरी विरचितायां योगचिन्तामण्या अचलेश्वरात्मज पूर्णचंद्र शर्म्मणाकृतं गुज्जर भाषान्तर

संपूर्णम्.

સમાપ્ત.

ભોજ અને કાલિદાસ.

ગૃહસ્થો ! ઉક્ત નામાભિધાન વાળા મહાન્ પુરૂષોના નામથી કોણ અજાણ્યું હશે ? અર્થાત્ એક સાધારણ મનુષ્ય પણ તે નર રત્નોના નામથી ભાગ્યેજ અજાણ્યું હશે ! તે પરમોદાર પરોપકારી–વિદ્યાવિલાસી ગુણગ્રાહક તત્વશોધક અને નીતિજ્ઞ મહાશયોનાં મહત્ કૃત્યો અને આપણા ઉપર કરેલા ઉપકાર ન ભૂલી જઈએ તેજ હેતુ માટે સદરહુ લોકપ્રીય દેશોદ્ધારક પુરૂષોની તેમના ટૂંક જીવન ચરિત્ર સાથે કેટલીક રસિલી, મનને આકર્ષિલેનાર, તથા ગમ્મત સાથે સુબોધ આપનારો અસરકારક વાર્તાઓ સારા લેખકના હસ્તથી લખાવી સાહિત્યમય ગુંફિત કરેલ છે. જો કે તમામ વાર્તાઓનું એક એક પુસ્તક થાય તો સાધારણ સ્થિતિના જનને ખરીદવું જરા મુશ્કિલ પડે તેથી ન્હાના ન્હાના પાંચ ભાગ પાડી જુદાં જુદાં પુસ્તકો કરી માત્ર બે આનાજ કિમ્મત રાખેલ છે. માટે સુજ્ઞ સાહેબો ! તેનો પ્રેમ સહ આદર કરી વાંચી વિચારી આનંદિ બનશો.

પ્રસિદ્ધ કર્ત્તા
ભવદિય કૃપાભિલાષી,
મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે બુકસેલર્સ.
પુસ્તકાલય—અમદાવાદ.

નપુંષકાનંદ મંદાર

અથવા

કામ કુતુહલ.

ભાગ પહેલો કિં. ૮ આના.

પુષ્કળ પ્રાચીન ગ્રંથોનું મથન કરી આ લઘુ પુસ્તક તરૂણ પુરૂષોના તથા વીર્યહીન પુરૂષોની અર્થ સિદ્ધિને માટે પ્રકાશિત કરેલ છે, તેમાં નપુંષક કોને કહીએ ? તથા શાથી નપુંશક થાય છે ? અને તે નપુંશકતા શું શું ઉપાયો કરવાથી નાશ પામે છે ? વગેરે વગેરે અનેક બાબતોનો તેમાં સમાવેશ કરેલો છે. તેથી તેની અમૂલ્ય કિમ્મત છતાં સર્વની અનુકુળતા માટે જુજ કિમ્મત રાખેલ છે; માટે વ્હેલા વ્હેલા ખરીદી ઉત્તમ અભિપ્રાય આપી સેવકના શ્રમને સાફલ્ય કરો.

નપુંષકાનંદ મંદાર

અથવા

કામ કુતુહલ.

ભાગ બીજો કિં. આઠ આના.

આ પુસ્તકનો પ્રથમ ભાગ સુજ્ઞ સાહેબોને અત્યંત પ્રિય થઈ પડવાથી ઉપરા ઉપર મારા પ્રત્યે ભલામણો આવી કે 'એજ પુસ્તકનો બીજો ભાગ કે જેમાં અશક્તિને દૂર કરનાર પૌષ્ટિક પાકો તથા પરચૂરણ તાત્કાલિક ગુણ આપનાર પ્રયોગો તેમજ મદનાંકુશની શિથિલતા, હસ્તકર્મ દોષનાશક યોગો અને મદનાંકુશની વૃદ્ધિ, સ્ત્રિયોના રોગોના ઉપચાર જેવા કે પ્રદરનાશક તથા વિર્યસ્તિંભનાદિ એજ બાબતને લગતા ઉપયોગી પ્રયોગોસહ પ્રકટ કરવામાં આવે તો વધારે અનુકૂળ થાય, આવી ભલામણોના કારણથીજ મેં તેજ પ્રમાણે બીજો ભાગ તિલ્લા–પટ્ટી વગેરેના સિદ્ધ યોગોસહ પ્રકટ કર્યો છે, જેથી આશા છે કે આ ભલામણ પૂર્વ ભાગ પ્રમાણેજ સદ્‌ગૃહસ્થોને અતિ વલ્લભ થઈ પડશેજ. કિંબહુ લેખનેન.

નાડીજ્ઞાન તરંગિણિ ને અનુપાન તરંગિણિ.

સદરહુ પુસ્તકમાં આર્શપણીત વચનોનું અદ્યાપિ પર્યંત જેનું ગુજરાતીમાં ભાષાંતર થયેલ નથી તેનું મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર ઘણા ગ્રંથોનું મથન કરી સંગ્રહ કરેલ છે એટલે નાડી, મૂત્ર જીવ્હા, મળાદી અષ્ટવિધ પરિક્ષાઓનું વિવેચન પ્રમાણોસહ કરેલું છે તથા સાધ્યાસાધ્ય એટલે જીવન મરણની પરિક્ષા પણ વર્ણવેલી છે. વળી તે સાથે ધાતુ ઉપધાતુઓનાં શોધન, મારણ, ગુણ, અવગુણ, વિકારશાંતિ, વિષ, ઉપવિષ, રસ, ઉપરસ વગેરેની પરિક્ષા, શોધન, શાંતિ અને તમામ દાવાઓનાં અનુપાનોનું સ્પષ્ટિકરણ કરવામાં આવેલું છે જેથી રોગી, નિરોગી, વૈદ્ય, ગૃહસ્થો અને સાધારણ જનોને અવસ્ય રાખવા લાયક છે. બન્ને પુસ્તક ભેગાં છતાં કિ. ૧–૦–૦ ટપાલ ખર્ચ રૂ ૦–૨–૦
